મારી આરાધના કરી છે, એથી તારાં પાપ ધોવાઈ ગયાં છે, હવે તું વરદાન મેળવવાને માટે અધિકારી બની ગયો છે. એટલા માટે હું તને વરદાન આપવા આવ્યો છું; કેમ કે ત્રણ હજાર વર્ષ ખાધા-પીધા વિના પ્રાણ ધારણ કરી રાખ્યા તેથી તું પુણ્ય કમાયો છે, એના ફળસ્વરૂપ તને સુખની પ્રાપ્તિ થવી જોઈએ.

**સનત્કુમારજી કહે છે**—હે મુને! આ સાંભળીને ભૂમિ પર ઘૂંટણ ટેકવીને પછી હાથ જોડીને થર થર કાંપતાં કાંપતાં તે ભગવાન ઉમાપતિને કહેવા લાગ્યો.

**અંધકે કહ્યું**—હે ભગવન્! આપનો મહિમા જાણ્યા સિવાય મેં પહેલાં રણાંગણમાં હર્ષ ગદ્ગદ વાણીથી આપને જે દીન, હીન અને નીચમાં નીચ કહ્યા છે અને મૂર્ખતાવશ લોકમાં જે જે નિંદિત કર્મ કર્યાં છે, હે પ્રભો! એ સર્વને આપ મનમાં સ્થાન ન આપશો અર્થાત્ ભૂલી જશો. હે મહાદેવ! હું અત્યંત હલકટ અને દુઃખી છું. મેં કામદોષવશ પાર્વતીના વિષયમાં પણ જે દૂષિત ભાવના કરી લીધી હતી, એને આપ ક્ષમા કરી દો. તમારે તો પોતાના કૃપણ, દુઃખી અને દીન ભક્ત પર સદાયે વિશેષ જ દયા કરવી જોઈએ. હું એ જ રીતે એક દીન ભક્ત છું અને આપને શરણે આવેલો છું. જુઓ, હું આપની સામે અંજલિબદ્ધ થઈને ઊભો છું; હવે તમારે મારી રક્ષા કરવી જોઈએ. એ જગજ્જનની પાર્વતી દેવી પણ મુજ પર પ્રસન્ન થઈ જાવ અને બધા ક્રોધને છોડીને મને કૃપાદૃષ્ટિથી જુએ. હે ચંદ્રશેખર! ક્યાં તો એમનો ભયંકર ક્રોધ અને ક્યાં હું તુચ્છ દૈત્ય? હે ચંદ્રમૌલિ! હું કોઈ પણ રીતે એ ક્રોધને સહન નહીં કરી શકું. હે શંભો! ક્યાં તો પરમ ઉદાર આપ અને ક્યાં વૃદ્ધાવસ્થા, મૃત્યુ તથા કામ-ક્રોધ વગેરે દોષોને વશીભૂત હું? (અર્થાત્ મારી આપની સાથે શી તુલના થઈ શકે છે?) હે મહેશ્વર! આપના આ યુદ્ધકલા નિપુણ મહાબલી વીર પુત્ર મારી કૃપણતા પર વિચાર કરીને હવે ક્રોધને વશીભૂત ન થશો. તુષાર, હાર, ચંદ્રકિરણ, શંખ, કુંદપુષ્પ અને ચંદ્રમા-શા વર્ણવાળા હે શિવ! હું આ પાર્વતીને ગુરુતાને ગૌરવવશ નિત્ય માતૃદૃષ્ટિ જોઉં! હું નિત્ય આપ બંનેનો ભક્ત બની રહું. દેવતાઓની સાથે થનારું મારું વેર દૂર થઈ જાઓ તથા હું શાંત ચિત્ત થઈને યોગ-ચિંતન કરતાં કરતાં ગણો સાથે નિવાસ કરું. હે મહેશાન! આપની કૃપાથી હું ઉત્પન્ન થયેલ આ વિરોધી દાનવભાવનું પુનઃ ક્યારેય સ્મરણ ન કરું, એ જ ઉત્તમ વરદાન મને પ્રદાન કરો.

**સનત્કુમારજી કહે છે**—હે મુનિસત્તમ! આટલી વાત કહીને તે દૈત્યરાજ માતા પાર્વતી તરફ જોઈને ત્રિનયન શંકરનું ધ્યાન કરતાં કરતાં મૌન થઈ ગયો. ત્યારે રુદ્રે એના તરફ કૃપાદૃષ્ટિથી જોયું. એમની દૃષ્ટિ પડતાં જ એને પોતાના પૂર્વવૃત્તાંત તથા અદ્ભુત જન્મનું સ્મરણ થઈ આવ્યું. પછી તો માતા-પિતા (ઉમા-મહેશ્વર)ને પ્રણામ કરીને તે કૃતકૃત્ય થઈ પૂર્વસ્મરણ થતાં જ એના મનોરથ પૂર્ણ થઈ ગયા. તે કૃતકૃત્ય થઈ ગયો. એ સમયે પાર્વતી તથા બુદ્ધિમાન શંકરે એનું મસ્તક સૂંઘ્યું અને વ્હાલ કર્યું. આ પ્રકારે અંધકે પ્રસન્ન થયેલ ચંદ્રશેખર પાસેથી બધા મનોરથ પ્રાપ્ત કરી લીધા. હે મુને! મહાદેવજીની કૃપાથી અંધકને જે રીતે પરમ સુખદ ગણાધ્યક્ષ-પદ પ્રાપ્ત થયું હતું તે સમગ્ર

પુરાતન વૃત્તાંત મેં તમને સંભળાવી દીધું અને મૃત્યુંજય-મંત્રનું પણ વર્ણન કરી દીધું. આ મંત્ર મૃત્યુવિનાશક અને સંપૂર્ણ કામનાઓનું ફળ પ્રદાન કરનારો છે. એનો પ્રયત્નપૂર્વક જપ કરવો જોઈએ.

(અધ્યાય ૪૭ થી ૪૯)

*

# શુક્રાચાર્યની ઘોર તપસ્યા, શિવજીને પોતાનું ચિત્તરત્ન અર્પણ કરવું તથા અષ્ટમૂર્ત્યષ્ટક-સ્તોત્ર દ્વારા એમનું સ્તવન કરવું, શિવજીનું પ્રસન્ન થવું અને એમને મૃતસંજીવની વિદ્યા તથા અન્યાન્ય વરદાન આપવાં

**સનત્કુમારજી કહે છે—**હે વ્યાસજી! મુનિવર શુક્રાચાર્યને શિવ પાસેથી મૃત્યુંજય નામક મૃત્યુનું પ્રશમન કરનારી પરા વિદ્યા કેવી રીતે પ્રાપ્ત થઈ હતી, હવે એનું હું વર્ણન કરું છું. સાંભળો. પૂર્વકાળની વાત છે એ ભૃગુનંદનને વારાણસીપુરીમાં જઈને પ્રભાવશાળી વિશ્વનાથનું ધ્યાન કરતાં બહુ સમય સુધી તપ કર્યું હતું. હે વેદવ્યાસજી! એ સમયે એમણે ત્યાં જ એક શિવલિંગની સ્થાપના કરી. એની સામે એક પરમ રમણીય કૂપ તૈયાર કરાવ્યો. પછી પ્રયત્નપૂર્વક એ દેવેશ્વરને એકલાખવાર પડિયા ભર પંચામૃત તથા ઘણાંબધાં સુગન્ધિત દ્રવ્યોથી સ્નાન કરાવ્યું. પછી એક હજારવાર પરમ પ્રીતિપૂર્વક ચંદન, યક્ષ-કર્દમ* અને સુગન્ધિત ઉબટનનો એ લિંગ પર અનુલેપ કર્યો. તત્પશ્ચાત્ સાવધાની સાથે પરમ પ્રેમપૂર્વક રાજચંપક (અમલતાસ), ધતૂર, કરેણ, કમલ, માલતી, કર્ણિકાર, કદંબ, મૌલસિરી, ઉત્પલ, મલ્લિકા (ચમેલી), શતપુત્રી, સિન્ધુવાર, ઢાક, બંધૂક પુષ્પ (ગુલદુપહરી), પુંનાગ, નાગકેસર, કેસર, નવમલ્લિક (વેલમોગરો), ચિબિલિક (રક્તદબા), કુન્દ (માઘપુષ્પ), મુચકુન્દ (મોતિયો), મન્દાર, બિલ્વપત્ર, ગૂમા, મરુવૃક્ (મરુઆ), વૃક (ધૂપ), ગંઠિવન, દૌના, અત્યંત સુંદર આંબાનાં પાન, તુલસી, દેવજવાસો, બૃહ-ત્પત્રી, કુશાંકુ, નન્દાવર્ત (નાઁદરૂખ), અગસ્ત્ય, સાલ, દેવદારુ, કચનાર, કુરબક (ગુલખેરો), દુર્વાંકુર, કુરંટક (કરસૈલા) – આમાંથી પ્રત્યેકનાં પુષ્પો અને અન્ય પલ્લવોથી તથા વિવિધ પ્રકારનાં રમણીય પાનાં-પત્તાં અને સુંદર કમળોથી શંકરજીની વિધિવત્ અર્ચના કરી. એમને ઘણાબધા ઉપહાર સમર્પિત કર્યા. તથા શિવલિંગની આગળ નૃત્ય કરતાં કરતાં શિવ-સહસ્રનામ અને અન્યાન્ય સ્તોત્રોનું ગાન કરીને શંકરજીનું સ્તવન કર્યું. આ રીતે શુક્રાચાર્ય પાંચ હજાર વર્ષ સુધી વિવિધ-પ્રકારનાં વિધિ-વિધાનોથી મહેશ્વરનું પૂજન કરતા રહ્યા; પરંતુ જ્યારે એમને થોડુંય વરદાન આપવા તૈયાર ન થયેલા જોયા ત્યારે એમણે એક બીજા અત્યંત દુસ્સહ અને ઘોર નિયમનો આશ્રય લીધો. એ સમયે શુક્રે ઈન્દ્રિયોસહિત મનના અત્યંત ચંચળતારૂપી મહાન

* એક પ્રકારનો અંગલેપ, જે કપૂર, અગુરુ, કસ્તૂરી અને કંકોલને એકઠા કરીને બનાવી શકાય છે.

દોષને વારંવાર ભાવનારૂપી જલથી પ્રક્ષાલિત કર્યો. આ રીતે ચિત્તરત્નને નિર્મલ કરીને એને પિનાકધારી શિવને અર્પણ કરી દીધું અને સ્વયં ધૂમકણનું પાન કરતાં કરતાં તપ કરવા લાગ્યા. આ પ્રકારે એમનાં એક હજાર વર્ષ બીજાં વીતી ગયાં. ત્યારે ભૃગુનંદન શુક્રને આ દૃઢચિત્તવૃત્તિથી ઘોર તપ કરતા જોઈને મહેશ્વર એમના ઉપર પ્રસન્ન થઈ ગયા. પછી તો દક્ષ-કન્યા પાર્વતીના સ્વામી સાક્ષાત્ વિરૂપાક્ષ શંકર, જેમના શરીરની કાંતિ હજારો સૂર્યોથી વધારે હતી, તે લિંગથી નીકળીને શુક્રને કહેવા લાગ્યા.

**મહેશ્વરે કહ્યું**—હે મહાભાગ ભૃગુનંદન! તમે તો તપસ્યાની નિધિ (ખજાનો) છો. હે મહામુને! હું તમારા આ અવિચ્છિન્ન તપથી વિશેષ પ્રસન્ન છું. હે ભાર્ગવ! તમે તમારા બધાં જ મનોવાંછિત વરદાનો માગી લો. હું પ્રીતિપૂર્વક તમારા બધા જ મનોરથો પૂર્ણ કરી દઈશ. તમારે માટે કશુંય અદેય નથી. તમે માગો તે મળી જશે.

**સનત્કુમારજી કહે છે**—હે મુને! શંભુનાં આ પરમ સુખદાયક અને ઉત્કૃષ્ટ વચનને સાંભળીને શુક્ર પ્રસન્ન થઈ ગયા, જાણે આનંદ સમુદ્રમાં નિમગ્ન થઈ ગયા. એ કમલનયન દ્વિજવર શુક્રનું શરીર પરમાનંદજનિત રોમાંચને કારણે પુલકાયમાન થઈ ગયું. ત્યારે એમણે હર્ષપૂર્વક શંભુનાં ચરણોમાં પ્રણામ કર્યા. એ સમયે એમનાં નેત્રો હર્ષથી ખિલી ઊઠ્યાં. પછી તે મસ્તક પાસે અંજલિ રાખીને પ્રણામ કરતાં, જયજયકાર કરતાં કરતાં અષ્ટમૂર્તિ* વરદાયક શિવની સ્તુતિ કરવા લાગ્યા.

**ભાર્ગવે કહ્યું**—હે સૂર્યસ્વરૂપ ભગવન્! આપ ત્રિલોકીનું હિત કરવા માટે આકાશમાં પ્રકાશિત થાઓ છો અને પોતાનાં કિરણોથી સમસ્ત અંધકારને અભિભૂત કરીને રાતે વિચરણ કરનારા અસુરોના મનોરથ નષ્ટ કરી દે છે. હે જગદીશ્વર! આપને નમસ્કાર હો. હે ઘોર અંધકાર માટે ચંદ્રસ્વરૂપ શંકર! આપ અમૃતના પ્રવાહથી પરિપૂર્ણ તથા જગતનાં બધાં પ્રાણીઓનાં નેત્ર છો. આપ આપનાં – અમર્યાદ તેજોમય કિરણોથી આકાશમાં અને ભૂતલ પર અપાર પ્રકાશ ફેલાવો છો, જેથી બધો જ અંધકાર દૂર થઈ જાય છે, આપને પ્રણામ છે. હે સર્વવ્યાપિન્! આપ પાવન-પથ – યોગમાર્ગનો આશ્રય લેનારાઓની સદા ગતિ છો, ઉપાસ્ય દેવ છો. હે ભુવન-જીવન! આપના વગરના ભલા, આ લોકમાં કોણ જીવિત રહી શકે છે. હે સર્વફળના સંતોષદાતા! આપ નિશ્ચલ વાયુરૂપે સંપૂર્ણ પ્રાણીઓની વૃદ્ધિ કરનારા છો. આપને અભિવાદન હો. હે વિશ્વના એકમાત્ર પાવનકર્તા! આપ શરણાગતરક્ષક અને અગ્નિની એકમાત્ર શક્તિ છો. પાવક આપનું જ સ્વરૂપ છે. આપના વિના મૃતકોનો વાસ્તવિક દિવ્યકાર્ય દાહ વગેરે ન થઈ શકે. હે જગતના અંતરાત્મા! આપ પ્રાણ-શક્તિના દાતા, જગતસ્વરૂપ અને ડગલે ને પગલે શાંતિ પ્રદાન કરનારા છો; આપનાં ચરણોમાં હું મસ્તક નમાવું છું. હે જલસ્વરૂપ

* પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ, યજમાન, ચંદ્રમા અને સૂર્ય – એ આઠેયમાં અધિષ્ઠિત શર્વ, ભવ, રુદ્ર, ઉગ્ર, ભીમ, પશુપતિ, મહાદેવ અને ઈશાન – એ અષ્ટમૂર્તિઓનાં નામ છે.

પરમેશ્વર! આપ નક્કી જ જગતના પવિત્રકર્તા છો અને ચિત્રવિચિત્ર સુંદર ચરિત્ર કરનારા છો. હે વિશ્વનાથ! જલમાં અવગાહન (સ્નાન) કરવાથી આપ વિશ્વને નિર્મળ અને પવિત્ર બનાવી દો છો. એટલા માટે આપને નમસ્કાર છે. હે આકાશરૂપ ઈશ્વર! આપની પાસેથી અવકાશ પ્રાપ્ત કરવાને કારણે આ વિશ્વ બહાર અને અંદર વિકસિત થઈને સદા સ્વભાવવશ શ્વાસ લે છે અર્થાત્ એની પરંપરા ચાલતી રહે છે અને આપ દ્વારા એ સંકુચિત પણ થાય છે અર્થાત્ નષ્ટ થઈ જાય છે; એટલા માટે હે દયાળુ ભગવાન! હું આપની આગળ નતમસ્તક છું. હે વિશ્વંભરાત્મક! આપ જ આ વિશ્વનું ભરણ-પોષણ કરો છો. હે વિશ્વવ્યાપિન! આપના સિવાય બીજો કોણ અજ્ઞાન-અંધકારને દૂર કરવામાં સમર્થ થઈ શકે છે. અતઃ હે વિશ્વનાથ! આપ મારા અજ્ઞાનરૂપી અંધકારનો વિનાશ કરી દો. હે નાગભૂષણ!! આપ સ્તવનીય પુરુષોમાં સર્વશ્રેષ્ઠ છો. એટલા માટે આપ પરાત્પર પ્રભુને હું વારંવાર પ્રણામ કરું છું. હે આત્મસ્વરૂપ શંકર! આપ સમસ્ત પ્રાણીઓના અંતરાત્મામાં નિવાસ કરનારા છો, પ્રત્યેક રૂપમાં વ્યાપ્ત છો અને હું આપ પરમાત્માનો જન છું. હે અષ્ટમૂર્તે! આપની આ રૂપ-પરંપરાઓથી આ ચરાચર વિશ્વ વિસ્તારને પ્રાપ્ત થયું છે. તેથી હું સદા આપને નમસ્કાર કરું છું. હે મુક્તપુરુષોના બન્ધો! આપ વિશ્વનાં સમસ્ત પ્રાણીઓના સ્વરૂપ છો. પ્રણતજનોના સંપૂર્ણ યોગક્ષેમનો નિર્વાહ કરનારા અને પરમાર્થ સ્વરૂપ છો. આપ પોતાની આ અષ્ટમૂર્તિઓથી યુક્ત થઈને આ ફેલાયેલા વિશ્વને સારી પેઠે વિસ્તૃત કરો છો, તેથી આપને મારાં અભિવાદન છે.*

---

* ત્વં ભાભિરાભિરભિભૂય તમસ્સામસ્તમસ્તં નયસ્યભિમતાનિ નિશાચરણામ્ ।
દેદીપ્યસે દિવમણે ગગને હિતાય લોકત્રયસ્ય જગદીશ્વર તન્નમસ્તે ॥
લોકેઽતિવેલમતિવેલમહામહોભિર્નિર્ભાસિ કૌ ચ ગગનેઽખિલલોકનેત્રઃ ।
વિદ્રાવિતાખિલતમાસ્સુતમો હિમાંશો પીયૂષપૂરપરિપૂરિત તન્નમસ્તે ॥
ત્વં પાવને પથિ સદા ગતિરપ્યુપાસ્યઃ કસ્ત્વાં વિના ભુવનજીવન જીવતીહ ।
સ્તબ્ધપ્રભંજન વિવર્ધિતસર્વજન્તો સંતોષિતાહિકુલ સર્વત્ર વૈ નમસ્તે ॥
વિશ્વૈકપાવક નતાવક પાવકૈક શક્તે ઋતે મૃતવતામૃતદિવ્યકાર્યમ્ ।
પ્રાણિષ્યદો જગદહો જગદાન્તરાત્મંસ્ત્વં પાવકઃ પ્રતિપદં શમદો નમસ્તે ॥
પાનીયરૂપ પરમેશ જગત્પવિત્ર ચિત્રાતિચિત્રસુચરિત્રકરોઽસિ નૂનમ્ ।
વિશ્વં પવિત્રમમલં કિલ વિશ્વનાથ પાનીયગાહનત એતદતો નતોઽસ્મિ ॥
આકાશરૂપબહિરન્તરુતાવકાશદાનાદ્ વિકસ્વરમિહેશ્વર વિશ્વમેતત્ ।
ત્વત્તસ્સદા સદય સંશ્વસિતિ સ્વભાવાત્ સંકોચમેતિ ભવતોઽસ્મિ નતસ્તતસ્ત્વામ્ ॥
વિશ્વમ્ભરાત્મક બિભર્ષિ વિભોઽત્ર વિશ્વં કો વિશ્વનાથ ભવતોઽન્યતમસ્તમોઽરિઃ ।
સ ત્વં વિનાશય તમો મમ ચાહિભૂષ સ્તવ્યાત્પરઃ પરપરં પ્રણતસ્તતસ્ત્વામ્ ॥
આત્મસ્વરૂપ તવ રૂપપરમ્પરાભિરાભિસ્તતં હર ચરાચરરૂપમેતત્ ।
સર્વાન્તરાત્મનિલય પ્રતિરૂપરૂપ નિત્યં નતોઽસ્મિ પરમાત્મજનોઽષ્ટમૂર્તે ॥
ઇત્યષ્ટમૂર્તિભિરિમાભિરબન્ધબન્ધો યુક્તઃ કરોષિ ખલુ વિશ્વજનીનમૂર્તે ।
એતત્તતં સુવિતતં પ્રણતપ્રણીત સર્વાર્થસાર્થપરમાર્થ તતો નતોઽસ્મિ ॥
(શિ. પુ. રુ. સં. યુદ્ધખંડ ૫૦/૨૪-૩૨)

**સનત્કુમારજી કહે છે**—હે મુનિવર! ભૃગુનંદન શુક્રે આ પ્રકારે અષ્ટમૂર્ત્યષ્ટક સ્તોત્ર દ્વારા શિવજીનું સ્તવન કરીને ભૂમિ પર મસ્તક રાખીને એમને વારંવાર પ્રણામ કર્યા. જ્યારે અમિત તેજસ્વી ભાર્ગવે મહાદેવની આ પ્રકારે સ્તુતિ કરી. ત્યારે શિવજીએ ચરણોમાં પડેલા એ દ્વિજવરને પોતાની બંને ભુજાઓથી પકડીને ઉઠાવી લીધા અને પરમપ્રેમપૂર્વક મેઘગર્જન-શી ગંભીર અને મધુર વાણીમાં કહ્યું. એ સમયે શંકરજીના દાંતની ચમકથી બધી દિશાઓ પ્રકાશિત થઈ ગઈ.

**મહાદેવજી બોલ્યા**—હે વિપ્રવર કવે! તમે મારા પાવન ભક્ત છો. હે તાત! તમારા આ ઉગ્ર તપથી, ઉત્તમ આચરણથી, લિંગસ્થાપનજન્ય પુણ્યથી, લિંગની આરાધનાથી, ચિત્તનો ઉપહાર પ્રદાન કરવાથી, પવિત્ર અટલ ભાવથી, અવિમુક્ત મહાક્ષેત્ર કાશીમાં પાવન આચરણ કરવાથી હું તમને પુત્રરૂપે જોઉં છું; માટે તમારે માટે કશુંય અદેય નથી. તમે પોતાના આ જ શરીરથી મારી ઉદરદરીમાં પ્રવેશ કરશો અને મારા શ્રેષ્ઠ ઇન્દ્રિયમાર્ગથી નીકળીને પુત્રરૂપે જન્મ ગ્રહણ કરશો. હે મહાશુચે! મારી પાસે જે મૃતસંજીવની નામની નિર્મળ વિદ્યા છે, જેનું મેં જ પોતાના મહાન તપોબલથી નિર્માણ કર્યું છે, એ મહામંત્રરૂપા વિદ્યા આજે હું તમને પ્રદાન કરીશ, કેમકે તમે પવિત્ર તપની નિધિ (ખજાનો, ભંડાર) છો, તેથી તમારામાં એ વિદ્યા ધારણ કરવાની યોગ્યતા-વર્તમાન છે. તમે નિયમપૂર્વક જે જે ઉદ્દેશ્યથી વિદ્યેશ્વરની આ શ્રેષ્ઠ વિદ્યાનો પ્રયોગ કરશે, તે નિશ્ચય જ જીવિત થઈ જશે – આ સર્વથા સત્ય છે. તમે આકાશમાં અત્યંત દીપ્તિમાન તારારૂપે સ્થિત થશો. તમારું તેજ સૂર્ય અને અગ્નિના તેજનું પણ અતિક્રમણ કરી જશે. તમે ગ્રહોમાં પ્રધાન માનશો. જે સ્ત્રી અથવા પુરુષ તમારી સન્મુખ રહીને યાત્રા કરશે, એમનાં બધાં કાર્યો તમારી દૃષ્ટિ પડવાથી નષ્ટ થઈ જશે. હે સુવ્રત! તમારા ઉદય થવાથી જગતમાં મનુષ્યોનાં વિવાહ વગેરે સમસ્ત ધર્મકાર્યો સફળ થશે. બધી જ નંદા તિથિઓ (પ્રતિપદા, છઠ અને એકાદશી) તમારા સંયોગથી શુભ થઈ જશે અને તમારા ભક્ત વીર્યસંપન્ન તથા ઘણાંબધાં સંતાનોવાળા થશે. તમારા દ્વારા સ્થાપિત થયેલ આ શિવલિંગ 'શુક્રેશ'ના નામે વિખ્યાત થશે. જે મનુષ્ય આ શિવલિંગનું પૂજન કરશે, અર્ચન કરશે, એમને સિદ્ધિ પ્રાપ્ત થઈ જશે. જે લોકો વર્ષપર્યં નક્તવ્રતપરાયણ (રાત્રિભોજન) થઈને શુક્રવારને દિવસે શુક્રકૂપના જલથી બધી ક્રિયાઓ સંપન્ન કરશે અને શુક્રેશનું અર્ચન કરશે એને જે ફળની પ્રાપ્તિ થશે એનું મારી પાસેથી શ્રવણ કરો. એ મનુષ્યોમાં વીર્યની અધિકતા હશે, એમનું વીર્ય ક્યારેય નિષ્ફળ નહીં થાય; તે પુત્રવાન્ તથા પુરુષત્વના સૌભાગ્યથી સંપન્ન થશે. એમાં લેશમાત્ર પણ સંશય નથી. એ બધા જ મનુષ્ય ઘણીબધી વિદ્યાઓના જ્ઞાતા અને સુખના ભાગી થશે. આમ વરદાન આપીને મહાદેવ એ જ લિંગમાં સમાઈ ગયા. ત્યારે ભૃગુનંદન શુક્ર પણ પ્રસન્ન મનથી પોતાને ધામ ચાલ્યા ગયા. હે વ્યાસજી! આમ શુક્રાચાર્યને જે રીતે પોતાના તપોબળથી મૃત્યુંજય નામની વિદ્યાની પ્રાપ્તિ એ વૃત્તાંતનું મેં તમારી આગળ વર્ણન કરી દીધું છે. હવે તમે બીજું શું સાંભળવા ચાહો છો?

(અધ્યાય ૫૦)

*

## બાણાસુરની તપસ્યા, શિવદ્વારા વરદાન પ્રાપ્તિ, શિવગણો અને પુત્રોસહિત એનો નગરમાં નિવાસ, બાણની પુત્રી ઉષાને સ્વપ્ન-સમયમાં અનિરુદ્ધ સાથેનું મિલન, ચિત્રલેખા દ્વારા અનિરુદ્ધનું દ્વારકાથી અપહરણ, બાણનું અનિરુદ્ધને નાગપાશમાં બંધન, દુર્ગાના સ્તવનથી અનિરુદ્ધનું બંધનમુક્ત થવું, નારદ દ્વારા સમાચાર મેળવીને શ્રીકૃષ્ણની શોણિતપુર પર ચઢાઈ, શિવની સાથે એમનું ઘોર યુદ્ધ. શિવની આજ્ઞાથી શ્રીકૃષ્ણનું એમને જૃંભણાસ્ત્રથી મોહિત કરીને બાણની સેનાનો સંહાર કરવો

વ્યાસજી બોલ્યા—હે સર્વજ્ઞ સનત્કુમારજી! આપે અનુગ્રહ કરીને પ્રેમપૂર્વક આવી અદ્ભુત અને સુંદર કથા સંભળાવી છે, જે શંકરની કૃપાથી ઓતપ્રોત છે. હવે મને શશિમૌલિના એ ઉત્તમ ચરિત્રનું શ્રવણ કરવાની ઈચ્છા છે, જેમાં એમણે પ્રસન્ન થઈને બાણાસુરને ગણાધ્યક્ષપદ પ્રદાન કર્યું હતું.

સનત્કુમારજીએ કહ્યું—હે વ્યાસજી! પરમાત્મા શંભુની એ કથા, જેમાં એમણે પ્રસન્ન થઈને બાણાસુરને ગણનાયક બનાવ્યો હતો, એ આદરપૂર્વક સાંભળો. આ પ્રસંગમાં જ મહાપ્રભુ શંકરનું એ પણ સુંદર ચરિત્ર આવશે જેમાં એમણે બાણાસુર પર આગ્રહ કરીને શ્રીકૃષ્ણ સાથે સંગ્રામ કર્યો હતો. હે વ્યાસજી! દક્ષ પ્રજાપતિની તેર કન્યાઓ કશ્યપ મુનિની પત્નીઓ હતી. એ બધી જ પતિવ્રતા તથા સુશીલ હતી. એમાં દિતિ સૌથી મોટી હતી, જેના છોકરા દૈત્ય કહેવાય છે. અન્ય પત્નીઓથી પણ દેવતા તથા ચરાચરસહિત સમસ્ત પ્રાણી પુત્રરૂપે ઉત્પન્ન થયાં હતાં. જ્યેષ્ઠ પત્ની દિતિના ગર્ભથી બે મહાબલી પુત્ર પેદા થયા, એમાં હિરણ્યકશિપુ જ્યેષ્ઠ હતો અને નાના ભાઈનું નામ હતું હિરણ્યાક્ષ. હિરણ્યકશિપુને ચાર પુત્રો થયા. એ દૈત્યશ્રેષ્ઠોનાં નામ ક્રમશઃ હ્રાદ, અનુહ્રાદ, સંહ્રાદ અને પ્રહ્લાદ હતાં. એમાં પ્રહ્લાદ જિતેન્દ્રિય તથા મહાન વિષ્ણુભક્ત થયા. એમનો નાશ કરવા માટે કોઈ પણ દૈત્યમાં સામર્થ્ય નહોતું. કોઈ સમર્થ ન થઈ શક્યું. પ્રહ્લાદનો પુત્ર વિરોચન થયો, એ દાનવોમાં સર્વશ્રેષ્ઠ હતો. એણે વિપ્રરૂપે યાચના કરનાર ઈન્દ્રને પોતાનું માથું જ આપી દીધું હતું. એનો પુત્ર બલિ થયો. એ મહાદાની અને શિવભક્ત હતો. એણે વામનરૂપધારી વિષ્ણુને આખી પૃથ્વી દાનમાં આપી દીધી. બલિનો ઔરસ પુત્ર બાણ થયો. તે શિવભક્ત, માની, ઉદાર, બુદ્ધિમાન, સત્યપ્રતિજ્ઞ અને સહસ્રોનું દાન કરનારો હતો. એ અસુરરાજે પૂર્વકાળમાં ત્રિલોકીને તથા ત્રિલોકિપતિઓને બળપૂર્વક જીતીને શોણિતપુરમાં પોતાની રાજધાની બનાવી અને ત્યાં જ રહીને રાજ્ય કરવા લાગ્યો. એ સમયે દેવગણ શંકરની કૃપાથી એ શિવભક્ત બાણાસુરના કિંકર (નોકર) સમાન થઈ ગયા હતા. એના રાજ્યમાં દેવતાઓ સિવાય બીજી કોઈ પ્રજા દુઃખી નહોતી. શત્રુધર્મનો વર્તાવ કરનારા દેવતા શત્રુતાવશ જ કષ્ટ ભોગવી રહ્યા

હતા. એક સમયે એ મહા અસુર પોતાની સહસ્ર ભુજાઓથી તાળી વગાડતાં વગાડતાં તાંડવ નૃત્ય કરીને મહાદેવ શિવને પ્રસન્ન કરવાની ચેષ્ટા કરવા લાગ્યો. એના એ નૃત્યથી ભક્તવત્સલ શંકર સંતુષ્ટ થઈ ગયા. પછી એમણે પરમ પ્રસન્ન થઈ એની તરફ કૃપાદૃષ્ટિથી જોયું. ભગવાન શંકર તો સંપૂર્ણ લોકોના સ્વામી, શરણાગતવત્સલ અને ભક્ત વાંછાકલ્પતરુ જ હતા. એમણે બલિનંદન મહાસુર બાણને વરદાન આપવાની ઈચ્છા પ્રગટ કરી.

હે મુને! બલિનંદન મહાદૈત્ય બાણ શિવભક્તોમાં શ્રેષ્ઠ અને પરમ બુદ્ધિમાન હતો. એણે પરમેશ્વર શંકરને પ્રણામ કરીને એમની સ્તુતિ કરી અને કહ્યું -

**બાણાસુર બોલ્યો**—હે પ્રભો! આપ મારા રક્ષક થઈ જાઓ અને પુત્રો તથા ગણોસહિત મારા નગરના અધ્યક્ષ બનીને સર્વથા પ્રીતિનો નિર્વાહ કરતાં કરતાં મારી પાસે જ નિવાસ કરો.

**સનત્કુમારજી કહે છ**—હે મહર્ષે! એ બલિપુત્ર બાણ નિશ્ચય જ શિવની માયાથી મોહમાં પડી ગયો હતો, એટલે એણે મુક્તિ પ્રદાન કરનારા મહેશ્વરને મેળવીને પણ આવું વરદાન માગ્યું. ત્યારે ઐશ્વર્યશાળી ભક્તવત્સલ શંભુ એને વરદાન આપીને પુત્રો અને ગણોની સાથે પ્રેમપૂર્વક ત્યાં જ નિવાસ કરવા લાગ્યા - એક વાર બાણાસુરને બહુ જ ગર્વ થઈ ગયો. એણે તાંડવનૃત્ય કરીને શંકરને સંતુષ્ટ કર્યા. જ્યારે બાણાસુરને એ જ્ઞાન થઈ ગયું કે પાર્વતીવલ્લભ શિવ પ્રસન્ન થઈ ગયા છે ત્યારે એ હાથ જોડીને મસ્તક નમાવીને બોલ્યો.

**બાણાસુરે કહ્યું**—હે દેવાધિદેવ મહાદેવ! આપ સમસ્ત દેવતાઓના શિરોમણિ છો. આપની કૃપાથી જ હું બલી થયો છું. આપ મારાં ઉત્તમ વચન સાંભળો. હે દેવ! આપે જે મને એક હજાર ભુજા આપી છે, એ તો હવે મને મહાન ભારરૂપ લાગી રહી છે; કેમકે, આ ત્રિલોકીમાં મને આપના સિવાય પોતાનો સમકક્ષ અને કોઈ યોદ્ધો જ ન મળ્યો. એટલા માટે હે વૃષભધ્વજ! યુદ્ધ વિના આ પર્વત જેવી હજાર ભુજાઓ લઈને હું કરું શું? મેં આપની પરિપુષ્ટ ભુજાઓની ચળ મટાડવા યુદ્ધની લાલસાથી નગર અને પર્વતોને ચૂર્ણ કરીને દિગ્ગજોની પાસે ગયો; પરંતુ એ પણ ભયભીત થઈને ભાગી ગયાં. મેં યમને યોદ્ધા, અગ્નિને મહાન કાર્ય કરનારા, વરુણને ગાયોના પાલન કર્તા ગોપાલ, કુબેરને ગજાધ્યક્ષ નિર્ઋતિને સૈરન્ધ્રી અને ઈન્દ્રને જીતીને સદાને માટે કર આપનારો કરદ બનાવી લીધો છે. હે મહેશ્વર! હવે મને કોઈ એવા યુદ્ધને પ્રાપ્ત થવાની વાત બતાવો. જેમાં મારી આ ભુજાઓ યા તો શત્રુઓને હાથે છૂટેલાં શસ્ત્રાસ્ત્રથી જર્જર થઈને પડી જાય અથવા હજારો પ્રકારથી શત્રુઓની ભુજાઓ પાડી દે. આ જ મારી અભિલાષા છે, એને પૂર્ણ કરવાની કૃપા કરો.

**સનત્કુમારજી કહે છે**—હે મુનિશ્રેષ્ઠ એની વાત સાંભળીને ભક્તોનાં દુઃખ દૂર કરનાર તથા મહામન્યુ સ્વરૂપ રુદ્રને થોડોક ક્રોધ થયો. ત્યારે એ મહાન અદ્‌ભુત અટ્ટહાસ કરીને બોલ્યા.

**રુદ્રે કહ્યું**—'અરે અભિમાની! સંપૂર્ણ દૈત્યોમાં નીચ! તને સર્વથા ધિક્કાર છે, ધિક્કાર છે. તું બલિનો પુત્ર અને મારો ભક્ત છે. તારે માટે આવી વાત કહેવી ઉચિત નથી. હવે તારો દર્પ ચૂર્ણ થશે. તારે શીઘ્ર જ મારા સમાન બળવાન સાથે અકસ્માત મહાન ભીષણ યુદ્ધ પ્રાપ્ત થશે. એ સંગ્રામમાં તારી આ પર્વત જેવી ભુજાઓ

જલાઉ લાકડાંની જેમ શસ્ત્ર-અસ્ત્રથી છિન્નભિન્ન થઈને ભૂમિ પર પડશે. હે દુષ્ટાત્મન્! તારા આયુધાગાર પર સ્થાપિત નારી જે આ મનુષ્યના માથાવાળી મયૂરધ્વજ ફરકી રહી છે એનો જ્યારે વાયુ-ભય વગર જ પતન થઈ જશે. ત્યારે તું તારા ચિત્તમાં સમજી લેજે કે તે મહાન ભયાનક યુદ્ધ આવી પહોંચ્યું છે. એ સમયે તું ઘોર સંગ્રામનો નિશ્ચય કરીને પોતાની સમગ્ર સેના સાથે ત્યાં જજે. આ સમયે તો તું પોતાના મહેલમાં પાછો ચાલ્યો જા, કેમકે, એમાં જ તારું કલ્યાણ છે. હે દુર્મતે! ત્યાં તને પ્રસિદ્ધ મોટા મોટા ઉત્પાતો જોવા મળશે.' આમ કહીને ગર્વહારી ભક્તવત્સલ ભગવાન શંકર ચૂપ થઈ ગયા.

**સનત્કુમારજી** કહે છે—હે મુને! આ સાંભળીને બાણાસુરે દિવ્ય પુષ્પોથી કળીઓથી અંજલિ ભરીને રુદ્રની અભ્યર્ચના કરી અને પછી એ મહાદેવને પ્રણામ કરીને તે પોતાને ઘેર પાછો ફર્યો. તદનંતર કોઈ એક વખતે દૈવવશ એનો એ ધ્વજ પોતાની મેળે જ તૂટીને પડી ગયો. આ જોઈને બાણાસુર હર્ષિત થઈ ગયો અને યુદ્ધને માટે તૈયાર થઈ ગયો. એ પોતાના હૃદયમાં વિચાર કરવા લાગ્યો કે કયો યુદ્ધપ્રેમી યોદ્ધો કયા દેશથી આવશે. જે વિવિધ પ્રકારનાં શસ્ત્ર-અસ્ત્રોનો પારગામી વિદ્વાન હશે અને મારી હજાર ભુજાઓને ઈંધણની જેમ કાપી નાખશે તથા હું પણ પોતાનાં અત્યંત તીક્ષ્ણ શસ્ત્રોથી એના સેંકડો ટુકડા કરી દઈશ. એ જ સમયે શંકરની પ્રેરણાથી એ સમય આવી ગયો. એક દિવસ બાણાસુરની કન્યા ઉષા વૈશાખ માસમાં માધવની પૂજા કરીને માંગલિક શૃંગારથી સુસજ્જિત થઈને રાત્રિના સમયે પોતાના ગુપ્ત અંતઃપુરમાં સૂઈ રહી હતી, એ જ સમયે તે (કામભાવ-)ને પ્રાપ્ત થઈ ગઈ. ત્યારે દેવી પાર્વતીની શક્તિથી સ્વપ્નમાં શ્રીકૃષ્ણના પૌત્ર અનિરુદ્ધનું મિલન પ્રાપ્ત થયું. જાગ્યા પછી તે વ્યાકુળ થઈ ગઈ અને એણે એની સખી ચિત્રલેખાને સ્વપ્નમાં મળેલ એ પુરુષને લાવી આપવા કહ્યું.

ત્યારે ચિત્રલેખાએ કહ્યું—'હે દેવી! તમે સ્વપ્નમાં જે પુરુષ જોયો છે, એને ભલા હું કેવી રીતે લાવી શકું, જ્યારે કે હું તો એને જાણતી જ નથી.' એના આવા કથન પર દૈત્યકન્યા ઉષા પ્રેમાન્ધ થઈને મરવા માટે તૈયાર થઈ ગઈ, ત્યારે તે દિને એની એ સખીએ તેને બચાવી. હે મુનિશ્રેષ્ઠ! કુંભાંડની પુત્રી ચિત્રલેખા ખૂબ બુદ્ધિમતી હતી, તે બાણતન્યા ઉષાને પુનઃ કહેવા લાગી.

ચિત્રલેખાએ કહ્યું—હે સખી! જે પુરુષે તમારા મનનું હરણ કર્યું છે, એને બતાવો તો ખરાં. જો એ ત્રિલોકીમાં ક્યાંય પણ હશે તો હું એને લઈ આવીશ અને તમારા કષ્ટને દૂર કરીશ.

**સનત્કુમારજી** કહે છે—હે મહર્ષે! આમ કહીને ચિત્ર-લેખાએ વસ્ત્રના પડદા પર દેવતાઓ, દૈત્યો, દાનવો, ગંધર્વો, સિદ્ધો, નાગ અને પક્ષ વગેરેનાં ચિત્ર અંકિત કર્યાં. પછી તે મનુષ્યોનાં ચિત્રો દોરવા લાગી. એમાં વૃષ્ણિવંશીઓના પ્રકરણના આરંભ થવા પર એણે શૂર, વસુદેવ, રામ, કૃષ્ણ, અને નરશ્રેષ્ઠ પ્રદ્યુમ્નનાં ચિત્ર બનાવ્યાં. પછી જ્યારે એણે પ્રદ્યુમ્ન-નંદન અનિરુદ્ધનું ચિત્ર દોર્યું. ત્યારે એને જોઈને ઉષા લજ્જિત થઈ ગઈ. એનું મુખ અવનત થઈ ગયું અને હૃદય હર્ષથી પરિપૂર્ણ થઈ ગયું.

**ઉષાએ** કહ્યુ—'હે સખી! રાત્રે જે મારી

પાસે આવ્યો હતો અને જેણે શીઘ્ર જ મારા ચિત્તરૂપી રત્નને ચોરી લીધું છે, તે ચોર પુરુષ આ જ છે.' તદનંતર ઉષાએ અનુરોધ કર્યો ત્યારે ચિત્રલેખા જેઠ વદ ચતુર્દશીના ત્રીજે પ્રહરે દ્વારકાપુરી પહોંચી ગઈ અને ક્ષણમાત્રમાં જ પલંગ પર બેઠેલા અનિરુદ્ધને મહેલમાંથી ઉઠાવી લાવી. તે દિવ્ય યોગિની હતી. ઉષા પોતાના પ્રિયતમને મેળવીને પ્રસન્ન થઈ ગઈ. આ બાજુ અંતઃપુરના દ્વારનું રક્ષણ કરનારા નેતરની લાકડી ધારણ કરેલા પહેરેદારોએ ચેષ્ટાઓથી તથા અનુમાનથી એ વાતને લક્ષ્યમાં લઈ લીધી. એમણે એક દિવ્ય શરીરધારી, દર્શનીય, સાહસી તથા સમરપ્રિય નવયુવકને કન્યાની સાથે દુઃશીલતાનું આચરણ કરતાં જોઈ પણ લીધો હતો. એને જોઈને કન્યાના અંતઃપુરની રક્ષા કરનારા એ મહાબલી પુરુષોએ બલિપુત્ર બાણાસુર પાસે જઈને બધી વાતો નિવેદિત કરી દીધી.

**દ્વારપાળ બોલ્યા**—હે દેવ! ખબર નહીં, આપના અંતઃપુરમાં બળપૂર્વક પ્રવેશ કરીને કયો પુરુષ સંતાયો છે. તે ઈન્દ્ર તો નથી લાગતો, જે વેશ બદલીને આપની કન્યાનો ઉપભોગ કરી રહ્યો છે? હે મહાબાહુ દાનવરાજ! એને અહીં જુઓ, જુઓ અને જેવું ઉચિત સમજો તેવું કરો. આમાં અમારા લોકોનો કોઈ દોષ નથી.

**સનત્કુમારજી કહે છે**—હે મુનિશ્રેષ્ઠ! દ્વારપાલોનું આ વચન સાંભળીને તથા કન્યાનું દૂષિત થવાનું કથન સાંભળીને મહાબલી દાનવરાજ બાણ આશ્ચર્યચકિત થઈ ગયો. ત્યારબાદ તે કુપિત થઈને અંતઃપુરમાં જઈ પહોંચ્યો. ત્યાં એણે પ્રથમ અવસ્થામાં વર્તમાન દિવ્ય શરીરધારી અનિરુદ્ધને જોયો. એને મહાન આશ્ચર્ય થયું. પછી એણે એનું બળ બતાવવા - શક્તિ પ્રદર્શન કરવા – દશ હજાર સૈનિકોને મોકલીને આજ્ઞા આપી કે એને મારી નાખો. સેનાએ અનિરુદ્ધ પર આક્રમણ કર્યું. ત્યારે અનિરુદ્ધે જોત જોતામાં, વાત વાતમાં, દશ હજાર સૈનિકોને કાલને હવાલે કરી દીધા, પછી તો અસંખ્ય સેના પર સેના આવવા લાગી અને અનિરુદ્ધ એમને કાળનો કોળિયો બનાવતો ગયો. ત્યાર પછી એમણે બાણાસુરનો વધ કરવાને માટે એક શક્તિ હાથમાં લીધી, જે કાલાગ્નિની સમાન ભયંકર હતી. પછી એનાથી જ રથની બેઠક પર બેઠેલા બાણાસુર પર પ્રહાર કર્યો. એની ઘોર ઘા, ચોટ, ખાઈને વીરવર બાણ ત્યાં જ અંતર્ધાન થઈ ગયો. પછી મહાવીર બલિપુત્ર બાણે, જે મહાન બળસંપન્ન તથા શિવભક્ત હતો, છળપૂર્વક અનિરુદ્ધને નાગપાશથી બાંધી લીધો. આ રીતે એમને બાંધીને એને પાંજરામાં કેદ કરીને તે યુદ્ધથી ઉપરામ થઈ ગયો. ત્યાર પછી બાણ કુપિત થઈને મહાબલી સૂતપુત્રને કહેવા લાગ્યો.

**બાણાસુરે કહ્યું**—હે સૂતપુત્ર! ઘાસફૂસથી ઢંકાયેલા અગાધ કૂવામાં ધકેલી દો અને આ પાપીને મારી નાખો. વધારે તો શું કહું, એને સર્વથા મારી જ નાખવો જોઈએ.

**સનત્કુમારજી કહે છે**—હે મુને! એની આ વાત સાંભળીને ઉત્તમ મંત્રીઓમાં શ્રેષ્ઠ ધર્મબુદ્ધિ નિશાચરે કુંભાંડે બાણાસુરને કહ્યું.

**કુંભાંડ બોલ્યો**—હે દેવ! થોડો વિચાર તો કરો. મારી સમજમાં તો આ કર્મ કરવું ઉચિત નથી પ્રતીત થતું; કેમકે, એના માર્યા જવાથી આપણો આત્મા જ આહત થશે. પરાક્રમમાં તો એ વિષ્ણુ-સમાન જણાય છે. જણાય છે કે, તમારા પર કુપિત થઈને ચંદ્રચૂડે પોતાના ઉત્તમ તેજથી એને વધારી દીધો છે. સાહસમાં એ

શશિમૌલિની સમાનતા કરી રહ્યો છે; કેમકે આ અવસ્થા અથવા દશાએ પહોંચી ગયો હોવા છતાં પણ એ પુરુષાર્થ પર અડગ ટકી રહ્યો છે. એ એવો બલી છે કે યદ્યપિ નાગ એને બળપૂર્વક ડંખી રહ્યા છે. તથાપિ એ આપણા લોકોને લણવત્ જ સમજી રહ્યો છે.

**સનત્કુમારજી કહે છે**—હે વ્યાસજી! દાનવ કુંભાંડ રાજનીતિના જ્ઞાતાઓમાં શ્રેષ્ઠ હતો. એ બાણને આવું કહીને પુનઃ અનિરુદ્ધને કહેવા લાગ્યો.

**કુંભાંડે કહ્યું**—'હે નરાધમ! હવે તું વીરવર દૈત્યરાજની સ્તુતિ કર અને દીન વાણીથી બોલ 'હું હારી ગયો છું.' આવું કહીને વારંવાર નમસ્કાર કર. હાથ જોડ. આવું કરવાથી જ તું મુક્ત થઈ શકીશ, અન્યથા તારે બંધન વગેરેનું દુઃખ ભોગવવું પડશે.' એની વાત સાંભળીને અનિરુદ્ધ ઉત્તર આપતાં બોલ્યા.

**અનિરુદ્ધે કહ્યું**—હે દુરાચારી નિશાચર! તને ક્ષત્રિય ધર્મનું જ્ઞાન નથી. અરે! શૂરવીર માટે દીનતા દેખાડવી અને યુદ્ધથી વિમુખ થવું મરણથી પણ વધારે કષ્ટદાયક હોય છે. મારા વિચારથી તો વિરુદ્ધાચરણ કાંટાની જેમ ભોંકાઈ જનારું હોય છે. વીરમાની ક્ષત્રિય માટે તો રણભૂમિમાં સદા સન્મુખ લડતાં લડતાં મરવું જ શ્રેયસ્કર છે, ભૂમિ પર પડીને હાથ જોડીને દીનની તરફ મરવાનું ક્યારેય નથી હોતું*

**સનત્કુમારજી કહે છે**—હે મુને! આ રીતે અનિરુદ્ધે ઘણીબધી વીરતાની વાતો કહી, જેને સાંભળીને બાણાસુરને મહાન વિસ્મય થયો અને એને ક્રોધ પણ થયો. એ જ સમયે સમસ્ત વીરોના, અનિરુદ્ધના અને મંત્રી કુંભાંડના સાંભળતાં સાંભળતાં બાણાસુરના આશ્વાસનાર્થે આકાશવાણી થઈ.

**આકાશવાણીએ કહ્યું**—'હે મહાબલી બાણ! તું બલિનો પુત્ર છે, તેથી થોડો તો વિચાર કર. હે પરમ બુદ્ધિમાન શિવભક્ત! તારે માટે ક્રોધ કરવો ઉચિત નથી. શિવ સમસ્ત પ્રાણીઓના ઈશ્વર, કર્મોના સાક્ષી અને પરમેશ્વર છે. આ આખું ચરાચર જગત્ એમને જ અધીન છે. એ જ સદા રજોગુણ, સત્ત્વગુણ અને તમોગુણનો આશ્રય લઈને બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રરૂપે લોકોની સૃષ્ટિ, લોકોનું ભરણપોષણ અને લોકોનો સંહાર કરે છે. તે સર્વાન્તરયામી, સર્વેશ્વર, સૌના પ્રેરક, સર્વશ્રેષ્ઠ વિકારરહિત, અવિનાશી, નિત્ય અને માયાધીશ હોવા છતાં પણ નિર્ગુણ છે. હે બલિના શ્રેષ્ઠ પુત્ર! એમની ઈચ્છાથી નિર્બળને પણ બળવાન સમજવા જોઈએ. હે મહામતે! મનમાં આવી રીતે વિચાર કરીને સ્વસ્થ થઈ જાઓ. વિવિધ પ્રકારની લીલાઓ રચવામાં નિપુણ ભગવાન શંકર ગર્વને સમાપ્ત કરી દેનારા છે. તે આ સમયે તમારા ગર્વના ચૂરેચૂરા કરી દેશે.

**સનત્કુમારજી કહે છે**—હે મહામુને! આટલું કહીને આકાશવાણી બંધ થઈ ગઈ. ત્યારે એનાં વચનને માનીને બાણાસુરે અનિરુદ્ધનો વધ કરવાનો વિચાર માંડી વાળ્યો. ત્યાર બાદ ઝેરી નાગના પાશથી બંધાયેલા અનિરુદ્ધ એ જ ક્ષણે દુર્ગાનું સ્મરણ કરવા લાગ્યા.

**અનિરુદ્ધે કહ્યું**—હે શરણાગતવત્સલે! આપ

---

* ક્ષત્રિયસ્ય રણે શ્રેયો મરણં સમ્મુખે સદા। ન વીરમાનિની ભૂમૌ દીનસ્યેવ કૃતાંજલેઃ ॥
(શિ.પુ.રુ.સં. યુદ્ધખંડ ૫૩:૩૫)

તો યશપ્રદાન કરનારાં છો, આપનો રોષ બહુ ઉગ્ર હોય છે. હે દેવી! હું નાગપાશથી બંધાયેલો છું અને નાગોની વિષજ્વાલાઓથી સંતપ્ત થઈ રહ્યો છું, માટે આપ શીઘ્ર જ પધારો અને મારી રક્ષા કરો.

**સનત્કુમારજી કહે છે**—હે મુનીશ્વર! જ્યારે અનિરુદ્ધે દળેલા કાળા કોલસા સમાન કૃષ્ણવર્ણવાળાં કાલીને આ પ્રકારે સંતુષ્ટ કર્યાં, ત્યારે જેઠ વદ ચતુર્દશીના મહારાત્રિમાં ત્યાં પ્રગટ થયાં. એમણે એ સર્પરૂપી ભયાનક બાણોને ભસ્મસાત્ કરીને પોતાના બલિષ્ઠ મુક્કાના આઘાતથી એ નાગ-પંજરને વિદીર્ણ કરી દીધું. આ રીતે દુર્ગાએ અનિરુદ્ધને બંધનમુક્ત કરીને એમને પુનઃ અંતઃપુરમાં પહોંચાડી દીધા અને સ્વયં ત્યાં જ અંતર્ધાન થઈ ગયાં. આ રીતે શિવની શક્તિ સ્વરૂપા દેવીની કૃપાથી અનિરુદ્ધ કષ્ટથી છૂટી ગયા, એમની બધી જ વ્યથા મટી ગઈ અને એ સુખી થઈ ગયા. ત્યાર પછી પ્રદ્યુમ્નનંદન અનિરુદ્ધ શિવશક્તિના પ્રતાપથી વિજયી થઈને પોતાની પ્રિયા બાણતનયાને મેળવીને પરમ હર્ષિત થયા અને પોતાની પ્રિયતમા એ ઉષાની સાથે પૂર્વવત્ સુખપૂર્વક વિહાર કરવા લાગ્યા. આ બાજુ પૌત્ર અનિરુદ્ધના અદશ્ય થઈ જવાથી તથા નારદજીના મુખે એનું બાણાસુર દ્વારા નાગપાશથી બંધન થયું જાણ્યાના સમાચાર સાંભળીને બાર અક્ષૌહિણી સેનાની સાથે પ્રદ્યુમ્ન વગેરે વીરોને સાથે લઈને ભગવાન શ્રીકૃષ્ણે શોણિતપુર પર ચઢાઈ કરી દીધી. પેલી બાજુ ત્યાં ભગવાન શ્રીરુદ્ર પણ પોતાના ભક્તના પક્ષમાં સજધજ થઈને આવીને મક્કમ રીતે ઊભા રહ્યા. પછી તો શ્રીકૃષ્ણ અને શ્રીશિવનું બહુ ભયાનક યુદ્ધ થયું. બંને બાજુથી જ્વર છોડવામાં આવ્યા. અંતમાં શ્રીકૃષ્ણે સ્વયં શ્રીરુદ્રની પાસે આવીને એમનું સ્તવન કરીને કહ્યું, હે સર્વવ્યાપી શંકર! આપ તો ગુણોથી નિર્લિપ્ત થઈને પણ ગુણોથી ગુણોને પ્રકાશિત કરો છો. હે ગિરિશાયી ભૂમન્! આપ સ્વપ્રકાશ છો. જેની બુદ્ધિ આપની માયાથી મોહિત થઈ ગઈ છે, તે સ્ત્રી, પુત્ર, ગૃહ વગેરે વિષયોમાં આસક્ત થઈને દુઃખસાગરમાં ડૂબી જાય છે, ઊતરી જાય છે. જે અજિતેન્દ્રિય પુરુષ પ્રારબ્ધવશ આ મનુષ્ય-જન્મને પ્રાપ્ત કરીને પણ આપનાં ચરણોને પ્રેમ નથી કરતો, તે શોચનીય તથા આત્મવંચક છે. હે ભગવન્! આપ ગર્વહારી છો, આપે જ તો આ ગર્વવાળા બાણને શાપ આપ્યો હતો; તેથી આપની જ આજ્ઞાથી મેં બાણાસુરની ભુજાઓનું છેદન કરવાને માટે અહીં આવ્યો છું. એટલા માટે હે મહાદેવ! આપ આ યુદ્ધથી નિવૃત્ત થઈ જાઓ. હે પ્રભો! મને બાણની ભુજાઓ કાપવા માટે આજ્ઞા પ્રદાન કરો, જેથી આપનો શાપ વ્યર્થ ન જાય.'

**મહેશ્વરે કહ્યું**—હે તાત! આપે ઠીક જ કહ્યું છે કે મેં જ આ દૈત્યરાજને શાપ આપ્યો હતો અને મારી જ આજ્ઞાથી આપ બાણાસુરની ભુજાઓ કાપવા અહીં પધાર્યા છો; કિન્તુ હે રમાનાથ! હે હરે! શું કરું, હું તો સદા ભક્તોને જ અધીન રહું છું. આવી દશામાં હે વીર! મારા દેખતાં જ બાણની ભુજાઓ કેવી રીતે કપાઈ શકે? એટલા માટે મારી આજ્ઞાથી આપ પહેલાં જૃંભણાસ્ત્ર દ્વારા મને જૃંભિન કરી દો ત્યાર પછી પોતાનું અભીષ્ટ કાર્ય સંપન્ન કરો અને સુખી થઈ જાઓ.

સનત્કુમારજી કહે છે—હે મુનીશ્વર! શંકરજીના આમ કહેવાથી શાર્ઙ્ગપાણિ શ્રીહરિને મહાન વિસ્મય થયો. તે પોતાને યુદ્ધ-સ્થાન પર આવીને પરમ આનંદિત થયા. હે વ્યાસજી! ત્યારબાદ વિવિધ પ્રકારનાં અસ્ત્રોના સંચાલનમાં નિપુણ શ્રીહરિએ તરત જ પોતાના ધનુષ પર જૃંભણાસ્ત્રનું સંધાન કરીને એને પિનાક-પાણિ શંકર પર છોડી દીધું. આ રીતે શ્રીકૃષ્ણ જૃંભણાસ્ત્ર દ્વારા જૃંભિત થયેલા શંકરને મોહમાં નાખીને ખડ્ગ, ગદા અને ઋષ્ટિ વગેરેથી બાણની સેનાનો સંહાર કરવા લાગ્યા.

(અધ્યાય ૫૧ થી ૫૪)

*

## શ્રીકૃષ્ણ દ્વારા બાણની ભુજાઓનું છેદાઈ જવું, માથું કાપવા માટે તૈયાર થયેલા શ્રીકૃષ્ણને શિવજી રોકે છે, અને એમને સમજાવે છે, શ્રીકૃષ્ણનું પરિવાર સહિત દ્વારકા પરત જવું, બાણ તાંડવનૃત્ય દ્વારા શિવને પ્રસન્ન કરે છે, શિવ દ્વારા એને અન્યાન્ય વરદાનોની સાથે મહાકાલત્વની પ્રાપ્તિ

સનત્કુમારજી કહે છે—હે મહાપ્રાજ્ઞ વ્યાસજી! લોકલીલાનું અનુસરણ કરનારા શ્રીકૃષ્ણ અને શંકરની એ પરમ અદ્ભુત કથાનું શ્રવણ કરો. હે તાત! જ્યારે ભગવાન રુદ્ર લીલાવશ પુત્રો તથા ગણો સહિત ઊંઘી ગયા, ત્યારે દૈત્યરાજ બાણ શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કરવા માટે ચાલ્યો. એ સમયે કુંભાંડ એના અશ્વોની લગામ સંભાળી રહ્યો હતો અને વિવિધ પ્રકારનાં શસ્ત્ર-અસ્ત્રથી સજ્જિત હતો. પછી એ મહાબલી બલિપુત્ર ભીષણ યુદ્ધ કરવા લાગ્યો. આ રીતે એ દિવસોમાં એ બંનેમાં ચિરકાલ સુધી બહુ ઘોર સંગ્રામ ચાલતો રહ્યો; કેમકે વિષ્ણુના અવતાર શ્રીકૃષ્ણ શિવરૂપ જ હતા અને પેલી બાજુ બળવાન બાણાસુર ઉત્તમ શિવભક્ત હતો. હે મુનીશ્વર! ત્યાર બાદ વીર્યવાન શ્રીકૃષ્ણ, જેમને શિવની આજ્ઞાથી બળ પ્રાપ્ત થઈ ગયું હતું, ચિરકાલ સુધી બાણની સાથે આમ યુદ્ધ કરીને અત્યંત કુપિત થઈ ગયા. ત્યારે શત્રુવીરોનો સંહાર કરનાર ભગવાન શ્રીકૃષ્ણે શંભુના આદેશથી શીઘ્ર જ સુદર્શન-ચક્ર દ્વારા બાણની ઘણીબધી ભુજાઓ કાપી નાખી. અન્તમાં એની અત્યંત સુંદર ચાર ભુજા જ બાકી રહી ગઈ અને શંકરની કૃપાથી શીઘ્ર જ એની વ્યથા પણ મટી ગઈ. જ્યારે બાણની સ્મૃતિ લુપ્ત થઈ ગઈ અને વીરભાવને પ્રાપ્ત થયેલ શ્રીકૃષ્ણ એનું માથું કાપી લેવા તૈયાર થયા, ત્યારે શંકરજી મોહનિદ્રાનો ત્યાગ કરીને ઊઠ્યા, ઊભા થઈને બોલ્યા.

રુદ્રે કહ્યું—હે દેવકીનંદન! આપ તો સદાયે મારી આજ્ઞાનું પાલન કરતા જ આવ્યા છો. હે ભગવન્! મેં પહેલાં આપને જે કામને માટે આજ્ઞા આપી હતી, એ તો આપે પૂરી કરી દીધી. હવે બાણનો શિરચ્છેદ ન કરશો અને સુદર્શન-ચક્રને પાછું વાળી લો. મારી આજ્ઞાથી આ ચક્ર સદા મારા ભક્તો પર અમોઘ રહ્યું છે. હે ગોવિંદ! મેં પહેલાં જ આપને યુદ્ધમાં અનિવાર્ય ચક્ર આપ્યું હતું અને જય અપાવ્યો હતો. હવે

આપ યુદ્ધથી નિવૃત્ત થઈ જાઓ. હે લક્ષ્મીશ! પૂર્વકાળમાં પણ આપે તો મારી આજ્ઞા વગર દધીચ, વીરવર રાવણ અને તારકાક્ષ વગેરેના પુરો પર પ્રયોગ કર્યો ન હતો. હે જનાર્દન! આપ તો યોગીશ્વર, સાક્ષાત્ પરમાત્મા અને સંપૂર્ણ પ્રાણીઓના હિતમાં રત રહેનારા છો. તમે સ્વયં જ પોતાના મનથી વિચાર કરો. મેં એને વરદાન આપી રાખ્યું છે કે તને મૃત્યુનો ભય નહીં થાય. મારું એ વચન સદા સત્ય થવું જોઈએ. હું આપ પર પરમ પ્રસન્ન છું. હે હરે! બહુ દિવસો પહેલાં એ ગર્વથી ભરાઈ ગયો હતો અને ઉન્મત્ત થઈ ગયો હતો અને પોતાની જાતને ભૂલી ગયો હતો. ત્યારે પોતાની ભુજાઓને ખંજવાળતો હતો અને મારી પાસે આવી પહોંચ્યો અને બોલ્યો - 'મારી સાથે યુદ્ધ કરો.' ત્યારે મેં એને શાપ આપતાં કહ્યું હતું - 'થોડા જ સમયમાં તારી ભુજાઓનું છેદન કરનારો આવશે. ત્યારે તારો આ બધો ગર્વ ગળી જશે.' (બાણ તરફ જોઈને) કહ્યું – 'મારી આજ્ઞાથી જ તારી ભુજાઓ કાપનારા આ શ્રીહરિ આવ્યા છે.' (પછી શ્રીકૃષ્ણને) હવે આપ યુદ્ધ બંધ કરી દો અને વર-વધૂને સાથે લઈને તમારે ઘેર પાછા જતા રહો.' આમ કહીને મહેશ્વરે એ બંનેમાં મિત્રતા કરાવી દીધી. અને એમની આજ્ઞા લઈને તે પુત્રો અને ગણોની સાથે પોતાના નિવાસસ્થાને ચાલ્યા ગયા.

**સનત્કુમારજી કહે છે**—હે મુને! શંભુનું આ કથન સાંભળીને અક્ષત શરીરવાળા શ્રીકૃષ્ણે સુદર્શનને વાળી લીધું અને વિજયશ્રીથી સુશોભિત થઈને તે બાણાસુરના અંતઃપુરમાં પધાર્યા. ત્યાં એમણે ઉષા સહિત અનિરુદ્ધને આશ્વાસન આપ્યું અને બાણ દ્વારા અપાયેલાં અનેક પ્રકારનાં રત્નો અને રત્નસમૂહોને ગ્રહણ કર્યાં. ઉષાની સખી પરમ યોગિની ચિત્રલેખાને મેળવીને તો શ્રીકૃષ્ણને મહાન હર્ષ થયો. આ રીતે શિવના આદેશ અનુસાર જ્યારે એમનું બધું કાર્ય પૂર્ણ થઈ ગયું ત્યારે તે શ્રીહરિ હૃદયથી શંકરને પ્રણામ કરીને અને બલિપુત્ર બાણાસુરની આજ્ઞા લઈને પરિવાર સહિત પોતાની પુરીમાં પરત જતા રહ્યા. દ્વારકામાં પહોંચીને એમણે ગરુડને વિદાય કરી દીધું. પછી હર્ષપૂર્વક મિત્રોને મળ્યા અને સ્વેચ્છા-અનુસાર આચરણ કરવા લાગ્યા.

આ બાજુ નંદીશ્વરે બાણાસુરને સમજાવીને આમ કહ્યું—'હે ભક્તશાર્દૂલ! તમે વારંવાર શિવજીનું સ્મરણ કરો. તે ભક્તો પર અનુકમ્પા કરનારા છે, તેથી એ આદિગુરુ શંકરમાં મન



સમાહિત કરીને નિત્ય એમનો મહોત્સવ કરો.' ત્યારે દ્વેષરહિત થયેલો મહામનસ્વી બાણ નંદીના કહેવાથી ધૈર્ય ધારણ કરીને તરત જ શિવસ્થાને જતો રહ્યો. ત્યાં પહોંચીને એણે વિવિધ પ્રકારનાં સ્તોત્રો દ્વારા શિવજીની સ્તુતિ કરી અને એમને પ્રણામ કર્યા. પછી તે પગથી ઠેકડા મારતો, હાથને વીંઝતો વિવિધ પ્રકારનાં સ્થાનભેદ અને

પ્રતિસ્થાનભેદ (આલીઢ અને પ્રત્યાલીઢ) વગેરે પ્રમુખ સ્થાનકો દ્વારા સુશોભિત નૃત્યોમાં પ્રધાન તાંડવનૃત્ય કરવા લાગ્યો. એ સમયે તે હજારો પ્રકારથી મુખ દ્વારા વાજાં વગાડી રહ્યો હતો અને વચમાં વચમાં ભ્રમર વાંકીચૂકી કરીને તથા મસ્તકને કંપાવીને હજારો પ્રકારના ભાવ પણ પ્રગટ કરતો જતો હતો. આ પ્રકારે નૃત્યમાં મસ્ત થયેલા મહાભક્ત બાણાસુરે મહાન નૃત્ય કરીને નતમસ્તક થઈને ત્રિશૂળધારી ચંદ્રશેખર ભગવાન શિવને પ્રસન્ન કરી દીધા. ત્યારે નાચગાનના પ્રેમી ભક્તવત્સલ ભગવાન હર હર્ષિત થઈને બાણને કહેવા લાગ્યા.

**રુદ્રે કહ્યું**—હે બલિપુત્ર પ્યારા બાણ! તારા નૃત્યથી હું સંતુષ્ટ થઈ ગયો છું, તેથી હે દૈત્યેન્દ્ર! તારા મનમાં જે અભિલાષા હોય, એને અનુરૂપ વરદાન માગી લે.

**સનત્કુમારજી કહે છે**—હે મુને! શંભુની વાત સાંભળીને દૈત્યરાજ બાણે આ પ્રકારનું વરદાન માગ્યું.

'મારા બધા ઘા રુઝાઈ જાય, બાહુયુદ્ધની મારી ક્ષમતા એમની એમ જ બની રહે, મને અક્ષય ગણનાયકત્વ પ્રાપ્ત થાય, શોણિતપુરમાં ઉષાપુત્ર અર્થાત્ મારો દૌહિત્રનું રાજ્ય થાઓ, દેવતાઓ તથા વિશેષ કરીને વિષ્ણુ સાથે મારો વૈરભાવ મટી જાય, મુજમાં રજોગુણ અને તમોગુણયુક્ત દૂષિત દૈત્યભાવનો પુનઃ ઉદય ન થાય, મુજમાં સદાયે નિર્વિકાર શંભુ-ભક્તિ બની રહે અને શિવભક્તો પર મારો સ્નેહ અને સમસ્ત પ્રાણીઓ પર દયાભાવ રહે.' આમ શંભુ પાસે વરદાન માગીને બલિપુત્ર મહાસુર બાણ અંજલિ બાંધીને રુદ્રની સ્તુતિ કરવા લાગ્યો. એ સમયે એનાં નેત્રોમાં પ્રેમનાં આંસુ છલકાઈ આવ્યાં હતાં. ત્યાર બાદ જેનાં બધાં જ અંગો પ્રેમથી પ્રફુલ્લિત થઈ ગયાં હતાં, તે બલિનંદન બાણાસુર મહેશ્વરને પ્રણામ કરીને મૌન થઈ ગયો. પોતાના ભક્ત બાણની પ્રાર્થના સાંભળીને ભગવાન શંકર 'તને સર્વ કાંઈ પ્રાપ્ત થઈ જશે' એમ કહીને ત્યાં જ અંતર્ધાન થઈ ગયા. ત્યારે શંભુની કૃપાથી મહાકાલત્વને પ્રાપ્ત થયો અને રુદ્રનો અનુચર બાણ પરમાનંદમાં નિમગ્ન થઈ ગયો. હે વ્યાસજી! આ રીતે મેં સંપૂર્ણ ભુવનોમાં નિત્ય ક્રીડા કરનારા સમસ્ત ગુરુજનોના પણ સદ્‌ગુરુ શૂલપાણિ ભગવાન શંકરનું બાણવિષયક ચરિત, જે પરમોત્તમ છે, કર્ણપ્રિય મધુર વચનો દ્વારા તમારી આગળ વર્ણવી બતાવ્યું છે.

(અધ્યાય ૫૫-૫૬)

*

## ગજાસુરની તપસ્યા, વરદાન-પ્રાપ્તિ અને એનો અત્યાચાર, શિવ દ્વારા એનો વધ, એની પ્રાર્થનાથી શિવનું એના ચર્મનું ધારણ કરવું અને 'કૃત્તિવાસા' નામથી વિખ્યાત થવું તથા કૃત્તિવાસેશ્વર-લિંગની સ્થાપના કરવી

**સનત્કુમારજી કહે છે**—હે વ્યાસજી! હવે પરમ પ્રેમપૂર્વક શશિમૌલિ શિવના એ ચરિત્રનું

શ્રવણ કરો, જેમાં એમણે ત્રિશૂળ દ્વારા દાનવરાજ ગજાસુરનો વધ કર્યો હતો. ગજાસુર મહિષાસુરનો પુત્ર હતો. જ્યારે એણે સાંભળ્યું કે દેવતાઓથી પ્રેરિત થઈને દેવીએ મારા પિતાને મારી નાખ્યા હતા, ત્યારે એનો બદલો લેવાની ભાવનાથી એણે ઘોર તપ કર્યું. એના તપની જ્વાળાથી બધું જ સળગવા માંડ્યું. દેવતાઓએ જઈને બ્રહ્માજીને પોતાનું દુઃખ કહ્યું, ત્યારે બ્રહ્માજીએ એમની સામે પ્રગટ થઈને એની પ્રાર્થના અનુસાર એને વરદાન આપી દીધું કે તે કામને વશ થનાર કોઈ પણ સ્ત્રી અથવા પુરુષથી નહીં મરે, મહાબલી અને સર્વથી અજેય થશે.

વરદાન મેળવીને એ ગર્વથી છલકાઈ ગયો. બધી દિશાઓમાં તથા સર્વ લોકપાલોનાં સ્થાનો પર એણે અધિકાર જમાવી લીધો. અંતમાં ભગવાન શંકરની રાજધાની આનંદવન કાશીમાં જઈને તે બધાંને સતાવવા લાગ્યો. દેવતાઓએ શંકરને પ્રાર્થના કરી શંકર કામવિજયી તો છે જ. એમણે ઘોર યુદ્ધમાં એને હરાવીને ત્રિશૂળમાં પરોવી લીધો. ત્યારે એણે ભગવાન શંકરનું સ્તવન કર્યું. શંકર એના પર પ્રસન્ન થઈ ગયા અને ઈચ્છિત વરદાન માગવા માટે કહ્યું.

**ત્યારે ગજાસુરે કહ્યું**—હે દિગંબર સ્વરૂપ મહેશાન! જો આપ મુજ પર પ્રસન્ન છો તો પોતાના ત્રિશૂળના અગ્નિથી પવિત્ર થયેલા મારા આ ચર્મને આપ સદા ધારણ કરતા રહો. હે વિભો! હું પુણ્યગંધોની નિધિ છું, એટલા માટે મારું આ ચર્મ ચિરકાલ સુધી ઉગ્ર તપરૂપી અગ્નિની જ્વાળામાં પડીને પણ દગ્ધ નથી થયું. હે દિગંબર! જો મારું આ ચર્મ પુણ્યવાન ન હોત તો રણાંગણમાં એને આપનાં અંગોનો સંગ કેવી રીતે પ્રાપ્ત થાત. હે શંકર! જો આપ તુષ્ટ હો તો મને એક બીજું વરદાન વધારાનું આપો અને એ તે એ છે કે આજથી આપનું નામ 'કૃત્તિવાસા' વિખ્યાત થઈ જાય.

**સનત્કુમારજી કહે છે**—'હે મુને! ગજાસુરની વાત સાંભળીને ભક્તવત્સલ શંકરે પરમ પ્રસન્નતાપૂર્વક મહિષાસુરનંદન ગજને કહ્યું - 'તથાસ્તુ' - સારું, એવું જ થશે.' તદનંતર પ્રસન્નાત્મા ભક્તપ્રિય મહેશાન એ દાનવરાજ ગજને, જેનું મન ભક્તિને કારણે નિર્મલ થઈ ગયું હતું, શંકરે પુનઃ કહ્યું.

**ઈશ્વર બોલ્યા**—હે દાનવરાજ! તારું આ પાવન શરીર મારા આ મુક્તિસાધક ક્ષેત્ર કાશીમાં મારા લિંગરૂપે સ્થિત થઈ જાવ! એનું નામ કૃત્તિવાસેશ્વર થશે. એ સમસ્ત પ્રાણીઓ માટે મુક્તિદાતા, મહાન પાતકોનું વિનાશક, સંપૂર્ણ લિંગોમાં શિરોમણિ અને મોક્ષપ્રદ થશે. આમ કહીને દેવેશ્વર દિગંબર શિવે ગજાસુરના એ વિશાળ ચર્મ લઈને ઓઢી લીધું. હે મુનીશ્વર! એ દિવસે બહુ મોટો ઉત્સવ મનાવવામાં આવ્યો. કાશીનિવાસી બધી જનતા તથા પ્રમથગણ હર્ષમગ્ન થઈ ગયા. વિષ્ણુ અને બ્રહ્મા વગેરે દેવતાઓનાં મન હર્ષથી પરિપૂર્ણ થઈ ગયાં. તે હાથ જોડીને મહેશ્વરને નમસ્કાર કરીને સ્તુતિ કરવા લાગ્યા. (અધ્યાય ૫૭)

*

# દુન્દુભિનિર્હ્રાદ નામના દૈત્યનું વાઘરૂપે શિવ-ભક્ત પર આક્રમણ કરવાનો વિચાર અને શિવ દ્વારા એનો વધ

**સનત્કુમારજી કહે છે**—હે વ્યાસજી! હવે હું ચંદ્રમૌલિના એ ચરિત્રનું વર્ણન કરીશ, જેમાં શંકરજીએ દુન્દુભિનિર્હ્રાદ નામના દૈત્યને માર્યો હતો. તમે સાવધાન થઈને શ્રવણ કરો. દિતિપુત્ર મહાબલી હિરણ્યાક્ષનો વિષ્ણુ દ્વારા વધ થઈ ગયા પછી દિતિને બહુ દુઃખ થયું. ત્યારે દેવશત્રુ દુન્દુભિનિર્હ્રાદે એને આશ્વાસન આપીને એ નિશ્ચય કર્યો કે 'દેવતાઓનું બળ બ્રાહ્મણ છે. બ્રાહ્મણ નષ્ટ થઈ જશે તો યજ્ઞ નહીં થાય, યજ્ઞ ન થવાથી દેવતાઓ આહાર પ્રાપ્ત કરી શકે નહીં તેથી નિર્બળ થઈ જશે. ત્યારે હું એમના પર સહજમાં જ વિજય મેળવી લઈશ.' આવો વિચાર કરીને તે બ્રાહ્મણોને મારવા લાગ્યો. બ્રાહ્મણોનું પ્રધાન સ્થાન વારાણસી છે, એ વિચારીને તે કાશી પહોંચ્યો અને વનમાં વનચર બનીને સમિધા લેનાર, જલમાં જલચર બનીને સ્નાન કરનાર અને રાત્રે વાઘ બનીને સૂતેલા બ્રાહ્મણોને ખાવા માંડ્યો.

એક વાર શિવરાત્રિના અવસર પર એક ભક્ત પોતાની પર્ણશાળામાં દેવાધિદેવ શંકરનું પૂજન કરીને ધ્યાનસ્થ થઈને બેઠો હતો. બલાભિમાની દૈત્યરાજ દુન્દુભિનિર્હ્રાદે વાઘનું રૂપ ધારણ કરીને એને ખાઈ જવાનો વિચાર કર્યો; પરંતુ તે ભક્ત દૃઢચિત્તથી શિવદર્શનની લાલસા લઈને ધ્યાનમાં તલ્લીન થઈ રહ્યો હતો, એટલા માટે એણે પહેલાંથી જ મંત્રરૂપી અસ્ત્રનો વિન્યાસ કરી લીધો હતો. આ કારણે તે દૈત્ય એના પર આક્રમણ કરવામાં સમર્થ ન થઈ શક્યો. આ બાજુ સર્વવ્યાપી ભગવાન શંભુને એ દુષ્ટ રૂપવાળા દૈત્યના અભિપ્રાયની ખબર પડી ગઈ હતી. ત્યારે શંકરે એને મારી નાખવાનો વિચાર કર્યો. એટલામાં જ, જેવો જ એ દૈત્ય વ્યાઘ્રરૂપે એ ભક્તને પોતાનો કોળિયો બનાવવા ચાહે છે, ત્યાં જ જગતની રક્ષા માટે મણિસ્વરૂપ તથા ભક્તરક્ષણમાં કુશળ બુદ્ધિવાળા ત્રિલોચન ભગવાન શંકર ત્યાં પ્રગટ થઈ ગયા અને એને બગલમાં દબાવી ઘાલીને એના માથા પર વજ્રથી પણ કઠોર મુક્કો માર્યો. એ મુષ્ટિ-પ્રહારથી તથા બગલમાં દબાવાથી તે વાઘ અત્યંત વ્યથિત થઈ ગયો અને પોતાની ગર્જનાથી પૃથ્વી તથા આકાશને કંપાવતો તે મૃત્યુનો ગ્રાસ બની ગયો. એ ભયંકર શબ્દને ધ્વનિને સાંભળીને તપસ્વીઓનાં હૃદય કંપી ઊઠ્યાં. તે રાતમાં જ એ શબ્દનું અનુસરણ કરતાં કરતાં એ સ્થાન પર આવી પહોંચ્યા. ત્યાં પરમેશ્વર શિવને બગલમાં એ પાપીને દબાવેલો જોઈને બધા લોકો એમનાં ચરણમાં પડ્યા અને જયજયકાર કરતાં એમની સ્તુતિ કરવા લાગ્યા.

**તદનંતર મહેશ્વરે કહ્યું**—જે મનુષ્ય અહીં આવીને શ્રદ્ધાપૂર્વક મારા આ રૂપનાં દર્શન કરશે, નિસ્સંદેહ હું એના બધાં ઉપદ્રવો નષ્ટ કરી દઈશ. જે માનવ મારા આ ચરિત્રને સાંભળીને અને હૃદયમાં મારા આ લિંગનું સ્મરણ કરીને સંગ્રામમાં પ્રવેશ કરશે, એને અવશ્ય વિજયની પ્રાપ્તિ થશે.

હે મુને! જે મનુષ્ય વ્યાઘ્રેશ્વરના પ્રાગટ્ય

સંબંધી આ પરમોત્તમ ચરિત્રને સાંભળશે અથવા બીજાને સંભળાવશે, વાંચશે અથવા વંચાવશે, તે પોતાની સમસ્ત મનોવાંછિત પ્રાપ્ત કરી લેશે અને અંતમાં સંપૂર્ણ દુઃખોથી રહિત થઈને મોક્ષનો ભાગી થશે. શિવલીલા સંબંધી અમૃતમય અક્ષરોથી પરિપૂર્ણ આ અનુપમ આખ્યાન સ્વર્ગ, યશ અને આયુષ્યને આપનાર તથા પુત્રપૌત્રની વૃદ્ધિ કરનારું છે. (અધ્યાય ૫૮)

*

## વિદલ અને ઉત્પલ નામના દૈત્યોનું પાર્વતી પર મોહિત થવું અને પાર્વતીના કન્દુક - પ્રહાર દ્વારા એમને મરણને શરણ પહોંચાડવા, કન્દુકેશ્વરની સ્થાપના અને એનો મહિમા (કન્દુક = બોલ, દડો.)

**સનત્કુમારજી કહે છે**—હે વ્યાસજી! જે રીતે પરમેશ્વર શિવે સંકેતથી દૈત્યને લક્ષ્ય કરાવીને પોતાની પ્રિયા દ્વારા એનો વધ કરાવ્યો હતો, એમના એ ચરિત્રને તમે પરમ પ્રેમપૂર્વક શ્રવણ કરો. વિદલ અને ઉત્પલ નામના બે દૈત્યો - મહાદૈત્યો હતા. એમણે બ્રહ્માજી પાસેથી કોઈ પણ પુરુષના હાથે ન મરી શકાય એવું વરદાન પ્રાપ્ત કરીને બધા જ દેવતાઓને જીતી લીધા હતા. ત્યારે દેવતાઓએ બ્રહ્માજી પાસે જઈને પોતાનું દુઃખ સંભળાવ્યું. એમની કષ્ટ-કહાણી સાંભળીને બ્રહ્માએ એમને કહ્યું – 'તમે લોકો શિવા સહિત શિવનું આદરપૂર્વક સ્મરણ કરીને ધૈર્ય ધારણ કરો. એ બંને દૈત્યો નિશ્ચય જ દેવીને હાથે માર્યા જશે. શિવાસહિત શિવ પરમેશ્વર, કલ્યાણકર્તા અને ભક્તવત્સલ છે. તે શીઘ્ર જ તમારા લોકોનું કલ્યાણ કરશે.'

**સનત્કુમારજી કહે છે**—હે મુને! દેવોને આમ કહીને બ્રહ્માજી શિવનું સ્મરણ કરતાં કરતાં મૌન થઈ ગયા. ત્યારે દેવગણ પણ આનંદિત થઈને પોતપોતાને ધામે જતા રહ્યા. એક સમયે નારદજી દ્વારા પાર્વતીના સૌંદર્યની પ્રશંસા સાંભળીને એ બંને દૈત્ય એમનું અપહરણ કરવાની વાત વિચારવા લાગ્યા અને પાર્વતીજી જ્યાં દડો ઉછાળી રહ્યાં હતાં, ત્યાં જ તે જઈને આકાશમાં વિચરવા લાગ્યા. એ બંને ઘોર દુરાચારી હતા. એમનું મન અત્યંત ચંચળ થઈ રહ્યું હતું. એ ગણોનું રૂપ ધારણ કરીને અંબિકાની નિકટ આવ્યા. ત્યારે દુષ્ટોનો સંહાર કરનારા શિવે અવહેલનાપૂર્વક એમની તરફ જોઈને એમનાં નેત્રોથી પ્રગટ થયેલી ચંચળતાને કારણે તરત એમને ઓળખી લીધા. પછી તો સર્વસ્વરૂપી મહાદેવે દુર્ગતિનાશિની દુર્ગાને કટાક્ષ દ્વારા સૂચિત કરી દીધું કે આ બંને દૈત્ય છે, ગણ નથી. હે તાત! ત્યારે પાર્વતી પોતાના સ્વામી મહાકૌતુકી પરમેશ્વર શંકરના એ નેત્ર-સંકેતને સમજી ગયાં. તદનંતર, સર્વજ્ઞ શિવની અર્ધાંગિની પાર્વતીએ એ સંકેતને સમજીને એ જ દડાથી એકીસાથે જ એ બંને પર ઘા કર્યો. ત્યારે મહાદેવીના દડાથી આહત થઈને એ બંને મહાબલી દુષ્ટ દૈત્ય ચક્કર ફરતાં ફરતાં એ રીતે ભૂતલ પર પડી ગયા, જેવી રીતે વાયુના સપાટાથી ચંચળ થઈને બે પાકેલાં તાડનાં ફળ

પોતાના થડથી તૂટીને પડી જાય છે અથવા જેવી રીતે વજ્રના આઘાતથી મહાગિરિનાં બે શિખરો ધરાશાયી થઈ જાય છે. આ રીતે અકાર્ય કરવાને માટે તૈયાર થયેલા એ બંને મહાદૈત્યોને ધરાશાયી કરીને એ દડો લિંગરૂપે પરિણત થઈ ગયો. સમસ્ત દુષ્ટોનું નિવારણ કરનાર એ લિંગ કન્દુકેશ્વર નામે વિખ્યાત થયું અને જ્યેષ્ઠેશ્વર સમીપે સ્થિત થઈ ગયું. કાશીમાં સ્થિત કન્દુકેશ્વર-લિંગ દુષ્ટોનું વિનાશક, ભોગ-મોક્ષનું પ્રદાન અને સર્વદા સત્‌પુરુષોની સમસ્ત કામનાઓને પૂર્ણ કરનારું છે. જે મનુષ્ય આ અનુપમ આખ્યાનને હર્ષપૂર્વક સાંભળે, સંભળાવે અથવા વાંચે છે એને ભયનું દુઃખ ક્યાં, તે આ લોકમાં વિવિધ પ્રકારનાં સંપૂર્ણ ઉત્તમોત્તમ સુખો ભોગવીને અને દેવદુર્લભ દિવ્ય ગતિને પ્રાપ્ત કરી લે છે.

બ્રહ્માજી કહે છે – હે મુનિસત્તમ! મેં તમારી આગળ રુદ્રસંહિતા અંતર્ગત યુદ્ધખંડનું વર્ણન કરી દીધું છે. આ ખંડ સંપૂર્ણ મનોરથોનું ફળ પ્રદાન કરનારો છે. આ રીતે મેં પૂરી-ને પૂરી રુદ્રસંહિતાનું વર્ણન કરી દીધું છે. આ શિવજીને સદા પરમ પ્રિય છે અને ભુક્તિ-મુક્તિરૂપ ફળપ્રદાન કરનારી સંહિતા છે.

સૂતજી કહે છે - આ રીતે શિવાનુગામી બ્રહ્મપુત્ર નારદ શંકરના ઉત્તમ યશને તથા શિવ-શતનામને સાંભળીને કૃતાર્થ થઈ ગયા. આમ એ સંપૂર્ણ ચરિત્રોમાં પ્રધાન તથા કલ્યાણકારક આ બ્રહ્મા અને નારદનો સંવાદ પૂર્ણરૂપે કહી દીધો છે, હવે તમારી વધારે શું સાંભળવાની ઇચ્છા છે?

(અધ્યાય-૫૯)

*

॥ રુદ્રસંહિતાનો યુદ્ધખંડ સંપૂર્ણ ॥

*

॥ રુદ્રસંહિતા સમાપ્ત ॥

*

# શતરુદ્રસંહિતા

## શિવજીના સદ્યોજાત, વામદેવ, તત્પુરુષ, અઘોર અને ઈશાન નામના પાંચ અવતારોનું વર્ણન

વંદે મહાનન્દમનન્તલીલં મહેશ્વરં સર્વવિભું મહાન્તમ્।
ગૌરીપ્રિયં કાર્તિક વિઘ્નરાજસમુદ્ભવં શંકરમાદિદેવમ્।।

જે પરમાનંદમય છે, જેમની લીલાઓ અનંત છે, જે ઈશ્વરોના પણ ઈશ્વર છે, સર્વવ્યાપક, મહાન, ગૌરીના પ્રિયતમ તથા સ્વામી કાર્તિક અને વિઘ્નરાજ ગણેશને ઉત્પન્ન કરનારા છે, એ આદિદેવ શંકરની હું વંદના કરું છું.

**શૌનકજીએ કહ્યું**—હે મહાભાગ સૂતજી! આપ તો (પુરાણકર્તા) વ્યાસજીના શિષ્ય તથા જ્ઞાન અને દયાના નિધિ છો, તેથી હવે આપ શંભુના એ અવતારોનું વર્ણન કરો જે ધારણ કરીને એમણે સત્પુરુષોનું કલ્યાણ કર્યું છે.

**સૂતજી બોલ્યા**—હે શૌનકજી! આપ તો મનનશીલ વ્યક્તિ છો, અતઃ હવે હું આપને શિવજીના એ અવતારોનું વર્ણન કરું છું, આપ સ્વયંની ઈન્દ્રિયોને વશમાં કરીને સદ્ભક્તિપૂર્વક મન લગાડીને શ્રવણ કરો. હે મુને! પૂર્વકાળમાં સનત્કુમારજીએ નન્દીશ્વરને, જે સત્પુરુષોની ગતિ તથા શિવસ્વરૂપ જ છે, આ જ પ્રશ્ન કર્યો હતો; એ સમયે નંદીશ્વરે શિવજીનું સ્મરણ કરતાં કરતાં એમને આમ ઉત્તર આપ્યો હતો.

**નંદીશ્વરે કહ્યું**—હે મુને! આમ તો સર્વવ્યાપી સર્વેશ્વર શિવના કલ્પકલ્પાન્તરોમાં અસંખ્ય અવતાર થયા છે, તથાપિ આ સમયે હું મારી બુદ્ધિ અનુસાર એમાંથી કેટલાકનું વર્ણન કરું છું. ઓગણીસમો કલ્પ, જે શ્વેતલોહિત નામે વિખ્યાત છે, એમાં શિવજીનો 'સદ્યોજાત' નામનો અવતાર થયો હતો. તે એમનો પ્રથમ અવતાર કહેવાય છે. એ કલ્પમાં જ્યારે બ્રહ્મા પરબ્રહ્મનું ધ્યાન કરી રહ્યા હતા, એ જ સમયે એક શ્વેત અને લોહિત વર્ણવાળો શિખાધારી કુમાર ઉત્પન્ન થયો. એને જોઈને બ્રહ્માએ મનમાં ને મનમાં વિચાર કર્યો. જ્યારે એમને જ્ઞાન થઈ ગયું કે આ પુરુષ બ્રહ્મરૂપી પરમેશ્વર છે, ત્યારે એમણે અંજલિબદ્ધ થઈને એમની વંદના કરી, પછી જ્યારે ભુવનેશ્વર બ્રહ્માને જાણ થઈ ગઈ કે આ સદ્યોજાત કુમાર શિવ જ છે, ત્યારે એમને મહાન હર્ષ થયો. તે પોતાની સદ્બુદ્ધિથી વારંવાર એ પરબ્રહ્મનું ચિંતન કરવા લાગ્યા. બ્રહ્માજી ધ્યાન ધરી જ રહ્યા કે ત્યાં શ્વેત વર્ણવાળા ચાર યશસ્વી કુમાર પ્રગટ થયા. એ પરમોત્કૃષ્ટ જ્ઞાનસંપન્ન તથા પરબ્રહ્મ સ્વરૂપ હતા. એમનાં નામ હતાં—સુનન્દ, નન્દન, વિશ્વનન્દ અને ઉપનન્દન. એ બધાયે મહાત્મા હતા અને બ્રહ્માજીના શિષ્ય થયા. એમનાથી તે બ્રહ્મલોક વ્યાપ્ત થઈ ગયો. તદનંતર સદ્યોજાતરૂપે પ્રગટ થયેલા પરમેશ્વર શિવે પરમ પ્રસન્ન થઈને બ્રહ્માને જ્ઞાન તથા સૃષ્ટિરચનાની શક્તિ પ્રદાન કરી. (આ સદ્યોજાત નામનો પહેલો અવતાર થયો).

તદનંતર 'રક્ત' નામથી પ્રસિદ્ધ વીશમો કલ્પ આવ્યો. એ કલ્પમાં બ્રહ્માજીએ રક્તવર્ણનું શરીર ધારણ કર્યું હતું. જે સમયે બ્રહ્માજી પુત્રની કામનાથી ધ્યાન કરી રહ્યા હતા, એ જ સમયે એમનાથી એક પુત્ર પ્રગટ થયો. એના શરીર પર લાલ રંગની માળા હતી અને લાલ જ વસ્ત્ર

શોભા આપી રહ્યું હતું. એનાં નેત્ર પણ લાલ હતાં અને તેણે આભૂષણ પણ લાલ રંગનું જ ધારણ કરેલું હતું. એ મહાન આત્મબળથી સંપન્ન કુમારને જોઈને બ્રહ્માજી ધ્યાનસ્થ થઈ ગયા. જ્યારે એમને જ્ઞાત થયું કે એ વામદેવ શિવ છે, ત્યારે એમણે હાથ જોડીને એ કુમારને પ્રણામ કર્યા. તત્પશ્ચાત્ એમને વિરજા, વિવાહ, વિશોક અને વિશ્વભાવન નામના ચાર પુત્રો ઉત્પન્ન થયા, જેમણે બધાએ લાલ વસ્ત્ર ધારણ કરેલાં હતાં. ત્યારે વામદેવ-રૂપધારી પરમેશ્વર શંભુએ પરમ પ્રસન્ન થઈને બ્રહ્માને જ્ઞાન તથા સૃષ્ટિ રચનાની શક્તિ પ્રદાન કરી. (આ 'વામદેવ' નામનો બીજો અવતાર થયો).

એ પછી એકવીશમો કલ્પ આવ્યો, જે 'પીતવાસા' નામથી કહ્યો જાય છે. એ કલ્પમાં મહાભાગ બ્રહ્મા પીતવસ્ત્રધારી થયા. જ્યારે એ પુત્રની કામનાથી ધ્યાન કરી રહ્યા હતા, એ સમયે એમનાથી એક મહાતેજસ્વી કુમાર ઉત્પન્ન થયો. એ પ્રૌઢ કુમારની ભુજાઓ વિશાળ હતી અને એના શરીર પર પીતાંબર ઝળકી રહ્યું હતું. એ ધ્યાનમગ્ન બાળકને જોઈને બ્રહ્માજીએ પોતાની બુદ્ધિના બળે એને 'તત્પુરુષ' શિવ સમજ્યા. ત્યારે એમણે ધ્યાનયુક્ત ચિત્તથી સંપૂર્ણ લોકો દ્વારા નમસ્કૃત મહાદેવી શાંકરી ગાયત્રી (તત્પુરુષાય વિદ્મહે મહાદેવાય ધીમહિ)નો જપ કરીને એમને નમસ્કાર કર્યા, એથી મહાદેવજી પ્રસન્ન થઈ ગયા. ત્યાર પછી એમના પાર્શ્વભાગથી પીતવસ્ત્રધારી દિવ્યકુમાર પ્રગટ થયા, એ બધાયે યોગમાર્ગના પ્રવર્તક થયા. (એ 'તત્પુરુષ' નામનો ત્રીજો અવતાર થયો).

ત્યાર પછી સ્વયંભૂ બ્રહ્માના એ પીતવર્ણ નામના કલ્પના વીતી ગયા પછી પુનઃ બીજો કલ્પ પ્રવૃત્ત થયો. એનું નામ 'શિવ' હતું. જ્યારે એકાર્ણવની દશામાં એક સહસ્ર દિવ્ય વર્ષ વ્યતીત થઈ ગયાં, ત્યારે બ્રહ્માજી પ્રજાઓની સૃષ્ટિ કરવાની ઈચ્છાથી દુઃખી થઈને વિચાર કરવા લાગ્યા. એ સમયે એ મહાતેજસ્વી બ્રહ્માની સમક્ષ એક કુમાર ઉત્પન્ન થયો. એ મહાપરાક્રમી બાળકના શરીરનો રંગ કાળો હતો. તે પોતાના તેજથી ઉદ્દીપ્ત થઈ રહ્યો હતો તથા કાળું વસ્ત્ર, કાળી પાઘડી અને કાળી જનોઈ ધારણ કરેલ હતી. એનો મુગટ પણ કાળો હતો અને સ્નાન પછી અનુલેપ - ચંદન પણ કાળા રંગનું હતું. એ ભયંકર - પરાક્રમી, મહામનસ્વી, દેવદેવેશ્વર, અલૌકિક, કૃષ્ણપિંગલ વર્ણવાળા અઘોરને જોઈને બ્રહ્માજીએ એની વંદના કરી. ત્યારબાદ બ્રહ્માજીએ ભક્તવત્સલ અવિનાશી અઘોરને બ્રહ્મરૂપ સમજીને ઈષ્ટ વચનો દ્વારા એમની સ્તુતિ કરવા લાગ્યા. ત્યારે એમના પાર્શ્વભાગમાંથી કૃષ્ણવર્ણવાળા તથા કાળા રંગનો અનુલેપ ધારણ કરેલ ચાર મહામનસ્વી કુમાર ઉત્પન્ન થયા. એ બધાયે પરમ તેજસ્વી, અવ્યક્તનામા તથા શિવ સરખા રૂપવાળા હતા. એમનાં નામ હતાં: કૃષ્ણ, કૃષ્ણશિખ, કૃષ્ણાસ્ય અને કૃષ્ણકંઠધૃક્. આ પ્રકારે ઉત્પન્ન થઈને આ મહાત્માઓએ બ્રહ્માજીની સૃષ્ટિ રચના નિમિત્તે મહાન અદ્ભુત 'ઘોર' નામના યોગનો પ્રચાર કર્યો. (આ 'અઘોર' નામનો ચોથો અવતાર થયો).

હે મુનીશ્વરો! ત્યાર પછી બ્રહ્માનો બીજો કલ્પ શરૂ થયો. એ પરમ અદ્ભુત હતો અને 'વિશ્વરૂપ' નામે વિખ્યાત હતો. એ કલ્પમાં જ્યારે બ્રહ્માજી પુત્ર-કામનાથી મનમાં ને મનમાં શિવજીનું ધ્યાન ધરી રહ્યા હતા, એ જ સમયે મહાન સિંહનાદ કરનારી વિશ્વરૂપા સરસ્વતી પ્રગટ થયાં તથા એ જ પ્રકારે પરમેશ્વર ભગવાન ઈશાનનો પ્રાદુર્ભાવ થયો હતો, જેમનો વર્ણ શુદ્ધ સ્ફટિક

સમાન ઉજ્જ્વળ હતો અને જે સમસ્ત આભૂષણોથી વિભૂષિત હતા. એ અજન્મા, સર્વવ્યાપી, સર્વાન્તર્યામી, બધું જ પ્રદાન કરનારા, સર્વસ્વરૂપ, સુંદર રૂપવાળા અને અરૂપ ઈશાનને જોઈને બ્રહ્માજીએ એમને પ્રણામ કર્યા. ત્યારે શક્તિસહિત વિભુ ઈશાને પણ બ્રહ્માને સન્માર્ગના ઉપદેશ આપીને ચાર સુંદર બાળકોની કલ્પના કરી. એ ઉત્પન્ન થયેલાં શિશુઓનાં નામ-હતાં-જટી, મુંડી, શિખંડી અને અર્ધમુંડ. તે યોગ અનુસાર સદ્ધર્મનું પાલન કરીને યોગગતિને પ્રાપ્ત થઈ ગયા. (આ 'ઈશાન' નામનો પાંચમો અવતાર થયો).

હે સર્વજ્ઞ સનત્કુમારજી! આ પ્રકારે મેં જગતની હિતકામનાથી સદ્યોજાત વગેરે અવતારોનું પ્રાગટ્ય સંક્ષેપમાં વર્ણન કરી બતાવ્યું. એમનો એ સમગ્ર લોકહિતકારી વ્યવહાર યાથાતથ્યરૂપે બ્રહ્માંડમાં વર્તમાન છે. મહેશ્વરની ઈશાન, પુરુષ, ઘોર, વામદેવ અને બ્રહ્મ—એ પાંચ મૂર્તિઓ વિશેષરૂપે પ્રસિદ્ધ છે. એમાં ઈશાન, જે શિવસ્વરૂપ તથા સૌથી મોટા છે, પહેલા કહેવાય છે, તે સાક્ષાત્ પ્રકૃતિના ભોક્તા ક્ષેત્રજ્ઞમાં નિવાસ કરે છે. શિવજીનું બીજું સ્વરૂપ તત્પુરુષ નામથી ખ્યાત છે. તે ગુણોના આશ્રયરૂપ તથા ભોગ્ય સર્વજ્ઞમાં અધિષ્ઠિત છે. પિનાકધારી શિવનું જે અઘોર નામનું ત્રીજું સ્વરૂપ છે, તે ધર્મને માટે અંગોસહિત બુદ્ધિતત્ત્વનો વિસ્તાર કરીને અંદર બિરાજમાન રહે છે. વામદેવ નામવાળા શંકરનું ચોથું સ્વરૂપ અહંકારનું અધિષ્ઠાન છે. તે સદા અનેકો પ્રકારનું કાર્ય કરતું રહે છે. વિચારશીલ બુદ્ધિમાનોનું કથન છે કે શંકરનું ઈશાન-સંજ્ઞક સ્વરૂપ સદા કર્ણ, વાણી અને સર્વવ્યાપી આકાશનું અધીશ્વર છે તથા મહેશ્વરનું પુરુષ નામનું રૂપ ત્વક્, પાણિ અને સ્પર્શગુણ-વિશિષ્ટ વાયુનો સ્વામી છે. મનીષીગણ અઘોર નામવાળા રૂપને શરીર, રસ, રૂપ અને અગ્નિનું અધિષ્ઠાન કહે છે. શંકરજીનું વામદેવ સંજ્ઞક સ્વરૂપ રસના, પાયુ, રસ અને જળના સ્વામી તરીકે ઓળખાય છે. ઘ્રાણ, ઉપસ્થ, ગંધ અને પૃથ્વી ઈશ્વર શિવજીનું સદ્યોજાત નામનું રૂપ બતાવાય છે. કલ્યાણકામી મનુષ્યોએ શંકરજીનાં આ સ્વરૂપોની સદા પ્રયત્નપૂર્વક વંદના કરવી જોઈએ; કેમકે એ શ્રેયઃપ્રાપ્તિમાં એકમાત્ર હેતુ છે, કારણ છે. જે મનુષ્ય સદ્યોજાત વગેરે અવતારોના પ્રાગટ્યને ભણે છે, અથવા સંભળાવે છે, તે જગતમાં સમસ્ત કામ્ય ભોગોનો ઉપભોગ કરીને અંતમાં પરમગતિને પ્રાપ્ત થાય છે.

(અધ્યાય-૧)

*

## શિવજીની અષ્ટમૂર્તિઓનું તથા અર્ધનારીનરરૂપનું સવિસ્તર વર્ણન

નંદીશ્વરજી કહે છે—હે ઐશ્વર્યશાળી મુને! હવે તમે મહેશ્વરના એ શ્રેષ્ઠ અવતારોનું વર્ણન શ્રવણ કરો, જે લોકમાં સંપૂર્ણ કાર્યોને પૂર્ણ કરનાર અને તેથી સુખદાતા છે. હે તાત! આ જગત એ પરમેશ્વર શંભુની આઠ મૂર્તિઓનું સ્વરૂપ જ છે. જેવી રીતે દોરીમાં મણિ પરોવાઈ રહે છે, એવી જ રીતે આ વિશ્વ એ આઠ મૂર્તિઓમાં વ્યાપ્ત થઈને સ્થિત છે. એ પ્રસિદ્ધ આઠ મૂર્તિઓ આ છે : શર્વ, ભવ, રુદ્ર, ઉગ્ર, ભીમ, પશુપતિ, ઈશાન અને મહાદેવ, શિવજીની

આ શર્વ વગેરે અષ્ટમૂર્તિઓ દ્વારા પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ, ક્ષેત્રજ્ઞ, સૂર્ય અને ચંદ્રમા અધિષ્ઠિ છે. શાસ્ત્રનો એવો નિશ્ચય છે કે કલ્યાણકર્તા મહેશ્વરનું વિશ્વંભરાત્મક રૂપ જ ચરાચર વિશ્વને ધારણ કરી રહેલ છે. પરમાત્મા શિવનું સલિલાત્મકરૂપ જે સમસ્ત જગતને જીવન પ્રદાન કરે છે, 'ભવ' નામથી કહેવાય છે. જે જગતની બહાર અને અંદર વર્તમાન છે અને સ્વયં જ વિશ્વનું ભરણ-પોષણ કરે છે અને સ્પંદિત થાય છે, ઉગ્રરૂપધારી પ્રભુના એ રૂપને સત્પુરુષ 'ઉગ્ર' કહે છે. મહાદેવ જે સર્વને અવકાશ આપવાવાળું સર્વવ્યાપી-આકાશાત્મક રૂપ છે, એને 'ભીમ' કહે છે. તે ભૂતવૃંદનું ભેદક છે. જે રૂપ સમસ્ત આત્માઓનું અધિષ્ઠાન, સંપૂર્ણ ક્ષેત્રોમાં નિવાસ કરનાર અને જીવોના ભવપાશનું છેદક છે, એને 'પશુપતિ'નું રૂપ સમજવું જોઈએ. મહેશ્વરનું સંપૂર્ણ જગતને પ્રકાશિત કરનારું જે સૂર્ય નામનું રૂપ છે, એને 'ઈશાન' કહે છે. એ દ્યુલોકમાં ભ્રમણ કરે છે. અમૃતમયી રશ્મિઓવાળો જે ચંદ્રમા સંપૂર્ણ વિશ્વને આહ્લાદિત કરે છે, શિવનું એ રૂપ 'મહાદેવ' નામે બોલાય છે. 'આત્મા' પરમાત્મા શિવનું આઠમું રૂપ છે. આ મૂર્તિ અન્ય મૂર્તિઓની વ્યાપિકા છે. એટલા માટે આખું વિશ્વ શિવમય છે. જે રીતે વૃક્ષના મૂળમાં પાણી રેડવાથી એની શાખાઓ પુષ્પિત થઈ જાય છે, તે રીતે શિવનું પૂજન કરવાથી શિવરૂપ-શિવસ્વરૂપ-વિશ્વ પરિપુષ્ટ થઈ જાય છે. જેવી રીતે આ લોકમાં પુત્ર-પૌત્ર વગેરેને પ્રસન્ન જોઈને પિતા હર્ષિત થાય છે, એ જ રીતે વિશ્વને સારીપેઠે હર્ષિત જોઈને શંકરને આનંદ મળે છે. એટલા માટે જો કોઈ, કોઈ પણ દેહધારીને કષ્ટ આપે છે તો નિઃસંદેહ માનો કે એણે અષ્ટમૂર્તિ શિવનું જ અનિષ્ટ કર્યું છે. હે સનત્કુમારજી! આ રીતે ભગવાન શિવ પોતાની અષ્ટમૂર્તિઓ દ્વારા સમસ્ત વિશ્વને અધિષ્ઠિત કરીને બિરાજમાન છે, તેથી તમે પૂર્ણ ભક્તિભાવથી એ પરમ કારણ રુદ્રનું ભજન કરો.

હે પ્રિય સનત્કુમારજી! હવે તમે શિવજીના અનુપમ અર્ધનારીનરરૂપનું વર્ણન સાંભળો. હે મહાપ્રાજ્ઞ! આ રૂપ બ્રહ્માની કામનાઓને પૂર્ણ કરનારું છે. (સૃષ્ટિ આરંભે) જ્યારે સૃષ્ટિકર્તા બ્રહ્મા દ્વારા રચેલી બધી પ્રજાઓ વિસ્તારને પ્રાપ્ત ન થઈ, ત્યારે બ્રહ્મા એ દુઃખે દુઃખી થઈને ચિંતાકુલ થઈ ગયા. એ સમયે આમ આકાશવાણી થઈ—'હે બ્રહ્મન્! હવે મૈથુની સૃષ્ટિની રચના કરો.' એ વ્યોમવાણી સાંભળીને બ્રહ્માએ મૈથુની સૃષ્ટિ ઉત્પન્ન કરવાનો વિચાર કર્યો, પરંતુ આના પહેલાં નારીઓનાં કુલ ઈશાનથી પ્રગટ જ ન હતાં થયાં, એટલા માટે પદ્મયોનિ બ્રહ્મા મૈથુની સૃષ્ટિ રચવામાં સમર્થ ન થઈ શક્યા. ત્યારે એ આપ વિચાર કરીને કે શંભુની કૃપા વિના મૈથુની પ્રજા ઉત્પન્ન થઈ શકે નહીં, તપ કરવા તૈયાર થયા. એ સમયે બ્રહ્મા પરાશક્તિ શિવાસહિત પરમેશ્વર શિવનું પ્રેમપૂર્વક હૃદયમાં ધ્યાન કરીને ઘોર તપ કરવા માંડ્યા. તદનંતર તપ અનુષ્ઠાનમાં લાગેલા બ્રહ્માના એ તીવ્ર તપથી થોડા જ સમયમાં શિવજી પ્રસન્ન થઈ ગયા. ત્યારે તે કષ્ટહારી શંકર પૂર્ણસચ્ચિદાનંદની કામદા મૂર્તિમાં પ્રવિષ્ટ થઈને અર્ધનારીનરના રૂપે બ્રહ્માની નિકટે પ્રગટ થઈ ગયા. એ દેવાધિદેવ શંકરને પરાશક્તિ શિવાની સાથે આવેલા જોઈને બ્રહ્માએ દંડવત્ પ્રણામ કર્યા અને પછી હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યા. ત્યારે વિશ્વકર્તા દેવાધિદેવ મહાદેવ

મહેશ્વર પરમ પ્રસન્ન થઈને બ્રહ્માજીને મેઘ-ગંભીર વાણીમાં કહેવા લાગ્યા.



**ઈશ્વરે કહ્યું**—હે મહાભાગ વત્સ! મારા પ્યારા પુત્ર પિતામહ! મને તમારો બધોય મનોરથ પૂર્ણતયા જ્ઞાત થઈ ગયો છે. તમે જે આ સમયે પ્રજાઓની વૃદ્ધિ માટે ઘોર તપ કર્યું છે, તમારા એ તપથી હું પ્રસન્ન થઈ ગયો છું અને તમને તમારું મનોવાંછિત જરૂર પ્રદાન કરીશ. આમ સ્વાભાવિક રીતે જ મધુર તથા પરમ ઉદાર વચન કહીને શિવજીએ પોતાના શરીરના અર્ધભાગથી શિવાદેવીને પૃથક્ કરી દીધાં. ત્યારે શિવથી પૃથક્-જુદાં થઈને પ્રગટ થયેલાં એ પરમા શક્તિને જોઈને બ્રહ્મા વિનમ્ર ભાવથી પ્રણામ કરીને એમની પ્રાર્થના કરવા લાગ્યા.

**બ્રહ્માએ કહ્યું**—હે શિવે! સૃષ્ટિના પ્રારંભમાં તમારા પતિ દેવાધિદેવ પરમાત્મા શંભુએ મારી સૃષ્ટિ કરી હતી અને (મારા દ્વારા) બધી પ્રજાઓની રચના કરી હતી. હે શિવે! ત્યારે મેં દેવતા વગેરે સમસ્ત પ્રજાઓની માનસિક સૃષ્ટિ કરી; પરંતુ વારંવાર રચના કરવા છતાં એમની વૃદ્ધિ થતી જ ન હતી, તેથી હવે મેં સ્ત્રીપુરુષના સમાગમથી ઉત્પન્ન થનારી સૃષ્ટિનું નિર્માણ કરીને પોતાની આખી પ્રજાઓની વૃદ્ધિ કરવા ચાહું છું. પરંતુ હજુ સુધી તમારા જેવા અક્ષય નારીકુલનું પ્રાગટ્ય નથી થયું, એ કારણે નારીકુલની સૃષ્ટિ કરવાનું મારી શક્તિની બહાર છે. કેમકે, બધી જ શક્તિઓનું ઉદ્‌ગમસ્થાન તમે જ છો, એટલા માટે મેં તમને અખિલેશ્વરી પરમા શક્તિની પ્રાર્થના કરું છું. હે શિવે! હું તમને નમસ્કાર કરું છું, તમે મને નારીકુલની સૃષ્ટિ કરવા માટે શક્તિ પ્રદાન કરો; કેમકે, હે શિવપ્રિયે! આને જ તમે ચરાચર જગતની ઉત્પત્તિનું કારણ સમજો. હે વરદેશ્વરિ! હું તમારી પાસે એક વધારાનું વરદાન માગું છું, હે જગન્માતઃ! કૃપા કરીને એ વરદાન પણ મને આપો. હું તમારાં ચરણોમાં નમસ્કાર કરું છું. (એ વરદાન એ છે કે) હે સર્વ વ્યાપિની જગતજનની! તમે ચરાચર જગતની વૃદ્ધિને માટે પોતાના એક સર્વસમર્થરૂપે મારા પુત્ર દક્ષની પુત્રી થઈ જાઓ. બ્રહ્મા દ્વારા આવી યાચના થવાથી પરમેશ્વરી દેવી શિવાએ 'તથાસ્તુ'—'એવું જ થશે.' કહીને એ શક્તિ બ્રહ્માને પ્રદાન કરી દીધી. સુતરાં - તેથી જગન્મયી શિવશક્તિ શિવાદેવીએ પોતાની ભ્રમરના મધ્યભાગમાંથી પોતાના સમાન જ પ્રભાવાળી એક શક્તિની રચના કરી. એ શક્તિને જોઈને દેવશ્રેષ્ઠ ભગવાન શંકર, જે લીલાકારી, કષ્ટહારી અને કૃપાના સાગર છે. હસતાં હસતાં જગદંબિકાને કહેવા લાગ્યા.

**શિવજીએ કહ્યું**,—'હે દેવી! પરમેષ્ઠી બ્રહ્માએ તપસ્યા દ્વારા તમારી આરાધના કરી છે, તેથી

હવે તમે એમના પર પ્રસન્ન થઈ જાઓ અને એમના બધા મનોરથ પૂરા કરો.' ત્યારે શિવાદેવીએ પરમેશ્વર શિવની એ આજ્ઞાને મસ્તક નમાવીને ગ્રહણ કરી અને બ્રહ્માના કથન અનુસાર દક્ષની પુત્રી થવાનું સ્વીકારી લીધું. હે મુને! આ રીતે શિવાદેવી બ્રહ્માને અનુપમ શક્તિ પ્રદાન કરીને શંભુના શરીરમાં પ્રવિષ્ટ થઈ ગયા. ત્યારબાદ ભગવાન શંકર પણ તરત જ અંતર્ધાન થઈ ગયા. ત્યારથી આ લોકમાં સ્ત્રીભાગની કલ્પના થઈ અને મૈથુની સૃષ્ટિ શરૂ થઈ ગઈ; આથી બ્રહ્માને મહાન આનંદ પ્રાપ્ત થયો. હે તાત! આ પ્રકારે મેં તમને શિવજીના મહાન અનુપમ અર્ધનારીનરાર્ધરૂપનું વર્ણન કરી સમજાવ્યું. એ સત્પુરુષોને માટે મંગલદાયક છે.

(અધ્યાય ૨-૩)

*

# વારાહ કલ્પમાં થનાર શિવજીના પ્રથમ અવતારથી લઈને નવમ ઋષભ અવતાર સુધીનું વર્ણન

**નંદીશ્વરજી કહે છે**—હે સર્વજ્ઞ સનત્કુમારજી! એક વાર રુદ્રે હર્ષિત થઈને બ્રહ્માજીને શંકરનું ચરિત્ર પ્રેમપૂર્વક વર્ણવી બતાવ્યું હતું. એ ચરિત્ર સદા પરમ સુખદાયક છે. (એને તમે સાંભળો. એ ચરિત્ર આ રીતે છે).

**શિવજીએ કહ્યું હતું**—હે બ્રહ્મન્! વારાહ કલ્પના સાતમા મન્વંતરમાં સંપૂર્ણ લોકોને પ્રકાશિત કરનારા ભગવાન કલ્પેશ્વર, જે તમારા પ્રપૌત્ર છે, વૈવસ્વત મનુના પુત્ર હશે. ત્યારે એ મન્વંતરની ચતુર્યુગીઓના કોઈ દ્વાપર યુગમાં હું લોકો પર અનુગ્રહ કરવા તથા બ્રાહ્મણોનું હિત કરવા માટે પ્રગટ થઈશ. હે બ્રહ્મન્! યુગ-પ્રવૃત્તિ અનુસાર પ્રથમ ચતુર્યુગીના પ્રથમ દ્વાપર યુગમાં જ્યારે પ્રભુ સ્વયં જ વ્યાસ થશે, ત્યારે હું એ કળિયુગના અંતમાં બ્રાહ્મણોના હિત-અર્થે શિવાસહિત શ્વેત નામના મહામુનિ થઈને પ્રગટ થઈશ. એ સમયે હિમાલયના રમણીય શિખર છાગલ નામના પર્વતશ્રેષ્ઠ પર મારા શિખાધારી ચાર શિષ્ય ઉત્પન્ન થશે. એમનાં નામ હશે શ્વેત, શ્વેતશિખ, શ્વેતાશ્વ અને શ્વેતલોહિત. એ ચારેય ધ્યાનયોગના આશ્રયે મારા નગરમાં જશે. ત્યાં એ મુજ અવિનાશીને તત્ત્વતઃ જાણીને મારા ભક્ત થઈ જશે તથા જન્મ, જરા અને મૃત્યુથી રહિત થઈને પરબ્રહ્મની સમાધિમાં લીન રહેશે. હે વત્સ પિતામહ! એ સમયે મનુષ્ય ધ્યાન ઉપરાંત દાન, ધર્મ વગેરે કર્મહેતુક સાધનો દ્વારા મારાં દર્શન કરી નહીં શકે. બીજા દ્વાપરમાં પ્રજાપતિ સત્ય વ્યાસ થશે. એ સમયે હું કળિયુગમાં સુનાર નામે ઉત્પન્ન થઈશ. ત્યાં પણ મારા દુન્દુભિ, શતરૂપ, ઋષિક તથા કેતુમાન નામના ચાર વેદવાદી દ્વિજ શિષ્ય થશે. એ ચારેય ધ્યાનયોગના બળે કરીને મારા નગરમાં જશે અને મુજ અવિનાશીને તત્ત્વતઃ જાણીને મુક્ત થઈ જશે. ત્રીજા દ્વાપરમાં જ્યારે ભાર્ગવ નામના વ્યાસ થશે, ત્યારે હું પણ નગરની પાસે જ દમન નામથી પ્રગટ થઈશ. એ સમયે પણ મારા વિશોક, વિશેષ, વિપાપ અને પાપનાશન નામના ચાર પુત્રો થશે. હે ચતુરાનન! એ અવતારમાં હું શિષ્યોને સાથે લઈને વ્યાસની સહાયતા કરીશ અને એ કળિયુગમાં નિવૃત્તિ માર્ગને સુદૃઢ

બનાવીશ. ચોથા દ્વાપરમાં જ્યારે અંગિરા વ્યાસ કહેવાશે, એ સમયે હું સુહોત્ર નામે અવતાર લઈશ. એ સમયે પણ મારા ચાર યોગસાધક મહાત્મા પુત્ર થશે. હે બ્રહ્મન્! એમનાં નામ હશે : સુમુખ, દુર્મુખ, દુર્દમ અને દુરતિક્રમ. એ અવસર પર પણ આ શિષ્યોની સાથે હું વ્યાસની મદદમાં લાગ્યો રહીશ. પાંચમા દ્વાપરમાં સવિતા વ્યાસ નામ કહેવાશે. ત્યારે હું કંક નામનો મહાતપસ્વી યોગી થઈશ. હે બ્રહ્મન્! ત્યાં પણ મારા ચાર યોગસાધક પુત્ર હશે. એમનાં નામ કહું છું; તે સાંભળો - સનક, સનાતન, પ્રભાવશાળી સનંદન અને સર્વવ્યાપક નિર્મલ તથા અહંકારરહિત સનત્કુમાર. એ સમયે પણ કંક નામધારી હું સવિતા નામના વ્યાસનો સહાયક બનીશ અને નિવૃત્તિમાર્ગને આગળ વધારીશ. ફરીથી જ્યારે છઠ્ઠો દ્વાપર પ્રવૃત્ત થવા પર જ્યારે મૃત્યુ લોકકારક વ્યાસ હશે અને વેદોનું વિભાજન કરશે, એ સમયે પણ હું વ્યાસની સહાયતા કરવા માટે લોકાક્ષિ નામે પ્રગટ થઈશ અને નિવૃત્તિ-પથની ઉન્નતિ કરીશ. ત્યાં પણ મારા ચાર દૃઢવ્રતી શિષ્ય હશે. એમનાં નામ હશે : સુધામા, વિરજા, સંજય અને વિજય. હે વિધે! સાતમા દ્વાપરના આરંભે જ્યારે શતક્રતુ નામના વ્યાસ હશે, એ સમયે પણ હું યોગમાર્ગમાં પરમ નિપુણ જૈગીષાય નામે પ્રગટ થઈશ અને કાશીપુરીમાં ગુફાની અંદર દિવ્યદેશમાં કુશાસન પર બેસીને યોગને સુદૃઢ બનાવીશ. તથા શતક્રતુ નામના વ્યાસની મદદ અને સંસારભયથી ભક્તોનો ઉદ્ધાર કરીશ. એ યુગમાં પણ મારા સારસ્વત, યોગીશ, મેઘવાહ અને સુવાહન નામના ચાર પુત્રો હશે. આઠમા દ્વાપરના આગમન પર મુનિવર વસિષ્ઠ વેદોનું વિભાજન કરનારા વેદવ્યાસ હશે. હે યોગવિત્તમ! એ યુગમાં પણ હું દધિવાહન નામે અવતાર લઈશ અને વ્યાસની સહાયતા કરીશ. એ સમયે કપિલ, આસુરિ, પંચશિખ અને શાલ્વલ નામના મારા ચાર યોગી પુત્ર ઉત્પન્ન થશે, જે મારા સમાન જ હશે. હે બ્રહ્મન્! નવમી ચતુર્યુગીના દ્વાપર યુગમાં મુનિશ્રેષ્ઠ સારસ્વત વ્યાસ નામે પ્રસિદ્ધ હશે. એ વ્યાસના નિવૃત્તિ માર્ગની વૃદ્ધિ માટે ધ્યાન કરવાથી હું ઋષભ નામે અવતાર લઈશ. એ સમયે પરાશર, ગર્ગ, ભાર્ગવ અને ગિરીશ નામના ચાર મહાયોગી મારા શિષ્ય હશે. હે પ્રજાપતે! એમના સહયોગથી હું યોગમાર્ગને સુદૃઢ બનાવીશ. હે સન્મુને! આ રીતે હું વ્યાસનો સહાયક બનીશ. હે બ્રહ્મન્! એ જ રૂપે હું ઘણાબધા દુઃખી ભક્તો પર દયા કરીને એમને ભવસાગરથી પાર કરીને એમનો ઉદ્ધાર કરીશ. મારો એ ઋષભ નામનો અવતાર યોગમાર્ગનો પ્રવર્તક, સારસ્વત વ્યાસના મનને સંતોષ દેનારો અને વિવિધ પ્રકારે રક્ષા કરનારો હશે. એ અવતારમાં હું ભદ્રાયુ નામના રાજકુમારને જે વિષદોષથી મરી જવાને કારણે પિતા દ્વારા પરિત્યક્ત થઈ જશે. તેને જીવન પ્રદાન કરીશ. ત્યાર પછી એ રાજપુત્રના આયુના સોળમા વર્ષમાં ઋષભ ઋષિ, જે મારા જ અંશ છે, એમને ઘેર પધારશે. હે પ્રજાપતે! એ રાજકુમાર દ્વારા પૂજિત થઈને તે સદ્રૂપધારી કૃપાળુ મુનિ એને રાજધર્મનો ઉપદેશ કરશે, તત્પશ્ચાત્ એ દીનવત્સલ મુનિ હર્ષિત ચિત્તે એને દિવ્ય કવચ, શંખ અને સંપૂર્ણ શત્રુઓનો વિનાશ કરનાર એક ચમકતું ખડ્ગ આપશે. પછી કૃપાપૂર્વક એના શરીર પર ભસ્મ લગાવીને એને બાર હજાર હાથીઓનું બળ પણ આપશે. આમ માતાસહિત ભદ્રાયુને સારીપેઠે

આશ્વાસન આપીને તથા એ બંને દ્વારા પૂજિત થઈને પ્રભાવશાળી ઋષભ મુનિ સ્વેચ્છા અનુસાર ચાલ્યા જશે. હે બ્રહ્મન્! ત્યારે રાજર્ષિ ભદ્રાયુ પણ રિપુગણોને જીતીને અને કીર્તિ માલિનીની સાથે વિવાહ કરીને ધર્મપૂર્વક રાજ્ય કરશે. હે મુને! મુજ શંકરનો તે ઋષભ નામનો નવમો અવતાર એવો પ્રભાવશાળી હશે, તે સત્પુરુષોની ગતિ તથા દીનોને માટે બન્ધુ-જેવો હિતકારી હશે. મેં એનું વર્ણન તમને સંભળાવી દીધું. આ ઋષભ-ચરિત્ર પરમ પાવન, મહાન તથા સ્વર્ગ, યશ અને આયુ આપનારું છે; તેથી એને પ્રયત્નપૂર્વક સાંભળવું જોઈએ. (અધ્યાય-૪)

*

## શિવજી દ્વારા દશમાથી લઈને અઠ્ઠાવીશમા યોગેશ્વર-અવતારોનું વર્ણન

**શિવજી કહે છે**—હે બ્રહ્મન્! દશમા દ્વાપરમાં ત્રિધામા નામના મુનિ વ્યાસ થશે. તે હિમાલયના રમણીય શિખર પર્વતોત્તમ ભૃગુતુંગ પર નિવાસ કરશે. ત્યાં પણ મારા શ્રુતિવિદિત ચાર પુત્રો હશે. એમનાં નામ હશે : ભૃંગ, બલબન્ધુ, નરામિત્ર અને તપોધન કેતુશૃંગ. અગિયારમા દ્વાપરમાં જ્યારે ત્રિવૃત્ત નામના વ્યાસ થશે, ત્યારે હું કળિયુગમાં ગંગાદ્વારમાં તપ નામે પ્રગટ થઈશ. ત્યાં પણ મારા લંબોદર, લંબાક્ષ, કેશલંબ અને પ્રલંબક નામના ચાર દૃઢવ્રતી પુત્ર હશે. બારમી ચતુર્યુગીના દ્વાપર યુગમાં શતતેજા નામના વેદવ્યાસ થશે. એ સમયે હું દ્વાપરની સમાપ્તિ થવા લાગશે ત્યારે કળિયુગમાં હેમકંચુકમાં જઈને અત્રિ નામથી અવતાર લઈશ અને વ્યાસની સહાયતાને માટે નિવૃત્તિ માર્ગને પ્રતિષ્ઠિત કરીશ. હે મહામુને! ત્યાં પણ મારા સર્વજ્ઞ, સમબુદ્ધિ, સાધ્ય અને શર્વ નામના ચાર ઉત્તમ યોગી પુત્ર હશે. તેરમા દ્વાપરયુગમાં જ્યારે ધર્મસ્વરૂપ નારાયણ વ્યાસ થશે, ત્યારે હું પર્વતશ્રેષ્ઠ ગંધમાદન પર વાલખિલ્યાશ્રમમાં મહામુનિ બલિ નામે ઉત્પન્ન થઈશ. ત્યાં પણ મારા સુધામા, કાશ્યપ, વસિષ્ઠ અને વિરજા નામના ચાર સુંદર પુત્ર હશે. ચૌદમી ચતુર્યુગીમાં દ્વાપર યુગમાં જ્યારે રક્ષ નામના વ્યાસ હશે, એ સમયે હું અંગિરાના વંશમાં ગૌતમ નામે ઉત્પન્ન થઈશ. એ કળિયુગમાં પણ અત્રિ, વશદ, શ્રવણ અને શ્રવિષ્કટ મારા પુત્ર હશે. પંદરમા દ્વાપરમાં જ્યારે ત્ર્યારુણિ વ્યાસ હશે, એ સમયે હું હિમાલયના પૃષ્ઠ ભાગમાં સ્થિત વેદશીર્ષ નામના પર્વત પર સરસ્વતીના ઉત્તરતટનો આશ્રય લઈને વેદશિરા નામે અવતાર ધારણ કરીશ. એ સમયે મહાપરાક્રમી વેદશિર જ મારું અસ્ત્ર હશે. ત્યાં પણ મારા ચાર દૃઢ પરાક્રમી પુત્ર હશે. એમનાં નામ હશે : કુણિ, કુણિબાહુ, કુશરીર અને કુનેત્રક.

સોળમા દ્વાપરયુગમાં જ્યારે વ્યાસનું નામ દેવ હશે, ત્યારે હું યોગ પ્રદાન કરવાને માટે પરમ પુણ્યમય ગોકર્ણવનમાં ગોકર્ણ નામે પ્રગટ થઈશ. ત્યાં પણ મારા કાશ્યપ, ઉશના, ચ્યવન અને બૃહસ્પતિ નામના ચાર પુત્ર થશે. તે જલ સમાન નિર્મલ અને યોગી થશે તથા એ જ માર્ગના આશ્રયથી શિવલોકને પ્રાપ્ત થઈ જશે. સત્તરમી ચતુર્યુગીના દ્વાપરમાં દેવકૃતંજય વ્યાસ થશે, એ સમયે હું હિમાલયના અત્યંત ઊંચા

અને રમણીય શિખર મહાલય પર્વત પર ગુહાવાસી નામથી અવતાર ધારણ કરીશ, કેમકે, હિમાલય શિવક્ષેત્ર કહેવાય છે. ત્યાં ઉતથ્ય, વામદેવ, મહાયોગ અને મહાબલ નામના મારા પુત્ર પણ હશે. અઢારમી ચતુર્યુગીના દ્વાપરયુગમાં જ્યારે ઋતંજય વ્યાસ થશે, ત્યારે હું હિમાલયના એ સુંદર શિખર પર, જેનું નામ શિખંડી પર્વત છે અને જ્યાં મહાન પુણ્યમય સિદ્ધક્ષેત્ર તથા સિદ્ધો દ્વારા સેવિત શિખંડીવન પણ છે. શિખંડી નામે ઉત્પન્ન થઈશ. ત્યાં પણ વાચઃ શ્રવા, રુચીક, શ્યાવાસ્ય અને યતીશ્વર નામના મારા ચાર તપસ્વી પુત્ર થશે. ઓગણીસમા દ્વાપરમાં મહામુનિ ભરદ્વાજ વ્યાસ હશે. એ સમયે પણ હું હિમાલયના શિખર પર માલી નામે ઉત્પન્ન થઈશ અને મારા માથા પર લાંબી લાંબી જટાઓ હશે. ત્યાં પણ મારા સાગર-શા ગંભીર સ્વભાવવાળા હિરણ્યનામા, કૌસલ્ય, લોકાક્ષિ અને પ્રધિમિ નામના પુત્ર થશે. વીશમી ચતુર્યુગીના દ્વાપરમાં થનારા વ્યાસ ગૌતમ હશે. ત્યારે હું પણ હિમવાનના પૃષ્ઠ ભાગમાં સ્થિત પર્વત શ્રેષ્ઠ અટ્ટહાસપર, જે સદા દેવતા, મનુષ્ય, યક્ષેન્દ્ર, સિદ્ધ અને ચારણો દ્વારા અધિષ્ઠિત રહે છે, અટ્ટહાસ નામે અવતાર ધારણ કરીશ. એ યુગના મનુષ્ય અટ્ટહાસના પ્રેમી હશે. એ સમયે પણ મારા ઉત્તમ યોગસંપન્ન ચાર પુત્ર હશે. એમનાં નામ હશે. સુમન્ત, વર્વરિ, વિદ્વાન, કબંધ અને કુશિકંધર એકવીશમા દ્વાપરયુગમાં જ્યારે વાચઃશ્રવા નામના વ્યાસ થશે, ત્યારે હું દારુક નામે પ્રગટ થઈશ. એટલા માટે એ શુભ સ્થાનનું નામ દારુવન પડી જશે. ત્યાં પણ મારા પ્લક્ષ, દાર્ભાયણિ, કેતુમાન અને ગૌતમ નામના ચાર પરમ યોગી પુત્ર ઉત્પન્ન થશે. બાવીશમી ચતુર્યુગીના દ્વાપરમાં શુષ્માયણ નામના વ્યાસ થશે, ત્યારે હું વારાણસીપુરીમાં લાંગલી ભીમ નામે મહામુનિના રૂપે અવતરિત થઈશ. એ કળિયુગમાં ઈન્દ્ર સહિત સમસ્ત દેવતા મુજ હલાયુધધારી શિવનાં દર્શન કરશે. એ અવતારમાં પણ મારા ભલ્લવી, મધુ, પિંગ અને શ્વેતકેતુ નામના ચાર પરમ ધાર્મિક પુત્ર થશે. ત્રેવીશમી ચતુર્યુગીમાં જ્યારે તૃણબિન્દુ નામના મુનિ વ્યાસ થશે, ત્યારે હું સુંદર કાલિંજરગિરિ પર શ્વેત નામે પ્રગટ થઈશ. ત્યાં પણ મારા ઉશિક, બૃહદશ્વ, દેવલ અને કવિ નામથી પ્રસિદ્ધ ચાર તપસ્વી પુત્ર થશે. ચોવીશમી ચતુર્યુગીમાં જ્યારે ઐશ્વર્યશાળી યક્ષ વ્યાસ થશે ત્યારે એ યુગમાં હું નૈમિષક્ષેત્રમાં શૂલી નામનો મહાયોગી થઈને ઉત્પન્ન થઈશ. એ યુગમાં પણ મારા ચાર તપસ્વી શિષ્ય હશે. એમનાં નામ હશે : શાલિહોત્ર, અગ્નિવેશ, યુવનાશ્વ અને શરદ્વસુ. પચ્ચીશમા દ્વાપરમાં જ્યારે વ્યાસ શક્તિ નામે પ્રસિદ્ધ હશે, ત્યારે હું પણ પ્રભાવશાળી અને દંડધારી મહાયોગીરૂપે પ્રગટ થઈશ. મારું નામ મુંડીશ્વર હશે. એ અવતારમાં પણ છગલ, કુંડકર્ણ, કુંભાંડ અને પ્રવાહક મારા તપસ્વી શિષ્ય હશે. છવ્વીશમા દ્વાપરમાં જ્યારે વ્યાસનું નામ પરાશર હશે, ત્યારે હું ભદ્રવર નામના નગરમાં સહિષ્ણુ નામે અવતાર લઈશ. એ સમયે પણ ઉલૂક, વિદ્યુત્, શમ્બૂક અને આશ્વલાયન નામવાળા ચાર તપસ્વી શિષ્ય થશે. સત્યાવીશમા દ્વાપરમાં જ્યારે જાતૂકર્ણ્ય વ્યાસ હશે, ત્યારે હું પણ પ્રભાસતીર્થમાં સોમશર્મા નામથી પ્રગટ થઈશ. ત્યાં પણ અક્ષપાદ, કુમાર, ઉલૂક અને વત્સ નામથી પ્રસિદ્ધ મારા ચાર તપસ્વી શિષ્ય હશે. અઠ્ઠાવીશમા દ્વાપરમાં જ્યારે ભગવાન શ્રીહરિ

પરાશરના પુત્રરૂપે દ્વૈપાયન નામના વ્યાસ હશે, ત્યારે પુરુષોત્તમ શ્રીકૃષ્ણ પોતાના છઠ્ઠા અંશથી વસુદેવના શ્રેષ્ઠ પુત્રરૂપે ઉત્પન્ન થઈને વાસુદેવ કહેવાશે. એ જ સમયે યોગાત્મા હું પણ લોકોને આશ્ચર્યમાં નાખવા માટે યોગમાયાના પ્રભાવથી બ્રહ્મચારીનું શરીર ધારણ કરીને પ્રગટ થઈશ. પછી સ્મશાન ભૂમિમાં મૃતકરૂપે પડેલા અવિચ્છિન્ન શરીરને જોઈને હું બ્રાહ્મણોના હિત-સાધન માટે યોગમાયાના આશ્રયથી એમાં ઘૂસી જઈશ અને પછી તમારી તથા વિષ્ણુની સાથે મેરુગિરિની પુણ્યમયી દિવ્ય ગુહામાં પ્રવેશ કરીશ. હે બ્રહ્મન્! ત્યાં મારું નામ લકુલી હશે. આ રીતે મારો આ કાયાવતાર ઉત્કૃષ્ટ સિદ્ધક્ષેત્ર કહેવાશે અને જ્યાં સુધી પૃથ્વી કાયમ રહેશે ત્યાં સુધી લોકમાં પરમ વિખ્યાત રહેશે. એ અવતારમાં પણ મારા ચાર તપસ્વી શિષ્યો હશે. એમનાં નામ કુશિક, ગર્ગ, મિત્ર અને પૌરુષ્ય હશે. એ વેદોના પારગામી ઊર્ધ્વરેતા બ્રાહ્મણ યોગી થશે અને માહેશ્વર યોગને પ્રાપ્ત કરીને શિવલોકને પામશે.

હે ઉત્તમવ્રતનું પાલન કરનાર મુનિઓ! આ રીતે પરમાત્મા શિવે વૈવસ્વત મન્વંતરની બધી ચતુર્યુગીઓના યોગેશ્વરાવતારોનું સમ્યક્ રૂપે વર્ણન કર્યું હતું. હે વિભો! અઠ્યાવીશ વ્યાસ ક્રમશઃ એક એક કરીને પ્રત્યેક દ્વાપરમાં થશે અને યોગેશ્વરાવતાર પ્રત્યેક કળિયુગના પ્રારંભમાં થશે. પ્રત્યેક યોગાવતારની સાથે એના ચાર અવિનાશી શિષ્યો પણ હશે, જે મહાન શિવભક્ત અને યોગમાર્ગની વૃદ્ધિ કરનારા હશે. એ પશુપતિના શિષ્યોના શરીરો પર ભસ્મ લગાવેલી હશે, લલાટ ત્રિપુંડ્રથી સુશોભિત રહેશે અને રુદ્રાક્ષની માળા જ એમનું આભૂષણ હશે. એ બધા શિષ્ય ધર્મપરાયણ, વેદ-વેદાંગના પારગામી વિદ્વાન અને અંદર-બહારથી લિંગાર્ચનમાં તત્પર રહેનારા હશે. એ શિવજીમાં ભક્તિ રાખીને યોગપૂર્વક ધ્યાનમાં નિષ્ઠા રાખનારા અને જિતેન્દ્રિય હશે. વિદ્વાનોએ એમની સંખ્યા એક સો બાર બતાવી છે. આ રીતે મેં અઠ્યાવીસ યુગોના ક્રમથી મનુથી લઈને કૃષ્ણાવતાર પર્યંત બધા જ અવતારોનાં લક્ષણોનું વર્ણન કરી દીધું છે. જ્યારે શ્રુતિસમૂહોનો વેદાન્ત રૂપે પ્રયોગ થશે, ત્યારે એ કલ્પમાં કૃષ્ણદ્વૈપાયન વ્યાસ થશે. આ મહેશ્વરે બ્રહ્માજી પર અનુગ્રહ કરીને યોગેશ્વરાવતારોનું વર્ણન કર્યું અને પછી એ દેવેશ્વરે એમની તરફ દૃષ્ટિપાત કરીને ત્યાં જ અંતર્ધાન થઈ ગયા.

(અધ્યાય-૫)

*

## નન્દીશ્વરાવતારનું વર્ણન

અહીં સુધી બેતાલીસ અવતારોનું વર્ણન કરવામાં આવ્યું છે. હવે નન્દીશ્વરાવતારનું વર્ણન થાય છે.

**સનત્કુમારજીએ પૂછ્યું**—હે પ્રભો! આપ મહાદેવના અંશથી ઉત્પન્ન થઈને પછી શિવજીને કેવી રીતે પ્રાપ્ત થયા? એ આખું વૃત્તાંત હું સાંભળવા ચાહું છું, એનું વર્ણન કરવાની કૃપા કરો.

**નન્દીશ્વર બોલ્યા**—હે સર્વજ્ઞ સનત્કુમારજી! મેં જે રીતે મહાદેવના અંશથી જન્મ થઈને શિવને પ્રાપ્ત થયો, એ પ્રસંગનું વર્ણન કરું છું; તમે સાવધાનીપૂર્વક શ્રવણ કરો. શિલાદ નામના

એક ધર્માત્મા મુનિ હતા. પિતરોના આદેશથી એમણે અયોનિજ સુવ્રત મૃત્યુહીન પુત્રની પ્રાપ્તિ માટે તપ કરીને દેવેશ્વર ઇન્દ્રને પ્રસન્ન કર્યાં, પરંતુ દેવરાજ ઇન્દ્રે આવો પુત્ર પ્રદાન કરવામાં પોતાને અસમર્થ બતાવીને સર્વેશ્વર મહાશક્તિસંપન્ન મહાદેવની આરાધના કરવાનો ઉપદેશ આપ્યો. ત્યારે શિલાદ ભગવાન મહાદેવને પ્રસન્ન કરવા માટે તપ કરવા લાગ્યા. એમના તપથી પ્રસન્ન થઈને મહાદેવ ત્યાં પધાર્યા અને મહાસમાધિમગ્ન શિલાદને થાબડીને જગાડ્યા. ત્યારે શિલાદે શિવનું સ્તવન કર્યું અને ભગવાન શિવનું એમને વરદાન આપવા પ્રસ્તુત થવા પર એણે કહ્યું - 'હે પ્રભો! આપના જેવો જ મૃત્યુહીન અયોનિજ પુત્ર ચાહું છું.' ત્યારે શિવજી પ્રસન્ન થઈને મુનિને કહેવા લાગ્યા.

**શિવજીએ કહ્યું**—હે તપોધન વિપ્ર! પૂર્વકાળમાં બ્રહ્માજી, મુનિઓ તથા મોટા મોટા દેવતાઓએ મારા અવતાર ધારણ કરવા માટે તપસ્યા દ્વારા મારી આરાધના કરી હતી. એટલા માટે હે મુને! યદ્યપિ હું આખા જગતનો પિતા છું તો પણ તમે મારા પિતા બનશો અને હું તમારો અયોનિજ પુત્ર થઈશ અને મારું નામ નંદી હશે.

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! આમ કહીને કૃપાળુ શંકરે પોતાના ચરણોમાં પ્રણિપાત કરીને ઊભેલા શિલાદ મુનિ તરફ કૃપાદૃષ્ટિથી જોયું અને એમને એવો આદેશ આપીને તે તરત જ ઉમાસહિત ત્યાં જ અંતર્ધાન થઈ ગયા. મહાદેવજીની ચાલ્યા ગયા પછી મહામુનિ શિલાદે પોતાના આશ્રમમાં આવીને એ આખો વૃત્તાંત કહી સંભળાવ્યો. થોડો સમય વીતી ગયા પછી જ્યારે યજ્ઞવેત્તાઓમાં શ્રેષ્ઠ મારા પિતાજી યજ્ઞ કરવા માટે યજ્ઞક્ષેત્રને ખેડી-તૈયાર કરી રહ્યા હતા. એ જ સમયે હું શંભુની આજ્ઞાથી યજ્ઞ પૂર્વે જ એમના શરીરથી ઉત્પન્ન થઈ ગયો. એ સમયે મારા શરીરની પ્રભા યુગાન્તકાલીન અગ્નિ જેવી હતી. ત્યારે બધી જ દિશાઓમાં પ્રસન્નતા છવાઈ ગઈ અને શિલાદ મુનિની પણ ખૂબ પ્રશંસા થઈ. આ બાજુ શિલાદે પણ જ્યારે મુજ બાળકને પ્રલયકાલીન સૂર્ય અને અગ્નિની જેમ પ્રભાશાળી, ત્રિનેત્ર, ચતુર્ભુજ, પ્રકાશમાન, જટામુકુટધારી, ત્રિશૂળ વગેરે આયુધોથી યુક્ત, સર્વથા રુદ્રરૂપે જોયા, ત્યારે તે મહાન આનંદમાં નિમગ્ન થઈ ગયા અને મુજ-પ્રણમ્યને નમસ્કાર કરતાં કરતાં કહેવા લાગ્યા.

**શિલાદ બોલ્યા**—હે સુરેશ્વર! કેમકે તમે નન્દી નામે પ્રગટ થઈને મને આનંદિત કર્યો છે, એટલા માટે હું તમને આનંદમય જગદીશ્વરને નમસ્કાર કરું છું.

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! તદનંતર જેવી રીતે નિર્ધનને ખજાનો પ્રાપ્ત થઈ જવાથી પ્રસન્નતા થાય છે, એવી જ રીતે મારી પ્રાપ્તિથી હર્ષિત થઈને પિતાજીએ મહેશ્વરની સારીપેઠે વંદના કરી અને પછી મને લઈને તે શીઘ્ર જ પોતાની પર્ણશાળા તરફ ચાલ્યા ગયા. હે મહામુને! જ્યારે હું શિલાદની ઝૂંપડીમાં પહોંચી ગયો ત્યારે મેં પોતાના એ રૂપનો પરિત્યાગ કરીને મનુષ્યરૂપ ધારણ કરી લીધું. ત્યાર પછી શાલંકાયન-નંદન પુત્રવત્સલ શિલાદે મારા જાતકર્મ વગરે બધા સંસ્કાર સંપન્ન કર્યા. પછી પાંચમા વર્ષે પિતાજીએ મને સાંગોપાંગ વેદોનું તથા અન્યાન્ય શાસ્ત્રોનું પણ અધ્યયન કરાવ્યું. સાતમું વર્ષ પૂરું થયા પછી શિવજીની આજ્ઞાથી મિત્ર અને વરુણ નામના મુનિ મને જોવાને માટે પિતાજીના આશ્રમે પધાર્યા. શિલાદ મુનિએ એમની પૂરી આગતાસ્વાગતા કરી. જ્યારે એ

બંને મહાત્મા મુનીશ્વર આનંદપૂર્વક આસન પર બેસી ગયા, ત્યારે મારી બાજુ વારંવાર જોઈને બોલ્યા.

**મિત્ર અને વરુણે કહ્યું**—'હે તાત શિલાદ! યદ્યપિ તમારો પુત્ર નંદી સંપૂર્ણ શાસ્ત્રોના અર્થોનો પારગામી વિદ્વાન છે, તથાપિ એનું આયુષ્ય બહુ જ થોડું છે. અમે બધી રીતે વિચાર કરીને જોયું, પરંતુ આનું આયુષ્ય એક વર્ષથી વધારે દેખાતું નથી.' એ વિપ્રવરોના આમ કહેવાથી પુત્રવત્સલ શિલાદ નંદીને છાતીએ વળગાળીને દુઃખાર્ત થઈને ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યા. ત્યારે પિતા અને પિતામહને મૃતકની જેમ પડેલા જોઈને નંદી શિવજીનાં ચરણકમળોનું સ્મરણ કરીને પ્રસન્નતાપૂર્વક પૂછવા માંડ્યો—'હે પિતાજી! આપને એવું કયું દુઃખ આવી પડ્યું છે, જેને કારણે આપનું શરીર કંપી રહ્યું છે અને આપ રડી રહ્યા છો? આપને એ દુઃખ ક્યાંથી પ્રાપ્ત થયું છે, તે હું સારીપેઠે જાણવા ચાહું છું.'

**પિતાએ કહ્યું**—હે બેટા, તારા અલ્પાયુને કારણે હું અત્યંત દુઃખી થઈ રહ્યો છું. (તું જ કહે) મારા આ કષ્ટને કોણ દૂર કરી શકે છે? હું એને શરણે જાઉં.

**પુત્ર બોલ્યો**—હે પિતાજી! હું આપની સામે શપથ લઉં છું અને આ બિલકુલ સત્ય વાત કહી રહ્યો છું કે ચાહે તો દેવતા, દાનવ, યમ, કાલ તથા અન્યાન્ય પ્રાણી-એ બધાં મળીને પણ મને મારવા ચાહે તો પણ બાલ્યકાલમાં મારું મૃત્યુ નહીં થાય. તેથી આપ દુઃખી ન થશો.

**પિતાજીએ પૂછ્યું**—હે મારા પ્યારા લાલ! તેં એવું કયું તપ કર્યું છે અથવા તને એવું કયું જ્ઞાન, યોગ કે ઐશ્વર્ય પ્રાપ્ત છે, જેના બળ વડે તું આ દારુણ દુઃખને નષ્ટ કરી દઈશ.

**પુત્રે કહ્યું**—હે તાત! હું ન તો તપથી મૃત્યુને હટાવીશ અને તો વિદ્યાથી મૃત્યુને હટાવીશ. હું તો મહાદેવજીના ભજનથી મૃત્યુને જીતી લઈશ, એના સિવાય અન્ય કોઈ ઉપાય નથી.

**નન્દીશ્વરજી કહે છે**—હે મુને! આમ કરીને મેં મસ્તક નમાવીને પિતાજીનાં ચરણોમાં પ્રણામ કર્યા અને પછી એમની પ્રદક્ષિણ કરીને ઉત્તમ વનની રાહ પકડી.

(અધ્યાય-૬)

*

## નંદીશ્વરનો જન્મ, વરદાન પ્રાપ્તિ, અભિષેક અને વિવાહનું વર્ણન

**નંદીકેશ્વર કહે છે**—હે મુને! વનમાં જઈને મેં એકાંત સ્થાનમાં આસન લગાવ્યું અને ઉત્તમ બુદ્ધિનો આશ્રય લઈને હું ઉગ્ર તપમાં પ્રવૃત્ત થયો, જે મોટા મોટા મુનિઓ માટે પણ દુષ્કર હતું. એ સમયે મેં નદીના પાવન તટ પર સુદૃઢરૂપે ધ્યાન લગાવીને આસન જમાવ્યું અને એકાગ્ર તથા સમાહિત મનથી પોતાના હૃદયકમળના મધ્યભાગમાં ત્રણ નેત્ર, દશ ભુજા તથા પાંચ મુખવાળા શાંતિસ્વરૂપ દેવાધિદેવ સદાશિવનું ધ્યાન કરીને રુદ્રમંત્રનો જપ કરવા લાગ્યો. ત્યારે એ જપમાં મને તલ્લીન જોઈને ચંદ્રાર્ધભૂષણ પરમેશ્વર મહાદેવ પ્રસન્ન થઈ થઈ ગયા અને ઉમાસહિત ત્યાં પધારીને પ્રેમપૂર્વક બોલ્યા -

**શિવજીએ કહ્યું**—'હે શિલાદનંદન! તમે બહુ મોટું ઉત્તમ તપ કર્યું છે. તમારી આ

તપસ્યાથી સંતુષ્ટ થઈને હું તમને વરદાન આપવાને માટે આવ્યો છું. તમારા મનમાં જે મનોવાંછિત હોય, તે માગી લો.' મહાદેવજીના આમ કહેવાથી મેં દંડવત્ પ્રણામ કર્યા, પ્રભુનાં ચરણોમાં આળોટી પડ્યો પછી ઘડપણ અને શોકનો વિનાશ કરનારા પરમેશાનની સ્તુતિ કરવા લાગ્યો. ત્યારે પરમ કષ્ટહારી વૃષભધ્વજ પરમેશ્વર શંભુએ મુજ પરમ ભક્તિસંપન્ન નંદીને જેનાં નેત્રો આંસુથી છલકાઈ ગયાં હતાં અને જે ચરણોમાં આળોટી પડ્યો હતો, તેને બંને હાથે પકડીને ઉઠાવી લીધો અને શરીર પર હાથ પસવારવા માંડ્યા. પછી એ જગદીશ્વર ગણાધ્યક્ષો તથા હિમાચલકુમારી પાર્વતીદેવી તરફ દૃષ્ટિપાત કરીને મને કૃપાદૃષ્ટિથી જોઈને આમ કહેવા લાગ્યા—'હે વત્સ નંદી! એ બંને વિપ્રોને મેં જ મોકલ્યા હતા. હે મહાપ્રાજ્ઞ! તને વળી મૃત્યુનો ભય કેવો? તું તો મુજ સમાન જ છે. એમાં લેશમાત્ર સંશય નથી. તું અમર, અજર, દુઃખરહિત, અવ્યય અને અક્ષર થઈને સદા ગણનાયક બની રહીશ તથા પિતા અને સુહૃદ્વર્ગ મારા પ્રિયજન થશો. તારામાં મારા જેટલું જ બળ હશે. તું નિત્ય મારી બાજુમાં જ સ્થિત રહીશ. તારા પર નિરંતર મારી પ્રીતિ બની રહેશે, મારી કૃપાથી જન્મ, જરા અને મૃત્યુ તારા પર પોતાનો પ્રભાવ પાડી શકશે નહિ.'

નંદીશ્વરજી કહે છે—હે મુને! આમ કહીને કૃપાસાગર શંભુએ કમળોની બનેલી પોતાની શિરોમાળા કાઢીને તરત જ મારા કંઠમાં પહેરાવી દીધી. હે વિપ્રવર! એ શુભ માળા ગળામાં પડતાં જ હું ત્રણ નેત્ર અને દશ ભુજાઓથી સંપન્ન થઈ ગયો તથા બીજા શંકર જેવો જ પ્રતીત થવા લાગ્યો. તદનંતર પરમેશ્વર શિવે મારો હાથ પકડીને પૂછ્યું—'બતાવ, હવે તને કયું વરદાન આપું?' પછી એ વૃષભધ્વજે પોતાની જટામાં સ્થિત હાર-સમાન નિર્મલ જલને હાથમાં લઈને 'તું નદી થઈ જા' એમ કહીને જલ મૂકી દીધું - ત્યારે તે જળ ઉત્તમ રીતે વહેનારી, સ્વચ્છ



જલથી પરિપૂર્ણ, મહાન વેગશાલિની, દિવ્યરૂપા પાંચ સુંદર નદીઓના રૂપે પરિવર્તિત થઈ ગઈ. એમનાં નામ આ મુજબ છે : જટોદકા, ત્રિસ્રોતા, વૃષધ્વનિ, સ્વર્ણોદકા અને જમ્બૂ નદી - હે મુને! આ પંચનદ શિવના પૃષ્ઠ ભાગની જેમ પરમ શુભ છે. મહેશ્વરની પાસે એમનાં નામ લેવાથી તે પરમ પાવન થઈ જાય છે. જે મનુષ્ય પંચનદ પર જઈને સ્નાન અને જપ કરીને પરમેશ્વર શિવનું પૂજન કરે છે, તે શિવસાયુજ્યને પ્રાપ્ત થઈ જાય છે, એમાં સંશય નથી. તત્પશ્ચાત્ શંભુએ ઉમાને કહ્યું—'હે અવ્યયે! હું નંદીનો અભિષેક કરીને એને ગણાધ્યક્ષ બનાવવા ચાહું છું! આ વિષયમાં તમારો શો અભિપ્રાય છે?'

ત્યારે ઉમા બોલ્યાં—હે દેવેશ! આપ નંદીને ગણાધ્યક્ષપદનું પ્રદાન કરી શકો છો;

કેમકે હે પરમેશ્વર! આ શિલાદનંદન મારે માટે પુત્ર-સમાન છે, એટલા માટે હે નાથ! એ મને બહુ જ વ્હાલો છે. તદનંતર ભક્તવત્સલ ભગવાન શંકરે પોતાના અતુલબલશાળી ગણોને બોલાવીને એમને કહ્યું.

**શિવજી બોલ્યા**—હે ગણનાયકો! તમે બધા મારી એક આજ્ઞાનું પાલન કરો. આ મારો પ્રિય પુત્ર નંદીશ્વર બધા જ ગણનાયકોનો અધ્યક્ષ અને ગણોનો નેતા છે; એટલા માટે તમે બધા લોકો મળીને એનો મારા ગણોના અધિપતિ-પદ પર પ્રેમપૂર્વક અભિષેક કરો. આજથી આ નંદીશ્વર તમારા લોકોનો સ્વામી થશે.

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! શંકરજીના આ કથન પર બધા ગણનાયકોએ 'એવમસ્તુ' કહીને એનો સ્વીકાર કર્યો અને તેઓ સામગ્રી એકઠી કરવાના કામમાં પરોવાઈ ગયા. પછી બધા દેવતાઓ અને મુનિઓએ મળીને મારો અભિષેક કર્યો. ત્યારબાદ મરુતોની મનોહારિણી દિવ્ય કન્યા સુયશા સાથે મારો વિવાહ કરાવી દીધો. એ સમયે મને ઘણીબધી દિવ્ય વસ્તુઓ મળી. હે મહામુને! એ પ્રકારે વિવાહ કરીને મેં પોતાની એ પત્ની સાથે શંભુ, શિવા, બ્રહ્મા અને શ્રીહરિનાં ચરણોમાં પ્રણામ કર્યા. ત્યારે ત્રિલોકેશ્વર ભક્તવત્સલ ભગવાન શિવ પત્નીસહિત મને પરમ પ્રેમપૂર્વક કહેવા લાગ્યા.

**ઈશ્વરે કહ્યું**—હે સત્પુત્ર! આ તારી પ્રિયા સુયશા અને તું મારી વાત સાંભળો. તમે મને પરમ પ્રિય છો, એટલે હું સ્નેહપૂર્વક તમને મનોવાંછિત વરદાન આપીશ. હે ગણેશ્વર નન્દીશ! દેવી પાર્વતી સહિત હું સદા તમારાથી સંતુષ્ટ છું, એટલે હે વત્સ! તમે મારું વચન શ્રવણ કરો. તું મારો અતૂટ પ્રેમી, વિશિષ્ટ, પરમ ઐશ્વર્યસંપન્ન, મહાયોગી, મહાન ધનુર્ધારી, અજેય, સર્વને જીતનારો, મહાબલી અને સદા પૂજ્ય થઈશ. જ્યાં હું રહીશ, ત્યાં તારી સ્થિતિ થશે અને જ્યાં તું રહીશ ત્યાં હું ઉપસ્થિત રહીશ. આ જ દશા તમારા પિતા અને પિતામહની પણ હશે. તમારા આ મહાબલી પિતા પરમ ઐશ્વર્યશાળી, મારા ભક્ત અને ગણાધ્યક્ષ થશે. હે વત્સ! આ જ નિયમ તમારા પિતામહ પર લાગુ પડશે. અંતમાં, તમે બધા મારી પાસેથી વરદાન પ્રાપ્ત કરીને મારા સાંનિધ્યને પ્રાપ્ત કરશો.

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! ત્યાર પછી મહાભાગા ઉમાદેવી વરદાન આપવા ઉત્સુક થઈને મુજ-નંદીને કહેવા લાગ્યાં—'હે બેટા! તું મારી પાસેથી પણ વરદાન માગી લે, હું તારી સર્વ મનોવાંછિત કામનાઓને પૂર્ણ કરી દઈશ.' ત્યારે દેવીનાં એ વચન સાંભળીને મેં હાથ જોડીને કહ્યું—'હે દેવી! આપનાં ચરણોમાં મારી સદા ભક્તિ રહો, ભક્તિ બની રહો' એવી યાચના સાંભળીને દેવીએ કહ્યું—'એવમસ્તુ - એવું જ થશે.' પછી શિવા નંદીની પ્રિયતમા સુયશાને કહેવા લાગ્યાં.

**દેવીએ કહ્યું**—હે વત્સે! તું પણ તારું અભીષ્ટ વરદાન ગ્રહણ કરી લે. તારે ત્રણ નેત્ર હશે, તું જન્મ-બંધનથી છૂટી જઈશ એ પુત્ર-પૌત્રોથી સંપન્ન રહીશ તથા તારી મુજમાં અને પોતાના સ્વામીમાં અટલ ભક્તિ બની રહેશે.

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! તદનંતર શિવજીની આજ્ઞાથી પરમ પ્રસન્ન થયેલા બ્રહ્મા, વિષ્ણુ તથા સમસ્ત દેવગણોએ પણ પ્રેમપૂર્વક અમને બંનેને વરદાન આપ્યાં. તત્પશ્ચાત્ પરમેશ્વર શિવ કુટુંબસહિત મને અપનાવીને તથા ઉમાસહિત

વૃષ પર આરૂઢ થઈને સંબંધીઓ તથા બાંધવોની સાથે પોતાના નિવાસસ્થાને ચાલ્યા ગયા. ત્યારે ત્યાં ઉપસ્થિત વિષ્ણુ વગેરે સમસ્ત દેવતા મારી પ્રશંસા તથા શિવ-શિવાની સ્તુતિ કરતાં કરતાં પોત-પોતાને ધામે જતાં રહ્યાં. હે વત્સ! આ રીતે મેં તમને પોતાના અવતારનું વર્ણન કરી દીધું છે. હે મહામુને! આ મનુષ્યોને માટે સદા આનંદદાયક અને શિવભક્તિ-વર્ધક છે. જે શ્રદ્ધાળુ માનવ ભક્તિભાવિત ચિત્તથી મારો-નંદીનો જન્મ, વરદાન-પ્રાપ્તિ અને વિવાહના વૃત્તાંતને સાંભળશે, અથવા બીજાને સંભળાવશે અથવા વાંચશે કે વંચાવશે, એ આ લોકમાં સંપૂર્ણ સુખોને ભોગવીને અંતે પરમગતિને પ્રાપ્ત થશે. (અધ્યાય-૭)

*

## કાલભૈરવનું માહાત્મ્ય, વૈશ્વાનરની તપસ્યા અને શિવજીનું પ્રસન્ન થઈને એમની પત્ની શુચિષ્મતીના ગર્ભથી એમના પુત્રરૂપે પ્રગટ થવું અને એમને વરદાન આપવું

તદનંતર ભગવાન શંકરના ભૈરવ-અવતારનું વર્ણન કરીને નંદીશ્વરે કહ્યું—હે મહામુને! પરમેશ્વર શિવ ઉત્તમોત્તમ લીલાઓ રચનારા તથા સત્પુરુષોના પ્રેમી છે. એમણે માગશર માસની વદ આઠમે ભૈરવરૂપે અવતાર લીધો હતો. એટલા માટે જે મનુષ્ય માગશર માસની વદ આઠમે કાલભૈરવ પાસે ઉપવાસ કરીને રાત્રિમાં જાગરણ કરે છે, તે સમસ્ત પાપથી મુક્ત થઈ જાય છે. જે મનુષ્ય અન્યત્ર પણ ભક્તિપૂર્વક જાગરણસહિત આ વ્રતનું અનુષ્ઠાન કરશે, તે પણ મહાપાપોથી મુક્ત થઈને સદ્ગતિને પ્રાપ્ત થઈ જશે. પ્રાણીઓના લાખો જન્મોમાં કરેલાં જે પાપ છે, તે બધાં જ કાલભૈરવનાં દર્શનથી નિર્મલ થઈ જાય છે. જે મૂર્ખ કાલભૈરવના ભક્તોનું અનિષ્ટ કરે છે, એ આ જન્મમાં દુઃખ ભોગવીને પુનઃ દુર્ગતિને પ્રાપ્ત થાય છે. જે લોકો વિશ્વનાથના તો ભક્ત છે પરંતુ કાલભૈરવની ભક્તિ નથી કરતા, એમને મહાન દુઃખની પ્રાપ્તિ થાય છે. કાશીમાં તો આનો વિશેષ પ્રભાવ પડે છે. જે મનુષ્ય વારાણસીમાં નિવાસ કરીને કાલભૈરવનું ભજન કરતો નથી, એનાં પાપ શુક્લ પક્ષના ચંદ્રમાની જેમ વધતાં જ રહે છે. જો કાશીમાં પ્રત્યેક ભૌમવારની—મંગળવારની - વદ આઠમે કાલરાજાનું ભજન-પૂજન નથી કરતો, એનું પુણ્ય કૃષ્ણપક્ષના ચંદ્રમા સમાન ક્ષીણ થઈ જાય છે.

તદનંતર નંદીશ્વરે વીરભદ્ર તથા શરભાવતારનો વૃત્તાંત સંભળાવીને કહ્યું—હે બ્રહ્મપુત્ર! ભગવાન શિવ જે પ્રકારે પ્રસન્ન થઈને વિશ્વાનર મુનિને ઘેર અવતીર્ણ થયા હતા, શશિમૌલિના એ ચરિતને તમે પ્રેમપૂર્વક શ્રવણ કરો. એ સમયે એ તેજની નિધિ અગ્નિરૂપ સર્વાત્મા પરમ પ્રભુ શિવ અગ્નિલોકના અધિપતિરૂપે ગૃહપતિ નામે અવતીર્ણ થયા હતા. પૂર્વકાળની વાત છે, નર્મદાના રમણીય તટ પર નર્મપુર નામનું એક નગર હતું. એ જ નગરમાં વિશ્વાનર નામે એક મુનિ નિવાસ કરતા હતા. એમનો જન્મ શાંડિલ્ય ગોત્રમાં થયો હતો. તે પરમ પાવન પુણ્યાત્મા, શિવભક્ત, બ્રહ્મતેજનો ખજાનો અને જિતેન્દ્રિય હતા. બ્રહ્મચર્યાશ્રમમાં

એમની ખૂબ નિષ્ઠા હતી. ને સદા બ્રહ્મયજ્ઞમાં તત્પર રહેતા હતા. પછી એમણે શુચિષ્મતી નામની એક સદ્‌ગુણવતી કન્યા સાથે વિવાહ કરી લીધો અને તે બ્રાહ્મણોચિત કર્મ કરતાં કરતાં દેવતા તથા પિતરોને પ્રિય લાગનારું જીવન વ્યતીત કરવા લાગ્યા. આ રીતે જ્યારે ઘણોબધો સમય પસાર થઈ ગયો, ત્યારે એ બ્રાહ્મણની ભાર્યા શુચિષ્મતી, જે ઉત્તમ વ્રતનું પાલન કરનારી હતી, પોતાના પતિને કહેવા લાગી - 'હે પ્રાણનાથ! સ્ત્રીઓને યોગ્ય જેટલા આનંદપ્રદ ભોગ છે, એ સર્વને મેં આપની કૃપાથી આપની સાથે રહીને ભોગવી લીધા છે; પરંતુ હે નાથ! મારા હૃદયમાં એક લાલસા ચિરકાલથી વર્તમાન છે અને એ ગૃહસ્થો માટે ઉચિત પણ છે, એને આપ પૂર્ણ કરવાની કૃપા કરો. હે સ્વામીન્! જો હું વરદાન મેળવવા યોગ્ય હોઉં અને આપ વરદાન આપવા ચાહતા હો તો મને મહેશ્વર-સરખો પુત્ર પ્રદાન કરો. એ સિવાય હું બીજું વરદાન ચાહતી નથી.'

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! પત્ની વાત સાંભળીને પવિત્ર વ્રતપરાયણ બ્રાહ્મણ ક્ષણભર માટે સમાધિસ્થ થઈ ગયા અને હૃદયમાં આમ વિચારવા લાગ્યા—"અહો! મારી આ સૂક્ષ્મ-અંગી પત્નીએ કેવું અત્યંત દુર્લભ વરદાન માગ્યું છે. આ મારા મનોરથ-પથથી બહુ જ દૂર છે. અચ્છા, શિવજી તો સર્વકાંઈ કરવામાં સમર્થ છે. એવું પ્રતીત થાય છે કે, જાણે એ શંભુએ જ એના મુખમાં બેસીને વાણીરૂપે આવી વાત કહી છે, અન્યથા બીજો કોણ એમ કરવામાં સમર્થ હોઈ શકે છે. તદનંતર તે એકપત્નીવ્રતી મુનિ વિશ્વાનર પત્નીને આશ્વાસન આપીને વારાણસીમાં ગયા અને ઘોર તપ દ્વારા ભગવાન શિવના વીરેશ લિંગની આરાધના કરવા લાગ્યા. આ રીતે એમણે એક વર્ષપર્યંત ભક્તિપૂર્વક ઉત્તમ વીરેશ લિંગની ત્રિકાળ અર્ચના કરતાં કરતાં અદ્‌ભુત તપ કર્યું. તેરમો માસ આવ્યા પછી એક દિવસ તે દ્વિજવર પ્રાતઃકાલે ત્રિપથગામિની ગંગાના જળમાં સ્નાન કરીને જેવા જ વીરેશ નિકટ પહોંચ્યા ત્યાં જ તપોધનને એ લિંગની મધ્યમાં એક અષ્ટવર્ષીય વિભૂતિભૂષિત બાળક જણાયો. એ નગ્ન શિશુનાં નેત્ર કાન સુધી ફેલાયેલાં હતાં, હોઠો પર ઘેરી લાલિમા છવાઈ રહી હતી, મસ્તક પર પીળા રંગની સુંદર જટા સુશોભિત હતી અને મુખ પર હાસ્ય રેલાઈ રહ્યું હતું. એ શૈશવ-ઉચિત અલંકાર અને ચિતાભસ્મ ધારણ કરેલ હતા તથા પોતાની લીલાથી હસતાં હસતાં શ્રુતિસૂક્તોનો પાઠ કરી રહ્યા હતા. એ બાળકને જોઈને વિશ્વાનર મુનિ કૃતાર્થ થઈ ગયા અને આનંદને કારણે એમનું શરીર રોમાંચિત થઈ ઊઠ્યું તથા વારંવાર 'નમસ્કાર છે, નમસ્કાર છે' આમ એમના હૃદય-ઉદ્‌ગાર સરી પડ્યા. પછી એ અભિલાષા પૂર્ણ કરનારાં આઠ પદ્યો દ્વારા બાલરૂપધારી પરમાનંદસ્વરૂપ શંભુનું સ્તવન કરતાં કરતાં બોલ્યા.

**વિશ્વાનરે કહ્યું**—હે ભગવન્! આપ જ એકમાત્ર અદ્વિતીય બ્રહ્મ છો, આ આખું જગત આપનું જ સ્વરૂપ છે, અહીં અનેક જેવું કશું જ નથી. એ બિલકુલ સત્ય છે કે એકમાત્ર રુદ્ર સિવાય બીજા કોઈની સત્તા નથી, એટલા માટે હું આપ મહેશને શરણે આવ્યો છું. હે શંભો! તમે જ સર્વના કર્તા-હર્તા છો, તથા જેવી રીતે આત્મધર્મ એક હોવા છતાં પણ અનેક રૂપે ભાસે છે, એ જ પ્રકારે આપ પણ એકરૂપ થઈને વિવિધ પ્રકારે-નાના પ્રકારે-અનેક રૂપે વ્યાપ્ત

છો. છતાં પણ આપ રૂપરહિત છો. એટલા માટે આપ ઈશ્વર સિવાય હું કોઈ બીજાનું શરણ નથી લઈ શકતો. જેવી રીતે દોરીમાં સાપ, છિપોલીમાં ચાંદી અને ઝાંઝવાનાં જળમાં જળપ્રવાહનું ભાન મિથ્યા છે, એ જ રીતે, જેને જાણી લેવાથી આ વિશ્વપ્રપંચ મિથ્યા ભાસિત થાય છે, એ મહેશ્વરને શરણે હું આવ્યો છું. હે શંભો! જલમાં જે શીતલતા, અગ્નિમાં દાહકતા, સૂર્યમાં ગરમી, ચંદ્રમામાં આહ્લાદકારિતા, પુષ્પમાં ગંધ અને દૂધમાં ઘી વર્તમાન છે, એ આપનું જ સ્વરૂપ છે, તેથી હું આપને શરણે આવ્યો છું. આપ કાનરહિત થઈને પણ શબ્દ સાંભળો છો, નાક વિહીન થઈને પણ ગંધ ગ્રહણ કરો છો, પગ ન હોવા છતાં ઘણે દૂર સુધી ચાલ્યા જાઓ છો, નેત્રહીન હોવા છતાં બધું જ જુઓ છો અને જિહ્વારહિત થઈને પણ સમસ્ત રસોના જ્ઞાતા છો. ભલા આપને સમ્યક્ રૂપે કોણ જાણી શકે છે. એટલા માટે હું આપના શરણે આવું છું. હે ઈશ! આપના રહસ્યને ન તો વેદ જ જાણે છે, ન વિષ્ણુ, ન અખિલ વિશ્વના વિધાતા બ્રહ્મા, ન યોગીન્દ્ર અને ન ઈન્દ્ર વગેરે પ્રધાન દેવતાઓને એ રહસ્યની ખબર નથી; પરંતુ આપનો ભક્ત એને જાણી છે. તેથી હું આપનું શરણ ગ્રહણ કરું છું. હે ઈશ! ન તો આપનું કોઈ ગોત્ર છે, ન જન્મ છે, ન નામ છે, ન રૂપ છે, ન શીલ છે અને ન દેશ છે; આવું હોવા છતાં આપ ત્રિલોકીના અધીશ્વર તથા સંપૂર્ણ કામનાઓને પૂર્ણ કરનારા છો. એટલા માટે હું આપનું ભજન કરું છું. હે સ્મરારે! આપ સર્વસ્વરૂપ છો, આ આખો વિશ્વપ્રપંચ આપથી જ પ્રગટ થયો છે. આપ ગૌરીના પ્રાણનાથ, દિગંબર અને પરમ શાંત છો. બાલ, યુવા અને વૃદ્ધરૂપે આપ જ વર્તમાન છો. એવી કઈ વસ્તુ છે, જેમાં આપ વ્યાપ્ત નથી; તેથી હું આપનાં ચરણોમાં નતમસ્તક છું*

**નંદીશ્વર કહે છે**—હે મુને! આમ સ્તુતિ કરીને વિપ્રવર વિશ્વાનર હાથ જોડીને ભૂમિ પર આળોટવા જ ચાહતો હતો, ત્યાં સુધીમાં તો સંપૂર્ણ વૃદ્ધોના પણ વૃદ્ધ બાલરૂપધારી શિવ પરમ હર્ષિત થઈને એ ભૂદેવને કહેવા લાગ્યા.

**બાલરૂપી શિવે કહ્યું**—હે મુનિશ્રેષ્ઠ! હે વિશ્વાનર! તમે આજે મને સંતુષ્ટ કરી દીધો છે. હે ભૂદેવ! મારું મન પરમ પ્રસન્ન થઈ ગયું છે, તેથી હવે તમે ઉત્તમ વરદાન માગી લો. આવું સાંભળીને મુનિશ્રેષ્ઠ વિશ્વાનર કૃતકૃત્ય થઈ ગયા અને એમનું મન હર્ષમગ્ન થઈ ગયું. ત્યારે

---

* વિશ્વાનર ઉવાચ -

એકં બ્રહ્મૈવાદ્વિતીયં સમસ્તં સત્યં સત્યં નેહ નાનાસ્તિ કિંચિત્ । એકો રુદ્રો ન દ્વિતીયોઽવતસ્થે તસ્માદેકં ત્વાં પ્રપદ્યે મહેશમ્ ॥
કર્તા હર્તા ત્વં હિ સર્વસ્ય શંભો નાનારૂપેષ્વેકરૂપોઽપ્યરૂપઃ । યદ્વત્પ્રત્યગ્ધર્મ એકોઽપ્યનેકસ્તસ્માન્નાન્યં ત્વાં વિનેશં પ્રપદ્યે ॥
રજ્જૌ સર્પઃ શુક્તિકાયાં ચ રૌપ્યં નૈરઃ પૂરસ્તન્મૃગાખ્યે મરીચૌ । યદ્વત્તદ્વદ્વિષ્વગેષ પ્રપંચો યસ્મિન્ જ્ઞાતે તં પ્રપદ્યે મહેશમ્ ॥
તોયે શૈત્યં દાહકત્વં ચ વહ્નૌ તાપો ભાનૌ શીતભાનૌ પ્રસાદઃ । પુષ્પે ગન્ધો દુગ્ધમધ્યેઽપિ સર્પિર્યત્તચ્છમ્ભો ત્વં તતસ્ત્વાં પ્રપદ્યે ॥
શબ્દં ગૃહ્ણાસ્યશ્રવાસ્ત્વં હિ જિઘ્રસ્યઘ્રાણસ્ત્વં વ્યંઘ્રિરાયાસિ દૂરાત્ । વ્યક્ષઃ પશ્યેસ્ત્વં રસજ્ઞોઽપ્યજિહ્વઃ કસ્ત્વાં સમ્યગ્વેત્ત્યતસ્ત્વાં પ્રપદ્યે ॥
નો વેદસ્ત્વામીશ સાક્ષાદ્ધિ વેદ નો વા વિષ્ણુર્નો વિધાતાખિલસ્ય । નો યોગીન્દ્રા નેન્દ્રમુખ્યાશ્ચ દેવા ભક્તો વેદ ત્વામતસ્ત્વાં પ્રપદ્યે ॥
નો તે ગોત્રં નેશ જન્માપિ નાખ્યા નો વા રૂપં નૈવ શીલં ન દેશઃ । ઇત્થંભૂતોઽપીશ્વરસ્ત્વં ત્રિલોક્યાઃ સર્વાન્ કામાન્ પૂરયેસ્તદ્ ભજે ત્વામ્ ॥
ત્વત્તઃ સર્વં ત્વં હિ સર્વં સ્મરારે ત્વં ગૌરીશસ્ત્વં ચ નગ્નોઽતિશાંતઃ । ત્વં વૈ વૃદ્ધસ્ત્વં યુવા ત્વં ચ બાલસ્ત્વં યત્ કિં નાસ્યતસ્ત્વાં નતોઽહમ્ ॥

(શિ.પુ. શતરુદ્રસંહિતા ૧૩/૪૨-૪૮)

એ ઊઠીને બાલરૂપધારી શંકરજીને કહેવા લાગ્યા.

**વિશ્વાનરે કહ્યું**—હે પ્રભાવશાળી મહેશ્વર! આપ તો સર્વાન્તર્યામી, ઐશ્વર્યસંપન્ન, શર્વ તથા ભક્તોને બધું જ આપી દેનારા છો. ભલા, આપ સર્વજ્ઞથી શું છાનું છે. તો આપ મને દીનતા પ્રગટ કરનારી યાંચા પ્રતિ આકૃષ્ટ થવા માટે શા માટે કહી રહ્યા છો. હે મહેશાન! આવું જાણીને આપની જેવી ઈચ્છા હોય તેવું કરો.

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! પવિત્ર વ્રતમાં તત્પર વિશ્વાનરનાં એ વચન સાંભળીને પાવન શિશુરૂપ ધારી મહાદેવ હસીને શુચિ (વિશ્વાનર)ને કહેવા લાગ્યા—'હે શુચે! તમે તમારા હૃદયમાં પોતાની પત્ની શુચિષ્મતી પ્રતિ જે અભિલાષા કરી રાખી છે, તે નિસ્સંદેહ થોડા જ દિવસમાં પૂર્ણ થઈ જશે. હે મહામતે! હું શુચિષ્મતીના ગર્ભથી તમારો પુત્ર થઈને પ્રગટ થઈશ. મારું નામ ગૃહપતિ હશે. હું પરમ પાવન તથા સમસ્ત દેવતાઓનો પ્રિય બનીશ. જે મનુષ્ય એક વર્ષ સુધી શિવજીની પાસે તમારા દ્વારા કવિત આ પુણ્યમય અભિલાષા-અષ્ટક સ્તોત્રનો ત્રણે કાળમાં પાઠ કરશે, એની બધી જ અભિલાષાઓ એ પૂર્ણ કરી દેશે. આ સ્તોત્રનો પાઠ પુત્ર, પૌત્ર અને ધનનો પ્રદાના, સર્વથા શાંતિકારક, બધી જ વિપત્તિઓનો વિનાશક, સ્વર્ગ અને મોક્ષરૂપ સંપત્તિનો કર્તા તથા સમસ્ત કામનાઓને પૂર્ણ કરનારો છે. નિસ્સંદેહ આ એકલો જ સમસ્ત સ્તોત્રો સમાન છે.'

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! આટલું કહીને બાલરૂપધારી શંભુ, જે સત્પુરુષોની ગતિ છે, અંતર્ધાન થઈ ગયા. ત્યારે વિપ્રવર વિશ્વાનર પણ પ્રસન્ન મનથી પોતાને ઘેર જતો રહ્યો.

(અધ્યાય ૮ થી ૧૩)

*

## શિવજીનું શુચિષ્મતીના ગર્ભથી પ્રાગટ્ય બ્રહ્મા દ્વારા બાળકના સંસ્કાર કરાવી 'ગૃહપતિ' નામ રાખવું, નારદજી દ્વારા એનું ભવિષ્ય-કથન, પિતાની આજ્ઞાથી ગૃહપિતનું કાશીમાં જઈને તપ કરવું, ઈન્દ્રનું વરદાન આપવા માટે પ્રગટ થવું, ગૃહપતિની એની અસ્વીકૃતિ, ઠોકર મારવી, શિવજીનું પ્રગટ થઈ જવું અને એમને વરદાન આપીને દિક્પાલપદ પ્રદાન કરવું તથા અગ્નિ-ઈશ્વરલિંગ અને અગ્નિનું માહાત્મ્ય

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! ઘેર આવીને એ બ્રાહ્મણે બહુ હર્ષ સાથે પોતાની પત્નીને તે સમગ્ર વૃત્તાંત કહી સંભળાવ્યો. એ સાંભળીને વિપ્રપત્ની શુચિષ્મતીને મહાન આનંદ પ્રાપ્ત થયો. એ અત્યંત પ્રેમપૂર્વક પોતાના ભાગ્યની પ્રશંસા કરવા લાગી. તદનંતર સમય થવા પર બ્રાહ્મણ દ્વારા વિધિપૂર્વક ગર્ભાધાન કર્મ સંપન્ન કરવાથી તે નારી ગર્ભવતી થઈ. પછી એ વિદ્વાન મુનિએ ગર્ભ સ્પંદન કરવા પૂર્વે જ પુંસ્ત્વની બુદ્ધિ માટે ગૃહ્યસૂત્રમાં વર્ણિત વિધિ અનુસાર સમ્યક્ રૂપે પુંસવન સંસ્કાર કર્યો. તત્પશ્ચાત્ આઠમો માસ આવવાથી કૃપાળુ વિશ્વાનરે સુખપૂર્વક

પ્રસવ થાય એ અભિપ્રાયથી ગર્ભના રૂપની સમૃદ્ધિ કરનાર સીમન્ત-સંસ્કાર સંપન્ન કરાવ્યા. તદ્દુપરાંત તારાઓ જ્યારે અનુકૂળ થયા જ્યારે બૃહસ્પતિ કેન્દ્રવર્તી થયા અને શુભ ગ્રહોનો યોગ આવ્યો, ત્યારે શુભ-લગ્નમાં ભગવાન શંકર, જેમના મુખની કાંતિ પૂર્ણિમાના ચંદ્ર સમાન છે તથા જે અરિષ્ટરૂપી દીપકને હોલવનાર છે, સમસ્ત અરિષ્ટોના વિનાશક અને ભૂ:, ભુવ:, સ્વ: ત્રણેય લોકોના નિવાસીઓને સર્વ રીતે સુખ દેનારા છે, એ શુચિષ્મતીના ગર્ભથી પુત્રરૂપે પ્રગટ થયા. એ સમયે ગન્ધને વહન કરનાર વાયુ-વાહન મેઘ દિશારૂપી બધુઓના મુખ પર વસ્ત્ર-શા બની ગયા અર્થાત્ ચારે બાજુ કાળી વટા છવાઈ ગઈ. એ ઘનઘોર વાદળ ઉત્તમ ગંધવાળા પુષ્પસમૂહોની વર્ષા કરવા લાગ્યા. દેવતાઓની દુન્દુભિઓ વાગવા લાગી. ચારેય દિશાઓ નિર્મળ થઈ ગઈ. પ્રાણીઓના મન સાથે સરિતાઓનાં જલ નિર્મલ થઈ ગયાં. પ્રાણીઓની વાણી સર્વથા કલ્યાણી અને પ્રિયભાષિણી થઈ ગઈ. સંપૂર્ણ પ્રસિદ્ધ ઋષિ-મુનિ તથા દેવતા, યક્ષ, કિન્નર, વિદ્યાધર વગેરે મંગલ દ્રવ્ય લઈ લઈને પધાર્યા. સ્વયં બ્રહ્માજીએ નમ્રતાપૂર્વક એના જાતકર્મ સંસ્કાર કર્યા અને એ બાળકનું રૂપ જોઈને તથા વેદનો વિચાર કરીને એ નિશ્ચય કર્યો કે આનું નામ ગૃહપતિ હોવું જોઈએ. પછી અગિયારમે દિવસે એમણે નામકરણની વિધિ અનુસાર વેદમંત્રોનું ઉચ્ચારણ કરીને એનું 'ગૃહપતિ' એવું નામકરણ કર્યું. તત્પશ્ચાત્ બધાના પિતામહ બ્રહ્મા ચારે વેદોમાં કથિત આશીર્વાદાત્મક મંત્રો દ્વારા એનું અભિનંદન કરીને હંસ પર આરૂઢ થઈને પોતાને લોક ચાલ્યા ગયા. તદ્દુપરાંત શંકર પણ લૌકિકી ગતિનો આશ્રય લઈને એ બાળકની ઉચિત રક્ષાનું વિધાન કરીને પોતાના વાહન પર ચઢીને પોતાને ધામે પધારી ગયા. આ જ રીતે શ્રીહરિએ પણ પોતાના લોકની રાહ લીધી. આ રીતે બધા જ દેવતા, ઋષિ-મુનિ વગેરે પણ પ્રશંસા કરતાં કરતાં પોતપોતાને સ્થાનકે પધારી ગયા. તદનંતર બ્રાહ્મણ દેવતાએ યથાસમય બધા સંસ્કાર કરાવતાં બાળકને વેદ-અધ્યયન કરાવ્યું. તત્પશ્ચાત્ નવમું વર્ષ બેઠું ત્યારે માતા-પિતાની સેવામાં તત્પર રહેનાર વિશ્વાનર-નંદન ગૃહપતિને જોવા માટે ત્યાં નારદજી પધાર્યા. બાળકે માત-પિતા સહિત નારદજીને પ્રણામ કર્યા. પછી નારદજીએ બાળકની હસ્તરેખા, જિહ્વા, તાળુ વગેરે જોઈને કહ્યું— 'હે મુનિવર વિશ્વાનર! હું તમારા પુત્રનાં લક્ષણોનું વર્ણન કરું છું, તમે આદરપૂર્વક એનું શ્રવણ કરો. તમારો આ પુત્ર પરમ ભાગ્યવાન છે, એનાં સંપૂર્ણ અંગોનાં લક્ષણ શુભ છે. પરંતુ એના સર્વગુણ સંપન્ન, સંપૂર્ણ શુભ લક્ષણોથી સમન્વિત અને ચંદ્રમા સમાન સંપૂર્ણ નિર્મલ કલાઓથી સુશોભિત હોવા છતાં પણ વિધાતા જ એનું રક્ષણ કરે. એટલા માટે બધી જ રીતના ઉપાયો દ્વારા આ શિશુની રક્ષા કરવી જોઈએ; કેમકે વિધાતા જો વિપરીત હોય તો ગુણ પણ દોષ બની જાય છે. મને શંકા છે કે એના બારમા વર્ષમાં એના પર વીજળી અને અગ્નિ દ્વારા વિઘ્ન આવશે.' આમ કહીને નારદજી જેવા આવ્યા હતા તેવા જ દેવલોક ચાલ્યા ગયા.

હે સનત્કુમારજી! નારદજીનું કથન સાંભળીને પત્નીસહિત વિશ્વાનરે સમજી લીધું કે આ તો બહુ ભયંકર વજ્રપાત થયો. પછી તો તે 'હાય! હું માર્યો ગયો.' એમ કહીને છાતી કૂટવા માંડ્યો અને પુત્રશોકથી વ્યાકુળ થઈને

ઘેરી મૂર્ચ્છાને વશીભૂત થઈ ગયો. પેલી બાજુ શુચિષ્મતી પણ દુઃખથી પીડિત થઈને અત્યંત ઊંચે સ્વરે હાહાકાર કરતી પોક મૂકીને રડવા લાગી, એની બધી ઈન્દ્રિયો અત્યંત વ્યાકુળ થઈ ગઈ. ત્યારે પત્નીના આર્તનાદને સાંભળીને વિશ્વાનર પણ મૂર્ચ્છા ત્યાગીને ઊઠીને બેઠો અને 'હેં! આ શું છે? શું થયું' એમ ઉચ્ચ સ્વરે બોલતાં બોલતાં કહેવા લાગ્યો—'હે ગૃહપતિ! જે મારો બહાર વિચરનારો પ્રાણ, મારી બધી ઈન્દ્રિયોના સ્વામી તથા મારા અંતરાત્મામાં નિવાસ કરનાર છે, તે ક્યાં છે?' ત્યારે માતા-પિતાને આ રીતે અત્યંત શોકગ્રસ્ત જોઈને શંકરના અંશથી ઉત્પન્ન થયેલ એ બાળક ગૃહપતિ મંદસ્મિત કરીને બોલ્યા.

**ગૃહપતિએ કહ્યું**—હે માતાજી તથા પિતાજી! બતાવો તો ખરાં કે આ સમયે આપ લોકોનું રડવાનું કારણ શું છે? શા માટે આપ લોકો પોકે પોકે રડી રહ્યા છો? ક્યાંથી આવો ભય તમને લોકોને પ્રાપ્ત થયો છે? જો આપની ચરણરેણુથી પોતાના શરીરની રક્ષા કરી લઉં તો મુજ પર કાલ પણ પોતાનો પ્રભાવ નાખી નહિ શકે; પછી આ તુચ્છ, ચંચલ અને અલ્પ બળવાળું મૃત્યુની તો વાત જ શી? હે માતા-પિતાજી! હવે તમે લોકો મારી પ્રતિજ્ઞા સાંભળો—'જો હું આપ લોકોનો પુત્ર હોઉં તો એવો પ્રયત્ન કરીશ જેથી મૃત્યુ પણ ભયભીત થઈ જશે. મેં સત્પુરુષોને સર્વસ્વ આપી દેનાર સર્વજ્ઞ મૃત્યુંજયની સારીપેઠે આરાધના કરીને મહાકાલને પણ જીતી લઈશ—આ હું આપ લોકોને બિલકુલ સત્ય કરી રહ્યો છું.'

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! ત્યારે તે દ્વિજદંપતી, જે શોકથી સંતપ્ત હતાં, ગૃહપતિનાં આવાં વચન, જે દુષ્કાળમાં થયેલી અમૃતની ઘનઘોર વૃષ્ટિ સમાન હતાં, તે સાંભળીને સંતાપરહિત થઈને કહેવા લાગ્યાં - 'હે બેટા! તું એ શિવના શરણમાં જા, જે બ્રહ્મા વગેરેના પણ કર્તા, મેઘવાહન, પોતાના મહિમાથી ક્યારેય ન ચ્યુત થનાર અને વિશ્વના રક્ષામણિ છે.'

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! માતાપિતાની આજ્ઞા મેળવીને ગૃહપતિએ એમનાં ચરણોમાં પ્રણામ કર્યા. પછી એમની પ્રદક્ષિણા કરીને અને એમને ઘણી રીતે આશ્વાસન આપીને તે ત્યાંથી ચાલી નીકળ્યા અને એ કાશીપુરીમાં જઈ પહોંચ્યા, જે બ્રહ્મા અને નારાયણ વગેરે દેવોને માટે (પણ) દુષ્પ્રાપ્ય, મહાપ્રલયના સંતાપનો વિનાશ કરનારી અને વિશ્વનાથ દ્વારા સુરક્ષિત હતી તથા જે કંઠપ્રદેશમાં હારની જેમ પડેલી ગંગાથી સુશોભિત તથા વિચિત્ર ગુણશાલિની હરપત્ની ગિરિજાથી વિભૂષિત હતી. ત્યાં પહોંચીને તે વિપ્રવર પહેલાં મણિકર્ણિકા પર ગયા. ત્યાં એમણે વિધિપૂર્વક સ્નાન કરીને ભગવાન વિશ્વનાથનાં દર્શન કર્યાં. પછી બુદ્ધિમાન ગૃહપતિએ પરમાનંદમગ્ન થઈને ત્રિલોકીનાં પ્રાણીઓની પ્રાણરક્ષા કરનારા શિવને પ્રણામ કર્યા. એ સમયે એમની અંજલિ બાંધેલી હતી અને મસ્તક નમાવેલું હતું. તે વારંવાર શિવલિંગ તરફ જોઈને હૃદયમાં હર્ષિત થઈ રહ્યા હતા. (અને એવું વિચારી રહ્યા હતા કે) આ લિંગ નિસ્સંદેહ સ્પષ્ટરૂપે આનંદકંદ જ છે. (એ કહેવા લાગ્યા) અહો! આજે મને જે સર્વવ્યાપી શ્રીમાન વિશ્વનાથનાં દર્શન પ્રાપ્ત થયાં, એટલા માટે આ ચરાચર ત્રિલોકીમાં મારાથી અધિક ધન્યવાદને પાત્ર બીજું કોઈ છે જ નહીં. જણાય છે કે, મારો ભાગ્યોદય થવાથી જ એ દિવસોમાં મહર્ષિ

નારદે આવીને એવી વાત કહી હતી, જેને કારણે આજે હું કૃતકૃત્ય થઈ રહ્યો છું.

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! આ રીતે આનંદામૃતરૂપી રસો દ્વારા સંતોષીને ગૃહપતિએ શુભ દિવસમાં સર્વહિતકારી શિવલિંગની સ્થાપના કરી અને પવિત્ર ગંગાજલથી ભરેલા એક સો આઠ કળશો દ્વારા શિવજીને સ્નાન કરાવીને એવા ઘોર નિયમોનો સ્વીકાર કર્યો, જે અકૃતાત્મા પુરુષોને માટે દુષ્કર હતું. હે નારદજી! આ રીતે એકમાત્ર શિવમાં મન લગાડીને તપસ્યા કરતાં કરતાં એ મહાત્મા ગૃહપતિના આયુષ્યનું એક વર્ષ વ્યતીત થઈ ગયું. ત્યારે જન્મથી બારમું વર્ષ આવ્યું ત્યારે નારદજીનાં કહેલાં એ વચનને સત્ય-શાં બનાવતા એ વજ્રધારી ઈન્દ્ર એમની પાસે આવ્યા અને બોલ્યા—'હે વિપ્રવર! હું ઈન્દ્ર છું, અને તમારા શુભ વ્રતથી પ્રસન્ન થઈને આવ્યો છું. હવે તમે વરદાન માગો, હું તમારી મનોવાંછના પૂર્ણ કરી દઈશ.'

**ત્યારે ગૃહપતિએ કહ્યું**—હે મઘવન! હું જાણું છું. આપ વજ્રધારી ઈન્દ્ર છો; પરંતુ હે વૃત્રશત્રો! હું આપની પાસે વરદાનની યાચના કરવા નથી ચાહતો, મારા વરદાયક તો શંકરજી જ હશે.

**ઈન્દ્ર બોલ્યા**—હે શિશો! શંકર મારાથી ભિન્ન થોડા જ છે. અરે! હું દેવરાજ છું, તેથી તું તારી મૂર્ખતાનો પરિત્યાગ કરીને વરદાન માગી લે, વિલંબ ન કર.

**ગૃહપતિએ કહ્યું**—એ પાકશાસન! આપ અહલ્યાનું સતીત્વ નષ્ટ કરનારા દુરાચારી પર્વત-શત્રુ જ છો ને. આપ જાવ, કેમકે હું પશુપતિ - સિવાય કોઈ અન્ય દેવની સામે સ્પષ્ટરૂપે પ્રાર્થના કરવા નથી ચાહતો.

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! ગૃહપતિનું એ વચન સાંભળીને ઈન્દ્રનાં નેત્રો ક્રોધથી લાલ લાલ થઈ ગયાં. એ પોતાના ભયંકર વજ્રને ઉઠાવીને એ બાળકને ડરાવવા - ધમકાવવા લાગ્યા - ત્યારે વીજળીની જ્વાળાઓથી વ્યાપ્ત તે વજ્રને જોઈને બાળક ગૃહપતિને નારદજીનાં વાક્યોનું સ્મરણ થયું. પછી તો એ ભયથી વ્યાકુળ થઈને મૂર્ચ્છિત થઈ ગયો. તદનંતર અજ્ઞાન-અંધકારને દૂર ભગાડનાર ગૌરીપતિ શંભુ ત્યાં પ્રગટ થઈ ગયા અને પોતાના હસ્તસ્પર્શથી એને જનજીવન આપતાં બોલ્યા - 'હે વત્સ! ઊઠ, ઊઠ. તારું કલ્યાણ થાઓ.' ત્યારે રાત્રિના સમયે બંધ થયેલાં કમળની જેમ એમાં નેત્ર કમળ ખૂલી ગયાં અને એણે ઊઠીને પોતાની સામે સેંકડો સૂર્યોથી પણ અધિક પ્રકાશમાન શંભુને ઉપસ્થિત જોયા. એમના લલાટમાં ત્રીજું નેત્ર ચમકી રહ્યું હતું, ગળામાં નીલચિહ્ન-નીલકંઠ હતું. ધ્વજા પર વૃષભનું દેખાઈ રહ્યું હતું. વામ-અંગે ગિરિજાદેવી બિરાજમાન હતાં. મસ્તક પર ચંદ્રમા સુશોભિત હતો. મોટી મોટી જટાઓમાંથી એમની અદ્ભુત શોભા થઈ રહી હતી. તે પોતાનાં આયુધ ત્રિશૂળ અને આજગવ ધનુષ ધારણ કરેલ હતા. કપૂરની જેમ ગૌરવર્ણનું શરીર પોતાની પ્રભા પાથરી રહ્યું હતું, એમણે ગજચર્મ લપેટેલું હતું. એમને જોઈને શાસ્ત્રકથિત લક્ષણો તથા ગુરુવચનોથી જ્યારે ગૃહપતિએ સમજી લીધું કે આ મહાદેવ જ છે, ત્યારે હર્ષનો માર્યો એ નેત્રોમાંથી આંસુ વહાવવા લાગ્યો, આંખો છલકાઈ ગઈ. કંઠાવરોધ થઈ ગયો. ગદ્ગદ થઈ ગયો, આખા શરીરે રોમાંચિત થઈ ગયો. તે ક્ષણભર તો પોતાની જાતને ભૂલીને ચિત્રકૂટ અને ત્રિપુત્રક પર્વતની જેમ નિશ્ચલ ઊભો રહી ગયો.

જ્યારે એ સ્તવન કરવા અને નમસ્કાર કરવા અથવા કશું પણ કહેવામાં સમર્થ ન થઈ શક્યા, ત્યારે શિવજી મંદસ્મિત કરીને બોલ્યા.

ઈશ્વરે કહ્યું—હે ગૃહપતે! એવું જણાય છે કે તું વજ્રધારી ઈન્દ્રથી ડરી ગયો છે. હે વત્સ! તારે ભયભીત થવાની જરૂર નથી, કેમકે મારા ભક્ત પર ઈન્દ્ર અને વજ્રની તો વાત જ જવા દે, યમરાજ પણ પોતાનો પ્રભાવ પાડી શકે નહિ.



એ તો મેં તારી પરીક્ષા લીધી છે અને મેં જ તને ઈન્દ્રનું રૂપ ધારણ કરીને ડરાવ્યો છે. હે ભદ્ર! હવે હું તને વરદાન આપું છું—આજથી તું અગ્નિપદનો ભાગી થઈ જઈશ. તું સમસ્ત દેવતાઓને માટે વરદાતા બનીશ. હે અગ્ને! તું સમસ્ત પ્રાણીઓની અંદર જઠરાગ્નિરૂપે વિચરણ કરીશ. તને દિક્પાલ રૂપે ધર્મરાજ અને ઈન્દ્રની મધ્યમમાં રાજ્યની પ્રાપ્તિ થશે. તારા દ્વારા સ્થાપિત આ શિવલિંગ તારા નામે 'અગ્નિશ્વર' નામથી પ્રસિદ્ધ થશે. એ સર્વ પ્રકારના તેજોની વૃદ્ધિ કરનારું થશે. જે લોકો આ અગ્નિશ્વરલિંગના ભક્ત થશે. એમને વીજળી અને અગ્નિનો ભય નહિ થાય, મંદાગ્નિ-અગ્નિમાંદ્ય નામનો રોગ નહીં થાય અને તેનું ક્યારેય અકાલ મૃત્યુ નહિ થાય. કાશીપુરીમાં સ્થિત સંપૂર્ણ સમૃદ્ધિઓના પ્રદાતા અગ્નિશ્વરની સારીપેઠે અર્ચના કરનાર ભક્ત એ પ્રારબ્ધવશ કોઈ અન્ય સ્થાનમાં પણ મૃત્યુ પામશે તો પણ એ વહ્નિલોકમાં પ્રતિષ્ઠિત થશે.

નંદીશ્વરજી કહે છે—હે મુને! આમ કહીને શિવજીએ ગૃહપતિના બંધુઓને બોલાવીને એમનાં માતાપિતાની સામે એ અગ્નિના દિક્પતિ પદ એનો અભિષેક કરી દીધો, અને સ્વયં એ લિંગમાં સમાઈ ગયા. હે તાત! આ રીતે મેં તમને પરમાત્મા શંકરના ગૃહપતિ નામના અગ્નિ-અવતારનું, જે દુષ્ટોને પીડિત કરનાર છે, તેનું વર્ણન કરી દીધું. જે સુદૃઢ પરાક્રમી જિતેન્દ્રિય પુરુષ અથવા સત્ત્વસંપન્ન સ્ત્રીઓ અગ્નિપ્રવેશ કરી જાય છે એ બધાં અગ્નિસરખાં તેજસ્વી હોય છે. આ રીતે જે બ્રાહ્મણ અગ્નિહોત્ર પરાયણ, બ્રહ્મચારી તથા પંચ-અગ્નિનું સેવન કરનારા છે. એ અગ્નિ સમાન વર્ચસ્વી થઈને અગ્નિલોકમાં વિચરે છે. જે શીતકાળમાં શીત-નિવારણ નિમિત્ત ભારે-ભારા લાકડાંનું દાન કરે છે અથવા જે અગ્નિની ઈષ્ટ (હોમ) તે અગ્નિને સંનિકટ નિવાસ કરે છે. જે શ્રદ્ધાપૂર્વક કોઈ અનાથ મૃતકનો અગ્નિસંસ્કાર કરી દે છે અથવા સ્વંય શક્તિ ન હોય અને બીજાને પ્રેરિત કરે છે તે પણ અગ્નિલોકમાં પ્રશંસિત થાય છે. દ્વિજાતિઓ માટે પરમ કલ્યાણકારક એક અગ્નિ જ છે. એ જ નિશ્ચિતરૂપે ગુરુ, દેવતા, વ્રત, તીર્થ અર્થાત્ સર્વ કાંઈ છે. જેટલી અપાવન

વસ્તુઓ છે, એ બધી અગ્નિનો સંસર્ગ થવાથી તે જ ક્ષણે પાવન થઈ જાય છે; એટલા માટે જ અગ્નિ પાવક કહ્યો છે. એ શંભુની પ્રત્યક્ષ તેજોમયી દહનાત્મિકા મૂર્તિ છે, જે સૃષ્ટિ રચનારી અને સંહાર કરનારી છે. ભલા, એના વિના કોઈ વસ્તુ દૃષ્ટિગોચર થઈ શકે છે. એમના દ્વારા ભક્ષણ કરેલ ધૂપ, દીપ, નૈવેદ્ય, દૂધ, દહીં, ઘી અને ખાંડ વગેરેનું દેવગણ સ્વર્ગમાં સેવન કરે છે.

(અધ્યાય ૧૪-૧૫)

*

## શિવજીના મહાકાલ વગેરે દસ અવતારોનું તથા એકાદશ રુદ્ર-અવતારોનું વર્ણન

**તદનંતર યક્ષેશ્વરાવતારની વાત કહીને નંદીશ્વરે કહ્યું**—હે મુને! હવે શંકરજીના ઉપાસના કાંડ દ્વારા સેવિત મહાકાલ વગેરે દસ અવતારોનું વર્ણન ભક્તિપૂર્વક શ્રવણ કરો. એમાં પહેલો અવતાર છે 'મહાકાલ.' ને મહાકાલ નામે પ્રસિદ્ધ છે, જે સત્પુરુષોને ભોગ અને મોક્ષ પ્રદાન કરનારો છે. એ અવતારની શક્તિ ભક્તોની મનોવાંછના પૂર્ણ કરનારી મહાકાલી છે. બીજો 'તાર' નામનો અવતાર થયો, જેની શક્તિ તારા દેવી થયાં. એ બંને ભુક્તિ-મુક્તિના પ્રદાતા અને પોતાના સેવકો માટે સુખદાયક છે. 'બાલભુવનેશ' નામે ત્રીજો અવતાર થયો. એમાં બાલા ભુવનેશી શિવા શક્તિ થયાં, જે સજ્જનોને સુખ આપનાર થયાં. ચોથો ભક્તોને માટે સુખદ તથા ભોગ - મોક્ષ પ્રદાયક 'ષોડશ શ્રીવિદ્યેશ' નામનો અવતાર થયો અને ષોડશી શ્રીવિદ્યા શિવા એની શક્તિ છે. પાંચમો અવતાર 'ભૈરવ' નામથી થયો, જે સર્વદા ભક્તોની કામનાઓને પૂર્ણ ધનાર છે. એ અવતારની શક્તિનું નામ છે ભૈરવી ગિરિજા જે પોતાના ઉપાસકોને મનોવાંછિત વસ્તુઓ આપનારી છે. છઠ્ઠો અવતાર 'છિન્નમસ્તક' નામે કહેવાય છે અને ભક્તકામપ્રદા ગિરિજાનું નામ છિન્નમસ્ત છે. સંપૂર્ણ મનોરથોના દાતા શંભુનો સાતમો અવતાર 'ધૂમવાન' નામે વિખ્યાત થયો. એ અવતારમાં શ્રેષ્ઠ ઉપાસકોની લાલસા પૂર્ણ કરનારી શિવા ધૂમાવતી થયાં. શિવજીનો આઠમો અવાતર 'બગલામુખ' છે. એની શક્તિ મહાન આનંદદાયિની બગલામુખી નામથી વિખ્યાત થઈ. નવમો શિવાવતાર 'માતંગ' નામે કહેવાય છે. એ સમયે સંપૂર્ણ અભિલાષાઓને પૂર્ણ કરનારી શર્વાણી માતંગી થયાં. શંભુનો ભુક્તિ-મુક્તિરૂપ ફલ પ્રદાન કરનારો દસમો અવતાર થયો તેનું નામ 'કમલ' છે, જેમાં પોતાના ભક્તોનું સર્વથા પાલન કરનારાં ગિરિજા કમલા કહેવાયાં છે. આ જ શિવજીના દશ અવતારો છે. એ બધાએ ભક્તો તથા સત્પુરુષોને માટે સુખદાયક તથા ભોગ-મોક્ષના પ્રદાતા છે. જે લોકો મહાત્મા શંકરના આ દશે અવતારોની નિર્વિકારભાવે સેવા કરે છે, એમને એ નિત્ય વિવિધ પ્રકારનાં સુખ આપતા રહે છે. હે મુને! આ રીતે મેં દશેય અવતારોનું માહાત્મ્ય વર્ણવ્યું છે. તંત્રશાસ્ત્રમાં તો આ સર્વકામપ્રદ બતાવાય છે. હે મુને! આ શક્તિઓનો અદ્‌ભુત મહિમા છે. તન્ત્ર આદિ શાસ્ત્રોમાં આ મહિમાનું સર્વકામપ્રદરૂપે વર્ણન કરવામાં આવ્યું છે. એ નિત્ય દુષ્ટોને દંડ દેનારી અને બ્રહ્મતેજથી વિશેષ

રૂપે વૃદ્ધિ કરનારી છે. હે બ્રહ્મન્! આ રીતે મેં તમને મહેશ્વરના મહાકાલ વગેરે દશ શુભ અવતારોનું શક્તિસહિત વર્ણન કરી દીધું. જે મનુષ્ય શિવપર્વોના અવસર પર આ પરમ પાવન કથાનો ભક્તિપૂર્વક પાઠ કરે છે, તે શિવજીનો પરમ પ્રિય થઈ જાય છે. (આ આખ્યાનનો પાઠ કરવાથી) બ્રાહ્મણની બ્રહ્મતેજમાં વૃદ્ધિ થાય છે, ક્ષત્રિય વિજય લાભ કરે છે, વૈશ્ય ધનપતિ થઈ જાય છે અને શૂદ્રને સુખની પ્રાપ્તિ થાય છે. સ્વધર્મપરાયણ શિવભક્તોને આ ચરિત્ર સાંભળીને સુખ પ્રાપ્ત થાય છે અને એમની શિવભક્તિ વિશેષ રૂપે વધી જાય છે.

હે મુને! હવે હું શંકરજીના એકાદશ શ્રેષ્ઠ અવતારોનું વર્ણન કરું છું, સાંભળો. એનું શ્રવણ કરવાથી અસત્ય વગેરે જનિત બાધા કોઈ પણ પ્રકારની પીડા પહોંચાડી શકે નહિ. પૂર્વકાલની વાત છે, એક વાર ઈન્દ્ર વગેરે સમસ્ત દેવતાઓ દૈત્યોથી પરાજિત થઈ ગયા. ત્યારે તે ભયભીત થઈને પોતાની નગરી અમરાવતી છોડીને ભાગી ગયા. આમ દૈત્યો દ્વારા અત્યંત પીડિત એ બધા દેવતા કશ્યપજી પાસે ગયા. ત્યાં એમણે પરમ વ્યાકુળતાપૂર્વક હાથ જોડીને, મસ્તક નમાવીને એમનાં ચરણોમાં અભિવાદન કર્યું અને એમનું સારી પેઠે સ્તવન કરીને આદરપૂર્વક પોતાના આવવાનું કારણ કહ્યું તથા દૈત્યો દ્વારા પરાજિત થવાથી ઉત્પન્ન બધાં જ દુઃખો કહી સંભળાવ્યાં. હે તાત! ત્યારે એમના પિતા કશ્યપજી દેવતાઓની એ કષ્ટ-કહાણીને સાંભળીને અધિક દુઃખી ન થયા, કેમકે, એમની બુદ્ધિ શિવજીમાં આસક્ત હતી. હે મુને! એ શાંતબુદ્ધિ મુનિએ ધૈર્ય ધારણ કરીને દેવતાઓને આશ્વાસન આપ્યું અને સ્વયં પરમ સુખપૂર્વક વિશ્વનાથપુરી કાશી જતા રહ્યા. ત્યાં પહોંચીને એમણે ગંગાજીના જલમાં સ્નાન કરીને પોતાનો નિત્ય-નિયમ પૂરો કર્યો અને પછી આદરપૂર્વક ઉમાસહિત સર્વેશ્વર ભગવાન વિશ્વનાથની સારી પેઠે અર્ચના કરી. તદનંતર શંભુ-દર્શનના ઉદ્દેશ્યથી એક શિવલિંગની સ્થાપના કરીને એ દેવતાઓના હિતાર્થ પરમ પ્રસન્નતાપૂર્વક ઘોર તપ કરવા લાગ્યા. હે મુને! શિવજીનાં ચરણ-કમલોમાં આસક્ત મનવાળા ધૈર્યશાળી મુનિવર કશ્યપને જ્યારે આમ તપ કરતાં કરતાં બહુ સમય વ્યતીત થઈ ગયો, ત્યારે સત્પુરુષોની ગતિસ્વરૂપ ભગવાન શંકર પોતાનાં ચરણોમાં તલ્લીન મનવાળા કશ્યપ ઋષિને વરદાન આપવા ત્યાં પ્રગટ થયા. ભક્તવત્સલ મહેશ્વર પરમ પ્રસન્ન તો હતા જ, તેથી એ પોતાના ભક્ત મુનિવર કશ્યપને કહેવા લાગ્યા - 'વરદાન માગો.' એ મહેશ્વરને જોતાં જ પ્રસન્ન બુદ્ધિવાળા દેવતાઓના પિતા કશ્યપજી હર્ષમગ્ન થઈ ગયા અને હાથ જોડીને એમનાં ચરણોમાં નમસ્કાર કરીને સ્તુતિ કરતાં કરતાં આમ બોલ્યા - 'હે મહેશ્વર! હું સર્વથા આપનો શરણાગત છું. હે સ્વામિન્! દેવતાઓનાં દુઃખનો વિનાશ કરીને મારી અભિલાષા પૂર્ણ કરો. હે દેવેશ! હું પુત્રોનાં દુઃખથી વિશેષ દુઃખી છું, તેથી હે ઈશ! મને સુખી કરો, કેમકે, આપ દેવતાઓના સહાયક છો. હે નાથ! મહાબલી દૈત્યોએ દેવતાઓ અને યક્ષોને પરાજિત કરી દીધા છે, એટલે હે શંભો! આપ મારા પુત્રરૂપે પ્રગટ થઈને દેવતાઓ માટે આનંદદાતા બનો.'

**નન્દીશ્વરજી કહે છે**—હે મુને! કશ્યપજીએ આવું કહીને સર્વેશ્વર ભગવાન શંકરે એમને 'તથેતિ-એવું જ થશે' આમ કહીને એમની સામે ત્યાં જ અંતર્ધાન થઈ ગયા ત્યારે કશ્યપ પણ

મહાન આનંદની સાથે તરત જ પોતાને સ્થાને જતા રહ્યા. ત્યાં એમણે આખું વૃત્તાંત આદરપૂર્વક દેવતાઓને કહી બતાવ્યું. તદનંતર ભગવાન શંકર પોતાનું વચન સત્ય કરવા માટે કશ્યપ દ્વારા સુરભીના પેટે અગિયાર રૂપ ધારણ કરીને પ્રગટ થયા. એ સમયે મહાન ઉત્સવ થયો. આખું જગત જ શિવમય થઈ ગયું. કશ્યપ મુનિની સાથે સાથે બધા જ દેવતાઓ હર્ષવિભોર થઈ ગયા. એમનાં નામ (અગિયાર રુદ્રનાં) રાખવામાં આવ્યાં—કપાલી, પિંગલ, ભીમ, વિરૂપાક્ષ, વિલોહિત, શાસ્તા, અજપાદ, અહિર્બુધન્ય, શંભુ, ચંડ અને ભવ. આ અગિયારે અગિયાર રુદ્ર સુરભીના પુત્ર કહેવાય છે. એ સુખનું આવાસસ્થાન છે તથા દેવતાઓની કાર્યસિદ્ધિ માટે શિવથી ઉત્પન્ન થયા. એ કશ્યપનંદન વીરવર રુદ્ર બલપરાક્રમ સંપન્ન હતા; એમણે સંગ્રામમાં દેવતાઓની સહાય કરીને દૈત્યોનો સંહાર કરી દીધો. આજ રુદ્રોની કૃપાથી ઈન્દ્ર વગેરે દેવગણ દૈત્યોને જીતીને નિર્ભય થઈ ગયા. એમનાં મન સ્વસ્થ થઈ ગયાં. પોતપોતાનું રાજ્ય-કાર્ય સંભાળવા લાગ્યા. હજુ પણ શિવસ્વરૂપધારી એ બધા મહારુદ્ર દેવતાઓની રક્ષા માટે સદા સ્વર્ગમાં બિરાજમાન રહે છે. હે તાત! આ રીતે મેં તમને શંકરજીના અગિયાર રુદ્રાવતારોનું વર્ણન કરી બતાવ્યું. એ બધા જ સમસ્ત લોકોને માટે સુખદાયક છે. આ નિર્મલ આખ્યાન સંપૂર્ણ પાપોનું વિનાશક, ધન, યશ અને આયુનું પ્રદાતા તથા સંપૂર્ણ મનોરથોને પૂર્ણ કરનારું છે. (અધ્યાય ૧૬-૧૮)

*

## શિવજીનાં 'દુર્વાસા-અવતાર' અને હનુમદ્-અવતારનું વર્ણન

**નંદીશ્વરજી કહે છે**—હે મહામુને! હવે તમે શંભુના એક બીજા જ ચરિતને, જેમાં શંકરજી ધર્મને માટે દુર્વાસા થઈને પ્રગટ થયા હતા, પ્રેમપૂર્વક શ્રવણ કરો. અનસૂયાના પતિ બ્રહ્મવેત્તા તપસ્વી અત્રિએ બ્રહ્માજીના નિર્દેશ અનુસાર પત્ની સહિત ઋક્ષકુલ પર્વત પર જઈને પુત્રકામના મનમાં લઈને ઘોર તપ કર્યું. એમના તપથી પ્રસન્ન થઈને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર ત્રણે એમના આશ્રમ પર ગયા. એમણે કહ્યું કે - 'અમે ત્રણે સંસારના ઈશ્વર છીએ. અમારા અંશથી તમને ત્રણ પુત્ર થશે, જે ત્રિલોકીમાં વિખ્યાત તથા માતા-પિતાનો યશ વધારનાર હશે.' આમ કહીને તેઓ ચાલ્યા ગયા. બ્રહ્માજીના અંશથી ચંદ્રમા થયા, જે દેવતાઓને સમુદ્રમાં ફેંકી દેવાથી સમુદ્રથી પ્રગટ થયા હતા. વિષ્ણુના અંશથી શ્રેષ્ઠ સંન્યાસ-પદ્ધતિને પ્રચલિત કરનારા 'દત્ત' ઉત્પન્ન થયા અને રુદ્રના અંશથી મુનિવર દુર્વાસાએ જન્મ લીધો.

આ દુર્વાસાએ મહારાજ અંબરીષની પરીક્ષા કરી હતી. જ્યારે સુદર્શન ચક્ર એમની પાછળ પડ્યું ત્યારે શિવજીના આદેશથી અંબરીષ દ્વારા પ્રાર્થના થવાથી ચક્ર શાંત થયું. એમણે ભગવાન રામની પરીક્ષા કરી. કાળે મુનિનો વેશ ધારણ કરીને શ્રીરામની સાથે એવી શરત કરી હતી કે 'મારી સાથે વાત કરતી વખતે શ્રીરામ પાસે કોઈ જ ન આવે. જે આવશે એનું નિર્વાસન (દેશવટો) કરી દેવામાં આવશે.' દુર્વાસાજીએ હઠ કરીને લક્ષ્મણને મોકલ્યા, ત્યારે શ્રીરામે તરત જ લક્ષ્મણનો ત્યાગ કરી દીધો. એમણે ભગવાન શ્રી કૃષ્ણની પરીક્ષા કરી અને એમને શ્રી

રુક્મિણી સહિત રથમાં જોડ્યા. આ પ્રકારે દુર્વાસા મુનિએ વિચિત્ર ચરિત્ર કર્યાં.

હે મુને! હવે આ પછી તમે હનુમાનજીના ચરિત્રનું શ્રવણ કરો. હનુમદ્રૂપે શિવજીએ બહુ મોટી ઉત્તમ લીલાઓ કરી છે. હે વિપ્રવર! આ જ રૂપે મહેશ્વરે ભગવાન રામનું પરમ હિત કર્યું હતું. એ આખું ચરિત્ર સર્વપ્રકારનાં સુખોનું દાતા છે, એને તમે પ્રેમપૂર્વક સાંભળો. એક સમયની વાત છે, જ્યારે અત્યંત અદ્‌ભુત લીલા કરનારા ગુણશાળી ભગવાન શંભુને વિષ્ણુનાં મોહિની રૂપનાં દર્શન પ્રાપ્ત થયાં, ત્યારે તે કામદેવનાં બાણોથી આહત થયેલા હોય એમ ક્ષુબ્ધ થઈ ગયા. એ સમયે એ પરમેશ્વરે રામકાર્યની સિદ્ધિ માટે પોતાનો વીર્યપાત કર્યો. ત્યારે સપ્તર્ષિઓએ વીર્યને પત્રપુટકમાં (પડિયામાં) સ્થાપિત કરી લીધું, કેમકે, શિવજીએ જ રામકાર્યને માટે આદરપૂર્વક એમના મનમાં પ્રેરણા કરી હતી. તત્પશ્ચાત્ એ મહર્ષિઓએ શંભુના એ વીર્યને રામકાર્યની સિદ્ધિ માટે ગૌતમકન્યા અંજનીના કાનને માર્ગે સ્થાપિત કરી દીધું. ત્યારે યોગ્ય સમયે એ ગર્ભથી શંભુ મહાન બલપરાક્રમસંપન્ન વાનર-શરીર ધારણ કરીને ઉત્પન્ન થયા, એમનું નામ હનુમાન રાખ્યું. મહાબલી કપીશ્વર હનુમાન જ્યારે શિશુ જ હતા, એ જ સમયે ઉદય થતા સૂર્યબિંબને નાનું સરખું ફળ સમજીને તરત ગળી ગયા. જ્યારે દેવતાએ એમની પ્રાર્થના કરી, ત્યારે એમણે એને મહાબલી સૂર્ય જાણીને ઓકી કાઢ્યા, મુખમાંથી બહાર કાઢી દીધા. ત્યારે દેવર્ષિઓએ એમને શિવનો અવતાર માનીને અને ઘણાંબધાં વરદાનો આપ્યાં. તદનંતર હનુમાન અત્યંત હર્ષિત થઈને પોતાની માતા પાસે ગયા; અને એમણે આ આખો વૃત્તાંત આદરપૂર્વક કહી સંભળાવ્યો. પછી માતાની આજ્ઞાથી ધીર-વીર કપિ હનુમાને નિત્ય સૂર્ય પાસે જઈને એમની પાસેથી અનાયાસ જ બધી વિદ્યાઓ જાણી લીધી. તદનંતર રુદ્રના અંશભૂત



કપિશ્રેષ્ઠ હનુમાન સૂર્યની આજ્ઞાથી સૂર્ય-અંશથી ઉત્પન્ન થયેલા સુગ્રીવ પાસે ચાલ્યા ગયા. એ માટે એમને પોતાની માતાની અનુજ્ઞા મળી ચૂકી હતી.

તદનંતર, નંદીશ્વરે ભગવાન રામનું સંપૂર્ણ ચરિત્ર સંક્ષેપમાં વર્ણન કરીને કહ્યું—'હે મુને! આ રીતે કપિશ્રેષ્ઠ હનુમાને સર્વ રીતે શ્રીરામનું કાર્ય પૂરું કર્યું, વિવિધ પ્રકારની લીલાઓ કરી, અસુરોનું માન-મર્દન કર્યું, ભૂતલ પર રામભક્તિની સ્થાપના કરી. સ્વયં ભક્ત-અગ્રગણ્ય થઈને સીતા-રામને સુખ પ્રદાન કર્યું. એ રુદ્રાવતાર ઐશ્વર્યશાળી હનુમાન લક્ષ્મણના પ્રાણદાતા, સંપૂર્ણ દેવતાઓના ગર્વહારી અને ભક્તોનો ઉદ્ધાર કરનારા છે. મહાવીર હનુમાન સદા રામકાર્યમાં તત્પર રહેનારા, લોકોમાં 'રામદૂત' નામથી વિખ્યાત, દૈત્યોના સંહારક અને ભક્તવત્સલ છે. હે તાત! આ રીતે મેં હનુમાનજીનું શ્રેષ્ઠ ચરિત

- જે ધન, કીર્તિ અને આયુનું વર્ધક તથા સંપૂર્ણ મનોવાંછિત ફળોના દાતા છે - તમારી સામે વર્ણન કરી દીધું. જે મનુષ્ય આ ચરિતને ભક્તિપૂર્વક સાંભળે છે અથવા સમાહિત ચિત્તથી બીજાને સંભળાવે છે, ને આ લોકમાં સંપૂર્ણ ભોગ ભોગવીને અંતે પરમ મોક્ષને પ્રાપ્ત કરી લે છે.

(અધ્યાય ૧૯-૨૦)

*

## શિવજીના પિપ્પલાદ-અવતારના પ્રસંગમાં દેવતાઓની દધીચિ-મુનિ પાસેથી અસ્થિ-યાચના, દધીચિનો શરીરત્યાગ, વજ્રનિર્માણ તથા તે દ્વારા વૃત્રાસુરનો વધ, સુચર્ચાનો દેવતાઓને શાપ, પિપ્પલાદનો જન્મ અને એમનો વિસ્તૃત વૃત્તાંત

**તદનંતર મહેશાવતાર તથા વૃશેશાવતારનું ચરિત સંભળાવીને નંદીશ્વરે કહ્યું**—હે મહાબુદ્ધિમાન સનત્કુમારજી! હવે તમે અત્યંત આહ્લાદપૂર્વક મહેશ્વરના 'પિપ્પલાદ' નામના પરમોત્કૃષ્ટ અવતારનું વર્ણન શ્રવણ કરો. આ ઉત્તમ આખ્યાન ભક્તિની વૃદ્ધિ કરનારું છે. હે મુનીશ્વર! એક સમયે દૈત્યોએ વૃત્રાસુરની સહાયતાથી ઈન્દ્ર વગેરે સમસ્ત દેવતાઓને પરાજિત કરી દીધા. ત્યારે એ બધા દેવતાઓએ સહસા દધીચિના આશ્રમમાં પોત-પોતાનાં અસ્ત્રો ફેંકીને તત્કાળ જ હાર માની લીધી. તત્પશ્ચાત્ માર ખાતા તે ઈન્દ્રસહિત સંપૂર્ણ દેવતા તથા દેવર્ષિ શીઘ્ર જ બ્રહ્મલોકમાં જઈ પહોંચ્યા અને ત્યાં (બ્રહ્માજીને) એમણે પોતાનાં દુઃખડાં કહી સંભળાવ્યાં. દેવતાઓનું આ કથન સાંભળીને લોકપિતામહ બ્રહ્માએ બધું રહસ્ય યથાર્થરૂપે પ્રગટ કરી દીધું કે 'આ બધું ત્વષ્ટાનાં કરતૂત છે, ત્વષ્ટાએ જ તમારા લોકોનો વધ કરવાને માટે તપસ્યા દ્વારા આ મહાતેજસ્વી વૃત્રાસુરને ઉત્પન્ન કર્યો છે. આ દૈત્ય મહાન આત્મબળથી સંપન્ન તથા સમસ્ત દૈત્યોનો અધિપતિ છે. તેથી હવે એવો પ્રયત્ન કરો કે એનો વધ થઈ શકે. હે બુદ્ધિમાન દેવરાજ! હું ધર્મને કારણે આ વિષયમાં એક ઉપાય બતાવું છું, સાંભળો. જે દધીચિ નામના મહામુનિ છે, એ તપસ્વી અને જિતેન્દ્રિય છે. એમણે પૂર્વકાળમાં શિવજીની સમારાધના કરીને વજ્ર જેવાં અસ્થિઓ પ્રાપ્ત થાય એવું વરદાન પ્રાપ્ત કર્યું છે. તેથી તમે લોકો એમની પાસે એમનાં અસ્થિની યાચના કરો. તે જરૂર આપી દેશે. પછી એ અસ્થિઓથી વજ્રદંડનું નિર્માણ કરીને તમે નિશ્ચય જ એનાથી વૃત્રાસુરને મારી નાખજો.'

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! બ્રહ્માનું આ વચન સાંભળીને ઈન્દ્ર દેવગુરુ બૃહસ્પતિ તથા દેવતાઓને સાથે લઈને તરત જ દધીચિ ઋષિના ઉત્તમ આશ્રમે આવ્યા. ત્યાં ઈન્દ્રે સુવર્ચાસહિત દધીચિ મુનિનાં દર્શન કર્યાં અને આદરપૂર્વક હાથ જોડીને એમને નમસ્કાર કર્યા; પછી દેવગુરુ બૃહસ્પતિ તથા અન્ય દેવતાઓએ પણ નમ્રતાપૂર્વક એમને મસ્તક નમાવ્યાં. દધીચિ મુનિ વિદ્વાનોમાં શ્રેષ્ઠ તો હતા જ, તે તરત જ એમના અભિપ્રાયને વરતી ગયા, સમજી ગયા. સમજી

ગયા ત્યારે એમણે પોતાની પત્ની સુવર્ચાને પોતાના આશ્રમથી અન્યત્ર મોકલી દીધી. તત્પશ્ચાત્ દેવતાઓ સહિત દેવરાજ ઇન્દ્ર, જે સ્વાર્થ સાધનમાં અત્યંત દક્ષ, ચતુર છે. અર્થશાસ્ત્રનો આશ્રય લઈને મુનિવરને કહેવા લાગ્યા.

**ઇન્દ્રે કહ્યું**—'હે મુને! આપ મહાન શિવભક્ત, દાતા અને શરણાગતરક્ષક છો. એટલા માટે અમે બધા દેવતા તથા દેવર્ષિ ત્વષ્ટા દ્વારા અપમાનિત થવાને કારણે આપને શરણે આવ્યા છીએ. હે વિપ્રવર! આપ આપનાં વજ્રમય અસ્થિ અમને પ્રદાન કરો. કેમકે, આપનાં હાડકાંમાંથી વજ્રનું નિર્માણ કરીને હું એ દેવદ્રોહીનો વધ કરીશ.' ઇન્દ્રના આમ કહેવા પર પરોપકાર પરાયણ દધીચિ મુનિએ પોતાના સ્વામી શિવનું ધ્યાન કરીને પોતાનું શરીર છોડી દીધું. એમનાં સમસ્ત બંધનો છૂટી ગયાં હતાં, તેથી એ તરત જ બ્રહ્મલોકમાં ચાલ્યા ગયા. એ સમયે ત્યાં પુષ્પોની વર્ષા થવા લાગી અને બધા જ લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. ત્યાર પછી ઇન્દ્રે શીઘ્ર જ સુરભિ ગાયને બોલાવીને એ શરીર ચાટી જવા જણાવ્યું અને એ હાડકાંથી અસ્ત્ર નિર્માણ કરવા માટે વિશ્વકર્માને આદેશ આપ્યો. ત્યારે ઇન્દ્રની આજ્ઞા મેળવીને વિશ્વકર્માએ શિવજીના તેજથી સુદૃઢ મુનિનાં વજ્રમય અસ્થિઓથી સંપૂર્ણ અસ્ત્રોની કલ્પના કરી. એમની કરોડ (મેરુદંડ)ના અસ્થિથી વજ્ર બનાવ્યું અને બ્રહ્મશિર નામનું બાણ બનાવ્યું તથા અન્ય અસ્થિઓથી અન્યાન્ય ઘણાંબધાં અસ્ત્રોનું નિર્માણ કર્યું. ત્યારે શિવજીના તેજથી ઉત્કર્ષને પ્રાપ્ત થયેલા ઇન્દ્રએ એ વજ્રને લઈને ક્રોધપૂર્વક વૃત્રાસુર પર આક્રમણ એવી રીતે કર્યું, જે રીતે રુદ્રએ યમરાજ પર આક્રમણ કર્યું હતું. પછી તો કવચ વગેરેથી સારી પેઠે સુરક્ષિત થઈ ઇન્દ્રે તરત જ પરાક્રમ બતાવીને એ વજ્ર દ્વારા વૃત્રાસુરના પર્વતશિખર-સરખા મસ્તકને કાપી નાખ્યું. હે તાત! એ સમયે સ્વર્ગવાસીઓએ મહાન વિજયોત્સવ કર્યો ઇન્દ્ર પર પુષ્પ-વૃષ્ટિ થવા માંડી અને બધા જ દેવતા એમની સ્તુતિ કરવા લાગ્યા. તદનંતર મહાન આત્મબળથી સંપન્ન દધીચિની પત્ની સુવર્ચા પતિની આજ્ઞા અનુસાર પોતાના આશ્રમની અંદર ગઈ. ત્યાં દેવતાઓને માટે પતિને મૃત જાણીને તે દેવતાઓને શાપ દેતાં બોલી.

**સુવર્ચાએ કહ્યું**—'અહો! ઇન્દ્ર સહિત આ બધા દેવતા ખૂબ જ દુષ્ટ છે. પોતાનું કાર્ય સિદ્ધ કરવામાં નિપુણ, મૂર્ખ તથા લોભી છે; એટલા માટે એ બધાયે આજથી મારા શાપથી પશુ થઈ જાય.' આ રીતે એ તપસ્વી મુનિપત્ની સુવર્ચાએ ઇન્દ્ર વગેરે સમસ્ત દેવતાઓને શાપ દઈ દીધો. તત્પશ્ચાત્ એ પતિવ્રતાએ પતિલોકમાં જવાનો વિચાર કર્યો. પછી તો મનસ્વિની સુવર્ચાએ પવિત્ર લાકડાંની એક ચિતા તૈયાર કરી. એ દરમિયાન શંકરજીની પ્રેરણાથી સુખદાયિની આકાશવાણી થઈ, તે એ મુનિપત્ની સુવર્ચાને આશ્વાસન આપતાં બોલી.

**આકાશવાણીએ કહ્યું**—હે પ્રાજ્ઞે! આવું સાહસ ન કરો, મારી વાત સાંભળો. હે દેવી! તમારા ઉદરમાં મુનિનું તેજ વર્તમાન છે, તમે એને યત્નપૂર્વક ઉત્પન્ન કરો. પછી તમારી જેવી ઇચ્છા હોય એવું જ કરજો; કેમકે, શાસ્ત્રનો એવો આદેશ છે ગર્ભવતીએ પોતાનું શરીર ન બાળવું જોઈએ, અર્થાત્ સતી ન થવું જોઈએ.

**નંદીશ્વરજી કહે છે**—હે મુનીશ્વર! આમ

કહીને એ આકાશવાણી શાંત થઈ ગઈ, એને સાંભળીને એ મુનિપત્ની ક્ષણભર માટે તો વિસ્મયમાં પડી ગઈ. પરંતુ એ સતી-સાધ્વી સુવર્ચાને તો પતિલોકની પ્રાપ્તિ જ મનોવાંછિત હતી, તેથી એણે બેસીને પથ્થરથી પોતાના ઉદરને વિદીર્ણ કરી દીધું. ત્યારે એના પેટમાંથી મુનિવર દધીચિનો એ ગર્ભ બહાર નીકળી આવ્યો. એનું શરીર પરમ દિવ્ય અને પ્રકાશમાન હતું તથા એ પોતાની પ્રભાથી દશે દિશાઓને ઉદ્ભાસિત કરી રહ્યો હતો. હે તાત! દધીચિના ઉત્તમ તેજથી પ્રાદુર્ભૂત થયેલો એ ગર્ભ પોતાની લીલા કરવામાં સમર્થ સાક્ષાત્ રુદ્રનો અવતાર હતો. મુનિપ્રિયા સુવર્ચાએ દિવ્યસ્વરૂપધારી પોતાના એ પુત્રને જોઈને મનમાં ને મનમાં સમજી લીધું કે આ રુદ્રનો અવતાર છે. પછી તો એ મહાસાધ્વી પરમાનંદમગ્ન થઈ ગઈ અને શીઘ્ર જ એને નમસ્કાર કરીને એની સ્તુતિ કરવા લાગી. હે મુનીશ્વર! એણે એ સ્વરૂપને હૃદયમાં ધારણ કરી લીધું. તદનંતર, પતિલોકની કામના કરનારી વિમલેક્ષણા માતા સુવર્ચા મંદસ્મિત કરીને પોતાના પુત્રને પરમ સ્નેહપૂર્વક કહેવા લાગી.

**સુવર્ચાએ કહ્યું**—એ તાત પરમેશાન! તમે આ અશ્વત્થા (પીપળાનું વૃક્ષ) નિકટે ચિરકાલ સુધી સ્થિત રહો. હે મહાભાગ! તું સમસ્ત પ્રાણીઓ માટે સુખદાતા થા અને હવે મને પ્રેમપૂર્વક પતિલોકમાં જવાની આજ્ઞા આપ. ત્યાં પતિની સાથે રહીને હું રુદ્રરૂપધારી તમારું ધ્યાન કરતી રહીશ.

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! સાધ્વી સુવર્ચાએ પોતાના પુત્રને આમ કહીને પરમ સમાધિ દ્વારા પતિનું જ અનુગમન કર્યું. હે મુનિવર! આ રીતે દધીચિપત્ની સુવર્ચા પોતાના પતિને જઈ મળી અને આનંદપૂર્વક શંકરજીની સેવા કરવા લાગી. હે તાત! એટલામાં જ હર્ષથી ભરેલા ઈન્દ્રસહિત સમસ્ત દેવતા મુનિઓની સાથે જાણે આમંત્રિત હોય તેમ શીઘ્રતાથી ત્યાં આવી પહોંચ્યા. ત્યારે પ્રસન્ન બુદ્ધિવાળા બ્રહ્માએ એનું નામ (બાળકનું નામ) પિપ્પલાદ રાખ્યું. પછી બધા દેવતાઓ મહોત્સવ કરીને પોતપોતાને ધામે જતા રહ્યા. તદનંતર મહાન ઐશ્વર્યશાળી રુદ્રાવતાર પિપ્પલાદ એજ અશ્વત્થની નીચે લોકોની હિતકામનાથી ચિરકાલિક તપમાં પ્રવૃત્ત થયા. લોકાચારનું અનુસરણ કરીને આપ તપસ્યા કરતાં પિપ્પલાદનો ઘણોબધો સમય વ્યતીત થઈ ગયો.

તદનંતર પિપ્લાદે રાજા અનરણ્યની કન્યા પદ્મા સાથે વિવાહ કરીને તરુણ થઈને એની સાથે વિલાસ કર્યો. એ મુનિને દશ પુત્રો ઉત્પન્ન થયા, જે બધા એ પિતાની જેમ મહાત્મા અને ઉગ્ર તપસ્વી હતા. તે પોતાની માતા પદ્માની સુખવૃદ્ધિ કરનારા થયા. આ રીતે મહાપ્રભુ શંકરના લીલાવતાર મુનિ પિપ્લાદે મહાન ઐશ્વર્યશાળી તથા વિવિધ પ્રકારની લીલાઓ કરી. એ કૃપાળુએ જગતમાં શનૈશ્ચરની પીડાને, જેનું નિવારણ કરવું બધા લોકોની શક્તિ બહાર હતું, જોઈને લોકોને વરદાન આપ્યું કે, જન્મથી માંડીને સોળ વર્ષના આયુવાળા મનુષ્યોને તથા શિવભક્તોને શનિની પીડા નહીં થઈ શકે, આ મારું વચન સર્વથા સત્ય છે. જો ક્યાંક શનિ મારા વચનનો અનાદર કરીને એ મનુષ્યને પીડા કરશે તો નિઃસંદેહ એ ભસ્મ થઈ જશે. હે તાત! એટલા માટે એ ભયથી ભીત થયેલા ગ્રહશ્રેષ્ઠ શનૈશ્ચર વિકૃત થવા છતાં પણ એવા મનુષ્યોને

ક્યારેય પીડા કરતા નથી. હે મુનિવર! આ પ્રકારે મેં લીલાથી મનુષ્યરૂપ ધારણ કરનાર પિપ્પલાદનું ઉત્તમ ચરિત્ર તમને સંભળાવ્યું, એ સંપૂર્ણ કામનાઓને પૂર્ણ કરનારું છે. ગાધિ, કૌશિક અને મહામુનિ પિપ્પલાદ - એ ત્રણેના સ્મરણથી શનૈશ્ચરજનિત પીડાનો નાશ થઈ જાય છે. તે મુનિવર દધીચિ, જે પરમ જ્ઞાની, સત્પુરુષોના પ્રિય, મહાન શિવભક્તને ધન્ય છે. જેમને ત્યાં સ્વયં આત્મજ્ઞાની મહેશ્વર પિપ્પલાદ નામના પુત્ર થઈને જન્મ્યા. હે તાત! આ આખ્યાન નિર્દોષ, સ્વર્ગપ્રદ, કુગ્રહજનિત દોષોનું સંહારક, સંપૂર્ણ મનોરથોનું પૂરક અને શિવભક્તિની વિશેષ વૃદ્ધિ કરનારું છે.

(અધ્યાય ૨૧ થી ૨૫)

*

# ભગવાન શિવની દ્વિજેશ્વરાવતારની કથા - રાજા ભદ્રાયુ તથા રાણી કીર્તિમાલિનીની ધાર્મિક દૃઢતાની પરીક્ષા

**તદનંતર વૈશ્યનાથ અવતારનું વર્ણન કરીને નંદીશ્વરે દ્વિજેશ્વરાવતારનો પ્રસંગ ચલાવ્યો અને બોલ્યા**—હે તાત! પહેલાં જે નૃપશ્રેષ્ઠ ભદ્રાયુનો પરિચય અપાયો હતો. અને જેના પર ભગવાન શિવે ઋષભરૂપે અનુગ્રહ કર્યો હતો, એ જ નરેશના ધર્મની પરીક્ષા લેવાને માટે એ ભગવાન પુનઃ દ્વિજેશ્વરરૂપે પ્રગટ થયા. ઋષભના પ્રભાવથી રણભૂમિમાં શત્રુઓ પર વિજય મેળવીને શક્તિશાળી રાજકુમાર ભદ્રાયુ જ્યારે રાજ્યસિંહાસન પર આરૂઢ થયા ત્યારે રાજા ચંદ્રાંગ તથા રાણી સીમંતિની પુત્રી સતી-સાધ્વી કીર્તિમાલીનીની સાથે એમનો વિવાહ થયો. કોઈ એક સમયે રાજા ભદ્રાયુએ પોતાની ધર્મપત્ની સાથે વસંત ઋતુમાં વનવિહાર કરવા માટે એક ગહન વનમાં પ્રવેશ કર્યો. એમની પત્ની શરણાગતજનોનું પાલન કરનારી હતી. રાજાનો પણ એવો જ નિયમ હતો. એ રાજદંપતીની ધર્મમાં કેટલી દૃઢતા છે, એની પરીક્ષા માટે પાર્વતી સહિત શિવે એક લીલા રચી. શિવા અને શિવ એ વનમાં બ્રાહ્મણ અને બ્રાહ્મણીરૂપે પ્રગટ થયાં. એ બંનેએ લીલાપૂર્વક એક માયામય વાઘનું નિર્માણ કર્યું. એ બંને ભયથી વિહ્વળ થઈ વાઘથી થોડે જ દૂર આગળ રડતા-બૂમો પાડતા ભાગવા માંડ્યાં અને વાઘ એમનો પીછો કરવા લાગ્યો. રાજાએ એમને આ અવસ્થામાં દીઠાં. તે બ્રાહ્મણ-દંપતી પણ ભયથી વિહ્વળ થઈને મહારાજાને શરણે ગયા અને આ પ્રકારે બોલવા લાગ્યાં.

**બ્રાહ્મણદંપતીએ કહ્યું**—હે મહારાજ! અમારી રક્ષા કરો, રક્ષા કરો. આ વાઘ અમને બંનેને ખાઈ જવા આવી રહ્યો છે. સમસ્ત પ્રાણીઓના કાળ સમાન ભય દેનાર આ હિંસક પ્રાણી અમને એનો આહાર બનાવે, એ પૂર્વે તમે જ અમને બંનેને બચાવી લો.

એ બંનેનું આ કરુણક્રંદન સાંભળીને મહાવીર રાજાએ જેવું ધનુષ ઉઠાવ્યું, ત્યાં જ વાઘ એમની નિકટમાં આવીને ઊભો. એણે બ્રાહ્મણીને પકડી લીધી. તે બિચારી 'હા નાથ! હા નાથ! હા પ્રાણવલ્લભ! હા શંભો! હા જગદ્ગુરો!' વગેરે કહીને રડવા લાગી, વિલાપ કરવા લાગી. વાઘ બહુ ભયાનક હતો. એણે જેવી બ્રાહ્મણીને પોતાનો કોળિયો બનાવવાની ચેષ્ટા કરી, ત્યાં

જ ભદ્રાયુને તીક્ષ્ણ બાણોથી એના મર્મમાં આઘાત કર્યો; પરંતુ એ બાણોથી એ મહાબલી વાઘને લગીરે પણ વ્યથા ન થઈ. એ બ્રાહ્મણીને બળપૂર્વક ઘસડતો ઘસડતો તત્કાલ દૂર નીકળી ગયો. પોતાની પત્નીને વાઘના પંજામાં પડેલી જોઈને બ્રાહ્મણને બહુ દુઃખ થયું અને તે વારંવાર રડવા લાગ્યો. ઘણી વાર સુધી રડીને એણે રાજા ભદ્રાયુને કહ્યું—'હે રાજન્! તમારાં પેલાં મોટાં મોટાં અસ્રો ક્યાં છે? દુઃખીઓની રક્ષા કરનારું તમારું વિશાળ ધનુષ ક્યાં છે? સાંભળ્યું હતું કે તમારામાં તો બાર બાર હજાર મોટા મોટા હાથીઓનું બળ છે. તેનું શું થયું? તમારા શંખ, ખડ્ગ અને મંત્રાસ્ત્ર-વિદ્યાથી શો લાભ થયો? બીજાઓને ક્ષીણ થતાં બચાવી લેવાનો ક્ષત્રિયનો પરમ ધર્મ છે. ધર્મજ્ઞ રાજા પોતાનું ધન અને પ્રાણ આપીને પણ શરણમાં આવેલાં દીનદુખીઓની રક્ષા કરે છે. જે પીડિતોની પ્રાણરક્ષા નથી કરી શકતા, એવા લોકોએ તો જીવવાને બદલે મરી જવું જ બહેતર છે.'

આ પ્રકારે બ્રાહ્મણનો વિલાપ અને એના મુખથી પોતાના પરાક્રમની નિંદા સાંભળીને રાજાએ શોકથી મનમાં ને મનમાં આ રીતે વિચાર કર્યો—'અહો! આજે ભાગ્યના પલટ-ફેરથી મારું પરાક્રમ નષ્ટ થઈ ગયું. મારા ધર્મનો પણ નાશ થઈ ગયો. તેથી હવે મારી સંપદા, રાજ્ય અને આયુનો પણ નિશ્ચય જ નાશ થઈ જશે.' આવું વિચારીને રાજા ભદ્રાયુ બ્રાહ્મણનાં ચરણોમાં પડી ગયો અને એને ધીરજ આપતાં બોલ્યો—'હે બ્રહ્મન્! મારું પરાક્રમ નષ્ટ થઈ ગયું છે. હે મહામતે! મુજ ક્ષત્રિય-અધમ પર કૃપા કરીને શોક છોડી દો. હું આપને મનોવાંછિત પદાર્થ આપીશ. આ રાજ્ય, આ રાણી અને મારું આ શરીર બધું જ આપને અધીન છે. બોલો, આપ શું ચાહો છો?'

**બ્રાહ્મણ બોલ્યા**—હે રાજન્! આંધળાને દર્પણ શા કામનું? જે ભિક્ષા માગીને જીવન-નિર્વાહ કરતો હોય, એ ઘણાંબધાં ઘર લઈને કરે પણ શું? જે મૂર્ખ છે, એને પુસ્તક સાથે શી લેવાદેવા, અને જેની પાસે સ્ત્રી નથી, એ ધનને લઈને કરશે પણ શું? મારી પત્ની જતી રહી, મેં ક્યારેય કામભોગનો ઉપભોગ કર્યો નથી. એટલે કામભોગને માટે તમે તમારી આ મોટી રાણી મને આપી દો.

**રાજાએ કહ્યું**—હે બ્રહ્મન્! શું આ જ તમારો ધર્મ છે? શું ગુરુએ તમને આ જ ઉપદેશ આપ્યો છે? શું તમે નથી જાણતા કે પારકી સ્ત્રીનો સ્પર્શ સ્વર્ગ અને સુયશની હાનિ કરનારો છે? પરસ્ત્રીના ઉપભોગથી જે પાપ કમાશો, એને સેંકડો પ્રાયશ્ચિત્તો દ્વારા પણ ધોઈ શકાતું નથી.

**બ્રાહ્મણ બોલ્યા**—હે રાજન્! હું મારી તપસ્યાથી ભયંકર બ્રહ્મહત્યા અને મદિરાપાન જેવાં પાપનો પણ નાશ કરી નાખીશ. પછી પરસ્ત્રી-સંગમની તો ગણતરી જ શી. એટલે આપ તમારી આ ભાર્યાને મને અવશ્ય આપી દો અન્યથા તમે નિશ્ચય જ નરકમાં પડશો.

બ્રાહ્મણની આ વાત પર રાજાએ મનમાં ને મનમાં વિચાર કર્યો કે બ્રાહ્મણના પ્રાણોની રક્ષા ન કરવાથી મહાપાપ થશે, તેથી કરીને એનાથી બચવા માટે પત્નીને આપી દેવી એ જ શ્રેષ્ઠ છે. આ શ્રેષ્ઠ બ્રાહ્મણને મારી પત્ની આપીને હું પાપથી મુક્ત થઈને શીઘ્ર જ અગ્નિ-પ્રવેશ કરીશ. મનમાં ને મનમાં આવો નિશ્ચય કરીને રાજાએ આગ સળગાવી અને બ્રાહ્મણને બોલાવીને એને પોતાની પત્ની આપી દીધી

તત્પશ્ચાત્ સ્નાન કરીને પવિત્ર થઈને દેવતાઓને પ્રણામ કરીને એણે અગ્નિની બે વાર પરિક્રમા કરી અને એકાગ્રચિત્ત થઈને ભગવાન શિવનું ધ્યાન કર્યું. આ રીતે રાજાને અગ્નિમાં પડવાને માટે તૈયાર થયેલો જોઈ જગત્પતિ વિશ્વનાથ સહસા ત્યાં પ્રગટ થઈ ગયા. એમને પાંચ મુખ હતાં. મસ્તક પર ચંદ્રકલા આભૂષણનું કામ આપી રહી હતી. થોડાક પીળા રંગની જટા લટકેલી હતી. એ કોટિ કોટિ સૂર્ય સમાન તેજસ્વી હતા. હાથમાં ત્રિશૂળ, ખટ્વાંગ, કુઠાર, ઢાલ, મૃગ, અભય, વરદ અને પિનાક ધારણ કરેલાં હતાં, બળદ (પોઠિયો) પર બેઠેલા ભગવાન નીલકંઠને રાજાએ પોતાની સામે પ્રત્યક્ષ જોયા. એમનાં દર્શનજનિત આનંદથી યુક્ત થઈને રાજા ભદ્રાયુએ હાથ જોડીને સ્તવન કર્યું.

**રાજાની સ્તુતિ કરવાથી તે સાંભળીને પાર્વતી સાથે પ્રસન્ન થયેલા મહેશ્વરે કહ્યું—** હે રાજન્! તમે કોઈ અન્યનું ચિંતન ન કરીને જે સદાસર્વદા મારું પૂજન કર્યું છે, તમારી આ ભક્તિને કારણે અને તમારા દ્વારા આ પવિત્ર સ્તુતિને સાંભળીને હું બહુ જ પ્રસન્ન થયો છું. તમારા ભક્તિભાવની પરીક્ષા લેવા માટે જ હું સ્વયં બ્રાહ્મણ બનીને આવ્યો હતો. જેને વાઘે ગ્રસી લીધી હતી તે બ્રાહ્મણ બીજી કોઈ નહીં, એ તો ગિરિરાજનંદિની ઉમાદેવી જ હતાં. તમારા બાણ મારવાથી પણ જેના શરીરને ઘા પડ્યો નથી, ને વાઘ પણ માયાનિર્મિત હતો. તમારા ધૈર્યને જોવા માટે જ મેં તમારી પત્નીને માગી હતી, એ કીર્તિમાલિનીની અને તમારી ભક્તિથી હું સંતુષ્ટ છું. તમે કોઈ દુર્લભ વરદાન માગો, હું એ આપીશ.

**રાજા બોલ્યા—**હે દેવ! તમે સાક્ષાત્ પરમેશ્વર છો. આપે સાંસારિક તાપથી ઘેરાયેલા મને અધમને જે પ્રત્યક્ષ દર્શન દીધાં છે એ જ મારે માટે મહાન વરદાન છે. હે દેવ! આપ તો વરદાન આપનારાઓમાં શ્રેષ્ઠ છો. આપની પાસેથી હું બીજું કોઈ વરદાન નથી ચાહતો. મારી ઇચ્છા છે કે હું, મારી રાણી, મારાં માતા-પિતા, પદ્માકર વૈશ્ય અને એના પુત્ર સનય- એ સૌને આપ આપના પાર્શ્વવર્તી અંતેવાસી સેવક બનાવી લો.

તત્પશ્ચાત્ રાણી કીર્તિમાલિનીએ પ્રણામ કરીને પોતાની ભક્તિથી ભગવાન શંકરને પ્રસન્ન કર્યા અને આ ઉત્તમ વરદાન માગ્યું— 'હે મહાદેવ! મારા પિતા ચંદ્રાંગ અને માતા સીમન્તિની એ બંનેને પણ આપની પાસે નિવાસ આપો.' ભક્તવત્સલ ભગવાન ગૌરીપતિએ પ્રસન્ન થઈને 'એવમસ્તુ' કહ્યું અને એ બંને પતિ-પત્નીને ઇચ્છા અનુસાર વરદાન આપીને તે ક્ષણભરમાં જ અંતર્ધાન થઈ ગયા. આ બાજુ રાજાએ ભગવાન શંકરનો પ્રસાદ પ્રાપ્ત કરીને કીર્તિમાલિની સાથે પ્રિય ભોગોનો ઉપભોગ કર્યો અને દસ હજાર વર્ષ રાજ્ય કર્યા પછી પોતાના પુત્રોને રાજ્ય આપીને એમણે શિવજીના પરમ પદને પ્રાપ્ત કર્યું. રાજા અને રાણી બંનેએ જ ભક્તિપૂર્વક મહાદેવજીની પૂજા કરીને ભગવાન શિવના ધામની પ્રાપ્તિ કરી. પરમપદ પામ્યાં. આ પરમ પવિત્ર, પાપનાશક અને અત્યંત ગોપનીય ભગવાન શિવના વિચિત્ર ગુણાનુવાદ જે વિદ્વાનોને સંભળાવે છે અથવા સ્વયં પણ શુદ્ધચિત્ત થઈને વાંચે છે, ભણે છે તે આ લોકમાં ભોગ-ઐશ્વર્યને પ્રાપ્ત કરીને અંતે ભગવાન શિવને પ્રાપ્ત થઈ જાય છે.

(અધ્યાય ૨૬ થી ૨૭)

*

# ભગવાન શિવનો યતિનાથ અને હંસ નામનો અવતાર

**નંદીશ્વર કહે છે**—હે મુને! હવે હું પરમાત્મા શિવના યતિનાથ નામના અવતારનું વર્ણન કરું છું. હે મુનીશ્વર! અર્બુદાચલ નામના પર્વત પાસે એક ભીલ રહેતો હતો, જેનું નામ હતું આહુક. એની પત્નીને લોકો આહુમ કહેતા હતા. તે ઉત્તમ વ્રતનું પાલન કરનારી હતી. એ બંને પતિ-પત્ની મહાન શિવભક્ત હતાં અને શિવની આરાધના-પૂજામાં લાગ્યાં રહેતાં હતાં. એક દિવસ તે શિવભક્ત ભીલ પોતાની પત્ની માટે આહારની શોધ કરવા નિમિત્તે જંગલમાં બહુ દૂર ચાલ્યો ગયો. એ જ વખતે સંધ્યાકાળમાં ભીલની પરીક્ષા લેવા માટે ભગવાન શંકર સંન્યાસીનું રૂપ ધારણ કરીને ઘેર આવ્યા. એટલામાં જ ઘરનો માલિક ભીલ પણ ચાલ્યો આવ્યો અને એણે બહુ પ્રેમથી એ યતિરાજનું પૂજન કર્યું. એના મનોભાવની પરીક્ષા માટે એ યતીશ્વરે દીનવાણીમાં કહ્યું—'હે ભીલ! આજની રાત અહીં રહેવાને માટે સ્થાન આપી દે. સવાર થતાં જ હું ચાલ્યો જઈશ, તમારું સદા કલ્યાણ થાઓ.'

**ભીલ બોલ્યો**—હે સ્વામીજી! આપ ઠીક કહો છો, તથાપિ મારી આ વાત સાંભળો. મારા ઘરમાં જગા-સ્થાન તો હું થોડું જ છે. પછી આપનું રહેવું કેવી રીતે થઈ શકે છે?

ભીલની આ વાત સાંભળીને સ્વામીજી ત્યાંથી ચાલ્યા જવા તૈયાર થઈ ગયા.

**ત્યારે ભીલનીએ કહ્યું**—હે પ્રાણનાથ! આપ સ્વામીજીને સ્થાન આપી દો. ઘેર આવેલા અતિથિને નિરાશ કરીને પાછા ન કાઢો. અન્યથા આપણા ગૃહસ્થ-ધર્મના પાલનમાં બાધા પહોંચશે. આપ સ્વામીજીની સાથે સુખપૂર્વક ઘરની અંદર રહો અને હું મોટાં મોટાં અસ્ત્ર-શસ્ત્ર લઈને બહાર ઊભી રહીશ.

પત્નીની આ વાત સાંભળીને ભીલે વિચાર કર્યો. સ્ત્રીને ઘરની બહાર કાઢીને હું અંદર કેવી રીતે રહી શકું? સંન્યાસીજીનું અન્યત્ર જવું પણ મારે માટે અધર્મકારક જ હશે. એ બંને જ કાર્ય એક ગૃહસ્થને માટે અનુચિત છે. માટે મારે જ ઘરની બહાર રહેવું જોઈએ. જે થવાનું હશે તે થશે. હોનહાર, નિયતિને કોણ ટાળી શક્યું છે? આવું વિચારીને આગ્રહ કરીને એણે સ્ત્રીને અને સંન્યાસીને તો સાનંદ ઘરની અંદર રહેવા દીધાં અને સ્વયં ભીલ પોતાનાં આયુધ પાસે રાખીને ઘરની બહાર ઊભો રહી ગયો. રાત્રે જંગલી ક્રૂર અને હિંસક પશુ એને પીડા આપવા લાગ્યાં. એણે પણ યથાશક્તિ એ પ્રાણીઓથી બચવા માટે મહાન યત્ન કર્યો. આ રીતે યત્ન કરતાં એ ભીલ બળવાન હોવા છતાં પ્રારબ્ધપ્રેરિત હિંસક પશુઓ દ્વારા બળપૂર્વક શિકાર બની ગયો, પ્રાણીઓ એને ખાઈ ગયાં. સવારે ઊઠીને જ્યારે યતિએ જોયું કે હિંસક પશુઓ ભીલને ખાઈ ગયાં છે, ત્યારે એમને મહાન દુ:ખ થયું. સંન્યાસીને દુ:ખી જોઈને ભીલની દુ:ખથી વ્યાકુળ હોવા છતાં ધૈર્યપૂર્વક એ દુ:ખને દબાવીને આ પ્રમાણે બોલી—'હે સ્વામીજી! આપ દુ:ખી શા માટે થઈ રહ્યા છો? આ ભીલરાજાનું તો આ સમયે કલ્યાણ જ થયું છે. એ ધન્ય અને કૃતાર્થ થઈ ગયા, જેને આવું મૃત્યુ મળે. હું ચિતાની આગમાં સળગી જઈને એમનું અનુસરણ કરીશ. આપ પ્રસન્નતાપૂર્વક મારે માટે એક ચિતા તૈયાર કરી આપો, કેમકે સ્વામીનું અનુસરણ કરવું એ સ્ત્રીઓને માટે સનાતન ધર્મ છે. એની વાત

સાંભળીને સંન્યાસીજીએ સ્વયં ચિતા તૈયાર કરી અને ભીલનીએ પોતાના ધર્મ અનુસાર એમાં



પ્રવેશ કર્યો. એ જ સમયે ભગવાન શંકર પોતાના સાક્ષાત્સ્વરૂપે એની સામે પ્રગટ થઈ ગયા અને એની પ્રશંસા કરતાં બોલ્યા—તું ધન્ય છે, ધન્ય હો. હું તારા પર પ્રસન્ન છું તું ઈચ્છા-અનુસાર વરદાન માગ - તારે માટે કશુંય અદેય નથી. અર્થાત્ તું માગીશ એ આપીશ. વરદાન માગ.'

ભગવાન શંકરનું આ પરમ આનંદદાયક વચન સાંભળીને ભીલનીને બહુ સુખ પ્રાપ્ત થયું. તે એવી તો આનંદ-વિભોર થઈ ગઈ કે એને કોઈ વાતની સુધ જ ન રહી. એની આ અવસ્થાને લક્ષ્ય કરીને ભગવાન શંકર વધારે પ્રસન્ન થયા અને એણે ન માગ્યું છતાં એને વરદાન આપતાં બોલ્યા—'મારું' જે આ યતિરૂપ છે, એ ભાવિ જન્મમાં હંસરૂપે પ્રગટ થશે અને તે હંસ પ્રસન્નતાપૂર્વક તમારા બંનેનો પરસ્પર સંયોગ કરાવશે. આ ભીલ નિષધ દેશની ઉત્તમ રાજધાનીમાં રાજા વીરસેનનો શ્રેષ્ઠ પુત્ર થશે. એ સમયે નળના નામથી એની ખ્યાતિ થશે અને તું વિદર્ભ નગરમાં ભીમરાજની પુત્રી દમયંતી થઈશ. તમે બંને મળીને રાજભોગ ભોગવ્યા બાદ એ મોક્ષ પ્રાપ્ત કરશો, જે મોટા મોટા યોગીશ્વરોને માટે પણ દુર્લભ છે.'

**નંદીશ્વરજી કહે છે—હે મુને!** આવું કહીને ભગવાન એ સમયે લિંગરૂપે સ્થિત થઈ ગયા. ને ભીલ પોતાના ધર્મથી વિચલિત થયો ન હતો, તેથી કરીને એના જ નામ પર એ લિંગને 'અચલેશ' સંજ્ઞા આપવામાં આવી. બીજા જન્મમાં તે આહુક નામે ભીલ નૈષધનગરમાં વીરસેનનો પુત્ર થઈને મહારાજ નળ નામે વિખ્યાત થયા. અને આહુકા નામની ભીલની વિદર્ભનગરના રાજા ભીમની પુત્રી દમયંતી થઈ એ તે યતિનાથ શિવ ત્યાં હંસરૂપે પ્રગટ થયા. એમણે દમયંતીના નળની સાથે વિવાહ કરાવ્યો. પૂર્વ જન્મના સત્કારજનિત પુણ્યથી પ્રસન્ન થઈ ભગવાન શિવે હંસનું રૂપ ધારણ કરીને એ બંને સુખ આપ્યું. હંસાવતારી શિવ વિવિધ પ્રકારની વાતો કરવામાં અને સંદેશો પહોંચાડવામાં કુશળ હતા. એ નળ અને દમયંતી બંનેને માટે પરમ આનંદદાયક થયા. (અધ્યાય ૨૮)

*

## ભગવાન શિવના કૃષ્ણદર્શન નામના અવતારની કથા

**નંદીશ્વરજી કહે છે—હે સનત્કુમારજી!** ભગવાનના એક ઉત્તમ અવતારનું નામ છે કૃષ્ણદર્શન, જેણે રાજા નભગને જ્ઞાન પ્રદાન કર્યું હતું. એનું વર્ણન કરું છું. સાંભળો. શ્રાદ્ધદેવ નામના મનુનાં જે ઈક્ષ્વાકુ વગેરે પુત્રો હતા, એમાં નવમ પુત્રનું નામ નભગ હતું. જેનો પુત્ર નાભાગ નામથી પ્રસિદ્ધ થયો. નાભાગના જ પુત્ર અંબરીશ થયા, જે ભગવાન વિષ્ણુના ભક્ત હતા

તથા જેમની બ્રાહ્મણભક્તિ જોઈને એના પર મહર્ષિ દુર્વાસા પ્રસન્ન થયા હતા. હે મુને! અંબરીષના પિતામહ જે નભગ કહેવાયા છે, એમનું ચરિત્ર-વર્ણન સાંભળો. એમને જ ભગવાન શિવે જ્ઞાન પ્રદાન કર્યું હતું. મનુપુત્ર નભગ બહુ બુદ્ધિમાન હતા. એમણે વિદ્યા-અધ્યયન માટે દીર્ઘકાળ સુધી ઈન્દ્રિય-સંયમપૂર્વક ગુરુકુળમાં નિવાસ કર્યો. એ દરમિયાન ઈક્ષ્વાકુ વગેરે ભાઈઓ નભગ માટે કોઈ ભાગ ન આપીને પિતાની સંપત્તિ અંદરોઅંદર વહેંચી લીધી, અને પોત-પોતાનો ભાગ લઈને તે ઉત્તમ રીતે રાજ્યનું પાલન કરવા લાગ્યા. એ બધાએ પિતાની આજ્ઞાથી જ ધન વહેંચી લીધું હતું. થોડા સમય પછી બ્રહ્મચારી નભગ ગુરુકુલથી સાંગોપાંગ વેદોનું અધ્યયન કરીને ત્યાં ગયા. એમણે જોયું કે બધા ભાઈઓએ બધી સંપત્તિ વહેંચી લીધી છે, અને પોતપોતાનો ભાગ લઈ ચૂક્યા છે, ત્યારે એમણે પણ બહુ સ્નેહથી દાયભાગ મેળવવાની ઈચ્છા રાખીને પોતાના ઈક્ષ્વાકુ વગેરે બંધુઓને કહ્યું—'હે ભાઈઓ! મને ભાગ આપ્યા વિના જ તમે લોકોએ અંદરોઅંદર સંપત્તિ વહેંચી લીધી છે. તેથી હવે પ્રસન્નતાપૂર્વક મારો ભાગ આપો. હું મારો દાયભાગ લેવાને માટે અહીં આવ્યો છું.'

**ભાઈ બોલ્યા**—જ્યારે સંપત્તિની વહેંચણી થઈ રહી હતી, એ સમયે અમે તારો ભાગ રાખવાનું ભૂલી ગયા હતા. હવે આ સમય પિતાજીને જ તમારા ભાગરૂપે આપીએ છીએ. તું એમને લઈ લે, એમાં સંશય નથી.

ભાઈઓનું આ કથન સાંભળી નભગને બહુ આશ્ચર્ય થયું, વિસ્મય થયો. તે પિતાની પાસે જઈને બોલ્યો 'હે તાત! હું વિદ્યા-અધ્યયન માટે ગુરુકુલમાં ગયો હતો અને ત્યાં હજુ સુધી બ્રહ્મચારી રહ્યો છું. એ દરમિયાન ભાઈઓએ મને છોડીને પરસ્પર ધન વહેંચી લીધું. ત્યાંથી પરત આવીને મેં મારા ભાગ વિશે એમને પૂછ્યું, ત્યારે એમણે મારો હિસ્સો, ભાગ બતાવી દીધો. તેથી જ એ માટે હું આપની સેવામાં આવ્યો છું.' નભગની આ વાત સાંભળીને પિતાજીને બહુ વિસ્મય થયો. શ્રાદ્ધદેવે પુત્રને આશ્વાસન આપતાં કહ્યું—'હે બેટા! ભાઈઓની એ વાત પર વિશ્વાસ ન કર. એ વાત એમણે તને ઠગવા વાસ્તે કહી છે. હું તારે માટે ભોગસાધક ઉત્તમ દાય ન બની શકું, તથાપિ છેતરપિંડી કરનારાઓએ જો મને જ દાયભાગના રૂપે તને આપ્યો છે તો હું તને તારી જીવિકાનો એક ઉપાય બતાવું છું. સાંભળ - આ દિવસોમાં બુદ્ધિવાળા આંગિરસગોત્રીય બ્રાહ્મણ એક બહુ મોટો યજ્ઞ કરી રહ્યો છે. એ કર્મમાં પ્રત્યેક છઠ્ઠા દિવસનું કાર્ય એ ઠીક ઠીક રીતે નથી સમજી શકતા—એમાં એમની ભૂલ થઈ જાય છે. તું ત્યાં જા અને એ બ્રાહ્મણોને વિશ્વેદેવ સંબંધી બે સૂક્ત બતાવી દીધા કર. તેથી એ યજ્ઞ શુદ્ધરૂપે સંપાદિત થશે. તે યજ્ઞ સમાપ્ત થઈ ગયા પછી એ બ્રાહ્મણો જ્યારે સ્વર્ગમાં જવા લાગશે, એ સમયે સંતુષ્ટ થઈને એ યજ્ઞથી બચેલું બધું જ ધન તને આપી દેશે.'

પિતાની આ વાત સાંભળીને સત્યવાદી નભગ ખૂબ પ્રસન્નતા સાથે એ ઉત્તમ યજ્ઞમાં ગયો. હે મુને! ત્યાં છઠ્ઠા દિવસના કર્મમાં બુદ્ધિમાન મનુપુત્રે વૈશ્વદેવ સંબંધી બંને સૂક્તોનું સ્પષ્ટરૂપે ઉચ્ચારણ કર્યું. યજ્ઞકર્મ પૂરું થઈ ગયા પછી એ આંગિરસ બ્રાહ્મણ યજ્ઞથી બચેલું પોતપોતાનું ધન નભગને આપીને સ્વર્ગલોકે ચાલ્યા ગયા. એ યજ્ઞશિષ્ટ ધનને જ્યારે તે ગ્રહણ કરવા લાગ્યા, એ જ સમયે સુંદર લીલા કરનારા

પ્રભુ ભગવાન શિવ તત્કાળ ત્યાં પ્રગટ થઈ ગયા. એમનાં બધાં જ અંગો સુંદર હતાં, પરંતુ નેત્ર કાળાં હતાં. એમણે નભગને પૂછ્યું—'તમે કોણ છો? જે આ ધનને લઈ રહ્યા છો. આ તો મારી સંપત્તિ છે. તમને કોણે અહીં મોકલ્યા છે; એ બધી વાતો મને ઠીક ઠીક રીતે બતાવો.'

**નભગે કહ્યું**—આ તો યજ્ઞનું બચેલું ધન છે, જે ઋષિઓએ મને આપ્યું છે, હવે એ મારી સંપત્તિ છે. એ લેવામાં તમે મને કેવી રીતે રોકી શકો છો?

**કૃષ્ણદર્શને કહ્યું**—'હે તાત! આપણા બેના ઝઘડામાં તમારા પિતા જ પંચ રહેશે. જઈને એમને પૂછો અને એ જે નિર્ણય આપે તે ઠીક ઠીક રીતે અહીં આવીને બતાવો.' એની વાત સાંભળીને નભગે પિતાની પાસે જઈને ઉક્ત પ્રશ્નને એમની સામે મૂક્યો. શ્રાદ્ધદેવને કોઈ જૂની વાત યાદ આવી ગઈ અને એમણે ભગવાન શિવનાં ચરણકમળોનું ધ્યાન કરતાં કહ્યું.

**મનુ બોલ્યા**—'હે તાત! એ પુરુષ જે તને તે ધન લેવાથી રોકી રહ્યા છે, તે સાક્ષાત્ ભગવાન શિવ છે. આમ તો સંસારની બધી જ વસ્તુઓ એમની જ છે. પરંતુ યજ્ઞથી પ્રાપ્ત થયેલા ધન પર એમનો વિશેષ અધિકાર છે. યજ્ઞ કરવાથી જે ધન બચે છે, એને ભગવાન રુદ્રનો ભાગ નિશ્ચિત કરવામાં આવ્યો છે. માટે યજ્ઞ-અવશિષ્ટ બધી વસ્તુઓને ગ્રહણ કરવાનો અધિકાર સર્વેશ્વર મહાદેવજીનો જ છે. પોતાની ઇચ્છાથી જ બીજા લોકો એ વસ્તુને લઈ શકે છે. ભગવાન શિવ તારા ઉપર કૃપા માટે જ ત્યાં આવું રૂપ ધારણ કરીને આવ્યા છે. તું ત્યાં જ જા અને એમને પ્રસન્ન કર. તારા અપરાધ માટે ક્ષમા માગજે અને પ્રણામપૂર્વક એમની સ્તુતિ કરજે.' નભગ પિતાની આજ્ઞાથી ત્યાં ગયા અને ભગવાનને પ્રણામ કરીને હાથ જોડીને બોલ્યા—'હે મહેશ્વર! આ આખી ત્રિલોકી આપની જ છે. પછી યજ્ઞમાં બચેલા ધનની તો વાત જ નથી. નિશ્ચય જ એના પર આપનો અધિકાર છે, મારા પિતાએ નિર્ણય આપી દીધો છે. હે નાથ! મેં યથાર્થ વાત ન જાણવાને કારણે ભ્રમવશ જે કાંઈ કહ્યું છે તે મારા અપરાધને ક્ષમા કરો. હું આપનાં ચરણોમાં મસ્તક નમાવીને, રાખીને એ પ્રાર્થના કરું છું કે આપ મુજ પર પ્રસન્ન થાઓ.'

આવું કહીને નભગે અત્યંત દીનતાપૂર્વક હૃદયથી બંને હાથ જોડીને મહેશ્વર કૃષ્ણદર્શનનું સ્તવન કર્યું. પેલા શ્રાદ્ધદેવ પણ પોતાના અપરાધની ક્ષમા માગતાં ભગવાન શિવની સ્તુતિ કરી. ત્યાર પછી ભગવાન રુદ્રે મનમાં ને મનમાં જ પ્રસન્ન થઈને નભગને કૃપાદૃષ્ટિથી જોયો અને મંદસ્મિત કરતાં કરતાં બોલ્યા.

**કૃષ્ણદર્શન બોલ્યા**—'હે નભગ! તમારા પિતાજીએ જે ધર્માનુકૂળ વાત કહી છે તે ઠીક છે. તમે પણ સાધુ-સ્વભાવને કારણે સત્ય જ કહ્યું છે. એટલા માટે હું તમારા પર બહુ પ્રસન્ન છું અને કૃપાપૂર્વક તમને સનાતન બ્રહ્મતત્ત્વનું જ્ઞાન પ્રદાન કરું છું. આ સમયે આ બધું ધન મેં તમને આપી દીધું. હવે તમે એને ગ્રહણ કરો. આ લોકમાં નિર્વિકાર રહીને સુખ ભોગવો. અંતે મારી કૃપાથી તમને સદ્ગતિ પ્રાપ્ત થશે.' આવું કહીને ભગવાન રુદ્ર બધાંના દેખતાં જ ત્યાં અંતર્ધાન થઈ ગયા. સાથે જ શ્રાદ્ધદેવ પણ પોતાના પુત્ર નભગની સાથે પોતાના સ્થાને પાછા આવ્યા. આ લોકમાં વિપુલ ભોગોનો

ઉપભોગ કરીને અંતે તે ભગવાન શિવના ધામમાં ચાલ્યા ગયા. હે બ્રહ્મન્! આ રીતે તમને મેં ભગવાન શિવના કૃષ્ણદર્શન નામના અવતારનું વર્ણન કરી બતાવ્યું. જે આ આખ્યાનને વાંચે અથવા સાંભળે છે, એને સંપૂર્ણ મનોવાંછિત ફળ પ્રાપ્ત થઈ જાય છે. (અધ્યાય ૨૯)

*

## ભગવાન શિવના અવધૂતેશ્વરાવતારની કથા અને એના મહિમાનું વર્ણન

**નંદીશ્વર કહે છે**—હે સનત્કુમાર! હવે તમે પરમેશ્વર શિવના અવધૂતેશ્વર નામના અવતારનું વર્ણન સાંભળો, જેણે ઇન્દ્રના અભિમાનને ચૂર ચૂર કરી દીધું હતું. પહેલાંની વાત છે, ઇન્દ્ર સંપૂર્ણ દેવતાઓ તથા બૃહસ્પતિજીને સાથે લઈને ભગવાન શિવનાં દર્શન કરવા માટે કૈલાસ પર્વત પર ગયા. એ સમયે બૃહસ્પતિ અને ઇન્દ્રના શુભ-આગમનની વાત જાણીને ભગવાન શંકર એ બંનેની પરીક્ષા લેવા માટે અવધૂત બની ગયા. એમના શરીર પર કોઈ વસ્ત્ર ન હતું. તે પ્રજ્વલિત અગ્નિની જેમ તેજસ્વી હોવાને કારણે મહાભયંકર જણાતા હતા. એમની આકૃતિ ખૂબ સુંદર જણાતી હતી. તે રસ્તો રોકીને વચમાં ઊભા હતા. બૃહસ્પતિ અને ઇન્દ્રએ શિવ સમીપે જતી વખતે જોયું, એક અદ્ભુત શરીરધારી પુરુષ રસ્તાની વચમાં ઊભો છે. ઇન્દ્રને પોતાના અધિકાર પર ઘણો ગર્વ હતો. એટલા માટે તે એ ન જાણી શક્યો આ સાક્ષાત્ શંકર છે. એમણે માર્ગમાં ઊભેલા પુરુષને પૂછ્યું—'તમે કોણ છો? આ નગ્ન અવધૂતવેશમાં ક્યાંથી આવ્યા છો? તમારું નામ શું છે? બધી વાતો ઠીક ઠીક રીતે બતાવો - વિલંબ ન કરો. ભગવાન શિવ પોતાના સ્થાન પર છે કે આ સમયે ક્યાંક અન્યત્ર ગયા છે? હું દેવતાઓ તથા ગુરુજી સાથે એમનાં દર્શન કરવા માટે જઈ રહ્યો છું.

ઇન્દ્રના વારંવાર પૂછવા પર પણ મહાન કૌતુક કરનારા અહંકાર-હારી મહાયોગી ત્રિલોકીનાથ શિવ કાંઈ જ ન બોલ્યા. ચૂપ જ રહ્યા. ત્યારે પોતાના ઐશ્વર્યનું અભિમાન કરનાર દેવરાજ ઇન્દ્રે ક્રોધમાં આવીને એ જટાધારી પુરુષને ફટકાર્યો અને આ પ્રકારે કહ્યું.

**ઇન્દ્ર બોલ્યા**—અરે મૂઢ! દુર્મતે! તું વારંવાર પૂછવા છતાં પણ ઉત્તર કેમ નથી આપતો. એટલે હું તને વજ્રથી મારું છું. જોઉં છું કે કોણ તારી રક્ષા કરે છે.

આવું કહીને એ દિગંબર પુરુષ તરફ ક્રોધપૂર્વક જોઈને એને મારી નાખવા માટે વજ્ર ઉગામ્યું. આ જોઈને ભગવાન શંકરે શીઘ્ર જ એ વજ્રનું સ્તંભન કરી દીધું. એની બાંહ અકડાઈ ગઈ. એટલા માટે એ વજ્રનો પ્રહાર ન કરી શક્યો. ત્યાર બાદ તે પુરુષ તત્કાળ જ ક્રોધને કારણે તેજથી પ્રજ્વલિત થઈ ગયા, જાણે ઇન્દ્રને સળગાવી ન દેતા હોય. ભુજાઓ સ્તંભિત થઈ જવાને કારણે શચીવલ્લભ ઇન્દ્ર ક્રોધથી સર્પની જેમ સળગવા લાગ્યો, જેનું પરાક્રમ મંત્રના બળથી અવરુદ્ધ થઈ ગયું હોય. બૃહસ્પતિએ એ પુરુષને પોતાના તેજથી પ્રજ્વલિત થતો જોઈને તત્કાળ જ સમજી લીધું કે આ સાક્ષાત્ ભગવાન હર છે. પછી તો એ હાથ જોડીને પ્રણામ કરીને એમની સ્તુતિ કરવા લાગ્યા. સ્તુતિ પછી એમણે ઇન્દ્રને એમનાં ચરણોમાં પાડી દીધા અને કહ્યું—'હે દીનાનાથ!

હે મહાદેવ! આ ઈન્દ્ર આપનાં ચરણોમાં પડ્યો છે. આપ એનો અને મારો ઉદ્ધાર કરો. અમારા બંને પર ક્રોધ નહિ, પ્રેમ કરો. હે મહાદેવ! શરણાગત ઈન્દ્રની રક્ષા કરો. આપના લલાટમાંથી પ્રગટેલી આ આગ એમને સળગાવી દેવા આવી રહી છે.'

બૃહસ્પતિની આ વાત સાંભળીને અવધૂતવેશધારી કરુણાસિન્ધુ શિવે હસતાં હસતાં કહ્યું—'મારા નેત્રથી રોષવશ બહાર નીકળેલ અગ્નિને હું પુનઃ કેવી રીતે ધારણ કરી શકું? શું સાપ પોતાની છોડી દીધેલી કાંચળી ફરી ગ્રહણ કરે છે?'

બૃહસ્પતિ બોલ્યા—હે દેવ! હે ભગવન્! ભક્ત સદાયે કૃપાને પાત્ર હોય છે. આપ પોતાનું ભક્તવત્સલ નામને ચરિતાર્થ કરો અને આ ભયંકર તેજને કોઈ અન્યત્ર સ્થળે ફેંકી દો.



રુદ્રે કહ્યું—હે દેવગુરો! હું તમારા ઉપર પ્રસન્ન છું. એટલા માટે ઉત્તમ વરદાન આપું છું. ઈન્દ્રને જીવનદાન દેવાને કારણે આજથી તમારું એક નામ જીવ પણ હશે. મારા લલાટવર્તી નેત્રથી જે આ આગ પ્રગટ થઈ છે, એને દેવતા નહીં સહી શકે, તેથી એને હું બહુ દૂર છોડીશ, જેથી આ ઈન્દ્રને પીડા ન આપી શકે.

આવું કહીને પોતાના એ તેજઃસ્વરૂપ એ અદ્ભુત અગ્નિને હાથમાં લઈને શિવે ક્ષાર સમુદ્રમાં ફેંકી દીધો. ત્યાં ફેંકી દેવાથી શિવનું એ તેજ તત્કાળ એક બાળકના રૂપે પરિણત થઈ ગયું, જે સિન્ધુપુત્ર જલન્ધર નામથી વિખ્યાત થયું. પછી દેવતાઓની પ્રાર્થનાથી ભગવાન શિવે જ અસુરોના સ્વામી જલન્ધરનો વધ કર્યો હતો. અવધૂતરૂપે આવી સુંદર લીલા કરીને લોકકલ્યાણકારી શંકર ત્યાંથી અંતર્ધાન થઈ ગયા. પછી બધા દેવતા અત્યંત નિર્ભય અને સુખી થયા. ઈન્દ્ર અને બૃહસ્પતિ પણ એ ભયથી મુક્ત થઈને ઉત્તમ સુખના ભાગી થયા. જેને માટે એમનું આવવું થયું હતું, તે ભગવાન શિવનાં દર્શન પામીને કૃતાર્થ થયા. ઈન્દ્ર અને બૃહસ્પતિ પ્રસન્નતાપૂર્વક પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. હે સનત્કુમાર! આ પ્રકારે મેં તમને પરમેશ્વર શિવના અવધૂતેશ્વર નામના અવતારનું વર્ણન કર્યું છે, જે દુષ્ટોને દંડ અને ભક્તોને પરમ આનંદ પ્રદાન કરનાર છે. આ દિવ્ય આખ્યાન પાપનું નિવારણ કરીને યશ, સ્વર્ગ, ભોગ, મોક્ષ તથા સંપૂર્ણ મનોવાંછિત ફળનું પ્રાપ્તિ કરાવનારું છે. જે પ્રતિદિન એકાગ્રચિત્ત થઈને એને સાંભળે છે કે સંભળાવે છે, તે આ લોકમાં સંપૂર્ણ સુખોનો ઉપભોગ કરીને અંતે શિવગતિ પ્રાપ્ત કરી લે છે. (અધ્યાય ૩૦)

*

# ભગવાન શિવના ભિક્ષુવર્ય-અવતારની કથા, રાજકુમાર અને દ્વિજકુમાર પર કૃપા

**નંદીશ્વર કહે છે**—હે મુનિશ્રેષ્ઠ! હવે તમે ભગવાન શંભુનો નારી-સંદેહભંજક ભિક્ષુ અવતારનું વર્ણન સાંભળો, જેને એમણે પોતાના ભક્ત પર દયા કરીને ગ્રહણ કર્યો હતો. વિદર્ભ દેશમાં સત્યરથ નામથી પ્રસિદ્ધ એક રાજા હતા, જે ધર્મમાં તત્પર, સત્યશીલ અને મોટા મોટા શિવભક્તોને પ્રેમ કરનારા હતા. ધર્મપૂર્વક પૃથ્વીનું પાલન કરતાં કરતાં એમનો ઘણોબધો વખત સુખપૂર્વક વીતી ગયો. તદનંતર કોઈ એક સમયે શાલ્વદેશના રાજાઓને એ રાજાની રાજધાની પર આક્રમણ કરીને એને ચારે બાજુથી ઘેરી લીધી. બલોન્મત્ત શાલ્વદેશીય ક્ષત્રિયોની સાથે, જેમની પાસે બહુ મોટી સેના હતી, રાજા સત્યરથનું બહુ ભયંકર યુદ્ધ થયું. શત્રુઓની સાથે દારુણ યુદ્ધ કરીને એમની બહુ ભારે સેના નષ્ટ થઈ ગઈ. પછી દૈવયોગથી રાજા પણ શાલ્વોના હાથે માર્યા ગયા. એ નરેશના માર્યા જવાથી મરતાં મરતાં બચી ગયેલા સૈનિક મંત્રીઓ સહિત ભયથી વિહ્વળ થઈને ભાગી જવા તૈયાર થયા. હે મુને! એ સમયે વિદર્ભરાજ સત્યરથની મહારાણી શત્રુઓથી ઘેરાયેલી હોવા છતાં પણ કશો પ્રયત્ન કરીને રાતને સમયે પોતાના નગરની બહાર નીકળી ગઈ. તે ગર્ભવતી હતાં; તેથી શોકથી સંતપ્ત થઈને ભગવાન શંકરનાં ચરણારવિંદોનું ચિંતન કરતાં તે ધીરે ધીરે પૂર્વદિશા તરફ બહુ દૂર ચાલ્યાં ગયાં. સવાર થતાં રાણીને ભગવાન શંકરની દયાથી એક નિર્મળ સરોવર જોવા મળ્યું. એ સમય દરમિયાન તે બહુ દૂરનો રસ્તો કાપી ચૂક્યાં હતાં. સરોવર તટ પર આવીને તે સુકુમાર રાણી એક ઘટાદાર, છાયાદાર વૃક્ષની નીચે બેસી ગયાં. ભાગ્યવશ એ જ નિર્જન સ્થાનમાં વૃક્ષની નીચે જ રાણીએ ઉત્તમ ગુણોથી યુક્ત શુભ મુહૂર્તમાં એક દિવ્ય બાળકને જન્મ આપ્યો, જે બધાં શુભ લક્ષણોથી સંપન્ન હતો. દૈવવશ એ બાળકની જનની મહારાણીને ખૂબ જ તીવ્ર તરસ લાગી. ત્યારે એ પાણી પીવા માટે એ સરોવરમાં ઊતર્યાં. એટલામાં જ એક બહુ ભારે ગ્રાહે-મગરે આવીને રાણીને પોતાનો કોળિયો કરી લીધો. પેલો બાળક પેદા થતાંની સાથે જ માતા-પિતા હીન થઈ ગયો અને ભૂખ-તરસથી પીડિત થઈને એ તળાવને કિનારે જોરશોરથી રડવા માંડ્યો. એટલામાં જ એના પર કૃપા કરીને ભગવાન મહેશ્વર ત્યાં આવી ગયા અને એ શિશુની રક્ષા કરવા લાગ્યા. એમની જ પ્રેરણાથી એક બ્રાહ્મણી અકસ્માત ત્યાં આવી ગઈ. તે વિધવા હતી, ઘેર ઘેર ભીખ માગીને જીવનનિર્વાહ કરતી હતી, અને પોતાના એક વર્ષના બાળકને ખોળામાં લઈને એ તળાવના કિનારે આવી પહોંચી હતી. એણે એક અનાથ શિશુને ત્યાં ક્રન્દન કરતાં દીઠો. નિર્જન વનમાં એ બાળકને જોઈને બ્રાહ્મણીને બહુ વિસ્મય થયો અને મનમાં ને મનમાં વિચાર કરવા લાગી—'અહો! આ મને આ સમયે મોટા આશ્ચર્યની વાત જણાય છે કે આ નવજાત શિશુ, જેની નાળ પણ હજુ કપાઈ નથી, પૃથ્વી પર પડ્યો છે. પિતા વગેરે કોઈ સહાયક પણ અહીં જણાતા નથી. શું કારણ હશે? ન જાણે કોનો પુત્ર છે? એને જાણનારો અહીં પણ નથી, જેને આ બાળકના જન્મ વિશે પૂછું. એને જોઈને મારા હૃદયમાં કરુણા ઉત્પન્ન થઈ ગઈ છે. હું આ

બાળકને પોતાના ઔરસ (કાયદેસરનો પત્ની દ્વારા જન્મેલો) પુત્રની જેમ પાલનપોષણ કરવા ચાહું છું. પરંતુ એનું કુળ અને જન્મ આદિનું જ્ઞાન ન હોવાને કારણે એનો સ્પર્શ કરવાનું સાહસ પણ થતું નથી.'

બ્રાહ્મણી જ્યારે આ પ્રકારે વિચાર કરી રહી હતી, એ સમયે ભક્તવત્સલ ભગવાન શંકરે મોટી કૃપા કરી. મોટી મોટી લીલાઓ કરનારા મહેશ્વર એક સંન્યાસીનું રૂપ ધારણ કરીને સહસા ત્યાં આવી પહોંચ્યા, જ્યાં તે બ્રાહ્મણી સંદેહમાં પડી હતી અને યથાર્થ વાત જાણવા ચાહતી હતી. શ્રેષ્ઠ ભિક્ષુકનું રૂપ ધારણ કરીને આવેલા કરુણાનિધાન શિવે એને હસીને કહ્યું—'હે બ્રાહ્મણી! તું તારા ચિત્તમાં સંદેહ અને ખેદને સ્થાન ન આપતી. આ બાળક પરમ પવિત્ર છે. તું એને તારો જ પુત્ર સમજ અને પ્રેમપૂર્વક એનું પાલન કર.'

**બ્રાહ્મણી બોલી**—હે પ્રભો! આપ મારા ભાગ્યથી જ અહીં પધાર્યા છો. એમાં સંદેહ નથી કે હું આપની આજ્ઞાથી આ બાળકનું પોતાના પુત્રની જેમ જ પાલન-પોષણ કરીશ; તેમ છતાં હું વિશેષરૂપે એ જાણવા ચાહું છું કે વાસ્તવમાં આ કોણ છે, કોનો પુત્ર છે, અને આપ કોણ છો. જે આ સમયે અહીં પધાર્યા છો. હે ભિક્ષુવર! મારા મનમાં વારંવાર એ જ વાત આવ્યા કરે છે કે આપ કરુણાસિન્ધુ શિવ જ છો અને આ બાળક પૂર્વજન્મમાં આપનો ભક્ત રહ્યો છે. કોઈ કર્મદોષથી આ આવી દુરવસ્થામાં પડી ગયો છે. એને ભોગવીને પુનઃ આપની કૃપાથી પરમ કલ્યાણનો ભાગી થશે. હું પણ આપની માયાથી મોહિત થઈને માર્ગ ભૂલીને અહીં આવી ગઈ છું. આપે જ એના પાલનને માટે મને અહીં મોકલી છે.

**ભિક્ષુપ્રવર શિવે કહ્યું**—હે બ્રાહ્મણી! સાંભળ આ બાળક શિવભક્ત વિદર્ભરાજ સત્યરથનો પુત્ર છે. સત્યરથનો સાલ્વદેશીય ક્ષત્રિયોએ યુદ્ધમાં મારી નાખ્યા છે. એમની પત્ની અત્યંત વ્યગ્ર થઈને રાતમાં શીઘ્રતાપૂર્વક પોતાના મહેલથી બહાર ભાગી આવ્યાં. એમણે અહીં આવીને બાળકને જન્મ આપ્યો. સવારે તે તરસથી પીડિત થઈને સરોવરમાં ઊતરી. એ જ સમયે દૈવવશ એક ગ્રાહે આવીને એમને પોતાનો આહાર બનાવી લીધો.

**બ્રાહ્મણીએ પૂછ્યું**—હે ભિક્ષુદેવ! એવું કયું કારણ છે કે આના પિતા રાજા સત્યરથ શ્રેષ્ઠ ભોગોનો ઉપભોગ કરીને વચમાં જ શાલ્વદેશીય શત્રુઓ દ્વારા માર્યા ગયા. કયા કારણે શિશુની માતાને ગ્રાહ ખાઈ ગયો? અને આ શિશુ જન્મથી જ અનાથ અને બંધુહીન થઈ ગયો, એનું શું કારણ છે? મારો પોતાનો પુત્ર પણ અત્યંત દરિદ્ર અને ભિક્ષુક કેમ થયો તથા મારા આ બંને પુત્રોને ભવિષ્યમાં કેવું સુખ પ્રાપ્ત થશે?

**ભિક્ષુવર્ય શિવે કહ્યું**—આ રાજકુમારના પિતા વિદર્ભરાજ પૂર્વજન્મમાં પાંડ્યદેશના શ્રેષ્ઠ રાજા હતા. એ બધા જ ધર્મોના જ્ઞાતા હતા અને સંપૂર્ણ પૃથ્વીનું ધર્મપૂર્વક પાલન કરતા હતા એક દિવસ પ્રદોષકાલમાં રાજા ભગવાન શંકરનું પૂજન કરી રહ્યા હતા અને ખૂબ ભક્તિથી ત્રિલોકીનાથ મહાદેવજીની આરાધનામાં સંલગ્ન હતા. એ જ સમયે નગરમાં બધી બાજુએ બહુ ભારે કોલાહલ મચ્યો. એ ઉત્કટ શબ્દથી રાજાએ વચમાં જ ભગવાન શંકરની પૂજા છોડી દીધી અને નગરમાં ક્ષોભ ફેલાવાની આશંકાથી રાજભવનથી બહાર નીકળી ગયા. આ જ સમયે

રાજાના મહાબલી મંત્રી શત્રુને પકડીને એમની પાસે આવ્યો. ને શત્રુ પાંડ્યરાજાનો જ સામંત હતો. એને જોઈને રાજાએ ક્રોધપૂર્વક એનું માથું કપાવી નાખ્યું. શિવ-પૂજા છોડીને નિયમને સમાપ્ત કર્યા વગર જ રાજાએ રાત્રે ભોજન પણ કરી લીધું. આ રીતે રાજકુમાર પણ પ્રદોષકાળમાં શિવજી પૂજા કર્યા વિના ભોજન કરીને સૂઈ ગયો. એ જ રાજા બીજા જન્મમાં વિદર્ભરાજ થયો હતો. શિવજીની પૂજામાં વિઘ્ન થવાને કારણે શત્રુઓને એને સુખ-ભોગ દરમિયાન જ મારી દીધો. પૂર્વજન્મમાં જે એનો પુત્ર હતો, એ જ આ જન્મમાં પણ પુત્ર થયો છે. શિવજીની પૂજાનું ઉલ્લંઘન કરવાને કારણે દરિદ્રતાને પ્રાપ્ત થયો છે. એની માતાએ પૂર્વજન્મમાં છળથી પોતાની શોક્યને મારી નાખી હતી. એ મહાન પાપને કારણે જ તે આ જન્મમાં મગર દ્વારા મરી ગઈ. હે બ્રાહ્મણી! આ તમારો પુત્ર પૂર્વજન્મમાં ઉત્તમ બ્રાહ્મણ હતો. એણે આખું આયખું કેવળ દાન દેવામાં જ વિતાવ્યું છે, યજ્ઞ વગેરે સત્કર્મ કર્યાં નથી. એટલા જ માટે એ દરિદ્રતાને પ્રાપ્ત થયો છે. એ દોષનું નિવારણ કરવા માટે હવે તમે ભગવાન શંકરને શરણે જાઓ. આ બંને બાળકો યજ્ઞોપવીત-સંસ્કાર પછી ભગવાન શિવની આરાધના કરે. ભગવાન શિવ એમનું કલ્યાણ કરશે.

આ રીતે બ્રાહ્મણીને ઉપદેશ આપીને ભિક્ષુ (શ્રેષ્ઠ સંન્યાસી)નું શરીર ધારણ કરનારા ભક્તવત્સલ શિવે એને પોતાના ઉત્તમ સ્વરૂપનાં દર્શન કરાવ્યાં. એમને સાક્ષાત્ શિવ જાણીને બ્રાહ્મણપત્નીએ પ્રણામ કર્યા અને પ્રેમથી ગદ્ગદ વાણી દ્વારા એમની સ્તુતિ કરી. તત્પશ્ચાત્ ભગવાન શિવ ત્યાં જ અંતર્ધાન થઈ ગયા. એમના ચાલ્યા જવા પછી બ્રાહ્મણી એ બાળકને લઈને પોતાના પુત્રની સાથે પોતાને ઘેર ચાલી



ગઈ. એક ચક્ર, નામના સુંદર ગામમાં એણે ઘર બનાવી રાખ્યું હતું. તે ઉત્તમ અન્નથી પોતાનો પુત્ર તથા રાજકુમારનું પણ પાલન-પોષણ કરવા લાગી. યથા સમયે બ્રાહ્મણીએ બંનેનો યજ્ઞોપવીત સંસ્કાર કરી દીધો. એ બંને શિવની પૂજામાં તત્પર રહેતાં રહેતાં ઘરમાં જ મોટા થયા. શાંડિલ્ય મુનિના ઉપદેશથી નિયમપરાયણ થઈને એ બંને શુભવ્રત રાખીને પ્રદોષકાળમાં શંકરજીની પૂજા કરતા હતા. એક દિવસ દ્વિજકુમાર રાજકુમારને સાથે લીધા વગર જ નદીમાં સ્નાન કરવા માટે ગયો. ત્યાં એને નિધિથી ભરેલો એક સુંદર કળશ મળી ગયો. આ રીતે ભગવાન શંકરની પૂજા કરતાં બંને કુમારોનું એક વર્ષ એ જ ઘરમાં વીતી ગયું. તદનંતર એક દિવસ રાજકુમાર એ બ્રાહ્મણકુમાર સાથે વનમાં ગયો. ત્યાં અકસ્માત એક ગંધર્વ કન્યા આવી ગઈ. એના પિતાએ એ કન્યા રાજકુમારને આપી દીધી. ગંધર્વ કન્યા સાથે વિવાહ કરીને રાજકુમાર

નિષ્કંટક રાજ્ય ભોગવવા લાગ્યો. જે બ્રાહ્મણપત્નીએ પહેલાં પોતાના પુત્રની જેમ જ એનું પાલનપોષણ કર્યું હતું, તે જ એ સમયે રાજમાતા બની અને એ બ્રાહ્મણકુમાર એનો ભાઈ થયો. રાજાનું નામ ધર્મગુપ્ત હતું. આ રીતે દેવેશ્વર શિવની આરાધના કરીને રાજા ધર્મગુપ્ત પોતાની એ રાણી સાથે વિદર્ભ દેશમાં રાજોચિત સુખનો ઉપભોગ કરવા લાગ્યો. આ મેં તમારી સામે શિવના ભિક્ષુવર્ય અવતારનું વર્ણન કર્યું છે, જેમણે રાજા ધર્મગુપ્તને બાલ્યકાળમાં સુખ પ્રદાન કર્યું હતું. આ પવિત્ર આખ્યાન પાપહારી, પરમ પાવન, ચારેય પુરુષાર્થોનું સાધક, અને સંપૂર્ણ અભીષ્ટને આપનારું છે. જે પ્રતિદિન એકાગ્રચિત્ત થઈને આને સાંભળે છે કે સંભળાવે છે, તે આ લોકમાં સંપૂર્ણ ભોગોનો ઉપભોગ કરીને અને ભગવાન શિવના ધામમાં જાય છે.

(અધ્યાય ૩૧)

*

## શિવના સુરેશ્વરાવતારની કથા, ઉપમન્યુની તપસ્યા અને એમને ઉત્તમ વરદાનની પ્રાપ્તિ

**નંદીશ્વરજી કહે છે**—હે સનત્કુમારજી! હવે હું પરમાત્મા શિવના સુરેશ્વરાવતારનું વર્ણન કરીશ, જેમણે ધૌમ્યના મોટા ભાઈ ઉપમન્યુનું હિતસાધન કર્યું હતું. ઉપમન્યુ વ્યાઘ્રપાદ મુનિના પુત્ર હતા. એમણે પૂર્વજન્મમાં જ સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી હતી અને વર્તમાન જન્મમાં મુનિકુમારરૂપે પ્રગટ થયા હતા. એ શૈશવ અવસ્થાથી જ માતાની સાથે મામાને ઘેર રહેતા હતા અને દૈવવશ દરિદ્ર હતા. એક દિવસ એમને બહુ જ થોડું દૂધ પીવા મળ્યું. એટલે પોતાની માતા પાસે વારંવાર દૂધ માગવા લાગ્યા. એમની તપસ્વિની માતાએ ઘરની અંદર જઈને એક ઉપાય કર્યો. ઉંછવૃત્તિથી લાવેલાં કેટલાંક બીજ પથ્થર પર ઘસીને એને પાણીમાં મેળવીને કૃત્રિમ દૂધ તૈયાર કર્યું. પછી બેટાને પ્રેમથી પટાવીને તે એને પીવા આપ્યું. માનું આપેલું કૃત્રિમ નકલી દૂધ પીને બાળક ઉપમન્યુ બોલ્યો—'આ તો દૂધ નથી' એટલું કહીને એ ફરી રડવા લાગ્યો. બેટાનું રડવું અને દુઃખ સાંભળીને માને બહુ દુઃખ થયું. પોતાના હાથે ઉપમન્યુની બંને આંખો લુછીને એમની લક્ષ્મી જેવી માતાએ કહ્યું—'હે બેટા! આપણે લોકો સદા વનમાં નિવાસ કરીએ છીએ. આપણને અહીં દૂધ ક્યાંથી મળે. ભગવાન શિવની કૃપા વગર કોઈને પણ દૂધ મળતું નથી. હે વત્સ! પૂર્વજન્મમાં જે કાંઈ થયું હોય, વર્તમાન જન્મમાં એ જ મળે છે.'

માતાની આ વાત સાંભળીને ઉપમન્યુએ ભગવાન શિવની આરાધના કરવાનો નિશ્ચય કર્યો. એ તપસ્યા માટે હિમાલય પર્વત પર ગયા અને ત્યાં વાયુ પીને રહેવા લાગ્યા. એમણે આઠ ઈંટોનું એક મંદિર બનાવ્યું અને એની અંદર માટીના શિવલિંગની સ્થાપના કરી અને એમાં માતા પાર્વતી સહિત શિવનું આહ્વાન કર્યું. ત્યારબાદ જંગલનાં પત્રપુષ્પ વગેરે લઈ આવીને ભક્તિભાવથી પંચાક્ષરમંત્રના ઉચ્ચારણપૂર્વક સામ્બ શિવની પૂજા કરવા માંડ્યા. માતા પાર્વતી અને

શિવનું ધ્યાન કરીને એમની પૂજા કર્યા પછી એ પંચાક્ષર મંત્રનો જપ કર્યા કરતા હતા. આ રીતે દીર્ઘકાલ સુધી એમણે બહુ ભારે તપસ્યા કરી.

હે મુને! બાલક ઉપમન્યુની તપસ્યાથી ચરાચર પ્રાણીઓ સહિત ત્રિભુવન સંતપ્ત થઈ ગયું. ત્યારે દેવતાઓની પાર્થનાથી ઉપમન્યુના ભક્તિભાવની પરીક્ષા લેવા માટે ભગવાન શંકર એમની સમીપે પધાર્યા. એ સમયે શિવે દેવરાજ ઈન્દ્રનું, પાર્વતીએ શચીનું, નંદીશ્વર વૃષભે ઐરાવત હાથીનું અને શિવના ગણોએ સંપૂર્ણ દેવતાઓનું રૂપ ધારણ કરી લીધું. પાસે આવતાં સુરેશ્વરરૂપધારી શિવે બાળક ઉપમન્યુને વરદાન માગવા કહ્યું. ઉપમન્યુએ પહેલાં તો શિવભક્તિ માગી. પછી પોતાને ઈન્દ્ર બતાવીને જ્યારે એમણે શિવની નિંદા કરી, ત્યારે એ બાળકે ભગવાન શિવ સિવાય બીજા કોઈ પાસેથી કશુંયે લેવાનો અસ્વીકાર કર્યો. તે ઈન્દ્રને મારીને સ્વયં પણ મરી જવા તૈયાર થઈ ગયા. એમણે જે અઘોરાસ્ત્ર ચલાવ્યું. એને નંદીએ પકડી લીધું અને એમણે બળી મરવા અગ્નિ પ્રગટાવ્યો એને ભગવાન શિવે શાંત કરી દીધો. પછી એ બધાયે પોતાના યથાર્થ સ્વરૂપમાં પ્રગટ થઈ ગયા. શિવે ઉપમન્યુને પોતાનો પુત્ર માન્યો અને એનું મસ્તક સૂંઘીને કહ્યું - 'હે વત્સ! હું તમારો પિતા અને આ પાર્વતીદેવી તમારી માતા છે. તમને આજથી સનાતન કુમારત્વ પ્રાપ્ત થશે. હું તમારે માટે દૂધ, દહીં અને મધના હજારો સમુદ્રો આપું છું. ભક્ષ્ય-ભોજ્ય વગેરે પદાર્થોના પણ સમુદ્ર તમારે માટે સુલભ થશે. હું તમને અમરત્વ તથા પોતાના ગણોનું આધિપત્ય પ્રદાન કરું છું.' આવું કહીને શંભુએ ઉપમન્યુને ઘણાંબધાં દિવ્ય વરદાનો આપ્યાં. પાશપત-વ્રત, પાશુપત-જ્ઞાન તથા વ્રતયોગનો ઉપદેશ કર્યો. પ્રવચનની શક્તિ આપી અને પોતાનું પરમપદ અર્પિત કર્યું. પછી બંને હાથે ઉપમન્યુને હ્રદય સરસો ચાંપીને મસ્તક સૂંઘ્યું અને દેવી પાર્વતીને સોંપતાં કહ્યું—'આ તમારો બેટો છે.' પાર્વતીએ પણ એના મસ્તક પર કરકમલ રાખ્યા અને એમને અક્ષયકુમાર-પદ પ્રદાન કર્યું. શિવે સંતુષ્ટ થઈને એમને માટે પિંડીભૂત અને અવિનાશી સાકાર ક્ષીર-સાગર પ્રસ્તુત કરી દીધો. સાથે જ યોગસંબંધી ઐશ્વર્ય, નિત્ય સંતોષ, અક્ષય બ્રહ્મવિદ્યા તથા ઉત્તમ સમૃદ્ધિ પ્રદાન કરી. એમનો કુળ અને ગોત્ર અક્ષય થાઓ તેવું વરદાન આપ્યું અને એ પણ કહ્યું કે હું તમારા આ આશ્રમ પર નિત્ય નિવાસ કરીશ.

આટલું કહીને ભગવાન શિવ અંતર્ધાન થઈ ગયા. ઉપમન્યુ વરદાન મેળવીને પ્રસન્નતાપૂર્વક ઘેર આવ્યા. એમણે માતાને બધી વાતો સંભળાવી દીધી. સાંભળીને માતાને બહુ હર્ષ થયો. ઉપમન્યુ સર્વના પૂજનીય અને અધિક સુખી થઈ ગયા. હે તાત! આ રીતે મેં તમને પરમેશ્વર શિવના સુરેશ્વરાવનારનું વર્ણન કર્યું છે. આ અવતાર સત્પુરુષોને સદાયે સુખ આપનાર છે. સુરેશ્વરાવતારની આ કથા પાપને દૂર કરનારી તથા સંપૂર્ણ મનોવાંછિત ફળ દેનારી છે, જે આને ભક્તિપૂર્વક સાંભળે છે અથવા સંભળાવે છે, તે સંપૂર્ણ સુખોને ભોગવીને અંતે ભગવાન શિવને પ્રાપ્ત થાય છે. (અધ્યાય-૩૨)

*

# શિવજીના કિરાત-અવતારના પ્રસંગમાં શ્રીકૃષ્ણ દ્વારા દ્વૈતવનમાં દુર્વાસાના શાપથી પાંડવોની રક્ષા, વ્યાસજીની અર્જુનને શક્રવિદ્યા અને પાર્થિવ પૂજનની વિધિ બતાવીને તપને માટે સંમતિ આપવી, અર્જુનનું ઈન્દ્રકીલ પર્વત પર તપ, ઈન્દ્રનું આગમન અને અર્જુનને વરદાન, અર્જુનનું શિવજીના ઉદ્દેશ્યથી પુનઃ તપમાં પ્રવૃત્ત થવું

તદનંતર પાર્વતીના વિવાહપ્રસંગમાં થયેલ જટિલ, નર્તક તથા દ્વિજ અવતારોની, પછી અશ્વત્થામા અવતારની વાત કહી નંદીશ્વરજી આગળ કહે છે—હે બુદ્ધિમાન સનત્કુમારજી! હવે તમે પિનાકધારી ભગવાન શિવના કિરાત નામના અવતારનું વર્ણન સાંભળો. એ અવતારમાં એમણે મૂક નામના દૈત્યનો વધ અને પ્રસન્ન થઈને અર્જુનને વરદાન આપ્યું હતું. જ્યારે સુયોધને મહાબલી પાંડવોને જુગારમાં જીતી લીધા, ત્યારે તે સતી-સાધ્વી દ્રૌપદીની સાથે દ્વૈતવનમાં ચાલ્યા આવ્યા. ત્યાં તે પાંડવ સૂર્યદ્વારા પ્રદત્ત વટલોઈ - તાંબડી-નો આશ્રય લઈને સુખપૂર્વક પોતાનો સમય વિતાવવા લાગ્યા. હે પ્રિયવર! એ જ સમયે સુયોધને આદરપૂર્વક મુનિવર દુર્વાસાને છલ કરવાના પ્રયોજનથી પાંડવો પાસે જવા માટે પ્રેરિત કર્યા. ત્યારે મહર્ષિ દુર્વાસા પોતાના દસ હજાર શિષ્યો સાથે આનંદપૂર્વક ત્યાં ગયા અને પાંડવો પાસેથી મનને અનુકૂળ ભોજનની યાચના કરી. ત્યારે એ બધા જ પાંડવોએ એમની પ્રાર્થના સ્વીકારી અને દુર્વાસા વગેરે તપસ્વી મુનિઓને સ્નાન કરવા માટે મોકલ્યા. હે મુનીશ્વર! આ બાજુ અન્ન-અભાવને કારણે એ બધાં પાંડવ મોટા સંકટમાં પડી ગયા અને મનમાં ને મનમાં પ્રાણત્યાગ કરી દેવાનો વિચાર કરવા લાગ્યા. ત્યારે દ્રૌપદીએ શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યું. તે તત્કાળ જ ત્યાં આવી પહોંચ્યા અને શાકનાં પત્તાંનો ભોગ લગાડીને બધા જ તપસ્વીઓને તૃપ્ત કરી દીધા. પછી તો મહર્ષિ દુર્વાસા પોતાના શિષ્યોને તૃપ્ત થયેલા જાણીને ત્યાંથી ચાલતા થયા. આ પ્રકારે શ્રીકૃષ્ણની કૃપાથી એ સમયે પાંડવ સંકટથી મુક્ત થઈ ગયા.

તદનંતર ભગવાન શ્રીકૃષ્ણે પાંડવોને શિવજીની આરાધના કરવાની સંમતિ આપી. પછી વ્યાસજીએ પણ આવીને એમને શંકરનું સમારાધન કરવાનો આદેશ આપતાં કહ્યું—'શંકરજી - શિવજી સંપૂર્ણ દુઃખોના વિનાશ કરનાર છે.' તે ભક્તિ કરવાથી થોડા જ સમયમાં પ્રસન્ન થઈ જાય છે. એટલા માટે બધા લોકોએ શંકરજીની સેવા કરવી જોઈએ. એ મહેશ્વર પ્રસન્ન થાય ત્યારે ભક્તોની બધી જ અભિલાષાઓ પૂર્ણ કરી દે છે, તે એટલે સુધી કે આ લોકમાં સારા ભોગ અને પરલોકમાં મોક્ષ સુદ્ધાં દઈ દે છે—આ બિલકુલ નિશ્ચિત વાત છે. એટલા માટે ભુક્તિ-મુક્તિ રૂપી ફળની કામનાવાળાઓએ સદા શંભુની સેવા કરવી જોઈએ; કેમકે ભગવાન શંકર સાક્ષાત્ પરમ પુરુષ દુષ્ટોના સંહારક અને સત્પુરુષોના આશ્રય સ્વરૂપ છે. હવે અર્જુન પહેલાં દઢતાપૂર્વક શક્રવિદ્યાનો જપ કરે. ત્યારે ઈન્દ્ર પહેલાં પરીક્ષા

લેશે, પછી સંતુષ્ટ થઈ જશે. પ્રસન્ન થાય ત્યારે તે સદા સર્વદા વિઘ્નોનો નાશ કરતા રહેશે અને શિવજીનો શ્રેષ્ઠ મંત્ર પ્રદાન કરશે.'



નંદીશ્વરજી કહે છે—હે મુને! આટલું કહીને વ્યાસજી અર્જુનને બોલાવીને એમને શક્રવિદ્યાનો ઉપદેશ આપવા તૈયાર થયા. ત્યારે તીક્ષ્ણબુદ્ધિ અર્જુને સ્નાન કરીને પૂર્વમુખ બેસીને એ વિદ્યા ગ્રહણ કરી લીધી. પછી ઉદાર બુદ્ધિ મુનિવર વ્યાસજી અર્જુનને પાર્થિવલિંગની પૂજાનું વિધાન બતાવીને એમને કહેવા માંડ્યા.

વ્યાસજી બોલ્યા—'હે પાર્થ! હવે તમે અહીંથી પરમ રમણીય ઇન્દ્રકીલ પર્વત પર જાવ અને ત્યાં જાહ્નવી તટે બેસીને સમ્યક્ રૂપે તપસ્યા કરો. આ વિદ્યા અદશ્યરૂપે સદા તમારું હિત કરતી રહેશે.' અર્જુનને એવા આશીર્વાદ દઈને વ્યાસજી પાંડવોને કહેવા લાગ્યા - 'હે નૃપશ્રેષ્ઠો! તમે બધા લોકો ધર્મ પર દઢ બનીને રહેજો, એથી જ તમને સર્વથા શ્રેષ્ઠ સિદ્ધિ પ્રાપ્ત થશે; એમાં અન્યથા વિચાર કરવાની આવશ્યકતા નથી.'

નંદીશ્વરજી કહે છે—હે મુને! આ પ્રકારે મુનિવર વ્યાસે એ પાંડવોને આશીર્વાદ દઈને તથા શિવજીના ચરણકમળનું સ્મરણ કરીને તરત જ અંતર્ધાન થઈ ગયા. પેલી બાજુ શિવ-મંત્ર ધારણ કરવાથી અર્જુનમાં પણ અનુપમ તેજ વ્યાપી ગયું. એ તે સમયે ઉદ્દીપ્ત થઈ ગયા. અર્જુનને જોઈને બધા જ પાંડવોને નિશ્ચય થઈ ગયો કે જરૂર વિજય અમારો જ થશે, કેમકે અર્જુનમાં વિપુલ તેજ ઉત્પન્ન થઈ ગયું છે. (ત્યારે એમણે અર્જુનને કહ્યું-) વ્યાસજીના કથન અનુસાર એવું પ્રતીત થાય છે કે આ કાર્યને કેવળ તમે જ કરી શકો છો, એ બીજા દ્વારા ક્યારેય સિદ્ધ ન થઈ શકે; તેથી જાવ અને અમારા લોકોનું જીવન સફળ બનાવો.' ત્યારે અર્જુને ચારે ભાઈઓની તથા દ્રૌપદીની અનુમતિ માગી. એ લોકોને અર્જુનના વિયોગનું દુઃખ તો થયું પણ કાર્યની મહત્તા જોઈને બધાંએ અનુમતિ આપી દીધી. પછી તો અર્જુન મનમાં ને મનમાં પ્રસન્ન થતાં એ ઉત્તમ પર્વત (ઇન્દ્રકીલ) તરફ ચાલ્યો ગયો. ત્યાં પહોંચીને ગંગાજીને સમીપે એક મનોરમ સ્થાન પર, જે સ્વર્ગથી પણ ઉત્તમ હતું અને અશોકવનથી સુશોભિત હતું, ત્યાં રહી પડ્યો. ત્યાં એમણે સ્નાન કરીને ગુરુવરને નમસ્કાર કર્યા અને જેવો ઉપદેશ મળ્યો હતો, એ જ અનુસાર સ્વયં જ પોતાનો વેશ બનાવી લીધો. પછી, પહેલાં મનમાં ને મનમાં ઇન્દ્રિયોનો અપકર્ષ કરીને ને આસન લગાવીને બેસી ગયો. તત્પશ્ચાત્ સમસૂત્રવાળા સુંદર પાર્થિવ (શિવલિંગ)નું નિર્માણ કરીને એમની સામે અનુપમ તેજોરાશિ શંકરનું ધ્યાન કરવા લાગ્યા. એ ત્રણે સમય સ્નાન કરીને અનેક પ્રકારે

વારંવાર શિવજીની પૂજા કરતાં કરતાં ઉપાસનામાં તત્પર થઈ ગયા. ત્યારે અર્જુનના શિરોભાગમાંથી તેજની જ્વાળા નીકળવા લાગી. એને જોઈને ઈન્દ્રના ગુપ્તચર ભયભીત થઈ ગયા. એ વિચારવા લાગ્યા—આ અહીં ક્યારે આવી ગયો? પુનઃ એમણે એવો વિચાર કર્યો કે આ ઘટના ઈન્દ્રને બતાવી દેવી જોઈએ. આવું વિચારીને તે તત્કાળ જ ઈન્દ્રની પાસે ગયા.

ગુપ્તચરોએ કહ્યું—હે દેવેશ! વનમાં એક પુરુષ તપ કરી રહ્યો છે; પરંતુ અમને ખબર નથી કે તે દેવતા છે, ઋષિ છે, સૂર્ય છે અથવા અગ્નિ છે. એના જ તેજથી સંતપ્ત થઈને અમે



આપની સંનિકટ આવ્યા છીએ. અમે એનું ચરિત્ર પણ આપને નિવેદિત કરી દીધું છે. હવે આપ જેવું ઉચિત સમજો, એવું કરો.

નંદીશ્વરજી કહે છે—હે મુને! એ ગુપ્તચરોનું આમ કહેવાથી ઈન્દ્રને પોતાના પુત્ર અર્જુનનો બધો મનોરથ જ્ઞાત થઈ ગયો. ત્યારે એ પર્વતરક્ષકોને વિદાય કરીને સ્વયં ત્યાં જવાનો વિચાર કરવા લાગ્યા. હે વિપ્રવર! ઈન્દ્ર અર્જુનની પરીક્ષા કરવા માટે વૃદ્ધ બ્રહ્મચારી બ્રાહ્મણનો વેશ બનાવીને ત્યાં પહોંચ્યા. એ સમયે એમને આવેલા જોઈને પાંડુપુત્ર અર્જુનને એમની પૂજા કરી અને પછી એમની સ્તુતિ કરીને સામે ઊભા રહીને પૂછવા લાગ્યો - 'હે બ્રહ્મન્! બતાવો કે આ સમયે ક્યાંથી આપનું શુભાગમન થયું છે?' એ પર બ્રાહ્મણવેશધારી ઈન્દ્રે અર્જુનને એવાં વચન કહ્યાં, જેથી તે તપથી ડગી જાય; પણ જ્યારે અર્જુનને દૃઢનિશ્ચયવાળો જોયો - જાણ્યો ત્યારે પોતાના સ્વરૂપમાં પ્રગટ થઈને ઈન્દ્રે અર્જુનને ભગવાન શંકરનો મંત્ર બતાવ્યો અને એનો જપ કરવાની આજ્ઞા આપી. તદનંતર પોતાના અનુચરોને સાવધાનીથી અર્જુનની રક્ષા કરવાનો આદેશ આપીને તે અર્જુનને કહેવા લાગ્યા—'હે ભદ્ર! તમારે ક્યારેય પ્રમાદપૂર્વક રાજ્ય ન કરવું જોઈએ. હે પરંતપ! આ વિદ્યા તમારે માટે શ્રેયસ્કરી થશે. સાધકે સર્વથા ધૈર્ય ધારણ કરીને રહેવું જોઈએ, રક્ષક તો ભગવાન શિવ છે જ. એ સંપત્તિ અને ફળ (મોક્ષ) બંને સમાનરૂપે આપશે. એમાં તનિક પણ સંશય નથી.'

નંદીશ્વરજી કહે છે—હે મુને! આ પ્રકારે અર્જુનને વરદાન આપીને દેવરાજ ઈન્દ્ર શિવજીનાં ચરણકમળોનું સ્મરણ કરીને પોતાને ભવને જતા રહ્યા. ત્યારે મહાવીર અર્જુને પણ સુરેશ્વરને પ્રણામ કર્યા અને પછી તે મનને વશમાં કરીને ઈન્દ્રના ઉપદેશ અનુસાર શિવજીને કેન્દ્રમાં રાખીને ઉદ્દેશ્યથી તપસ્યા કરવા લાગ્યા.

(અધ્યાય-૩૭ થી ૩૮)

*

# કિરાત અવતારના પ્રસંગમાં મૂક નામના દૈત્યે શૂકરરૂપે અર્જુન પાસે આવવું, શિવજીનું કિરાતવેશે પ્રગટ થવું અર્જુન તથા કિરાત વેશધારી શિવદ્વારા એ દૈત્યનો વધ

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! તદનંતર અર્જુન વ્યાસજીના ઉપદેશ અનુસાર વિધિપૂર્વક સ્નાન તથા ન્યાસ વગેરે કરીને પરમ ભક્તિની સાથે શિવજીનું ધ્યાન કરવા લાગ્યા. એ સમયે તે એક શ્રેષ્ઠ મુનિની જેમ એક પગ પર ઊભા રહીને સૂર્ય તરફ એકાગ્ર દૃષ્ટિ કરીને ઊભાં-ઊભાં મંત્ર જપ કરી રહ્યા હતા. આ રીતે તે પરમ પ્રેમપૂર્વક મનમાં ને મનમાં શિવજીનું સ્મરણ કરીને શંભુનો સર્વોત્કૃષ્ટ પંચાક્ષર મંત્રનો જપ કરતાં ઘોર તપ કરવા લાગ્યા. એ તપસ્યાનું એવું ઉત્કૃષ્ટ તેજ પ્રગટ થયું, જેથી દેવગણ વિસ્મિત થઈ ગયા. પુનઃ એ શિવજીની પાસે ગયા અને સમાહિત ચિત્તે બોલ્યા.

**દેવતાઓએ કહ્યું**—હે સર્વેશ! એક મનુષ્ય આપને માટે તપસ્યામાં નિરત છે. હે પ્રભો! એ વ્યક્તિ જે કાંઈ ચાહે છે, તેને આપ આપી કેમ નથી દેતા?

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! આમ કહીને દેવતાઓએ અનેક પ્રકારે એમની સ્તુતિ કરી. પછી એમનાં ચરણો તરફ દૃષ્ટિ લગાવીને તે વિનમ્રભાવથી ઊભા રહ્યા. ત્યારે ઉદારબુદ્ધિ અને પ્રસન્નાત્મા મહાપ્રભુ શિવજી એ સાંભળીને ખડખડાટ હસી પડ્યા અને દેવતાઓને આ પ્રમાણે કહેવા લાગ્યા.

**શિવજીએ કહ્યું**—હે દેવતાઓ! હવે તમે લોકો તમારે ઘેર જાઓ. હું બધી રીતે તમારા લોકોનું કાર્ય સંપન્ન કરીશ. આ બિલકુલ સત્ય છે, એમાં સંદેહની કોઈ ગુંજાશ જ નથી.

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! શંભુનાં આ વચન સાંભળીને દેવતાઓને પૂર્ણતયા નિશ્ચય થઈ ગયો. ત્યારે તે બધા પોતાને સ્થાને જતા રહ્યા. આ જ વખતે મૂક નામનો દૈત્ય શૂકર-ભૂંડનું રૂપ ધારણ કરીને ત્યાં આવ્યો. હે વિપેન્દ્ર! એને એ સમયે માયાવી દુરાત્મા દુર્યોધને અર્જુનની પાસે મોકલ્યો હતો. એ જ્યાં અર્જુન હતો, એ જ માર્ગે અત્યંત વેગપૂર્વક પર્વત શિખરોને ઉખાડતો, વૃક્ષોને છિન્ન-ભિન્ન કરતો અને અનેક પ્રકારના શબ્દ કરતો કરતો આવ્યો. ત્યારે અર્જુનની પણ દૃષ્ટિ એ મૂક નામના અસુર પર પડી, એ શિવજીનાં પાદપદ્મોને સ્મરીને આમ વિચાર કરવા લાગ્યા.

**અર્જુન (મનમાં ને મનમાં) કહે છે**—'આ કોણ છે અને ક્યાંથી આવી રહ્યો છે? આ તો ક્રૂરકર્મા જણાય છે. નિશ્ચય જ મારું અનિષ્ટ કરવા માટે જ આવી રહ્યો છે. એમાં જરાયે સંશય નથી, કેમકે જેનું દર્શન થવાથી પોતાનું મન પ્રસન્ન થઈ જાય તે જરૂર આપણો હિતૈષી હોય અને જેને જોવાથી મન વ્યાકુળ થઈ જાય, તે શત્રુ જ છે. આચારથી કુળનો, શરીરથી ભોજનનો, વાર્તાલાપથી શાસ્ત્રજ્ઞાનનો, અને નેત્રથી સ્નેહનો પરિચય મળી જાય છે. આકારથી, ચાલઢાલથી, ચેષ્ટાથી, બોલવાથી તથા નેત્ર અને મુખના વિકારથી મનની અંદરનો ભાવ જાણી શકાતો હોય છે. નેત્ર ચાર પ્રકારનાં કહ્યાં છે : ઉજ્જ્વળ, સરસ, તીરછાં અને લાલ. વિદ્વાનોએ એના ભાવ પણ અલગ અલગ બતાવ્યા છે.

નેત્ર મિત્રનો સંયોગ થવાથી ઉજ્જ્વલ, પુત્રદર્શનને સમયે સરસ, કામિનીની પ્રાપ્તિ પર વક્ર અને શત્રુને જોવાથી લાલ થઈ જાય છે. (આ નિયમને અનુસાર) એને જોતાં જ મારી બધી ઇન્દ્રિયો કલુષિત થઈ છે, તેથી આ નિસ્સંદેહ શત્રુ જ છે અને મારી નાખવા યોગ્ય જ છે. આ બાજુ મારે માટે ગુરુજીની આજ્ઞા પણ એવી છે કે હે રાજન્! જે તમને કષ્ટ આપવા તૈયાર હોય, એને તારે કોઈ પણ પ્રકારનો વિચાર કર્યે અવશ્ય મારી નાખવો અને મેં એટલા માટે આયુધ પણ ધારણ કરી રાખ્યાં છે.' આમ વિચારીને અર્જુન બાણનું અનુસંધાન કરીને ત્યાં દૃઢતાપૂર્વક ઊભો રહ્યો.

એ દરમિયાન ભક્તવત્સલ ભગવાન શંકર અર્જુનની રક્ષા, એમની ભક્તિની પરીક્ષા અને એ દૈત્યનો નાશ કરવા શીઘ્ર જ ત્યાં આવી પહોંચ્યા. એ સમયે એમની સાથે ગણોનું જૂથ પણ હતું. એ મહાન અદ્ભુત સુશિક્ષિત ભીલનું રૂપ ધારણ કરી રહ્યા હતા. એમની કાછ-કાછડી-બાંધેલી હતી અને એમણે વસ્ત્રખંડોથી ઈશાનધ્વજ બાંધી રાખ્યો હતો. એમના શરીર પર શ્વેત રેખાઓ ચમકી રહી હતી. પીઠ પર બાણોથી ભરેલું ભાથું-તિરકસ - બાંધેલું હતું, અને એ સ્વયં ધનુષ-બાણ ધારણ કરેલ હતા. એમનું ગણ-જૂથ પણ એવી જ સાજ-સજ્જાથી યુક્ત હતું. આ રીતે શિવ ભિલ્લરાજ બનેલા હતા. તે સેનાધ્યક્ષ થઈને જાતજાતના શબ્દ કરતાં કરતાં આગળ વધી રહ્યા હતા. એટલામાં જ ભૂંડના ઘૂરકવાનો, ઘરઘર અવાજનો શબ્દ દશે દિશાઓમાં ગુંજી ઊઠ્યો. એ શબ્દથી પર્વત વગેરે બધા પદાર્થ ઝણઝણી ઊઠ્યા. ત્યારે એ વનેચરના શબ્દથી ગભરાઈને અર્જુન વિચારવા લાગ્યો— 'અહો! શું આ ભગવાન શિવ તો નથીને, જે અહીં શુભ કરવા માટે પધાર્યા છે; કેમકે મેં પહેલાંથી જ સાંભળી રાખ્યું છે. પુનઃ શ્રીકૃષ્ણ અને વ્યાસજીએ પણ એવું જ કહ્યું છે તથા દેવતાઓએ પણ વારંવાર સ્મરણ કરીને એવી ઘોષણા કરી કે શિવજી કલ્યાણકર્તા અને સુખદાતા છે. તે મુક્તિ પ્રદાન કરવાને કારણે મુક્તિ દાતા પણ કહેવાય છે. એમનું નામસ્મરણ કરવાથી મનુષ્યોનું નિશ્ચય જ કલ્યાણ થાય છે. જે લોકો સર્વભાવથી એમનું ભજન કરે છે, એમને સ્વપ્નમાં પણ દુઃખનાં દર્શન થતાં નથી. જો ક્યારેક થોડું દુઃખ આવી પણ જાય છે તો એને કર્મજનિત સમજવું જોઈએ. એ પણ વધારે હોવાની આશંકા થવા પર પણ થોડું જ થાય છે અથવા એને વિશેષરૂપે પ્રારબ્ધનો દોષ જ માનવો જોઈએ અથવા ક્યારેક ક્યારેક ભગવાન શંકર પોતાની ઇચ્છાથી થોડું યા વધારે દુઃખ ભોગવાવીને પછી નિઃસંદેહ એને દૂર કરી દે છે. એ વિષને અમૃત અને અમૃતને વિષ બનાવી દે છે. આમ જેવી એમની ઇચ્છા હોય છે, તેવું જ તે કરે છે. ભલા, એ સમર્થને કોણ ના કહી શકે છે. અન્યાન્ય પ્રાચીન ભક્તોની પણ આવી જ ધારણા હતી, તેથી ભાવિ ભક્તોએ સદા આ જ વિચાર પર પોતાના મનને સ્થિર રાખવું જોઈએ. લક્ષ્મી રહે અથવા ચાલી જાય, મૃત્યુ આંખોની સામે જ કેમ ન ઉપસ્થિત થઈ જાય, લોકો નિંદા કરે અથવા પ્રશંસા; પરંતુ શિવભક્તિથી દુઃખોનો વિનાશ થાય જ છે. શંકર પોતાના ભક્તોને, ચાહે તે પાપી હોય કે પુણ્યાત્મા, સદા સુખ આપે છે. જો ક્યારેક તે પરીક્ષા માટે ભક્તને કષ્ટમાં નાખી દે છે તો અંતમાં દયાળુ સ્વભાવ હોવાને કારણે એ જ એમના સુખના દાતા પણ હોય છે. પછી તો તે ભક્ત એ જ રીતે નિર્મળ થઈ જાય છે. જેવી

રીતે અગ્નિમાં તપાવેલું સોનું શુદ્ધ થઈ જાય છે એવી જ રીતની વાતો મેં પહેલાં મુનિઓના મુખે સાંભળી રાખી છે; તેથી હું શિવજીનું ભજન કરીને એવી જ ઉત્તમ સુખની પ્રાપ્તિ કરીશ.'

અર્જુન આમ વિચાર કરી જ રહ્યો હતો, ત્યાં સુધી બાણનું લક્ષ્ય-ભૂત તે ભૂંડ ત્યાં આવી પહોંચ્યું. પેલી બાજુ શિવજી પણ એ ભૂંડની પાછળ પડેલા જણાયા. એ સમયે એ બંનેની મધ્યમાં તે શૂકર અદ્ભુત શિખર જેવું જણાતું હતું. એનો મોટો મહિમા પણ કહેવાયો છે. ત્યારે ભક્તવત્સલ ભગવાન શંકર અર્જુનની રક્ષાને માટે ખૂબ જ વેગથી આગળ વધ્યા. આ સમયે એ બંનેએ ભૂંડ પર બાણ ચલાવ્યાં શિવજીના બાણનું લક્ષ્ય હતું એનો પુચ્છભાગ અને અર્જુને એના મુખને પોતાનું નિશાન બનાવ્યું હતું. શિવજીનું બાણ એના પુચ્છભાગથી પ્રવેશ કરીને મોં વાટે નીકળી ગયું અને શીઘ્ર જ ભૂમિમાં વિલીન થઈ ગયું. તથા અર્જુનનું બાણ એના પાછલા ભાગથી નીકળીને બાજુમાં જ પડી ગયું. ત્યારે એ ભૂંડ વેશધારી દૈત્ય એ જ ક્ષણે મૃત્યુ પામીને ભૂતલ પર પડી ગયો. એ સમયે દેવતાઓને મહાન હર્ષ પ્રાપ્ત થયો. એમણે પહેલાં તો જય-જયકાર કરતાં પુષ્પોની વૃષ્ટિ કરી, પછી તેઓ વારંવાર નમસ્કાર કરીને સ્તુતિ



કરવા લાગ્યા. એ સમયે એ બંનેએ ક્રૂર રૂપ તરફ દૃષ્ટિપાત કર્યો. એને જોઈને શિવજીનું મન સંતુષ્ટ થઈ ગયું અને અર્જુનને મહાન સુખ પ્રાપ્ત થયું. તત્પશ્ચાત્ અર્જુન મનમાં ને મનમાં જ વિશેષરૂપે સુખનો અનુભવ કરતાં કહેવા લાગ્યા— 'અહો! આ શ્રેષ્ઠ દૈત્ય અદ્ભુતરૂપ ધારણ કરીને મને મારવા જ આવ્યો હતો, પરંતુ શિવજીએ જ મારી રક્ષા કરી છે. નિસ્સંદેહ એ પરમેશ્વરે જ આજ (આને મારવા માટે) મારી બુદ્ધિને પ્રેરિત કરી છે. આવો વિચાર કરીને અર્જુન શિવનામ સંકીર્તન કરવા લાગ્યો અને પછી વારંવાર એમનાં ચરણોમાં પ્રણામ કરીને એમની સ્તુતિ કરી. (અધ્યાય ૩૯)

*

## અર્જુન અને શિવદૂતનો વાર્તાલાપ, કિરાત વેશધારી શિવજીની સાથે અર્જુનનું યુદ્ધ, ઓળખવા પર અર્જુન દ્વારા શિવ-સ્તુતિ, શિવજીનું અર્જુનને વરદાન આપીને અંતર્ધાન થવું, અર્જુનનું આશ્રમમાં પાછા ફરવું અને ભાઈઓને મળવું, શ્રીકૃષ્ણનું અર્જુનને મળવા ત્યાં પધારવું

નંદીશ્વરજી કહે છે—હે મહાજ્ઞાની સનત્કુમારજી! હવે પરમાત્મા શિવની એ લીલા સાંભળો, જે ભક્તવત્સલતાથી યુક્ત તથા એમની દૃઢતાથી ભરેલી છે. તદનંતર શિવજીએ એ

બાણને લાવવા માટે તરત જ એક પોતાના અનુચરને મોકલ્યો. પેલી બાજુ અર્જુન પણ બાણ લેવા ત્યાં આવ્યા. આ રીતે એક જ સમયે રુદ્ર-અનુચર અને અર્જુન બંને બાણ ઉઠાવવા માટે ત્યાં પહોંચ્યા. ત્યારે અર્જુને એને ડરાવી - ધમકાવીને પોતાનું બાણ ઉઠાવી લીધું. આ જોઈને એ અનુચરે કહ્યું—'હે ઋષિસત્તમ! આપ શા માટે આ બાણ લઈ રહ્યા છો? એ તો અમારું સાયક છે, એને છોડી દો.' ભિલ્લરાજના અનુચરનું આવું કહેવાથી મુનિશ્રેષ્ઠ અર્જુને શંકરજીનું સ્મરણ કર્યું અને પછી આ પ્રકારે કહ્યું.

**અર્જુન બોલ્યા**—હે વનેચર! તું મોટો મૂર્ખ છે. તું વગર જાણ્યે-સમજ્યે શું બક બક કરે છે? આ બાણને તો મેં હમણાં હમણાં છોડ્યું છે, પછી એ તારું કેવી રીતે કહી શકાય? એની ધાર અને આગલાં પીછાં પર મારું જ નામ અંકિત છે, પછી એ તારું કેવી રીતે થઈ ગયું? ઠીક છે, તારો કુટિલ સ્વભાવ છૂટવો કઠણ છે.

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! અર્જુનનું આ કથન સાંભળીને ભિલ્લરૂપી ગણેશ્વરને હસવું આવ્યું. ત્યારે તે ઋષિરૂપે વર્તમાન અર્જુનને આમ ઉત્તર આપતાં બોલ્યો—'રે તાપસ! સાંભળ. જણાય છે કે તું તપસ્યા નથી કરી રહ્યો, કેવળ તારો વેશ તપસ્વીનો છે; કેમકે સાચો તપસ્વી છળ-કપટ કરતો નથી. ભલા, જે મનુષ્ય તપસ્યામાં નિરત હશે, એ કેવી રીતે મિથ્યા ભાષણ કરશે, કેવી રીતે છલ કરશે. અરે તું મને એકલો ન જાણતો. તને જ્ઞાત હોવું જોઈએ કે હું એક સેનાનો અધિપતિ છું. અમારા સ્વામી ઘણાબધા વનચારી ભીલો સાથે ત્યાં બેઠા છે. તે વિગ્રહ અને અનુગ્રહ કરવામાં સર્વથા સમર્થ છે. આ બાણ, જેને તેં હમણાં ઊંચક્યું છે, તે એમનું જ છે. આ બાણ ક્યારેય તારી પાસે ટકી નહીં શકે. હે તાપસ! તું શા માટે તારી તપસ્યાનું ફળ નષ્ટ કરવા ચાહે છે. મેં તો એવું સાંભળી રાખ્યું છે કે ચોરી કરવાથી, છલકપટપૂર્વક કોઈને કષ્ટ પહોંચાડવાથી, વિસ્મય કરવાથી તથા અન્યનો ત્યાગ કરવાથી પ્રાણીનું તપ ક્ષીણ થઈ જાય છે—આ બિલકુલ સત્ય છે.* આવી દશામાં તને હવે તપનું ફળ કેવી રીતે પ્રાપ્ત થશે? એ બાણને લઈ લેવાથી તું તપથી ચ્યુત તથા કૃતઘ્ન થઈ જઈશ, કેમકે નિશ્ચય જ આ મારા સ્વામીનું બાણ છે અને તારી રક્ષા માટે જ એમણે એને છોડ્યું હતું. આ બાણથી તો એમણે શત્રુને મારી જ દીધો અને પછી બાણને પણ સુરક્ષિત રાખ્યું. તું તો મહાન કૃતઘ્ન તથા તપસ્યામાં અમંગલ કરનારો છે. જ્યારે તું સત્ય નથી બોલી રહ્યો, ત્યારે પછી આ તપથી સિદ્ધિની અભિલાષા કેવી રીતે કરી શકાય? અથવા જો તારે બાણનું જ પ્રયોજન હોય તો મારા સ્વામી પાસે માગી લે. તે સ્વયં આ પ્રકારનાં ઘણાંબધાં બાણ તને આપી શકે છે. મારા સ્વામી આજ અહીં વર્તમાન છે. તું એમની પાસે કેમ યાચના નથી કરતો? તું જો ઉપકારનો પરિત્યાગ કરીને અપકાર કરવા ચાહે છે તથા હમણાં હમણાં કરી રહ્યો છે, તે તારે માટે ઉચિત નથી. તું ચપલતા છોડી દે.'

આ ઉપર કુપિત થઈને અર્જુને એને કેટકેટલીય વાતો કહી. બંનેમાં મોટો વિવાદ થયો. અંતમાં અર્જુને કહ્યું- 'હે વનચારી ભીલ! તું મારી મૂળ સારવાત સાંભળી લે. જે સમયે

---

* ચૌર્યાચ્છલાર્ધમાનાચ્ચ વિસ્મયાત્સત્યભંજનાત્ । તપસા ક્ષીયતે સત્યમેતદેવ મયા શ્રુતમ્ ॥

(શિ.પુ. શતરુદ્રસંહિતા ૪૦/૧૩-૧૪)

તારો સ્વામી આવશે, એ સમયે હું એને એનાં ફળ ચખાડીશ. તારી સાથે યુદ્ધ કરવું તો મને શોભતું નથી. તેથી હું તો તારા સ્વામી સાથે જ લડી લઈશ, સામનો કરીશ, લડી લઈશ, કેમકે સિંહ અને શિયાળનું યુદ્ધ ઉપહાસાસ્પદ જ માનવામાં આવે છે. હે ભીલ! તેં મારી વાત સાંભળી જ લીધી છે. હવે તું મારા મહાન બળને પણ જોઈશ. જા તારા સ્વામી પાસે પાછો જતો રહે અથવા જેવી રીતે ઇચ્છા હોય એવું કર.'

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! અર્જુનના આમ કહેવા પર તે ભીલ જ્યાં શિવાવતાર કિરાત બિરાજમાન હતા, ત્યાં ગયા અને એ ભિલ્લરાજને અર્જુનનાં બધાં વચન વિસ્તારપૂર્વક કહી સંભળાવ્યાં. એની વાત સાંભળીને એ કિરાતેશ્વરને મહાન હર્ષ થયો. ત્યારે ભીલરૂપધારી ભગવાન શંકર પોતાની સેના સાથે ત્યાં ગયા. પેલી બાજુ પાંડુપુત્ર અર્જુને પણ એ સેના જોઈ, ત્યારે તે પણ ધનુષબાણ લઈને સામે આવીને દઢતાપૂર્વક ઊભો રહ્યો. તદનંતર કિરાતે પુનઃ એ દૂતને મોકલ્યો અને એના દ્વારા ભરતવંશીય મહાત્મા અર્જુનને આમ કહેવડાવ્યું.

**કિરાતે કહ્યું**—હે તપસ્વિન્! જરા આ સેનાની તરફ દૃષ્ટિપાત તો કરો. અરે! હવે તમે બાણ છોડીને જલદીથી ભાગી જાઓ. શા માટે તમે આ સમયે એક સામાન્ય કામ માટે પ્રાણ ગુમાવવા ચાહો છો? તમારા ભાઈઓ દુઃખથી પીડિત છે, સ્ત્રી તો એમના કરતાં પણ વધારે દુઃખી છે. મારો તો એવો વિચાર છે કે આવું કરવાથી પૃથ્વી પણ તમારા હાથમાંથી ચાલી જશે.

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! જ્યારે અર્જુનની બધી રીતે રક્ષા કરવા માટે કિરાતરૂપધારી પરમેશ્વર શંભુએ એની ભક્તિની દઢતાની પરીક્ષા નિમિત્તે આવી વાત કહી, ત્યારે તે દૂત એ જ સમયે અર્જુનની પાસે પહોંચ્યો અને એને આખો વૃત્તાંત વિસ્તારપૂર્વક કહી સંભળાવ્યો. એની વાત સાંભળીને અર્જુને એ આવેલા તને પુનઃ કહ્યું—'હે દૂત! તું જઈને તારા સેનાપતિને કહે કે તમારા કથન અનુસાર કરવાથી બધી વાતો વિપરીત થઈ જશે. જો હું તમને પોતાનું બાણ આપી દઉં તો નિસ્સંદેહ પોતાના કુળને દૂષિત કરનારો સિદ્ધ થઈશ. એટલા માટે ભલેને મારા ભાઈ દુઃખાર્ત થઈ જાય તથા મારી બધી વિદ્યાઓ નિષ્ફળ થઈ જાય, પરંતુ તમે આવો તો ખરા. મેં એવું ક્યારેય નથી સાંભળ્યું કે ક્યાંય સિંહ શિયાળથી ડરી ગયો હોય. આ જ પ્રકારે રાજા (ક્ષત્રિય) ક્યારેય પણ વનેચરથી ભયભીત ન થઈ શકે.

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! અર્જુનનું આવું કહેવાથી તે દૂત પુનઃ પોતાના સ્વામી પાસે પાછો આવ્યો અને અર્જુને કહેલી બધી વાત એમની સાથે વિશેષરૂપે નિવેદિત કરી દીધી. એ સાંભળીને કિરાતવેશધારી સેનાનાયક મહાદેવજી પોતાની સેના સાથે અર્જુનની સામે આવ્યા. એમને આવ્યા જાણીને જોઈને અર્જુને શિવજીનું



ધ્યાન કર્યું. પછી પાસે જઈને એમની સાથે અત્યંત ભીષણ સંગ્રામ છેડી દીધો. આ રીતે ગણોસહિત મહાદેવજીની સાથે અર્જુનનું ઘોર યુદ્ધ થયું. અંતમાં અર્જુને શિવજીનાં ચરણકમલોનું ધ્યાન કર્યું. એમનું ધ્યાન કરવાથી અર્જુનનું બળ વધી ગયું. ત્યારે અર્જુન શંકરજીના બંને પગ પકડીને એમને ઘુમાવવા માંડ્યા. એ વખતે ભક્તવત્સલ મહાદેવજી હસી રહ્યા હતા. હે મુને! ભક્તપરાધીન હોવાને કારણે એ અર્જુનને પોતાની દાસતા પ્રદાન કરવા ચાહતા હતા, એટલા જ માટે એમણે આવી લીલા રચી હતી; અન્યથા આવું થવું સર્વથા અસંભવ હતું. તત્પશ્ચાત્ શંકરજીએ ભક્તપરવશતાને કારણે મંદસ્મિત કરીને ત્યાં પોતાનું સૌમ્ય અને અદ્ભુત રૂપ સહસા પ્રગટ કરી દીધું. હે પુરુષોત્તમ! શિવજીનું જે સ્વરૂપ વેદો, શાસ્ત્રો તથા પુરાણોમાં વર્ણિત છે તથા વ્યાસજીએ અર્જુનને ધ્યાન કરવાને માટે જે સર્વસિદ્ધિદાતા રૂપનો ઉપદેશ આપ્યો હતો, શિવજીએ તે જ રૂપ દેખાડ્યું. ત્યારે ધ્યાન દ્વારા પ્રાપ્ત થનાર શિવજીના એ સુંદર રૂપને જોઈને અર્જુનને મહા વિસ્મય થયો. પછી તે લજ્જિત થઈને સ્વયં પશ્ચાત્તાપ કરવા લાગ્યા—'અહો! જેમને મેં પ્રભુરૂપે વરણ કર્યા છે, તે ત્રિલોકીના અધીશ્વર કલ્યાણકર્તા સાક્ષાત્ સ્વયં શિવ તો આ જ છે. હાય! આ સમયે મેં આ શું કરી નાખ્યું? અહો! ભગવાન શિવની માયા બહુ બલવતી છે. એ ભલભલા મોટા મોટા માયાવીઓને પણ મોહમાં નાખી દે છે (પછી મારી તો વિસાત જ શી?) એ જ પ્રભુએ પોતાના રૂપને છુપાવીને આ કઈ લીલા રચી છે? હું તો એમના દ્વારા છેતરાઈ ગયો.' આ રીતે પોતાની બુદ્ધિથી સારી પેઠે વિચાર કરીને અર્જુને હાથ જોડીને મસ્તક નમાવીને ભગવાન શિવને પ્રણામ કર્યા, પછી ખિન્ન મનથી આમ કહ્યું.

**અર્જુન બોલ્યા**—હે દેવાધિદેવ મહાદેવ! આપ તો બહુ જ કૃપાળુ તથા ભક્તોના કલ્યાણકર્તા છો. હે સર્વેશ! આપે મારો અપરાધ ક્ષમા કરી દેવો જોઈએ. આ સમયે આપે પોતાનું રૂપ છુપાવીને આ કયો ખેલ કર્યો છે? તમે તો મારી સાથે છલ કર્યું છે. મને છેતર્યો છે. હે પ્રભો! આપ સ્વામીની સાથે યુદ્ધ કરનાર મને ધિક્કાર છે.

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! આ પ્રકારે પાંડુપુત્ર અર્જુનને મહાન પશ્ચાત્તાપ થયો. તત્પશ્ચાત્ એ શીઘ્ર જ મહાપ્રભુ શંકરનાં ચરણોમાં આળોટી પડ્યા. આ જોઈને ભક્તવત્સલ મહેશ્વરનું ચિત્ત પ્રસન્ન થઈ ગયું. ત્યારે તે અર્જુનને અનેક પ્રકારે આશ્વાસન આપીને બોલ્યા.

**શંકરજીએ કહ્યું**—હે પાર્થ! તમે તો મારા પરમ ભક્ત છો, તેથી ખેદ ન કરો. આ તો મેં તમારી પરીક્ષા લેવા આવી લીલા રચી હતી, એટલે તમે શોક કરવાનું છોડી દો.

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! આમ કહીને ભગવાન શિવે પોતાના બંને હાથ વડે પકડીને અર્જુનને ઊભો કર્યો અને પોતાની સામે તથા પોતાના ગણો સમક્ષ એમની લાજનું નિવારણ કર્યું. પછી ભક્તવત્સલ ભગવાન શંકર વીરોમાં માન્ય પાંડુપુત્ર અર્જુનને બધી રીતે હર્ષ પ્રદાન કરીને પ્રેમપૂર્વક બોલ્યા.

**શિવજીએ કહ્યું**—હે પાંડવોમાં શ્રેષ્ઠ અર્જુન! હું તમારા પર પરમ પ્રસન્ન છું, એટલે હવે તમે વરદાન માગો. આ સમયે તમે મારા પર જે પ્રહાર અને આઘાત કર્યા છે. એને મેં મારી પૂજા માની લીધી છે. સાથે જ આ બધું તો

મેં મારી ઇચ્છાથી કર્યું છે. એમાં તમારો અપરાધ જ શો છે? તેથી તમારી જે લાલસા હોય, તે માગી લો, કેમકે મારી પાસે એવી કોઈ પણ વસ્તુ નથી, જે તમારે માટે અદેય હોય. આ જે કાંઈ થયું છે, તે શત્રુઓમાં તમારો યશ સ્થાપિત થાય અને રાજ્યની સ્થાપના માટે સારું જ થયું છે. તમારે એનું દુઃખ ન માનવું. હવે તમે બધી ગભરામણ છોડી દો.

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! ભગવાન શંકરના આમ કહેવાથી અર્જુન ભક્તિપૂર્વક સાવધાનીથી ઊભો થઈને શંકરજીને કહેવા લાગ્યો.

**અર્જુને કહ્યું**—'હે શંભો! આપ તો બહુ ઉત્તમ સ્વામી છો. આપને ભક્ત બહુ પ્રિય છે. હે દેવ! ભલા, હું આપની કરુણાનું શું વર્ણન કરી શકું. હે સદાશિવ! આપ તો બહુ કૃપાળુ છો.' આમ કહીને અર્જુને મહાપ્રભુ શંકરની સદ્‌ભક્તિયુક્ત અને વેદસમ્મત સ્તુતિનો આરંભ કર્યો.

**અર્જુન બોલ્યા**—આપ દેવાધિદેવને નમસ્કાર છે. હે કૈલાસવાસિન્! આપને પ્રણામ છે. હે સદાશિવ! આપને અભિવાદન છે. હે પંચમુખ પરમેશ્વર! આપને હું મસ્તક નમાવું છું. આપ જટાધારી અને ત્રણ નેત્રોથી વિભૂષિત છો, આપને વારંવાર નમસ્કાર છે, આપ પ્રસન્નરૂપવાળા છો તથા હજારો મુખથી યુક્ત છો, આપને પ્રણામ છે. હે નીલકંઠ! આપને મારા નમસ્કાર પ્રાપ્ત હો. હું સદ્યોજાતનું અભિવાદન કરું છું. વામ-અંગમાં ગિરિજાને ધારણ કરનાર હે વૃષધ્વજ! આપને પ્રણામ છે. દશ ભુજાધારી આપ પરમાત્માને પુનઃ પુનઃ અભિવાદન છે. આપના હાથમાં ડમરુ અને કપાલ શોભા પામે છે. આપ મુંડોની માળા ધારણ કરો છો, આપને નમસ્કાર છે. આપનો શ્રીવિગ્રહ શુદ્ધ સ્ફટિક તથા નિર્મલ કર્પૂર સમાન ગૌરવર્ણનો છે, હાથમાં પિનાક શોભે છે તથા આપ ઉત્તમ ત્રિશૂળ ધારણ કરેલ છો, આપને પ્રણામ છે. હે ગંગાધર! આપ વ્યાઘ્રચર્મનું ઉત્તરીય અને ગજચર્મનું વસ્ત્ર લપેટનાર છો, આપનાં અંગોમાં નાગ વળગેલા રહે છે, આપને વારંવાર અભિવાદન છે. સુંદર લાલ લાલ ચરણોવાળા આપને નમસ્કાર છે. નંદી વગેરે ગણો દ્વારા સેવિત આપ ગણનાયકને પ્રણામ છે. જે ગણેશસ્વરૂપ છે, કાર્તિકેય જેના અનુગામી છે, જે ભક્તોને ભક્તિ અને મુક્તિ પ્રદાન કરનારા છો, એવા આપને પુનઃ પુનઃ નમસ્કાર છે. આપ નિર્ગુણ, સગુણ, રૂપરહિત, રૂપવાન, કલાયુક્ત તથા નિષ્કલ છો, આપને હું વારંવાર મસ્તક નમાવું છું. જેમણે મારા પર અનુગ્રહ કરવા માટે કિરાતવેશ ધારણ કર્યો છે, જે વીરોની સાથે યુદ્ધ કરવાના પ્રેમી તથા વિવિધ પ્રકારની લીલાઓ કરનારા છો, એ મહેશ્વરને પ્રણામ છે. જગતમાં જે કાંઈ પણ રૂપ દૃષ્ટિગોચર થઈ રહ્યું છે, તે બધું આપનું જ તેજ કહેવાય છે. આપ ચિદ્‌રૂપ છો અને અન્વયભેદથી ત્રિલોકીમાં રમણ કરી રહ્યા છો. જેવી રીતે ધૂળકણોની આકાશમાં ઉદિત થયેલી તારકાઓની તથા વરસતા જળની ગણતરી થઈ ન શકે એ જ રીતે આપની ગુણોની પણ સંખ્યા નથી. હે નાથ! આપના ગુણોની ગણના કરવામાં તો વેદ પણ સમર્થ નથી, હું તો એક મંદબુદ્ધિ વ્યક્તિ છું, પછી હું એમનું વર્ણન કેવી રીતે કરી શકું. હે મહેશાન! આપ જે કોઈ પણ હો, આપને મારા નમસ્કાર છે. હે મહેશ્વર! આપ મારા સ્વામી છો અને હું તમારો દાસ છું; તેથી આપે

મારા પર કૃપા કરવી જ જોઈએ.

**નંદીશ્વરજી કહે છે**—અર્જુન દ્વારા કરેલા આ સ્તવનને સાંભળીને ભગવાન શંકરનું મન પરમ પ્રસન્ન થઈ ગયું, ત્યારે તે હસતાં હસતાં પુનઃ અર્જુનને કહેવા લાગ્યા.

**શંકરજીએ કહ્યું**—હે વત્સ! હવે વધારે કહેવાથી શો લાભ, તમે મારી વાત સાંભળો અને પોતાનું મનોવાંછિત વરદાન માગી લો. આ સમયે તમે જે કાંઈ કહેશો, એ બધું હું તમને પ્રદાન કરીશ.

**નંદીશ્વરજી કહે છે**—હે મહર્ષે! શંકરજીના આવા કથન પર અર્જુને હાથ જોડીને નતમસ્તક થઈને સદાશિવને પ્રણામ કર્યા અને ફરી પ્રેમપૂર્વક ગદ્ગદ વાણીમાં કહેવાનો આરંભ કર્યો.

**અર્જુને કહ્યું**—હે વિભો! આપ તો સ્વયં જ અંતર્યામીરૂપે સૌની અંદર બિરાજમાન છો (એટલે ઘટઘટની જાણકારી છે), આવી દશામાં હું શું કહું; તથાપિ હું જે કાંઈ કહું છું, એને આપ સાંભળો. હે ભગવન્! મુજ પર શત્રુઓ દ્વારા જે સંકટ પ્રાપ્ત થયું હતું, તે તો આપનાં દર્શનથી જ વિનષ્ટ થઈ ગયું. હવે જે પ્રકારે મને આ લોકની પરાસિદ્ધિ પ્રાપ્ત થઈ શકે, એવી કૃપા કરો.

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! આટલું કહીને અર્જુને ભક્તવત્સલ ભગવાનને નમસ્કાર કર્યા અને પછી તે હાથ જોડીને માથું નમાવીને એમની પાસે ખડા થઈ ગયા. જ્યારે સ્વામી શિવજીને એ જ્ઞાન થયું કે આ પાંડુપુત્ર અર્જુન મારો અનન્ય ભક્ત છે, ત્યારે તે પણ પરમ પ્રસન્ન થયા. પછી એ મહેશ્વરે પોતાના પાશુપત નામના અસ્ત્રને, જે સર્વથા સમસ્ત પ્રાણીઓ માટે દુર્જય છે, અર્જુનને આપી દીધું અને આ પ્રકારે કહ્યું.

**શિવજી બોલ્યા**—હે વત્સ! મેં તમને મારું મહાન અસ્ત્ર આપી દીધું છે. એને ધારણ કરવાથી હવે તમે સમસ્ત શત્રુઓને માટે અજેય થઈ



જશો. જાઓ, વિજય લાભ કરો. સાથે જ હું શ્રીકૃષ્ણને પણ કહીશ, તે તમારી સહાયતા કરશે; કેમકે શ્રીકૃષ્ણ મારા આત્મસ્વરૂપ ભક્ત અને મારું કાર્ય કરનારા છે. હે ભારત! મારા પ્રભાવથી તમે નિષ્કંટક રાજ્ય ભોગવો અને પોતાના ભાઈ યુધિષ્ઠિર દ્વારા સર્વદા વિવિધ પ્રકારનાં ધર્મકાર્ય કરાવતા રહો.

**નંદીશ્વરજી કહે છે**—હે મુને! આમ કહીને શંકરજીએ અર્જુનના મસ્તક ઉપર પોતાના કરકમળ ધર્યા અને અર્જુન દ્વારા પૂજિત થઈને તે શીઘ્ર જ અંતર્ધાન થઈ ગયા. આ પ્રકારે ભગવાન શંકર પાસેથી વરદાન અને અસ્ત્ર મેળવીને અર્જુનનું મન પ્રસન્ન થઈ ગયું, ત્યારે તે પોતાના મુખ્ય ગુરુ શિવનું ભક્તિપૂર્વક સ્મરણ

કરતાં કરતાં પોતાને આશ્રમે પાછા જતા રહ્યા. ત્યાં અર્જુનને મળીને બધા ભાઈઓને એવો આનંદ થયો જાણે કે મૃતકના શરીરમાં પ્રાણનો સંચાર થઈ ગયો હોય. ઉત્તમ વ્રતનું પાલન કરનારી દ્રૌપદીને અત્યંત સુખ મળ્યું. જ્યારે એ પાંડવોએ જાણ્યું કે શિવજી પરમ સંતુષ્ટ થઈ ગયા છે, ત્યારે એમના હર્ષનો પાર ન રહ્યો. એમને એ સંપૂર્ણ વૃત્તાંત સાંભળવાથી તૃપ્તિ થતી ન હતી. એ સમયે એ આશ્રમમાં મહામનસ્વી પાંડવોનું ભલું કરવાને માટે ચંદનયુક્ત પુષ્પોની વૃષ્ટિ થવા લાગી. ત્યારે એમણે હર્ષપૂર્વક સંપત્તિદાતા અને કલ્યાણકર્તા શિવને નમસ્કાર કર્યા. (તેર વર્ષની) અવધિ સમાપ્ત થઈ જાણી એ નિશ્ચય કર્યો કે અવશ્ય જ અમારો વિજય થશે. આ જ અવસર પર જ્યારે શ્રીકૃષ્ણને ખબર પડી કે અર્જુન પાછો આવી ગયો છે, ત્યારે એ સમાચાર સાંભળીને એમને બહુ સુખ મળ્યું અને એ અર્જુનને મળવા ત્યાં પધાર્યા તથા કહેવા લાગ્યા કે 'એટલા જ માટે મેં કહ્યું હતું કે શંકરજી સંપૂર્ણ કષ્ટોનો વિનાશ કરનારા છે. હું નિત્ય એમની સેવા કરું છું. તેથી આપ લોકો પણ એમની સેવા કરો.' હે મુને! આ રીતે મેં શંકરજીના કિરાત નામના અવતારનું વર્ણન કર્યું. જે આને સાંભળે છે અથવા બીજાને સંભળાવે છે, એની બધી જ કામનાઓ પૂર્ણ થઈ જાય છે. (અધ્યાય ૪૦ થી ૪૧)

*

## શિવજીના દ્વાદશ જ્યોતિર્લિંગાવતારોનું સવિસ્તર વર્ણન

**નંદીશ્વરજી** કહે છે—હે મુને! હવે તમે સર્વવ્યાપી ભગવાન શંકરના બાર અન્ય જ્યોતિર્લિંગસ્વરૂપી અવતારોનું વર્ણન શ્રવણ કરો, જે અનેક પ્રકારનાં મંગલ કરનાર છે. (એમનાં નામ આ છે). સૌરાષ્ટ્રમાં સોમનાથ, શ્રી શૈલ પર મલ્લિાર્જુન, ઉજ્જયિનીમાં મહાકાલ, ઓંકારમાં અમરેશ્વર, હિમાલય પર કેદાર, ડાકિનીમાં ભીમશંકર, કાશીમાં વિશ્વનાથ, દારુકવનમાં નાગેશ્વર, સેતુબંધ પર રામેશ્વર અને શિવાલયમાં ઘુશ્મેશ્વર. હે મુને! પરમાત્મા શંભુના આ જ તે બાર અવતાર છે. એ દર્શન અને સ્પર્શથી મનુષ્યોને સર્વ પ્રકારે આનંદ પ્રદાન કરે છે. હે મુને! એમાં પહેલો અવતાર સોમનાથનો છે. એ ચંદ્રમાના દુઃખનો વિનાશક છે. એમનું પૂજન કરવાથી ક્ષય અને કુષ્ઠ વગેરે રોગોનો નાશ થઈ જાય છે. આ સોમેશ્વર નામનો શિવ-અવતાર સૌરાષ્ટ્ર નામના પાવન પ્રદેશમાં સ્થિત છે. પૂર્વકાળમાં ચંદ્રમાએ એમની પૂજા કરી હતી. ત્યાં સંપૂર્ણ પાપોનો વિનાશ કરનાર એક ચંદ્રકુંડ છે, જેમાં સ્નાન કરવાથી બુદ્ધિમાન મનુષ્ય સંપૂર્ણ રોગોથી મુક્ત થઈ જાય છે. પરમાત્મા શિવના સોમેશ્વર નામના 'મહાલિંગનું દર્શન કરવાથી મનુષ્ય પાપથી છૂટી જાય છે અને એને ભોગ અને મોક્ષ સુલભ થઈ જાય છે. હે તાત! શંકરજીના મલ્લિકાર્જુન નામનો બીજો અવતાર શ્રીશૈલ પર થયો. તે ભક્તોને મનોવાંછિત ફળ આપનારો છે. હે મુને! ભગવાન શિવ પરમ પ્રસન્નતાપૂર્વક પોતાના નિવાસભૂત કૈલાસગિરિથી લિંગરૂપે શ્રીશૈલ પર પધારે છે. પુત્ર-પ્રાપ્તિ માટે એમની સ્તુતિ કરવામાં આવે છે. હે મુને! આ

જે બીજું જ્યોતિર્લિંગ છે, તે દર્શન અને પૂજન કરવાથી મહાસુખકારક થાય છે અને અંતે મુક્તિ પણ આપે છે—એમાં લેશમાત્ર સંશય નથી. હે તાત! શંકરજીનો મહાકાલ નામનો ત્રીજો અવતાર ઉજ્જયિની નગરીમાં થયો. એ પોતાના ભક્તોની રક્ષા કરનારો છે. એક વાર રત્નમાલ-નિવાસી દૂષણ નામનો અસુર, જે વૈદિક ધર્મનો વિનાશક, વિપ્રદ્રોહી તથા સર્વ કાંઈ નષ્ટ કરી દેનારો હતો, ઉજ્જયિનીમાં આવી પહોંચ્યો, ત્યારે વેદ નામના બ્રાહ્મણના પુત્રે શિવજીનું ધ્યાન કર્યું. પછી તો શંકરજી તરત જ પ્રગટ થઈને હુંકાર દ્વારા એ અસુરને ભસ્મ કરી દે છે. તત્પશ્ચાત્ પોતાના ભક્તોનું સર્વથા પાલન કરનારા શિવ દેવતાઓની પ્રાર્થના થવાથી મહાકાલ નામના જ્યોતિર્લિંગ સ્વરૂપથી ત્યાં જ પ્રતિષ્ઠિત થઈ ગયા. આ મહાકાલ નામના લિંગનાં પ્રયત્નપૂર્વક દર્શન અને પૂજન કરવાથી મનુષ્યની બધી જ કામનાઓ પૂર્ણ થઈ જાય છે અને અંતે એને પરમ ગતિની પ્રાપ્તિ થાય છે. પરમ આત્મબલથી સંપન્ન પરમેશ્વર શંભુએ અભીષ્ટ ફલ પ્રદાન કરનારો ઓંકાર નામનો ચોથો અવતાર ધારણ કર્યો. હે મુને! વિન્ધ્યગિરિએ ભક્તિપૂર્વક વિધિ-વિધાનથી શિવજીના પાર્થિવલિંગની સ્થાપના કરી. એ જ લિંગથી વિંધ્યનો મનોરથ પૂર્ણ કરનારા મહાદેવ પ્રગટ થયા. ત્યારે દેવતાઓની પ્રાર્થના પર ભુક્તિ-મુક્તિના પ્રદાતા ભક્તવત્સલ લિંગરૂપી શંકર ત્યાં બે રૂપોમાં વિભક્ત થઈ ગયા. હે મુનીશ્વર! એમાંનો એક ભાગ ઓંકારમાં ઓંકારેશ્વર નામના ઉત્તમ લિંગ રૂપે પ્રતિષ્ઠિત થયો અને બીજો પાર્થિવલિંગ પરમેશ્વર નામથી પ્રસિદ્ધ થયો. હે મુને! આ બંનેમાં જે કોઈનું પણ દર્શન-પૂજન થાય એને ભક્તોની અભિલાષા પૂર્ણ કરનાર સમજવો જોઈએ. હે મહામુને! આ રીતે મેં તમને આ બન્ને મહાદિવ્ય જ્યોતિર્લિંગોનું વર્ણન સંભળાવી દીધું. પરમાત્મા શિવના પાંચમા અવતારનું નામ છે કેદારેશ તે કેદારમાં જ્યોતિર્લિંગરૂપે સ્થિત છે. હે મુને! ત્યાં શ્રીહરિના જે નર-નારાયણ નામના અવતાર છે, એમની પ્રાર્થના પર શિવજી હિમગિરિના કેદાર શિખર પર સ્થિત થઈ ગયા. એ બંને એ કેદારેશ્વર લિંગની નિત્ય પૂજા કરે છે. ત્યાં શંભુ દર્શન અને પૂજન કરનારા ભક્તો મનોવાંછિત પામે છે. હે તાત! સર્વેશ્વર હોવા છતાં પણ શિવ આ ખંડના વિશેષરૂપે સ્વામી છે. શિવજીનો આ અવતાર સંપૂર્ણ અભીષ્ટોને પ્રદાન કરનારો છે. મહાપ્રભુના છઠ્ઠા અવતારનું નામ ભીમશંકર છે. આ અવતારમાં એમણે મોટી મોટી લીલાઓ કરી છે અને ભીમાસુરનો વિનાશ કર્યો છે. કામરૂપ દેશના અધિપતિ રાજા સુદક્ષિણ શિવજીના ભક્ત હતા. ભીમાસુર એમને દુઃખ દેતો હતો ત્યારે શંકરજી પોતાના ભક્તોને દુઃખ દેનાર એ અદ્ભુત અસુરનો વધ કરીને એની રક્ષા કરી. પછી રાજા સુદક્ષિણની પ્રાર્થના પર સ્વયં શંકરજી ડાકિનીમાં ભીમશંકર નામક જ્યોતિર્લિંગ સ્વરૂપે સ્થિત થઈ ગયા. હે મુને! જે સમસ્ત બ્રહ્માંડસ્વરૂપ તથા ભોગ-મોક્ષના પ્રદાતા છે તે વિશ્વેશ્વર નામનો સાતમો અવતાર કાશીમાં થયો. મુક્તિદાતા સિદ્ધસ્વરૂપ સ્વયં ભગવાન શંકર પોતાની પુરી કાશીમાં જ્યોતિર્લિંગરૂપમાં સ્થિત છે. વિષ્ણુ વગેરે બધા દેવતા, કૈલાસપતિ શિવ અને ભૈરવ નિત્ય એમની પૂજા કરે છે. જે કાશી વિશ્વનાથના ભક્ત છે અને નિત્ય એમનાં નામોનો જપ કરતા રહે છે, તે કર્મોથી નિર્લિપ્ત થઈને કૈવલ્યપદને પામે છે. ચંદ્રશેખર શિવનો

જે ત્ર્યમ્બક નામનો આઠમો અવતાર છે, તે ગૌતમ ઋષિની પ્રાર્થના થવાથી ગૌતમી નદીના તટે પ્રગટ થયો હતો. ગૌતમની પ્રાર્થનાથી એ મુનિને પ્રસન્ન કરવા માટે શંકરજી પ્રેમપૂર્વક જ્યોતિર્લિંગ સ્વરૂપે ત્યાં અચલ થઈને સ્થિત થઈ ગયા. અહો! એ મહેશ્વરનાં દર્શન અને સ્પર્શથી કરવાથી બધી જ કામનાઓ સિદ્ધ થાય છે. તત્પશ્ચાત્ મુક્તિ પણ મળી જાય છે. શિવજીના અનુગ્રહથી શંકરપ્રિયા પરમ પાવની ગંગા ગૌતમના સ્નેહવશ ત્યાં ગૌતમી નામે પ્રવાહિત થયાં. એમાં નવમા અવતાર વૈદ્યનાથ નામથી પ્રસિદ્ધ છે. આ અવતારમાં ઘણીબધી વિચિત્ર લીલાઓ કરનારા ભગવાન શંકર રાવણ માટે આવિર્ભૂત થયા હતા. એ સમયે રાવણ દ્વારા પોતાને લાવવામાં આવેલ હોવાને કારણે જ મહેશ્વર જ્યોતિર્લિંગ સ્વરૂપે ચિતા-ભૂમિમાં પ્રતિષ્ઠિત થઈ ગયા. એ સમયથી એ ત્રિલોકીમાં વૈદ્યનાથેશ્વર નામે વિખ્યાત થયા. તે ભક્તિપૂર્વક દર્શન અને પૂજન કરનારને ભોગ-મોક્ષ આપે છે. હે મુને! જે લોકો આ વૈદ્યનાથેશ્વર શિવના માહાત્મ્યને વાંચે છે અથવા સાંભળે છે, એમને એ ભુક્તિ-મુક્તિના ભાગી બનાવી દે છે. દશમો અવતાર નાગેશ્વરાવતાર કહેવાય છે. તે પોતાના ભક્તોની રક્ષા કરવા માટે પ્રાદુર્ભૂત થયા હતા. તે સદા દુષ્ટોને દંડ આપે છે. આ અવતારમાં શિવજીએ દારુક નામના રાક્ષસને, જે ધર્મઘાતી હતો, મારીને વૈશ્યોના સ્વામી પોતાના સુપ્રિય નામના ભક્તની રક્ષા કરી હતી. તત્પશ્ચાત્ ઘણીબધી લીલા કરનાર એ પરાત્પર શંભુ લોકો પર ઉપકાર કરવાને માટે અંબિકા સહિત જ્યોતિર્લિંગ સ્વરૂપે સ્થિત થઈ ગયા. હે મુને! નાગેશ્વર નામના એ શિવલિંગનું દર્શન અને અર્ચન કરવાથી ઢગલેઢગલા મહાન પાતક તરત જ વિનષ્ટ થઈ જાય છે. હે મુને! શિવજીનો અગિયારમો અવતાર રામેશ્વરાવતાર કહેવાય છે. તે શ્રીરામચંદ્રજીનું પ્રિય કરનારા છે. એની સ્થાપના શ્રીરામજીએ કરી હતી, જે ભક્તવત્સલ શંકરે પરમ પ્રસન્ન થઈને શ્રીરામને પ્રેમપૂર્વક વિજયનું વરદાન આપ્યું, તે જ લિંગરૂપે આવિર્ભૂત થયા. હે મુને! ત્યારે શ્રીરામજીએ અત્યંત પ્રાર્થના કરી ત્યારે તે સેતુબંધ પર જ્યોતિર્લિંગરૂપે સ્થિત થઈ ગયા. એ સમયે શ્રીરામજીએ એમની સારી પેઠે સેવા-પૂજા કરી. રામેશ્વરના અદ્‌ભુત મહિમાની ભૂતલ પર કોઈની સાથે તુલના કરી શકાય નહિ. એ સર્વદા ભુક્તિ-મુક્તિ પ્રદાયિની તથા ભક્તોની કામના પૂર્ણ કરનારી છે. જે મનુષ્ય સદ્‌ભક્તિપૂર્વક રામેશ્વર લિંગને ગંગાજળથી સ્નાન કરાવશે, તે જીવનમુક્ત જ છે. તે આ લોકમાં જે દેવતાઓ માટે પણ દુર્લભ છે એવા સંપૂર્ણ ભોગોને ભોગવીને પછી પરમ જ્ઞાનને પ્રાપ્ત થઈ જાય છે. પછી એને કૈવલ્ય મોક્ષ મળી જશે. ઘુશ્મેશ્વરાવતાર શંકરજીનો બારમો અવતાર છે. હે મુને! ઘુશ્માનું પ્રિય કરવા માટે ભગવાન શંકર દક્ષિણ દિશામાં સ્થિત દેવશૈલ પાસે એક સરોવરમાં પ્રગટ થયા. હે મુને! ઘુશ્મના પુત્રને સુદેહાએ મારી નાખ્યો હતો (એને જીવિત કરવા માટે ઘુશ્માએ શિવજીની આરાધના કરી.) ત્યારે એમની ભક્તિથી સંતુષ્ટ થઈને ભક્તવત્સલ શંભુએ એના પુત્રને બચાવી લીધો. ત્યારબાદ કામનાઓના પૂરક શંભુ ઘુશ્માને પ્રાર્થનાથી એ તડાગ (સરોવર)માં જ્યોતિર્લિંગરૂપે સ્થિત થઈ ગયા. એ સમયે એમનું નામ ઘુશ્મેશ્વર થયું. જે મનુષ્ય એ શિવલિંગનાં ભક્તિપૂર્વક દર્શન કરશે અને પૂજન કરશે તે આ લોકમાં સંપૂર્ણ સુખોને

ભોગવીને અંતે મુક્તિ લાભ કરે છે. હે સનત્કુમારજી! આ રીતે મેં તમને બાર દિવ્ય જ્યોતિર્લિંગોનું વર્ણન કરી બતાવ્યું. એ સર્વ ભોગ અને મોક્ષના પ્રદાન છે. જે મનુષ્ય જ્યોતિર્લિંગોની આ કથા વાંચે છે, જાણે છે અથવા સાંભળે છે, તે સંપૂર્ણ પાપોથી મુક્ત થઈ જાય છે, તથા ભોગ-મોક્ષને પ્રાપ્ત કરે છે. આ રીતે મેં આ શતરુદ્ર નામની સંહિતાનું વર્ણન કરી દીધું છે. આ શિવના સો અવતારોની ઉત્તમ કીર્તિથી સંપન્ન તથા સંપૂર્ણ અભીષ્ટ ફળને આપનારી છે. જે મનુષ્ય આને નિત્ય સમાહિત ચિત્તથી વાંચે છે અથવા સાંભળે છે, એની સંપૂર્ણ લાલસાઓ પૂર્ણ થઈ જાય છે અને અંતે નિશ્ચય જ મુક્તિ મળી જાય છે. (અધ્યાય ૪૨)

*

**॥ શતરુદ્રસંહિતા સંપૂર્ણ ॥**

*

# કોટિરુદ્રસંહિતા

## દ્વાદશ જ્યોતિર્લિંગ તથા એમનાં ઉપલિંગોનું વર્ણન અને એમનાં દર્શન-પૂજનનો મહિમા

**યો ધત્તે નિજમાયયૈવ ભુવનાકારં વિકારોજ્ઝિતો યસ્યાહુઃ કરુણાકટાક્ષવિભવૌ સ્વર્ગાપવર્ગાભિધૌ। પ્રત્યાબોધસુખાદ્વયં હૃદિ સદા પશ્યન્તિ યં યોગિનસ્તસ્મૈ શૈલસુતાશ્રિતાર્દ્ધવપુષે શશ્વન્નમસ્તેજસે॥૧॥**

જે નિર્વિકાર હોવા છતાં પણ પોતાની માયાથી જ વિરાટ વિશ્વનો આકાર ધારણ કરી લે છે, સ્વર્ગ અને અપવર્ગ (મોક્ષ) જેના કૃપાકટાક્ષનો જ વૈભવ બતાવાય છે તથા યોગીજન જેમને સદા પોતાના હૃદયની અંદર અદ્વિતીય આત્મજ્ઞાનાનંદસ્વરૂપમાં જ દેખે છે, એ તેજોમય ભગવાન શંકરને, જેમનું અર્ધું શરીર શૈલરાજકુમારી પાર્વતીથી સુશોભિત છે, નિરંતર મારા નમસ્કાર છે. ॥૧॥

**કૃપા લલિતવીક્ષણં સ્મિતમનોજ્ઞવક્ત્રામ્બુજં શશાંકકલયોજ્જ્વલં શમિતઘોરતાપત્રયમ્। કરોતુ કિમપિ સ્ફુરત્પરમસૌખ્યસચ્ચિદ્વપુર્ધરાધરસુતાભુજોદ્વલયિતં મહો મંગલમ્॥૨॥**

જેમની કૃપાપૂર્ણ દૃષ્ટિ બહુ જ સુંદર છે, જેમનું મુખારવિન્દ મંદ સ્મિતની છટાથી અત્યંત મનોહર જણાય છે, જે ચંદ્રમાની કલાથી પરમ ઉજ્જ્વળ છે, જે આધ્યાત્મિક વગેરે ત્રણેય તાપોને શાંત કરી દેવામાં સમર્થ છે, જેમનું રૂપ-સ્વરૂપ સચ્ચિન્મય અને પરમાનંદરૂપે પ્રકાશિત થાય છે તથા જે ગિરિરાજનંદિની પાર્વતીના ભુજપાશથી આવેષ્ટિત, છે, ને શિવ નામના કોઈ અનિર્વચનીય તેજઃપુંજ સર્વનું મંગલ કરો.॥૨॥

ઋષિ બોલ્યા—હે સૂતજી! આપે સંપૂર્ણ લોકોના હિતની કામનાથી વિવિધ પ્રકારનાં આખ્યાનોથી યુક્ત જે શિવ-અવતારનું માહાત્મ્ય બતાવ્યું છે, તે બહુ જ ઉત્તમ છે. હે તાત! આપ પુનઃ શિવના પરમ ઉત્તમ માહાત્મ્યનું તથા શિવલિંગના મહિમાનું પ્રસન્નતાપૂર્વક વર્ણન કરો. આપ શિવભક્તોમાં શ્રેષ્ઠ છો, તેથી ધન્ય છો. હે પ્રભો! આપના મુખારવિન્દથી નીકળેલા ભગવાન શિવના સુરમ્ય યશરૂપી અમૃતનું પોતાના કર્ણપુટો દ્વારા પાન કરીને અમે તૃપ્ત થતા નથી, તેથી ફરી એનું જ વર્ણન કરો. હે વ્યાસશિષ્ય! ભૂમંડળમાં, તીર્થ તીર્થમાં જે જે શુભ લિંગ છે અથવા અન્ય સ્થળોમાં પણ જે જે પ્રસિદ્ધ શિવલિંગ બિરાજમાન છે, પરમેશ્વર શિવનાં એ બધાં જ દિવ્ય લિંગોનું સમસ્ત લોકોના હિતની ઇચ્છાથી આપ વર્ણન કરો.

સૂતજીએ કહ્યું—હે મહર્ષિઓ! સંપૂર્ણ તીર્થ લિંગમય છે. સર્વ કાંઈ લિંગમાં જ પ્રતિષ્ઠિત છે. એ શિવલિંગોની કોઈ ગણના નથી, તથાપિ હું એમનું કિંચિત્ વર્ણન કરું છું. જે કોઈ પણ દૃશ્ય જોવાય છે અથવા જેનું વર્ણન અને સ્મરણ કર્યું જાય છે, એ સર્વ ભગવાન શિવનું જ રૂપ છે; કોઈ પણ વસ્તુ શિવના સ્વરૂપથી ભિન્ન નથી. હે સાધુ શિરોમણિઓ! ભગવાન શંભુએ સર્વ લોકો પર અનુગ્રહ કરવાને માટે જ દેવતા, અસુર અને મનુષ્યોસહિત ત્રણે લોકોને લિંગરૂપે વ્યાપ્ત કરી રાખ્યા છે. સમસ્ત લોકો પર કૃપા કરવાના ઉદ્દેશ્યથી જ ભગવાન મહેશ્વર તીર્થ-તીર્થમાં અને અન્ય સ્થળોમાં પણ વિવિધ પ્રકારનાં લિંગ ધારણ કરે છે. જ્યાં જ્યાં જ્યારે જ્યારે

ભક્તોએ ભક્તિપૂર્વક શંભુનું સ્મરણ કર્યું, ત્યાં ત્યાં ત્યારે ત્યારે અવતાર લઈ કાર્ય કરીને તે સ્થિત થઈ ગયા; લોકોનો ઉપકાર કરવાને માટે એમણે સ્વયં પોતાના સ્વરૂપભૂત લિંગની કલ્પના કરી. એ લિંગની પૂજા કરીને શિવભક્ત પુરુષ અવશ્ય સિદ્ધિ પ્રાપ્ત કરી લે છે. હે બ્રાહ્મણો! ભૂમંડલમાં જે લિંગ છે, એની ગણના થઈ શકે નહિ; તેમ છતાં હું પ્રધાન પ્રધાન શિવલિંગોનો પરિચય આપું છું. હે મુનિશ્રેષ્ઠ શૌનક! આ ભૂતલ પર જે મુખ્ય મુખ્ય જ્યોતિર્લિંગ છે, એમનું આજે હું વર્ણન કરું છું. એમનાં નામના શ્રવણ માત્રથી પાપ દૂર થઈ જાય છે. સૌરાષ્ટ્રમાં સોમનાથ,[૧] શ્રી શૈલપર મલ્લિકાર્જુન;[૨] ઉજ્જૈનીમાં મહાકાલ,[૩] ઓંકાર તીર્થમાં પરમેશ્વર,[૪] હિમાલયના શિખર પર કેદાર,[૫] ડાકિનીમાં ભીમશંકર,[૬] વારાણસીમાં વિશ્વનાથ,[૭] ગોદાવરીના તટ પર ત્ર્યમ્બક,[૮] ચિતાભૂમિમાં વૈદ્યનાથ,[૯] દારુકાવનમાં નાગેશ,[૧૦] સેતુબન્ધમાં રામેશ્વર,[૧૧] તથા શિવાલયમાં ઘુશ્મેશ્વરનું[૧૨] સ્મરણ કરે. જે પ્રતિદિન પ્રાતઃકાળે ઊઠીને આ બાર નામનો પાઠ કરે છે, તે સર્વ પાપથી મુક્ત થઈને સંપૂર્ણ સિદ્ધિઓને પ્રાપ્ત કરી લે છે.*

---

૧. શ્રી સોમનાથનાં દર્શન કરવા માટે કાઠિયાવાડ પ્રદેશ અંતર્ગત પ્રભાસક્ષેત્રમાં જવું જોઈએ. ૨. શ્રી મલ્લિકાર્જુન નામનું જ્યોતિર્લિંગ જે પર્વત પર બિરાજમાન છે, એનું નામ શ્રી શૈલ અથવા શ્રી પર્વત છે. આ સ્થાન મદ્રાસ પ્રાંતના કૃષ્ણા જિલ્લામાં કૃષ્ણાનદીના તટ પર છે. એને દક્ષિણનું કૈલાસ પણ કહે છે. ૩. મહાકાળ અથવા મહાકાલેશ્વર માલવા પ્રદેશમાં ક્ષિપ્રા નદીના તટ પર ઉજ્જૈન નામના નગરમાં બિરાજમાન છે. ઉજ્જૈનને અવન્તિકાપુરી પણ કહે છે. ૪. આ શિવલિંગને ઓંકારેશ્વર પણ કહે છે, ઓંકારેશ્વરનું સ્થાન માલવા પ્રાંતમાં નર્મદા નદીના તટ પર છે. ઉજ્જૈનથી ખંડવા જનારી રેલવેની નાની લાઈન પર મોરટક્કા નામનું સ્ટેશન છે. ત્યાંથી આ સ્થાન સાત માઈલ દૂર છે. અહીં ઓંકારેશ્વર અને અમલેશ્વર નામનાં બે પૃથક્ પૃથક્ લિંગ છે, પરંતુ બંને એક જ જ્યોતિર્લિંગનાં બે સ્વરૂપ માનવામાં આવે છે. ૫. શ્રી કેદારનાથ અથવા કેદારેશ્વર હિમાલયના કેદાર નામના શિખર પર સ્થિત છે. શિખરની પૂર્વ બાજુએ અલકનંદાના તટ પર શ્રીબદરીનાથ અવસ્થિત છે અને પશ્ચિમે મંદાકિનીના કિનારે શ્રીકેદારનાથ બિરાજમાન છે. આ સ્થાન હરિદ્વારથી એક સો પચાશ માઈલ અને ઋષિકેશથી એકસો બત્રીસ માઈલ દૂર છે. ૬. શ્રી ભીમશંકરનું સ્થાન મુંબઈથી પૂર્વ અને પૂનાથી ઉત્તર ભીમા નદીને કિનારે એના ઉદ્‌ગમ-સ્થાન સહ્ય પર્વત પર છે. આ સ્થાન લારીના રસ્તે જવાથી નાસિકથી એક સો વીસ માઈલ દૂર છે. સહ્ય પર્વતના એ શિખરનું નામ, જ્યાં આ જ્યોતિર્લિંગનું પ્રાચીન મંદિર છે, ડાકિની છે. એનાથી અનુમાન થાય છે કે ક્યારેક અહીં ડાકિની અને ભૂતોનો નિવાસ હતો. શિવપુરાણની એક કથાના આધાર પર ભીમશંકર જ્યોતિર્લિંગ આસામના કામરૂપ જિલ્લામાં ગોહાટી પાસે બ્રહ્મપુર પહાડી પર સ્થિત કહ્યું જાય છે. કોઈ લોકો કહે છે કે નૈનીતાલ જિલ્લાના ઉજ્જનક સ્થાનમાં એક વિશાળ શિવમંદિર છે, તે જ ભીમશંકરનું સ્થાન છે. ૭. કાશીના શ્રી વિશ્વનાથજી તો પ્રસિદ્ધ જ છે. ૮. આ જ્યોતિર્લિંગ ત્ર્યમ્બક અથવા ત્ર્યમ્બકેશ્વરના નામથી પ્રસિદ્ધ છે. મુંબઈ પ્રાંતના નાસિક જિલ્લામાં પંચવટીથી અઢાર માઈલ દૂર ગોદાવરીના ઉદ્‌ગમસ્થાન બ્રહ્મગિરિની પાસે ગોદાવરીના તટ પર જ એમની સ્થિતિ છે. ૯. આ સ્થાન સંથાલ પરગણામાં ઈ. આઈ. રેલવેના જસીડીહ સ્ટેશન પાસે વૈદ્યનાથ ધામથી પ્રસિદ્ધ છે. પુરાણો અનુસાર આ જ ચિતાભૂમિ છે. ક્યાંક ક્યાંક 'પરલ્યાં વૈદ્યનાથં ચ' એવો પાઠ પણ મળે છે. એ અનુસાર પરલીમાં વૈદ્યનાથની સ્થિતિ છે. દક્ષિણ હૈદ્રાબાદ નગરથી આ બાજુ પરભની નામનું એક જંક્શન છે, ત્યાંથી પરલી સુધી એક બ્રાંચ લાઈન ગઈ છે. આ પરલી સ્ટેશનથી થોડે દૂર પરલી ગામની પાસે શ્રી વૈદ્યનાથ નામનું જ્યોતિર્લિંગ છે. ૧૦. નાગેશ નામનું જ્યોતિર્લિંગનું સ્થાન વડોદરા રાજ્ય અંતર્ગત ગોમતી દ્વારકાથી ઈશાનકોણમાં બાર-તેર માઈલના અંતરે છે. દારુકાવન એનું જ નામ છે. કોઈ કોઈ દારુકાવનને બદલે 'દ્વારકાવન' પાઠ માને છે. આ પાઠને અનુસાર પણ આ જ સ્થાન સિદ્ધ થાય છે, કેમકે એ દ્વારકાની પાસે છે અને એ જ ક્ષેત્ર અંતર્ગત છે. કોઈ કોઈ દક્ષિણ હૈદ્રાબાદ અંતર્ગત ઔઢા ગામમાં સ્થિત શિવલિંગને જ નાગેશ્વર જ્યોતિર્લિંગ માને છે. કેટલાક લોકોને મતે અલ્મોડાથી સત્તર માઈલ ઉત્તર-પૂર્વમાં સ્થિત યાગેશ (જાગેશ્વર) શિવલિંગ જ નાગેશ જ્યોતિર્લિંગ છે. ૧૧. શ્રીરામેશ્વર તીર્થને જ સેતુબન્ધ તીર્થ પણ કહે છે. આ સ્થાન મદ્રાસ પ્રાંતના રામનાથમ્ અથવા રામનદ જિલ્લામાં છે. અહીં સમુદ્રના તટ પર રામેશ્વરનું વિશાળ મંદિર શોભી રહ્યું છે. ૧૨. શ્રી ઘુશ્મેશ્વરને ઘુસૃણેશ્વર અથવા ધૃષ્ણેશ્વર પણ કહે છે. એનું સ્થાન હૈદરાબાદ રાજ્ય અંતર્ગત દૌલતાબાદ સ્ટેશનથી બાર માઈલ દૂર બેરુલ ગામ પાસે છે. આ સ્થાનને શિવાલય કહે છે.

હે મુનીશ્વરો! જે જે મનોરથને પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખીને શ્રેષ્ઠ મનુષ્ય આ બાર નામોનો પાઠ કરશે, તે આ લોકમાં અને પરલોકમાં એ મનોરથને અવશ્ય પ્રાપ્ત કરી લેશે. જો શુદ્ધ અંતઃકરણવાળા પુરુષ નિષ્કામ ભાવે આ નામનો પાઠ કરશે, એમને ક્યારેય માતાના ગર્ભમાં નિવાસ નહીં કરવો પડે. આ સર્વના પૂજન માત્રથી આ લોકમાં સમસ્ત વર્ણોના લોકાનાં દુઃખોનો નાશ થઈ જાય છે, અને પરલોકમાં એમને અવશ્ય મોક્ષ પ્રાપ્ત થાય છે. આ બાર જ્યોતિર્લિંગોનું નૈવેદ્ય યત્નપૂર્વક ગ્રહણ કરવું (ખાવું) જોઈએ. આવું કરનાર પુરુષનાં બધાં જ પાપ એ જ ક્ષણે બળીને ભસ્મ થઈ જાય છે.+

આ મેં જ્યોતિર્લિંગોનાં દર્શન અને પૂજનનું ફળ બતાવ્યું. હવે જ્યોતિર્લિંગોનાં ઉપલિંગ બતાવવામાં આવે છે. હે મુનીશ્વરો! ધ્યાન દઈને સાંભળો. સોમનાથનું જે ઉપલિંગ છે એનું નામ અન્નકેશ્વર છે. એ ઉપલિંગ મહી નદી અને સમુદ્રના સંગમ પર સ્થિત છે. મલ્લિકાર્જુનથી પ્રગટ ઉપલિંગ રુદ્રેશ્વરના નામે પ્રસિદ્ધ છે. તે ભૃગુકક્ષમાં સ્થિત છે અને ઉપાસકોને સુખ આપનારું છે. મહાકાલ સંબંધી ઉપલિંગ દુગ્ધેશ્વર અથવા દૂધનાથ નામે પ્રસિદ્ધ છે. તે નર્મદા તટ પર છે તથા સમસ્ત પાપોનું નિવારણ કરનાર મનાય છે. ઓંકારેશ્વર સંબંધી ઉપલિંગ કર્દમેશ્વરના નામે પ્રસિદ્ધ છે. તે બિન્દુ સરોવરના તટ પર છે. ઉપાસકોને સંપૂર્ણ મનોવાંછિત ફળ પ્રદાન કરે છે. કેદારેશ્વર સંબંધી ઉપલિંગ ભૂતેશ્વર નામથી પ્રસિદ્ધ છે અને તે યમુના તટ પર સ્થિત છે. જે લોકો એનાં દર્શન-પૂજન કરે છે એમનાં મોટાં મોટાં પાપોનું નિવારણ થઈ જાય છે. ભીમશંકર સંબંધી ઉપલિંગ ભીમેશ્વર નામે પ્રસિદ્ધ છે. તે પણ સહ્ય પર્વત પર જ સ્થિત છે અને મહાન બળની વૃદ્ધિ કરનારું છે. નાગેશ્વર સંબંધી ઉપલિંગનું નામ પણ ભૂતેશ્વર જ છે, તે મલ્લિકા સરસ્વતીના તટ પર સ્થિત છે અને દર્શન. માત્રથી સર્વ પાપ હરી લે છે. રામેશ્વરથી પ્રગટ થયેલ ઉપલિંગને ગુપ્તેશ્વર અને ઘુશ્મેશ્વરથી પ્રગટ થયેલા ઉપલિંગને વ્યાઘ્રેશ્વર કહેવાય છે. હે બ્રાહ્મણો! આ રીતે અહીં મેં જ્યોતિર્લિંગોનાં ઉપલિંગોનો પરિચય આપી દીધો. એ દર્શન માત્રથી પાપહારી તથા સંપૂર્ણ અભીષ્ટ મનોવાંછિતનાં દાતા હોય છે. હે મુનિવરો! આ મુખ્યતાને પ્રાપ્ત થયેલાં પ્રધાન પ્રધાન શિવલિંગ બનાવ્યાં. હવે અન્ય પ્રમુખ શિવલિંગોનું વર્ણન સાંભળો.

(અધ્યાય-૧)

*

* સૌરાષ્ટ્રે સોમનાથં ચ શ્રીશૈલે મલ્લિકાર્જુનમ્ । ઉજ્જયિન્યાં મહાકાલમોંકારે પરમેશ્વરમ્ ॥
કેદારે હિમવત્પૃષ્ઠે ડાકિન્યાં ભીમશંકરમ્ । વારાણસ્યાં જ વિશ્વેશં ત્ર્યંબકં ગૌમતીતટે ॥
વૈદ્યનાથં ચિતાભૂમૌ નાગેશં દારુકાવને । સેતુબન્ધે તુ રામેશં ઘુશ્મેશં તુ શિવાલયે ॥
દ્વાદશૈતાનિ નામાનિ પ્રાતરુત્થાય યઃ પઠેત્ । સર્વપાપ વિનિર્મુક્તઃ સર્વસિદ્ધિફલં લભેત્ ॥
(શિ.પુ. કોટિ રુ. સં. ૧/૨૧-૨૪)

+ ત્રાહ્યમેષાં ચ નૈવેદ્યં ભોજનીયં પ્રયત્નતઃ । તત્કર્તુઃ સર્વપાપાનિ ભસ્મસાદ્યાન્તિ વૈ ક્ષણાત્ ॥
(શિ.પુ.કો.રુ.સં. ૧/૨૮)

# કાશી વગેરે વિભિન્ન લિંગોનું વર્ણન તથા અત્રીશ્વરની ઉત્પત્તિના પ્રસંગમાં ગંગા અને શિવની અત્રિના તપોવનમાં નિત્ય નિવાસ કરવાની કથા

સૂતજી કહે છે—હે મુનીશ્વરો! ગંગાજીના તટ પર મુક્તિદાયિની કાશીપુરી સુપ્રસિદ્ધ જ છે. એ ભગવાન શિવની નિવાસ સ્થલી મનાય છે. એને શિવલિંગમયી જ સમજવી જોઈએ. આટલું કહીને સૂતજીએ કાશીના અવિમુક્ત કૃત્તિવાસેશ્વર, તિલભાંડેશ્વર, દશાશ્વમેધ વગેરે અને ગંગાસાગર વગેરેના સંગમેશ્વર, ભૂતેશ્વર, નારીશ્વર, વટુકેશ્વર, પૂરેશ્વર, સિદ્ધનાથેશ્વર, દૂરેશ્વર, શૃંગેશ્વર, વૈદ્યનાથ, જપ્યેશ્વર, ગોપેશ્વર, રંગેશ્વર, વામેશ્વર, નાગેશ, કામેશ, વિમલેશ્વર; પ્રયાગના બ્રહ્મેશ્વર, સોમેશ્વર, ભારદ્વાજેશ્વર, શૂલટંકેશ્વર, માધવેશ તથા અયોધ્યાના નાગેશ વગેરે અનેક શિવલિંગોનું વર્ણન કરીને અત્રીશ્વરની કથાના પ્રસંગમાં એ બતાવ્યું કે અત્રિપત્ની અનસૂયા પર કૃપા કરીને ગંગાજી ત્યાં પધાર્યાં. અનસૂયાએ ગંગાજીને સદા ત્યાં નિવસ કરવા માટે પ્રાર્થના કરી.

ત્યારે ગંગાજીએ કહ્યું—હે અનસૂયે! જો તમે એક વર્ષ સુધીની શંકરજીની પૂજા અને પતિસેવાનું ફળ મને આપી દો તો હું દેવતાઓ પર ઉપકાર કરવાને માટે સદાયે અહીં સ્થિત રહીશ. પતિવ્રતાનાં દર્શન કરીને મારા મનને જેવી પ્રસન્નતા થાય છે, એવી બીજા ઉપાયોથી થતી નથી. હે સતી અનસૂયે! આ મેં તમને સાચ્ચી વાત કહી છે. પતિવ્રતા સ્ત્રીનાં દર્શન કરવાથી મારાં પાપનો નાશ થઈ જાય છે, હું વિશેષ શુદ્ધ થઈ જાઉં છું; કેમકે, પતિવ્રતા નારી પાર્વતી સમાન પવિત્ર હોય છે. તેથી જો તમે જગતનું કલ્યાણ કરવા ચાહતાં હો અને લોકહિત માટે મારી માગેલી વસ્તુ મને આપી દો તે હું અવશ્ય અહીં સ્થિરરૂપે નિવાસ કરીશ.

સૂતજી કહે છે—હે મુનીશ્વરો! ગંગાજીની આ વાત સાંભળીને પતિવ્રતા અનસૂયાએ વર્ષભરનું એ સમગ્ર પુણ્ય એમને આપી દીધું.



અનસૂયા પતિવ્રત સંબંધી એ મહાન કર્મને જોઈને ભગવાન મહાદેવજી પ્રસન્ન થઈ ગયા. પાર્થિવલિંગથી તત્કાળ પ્રગટ થઈને એમણે સાક્ષાત્ દર્શન આપ્યા.

શંભુ બોલ્યા—હે સાધ્વી અનસૂયે! તમારું આ કર્મ જોઈને હું બહુ જ પ્રસન્ન છું. હે પ્રિય પતિવ્રતે! વરદાન માગો. કેમકે, તમે મને બહુ જ પ્રિય છો.

એ સમયે એ બંને પતી-પત્ની અદ્દ્ભુત સુંદર આકૃતિ અને પંચમુખ વગેરેથી યુક્ત ભગવાન શિવને ત્યાં પ્રગટ થયેલા જોઈને બહુ

વિસ્મય પામ્યાં. એમણે હાથ જોડીને નમસ્કાર અને સ્તુતિ કરીને બહુ ભક્તિભાવથી શંકરનું પૂજન કર્યું. પછી એ લોકકલ્યાણકારી શિવને કહ્યું.

**બ્રાહ્મણ દંપતિ બોલ્યાં**—હે દેવેશ્વર! જો આપ પ્રસન્ન છો અને જગદંબા ગંગા પણ પ્રસન્ન છે તો આપ આ તપોવનમાં નિવાસ કરો અને સમસ્ત લોકોને માટે સુખદાયક થઈ જાઓ.

ત્યારે ગંગા અને શિવ બંનેએ પ્રસન્ન થઈ એ સ્થાન પર, જ્યાં એ ઋષિશિરોમણિ રહેતા હતા, ત્યાં પ્રતિષ્ઠિત થઈ ગયાં. આ જ શિવનું નામ ત્યાં અત્રીશ્વર થયું.

(અધ્યાય ૨-૪)

*

## ઋષિકા પર ભગવાન શિવની કૃપા એક અસુરથી એના ધર્મની રક્ષા કરીને એના આશ્રમમાં 'નન્દિકેશ' નામે નિવાસ કરવો અને વર્ષમાં એક દિવસ ગંગાનું પણ ત્યાં આવવું

તદનંતર શ્રી સૂતજીએ જ્યારે ઘણાંબધાં શિવલિંગોના કથા પ્રસંગો સંભળાવી દીધા, ત્યારે ઋષિઓએ પૂછ્યું - 'હે મહામતે સૂતજી! વૈશાખ સુદ સાતમે ગંગાજી નર્મદામાં કેવી રીતે આવ્યાં? એનું વિશેષરૂપે વર્ણન કરો. ત્યાં મહાદેવજીનું નામ નંદિકેશ્વર કેવી રીતે પડ્યું? એ વાતને પ્રસન્નતાપૂર્વક બતાવો.'

**સૂતજીએ કહ્યું**—હે મહર્ષિઓ! એક બ્રાહ્મણી હતી, જેનું નામ ઋષિકા હતું. તે કોઈ એક બ્રાહ્મણ પુત્રી હતી એક બ્રાહ્મણ સાથે જ વિધિપૂર્વક તેનાં લગ્ન થઈ ગયાં હતાં. હે વિપ્રવરો! યદ્યપિ એ દ્વિજપત્ની ઉત્તમ વ્રતનું પાલન કરનારી હતી, તથાપિ પોતાના પૂર્વજન્મના કોઈ અશુભ કર્મના પ્રભાવથી 'બાલવૈધવ્ય'ને પ્રાપ્ત થઈ ગઈ. ત્યારે એ બ્રાહ્મણપત્ની બ્રહ્મચર્યવ્રતના પાલનમાં તત્પર થઈ પાર્થિવ પૂજન પૂર્વક અત્યંત કઠોર તપસ્યા કરવા લાગી. એ સમયે અવસર જાણીને મૂઢ નામથી પ્રસિદ્ધ એક દુષ્ટ અને બલવાન અસુર, જે મોટો માયાવી હતો, કામબાણથી પીડિત થઈને ત્યાં ગયો. એ અત્યંત સુંદરી કામિનીને તપસ્યા કરતી જોઈ તે અસુર વિવિધ પ્રકારના લોભ દેખાડતો એની સાથે સંભોગની યાચના કરવા લાગ્યો. હે મુનીશ્વરો! પરંતુ ઉત્તમ વ્રતનું પાલન કરવામાં તથા શિવના ધ્યાનમાં તત્પર રહેનારી તે સાધ્વી નારી કામભાવથી એના પર દૃષ્ટિ ન નાખી શકી. તપસ્યામાં લાગેલી એ બ્રાહ્મણીએ અસુરનું સન્માન ન કર્યું; કેમકે તે અત્યંત તપોનિષ્ઠ અને શિવધ્યાન પરાયણ હતી. એ કૃશાંગી યુવતીથી તિરસ્કૃત થઈને એ દૈત્યરાજ મૂઢ એના ઉપર ક્રોધ પ્રગટ કર્યો અને પછી પોતાનું વિકટ રૂપ એને બતાવ્યું. એ પછી એક દુષ્ટ આત્માએ દુર્વચન કહ્યાં અને એ બ્રાહ્મણ પત્નીને વારંવાર ત્રાસ આપવાનું શરૂ કર્યું. એ સમયે એ અસુરના ભયથી ધ્રુજી રહી હતી અને અનેક વાર-સ્નેહપૂર્વક શિવ-શિવના પોકાર કરવા લાગી. એ તન્વંગી દ્વિજપત્નીએ ભગવાન શિવનો પૂર્ણતયા આશરો લઈ રાખ્યો હતો. શિવનું નામ જપનારી

તે નારી અત્યંત વિહ્વળ થઈ પોતાના ધર્મની રક્ષા માટે ભગવાન શંભુને શરણે ગઈ.

ત્યારે શરણાગતની રક્ષા, સદાચારની પ્રતિષ્ઠા અને એ બ્રાહ્મણીને આનંદ પ્રદાન કરવા માટે ભગવાન શિવ ત્યાં પ્રગટ થઈ ગયા. ભક્તવત્સલ પરમેશ્વર શંકરે એ કામવિહ્વળ દૈત્યરાજ મૂઢને તત્કાળ ભસ્મ કરી દીધો અને બ્રાહ્મણી તરફ કૃપાદૃષ્ટિથી જોઈને ભક્તની રક્ષા માટે દત્ત-ચિત્ત થઈને કહ્યું—'વરદાન માગો.' મહેશ્વરનું આ વચન સાંભળીને એ સાધ્વી બ્રાહ્મણપત્નીએ



એમના એ આનંદજનક મંગલમય સ્વરૂપનાં દર્શન કર્યાં. પછી સર્વને સુખ આપનારા પરમેશ્વર શંભુને પ્રણામ કરીને શુદ્ધ અંતઃકરણવાળી એ સાધ્વીએ હાથ જોડીને મસ્તક નમાવીને એમની સ્તુતિ કરી.

ઋષિકા બોલી—હે દેવદેવ મહાદેવ! શરણાગતવત્સલ! આપ દીનબંધુ છો. ભકતોની સદા રક્ષા કરનારા ઈશ્વર છો. આપે મૂઢ નામના અસુર પાસેથી છોડાવી મારા ધર્મની રક્ષા કરી છે; કેમકે, આપના દ્વારા એ અસુર માર્યો ગયો છે. આવું કરીને આપે સંપૂર્ણ જગતની રક્ષા કરી છે. હવે આપ મને પોતાનાં ચરણોની પરમ ઉત્તમ અને અનન્ય ભક્તિ પ્રદાન કરો. હે નાથ! આ જ મારું વરદાન છે. આનાથી વધારે શું હોઈ શકે? હે પ્રભો! હે મહેશ્વર! મારી બીજી પ્રાર્થના પણ સાંભળો. આપ લોકોના ઉપકાર માટે અહીં જ સ્થિત રહો.

મહાદેવજીએ કહ્યું—'હે ઋષિકે! તું સદાચારિણી અને વિશેષતઃ મારામાં ભક્તિભાવ રાખનારી છે. તે જે જે વરદાન માગ્યાં છે, એ બધાં જ મેં તને આપી દીધાં છે.

હે બ્રાહ્મણો! એ દરમિયાન શ્રીવિષ્ણુ અને બ્રહ્મા વગેરે દેવતાઓ જ્યાં ભગવાન શિવનો આવિર્ભાવ થયો જાણીને હર્ષથી સભર ભર્યા ત્યાં આવ્યા અને અત્યંત પ્રેમપૂર્વક શિવને પ્રણામ કરીને એ બધાંએ સારી પેઠે પૂજન કર્યું. પછી શુદ્ધ હૃદયથી હાથ જોડીને મસ્તક નમાવીને એમની સ્તુતિ પણ કરી. એ જ સમયે સાધ્વી દેવનદી ગંગાએ ઋષિકાને એના ભાગ્ય ની પ્રશંસા કરતાં કરતાં પ્રસન્ન થઈ બોલ્યાં -

ગંગાએ કહ્યું—હે ઋષિકે! વૈશાખ માસમાં એક દિવસ અહીં રહેવા માટે મારે પણ તમને વચન આપવું જોઈએ. એ દિવસે હું પણ આ તીર્થમાં નિવાસ કરવા ચાહું છું.

સૂતજી કહે છે—હે મહર્ષિઓ! ગંગાજીની આ વાત સાંભળીને ઉત્તમ વ્રતનું પાલન કરનારી સતી સાધ્વી ઋષિકાએ લોકહિત માટે પ્રસન્નતાપૂર્વક કહ્યું—'બહુ સારું, એવું જ હો.' ભગવાન શિવ ઋષિકાને આનંદ પ્રદાન કરવા માટે અત્યંત પ્રસન્ન થઈને એ પાર્થિવ લિંગમાં પોતાના પૂર્ણ અંશથી વિલીન થઈ ગયા. આ

જોઈને બધા દેવતા આનંદિત થયા અને શિવ તથા ઋષિકાની પ્રશંસા કરવા લાગ્યા અને પોતપોતાને ધામે ચાલ્યા ગયા. એ દિવસથી નર્મદાનું એ તીર્થ પાવન થઈ ગયું અને સંપૂર્ણ પાપનો નાશ કરનારા શિવ ત્યાં નંદિકેશ નામથી વિખ્યાત થયા. ગંગા પણ પ્રતિવર્ષ વૈશાખ માસની સપ્તમીને દિવસે શુભ ઈચ્છાથી પોતાના એ પાપને ધોવા માટે ત્યાં જાય છે, જે મનુષ્યો પાસેથી એ ગ્રહણ કરે છે.

(અધ્યાય ૫-૭)

*

## પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથના પ્રાદુર્ભાવની કથા અને એનો મહિમા

તદનંતર કપિલાનગરીના કાલેશ્વર, રામેશ્વર વગેરેનો મહિમા બતાવતાં સૂતજીએ સમુદ્રના તટ પર સ્થિત ગોકર્ણક્ષેત્રનાં શિવલિંગોનો મહિમા વર્ણવી બતાવ્યો. પછી મહાબલ નામના શિવલિંગનું અદ્‌ભુત માહાત્મ્ય સંભળાવીને અન્ય ઘણાં શિવલિંગોની વિચિત્ર માહાત્મ્ય-કથાનું વર્ણન કરીને પછી ઋષિઓના પૂછવા પર એ જ્યોતિર્લિંગોનું વર્ણન કરવા લાગ્યા.

**સૂતજી બોલ્યા**—હે બ્રાહ્મણો! મેં સદ્‌ગુરુ પાસેથી જે કાંઈ સાંભળ્યું છે, તે જ્યોતિર્લિંગોનું માહાત્મ્ય તથા એમના પ્રાગટ્યનો પ્રસંગ મારી પોતાની બુદ્ધિસાર સંક્ષેપમાં જ સંભળાવીશ. તમે બધા લોકો સાંભળો. હે મુને! જ્યોતિર્લિંગોમાં સૌથી પહેલાં સોમનાથનું નામ આવે છે, તેથી પહેલાં એમનું જ માહાત્મ્ય સાવધાન થઈને સાંભળો. હે મુનીશ્વરો! મહામના પ્રજાપતિ દક્ષે પોતાની અશ્વિની વગેરે સત્યાવીશ કન્યાઓનો વિવાહ ચંદ્રમા સાથે કર્યો હતો. ચંદ્રમાને સ્વામીરૂપે મેળવીને તે દક્ષકન્યાઓ વિશેષ શોભવા લાગી. તથા ચંદ્રમા પણ એમને પત્નીના રૂપમાં મેળવીને નિરંતર સુશોભિત થવા લાગ્યો. એ સર્વ પત્નીઓમાં પણ જે રોહિણી નામની પત્ની હતી, એકમાત્ર તે જ ચંદ્રમાને જેટલી પ્રિય હતી, એટલી બીજી કોઈ પત્ની કદાપિ પ્રિય ન થઈ. આથી બીજી સ્ત્રીઓને બહુ દુઃખ થયું. તે સર્વે પોતાના પિતાના શરણમાં ગઈ. ત્યાં જઈને એમણે જે દુઃખ હતું એનું નિવેદન પિતા સમક્ષ કરી દીધું. હે દ્વિજો! આ બધું સાંભળીને દક્ષ પણ દુઃખી થઈ ગયા અને ચંદ્રમા પાસે આવીને શાંતિપૂર્વક બોલ્યા.

**દક્ષે કહ્યું**—હે કલાનિધે! તમે નિર્મલકુલમાં ઉત્પન્ન થયા છો. તમારા આશ્રયમાં રહેનારી જેટલી સ્ત્રીઓ છે, એ સૌ પ્રતિ તમારા મનમાં ઓછોવત્તો-ન્યૂનાધિક-ભાવ કેમ છે? તમે કોઈને અધિક તો કોઈને થોડો ઓછો પ્રેમ કેમ કરો છો? અત્યાર સુધી તો જે કર્યું, તે કર્યું, હવે આગળ ફરી ક્યારેય આવો વિષમતાપૂર્ણ વર્તાવ તમારે ન કરવો જોઈએ; કેમકે એને નરક આપનાર કહેવાય છે.

**સૂતજી કહે છે**—હે મહર્ષિઓ! પોતાના જમાઈ ચંદ્રમાને સ્વયં આવી પ્રાર્થના કરીને પ્રજાપતિ દક્ષ ઘેર ચાલ્યા ગયા. એમને પૂર્ણ નિશ્ચય થઈ ગયો કે હવે ફરી આવું નહીં થાય. પણ ચંદ્રમાએ પ્રબળ ભાવિથી વિવશ થઈને એમની વાત ન માની. એ રોહિણીમાં એટલા બધા આસક્ત થઈ ગયા હતા કે બીજી કોઈ

પત્નીનો ક્યારેય આદર કરતા ન હતા. આ વાતને સાંભળીને દક્ષ દુઃખી થઈને ફરી સ્વયં આવીને ચંદ્રમાને ઉત્તમ નીતિથી સમજાવવાનો તથા ન્યાય-ઉચિત વર્તાવ માટે પ્રાર્થના કરવા લાગ્યા.

**દક્ષ બોલ્યા**—હે ચંદ્રમા! સાંભળો. હું તમને પહેલાં પણ અનેક વાર પ્રાર્થના કરી ચૂક્યો છું. તો પણ તમે મારી વાત માની નથી. એટલા માટે આજ શાપ આપું છું કે તમને ક્ષયનો રોગ થઈ જાઓ.

**સૂતજી કહે છે**—દક્ષના આટલા કહેવાથી જ ક્ષણભરમાં ચંદ્રમા ક્ષયરોગથી ગ્રસ્ત થઈ ગયા. એમના ક્ષીણ થવાથી જ એ સમયે બધી બાજુ મહાન હાહાકાર મચી ગયો. બધા દેવતા અને ઋષિ કહેવા લાગ્યા કે, 'હાય! હાય! હવે શું કરવું જોઈએ, ચંદ્રમા કેવી રીતે ઠીક થશે?' હે મુને! આ રીતે દુઃખમાં પડીને એ બધા વિહ્વળ થઈ ગયા. ચંદ્રમાએ ઈન્દ્ર વગેરે બધા દેવતાઓને તથા ઋષિઓને એમની પોતાની અવસ્થા સૂચિત કરી દીધી. ત્યારે ઈન્દ્ર વગેરે દેવતા તથા વસિષ્ઠ વગેરે ઋષિ બ્રહ્માજીને શરણે ગયા.

**એમની વાત સાંભળીને બ્રહ્માજીએ કહ્યું**—હે દેવતાઓ! જે થયું તે થયું. એ હવે નિશ્ચિત રીતે બદલી ન શકાય, તેથી તેના નિવારણને માટે હું તમને એક ઉત્તમ ઉપાય બતાવું છું. આદરપૂર્વક સાંભળો. ચંદ્રમા દેવતાઓની સાથે પ્રભાસ નામના શુભ ક્ષેત્રમાં જાય અને ત્યાં મૃત્યુંજય મંત્રનું વિધિપૂર્વક અનુષ્ઠાન કરીને ભગવાન શિવનું આરાધન કરે. પોતાની સામે શિવલિંગની સ્થાપના કરીને ત્યાં ચંદ્રદેવ નિત્ય તપસ્યા કરે. આથી પ્રસન્ન થઈને શિવ એમને ક્ષયરહિત કરી દેશે.

ત્યારે દેવતાઓ અને ઋષિઓના કહેવાથી બ્રહ્માજીની આજ્ઞા અનુસાર ચંદ્રમાએ ત્યાં ૬ માસ સુધી નિરંતર તપસ્યા કરી, મૃત્યુંજય મંત્રથી ભગવાન વૃષભધ્વજનું પૂજન કર્યું. દશ કરોડ મંત્રના જપ અને મૃત્યુંજયનું ધ્યાન કરતાં કરતાં ચંદ્રમા ત્યાં સ્થિર ચિત્ત થઈને લગાતાર ઊભા રહ્યા. એમને તપસ્યા કરતા જોઈને ભક્તવત્સલ ભગવાન શંકર પ્રસન્ન થઈને એમની સામે પ્રગટ થઈ ગયા અને પોતાના ભક્ત ચંદ્રમાને કહેવા લાગ્યા.

**શંકરજીએ કહ્યું**—હે ચંદ્રદેવ! તમારું કલ્યાણ હો; તમારા મનમાં જે અભીષ્ટ-મનોવાંછિત હો, ને વરદાન માગો. હું પ્રસન્ન છું. તમને સંપૂર્ણ ઉત્તમ વરદાન આપીશ.

**ચંદ્રમા બોલ્યા**—હે દેવેશ્વર! જો આપ



પ્રસન્ન છો તો પછી મારે માટે શું અસાધ્ય છે; તથાપિ હે પ્રભો! હે શંકર! આપ મારા શરીરના આ ક્ષયરોગનું નિવારણ કરો. મારાથી જે અપરાધ થઈ ગયો, એને ક્ષમા કરો.

**શિવજીએ કહ્યું**—હે ચંદ્રદેવ! એક પક્ષમાં પ્રતિદિન તમારી કલા ક્ષીણ થશે અને બીજા પક્ષમાં પછી ફરી નિરંતર વધતી રહેશે.

તદનંતર ચંદ્રમાએ ભક્તિભાવથી ભગવાન શંકરની સ્તુતિ કરી. આથી પહેલા નિરાકાર હોવા છતાં પણ એ ભગવાન શિવ ફરી સાકાર થઈ ગયા. દેવતાઓ પર પ્રસન્ન થઈ એ ક્ષેત્રના માહાત્મ્યને વધારવા તથા ચંદ્રમાના યશને વિસ્તારવા ભગવાન શંકર એમના નામ પર ત્યાં સોમેશ્વર કહેવાયા અને ત્રણે લોકોમાં વિખ્યાત થયા. હે બ્રાહ્મણો! સોમનાથનું પૂજન કરવાથી એ ઉપાસકના ક્ષય તથા કોઢ વગેરે રોગોનો નાશ કરી દે છે. એ ચંદ્રમા ધન્ય છે, કૃતકૃત્ય છે, જેના નામથી ત્રણે લોકોના સ્વામી સાક્ષાત્ ભગવાન શંકર ભૂતલને પવિત્ર કરતાં પ્રભાસક્ષેત્રમાં વિદ્યમાન છે. ત્યાં સંપૂર્ણ દેવતાઓએ સોમકુંડની પણ સ્થાપના કરી છે, જેમાં શિવ અને બ્રહ્માનો સદા નિવાસ મનાય છે. ચંદ્રકુંડ આ ભૂતલ પર પાપનાશન તીર્થને રૂપે પ્રસિદ્ધ છે. જે મનુષ્ય એમાં સ્નાન કરે છે, એ બધાં જ પાપોથી મુક્ત થઈ જાય છે. ક્ષય વગેરે જે અસાધ્ય રોગ હોય છે, એ બધા એ કુંડમાં છ માસ સ્નાન કરવા માત્રથી નષ્ટ થઈ જાય છે. મનુષ્ય જે ફળના ઉદ્દેશ્યથી આ ઉત્તમ તીર્થનું સેવન કરે છે, એ ફળને સર્વથા પ્રાપ્ત કરી લે છે - એમાં સંશય નથી.

ચંદ્રમા નીરોગ થઈને પોતાનું જૂનું કાર્ય સંભાળવા લાગ્યા. આ રીતે મેં સોમનાથની ઉત્પત્તિનો આખો પ્રસંગ સંભળાવી દીધો. હે મુનીશ્વરો! આ રીતે સોમેશ્વરલિંગનો પ્રાદુર્ભાવ થયો. જે મનુષ્ય સોમનાથના પ્રાદુર્ભાવની આ કથા સાંભળે છે અથવા બીજાઓને સંભળાવે છે, તે સંપૂર્ણ મનોવાંછિતને પ્રાપ્ત કરી લે છે અને બધાં જ પાપથી મુક્ત થઈ જાય છે.

(અધ્યાય ૮થી ૧૪)

*

# મલ્લિકાર્જુન અને મહાકાલનામનાં જ્યોતિર્લિંગના આવિર્ભાવની કથા તથા એમનો મહિમા

**સૂતજી કહે છે**—હે મહર્ષિઓ! હવે હું મલ્લિકાર્જુનના પ્રાદુર્ભાવનો પ્રસંગ સંભળાવું છું, જેને સાંભળીને બુદ્ધિમાન પુરુષ બધાં જ પાપથી મુક્ત થઈ જાય છે. જ્યારે મહાબલી તારકશત્રુ શિવાપુત્ર કુમાર કાર્તિકેય આખી પૃથ્વીની પરિક્રમા કરીને ફરી કૈલાસ પર્વત પર આવ્યા અને ગણેશના વિવાહની વાત સાંભળીને ક્રૌંચ પર્વત પર ચાલ્યા ગયા, પાર્વતી અને શિવજીનો ત્યાં જઈને અનુરોધ કરવા છતાં પણ પાછા ન આવ્યા તથા ત્યાંથી બાર કોસ દૂર ચાલ્યા ગયા, ત્યારે શિવ અને પાર્વતી જ્યોતિર્મય રૂપે ત્યાં પ્રતિષ્ઠિત થઈ ગયાં. એ બંને પુત્રસ્નેહથી આતુર થઈને પર્વને દિવસે પોતાના પુત્ર કુમારને જોવા માટે એમની પાસે જતા-આવતા રહેતા હતા. અમાસને દિવસે ભગવાન શંકર ત્યાં જતા હતા અને પૂર્ણિમાને દિવસે પાર્વતીજી નિશ્ચય જ ત્યાં પદાર્પણ કરતાં હતાં. એ દિવસથી લઈને શિવનું મલ્લિકાર્જુન નામનું એક લિંગ ત્રણે લોકોમાં પ્રસિદ્ધ થયું. (એમાં પાર્વતી અને શિવ બંનેની જ્યોતિ પ્રતિષ્ઠિત છે. 'મલ્લિકા'નો અર્થ પાર્વતી છે અને 'અર્જુન' શબ્દ શિવવાચક છે). આ લિંગનું જે દર્શન કરે છે, તે સમસ્ત પાપથી મુક્ત

થઈ જાય છે અને સંપૂર્ણ અભીષ્ટની પ્રાપ્તિ કરી લે છે. એમાં સંશય નથી. આ રીતે મલ્લિકાર્જુન નામના બીજા જ્યોતિર્લિંગનું વર્ણન કરવામાં આવ્યું, જે દર્શન માત્રથી લોકોને માટે બધાં જ પ્રકારનાં સુખ આપનારું કહેવાય છે.

**ઋષિઓએ પૂછ્યું**—હે પ્રભો! હવે આપ વિશેષ કૃપા કરીને ત્રીજા જ્યોતિર્લિંગનું વર્ણન કરો.

**સૂતજીએ કહ્યું**—હે બ્રાહ્મણો! હું ધન્ય છું. હું કૃતકૃત્ય છું, જે આપ શ્રીમાનોનો સંગ મને પ્રાપ્ત થયો છે. સાધુ પુરુષોનો સંગ નિશ્ચય જ ધન્ય છે. તેથી હું પોતાનું સૌભાગ્ય સમજીને પાપનાશિની પરમ પાવની દિવ્ય કથાનું વર્ણન કરું છું. તમે લોકો આદરપૂર્વક સાંભળો. અવન્તિ નામની પ્રસિદ્ધ એક રમણીય નગરી છે, જે સમસ્ત દેહધારીઓને મોક્ષ પ્રદાન કરનારી છે. તે ભગવાન શિવને ખૂબ જ પ્રિય, પરમ પુણ્યમયી અને લોકપાવની છે. એ પુરીમાં એક શ્રેષ્ઠ બ્રાહ્મણ રહેતો હતો, જે શુભકર્મપરાયણ, વેદોના સ્વાધ્યાયમાં સંલગ્ન અને વૈદિક કર્મોના અનુષ્ઠાનમાં સદા તત્પર રહેતો હતો. તે ઘરમાં અગ્નિની સ્થાપના કરીને પ્રતિદિન અગ્નિહોત્ર કરતો અને શિવની પૂજામાં સદા તત્પર રહેતો હતો. તે બ્રાહ્મણ દેવતા પાર્થિવ શિવલિંગ બનાવીને એની પૂજા કરતો. વેદપ્રિય નામના એ બ્રાહ્મણ દેવતા સમ્યક્ જ્ઞાન અર્જુનમાં લાગ્યા રહેતા; એટલા માટે એમણે સંપૂર્ણ કર્મોનું ફળ મેળવીને સદ્ગતિ પ્રાપ્ત કરી લીધી જે સંતોને જ સુલભ હોય છે. એમને શિવપૂજાપરાયણ ચાર તેજસ્વી પુત્ર હતા, જે માતા-પિતાથી ગુણોમાં જરાય ઓછા ન હતા. એમનાં નામ : દેવપ્રિય, પ્રિયમેધા, સુકૃત અને સુવ્રત હતાં. એમના સુખદાયક ગુણ ત્યાં સદા વૃદ્ધિ પામવા લાગ્યા. એમને કારણે અવન્તિ નગરી બ્રહ્મતેજથી પરિપૂર્ણ થઈ ગઈ હતી.

એ જ સમયે રત્નમાલ પર્વત પર દૂષણ નામનો એક ધર્મદ્વેષી અસુરે બ્રહ્માજી પાસેથી વરદાન મેળવીને વેદ, ધર્મ અને ધર્માત્માઓ પર આક્રમણ કર્યું. અંતમાં એણે સેના લઈને અવન્તિ (ઉજ્જૈન)ના બ્રાહ્મણો પર પણ ચડાઈ કરી દીધી. એની આજ્ઞાથી ચાર ભયાનક દૈત્ય ચારે દિશાઓમાં પ્રલય-અગ્નિની જેમ પ્રગટ થઈ ગયા, પરંતુ તે શિવવિશ્વાસી બ્રાહ્મણબંધુ ડર્યા નહિ. જ્યારે નગરના બ્રાહ્મણ બહુ ગભરાઈ ગયા, ત્યારે એમણે એમને આશ્વાસન આપતાં કહ્યું—'તમે લોકો ભક્તવત્સલ ભગવાન શંકર પર ભરોસો રાખો.' આમ કહીને શિવલિંગનું પૂજન કરીને તે ભગવાન શિવનું ધ્યાન કરવા લાગ્યા.

એટલામાં જ સેનાસહિત દૂષણે આવીને એ બ્રાહ્મણોને જોયા અને કહ્યું—'એમને મારી નાખો, બાંધી લો' વેદપ્રિયના પુત્ર એ બ્રાહ્મણોએ સમયે કહેલી વાત ન સાંભળી, કેમકે તે ભગવાન શંભુના ધ્યાન-માર્ગમાં સ્થિત હતા. એ દુષ્ટાત્મા દૈત્યે જેવી જ એ બ્રાહ્મણોને મારવાની ઇચ્છા કરી, ત્યાં જ એમના દ્વારા પૂજિત પાર્થિવ શિવલિંગના સ્થાનમાં બહુ ભારે અવાજ સાથે એક ખાડો થઈ ગયો. એ ખાડામાંથી વિકટરૂપધારી ભગવાન શિવ પ્રગટ થઈ ગયા, જે મહાકાલને નામે વિખ્યાત થયા. એ દુષ્ટોના વિનાશક અને સત્પુરુષોના આશ્રયદાતા છે. એમણે એ દૈત્યોને કહ્યું—'અરે ખલ! હું તારા જેવા દુષ્ટોને માટે મહાકાલ પ્રગટ થયો છું. તમે આ બ્રાહ્મણોથી દૂર ભાગી જાઓ.'

આવું કહીને મહાકાલ શંકરે સેનાસહિત દૂષણને પોતાના હુંકાર માત્રથી તત્કાળ ભસ્મ કરી દીધો. કેટલીક સેના એમના દ્વારા હણાઈ ગઈ અને કેટલીક ભાગી ગઈ. પરમાત્મા શિવે દૂષણનો વધ કરી દીધો. જેવી રીતે સૂર્યને જોઈને સંપૂર્ણ અંધકાર નષ્ટ થઈ જાય છે, તેવી રીતે ભગવાન શિવને જોઈને સમગ્ર સેના અદશ્ય થઈ ગઈ. દેવતાઓની દુન્દુભિઓ વાગવા લાગી અને આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થવા લાગી. એ બ્રાહ્મણોને આશ્વાસન આપીને સુપ્રસન્ન થયેલા સ્વયં મહાકાલ મહેશ્વર શિવે એમને કહ્યું—'વરદાન માગો.' એમની એ વાત સાંભળીને તે બધા બ્રાહ્મણો હાથ જોડીને ભક્તિભાવથી સારી પેઠે પ્રણામ કરીને નતમસ્તક થઈને બોલ્યા.



દ્વિજોએ કહ્યું—હે મહાકાલ! હે મહાદેવ! હે દુષ્ટોને દંડ દેનારા પ્રભો! હે શંભો! આપ અમને સંસારસાગરથી મોક્ષ પ્રદાન કરો. હે શિવ! આપ જનસાધારણની રક્ષા કાજે સદા અહીં જ રહો. હે પ્રભો! હે શંભો! આપનાં દર્શન કરનારા મનુષ્યોનો આપ સદા ઉદ્ધાર કરો.

સૂતજી કહે છે—હે મહર્ષિઓ! એમના આવા કથન પર એમને સદ્ગતિ આપીને ભગવાન શિવ પોતાના ભક્તોની રક્ષાને માટે એ પરમ સુંદર ખાડામાં સ્થિત થઈ ગયા. એ બ્રાહ્મણોને મોક્ષ મળ્યો અને ત્યાં ચારે બાજુની એક એક કોસની ભૂમિ લિંગરૂપી ભગવાન શિવનું સ્થાન બની ગઈ. એ શિવ ભૂતલ પર મહાકાલેશ્વર નામે વિખ્યાત થયા. હે બ્રાહ્મણો! એમનાં દર્શન કરવાથી સ્વપ્નમાં પણ કોઈ દુઃખ થતું નથી. જે જે કામનાને લઈને કોઈ એ લિંગની ઉપાસના કરે છે તેને તેનો સર્વ મનોરથ પ્રાપ્ત થઈ જાય છે, તથા પરલોકમાં મોક્ષ પણ મળી જાય છે. (અધ્યાય ૧૫-૧૬)

*

## મહાકાલના માહાત્મ્યના પ્રસંગમાં શિવભક્ત રાજા ચંદ્રસેન તથા ગોપ-બાળક શ્રીકરની કથા

સૂતજી કહે છે—હે બ્રાહ્મણો! ભક્તોની રક્ષા કરનારા મહાકાલ નામના જ્યોતિર્લિંગનું માંહાત્મ્ય ભક્તિભાવને વધારનારું છે. એને આદરપૂર્વક સાંભળો. ઉજ્જયિનીમાં ચંદ્રસેન નામના એક મહાન રાજા હતા, જે સંપૂર્ણ શાસ્ત્રોના તત્ત્વજ્ઞ, શિવભક્ત અને જિતેન્દ્રિય હતા. શિવના પાર્ષદોમાં પ્રધાન તથા સર્વલોકવન્દિત મણિભદ્રજી રાજા ચંદ્રસેનના સખા બની ગયા હતા. એક વખતે એમણે રાજા પર પ્રસન્ન થઈને એમને ચિંતામણિ નામનો મહામણિ

આપ્યો, જે કૌસ્તુભમણિ તથા સૂર્ય સમાન દેદીપ્યમાન હતો. તે જોવાથી, સાંભળવાથી અથવા ધ્યાન કરવાથી પણ મનુષ્યને નિશ્ચય જ મંગલ પ્રદાન કરનારો મણિ હતો. ભગવાન શિવને આશ્રયે રહેનારો રાજા ચંદ્રસેન એ ચિંતામણિને કંઠમાં ધારણ કરીને જ્યારે સિંહાસન પર બેસતા, ત્યારે દેવતાઓમાં સૂર્ય નારાયણની જેમ એમની શોભા થતી. નૃપશ્રેષ્ઠ ચંદ્રસેનના કંઠમાં ચિંતામણિ શોભા વધારે છે, એ સાંભળીને સમસ્ત રાજાઓના મનમાં એ મણિ તરફ લોભની માત્રા વધી ગઈ અને તે ક્ષુબ્ધ રહેવા લાગ્યા. ત્યાર પછી એ બધા રાજા ચતુરંગિણી સેના સાથે આવીને યુદ્ધમાં ચંદ્રસેનને જીતી લેવા તૈયાર થઈ ગયા. એ બધા પરસ્પર એક થઈ ગયા, મળી ગયા અને એમની સાથે મોટું સૈન્ય પણ હતું. એમણે અંદરોઅંદર સંકેત અને સલાહ કરીને આક્રમણ કર્યું અને ઉજ્જયિનીને ચારે બાજુથી ઘેરી લીધી. પોતાની નગરીને ચારે બાજુએથી ઘેરાયેલી જાણી ચંદ્રસેન એ જ ભગવાન મહાકાલેશ્વરને શરણે ગયો. મનને સંદેહ રહિત કરીને દઢ નિશ્ચય સાથે ઉપવાસ કરીને દિવસ-રાત અનન્ય ભાવથી મહાકાલની આરાધના કરવા લાગ્યો.

એ અરસામાં એ શ્રેષ્ઠ નગરમાં કોઈ ગોવાલણી રહેતી હતી, જેને એકમાત્ર પુત્ર હતો. તે વિધવા હતી, અને ઉજ્જયિનીમાં બહુ દિવસોથી રહેતી હતી. તે પોતાના પાંચ વર્ષના બાળકને લઈને મહાકાલના મંદિરમાં ગઈ અને એણે રાજા ચંદ્રસેન દ્વારા કરેલી મહાપૂજા(મહાકાલની)નું આદરપૂર્વક દર્શન કર્યું. રાજાના શિવપૂજનના તે આશ્ચર્યમય ઉત્સવ જોઈને એણે પ્રણામ કર્યા અને પછી તે પોતાને નિવાસસ્થાને પાછી આવી ગઈ. ગોવાલણીના એ બાળકે પણ તે બધી પૂજા જોઈ, તેથી ઘેર આવીને કુતૂહલવશ શિવજીની પૂજા કરવાનો વિચાર કર્યો. એક સુંદર પથ્થર લાવીને એને પોતાના શિબિરથી થોડે દૂર પર બીજા શિબિરના એકાંત સ્થાનમાં મૂકી દીધો અને એને જ શિવલિંગ માનવા લાગ્યો. પછી એણે ભક્તિપૂર્વક કૃત્રિમ ગંધ, અલંકાર, વસ્ત્ર, ધૂપ, દીપ અને અક્ષત વગેરે દ્રવ્યો મેળવીને એ દ્વારા પૂજન કરીને મનઃકલ્પિત નૈવેદ્ય પણ અર્પિત કર્યું. સુંદર સુંદર પત્તાં અને પુષ્પોથી વારંવાર પૂજન કરીને જાત જાતનું નૃત્ય કર્યું અને વારંવાર ભગવાનનાં ચરણોમાં મસ્તક નમાવ્યું. એ જ સમયે ગોવાલણીએ ભગવાન શિવમાં આસક્ત ચિત્ત થયેલા પોતાના પુત્રને બહુ પ્રેમથી ભોજન માટે બોલાવ્યો પરંતુ એનું મન તો ભગવાન શિવની પૂજામાં લાગેલું હતું. તેથી જ્યારે વારંવાર બોલાવવાથી પણ એ બાળકને ભોજન કરવાની ઈચ્છા જ ન થઈ, ત્યારે એની મા જાતે એની પાસે આવી અને એને શિવજીની પાસે આંખો બંધ કરીને ધ્યાન લગાવીને બેઠેલો જોઈ એનો હાથ પકડીને ખેંચવા માંડી - આટલું કર્યું છતાં જ્યારે તે ન ઊઠ્યો, ત્યારે તેણે ક્રોધ કરીને એને ખૂબ માર માર્યો. ખેંચીને, મારપીટ કરવા છતાં જ્યારે એનો પુત્ર ન જ આવ્યો, ત્યારે તેણે તે શિવલિંગને ઉઠાવીને દૂર ફેંકી દીધું અને એના પર ચઢાવેલી બધી સામગ્રી નષ્ટ કરી દીધી. આ જોઈને બાળક 'હાય હાય' કરીને રડી ઊઠ્યો. રોષથી ભરેલી ગોવાલણી પોતાના પુત્રને ડરાવી ધમકાવીને પુનઃ ઘરમાં જતી રહી. ભગવાન શિવની પૂજાને માતા દ્વારા નષ્ટ કરેલી જોઈ તે બાળક 'હે દેવ, હે દેવ, હે મહાદેવ'નું ઉચ્ચારણ કરીને મુર્છિત થઈને સહસા પડી ગયો. એનાં નેત્રોથી આંસુઓની ધારા પ્રવાહિત થવા લાગ્યાં. બે ઘડી પછી જ્યારે એને ભાન આવ્યું, ત્યારે

તેણે આંખો ખોલી.

આંખો ખુલવા પર એ શિશુએ જોયું, એનું તે જ શિબિર ભગવાન શિવના અનુગ્રહથી તત્કાલ મહાકાલનું સુંદર મંદિર બની ગયું, મણિઓના ચમકતા થાંભલા એની શોભા વધારી રહ્યા હતા, ત્યાંથી ભૂમિ સ્ફટિકમણિથી મઢાઈ ગઈ હતી. તપાવેલા સોનાના ઘણાબધા વિચિત્ર કળશ એ શિવાલયને શોભાવી રહ્યા હતા. એનું વિશાળ દ્વાર, કપાટ અને પ્રધાન દ્વારા સુવર્ણમય જણાતાં હતાં. ત્યાં બહુમૂલ્ય નીલમણિ તથા હીરાના બનાવેલા ચબૂતરા શોભી રહ્યા હતા. એ શિવાલયના મધ્યભાગમાં ધ્યાનિધાન શંકરનું રત્નમય લિંગ પ્રતિષ્ઠિત હતું. ગોવાલણીના એ પુત્રે જોયું, એ શિવલિંગ પર એની પોતાની ચઢાવેલી પૂજન-સામગ્રી સુસજ્જિત છે. આ બધું જોઈને તે બાળક સહસા ઊઠીને ઊભો થઈ ગયો. એને મનમાં ને મનમાં બહુ આશ્ચર્ય થયું અને તે પરમાનંદના સમુદ્રમાં જાણે નિમગ્ન થઈ ગયો. ત્યારબાદ ભગવાન શિવની સ્તુતિ કરીને એણે વારંવાર ચરણોમાં મસ્તક નમાવ્યું અને સૂર્યાસ્ત થયા પછી તે ગોપ-બાળક શિવાલયની બહાર આવ્યો. બહાર આવીને એણે પોતાના શિબિરને જોયો. તે ઈન્દ્રભવનની જેમ શોભી રહ્યો હતો. ત્યાં બધું જ તત્કાળ સુવર્ણમય થઈને વિચિત્ર અને પરમ ઉજ્જ્વળ વૈભવથી પ્રકાશિત થવા લાગ્યું. પછી તે પોતાના તે ભવનની અંદર ગયો, જે સર્વ પ્રકારની શોભાથી સંપન્ન હતું. એ ભવનમાં સર્વત્ર મણિ, રત્ન અને સુવર્ણ જ જડેલાં હતાં. પ્રદોષકાળમાં સાનંદ અંદર પ્રવેશ કરીને બાળકે જોયું, એની મા દિવ્ય લક્ષણોથી લક્ષિત થઈને એક સુંદર પલંગ પર સૂઈ રહી છે. રત્નમય અલંકારોથી એનાં બધાં અંગ ઉદ્દીપ્ત થઈ રહ્યાં છે અને તે સાક્ષાત્ દેવાંગના સમાન દેખાઈ રહી છે. મુખથી વિહ્વળ થયેલા એ બાળકે પોતાની માતાને ખૂબ વેગથી જગાડી. તે ભગવાન શિવની કૃપાપાત્ર બની ચૂકી હતી. ગોવાલણીએ ઊઠીને જોયું. બધું જ અપૂર્વ-શું થઈ ગયું હતું. એ મહાઆનંદમાં નિમગ્ન થઈ ગઈ અને પોતાના પુત્રને છાતી સરસો ચાંપી લીધો. પુત્રના મુખે ગિરિજાપતિના કૃપાપ્રસાદનો એ આખો વૃત્તાંત સાંભળીને ગોવાલણીએ રાજાને સૂચના આપી દીધી, જે નિરંતર ભગવાન શિવના ભજનમાં લાગ્યા રહેતા હતા. રાજા પોતાનો નિયમ પૂરો કરીને રાત્રે અચાનક ત્યાં આવ્યા અને ગોવાલણીના પુત્રનો એ પ્રભાવ, જે શંકરને સંતુષ્ટ કરનારો હતો, તે જોયો. મંત્રીઓ અને પુરોહિતો સહિત રાજા ચંદ્રસેન આ બધું જોઈને પરમાનંદના સાગરમાં ડૂબી ગયા અને નેત્રોથી પ્રેમનાં આંસુ વહેવા માંડ્યાં અને પ્રસન્નતાપૂર્વક શિવના નામનું કીર્તન કરતાં કરતાં એ બાળકને છાતી સરસો ચાંપી લીધો. હે બ્રાહ્મણો! એ સમયે ત્યાં બહુ ભારે ઉત્સવ થવા લાગ્યો. બધા લોકો આનંદવિભોર થઈને મહેશ્વરનું નામ અને યશનું કીર્તન ગાન કરવા લાગ્યા. આ રીતે શિવનું આ અદ્ભુત માહાત્મ્ય જોઈને પુરવાસીઓને બહુ હર્ષ થયો અને એની ચર્ચામાં એ આખી રાત એક ક્ષણની જેમ વ્યતીત થઈ ગઈ.

યુદ્ધને માટે નગરને ચારે બાજુએથી ઘેરીને ઊભેલા રાજાઓએ પણ સવારે પોતાના ગુપ્તચરોના મુખે આ આખું અદ્ભુત ચરિત્ર સાંભળ્યું. એ સાંભળીને બધા આશ્ચર્યચકિત થઈ ગયા અને ત્યાં આવેલા બધા નરેશ એકત્ર થઈ પરસ્પર આ પ્રમાણે બોલ્યા—'આ રાજા ચંદ્રસેન બહુ ભારે શિવભક્ત છે, તેથી એના પર વિજય મેળવવો કઠણ છે. એ સર્વથા નિર્ભય થઈને

મહાકાલની નગરી ઉજ્જયિનીનું પાલન કરે છે. જે નગરીનાં બાળક પણ આવાં શિવભક્ત છે, તે રાજા ચંદ્રસેન તો મહાન શિવભક્ત છે જ. એમની સાથે વિરોધ કરવાથી નિશ્ચય જ ભગવાન શિવ ક્રોધ કરશે અને એમના ક્રોધથી આપણે બધા લોકો નષ્ટ થઈ જઈશું. માટે આ નરેશ સાથે આપણે મેળમિલાપ જ કરી લેવો જોઈએ. આવું થવાથી મહેશ્વર આપણા પર બહુ કૃપા કરશે.'

સૂતજી કહે છે—હે બ્રાહ્મણો! આવો નિશ્ચય કરીને શુદ્ધ હૃદયવાળા એ બધા ભૂપાલોએ હથિયાર હેઠાં નાખી દીધાં. એમના મનમાંથી વેરભાવ નીકળી ગયો. એ બધા જ રાજા અત્યંત પ્રસન્ન થઈને ચંદ્રસેનની અનુમતિ લઈને મહાકાલની એ રમણીય નગરીમાં ગયા. ત્યાં એમણે મહાકાલનું પૂજન કર્યું. પછી એ બધા પેલી ગોવાલણીના મહાન અભ્યુદયપૂર્ણ દિવ્ય સૌભાગ્યની ભારે પ્રશંસા કરતાં કરતાં પોતાને ઘેર ગયા. ત્યાં રાજા ચંદ્રસેને આગળ વધીને એમનો સ્વાગત-સત્કાર કર્યો. એમને બહુમૂલ્ય આસનો પર બેસાડ્યા. એ લોકો આશ્ચર્યચકિત અને આનંદિત થઈ ગયા. ગોપબાલક પર કૃપા કરવા માટે સ્વતઃ પ્રગટ થયેલા શિવાલય અને શિવલિંગનાં દર્શન કરીને ત્યારે બધા રાજાઓએ પોતાની ઉત્તમ બુદ્ધિ ભગવાન શિવના ચિંતનમાં લગાવી તદનંતર એ બધા નરેશોએ ભગવાન શિવની કૃપા પ્રાપ્ત કરવા માટે એ ગોપશિશુને બહુ વસ્તુઓ પ્રસન્નતાપૂર્વક ભેટમાં આપી સંપૂર્ણ જનપદોમાં જે બહુસંખ્યક ગોપ રહેતા હતા, એ બધાના રાજા એમણે એ જ બાળકને બનાવી દીધો.

આ જ સમયે સમસ્ત દેવતાઓથી પૂજિત પરમ તેજસ્વી વાનરરાજ હનુમાનજી ત્યાં પ્રગટ થયા. એમના આવતાંવેંત બધા રાજા ખૂબ વેગે કરીને ઊઠીને ઊભા થઈ ગયા. એ બધાએ ભક્તિભાવથી વિનમ્ર થઈને એમને મસ્તક નમાવ્યું. રાજાઓથી પૂજિત થઈને વાનરરાજ હનુમાનજી એ સૌની વચ્ચે બેઠા અને એ ગોપબાળકને હૃદય સાથે ચાંપીને એ નરેશો તરફ જોઈને બોલ્યા, 'હે રાજાઓ! તમે બધા લોકો અને બીજા દેહધારી પણ મારી વાત સાંભળો. એથી તમારા બધાંનું ભલું થશે. ભગવાન શિવ સિવાય દેહધારીઓને માટે બીજી કોઈ ગતિ જ નથી. એ બહુ મોટા સૌભાગ્યની વાત છે કે આ ગોપબાળકે શિવની પૂજાનું દર્શન કરીને એનાથી પ્રેરણા લીધી અને વગર મંત્રે પણ શિવનું પૂજન કરીને એમને પ્રાપ્ત કરી લીધા. ગોપવંશની કીર્તિ વધારનાર આ બાળક ભગવાન શંકરનો શ્રેષ્ઠ ભક્ત છે, આ લોકમાં સંપૂર્ણ ભોગોનો ઉપભોગ કરીને અંતે એ મોક્ષ પ્રાપ્ત કરી લેશે. એની વંશપરંપરાની અંતર્ગત આઠમી પેઢીમાં મહાયશસ્વી નંદ ઉત્પન્ન થશે, જેમને ત્યાં સાક્ષાત્ ભગવાન નારાયણ એમના પુત્રરૂપે



પ્રગટ થઈને શ્રીકૃષ્ણ નામથી પ્રસિદ્ધ થશે. આજથી આ ગોપકુમાર આ જગતમાં શ્રીકર નામે વિશેષ ખ્યાતિ પ્રાપ્ત કરશે.'

સૂતજી કહે છે—હે બ્રાહ્મણો! આવું કહીને અંજનીનંદન શિવસ્વરૂપ વાનરરાજ હનુમાનજીએ સમસ્ત રાજાઓને તથા મહારાજ ચંદ્રસેનને પણ કૃપાદૃષ્ટિથી જોયા. તદનંતર એ બુદ્ધિમાન ગોપબાળક શ્રીકરને ખૂબ પ્રસન્નતાની સાથે શિવ ઉપાસનાના એ આચાર-વ્યવહારનો ઉપદેશ આપ્યો, જે ભગવાન શિવને બહુ જ પ્રિય છે. એ પછી પરમ પ્રસન્ન થયેલા હનુમાનજી ચંદ્રસેન અને શ્રીકર પાસેથી વિદાય લઈને એ બધા રાજાઓના દેખતાં જ ત્યાં અંતર્ધાન થઈ ગયા. એ બધા રાજા હર્ષમાં આવીને સન્માનિત થઈને મહારાજ ચંદ્રસેનની આજ્ઞા લઈને જેવા આવ્યા હતા તેવા જ પાછા જતા રહ્યા. મહાતેજસ્વી શ્રીકર પણ હનુમાનજીનો ઉપદેશ મેળવીને ધર્મજ્ઞ બ્રાહ્મણો સાથે શંકરજીની ઉપાસના કરવા માંડ્યો. મહારાજા ચંદ્રસેન અને ગોપબાળક શ્રીકર બંને બહુ જ પ્રસન્નતાની સાથે મહાકાલની સેવા કરતા હતા. એમની જ આરાધનાથી એ બંનેએ પરમ પદને પ્રાપ્ત કરી લીધું. આ રીતે મહાકાલ નામનું શિવલિંગ સત્પુરુષોનો આશ્રય છે. ભક્તવત્સલ શંકર દુષ્ટ પુરુષોનું સર્વથા હનન કરનારા છે. આ પરમ પવિત્ર રહસ્યમય આખ્યાન કહેવાયું છે, જે સર્વપ્રકારે સુખ આપનારું છે. એ શિવભક્તિ વધારનારું અને સ્વર્ગની પ્રાપ્તિ કરાવનારું છે. (અધ્યાય ૧૭)

*

## વિન્ધ્યની તપસ્યા, ઓંકારમાં પરમેશ્વરલિંગનો પ્રાદુર્ભાવ અને એના મહિમાનું વર્ણન

ઋષિઓએ કહ્યું—હે મહાભાગ સૂતજી! આપે પોતાના ભક્તોની રક્ષા કરનારા મહાકાલ નામના શિવલિંગની બહુ અદ્ભુત કથા સંભળાવી છે. હવે કૃપા કરીને ચોથા શિવલિંગનો પરિચય આપો—ઓંકાર તીર્થમાં સર્વપાતકહારી પરમેશ્વરનું જે જ્યોતિર્લિંગ છે, એના આવિર્ભાવની કથા સંભળાવો.

સૂતજી બોલ્યા—હે મહર્ષિઓ! ઓંકાર તીર્થમાં પરમેશ નામે જ્યોતિર્લિંગ જે પ્રકારે પ્રગટ થયું છે તે હું બતાવું છું. પ્રેમથી સાંભળો. એક સમયની વાત છે, ભગવાન નારદ મુનિ ગોકર્ણ નામના શિવની પાસે જઈને બહુ ભક્તિપૂર્વક એમની સેવા કરવા લાગ્યા. થોડા સમય બાદ તે મુનિશ્રેષ્ઠ ત્યાંથી ગિરિરાજ વિન્ધ્ય પર આવ્યા. વિન્ધ્યે ત્યાં બહુ મોટા આદર સાથે એમનું પૂજન કર્યું. મારે ત્યાં સર્વ કાંઈ છે, કોઈ પણ વાતે કમી નથી, આવો ભાવ મનમાં રાખીને વિંધ્યાચલ નારદજીની સામે ઊભો રહી ગયો. એની એ અભિમાનભરેલી વાત સાંભળીને અહંકારનાશક નારદમુનિ દીર્ઘશ્વાસ લઈને ચૂપચાપ ઊભા રહી ગયા. આ જોઈને વિન્ધ્ય પર્વતે પૂછ્યું - 'આપે મારે ત્યાં કઈ કમી જોઈ છે? આપ આ પ્રમાણે દીર્ઘ શ્વાસ ખેંચીને ઊભા છો તેનું કારણ શું છે?'

નારદજીએ કહ્યું—'હે ભૈયા! તમારે ત્યાં બધું જ છે તો પણ મેરુ પર્વત તમારાથી બહુ

ઊંચો છે. એનો શિખરોનો વિભાગ દેવતાઓના લોકમાં પણ પહોંચેલો છે. પરંતુ તમારા શિખરનો ભાગ ત્યાં ક્યારેય નથી પહોંચી શક્યો.

**સૂતજી કહે છે**—આવું કહીને નારદજી ત્યાંથી જેવા આવ્યા હતા, તેવી જ રીતે ચાલ્યા ગયા. પરંતુ વિન્ધ્ય પર્વત 'મારા જીવન વગેરેને ધિક્કાર છે.' એવું વિચારતો મનમાં ને મનમાં સંતપ્ત થઈ ઊઠ્યો. સારું, 'હવે હું વિશ્વનાથ ભગવાનની શંભુની આરાધનાપૂર્વક તપસ્યા કરીશ.' આવો હાર્દિક નિશ્ચય કરીને તે ભગવાન શંકરને શરણે ગયો. તદનંતર જ્યાં સાક્ષાત્ ઓંકારની સ્થિતિ છે, ત્યાં પ્રસન્નતાપૂર્વક જઈને એણે શિવની પાર્થિવ મૂર્તિ બનાવી અને છ માસ સુધી નિરંતર શંભુની આરાધના કરીને ધ્યાનમાં તત્પર થઈને પોતાની તપસ્યાના સ્થાનેથી હાલ્યો સુધ્ધાં નહીં. વિન્ધ્યાચલની આવી તપસ્યા જોઈને પાર્વતીપતિ પ્રસન્ન થઈ ગયા. એમણે વિન્ધ્યાચલને તે સ્વરૂપ બતાવ્યું. જે યોગીઓને માટે પણ દુર્લભ છે. એ પ્રસન્ન થઈને એ જ સમયે એને કહેવા લાગ્યા—'હે વિન્ધ્ય! તમે મનોવાંછિત વરદાન માગો. હું ભક્તોને મનગમતું વરદાન આપનારો છું અને તમારી તપસ્યાથી પ્રસન્ન છું.'

**વિન્ધ્ય બોલ્યો**—હે દેવેશ્વર શંભો! આપ તો સદાયે ભક્તવત્સલ છો જ. જો આપ મારા પર પ્રસન્ન થયા છો તો મને તે અભીષ્ટ બુદ્ધિ પ્રદાન કરો, જે પોતાના કાર્યને સિદ્ધ કરનારી હોય.

ભગવાન શંભુએ એને એ ઉત્તમ વરદાન આપી દીધું અને કહેવા લાગ્યા—'હે પર્વતરાજ વિન્ધ્ય! તમે જેવું ચાહો, તેવું કરો.' આ સમયે દેવતા તથા નિર્મળ અંતઃકરણવાળા ઋષિ ત્યાં આવ્યા અને શંકરજીની પૂજા કરીને બોલ્યા—'હે પ્રભો! આપ અહીં સ્થિરરૂપે નિવાસ કરો.'

દેવતાઓની આ વાત સાંભળીને પરમેશ્વર



શિવ પ્રસન્ન થઈ ગયા અને લોકોને સુખ આપવા માટે એમણે સહર્ષ એવું જ કર્યું. ત્યાં જે એક ઓંકારલિંગ હતું, તે બે સ્વરૂપોમાં વિભક્ત થઈ ગયું. પ્રણવમાં જે સદાશિવ હતા, તે ઓંકાર નામથી વિખ્યાત થયા અને પાર્થિવ મૂર્તિમાં જે જ્યોતિ પ્રતિષ્ઠિત થઈ, એનું નામ પરમેશ્વર થયું. (પરમેશ્વરને જ અમલેશ્વર કહે છે.) આ રીતે ઓંકાર અને પરમેશ્વર એ બંને શિવલિંગ મનોવાંછિત ફળ પ્રદાર કરનારાં છે. એ સમયે દેવતાઓ અને ઋષિઓએ બંને લિંગોની પૂજા કરી અને ભગવાન વૃષભધ્વજને સંતુષ્ટ કરીને અનેક વરદાન પ્રાપ્ત કર્યાં. ત્યાર પછી દેવતાઓ પોત-પોતાને સ્થાને ગયા અને વિન્ધ્યાચલ પણ અધિક પ્રસન્નતાનો અનુભવ કરવા લાગ્યો. એણે પોતાનું અભીષ્ટ કાર્ય સિદ્ધ કર્યું અને માનસિક પરિતાપને છોડી દીધો. જે પુરુષ આ રીતે ભગવાન શંકરનું પૂજન કરે છે, તે માતાના ગર્ભમાં ફરી આવતો નથી અને પોતાના મનોવાંછિત ફળ પ્રાપ્ત કરી લે છે.

સૂતજી કહે છે—હે મહર્ષિઓ! ૐકારમાં જે જ્યોતિર્લિંગ પ્રગટ થયું અને એની આરાધનાથી જે ફળ મળે છે, એ બધું અહીં તમને બતાવી દીધું. એ પછી હું ઉત્તમ કેદાર નામના જ્યોતિર્લિંગનું વર્ણન કરીશ.

(અધ્યાય ૧૮)

*

## કેદારેશ્વર તથા ભીમશંકર નામનાં જ્યોતિર્લિંગોના આવિર્ભાવની કથા તથા એમના માહાત્મ્યનું વર્ણન

સૂતજી કહે છે—હે બ્રાહ્મણો! ભગવાન વિષ્ણુના જે નર-નારાયણ નામના બે અવતાર છે અને ભારત વર્ષના બદરિકાશ્રમતીર્થમાં તપસ્યા કરે છે, એ બંનેએ પાર્થિવલિંગ બનાવીને એમાં સ્થિત થઈને પૂજા ગ્રહણ કરવા માટે ભગવાન શંભુને પ્રાર્થના કરી. શિવજી ભક્તોને અધીન હોવાને કારણે પ્રતિદિન એમના બનાવેલા પાર્થિવલિંગમાં પૂજિત થવા વાસ્તે આવ્યા કરતા હતા. જ્યારે એ બંનેને પાર્થિવ-પૂજન કરતાં બહુ દિવસ વીતી ગયા, ત્યારે એક સમયે પરમેશ્વર શિવે પ્રસન્ન થઈને કહ્યું—'હું તમારી આરાધનાથી બહુ જ સંતુષ્ટ છું. તમે બંને મારી પાસેથી



વરદાન માગો. એ સમયે એમનું આવું કહેવું સાંભળીને નર અને નારાયણે લોકોના હિતની કામનાથી કહ્યું—'હે દેવેશ્વર! જો આપ પ્રસન્ન છો અને મને વરદાન આપવા ચાહો છો તો પોતાના સ્વરૂપથી પૂજા ગ્રહણ કરવા માટે અહીં જ સ્થિત થઈ જાઓ.'



એ બંને બંધુઓના આ પ્રકારના અનુરોધથી કલ્યાણકારી મહેશ્વર હિમાલયના એ કેદારતીર્થમાં સ્વયં જ્યોતિર્લિંગના રૂપે સ્થિત થઈ ગયા. એ બંનેથી પૂજિત થઈને સંપૂર્ણ દુ:ખ અને ભયનો નાશ કરનારા શંભુ લોકો ઉપર ઉપકાર કરવા

અને ભક્તોને દર્શન દેવા માટે સ્વયં કેદારેશ્વર નામથી પ્રસિદ્ધ થઈ ત્યાં જ રહે છે. એ દર્શન અને પૂજન કરનારા ભક્તોને સદા અભીષ્ટ વસ્તુ પ્રદાન કરે છે. તે જ દિવસથી લઈને જેણે પણ ભક્તિભાવથી કેદારેશ્વરનું પૂજન કર્યું એને માટે સ્વપ્નમાં પણ દુઃખ દુર્લભ થઈ ગયું. જે ભગવાન શિવનો પ્રિય ભક્ત ત્યાં શિવલિંગની પાસે શિવના રૂપથી અંકિત વલય (કંકણ અથવા કડું) ચઢાવે છે, તે એ વલયયુક્ત સ્વરૂપનું દર્શન કરીને સમસ્ત પાપોથી મુક્ત થઈ જાય છે, સાથે જ જીવનમુક્ત પણ થઈ જાય છે. જે બદરીવનની યાત્રા કરે છે, એને પણ જીવનમુક્તિ પ્રાપ્ત થઈ જાય છે. નર અને નારાયણ તથા કેદારેશ્વર શિવનાં દર્શન કરીને તે મનુષ્ય મોક્ષનો ભાગી હોય છે, એમાં કોઈ સંશય નથી. કેદારેશ્વરમાં ભક્તિ રાખનાર જે પુરુષ ત્યાંની યાત્રાનો આરંભ કરીને એમની પાસે પહોંચતાં પહેલાં જ મરી જાય છે, તે પણ મોક્ષ મેળવે છે— એમાં વિચાર કરવાની આવશ્યકતા નથી* કેદારતીર્થમાં પહોંચીને ત્યાં પ્રેમપૂર્વક કેદારેશ્વરની પૂજા કરીને ત્યાંનું જળ પી લીધા પછી મનુષ્યનો ફરી જન્મ થતો નથી. હે બ્રાહ્મણો! આ ભારતવર્ષમાં સંપૂર્ણ જીવોએ ભક્તિભાવથી ભગવાન નર-નારાયણની તથા કેદારેશ્વર શંભુની પૂજા કરવી જોઈએ.

હવે હું ભીમશંકર નામના જ્યોતિર્લિંગનું માહાત્મ્ય કહીશ. કામરૂપ દેશમાં લોકહિતની કામનાથી સાક્ષાત્ ભગવાન શંકર જ્યોતિર્લિંગરૂપે અવતીર્ણ થયા હતા. એમનું તે સ્વરૂપ કલ્યાણ અને સુખનો આશ્રય છે. હે બ્રાહ્મણો! પૂર્વકાળમાં એક મહાપરાક્રમી રાક્ષસ થયો હતો, જેનું નામ ભીમ હતું. એ સદાયે ધર્મનો વિધ્વંસ કરતો અને સમસ્ત પ્રાણીઓને દુઃખ દેતો હતો. તે મહાબલી રાક્ષસ કુંભકર્ણના વીર્ય અને કર્કટીના ગર્ભથી ઉત્પન્ન થયો હતો તથા પોતાની માતા સાથે સહ્ય પર્વત પર નિવાસ કરતો હતો. એક દિવસ સમસ્ત લોકોને દુઃખ દેનારો ભયાનક પરાક્રમી દુષ્ટ ભીમે પોતાની માતાને પૂછ્યું - 'હે મા! મારા પિતાજી ક્યાં છે? તમે એકલાં જ કેમ રહો છો? હું એ બધું જાણવા ચાહું છું. તેથી યથાર્થ વાત બતાવો.'

**કર્કટી બોલી**—હે બેટા! રાવણનો નાનોભાઈ કુંભકર્ણ તારા પિતા હતા. ભાઈ સહિત મહાબલી વીરને શ્રીરામે મારી નાખ્યા. પોતાના પ્રિય સ્વામીના માર્યા જવાથી હું મારાં માતા-પિતા પાસે રહેતી હતી. એક દિવસ મારાં માતા-પિતા અગસ્ત્ય મુનિના શિષ્ય સુતીક્ષ્ણને પોતાનો આહાર બનાવવા ગયા. એ બહુ મોટા તપસ્વી અને મહાત્મા હતા. એમણે કુપિત થઈને મારાં માતા-પિતાને ભસ્મ કરી દીધાં. એ બંને મરી ગયાં. ત્યારથી હું એકલી થઈને બહુ દુઃખપૂર્વક આ પર્વત પર રહેવા લાગી. મારું કોઈ અવલંબન રહ્યું નથી. હું અસહાય અને દુઃખથી આતુર થઈને અહીં નિવાસ કરતી હતી. એ જ સમયે મહાન બલપરાક્રમી સંપન્ન રાક્ષસ દુઃખથી આતુર થઈને અહીં નિવાસ કરતી હતી. એ જ સમયે મહાન બલપરાક્રમથી સંપન્ન રાક્ષસ કુંભકર્ણ, જે રાવણના નાના ભાઈ હતા, અહીં

* કેદારેશસ્ય ભક્તા યે માર્ગસ્થાસ્તસ્ય વૈ મૃતાઃ। તેઽપિ મુક્તા ભવન્ત્યેવ નાત્ર કાર્યા વિચારણા ॥
(શિ.પુ. કોટિરુદ્રસંહિતા ૧૮ થી ૨૨)

આવ્યા. એમણે મારી સાથે બળજબરીપૂર્વક સમાગમ કર્યો. પછી એ મને છોડીને લંકા જતા રહ્યા. ત્યાર પછી તારો જન્મ થયો. તું પણ પિતાની જેમ જ મહાન બળવાન અને પરાક્રમી થા. હવે તો હું તારે જ આશરે રહીને કાલક્ષેપ-સમય પસાર કરું છું.

**સૂતજી કહે છે**—હે બ્રાહ્મણો! કર્કટીની આ વાત સાંભળીને ભયાનક પરાક્રમી ભીમ કુપિત થઈને એ વિચાર કરવા લાગ્યો કે, 'હું વિષ્ણુની સાથે કેવો વર્તાવ કરું.' એમણે મારા પિતાને માર્યા. મારાં નાના-નાની (માતાના પિતા-માતાનાં માતા) પણ એમના જ ભક્તના હાથે હણાયાં. વિરાધને પણ એમણે જ મારી નાખ્યો અને આ રીતે બહુ દુઃખ દીધું. જો હું મારા પિતાનો પુત્ર હોઉં તો શ્રીહરિને અવશ્ય પીડા આપીશ.'

આવો નિશ્ચય કરીને ભીમ મહાન તપ કરવા માટે ચાલી નીકળ્યો. એણે બ્રહ્માજીની પ્રસન્નતા માટે એક હજાર વર્ષ સુધી મહાન તપ કર્યું. તપસ્યાની સાથે સાથે મનમાં ન મનમાં ઈષ્ટદેવનું ધ્યાન કર્યા કરતો હતો. ત્યારે લોકપિતામહ બ્રહ્મા એને વરદાન આપવા ગયા અને આ પ્રકારે બોલ્યા.

**બ્રહ્માએ કહ્યું**—હે ભીમ! હું તમારા પર પ્રસન્ન છું; તમારી જે ઇચ્છા હોય, એને અનુસાર વરદાન માગો.

**ભીમ બોલ્યો**—હે દેવેશ્વર! હે કમલાસન! જો આપ પ્રસન્ન હો અને મને વરદાન આપવા ચાહતા હો તો આજે મને એવું બળ આપો, જેની ક્યાંય તુલના ન થાય.

**સૂતજી કહે છે**—આવું કહીને એ રાક્ષસે બ્રહ્માજીને નમસ્કાર કર્યા અને બ્રહ્માજી પણ એને મનોવાંછિત વરદાન આપીને પોતાને ધામ જતા રહ્યા. બ્રહ્માજી પાસેથી અત્યંત બળ મેળવીને રાક્ષસ પોતાને ઘેર આવ્યો અને માતાને પ્રણામ કરીને ખૂબ જ ગર્વથી બોલ્યો—'મા! હવે તમે મારું બળ જુઓ. હું ઈન્દ્ર વગેરે દેવતાઓ તથા એમની સહાયતા કરનાર શ્રીહરિનો મહાન સંહાર કરી દઈશ, આવું કહીને ભયાનક પરાક્રમી ભીમે પહેલા ઈન્દ્ર વગેરે દેવતાઓને જીતી લીધા અને એ બધાને પોતપોતાના સ્થાનથી બહાર કાઢી મૂક્યા. તદનંતર દેવતાઓની પ્રાર્થનાથી એમનો પક્ષ લેનાર શ્રીહરિને પણ એણે યુદ્ધમાં હરાવ્યા. પછી પ્રસન્નતાપૂર્વક પૃથ્વીને જીતવાનો પ્રારંભ કર્યો. સૌથી પહેલાં કામરૂપ દેશના રાજા સુદક્ષિણને જીતવા માટે ગયો. ત્યાંના રાજા સાથે એનું ભયંકર યુદ્ધ થયું. દુષ્ટ આતુર ભીમ બ્રહ્માજીના આપેલા વરદાનના પ્રભાવથી શિવને આશ્રયે રહેનારા મહાવીર મહારાજ સુદક્ષિણને હરાવી દીધો અને સર્વ સામગ્રીસહિત એનું રાજ્ય તથા સર્વસ્વ પોતાના અધિકારમાં કરી લીધું. ભગવાન શિવના પ્રિય ભક્ત ધર્મપ્રેમી પરમ ધર્માત્મા રાજાને પણ એણે કેદ કરી લીધા અને એમના પગોમાં બેડી નાખીને એકાંત સ્થાનમાં ગોંધી રાખ્યા. ત્યાં એમણે ભગવાનની પ્રીતિ માટે શિવની ઉત્તમ પાર્થિવ મૂર્તિ બનાવીને તેનું જ ભજન-પૂજન શરૂ કરી દીધું. એમણે વારંવાર ગંગાજીની સ્તુતિ કરી અને માનસિક સ્નાન વગેરે કરીને પાર્થિવપૂજનની વિધિથી શંકરની પૂજા સંપન્ન કરી. વિધિપૂર્વક ભગવાન શિવનું ધ્યાન કરીને તે પ્રણવયુક્ત પંચાક્ષરમંત્ર (ૐ નમઃ શિવાય)નો જપ કરવા લાગ્યા. હવે એમને બીજું કોઈ કામ કરવા માટે નવરાશ જ મળતી ન હતી. એ દિવસોમાં એમની સાધ્વી

પત્ની રાજવલ્લભા દક્ષિણા પ્રેમપૂર્વક પાર્થિવ પૂજન કર્યા કરતાં હતાં. તે દંપતી અનન્યભાવે ભક્તોનું કલ્યાણ કરનારા ભગવાન શંકરનું ભજન કરતાં અને પ્રતિદિન એમની જ આરાધનામાં તત્પર રહેતાં હતાં. પેલી તરફ એ રાક્ષસ વરદાનના અભિમાનથી મોહિત થઈ યજ્ઞકર્મ વગેરેનો લોપ કરવા લાગ્યો અને બધાંને કહેવા લાગ્યો—'તમે લોકો સર્વ કાંઈ મને જ આપી દો' હે મહર્ષિઓ! દુરાત્મા રાક્ષસોની બહુ મોટી સેના સાથે લઈને આખી પૃથ્વીને પોતાના વશમાં કરી લીધી. ને વેદો, શાસ્ત્રો, સ્મૃતિઓ અને પુરાણોમાં બતાવેલા ધર્મનો લોપ કરીને શક્તિશાળી હોવાને કારણે બધાનો ઉપભોગ સ્વયં કરવા લાગ્યો.

ત્યારે બધા દેવતા તથા ઋષિ અત્યંત પીડિત થઈને મહાકોશીના તટ પર ગયા અને શિવની આરાધના તથા સ્તવન કરવા લાગ્યા. એમની આવી સ્તુતિ કરવાથી ભગવાન શિવ અત્યંત પ્રસન્ન થઈને દેવતાઓને કહેવા લાગ્યા - 'હે દેવગણ તથા મહર્ષિઓ! હું પ્રસન્ન છું. વરદાન માગો. તમારું કયું કાર્ય સિદ્ધ કરું?'

**દેવતા બોલ્યા**—હે દેવેશ્વર! આપ અંતર્યામી છો, તેથી બધાંના મનની બધી વાતો જાણો છો. આપથી કશું જ અજ્ઞાત નથી. હે પ્રભો! હે મહેશ્વર! કુંભકર્ણથી ઉત્પન્ન કર્કટીનો બલવાન પુત્ર રાક્ષસ ભીમ બ્રહ્માજીના આપેલા વરદાનથી શક્તિશાળી થઈ દેવતાઓને નિરંતર પીડા આપી રહ્યો છે. તેથી આપ આ દુઃખદાયી રાક્ષસનો નાશ કરી દો. અમારા ઉપર કૃપા કરો. વિલંબ કરશો નહિ.

**શંભુએ કહ્યું**—હે દેવતાઓ! કામરૂપ દેશના રાજા સુદક્ષિણ મારા શ્રેષ્ઠ ભક્ત છે. એમને મારો એક સંદેશ પહોંચાડી દો. પછી તમારું કાર્ય શીઘ્ર જ પૂરું થયું સમજો. એમને કહેજો - 'હે કામરૂપ દેશના અધિપતિ મહારાજ સુદક્ષિણ! પ્રભો! તમે મારા વિશેષ ભક્ત છો. તેથી પ્રેમપૂર્વક મારું ભજન કરો. દુષ્ટ રાક્ષસ ભીમ બ્રહ્માજી પાસેથી વરદાન મેળવીને પ્રબળ થઈ ગયો છે. એટલા માટે એણે તમારો તિરસ્કાર કર્યો છે. પરંતુ હવે હું એ દુષ્ટને મારી નાખીશ એમાં સંદેહ નથી.'

**સૂતજી કહે છે**—હે બ્રાહ્મણો! ત્યારે એ બધા બ્રાહ્મણોએ પ્રસન્નતાપૂર્વક ત્યાં જઈને એ મહારાજને શંભુની કહેલી બધી વાત કહી સંભળાવી - એમને એ સંદેશ કહીને દેવતાઓ અને મહર્ષિઓને ખૂબ આનંદ પ્રાપ્ત થયો. એ બધા શીઘ્ર જ પોતપોતાને આશ્રયે જતા રહ્યા.

આ બાજુ ભગવાન શિવ પણ પોતાના ગણોની સાથે લોકહિતની કામનાથી પોતાના ભક્તની રક્ષા કરવા માટે સાદર એમની પાસે ગયા અને ગુપ્ત રૂપે ત્યાં જ રહી ગયા. આ જ સમયે કામરૂપ નરેશે પાર્થિવ શિવ સામે ગાઢ ધ્યાન લગાવવાનું શરૂ કર્યું. એટલામાં જ કોઈ રાક્ષસે જઈને કહી દીધું કે રાજા તમારા (નાશને માટે) કોઈ પુરશ્ચરણ કરી રહ્યા છે.

આ સમાચાર સાંભળતાં જ તે રાક્ષસ કુપિત થઈ ગયાં અને મારી નાખવાની ઇચ્છાથી ખુલ્લી તલવાર હાથમાં લઈને રાજા પાસે ગયો. ત્યાં પાર્થિવ વગેરે જે સામગ્રી સ્થિત હતી, એને જોઈને એના પ્રયોજન અને સ્વરૂપને સમજીને રાક્ષસે એ માની લીધું કે રાજા મારે માટે જ કશું કરી રહ્યા છે.

તેથી 'બધી સામગ્રીસહિત આ નરેશને હું બળપૂર્વક હમણાં જ નષ્ટ કરી દઉં છું. એવો વિચાર કરીને એ મહાક્રોધી રાક્ષસે રાજાને બહુ

ધમકાવ્યો, ડરાવ્યો અને પૂછ્યું, 'શું કરી રહ્યા છો?' રાજાએ ભગવાન શંકર પર રક્ષાનો ભાર સોંપીને કહ્યું—'હું ચરાચર જગતના સ્વામી ભગવાન શિવનું પૂજન કરું છું.' ત્યારે રાક્ષસ ભીમે ભગવાન શંકર પ્રતિ બહુ જ તિરસ્કારયુક્ત દુર્વચન કરીને રાજાને ધમકાવ્યા અને ભગવાન શંકરના પાર્થિવ લિંગ પર તલવાર ચલાવી. એ તલવાર એ પાર્થિવલિંગનો સ્પર્શ સુધ્ધાં ન કરી શકી કે એનાથી સાક્ષાત્ ભગવાન હર ત્યાં પ્રગટ થઈ ગયા અને બોલ્યા—'જો, હું ભીમેશ્વર છું અને પોતાના ભક્તની રક્ષા કાજે પ્રગટ થયો છું. મારું પહેલાંથી જ એ વ્રત છે કે હું સદા પોતાના ભક્તનું રક્ષણ કરું. એટલા માટે ભક્તોને સુખ આપનાર મારા બળ તરફનો દૃષ્ટિપાત કર.'

આવું કહીને ભગવાન શિવે પિનાકથી એની તલવારના બે કકડા કરી દીધા. ત્યારે રાક્ષસે પાછું પોતાનું ત્રિશૂળ ચલાવ્યું, પરંતુ શંભુએ એ દુષ્ટના ત્રિશલના પણ સેંકડો ટુકડા કરી નાખ્યા. તદનંતર શંકરજીની સાથે એનું ઘોર યુદ્ધ થયું જેથી સમગ્ર જગત ક્ષુબ્ધ થઈ ગયું. ત્યારે નારદજીએ આવીને ભગવાન શંકરને પ્રાર્થના કરી.

**નારદ બોલ્યા**—હે લોકોને ભ્રમમાં નાખનાર મહેશ્વર! મારા નાથ! આપ ક્ષમા કરો. ક્ષમા કરો. તણખલાને કાપવા માટે કુહાડી ચલાવવાની શી જરૂર છે. શીઘ્ર જ આનો સંહાર કરી દો.

નારદજીની આ પ્રકારે પ્રાર્થના કરવાથી ભગવાન શંભુએ હુંકારમાત્રથી એ સમયે સમસ્ત રાક્ષસોને ભસ્મ કરી દીધા. હે મુને! બધા દેવતાઓના દેખતાં દેખતાં જ શિવજીએ એ બધા રાક્ષસોને બાળી દીધા. તદનંતર ભગવાન શંકરની કૃપાથી ઈન્દ્ર વગેરે સમસ્ત દેવતાઓ અને મુનીશ્વરોને શાંતિ મળી તથા સંપૂર્ણ જગત સ્વસ્થ થયું. એ સમયે દેવતાઓ અને વિશેષતઃ મુનિઓએ ભગવાન શંકરની પ્રાર્થના કરી, કે 'હે પ્રભો! આપ લોકોને અહીં સુખ આપવા માટે સદા નિવાસ કરો. આ દેશ નિન્દિત મનાયો છે. અહીં આવનારા લોકોને ઘણું કરીને દુઃખ જ પ્રાપ્ત થાય છે. પરંતુ આપનાં દર્શન કરવાથી અહીં બધાંનું કલ્યાણ થશે. આપ ભીમશંકરના નામે વિખ્યાત થશો. સર્વના સંપૂર્ણ મનોરથોની સિદ્ધિ કરશો. આપનું આ જ્યોતિર્લિંગ સદા પૂજનીય અને સમસ્ત આપત્તિઓનું નિવારણ કરનારું થશે.'

**સૂતજી કહે છે**—હે બ્રાહ્મણો! એમની આ પ્રકારની પ્રાર્થના કરવાથી લોકહિતકારી અને ભક્તવત્સલ પરમ સ્વતંત્ર શિવ પ્રસન્નતાપૂર્વક ત્યાં જ સ્થિત થઈ ગયા.

(અધ્યાય ૧૯-૨૧)

*

## વિશ્વેશ્વર જ્યોતિર્લિંગ અને એમના મહિમાના પ્રસંગમાં પંચક્રોશીની મહત્તાનું પ્રતિપદન

**સૂતજી કહે છે**—હે મુનિવરો! હવે હું કાશીના વિશ્વેશ્વર નામના શિવલિંગનું માહાત્મ્ય બતાવીશ, જે મહાપાતકોનો પણ નાશ કરનારું છે. તમે લોકો સાંભળો, આ ભૂતલ પર જે કોઈ પણ વસ્તુ દૃષ્ટિગોચર થાય છે, તે સચ્ચિદાનંદરૂપ, નિર્વિકાર અને સનાતન બ્રહ્મરૂપ છે. પોતાના

કૈવલ્ય (અદ્વૈત) ભાવમાં જ રમનારા એ અદ્વિતીય પરમાત્મામાં ક્યારેક એકથી બે થઈ જવાની ઈચ્છા જાગૃત થઈ* પછી તે જ પરમાત્મા સગુણરૂપે પ્રગટ થઈને શિવ કહેવાયા. એ શિવ જ પુરુષ અને સ્ત્રી બે રૂપોમાં પ્રગટ થઈ ગયા. એમાં જે પુરુષ હતો, એનું 'શિવ' નામ થયું અને સ્ત્રી થઈ, એને 'શક્તિ' કહે છે. એ ચિદાનંદસ્વરૂપ શિવ અને શક્તિએ સ્વયં અદૃષ્ટ રહીને સ્વભાવથી જ બે ચેતન (પ્રકૃતિ અને પુરુષ)ની સૃષ્ટિ કરી. હે મુનિવરો! એ બંને માતા-પિતાને એ સમયે સામે ન જોઈને એ બંને પ્રકૃતિ અને પુરુષ મહાન સંશયમાં પડી ગયાં. એ સમયે નિર્ગુણ પરમાત્માથી આકાશવાણી પ્રગટ થઈ—'તમારે બંનેએ તપસ્યા કરવી જોઈએ. પછી તમારાથી પરમ ઉત્તમ સૃષ્ટિનો વિસ્તાર થશે.'

તે પ્રકૃતિ અને પુરુષ બોલ્યાં—'હે પ્રભો! હે શિવ! તપસ્યાને માટે તો કોઈ સ્થાન જ નથી.



પછી અમે બંને આ સમયે ક્યાં સ્થિત થઈને આપની આજ્ઞા અનુસાર તપ કરીએ.'

ત્યારે નિર્ગુણ શિવે તેજના સારભૂત પાંચ કોસ લાંબા-પહોળા શુભ અને સુંદર નગરનું નિર્માણ કર્યું, જે એમનું પોતાનું જ સ્વરૂપ-નિજ સ્વરૂપ હતું. એ બધાં જ જરૂરી ઉપકરણોથી યુક્ત હતું. એ નગરનું નિર્માણ કરીને એમણે એ બંનેને માટે મોકલ્યું. એ નગર આકાશમાં પુરુષ પાસે આવીને સ્થિત થઈ ગયું. ત્યારે પુરુષ—શ્રીહરિએ એ નગરમાં સ્થિત થઈને સૃષ્ટિની કામનાથી શિવનું ધ્યાન કરતાં કરતાં ઘણાં વર્ષો સુધી તપ કર્યું. એ સમયે પરિશ્રમને કારણે એમના શરીરમાંથી શ્વેત જલની અનેક ધારાઓ પ્રગટ થઈ, જેનાથી આખું શૂન્ય આકાશ વ્યાપ્ત થઈ ગયું. ત્યાં બીજું કશું જ નજરે પડતું ન હતું. એ જોઈને ભગવાન વિષ્ણુ મનમાં ને મનમાં બોલી ઊઠ્યા - આ કેવી અદ્ભુત વસ્તુ જણાયા કરે છે? એ સમયે આ આશ્ચર્ય જોઈને એમણે પોતાનું મસ્તક હલાવ્યું, જેથી એ પ્રભુની સામે જ એમના એક કાનથી મણિ પડી ગયો. જ્યાં તે મણિ પડ્યો, તે સ્થાન મણિકર્ણિકા નામનું મહાન તીર્થ થઈ ગયું. જ્યારે પૂર્વોક્ત જલરાશિમાં જ્યારે તે આખી પંચકોશી ડૂબવા લાગી, વહેવા લાગી, ત્યારે નિર્ગુણ શિવે શીઘ્ર જ એને પોતાના ત્રિશૂળ દ્વારા ધારણ કરી લીધી. પછી વિષ્ણુએ પોતાની પત્ની પ્રકૃતિ સાથે ત્યાં જ શયન કર્યું. ત્યારે એમની નાભિમાંથી એક કમળ પ્રગટ થયું અને એ કમળથી બ્રહ્મા ઉત્પન્ન થયા. એમની ઉત્પત્તિમાં પણ શંકરનો આદેશ જ કારણ હતું. તદનંતર એમણે શિવ પાસેથી આજ્ઞા મેળવીને

*'સ દ્વિતીયમૈચ્છત્' (બૃહદારણ્યક ઉ. ૧-૪-૩) એ શ્રુતિથી પણ આ જ વાત સિદ્ધ થાય છે.

અદ્‌ભુત સૃષ્ટિનો આરંભ કર્યો. બ્રહ્માજીએ બ્રહ્માંડમાં ચૌદ ભુવન બનાવ્યાં. બ્રહ્માંડનો વિસ્તાર મહર્ષિઓએ પચાશ કરોડ યોજનનો બતાવ્યો છે. પછી ભગવાન શિવે એમ વિચાર્યું કે - 'બ્રહ્માંડની અંદર કર્મપાશથી, બંધાયેલાં પ્રાણીઓ મને કેવી રીતે પ્રાપ્ત કરી શકશે? આવું વિચારીને એમણે મુક્તિદાયિની પંચક્રોશીને આ જગતમાં છોડી દીધી.

"આ પંચક્રોશી કાશી લોકમાં કલ્યાણ-દાયિની, કર્મબંધનનો નાશ કરનારી, જ્ઞાનદાત્રી તથા મોક્ષને પ્રકાશિત કરનારી માનવામાં આવી છે. તેથી મને પરમ પ્રિય છે. અહીં સ્વયં પરમાત્માએ 'અવિમુક્ત'લિંગની સ્થાપના કરી છે. તેથી હે મારા અંશભૂત હરે! તમારે આ ક્ષેત્રનો ત્યાગ ન કરવો જોઈએ." આવું કહીને ભગવાન હરે કાશીપુરીને સ્વયં પોતાના ત્રિશૂળ પર ઉતારીને મૃત્યુલોક જગતમાં છોડી દીધી. બ્રહ્માજીનો એક દિવસ પૂરો થઈ જવાથી જ્યારે આખા જગતનો પ્રલય થઈ જાય છે, ત્યારે પણ નિશ્ચય જ આ કાશીપુરીનો નાશ થતો નથી હોતો. એ સમયે ભગવાન શિવ એને પોતાના ત્રિશૂળ પર ધારણ કરી લે છે અને જ્યારે બ્રહ્મા દ્વારા પુનઃ નવી સૃષ્ટિ કરવામાં આવે છે, ત્યારે એને ફરીથી તે આ ભૂતલ પર સ્થાપિત કરી દે છે. કર્મોનું કર્ષણ કરવાથી જ આ પુરીને 'કાશી' કહે છે. કાશીમાં અવિમુક્તેશ્વર લિંગ સદા બિરાજમાન રહે છે. એ મહાપાતકી પુરુષોને પણ મોક્ષ પ્રદાન કરનારું (અવિમુક્તેશ્વરલિંગ) છે. હે મુનીશ્વરો! અન્ય મોક્ષદાયક ધામોમાં સારૂપ્ય વગેરે મુક્તિ પ્રાપ્ત થાય છે. કેવળ આ કાશીમાં જ જીવોને સાયુજ્ય નામની સર્વોત્તમ મુક્તિ સુલભ થાય છે. જેમની ક્યાંય ગતિ થતી નથી. એમને માટે વારાણસી પુરી જ ગતિ છે. મહાપુણ્યમયી પંચક્રોશી કરોડો હત્યાઓનો વિનાશ કરનારી છે. અહીં સમસ્ત અમરગણ પણ મરણની ઇચ્છા કરે છે. પછી બીજાઓની તો વાત જ શી. આ શંકરની પ્રિય નગરી કાશી સદા ભોગ અને મોક્ષ પ્રદાન કરનારી છે.

કૈલાસના પતિ, જે અંદરથી સત્ત્વગુણી અને બહારથી તમોગુણી કહેવાય છે, કાલાગ્નિ રુદ્ર નામે વિખ્યાત છે. તે નિર્ગુણ હોવા છતાં પણ સગુણરૂપે પ્રગટ થયેલા શિવ છે. એમણે વારંવાર પ્રણામ કરીને નિર્ગુણ શિવને આ પ્રમાણે કહ્યું.

**રુદ્ર બોલ્યા**—હે વિશ્વનાથ! હે મહેશ્વર, ! હું આપનો જ છું, એમાં સંશય નથી. હે સામ્બ મહાદેવ! મુજ આત્મજ પર કૃપા કરો. હે જગત્પતે! લોકહિતની કામનાથી આપે અહીં જ રહેવું જોઈએ. હે જગન્નાથ! હું આપને પ્રાર્થના કરું છું. આપ અહીં રહીને જીવોનો ઉદ્ધાર કરો.

**સૂતજી કહે છે**—ત્યારબાદ મન અને ઇન્દ્રિયોને વશમાં રાખનાર અવિમુક્તે પણ શંકરને વારંવાર પ્રાર્થના કરી નેત્રોથી આંસુ વહેવડાવીને જ પ્રસન્નતાપૂર્વક કહ્યું.

**અવિમુક્ત બોલ્યા**—કાલરૂપી રોગના સુંદર ઔષધ હે દેવાધિદેવ મહાદેવ! આપ વાસ્તવમાં ત્રણે લોકોના સ્વામી તથા બ્રહ્મા અને વિષ્ણુ વગેરે દ્વારા પણ સેવનીય છો, હે દેવ! કાશીપુરીને આપ પોતાની રાજધાની તરીકે સ્વીકારો. હું અચિંત્ય સુખની પ્રાપ્તિ માટે અહીં સદા આપનું ધ્યાન લગાવીને સ્થિર ભાવથી બેસી રહીશ. આપ જ મુક્તિ આપનારા તથા સંપૂર્ણ કામનાઓના પૂરક છો. બીજું કોઈ નથી. તેથી

આપ પરોપકારને માટે ઉમાસહિત સદા અહીં બિરાજમાન રહો. હે સદાશિવ! આપ સમસ્ત જીવોને સંસારસાગરથી પાર કરો. હે હર! હું વારંવાર પ્રાર્થના કરું છું કે આપના ભક્તોનાં કાર્યો આપ સિદ્ધ કરો.

સૂતજી કહે છે—હે બ્રાહ્મણો! જ્યારે વિશ્વનાથે ભગવાન શંકરને આ રીતે પ્રાર્થના કરી, ત્યારે સર્વેશ્વર શિવ સમસ્ત લોકોનો ઉપકાર કરવા વાસ્તે ત્યાં જ બિરાજમાન થઈ ગયા. જે દિવસે ભગવાન શિવ કાશીમાં આવી ગયા, એ જ દિવસથી કાશી સર્વશ્રેષ્ઠ પુરી થઈ ગઈ.

(અધ્યાય ૨૨)

*

## વારાણસી તથા વિશ્વેશ્વરનું માહાત્મ્ય

**સૂતજી કહે છે**—હે મુનીશ્વરો! હું સંક્ષેપથી જ વારાણસી તથા વિશ્વેશ્વરના પરમ સુંદર માહાત્મ્યનું વર્ણન કરું છું, સાંભળો. એક સમયની વાત છે કે પાર્વતી દેવીએ લોક-હિતની કામનાથી બહુ પ્રસન્નતાથી ભગવાન શિવને અવિમુક્ત ક્ષેત્ર અને અવિમુક્ત લિંગનું માહાત્મ્ય પૂછ્યું.

**ત્યારે પરમેશ્વર શિવે કહ્યું**—આ વારાણસી પુરી સદાને માટે મારું ગુહ્યતમ ક્ષેત્ર છે અને બધા જીવોની મુક્તિનો સર્વથા હેતુ છે. આ ક્ષેત્રમાં સિદ્ધગણ સદા મારા વ્રતનો આશ્રય લઈ વિવિધ પ્રકારના વેશ ધારણ કરીને મારા લોકને પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખીને જિતાત્મા અને જિતેન્દ્રિય થઈ નિત્ય મહાયોગનો અભ્યાસ કરે છે. એ ઉત્તમ મહાયોગનું નામ છે પાશુપત યોગ. એનું શ્રુતિઓ દ્વારા પ્રતિપાદન થયું છે. એ ભોગ અને મોક્ષરૂપ ફળ પ્રદાન કરનારો છે. હે મહેશ્વરિ! વારાણસી પુરીમાં નિવાસ કરવાનું મને સદાયે ખૂબ જ ગમે છે, સારું લાગે છે. જે કારણથી હું બધું જ છોડીને કાશીમાં રહું છું, એ બતાવું છું. સાંભળો. જે મારો ભક્ત તથા મારા તત્ત્વનો જ્ઞાની છે, એ બંને અવશ્ય જ મોક્ષના ભાગી હોય છે. એમને માટે તીર્થની અપેક્ષા નથી. વિહિત અને અવિહિત બંને પ્રકારનાં કર્મ એમને માટે સમાન છે. એમને જીવન્મુક્ત જ સમજવા જોઈએ. એ બંને ગમે ત્યાં મૃત્યુ પામે, તરત જ મોક્ષ પ્રાપ્ત કરી લે છે. આ મેં નિશ્ચિત વાત કહી છે. હે સર્વોત્તમશક્તિ દેવી ઉમે! આ પરમ ઉત્તમ અવિમુક્ત તીર્થમાં જે વિશેષ વાત છે, એને તમે મન દઈને સાંભળો. બધા વર્ણ અને સમસ્ત આશ્રમોના લોકો ચાહે તે બાળક, જવાન યા વૃદ્ધ કોઈ પણ કેમ ન હોય - જો આ પુરીમાં મૃત્યુ પામે તો મુક્ત થઈ જાય છે, એમાં સંશય નથી. સ્ત્રી અપવિત્ર હોય અથવા પવિત્ર હોય, કુમારી હોય અથવા વિવાહિતા, વિધવા હોય કે વન્ધ્યા હોય, રજસ્વલા, પ્રસૂતા, સંસ્કારહીન અથવા જેવી તેવી અને કેવી પણ કેમ ન હોય. જો તે આ ક્ષેત્રમાં મરે તો અવશ્ય તે મોક્ષની ભાગિની બની જાય છે, એમાં સંદેહ નથી. સ્વેદજ, અંડજ, ઉદ્‌ભિજ્જ અથવા જરાયુજ જેવાં પ્રાણી અહીં મરે ત્યારે મોક્ષ પ્રાપ્ત કરે છે. એવું બીજું કાંઈ ક્યાંય નથી પ્રાપ્ત થતું. હે દેવી! અહીં મરનારાને નથી તો જ્ઞાનની અપેક્ષા કે

નથી ભક્તિની અપેક્ષા; નથી તો કર્મની અપેક્ષા કે દાનની અપેક્ષા ન તો ક્યારેય સંસ્કૃતિની અપેક્ષા છે અને ન તો ધર્મની અપેક્ષા છે. અહીં નામકીર્તન, પૂજન તથા ઉત્તમ જાતિની પણ અપેક્ષા હોતી નથી. જે મનુષ્ય મારા આ મોક્ષદાયક ક્ષેત્રમાં નિવાસ કરે છે. તે ગમે તે રીતે મૃત્યુ પામે, એને માટે મોક્ષની પ્રાપ્તિ સુનિશ્ચિત છે. હે પ્રિયે! મારું આ દિવ્ય પુર ગુહ્યથી પણ ગુહ્યતર છે. બ્રહ્મા વગેરે દેવતા પણ એના માહાત્મ્યને જાણતા નથી. એટલા માટે આ મહાન ક્ષેત્ર અવિમુક્ત નામથી પ્રસિદ્ધ છે, કેમકે નૈમિષ વગેરે બધાં તીર્થોથી શ્રેષ્ઠ છે. આ તીર્થ મૃત્યુ થવાથી જરૂર મોક્ષ આપનાર છે. ધર્મનો સાર સત્ય છે, મોક્ષનો સાર સમતા છે તથા સમસ્ત ક્ષેત્રો અને તીર્થોનો સાર આ 'અવિમુક્ત' તીર્થ (કાશી) છે - એવી વિદ્વાનોની માન્યતા છે. ઈચ્છા અનુસાર ભોજન, શયન, ક્રીડા તથા વિવિધ કર્મોનું અનુષ્ઠાન કરતાં કરતાં પણ મનુષ્ય જો આ અવિમુક્ત તીર્થમાં પ્રાણ ત્યાગ કરે તો એને મોક્ષ મળી જાય છે. જેમનાં ચિત્ત વિષયોમાં આસક્ત છે અને જેમણે ધર્મની રુચિ છોડી દીધી છે તે પણ આ ક્ષેત્રમાં મૃત્યુને પ્રાપ્ત થાય તો પુનઃ સંસાર-બંધનમાં નથી પડતો. તો પછી જે મમતારહિત, ધીર, સત્ત્વગુણી, દંભહીન, કર્મકુશળ અને કર્તાપણાના અભિમાનરહિત હોવાને કારણે કોઈ પણ કર્મ આરંભ ન કરનારા છે તેમની તો વાત જ શી. એ બધા મુજમાં સ્થિત છે.

આ કાશીપુરીમાં શિવભક્તો દ્વારા અનેક શિવલિંગ સ્થાપિત થયાં છે. હે પાર્વતી! એ સંપૂર્ણ મનોવાંછિતને આપનારાં તથા મોક્ષદાયક છે. ચારે દિશાઓમાં પાંચ પાંચ કોસ ફેલાયેલું આ ક્ષેત્ર 'અવિમુક્ત' કહેવાય છે. એ સર્વપ્રકારે મોક્ષદાયક છે. જીવને મૃત્યુકાળમાં આ ક્ષેત્ર ઉપલબ્ધ થઈ જાય તો એને અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય છે. જો નિષ્પાપ મનુષ્ય કાશીમાં મરે તો એનો તત્કાલ મોક્ષ થઈ જાય છે અને જો પાપી મનુષ્ય મરી જાય છે, તે કાયવ્યૂહોને પ્રાપ્ત થઈ જાય છે. એને પહેલાં યાતનાનો અનુભવ કરીને પછી મોક્ષની પ્રાપ્તિ થાય છે. હે સુંદરી! જે આ અવિમુક્ત ક્ષેત્રમાં પાતક કરે છે, તે હજારો વર્ષો સુધી ભૈરવી યાતના પામીને પાપનું ફળ ભોગવ્યા પછી જ મોક્ષ પામે છે. શતકોટિ કલ્પોમાં પણ પોતાનાં કરેલાં કર્મોનો ક્ષય થતો નથી. જીવે પોતાના દ્વારા કરેલાં શુભાશુભ કર્મનાં ફળ અવશ્ય જ ભોગવવાં પડે છે. કેવળ અશુભ કર્મ નરક અપાવે છે, કેવળ શુભ કર્મ સ્વર્ગની પ્રાપ્તિ કરાવે છે તથા શુભ અને અશુભ બંને કર્મોથી મનુષ્ય-યોનિની પ્રાપ્તિ કહેવામાં આવી છે. હે પાર્વતી! જ્યારે શુભ અને અશુભ બંનેયે કર્મોનો ક્ષય થઈ જાય છે, ત્યારે જીવને સાચા મોક્ષની પ્રાપ્તિ થાય છે. જો કોઈએ પૂર્વજન્મમાં આદરપૂર્વક કાશીનાં દર્શન કર્યાં છે તો એને આ જન્મમાં કાશીમાં પહોંચીને મૃત્યુની પ્રાપ્તિ થાય છે. જે મનુષ્ય કાશી જઈને ગંગામાં સ્નાન કરે છે, એનાં ક્રિયમાણ અને સંચિત કર્મોનો નાશ થઈ જાય છે, પરંતુ પ્રારબ્ધ કર્મ ભોગવ્યા વિના નષ્ટ થતું નથી. એ નિશ્ચિત વાત છે. જેની કાશીમાં મુક્તિ થઈ જાય છે. એનાં પ્રારબ્ધ કર્મનો પણ ક્ષય થઈ જાય છે. હે પ્રિયે! જેણે એક બ્રાહ્મણને પણ કાશીવાસ કરાવ્યો છે તે સ્વયં પણ કાશીવાસનો અવસર મેળવીને મોક્ષ લાભ કરી લે છે.

સૂતજી કહે છે—હે મુનિવરો! આ રીતે

કાશીનું તથા વિશ્વેશ્વરલિંગનું પ્રચુર માહાત્મ્ય બતાવાયું છે, જે સત્પુરુષોને ભોગ અને મોક્ષ પ્રદાન કરનારાં છે. આ પછી હું ત્ર્યંબક નામના જ્યોતિર્લિંગનું માહાત્મ્ય બતાવીશ, જેને સાંભળીને મનુષ્ય ક્ષણભરમાં સમસ્ત પાપથી મુક્ત થઈ જાય છે. (અધ્યાય ૨૩)

*

## ત્ર્યમ્બક જ્યોતિર્લિંગના પ્રસંગમાં ગૌતમ દ્વારા થયેલા પરોપકારની કથા, એમના તપના પ્રભાવથી અક્ષય જલ પ્રાપ્ત કરીને ઋષિઓની અનાવૃષ્ટિના કષ્ટથી રક્ષા કરવી; ઋષિઓનું છલપૂર્વક એમને ગોહત્યામાં ફસાવીને આશ્રમથી કાઢી મૂકવા અને શુદ્ધિનો ઉપાય બતાવવો

**સૂતજી કહે છે**—હે મુનિવરો! સાંભળો; મેં સદ્‌ગુરુ વ્યાસજીના મુખે જેવી સાંભળી છે એ જ રૂપે એક પાપનાશક કથા તમને સંભળાવી રહ્યો છું. પૂર્વકાળની વાત છે, ગૌતમ નામથી વિખ્યાત એક શ્રેષ્ઠ ઋષિ રહેતા હતા, જેમની પરમ ધાર્મિક પત્નીનું નામ અહલ્યા હતું. દક્ષિણ દિશામાં જે બ્રહ્મગિરિ છે ત્યાં એમણે દશ હજાર વર્ષો સુધી તપસ્યા કરી હતી. ઉત્તમ વ્રતનું પાલન કરનાર હે મહર્ષિઓ! એક સમયે ત્યાં સો વર્ષો સુધી બહુ મોટો ભયાનક અવર્ષણ (દુકાળ) થઈ ગયો. બધા લોકો મહાન દુઃખમાં પડી ગયા. આ ભૂતલ પર ક્યાંય ભીનું પાન પણ દેખાતું ન હતું. પછી જીવોના આધારભૂત જલની ક્યાં વાત જ રહી. જલ ક્યાંથી દૃષ્ટિગોચર થાય. આ સમયે મુનિ, મનુષ્ય, પશુ, પક્ષી અને મૃગ બધાં ત્યાંથી દશે દિશાઓમાં ચાલ્યાં ગયાં. ત્યારે ગૌતમ ઋષિએ છ માસ તપ કરીને વરુણને પ્રસન્ન કરી લીધા. વરુણે પ્રગટ થઈને વરદાન માગવા કહ્યું - ઋષિએ વૃષ્ટિ માટે પ્રાર્થના કરી. વરુણે કહ્યું—'દેવતાઓના વિધાનની વિરુદ્ધ વૃષ્ટિ ન કરીને હું તમારી ઇચ્છા અનુસાર તમને સદા અક્ષય રહેનારું જલ આપું છું. તમે એક ખાડો તૈયાર કરો.'

એમના આવા કહેવા પર ગૌતમે એક હાથનો ઊંડો ખાડો ખોદ્યો અને વરુણે એને દિવ્ય જલ દ્વારા ભરી દીધો તથા પરોપકારથી સુશોભિત થનારા મુનિશ્રેષ્ઠ ગૌતમને કહ્યું—'હે મહામુને! ક્યારેય ક્ષીણ ન થનારું આ જળ તમારે માટે તીર્થરૂપ થશે અને પૃથ્વી પર તમારા જ નામે એની ખ્યાતિ થશે. અહીં કરેલાં દાન, હોમ, તપ, દેવપૂજન તથા પિતરોનું શ્રાદ્ધ - બધું જ અક્ષય થશે.'

આવું કહીને એ મહર્ષિથી પ્રશંસિત થઈને વરુણ દેવ અંતર્ધાન થઈ ગયા. એ જલ દ્વારા બીજાઓનો ઉપકાર કરીને મહર્ષિ ગૌતમને પણ બહુ જ સુખ મળ્યું. મહાત્મા પુરુષનો આશ્રય મનુષ્યો માટે મહત્ત્વની પ્રાપ્તિ કરાવનાર હોય છે. મહાન પુરુષ જ મહાત્માના એ સ્વરૂપને દેખે છે, સમજે છે, બીજા અધમ મનુષ્યો નથી જોઈ - સમજી શકતા - મનુષ્ય જેવા પુરુષનો સંગ - સેવન કરે છે, એવું જ ફળ પ્રાપ્ત કરે છે. મહાન પુરુષની સેવાથી મહત્તા મળે છે અને ક્ષુદ્રની સેવાથી ક્ષુદ્રતા મળે છે. ઉત્તમ પુરુષોનો સ્વભાવ જ છે કે એ બીજાનાં દુઃખો સહન કરી

શકતો નથી. પોતાનો દુઃખ પ્રાપ્ત થઈ જાય. એને પણ સ્વીકારી લે છે, પરંતુ બીજાનાં દુઃખોનું નિવારણ જ કરે છે. દયાળુ, અભિમાનશૂન્ય, ઉપકારી અને જિતેન્દ્રિય - એ પુણ્યના ચાર થાંભલા છે, જેના આધાર પર પૃથ્વી ટકી રહી છે.*

ત્યાર પછી ગૌતમજી ત્યાં એ પરમ દુર્લભ જળને મેળવીને વિધિપૂર્વક નિત્ય નૈમિત્તિક કર્મ કરવા લાગ્યા. એ મુનીશ્વરે ત્યાં નિત્ય હોમની સિદ્ધિને માટે ડાંગર, જવ અને અનેક પ્રકારનાં નીવાર (એક પ્રકારના ચોખા વગેરે) વાવી દીધાં. જાતજાતનાં ધાન્ય, વિવિધ પ્રકારનાં વૃક્ષ અને અનેક પ્રકારનાં ફળ-ફૂલ ત્યાં લહેરાવા માંડ્યાં. એ સમાચાર સાંભળીને ત્યાં બીજા હજારો ઋષિ-મુનિઓ, પશુ-પક્ષી અને બહુસંખ્યક જીવ જઈને રહેવા લાગ્યાં. આ વન આખા ભૂમંડળમાં બહુ જ સુંદર થઈ ગયું. એ અક્ષય જલના સંયોગથી અનાવૃષ્ટિ ત્યાંને માટે દુઃખદાયિની ન રહી. એ વનમાં અનેક શુભ કર્મપરાયણ ઋષિ પોતાના શિષ્ય, ભાર્યા અને પુત્રો વગેરે સાથે વાસ કરવા લાગ્યા. એમણે કાલક્ષેપ કરવા માટે ત્યાં ડાંગર વાવી દીધી. ગૌતમજીના પ્રભાવથી એ વનમાં ચારે બાજુએ આનંદ છવાઈ ગયો.

એક વાર ત્યાં ગૌતમના આશ્રમમાં જઈને વસેલી બ્રાહ્મણની સ્ત્રીઓ જલને નિમિત્ત બનાવી અહલ્યા પર નારાજ થઈ ગઈ. એમણે એમના પતિને પણ ઉશ્કેર્યા. એ લોકોએ ગૌતમનું અનિષ્ટ કરવા માટે ગણેશજીની આરાધના કરી. ભક્તપરાધીન ગણેશજીએ પ્રગટ થઈને વરદાન માગવા કહ્યું, ત્યારે તે બોલ્યા - 'હે ભગવન! જો આપ અમને વરદાન આપવા ચાહતા હો તો કોઈ એવો ઉપાય કરો, જેનાથી બધા ઋષિઓ ડરાવી ધમકાવીને ગૌતમને આશ્રમથી બહાર કાઢી મૂકે.'

ગણેશજીએ કહ્યું—હે ઋષિઓ! તમે બધા સાંભળો. આ સમયે તમે ઉચિત કાર્ય નથી કરી રહ્યા. કોઈ પણ અપરાધ વગર એમના પર ક્રોધ કરવાને કારણે તમારી હાનિ જ થશે. જેમણે પહેલાં ઉપકાર કર્યો હોય, એમને જો દુઃખ દેવામાં આવે તો તે પોતાને માટે હિતકારક નથી હોતું. જ્યારે ઉપકારીને દુઃખ દેવામાં આવે છે, ત્યારે તેનાથી આ જગતમાં પોતાનો જ નાશ થાય છે* આવી તપસ્યા કરીને ઉત્તમ ફળની સિદ્ધિ કરી શકાય છે. સ્વયં જ શુભફળનો પરિત્યાગ કરીને અહિતકારક ફળને ગ્રહણ કરાતું નથી. બ્રહ્માજીએ જે આ કહ્યું છે કે અસાધુ ક્યારેય સાધુતાને અને સાધુ ક્યારેય અસાધુતાને ગ્રહણ નથી કરતા, આ વાત નિશ્ચય જ સાચી

---

* ઉત્તમાનાં સ્વભાવોઽયં પરદુઃખસહિષ્ણુતા॥
સ્વયં દુઃખં ચ સમ્પ્રાપ્તં મન્યતેઽન્યસ્ય વાર્યતે।
દયાલુરમદસ્પર્શ ઉપકારી જિતેન્દ્રિયઃ॥
એતૈશ્ચ પુણ્યસ્તંભૈસ્તુ ચતુર્ભિર્ધાર્યતે મહી।
(શિ.પુ. કોટિ. સં. ૨૪/૨૪-૨૬)

* અપરાધં બિના તસ્મૈ ક્રુધ્યતાં હાનિરેવ ચ॥
ઉપકૃતં પુરા યૈસ્તુ તેભ્યો દુઃખં હિતં નહિ।
યદા ચ દીયતે દુઃખં તદા નાશો ભવેદિહ॥
(શિ.પુ.કો.રુ. સં. ૨૫/૧૪-૧૫)

પવાસને કારણે જ્યારે તમારે
ાવવું પડ્યું, ત્યારે મહર્ષિ
સ્યા કરીને તમને સૌને સુખ
મયે તમે બધા લોકો એમને
.. સંસારમાં આવું કાર્ય કરવું
આ વાત ઉપર તમે બધા
કરી લો. સ્ત્રીઓની શક્તિથી
લોકો જો મારી વાત નહીં
આ વર્તાવ ગૌતમને માટે
જ થશે એમાં કોઈ સંશય
ગૌતમ તમને પુનઃ નિશ્ચય
ી એમની સાથે છળ કરવું
એટલા માટે તમે કોઈ બીજું

ે—હે બ્રાહ્મણો! મહાત્મા
આ વાત કહી, તે યદ્યપિ
હતી, તો પણ એમણે તેનો
. ત્યારે ભક્તોને અધીન
વકુમારે કહ્યું—'તમે લોકોએ
ા કરી છે, એને હું અવશ્ય
ાનું હશે તે તો થઈને જ
હીને તે અંતર્ધાન થઈ ગયા.
પછી એ દુષ્ટ ઋષિઓના
ને પ્રાપ્ત થયેલા વરદાનને
ટિત થઈ એ સાંભળો. ત્યાં
જે ડાંગર અને જવ હતા,

એ તણખલાંનો સ્પર્શ થતાં જ ગાય પૃથ્વી પર પડી ગઈ અને ઋષિના દેખતાં દેખતાં જ એ જ ક્ષણે મરી ગઈ.

તે બીજા-બીજા (દ્વેષી) બ્રાહ્મણ અને એમની દુષ્ટ સ્ત્રીઓ ત્યાં સંતાઈને બધું જોઈ રહ્યાં હતાં. એ ગાય પડીને મરી ગઈ કે તરત જ એ બધા સાથે બોલી ઊઠ્યા—'ગૌતમે આ શું કરી નાખ્યું?' ગૌતમ પણ આશ્ચર્યચકિત થઈને, અહલ્યાને બોલાવીને વ્યથિત હૃદયથી દુઃખપૂર્વક બોલ્યા—'હે દેવી! આ શું થઈ ગયું, કેવી રીતે થઈ ગયું? લાગે છે કે પરમેશ્વર મારા પર કુપિત થઈ ગયા છે. હવે શું કરું? ક્યાં જાઉં? મને હત્યા લાગી ગઈ.'

આ જ સમયે બ્રાહ્મણો અને એમની પત્નીઓ ગૌતમને ધમકાવવા લાગ્યાં અને દુર્વચનો દ્વારા અહલ્યાને પીડિત કરવા લાગ્યાં. એમના દુર્બુદ્ધિ શિષ્ય અને પુત્ર પણ ગૌતમને વારંવાર ધિક્કારવા અને ફિટકાર કરવા લાગ્યા.

બ્રાહ્મણો બોલ્યા—હવે તમારે તમારું મોં બતાવવું ન જોઈએ. અહીંથી જાઓ, જાઓ. ગોહત્યારાનું મુખ જોઈ જવાય તો તત્કાલ વસ્ત્રસહિત સ્નાન કરવું જોઈએ. જ્યાં સુધી તમે આ આશ્રમમાં રહેશો, ત્યાં સુધી અગ્નિદેવ અને પિતર અમારા આપેલ હવ્યકવ્યને ગ્રહણ નહીં કરે (કાવ્ય = પિંડ વગેરે). એટલા માટે હે પાપી ગોહત્યારા! તમે પરિવાર સહિત અહીંથી અન્યત્र

અન્યત્ર જઈને રહીશ' એવું કહીને ગૌતમ તે સ્થાનથી તત્કાળ નીકળી ગયા અને એ બધાંની આજ્ઞાથી એક કોસ દૂર જઈને એમણે પોતાને માટે આશ્રમ બનાવ્યો. ત્યાં પણ જઈને એ બ્રાહ્મણોએ કહ્યું—'જ્યાં સુધી તમારા પર હત્યા લાગી છે, ત્યાં સુધી તમારે કોઈ યજ્ઞ-યાગાદિ કર્મ ન કરવાં જોઈએ. કોઈ પણ વૈદિક દેવયજ્ઞ અથવા પિતૃયજ્ઞનું અનુષ્ઠાન કરવાનો તમને અધિકાર રહ્યો નથી.' મુનિવર ગૌતમ એમના કથન અનુસાર કોઈ પણ રીતે એક પક્ષ પસાર કરીને એ દુઃખથી દુઃખી થઈને વારંવાર એ મુનિઓ પાસે પોતાની શુદ્ધિ માટે પ્રાર્થના કરવા લાગ્યા. એમણે દીનભાવે પ્રાર્થના કરી ત્યારે એ બ્રાહ્મણોએ કહ્યું—'હે ગૌતમ! તમે તમારા પાપનો પ્રગટ કરીને ત્રણ વાર આખી પૃથ્વીની પરિક્રમા કરો. પછીથી - ફરી આવીને અહીં એક માસ સુધી વ્રત કરો. એ પછી આ બ્રહ્મગિરિની એકસો એક પરિક્રમા કરો ત્યાર પછી જ તમારી શુદ્ધિ થશે અથવા ગંગાજીને લઈ આવીને એમના જળથી સ્નાન કરો તથા એક કરોડ પાર્થિવલિંગ બનાવીને મહાદેવજીની આરાધના કરો. પછી ગંગામાં સ્નાન કરીને આ પર્વતની અગિયાર વાર પરિક્રમા કરો. તત્પશ્ચાત્ સો ઘડાના જળથી પાર્થિવ શિવલિંગને સ્નાન કરાવવાથી તમારો ઉદ્ધાર થશે.' એ ઋષિઓના આ પ્રકારના કથન પર ગૌતમે - બહુ સારું - કહીને એમની વાત માની લીધી. તે બોલ્યા—'હે મુનિવરો! હું આપ શ્રીમાનોની આજ્ઞાથી અહીં પાર્થિવપૂજન તથા બ્રહ્મગિરિની પરિક્રમા કરીશ.' આવું કહીને મુનિશ્રેષ્ઠ ગૌતમે એ પર્વતની પરિક્રમા કર્યા પછી પાર્થિવલિંગોનું નિર્માણ કરીને એમનું પૂજન કર્યું. સાધ્વી અહલ્યાએ પણ સાથે રહીને બધું જ કર્યું. એ સમયે શિષ્ય-પ્રશિષ્ય એ બંનેની સેવા કરતા હતા.

(અધ્યાય ૨૪-૨૫)

*

## પત્નીસહિત ગૌતમની આરાધનાથી સંતુષ્ટ થઈ ભગવાન શિવે એમને દર્શન આપ્યાં, ગંગાને ત્યાં સ્થાપિત કરીને સ્વયં શિવ પણ ત્યાં સ્થિર થઈ ગયા, દેવતાઓનું જ્યારે બૃહસ્પતિ સિંહ રાશિ પર આવે, ત્યાં આવવું, ગંગાજીના વિશેષ માહાત્મ્યનો સ્વીકાર કરવો, ગંગાનું ગૌતમી (અથવા ગોદાવરી) નામે અને શિવનું ત્ર્યંબક જ્યોતિર્લિંગ નામે વિખ્યાત થવું તથા એ બંનેનો મહિમા

સૂતજી કહે છે—પત્ની સહિત ગૌતમ ઋષિની આ પ્રકારે આરાધના કરવાથી સંતુષ્ટ થયેલા ભગવાન શિવ ત્યાં શિવા અને પ્રમથગણો સાથે પ્રગટ થઈ ગયા. તદનંતર પ્રસન્ન થયેલા કૃપાનિધાન શંકરે કહ્યું—'હે મહામુને! હું તમારી ઉત્તમ ભક્તિથી બહુ પ્રસન્ન છું. તમે કોઈ વરદાન માગો.' એ સમયે મહાત્મા શંભુના સુંદર રૂપને જોઈને આનંદિત થયેલા ગૌતમે ભક્તિભાવથી શંકરને પ્રણામ કરીને એમની સ્તુતિ કરી. લાંબી સ્તુતિ અને પ્રણામ કરીને

બંને હાથ જોડીને તે એમની સામે ઊભા રહી ગયા અને બોલ્યા—'હે દેવ! મને નિષ્પાપ કરી દો.'

**ભગવાન શિવે કહ્યું**—'હે મુને! તમે ધન્ય છો. કૃતકૃત્ય છો અને સદાયે જ નિષ્પાપ છો. એ દુષ્ટોએ તમારી સાથે છળ કર્યું છે. જગતના લોકો તમારાં દર્શનથી પાપરહિત થઈ જાય છે. પછી સદા મારી ભક્તિમાં તત્પર રહેનારા તમે



શું પાપી હોઈ શકો? હે મુને! જે દુરાત્માઓએ તમારા પર અત્યાચાર કર્યો છે, એ જ પાપી, દુરાચારી અને હત્યારા છે. એમનાં દર્શનથી

મહર્ષિ, જેમણે મારે માટે પરમ કલ કર્યું છે. એમના એ દુરાચારથી જ સ્વાર્થ સિદ્ધ થયો છે.

ગૌતમની આ વાત સાંભળીને પ્રસન્ન થયા. એમણે ગૌતમને કૃપા એમને શીઘ્ર જ આમ ઉત્તર અ

**શિવજી બોલ્યા**—હે વિપ્રવ છો. બધા ઋષિઓમાં શ્રેષ્ઠતર છ પર બહુ પ્રસન્ન થયો છું. એવું મારી પાસેથી વરદાન માગો.

**ગૌતમ બોલ્યા**—હે નાથ! કહો છો, તેમ છતાં પાંચ માણસ દીધું અથવા કરી દીધું, તે અન્ય શકતું. એટલે જે થઈ ગયું તે ભલે જો આપ પ્રસન્ન છો તો મને ગંગ અને આવું કરીને લોકોનો મહાન આપને મારા નમસ્કાર છે, નમ

આમ કહીને ગૌતમે દેવેશ્વર બંને ચરણારવિંદ પકડી લીધાં અને કામનાથી એમને નમસ્કાર કર્યા. પૃથ્વી અને સ્વર્ગના સારભૂત

કહ્યું—'હે
રત પાછાં
ા કળિયુગ

જો મારું
હોય અને
પણ અહીં
હીશ.
ભગવાન
છો. મારી
નથી, તેમ
ત રહીશ.

આ વાત
ન્ન થઈને
બ પ્રશંસા
ષિ, અનેક



ઉત્તમ તીર્થ અને વિવિધ પ્રકારનાં ક્ષેત્ર ત્યાં આવી પહોંચ્યાં. એ બધાંએ બહુ આદરથી જયજયકાર કરતા ગૌતમ, ગંગા અને ગિરિશાયી શિવનું પૂજન કર્યું. ત્યાર પછી એ સર્વ દેવતાઓએ મસ્તક નમાવીને હાથ જોડીને એ સર્વની પ્રસન્નતાપૂર્વક સ્તુતિ કરી. એ સમયે પ્રસન્ન થયેલા ગંગા અને ગિરીશે એમને કહ્યું—'હે શ્રેષ્ઠ દેવતાઓ! વરદાન માગો. તમારું પ્રિય કરવાની ઈચ્છાથી એ વરદાન અમે તમને આપીશું.'

**દેવતા બોલ્યા**—હે દેવેશ્વર! જો આપ સંતુષ્ટ છો અને હે સરિતાઓમાં શ્રેષ્ઠ ગંગે! જો તમે પણ પ્રસન્ન છો તો અમારા તથા મનુષ્યોનું પ્રિય કરવા આપ લોકો કૃપાપૂર્વક અહીં નિવાસ કરો.

**ગંગા બોલ્યાં**—હે દેવતાઓ! પછી તો સર્વનું પ્રિય કરવા માટે તમે લોકો સ્વયં જ અહીં કેમ નથી રહેતા? હું તો ગૌતમજીના પાપનું પ્રક્ષાલન કરીને જેવી આવી છું એવી જ પાછી જતી રહીશ. આપના સમાજમાં અહીં મારી કોઈ વિશેષતા સમજી જાય છે, એ વાતની ખબર શી રીતે પડે? જો તમે મારી વિશેષતા સિદ્ધ કરી શકો તો હું અવશ્ય અહીં રહીશ—એમાં સંશય નથી.

**બધા દેવતાઓએ કહ્યું**—હે સરિતાઓમાં શ્રેષ્ઠ ગંગે! બધાના પરમ સુહૃદ બૃહસ્પતિનું જ્યારે જ્યારે સિંહ રાશિ પર સ્થિત થશે, ત્યારે ત્યારે અમે બધા લોકો અહીં આવ્યા કરીશું—

સમસ્ત લોકો પર અનુગ્રહ અને અમારું પ્રિય કરવા વાસ્તે અહીં નિત્ય નિવાસ કરવો જોઈએ. ગુરુ જ્યાં સુધી સિંહરાશિ પર રહેશે, ત્યાં સુધી અમે અહીં નિવાસ કરીશું. એ સમયે તમારાં જલમાં ત્રિકાલ સ્નાન અને ભગવાન શંકરનાં દર્શન કરીને અમે શુદ્ધ થઈશું. પછી તમારી આજ્ઞા લઈને પોતાને સ્થાને પાછા જઈશું.

**સૂતજી કહે છે**—આ રીતે એ દેવતાઓ તથા મહર્ષિ ગૌતમની પ્રાર્થનાથી ભગવાન શંકર અને સરિતાઓમાં શ્રેષ્ઠ ગંગા બંને ત્યાં સ્થિત ગયાં. ત્યાંની ગંગા ગૌતમી (ગોદાવરી) નામે વિખ્યાત થઈ અને ભગવાન શિવનું જ્યોતિર્મય લિંગ ત્ર્યમ્બક કહેવાયું. આ જ્યોતિર્લિંગ મહાન પાતકોનો નાશ કરનારું છે એ દિવસથી માંડીને જ્યારે જ્યારે બૃહસ્પતિ સિંહ રાશિમાં સ્થિત થાય છે, ત્યારે ત્યારે બધાં તીર્થ, ક્ષેત્ર, દેવતા, પુષ્કર વગેરે સરોવર, ગંગા વગેરે નદીઓ તથા શ્રીવિષ્ણુ વગેરે દેવગણ અવશ્ય જ ગૌતમીના તટ પર પધારે છે અને વાસ કરે છે. એ બધા જ્યાં સુધી ગૌતમીને કિનારે રહે છે, ત્યાં સુધી પોતાના સ્થાન પર એમનું કોઈ ફળ હોતું નથી. જ્યારે તે પોતાના પ્રદેશમાં પાછા ફરે છે, ત્યારે જ ત્યાં એમના સેવનનું ફળ મળે છે. આ ત્ર્યમ્બક નામે પ્રસિદ્ધ જ્યોતિર્લિંગ ગૌતમીના તટ પર સ્થિત છે અને મોટાં મોટાં પાતકોનો નાશ કરનારું છે. જે ભક્તિભાવથી આ ત્ર્યમ્બક લિંગનાં દર્શન, પૂજન, સ્તવન અને વંદન કરે છે તે સમસ્ત પાપથી મુક્ત થઈ જાય છે. ગૌતમ દ્વારા પૂજિત ત્ર્યમ્બક નામે જ્યોતિર્લિંગ આ લોકમાં સમસ્ત મનોવાંછિતને આપનારું છે. પરલોકમાં ઉત્તમ મોક્ષ પ્રદાન કરનારું છે. હે મુનીશ્વરો! આ રીતે તમે જે કાંઈ પૂછ્યું હતું એ બધું મેં તમને કહી સંભળાવ્યું. હવે વધારે શું સાંભળવા ચાહો છો તે, કહો. હું એ જ તમને કહીશ એમાં સંશય નથી.

(અધ્યાય ૨૬)

*


## વૈદ્યનાથેશ્વર જ્યોતિર્લિંગના પ્રાગટ્યની કથા તથા મહિમા

**સૂતજી કહે છે**—હવે હું વૈદ્યનાથેશ્વર જ્યોતિર્લિંગના પાપહારી માહાત્મ્યનું વર્ણન કરીશ. સાંભળો. રાક્ષસરાજ રાવણ જે બહુ જ અભિમાની અને પોતાનો અહંકાર પ્રગટ કરનારો હતો, ઉત્તમ પર્વત કૈલાસ પર ભક્તિભાવથી ભગવાન શિવની આરાધના કરી રહ્યો હતો. થોડો સમય આરાધના કર્યા પછી પણ જ્યારે મહાદેવજી પ્રસન્ન ન થયા, ત્યારે તે શિવની પ્રસન્નતા માટે બીજું તપ કરવા માંડ્યો. પુલસ્ત્યકુલનંદન શ્રીમાન્ સિદ્ધના સ્થાનભૂત હિમાલય પર્વતની દક્ષિણે વૃક્ષોથી ભરેલા વનમાં પૃથ્વી પર એક બહુ મોટો ખાડો ખોદીને એમાં અગ્નિની સ્થાપના કરી અને એની પાસે જ ભગવાન શિવને સ્થાપિત કરીને એણે હવન આરંભ કર્યો. ગ્રીષ્મ ઋતુમાં એ પાંચ અગ્નિની વચમાં બેસતો, વર્ષા ઋતુમાં મેદાનમાં ચોરાચબૂતરા પર સૂતો અને શિયાળામાં જળની અંદર ઊભો રહેતો. આ રીતે ત્રણ પ્રકારથી એની તપસ્યા ચાલતી હતી. આ રીતે રાવણે બહુ તપ કર્યું તો પણ દુરાત્માઓ માટે જેમને ખુશ કરવાનું કામ કઠણ છે, તે પરમાત્મા મહેશ્વર એના પર પ્રસન્ન ન થયા. ત્યારે મહામનસ્વી દૈત્યરાજ રાવણે પોતાનું મસ્તક કાપીને શંકરજીનું પૂજન કરવાનો આરંભ કર્યો. વિધિપૂર્વક શિવની પૂજા કરીને તે પોતાનું એક મસ્તક કાપતો અને

ભગવાનને સમર્પિત કરી દેતો હતો. આ રીતે એણે ક્રમશઃ પોતાનાં નવ મસ્તક કાપી નાખ્યાં. જ્યારે એક જ મસ્તક બાકી રહી ગયું, ત્યારે ભક્તવત્સલ ભગવાન શંકર સંતુષ્ટ અને પ્રસન્ન થઈ ત્યાં જ એની સામે પ્રગટ થઈ ગયા. ભગવાન શિવે એનાં બધાં મસ્તકોને પૂર્વવત્ નીરોગ કરીને એને એની ઈચ્છા અનુસાર અનુપમ ઉત્તમ બળ પ્રદાન કર્યું. ભગવાન શિવનો કૃપાપ્રસાદ મેળવીને રાક્ષસ રાવણે નતમસ્તક થઈને હાથ જોડીને એમને કહ્યું—'હે દેવેશ્વર! પ્રસન્ન થઈ જાઓ. હું આપને લંકામાં લઈ જાઉં છું. આપ મારા આ મનોરથને સફળ કરો. હું આપને શરણે આવ્યો છું.'

રાવણના આવા કથન પર ભગવાન શંકર ભારે સંકટમાં પડી ગયા અન્યમનસ્ક, ઉદાસ અને ખિન્ન થઈને બોલ્યા—'હે રાક્ષસરાજ! મારી સારગર્ભિત વાત સાંભળો. તમે મારા આ ઉત્તમ લિંગને ભક્તિભાવથી પોતાને ઘેર લઈ જાઓ. પરંતુ જ્યારે તમે એને ક્યાંય ભૂમિ પર મૂકી દેશો, ત્યારે તે ત્યાં જ સુસ્થિર થઈ જશે એમાં સંદેહ નથી. હવે તમારી જેવી ઈચ્છા હોય, તેવું કરો.'

સૂતજી કહે છે—હે બ્રાહ્મણો! ભગવાન શંકરના આ કથન પર રાક્ષસરાજ રાવણ 'બહુ સારું' કહીને તે શિવલિંગ સાથે લઈને પોતાના ઘર તરફ ચાલી નીકળ્યો. પરંતુ માર્ગમાં ભગવાન શિવની માયાથી લઘુશંકાની ઈચ્છા થઈ. પુલસ્ત્યનંદન રાવણ સામર્થ્યશાળી હોવા પર પણ લઘુશંકાના આવેગને રોકી ન શક્યો. આ જ સમયે ત્યાં આસપાસ એક ભરવાડને જોઈને એણે પ્રાર્થનાપૂર્વક તે શિવલિંગ એના હાથમાં પકડાવી દીધું અને સ્વયં લઘુશંકા માટે બેઠો. એક મુહૂર્ત જેટલો સમય વીતતાં વીતતાં તે ભરવાડ એ શિવલિંગના ભારથી અત્યંત પીડિત થઈને વ્યાકુળ થઈ ગયો, ત્યારે તેણે તે શિવલિંગને પૃથ્વી પર મૂકી દીધું. પછી તો હીરકમય શિવલિંગ ત્યાં જ સ્થિત થઈ ગયું. એ દર્શનમાત્રથી સંપૂર્ણ મનોવાંછિત આપનારું અને પાપરાશિનું



હરણ કરનારું થયું. હે મુને! એ જ શિવલિંગ ત્રણે લોકોમાં વૈદ્યનાથેશ્વર નામે પ્રસિદ્ધ થયું, જે સત્પુરુષોને ભોગ અને મોક્ષ આપનારું છે. આ દિવ્ય ઉત્તમ અને શ્રેષ્ઠ જ્યોતિર્લિંગ દર્શન અને પૂજનથી પણ સમસ્ત પાપનું હરણ કરી લે છે અને મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. એ શિવલિંગ જ્યારે સંપૂર્ણ લોકોના હિતને માટે ત્યાં જ સ્થિત ગયું, ત્યારે રાવણ ભગવાન શિવનું પરમ ઉત્તમ વરદાન પામીને પોતાને ઘેર જતો રહ્યો. ત્યાં જઈને એ મહાન અસુરે બહુ હર્ષ સાથે પોતાની પ્રિયા મંદોદરીને બધી વાતો કહી સંભળાવી. ઈન્દ્ર વગેરે સંપૂર્ણ દેવતાઓ અને નિર્મળ મુનિઓએ જ્યારે આ સમાચાર સાંભળ્યા, ત્યારે તે પરસ્પર સલાહ કરીને ત્યાં આવ્યા. એ બધાંનું મન ભગવાન શિવમાં લાગેલું હતું. એ બધા દેવતાઓએ એ સમયે ત્યાં બહુ પ્રસન્નતાની સાથે શિવનું વિશેષ પૂજન કર્યું.

ત્યાં ભગવાન શંકરનાં પ્રત્યક્ષ દર્શન કરીને દેવતાઓએ એ શિવલિંગની વિધિવત્ સ્થાપના કરી એનું નામ 'વૈદ્યનાથ રાખીને એની વંદના અને સ્તવન કરીને તે સ્વર્ગલોકમાં ચાલ્યા ગયા.

**ઋષિઓએ પૂછ્યું**—હે સૂતજી! જ્યારે તે લિંગ ત્યાં સ્થિત થઈ ગયું તથા રાવણ પોતાને ઘેર જતો રહ્યો, ત્યારે ત્યાં કઈ ઘટના ઘટિત થઈ—એ આપ બતાવો.

**સૂતજીએ કહ્યું**—હે બ્રાહ્મણો! ભગવાન શિવનું પરમ ઉત્તમ વરદાન મેળવીને મહાન અસુર રાવણ પોતાને ઘેર ચાલ્યો ગયો. ત્યાં એણે એની પ્રિયાને બધી વાતો કહી અને તે અત્યંત આનંદનો અનુભવ કરવા લાગ્યો. આ બાજુ આ સમાચાર સાંભળીને દેવતા ગભરાઈ ગયા કે ખબર નહીં ક્યારે આ દેવદ્રોહી રાવણ ભગવાન શિવના વરદાનથી બળ મેળવીને કોણ જાણે શુંયે કરશે. એમણે નારદજીને મોકલ્યા. નારદજીએ જઈને રાવણને કહ્યું—'તમે કૈલાસ પર્વતને ઊંચકો, ત્યારે ખબર પડે કે શિવનું આપેલું વરદાન કેટલું સફળ થયું છે.' રાવણને આ વાત ગમી ગઈ, મનમાં ઠસી ગઈ. એણે જઈને કૈલાસને ઉખાડી લીધો. એથી સમગ્ર કૈલાસ ધ્રણધણી, હાલી ઊઠ્યો. ત્યારે ગિરિજાના કહેવાથી મહાદેવજીએ રાવણને ઘમંડી, અભિમાની સમજીને આ રીતે શાપ આપ્યો.

**મહાદેવજી બોલ્યા**—રે રે દુષ્ટ ભક્ત દુર્બુદ્ધિ રાવણ! તું તારા બળ પર આટલો ઘમંડ, આટલું અભિમાન ન કર. તારી આ ભુજાઓના ઘમંડને ચૂર કરનારો વીર પુરુષ શીઘ્ર જ આ જગતમાં અવતીર્ણ થશે.

**સૂતજી કહે છે**—આ રીતે ત્યાં જે ઘટના થઈ એને નારદજીએ સાંભળી. રાવણ પર પ્રસન્ન ચિત્ત થઈને જેવો આવ્યો હતો, એવી જ રીતે પોતાને ઘેર ચાલ્યો ગયો. આ રીતે મેં વૈદ્યનાથેશ્વરનું માહાત્મ્ય કહ્યું છે. આને સાંભળનારા મનુષ્યનાં પાપ ભસ્મ થઈ જાય છે.

(અધ્યાય ૨૭-૨૮)

*

## નાગેશ્વર નામના જ્યોતિર્લિંગનો પ્રાદુર્ભાવ અને એનો મહિમા

**સૂતજી કહે છે**—હે બ્રાહ્મણો! હવે હું પરમાત્મા શિવના નાગેશ નામના પરમ ઉત્તમ જ્યોતિર્લિંગના આવિર્ભાવનો પ્રસંગ સંભળાવીશ. દારુકા નામની કોઈ પ્રસિદ્ધ રાક્ષસી હતી, જે પાર્વતીના વરદાનથી સદા ઘમંડથી ભરેલી રહેતી હતી. અત્યંત બળવાન રાક્ષસ દારુક એનો પતિ હતો. એણે ઘણાબધા રાક્ષસોને સાથે લઈને ત્યાં સત્પુરુષોનો સંહાર કરીને ઉત્પાત્ત મચાવી દીધો હતો. એ લોકોના યજ્ઞ અને ધર્મનો નાશ કર્યા કરતો હતો અને સ્વચ્છંદ વિચરણ કર્યા કરતો હતો. પશ્ચિમ સમુદ્રના તટ પર એનું એક વન હતું, જે સંપૂર્ણ સમૃદ્ધિઓથી ભરેલું રહેતું હતું. એ વનનો વિસ્તાર બધી બાજુએથી સોળ યોજન હતો. દારુકા પોતાના વિલાસ માટે જ્યાં જતી હતી, ત્યાં જ ભૂમિ, વૃક્ષ તથા અન્ય બધાં ઉપકરણોથી યુક્ત વન પણ ચાલ્યું જતું હતું. દેવી પાર્વતીએ એ વનની દેખરેખનો ભાર દારુકાને સોંપી દીધો હતો. દારુકા પોતાના પતિ સાથે ઇચ્છા અનુસાર એમાં વિચરણ કર્યા કરતી હતી. રાક્ષસ દારુક પોતાની પત્ની દારુકા સાથે ત્યાં રહીને બધાને ભય પમાડતો હતો. એથી પીડિત થયેલી પ્રજાએ મહર્ષિ ઔર્વની શરણમાં

જઈને પોતાનાં દુઃખ સંભળાવ્યાં. ઔર્વએ શરણાગતોની રક્ષા માટે રાક્ષસોને એ શાપ આપી દીધો કે 'આ રાક્ષસ જો પૃથ્વી પર પ્રાણીઓની હિંસા અથવા યજ્ઞોનો વિધ્વંસ કરશે તો એ જ સમયે તે પોતાના પ્રાણોથી હાથ ધોઈ બેસશે.' દેવતાઓએ જ્યારે આ વાત સાંભળી, ત્યારે એમણે દુરાચારી રાક્ષસો પર ચડાઈ કરી દીધી. રાક્ષસો ગભરાયા. જો તે લડાઈમાં દેવતાઓને મારે તો મુનિના શાપને કારણે સ્વયં મરી જાય અને જો નથી મારતા તો પરાજિત થઈને ભૂખે મરી જાય છે. એ અવસ્થામાં રાક્ષસી દારુકાએ કહ્યું કે, 'ભવાનીના વરદાનથી હું આખા વનને ગમે ત્યાં ચાહું ત્યાં લઈ જઈ શકું છું!' આમ કહીને સમસ્ત વનને જેવું હતું તેવું જ લઈ જઈને સમુદ્રમાં વસી. રાક્ષસ લોકો પૃથ્વી પર ન રહીને જળમાં નિર્ભય થઈને રહેવા લાગ્યા, અને ત્યાં પ્રાણીઓને પીડા પહોંચાડવા માંડ્યા.

એક વાર ઘણી બધી નૌકાઓ એ બાજુ આવી નીકળી, જે મનુષ્યોથી ભરેલી હતી. રાક્ષસોએ એમાં બેઠેલા બધા લોકોને પકડી લીધા અને બેડીઓથી બાંધીને કારાગારમાં નાખી દીધા. તે એમને વારંવાર ધમકી આપવા લાગ્યા. એમાં સુપ્રિય નામે પ્રસિદ્ધ એક વૈશ્ય હતો, જે એ દળનો સરદાર હતો. તે બહુ સદાચારી, ભસ્મ રુદ્રાક્ષધારી તથા શિવનો પરમ ભક્ત હતો. સુપ્રિય શિવની પૂજા કર્યા સિવાય ભોજન કરતો ન હતો. એ સ્વયં તો શંકરનું પૂજન કરતો જ હતો, ઘણાબધા પોતાના સાથીઓને પણ એણે શિવપૂજા શીખવી, ભણાવી દીધી હતી. પછી બધા લોકો 'નમઃ શિવાય' મંત્રનો જપ અને શંકરજીનું ધ્યાન કરવા લાગ્યા. સુપ્રિયને ભગવાન શિવનાં દર્શન પણ થતાં હતાં. દારુક રાક્ષસને જ્યારે આ વાતની ખબર પડી, ત્યારે એણે સુપ્રિયને ધમકાવ્યો. એના સાથી રાક્ષસ સુપ્રિયને મારવા દોડ્યા. એ રાક્ષસોને આવેલા જોઈને સુપ્રિયનાં નેત્રો ભયથી કાતર-અધીર થઈ ગયાં, એ બહુ જ પ્રેમથી શિવનું ચિંતન અને એમનાં નામોનું જપ કરવા લાગ્યો.

**વૈશ્યપતિએ કહ્યું**—હે દેવેશ્વર શંકર! મારી રક્ષા કરો. હે કલ્યાણકારી ત્રિલોકીનાથ! હે દુષ્ટહન્તા ભક્તવત્સલ શિવ! અમને આ દુષ્ટોથી બચાવો. હે દેવ! હવે આપ જ અમારા સર્વસ્વ છો; હે પ્રભો! હું આપનો છું, આપને અધીન છું અને આપ જ સદા મારું જીવન અને પ્રાણ છો

**સૂતજી કહે છે**—સુપ્રિયની આ પ્રકારની પ્રાર્થના કરવાથી ભગવાન શંકર એક વિવર-કાણું-ગુફા-બોડમાંથી નીકળી પડ્યા. એમની સાથે જ ચાર દરવાજાવાળું એક ઉત્તમ મંદિર પણ પ્રગટ થઈ ગયું. એના મધ્યભાગમાં અદ્ભુત જ્યોતિર્મય શિવલિંગ પ્રકાશિત થઈ રહ્યું હતું. એની સાથે શિવપરિવારના બધા જ લોકો વિદ્યમાન હતા. સુપ્રિયે એમનાં દર્શન કરીને પૂજન કર્યું, પૂજિત થવાથી ભગવાન શંભુએ પ્રસન્ન થઈને સ્વયં પાશુપત-અસ્ત્ર લઈને પ્રધાન-પ્રધાન રાક્ષસો, એમનાં બધાં ઉપકરણો તથા સેવકોને પણ તત્કાળ જ નષ્ટ કરી દીધાં અને એ દુષ્ટહન્તા શંકરે પોતાના ભક્ત સુપ્રિયની રક્ષા કરી. ત્યારબાદ અદ્ભુત લીલા કરનારા અને લીલાથી જ શરીર ધારણ કરનારા શંભુએ એ વનને એ વરદાન આપ્યું કે આજથી આ વનમાં સદા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર-એ ચારે વર્ણોના ધર્મોનું પાલન થાય. અહીં શ્રેષ્ઠ મુનિ નિવાસ કરે અને તમોગુણી રાક્ષસ એમાં ક્યારેય ન રહે. શિવધર્મના ઉપદેશક, પ્રચારક અને પ્રવર્તક લોકો આમાં નિવાસ કરે.

સૂતજી કહે છે—એ જ સમયે રાક્ષસી દારુકાએ દીનચિત્તથી દેવી પાર્વતીની સ્તુતિ કરી. દેવી પાર્વતી-પ્રસન્ન થઈ ગયાં અને બોલ્યાં—'કહે, તારું શું કાર્ય કરું?' એણે કહ્યું—'મારા વંશની રક્ષા કરો.' દેવી બોલ્યાં—'હું સાચું કહું છું, તારા કુળની રક્ષા કરીશ.' આવું કહીને દેવી ભગવાન શિવને કહેવા લાગ્યાં—'હે નાથ! આપની આ વાત યુગના અંતમાં સાચી થશે. ત્યાં સુધી તામસી સૃષ્ટિ પણ રહે, એવો મારો વિચાર છે. હું પણ આપની જ છું અને આપના



આશ્રયે રહું છું. એટલે મારી વાતને પણ પ્રમાણિત (સત્ય) કરો. આ રાક્ષસી દારુકા દેવી-મારી જ શક્તિ છે અને રાક્ષસીઓમાં બલિષ્ઠ છે. તેથી એ જ રાક્ષસોના રાજ્યનું શાસન કરે. આ રાક્ષસ-પત્નીઓ જે પુત્રોને પેદા કરશે, એ બધા મળીને આ વનમાં નિવાસ કરે એવી મારી ઇચ્છા છે.

શિવ બોલ્યા—હે પ્રિયે! જો તમે આવી વાત કહેતાં હો તો મારું આ વચન સાંભળો. હું ભક્તોનું પાલન કરવા માટે પ્રસન્નતાપૂર્વક આ વનમાં રહીશ. જે પુરુષ વર્ણધર્મના પાલનમાં તત્પર થઈને પ્રેમપૂર્વક મારાં દર્શન કરશે, તે ચક્રવર્તી રાજા થશે. કળિયુગના અંતમાં અને સત્યયુગના આરંભમાં મહાસેનનો પુત્ર વીરસેન રાજાઓનો પણ રાજા થશે. એ મારો ભક્ત અને અત્યંત પરાક્રમી થશે અને અહીં આવીને મારાં દર્શન કરશે. દર્શન કરતાં વેંત જ તે ચક્રવર્તી સમ્રાટ થઈ જશે.

સૂતજી કહે છે—હે બ્રાહ્મણો! આ રીતે મોટી મોટી લીલાઓ કરનાર એ દંપતી પરસ્પર હાસ્યયુક્ત વાર્તાલાપ કરીને સ્વયં ત્યાં જ સ્થિત થઈ ગયાં. જ્યોતિર્લિંગસ્વરૂપ મહાદેવજી ત્યાં નાગેશ્વર કહેવાયા અને શિવાદેવી નાગેશ્વરી નામથી વિખ્યાત થયાં. એ બંને જ સત્પુરુષોને પ્રિય છે.

આ રીતે જ્યોતિઓના સ્વામી નાગેશ્વર નામના મહાદેવજી જ્યોતિર્લિંગરૂપે પ્રગટ થયા. એ ત્રણે લોકોની સંપૂર્ણ કામનાઓને સદા પૂર્ણ કરનારા છે. જે પ્રતિદિન આદરપૂર્વક નાગેશ્વરના પ્રાદુર્ભાવનો આ પ્રસંગ સાંભળે છે, એ બુદ્ધિમાન માનવ મહાપાતકોનો નાશ કરનાર સંપૂર્ણ મનોરથોને પ્રાપ્ત કરી લે છે.

(અધ્યાય ૨૯-૩૦)

*

## રામેશ્વર નામના જ્યોતિર્લિંગના આવિર્ભાવ તથા માહાત્મ્યનું વર્ણન

સૂતજી કહે છે—હે ઋષિઓ! હવે એ બતાવી રહ્યો છું કે રામેશ્વર નામનું જ્યોતિર્લિંગ પહેલાં કેવી રીતે પ્રગટ થયું. આ પ્રસંગને તમે આદરપૂર્વક સાંભળો. ભગવાન વિષ્ણુના

રામાવતારમાં જ્યારે રાવણ સીતાજીનું હરણ કરીને લંકા લઈ ગયો, ત્યારે સુગ્રીવ સાથે અઢાર પદ્મ વાનરસેના લઈને શ્રીરામ સમુદ્ર તટ પર આવ્યા. ત્યાં એ વિચાર કરવા લાગ્યા કે કેવી રીતે અમે સમુદ્ર પાર કરીશું અને કેવી રીતે રાવણને જીતીશું. એટલામાં જ શ્રીરામને તરસ લાગી. એમણે જળ માગ્યું અને વાનર મીઠું પાણી લઈ આવ્યા. શ્રીરામે પ્રસન્ન થઈને તે જળ લઈ લીધું. ત્યાર સુધીમાં એમને સ્મરણ થઈ આવ્યું કે 'મેં મારા સ્વામી ભગવાન શંકરનાં દર્શન તો કર્યાં જ નથી. પછી આ જલ કેવી રીતે ગ્રહણ કરી શકું?' આવું કહીને એમણે એ જળને ન પીધું. જળ મૂકી દીધા પછી રઘુનંદને પાર્થિવ પૂજન કર્યું. આવાહન વગેરે સોળ ઉપચારોને પ્રસ્તુત કરીને વિધિપૂર્વક બહુ પ્રેમથી શંકરજીની અર્ચના કરી. પ્રણામ તથા દિવ્ય સ્તોત્રથી યત્નપૂર્વક શંકરજીને સંતુષ્ટ કરીને શ્રીરામે ભક્તિભાવથી એમને પ્રાર્થના કરી.

**શ્રીરામ બોલ્યા**—હે ઉત્તમ વ્રતનું પાલન કરનારા મારા સ્વામી દેવ મહેશ્વર! આપે મારી સહાયતા કરવી જોઈએ. આપના સહયોગ વગર મારા કાર્યની સિદ્ધિ અત્યંત કઠિન છે. રાવણ પણ આપનો ભક્ત છે. તે બધાંને માટે સર્વથા દુર્જય છે. પરંતુ તમે આપેલા વરદાનથી એ સદા દર્પથી ભરેલો જ રહે છે. એ ત્રિભુવન વિજયી મહાવીર છે. આ બાજુ હું પણ આપનો દાસ છું, સર્વથા આપને જ અધીન રહેનારો છું. હે સદાશિવ! આવો વિચાર કરીને આપે મારા પ્રત્યે પક્ષપાત કરવો જોઈએ.

**સૂતજી કહે છે**—આ પ્રકારની પ્રાર્થના અને વારંવાર નમસ્કાર કરીને એમણે ઊંચા સ્વરે 'જય શંકર, જય શિવ' ઇત્યાદિનો ઉદ્‌ઘોષ કરતાં કરતાં શિવનું સ્તવન કર્યું. પછી એમના મંત્રના જપ અને ધ્યાનમાં તત્પર થઈ ગયા. ત્યાર બાદ પુનઃ પૂજન કરીને તે સ્વામીની આગળ નાચવા લાગ્યા. એ સમયે એમનું હૃદય પ્રેમથી દ્રવિત થઈ રહ્યું હતું, પછી એમણે શિવના સંતોષ ખાતર ગાલ વગાડીને અવ્યક્ત શબ્દ કર્યો. એ સમયે ભગવાન શંકર એમના પર બહુ પ્રસન્ન થયા અને એ જ્યોતિર્મય મહેશ્વર વામાંગભૂતા પાર્વતી તથા પાર્ષદ ગણોની સાથે શાસ્ત્રોક્ત નિર્મળ રૂપ ધારણ કરીને તત્કાળ ત્યાં પ્રગટ થઈ ગયા. શ્રીરામની ભક્તિથી સંતુષ્ટ ચિત્તથી થઈને મહેશ્વરે એમને કહ્યું—'હે શ્રીરામ! તમારું કલ્યાણ થાઓ, વરદાન માગો.' એ સમયે એમનું રૂપ જોઈને ત્યાં ઉપસ્થિત રહેલા બધા લોકો પવિત્ર થઈ ગયા. શિવધર્મપરાયણ શ્રીરામજીએ સ્વયં એમનું પૂજન કર્યું. પછી વિવિધ પ્રકારની સ્તુતિ અને પ્રણામ કરીને એમણે ભગવાન શિવને લંકામાં રાવણ સાથે થનાર યુદ્ધમાં પોતાના વિજય માટે પ્રાર્થના કરી. ત્યારે રામભક્તિથી પ્રસન્ન થયેલા મહેશ્વરે કહ્યું—'હે મહારાજ! તમારો જય હો.' ભગવાન શિવના આપેલા વિજયસૂચક વરદાન અને યુદ્ધની આજ્ઞા મેળવીને શ્રીરામે નતમસ્તક થઈને હાથ જોડીને



એમની પુનઃ પ્રાર્થના કરી.

**શ્રીરામ બોલ્યા**—હે મારા સ્વામી શંકર! જો આપ સંતુષ્ટ છો તો જગતના લોકોને પવિત્ર કરવા તથા બીજાઓની ભલાઈ કરવા માટે સદા અહીં નિવાસ કરો.

**સૂતજી કહે છે**—શ્રીરામના આવા કથન પર ભગવાન શિવ ત્યાં જ્યોતિર્લિંગ રૂપે સ્થિત થઈ ગયા. ત્રણે લોકોમાં રામેશ્વર નામે એમની પ્રસિદ્ધિ થઈ. એમના પ્રભાવથી જ અપાર સમુદ્રને અનાયાસે જ પાર કરીને શ્રીરામે રાવણ વગેરે રાક્ષસોનો શીઘ્ર જ સંહાર કર્યો અને પોતાની પ્રિયા સીતાને પ્રાપ્ત કરી લીધી. ત્યારથી આ ભૂતલ પર રામેશ્વરના અદ્ભુત મહિમાનો પ્રચાર થયો. ભગવાન રામેશ્વર સદા ભોગ અને મોક્ષ દેનારા છે તથા ભક્તોની ઈચ્છા પૂર્ણ કરનારા છે. જે દિવ્ય ગંગાજળથી રામેશ્વર શિવને ભક્તિપૂર્વક સ્નાન કરાવે છે, તે જીવન્મુક્ત જ છે. આ સંસારમાં દેવદુર્લભ સમસ્ત ભોગોનો ઉપભોગ કરીને અંતે ઉત્તમ જ્ઞાન મેળવીને તે નિશ્ચય જ કૈવલ્ય મોક્ષને પ્રાપ્ત કરી લે છે. આ રીતે મેં તમને લોકોને ભગવાન શિવના રામેશ્વર નામના દિવ્ય જ્યોતિર્લિંગનું વર્ણન કરી બતાવ્યું છે, જે તેમનો મહિમા સાંભળનારાઓનાં સમસ્ત પાપનું અપહરણ કરનારા છે. (અધ્યાય-૩૧)

*

## ઘુશ્માની શિવભક્તિથી એના મરેલા પુત્રનું જીવિત થવું, ઘુશ્મેશ્વર શિવનો પ્રાદુર્ભાવ તથા એમના મહિમાનું વર્ણન

**સૂતજી કહે છે**—હવે હું ઘુશ્મેશ નામના જ્યોતિર્લિંગનો પ્રાદુર્ભાવ અને એના માહાત્મ્યનું વર્ણન કરીશ. હે મુનિવરો! ધ્યાન દઈને સાંભળો. દક્ષિણ દિશામાં એક શ્રેષ્ઠ પર્વત છે, જેનું નામ દેવગિરિ છે. તે દેખાવમાં અદ્ભુત તથા નિત્ય પરમ શોભાથી સંપન્ન છે. એની પાસે કોઈ ભરદ્વાજ કુળમાં ઉત્પન્ન સુધર્મા નામનો બ્રહ્મવેત્તા બ્રાહ્મણ રહેતો હતો. એની પ્રિય પત્નીનું નામ સુદેહા હતું, તે સદા શિવધર્મનું પાલન કરવામાં તત્પર રહેતી હતી, ઘરનાં કામકાજમાં કુશળ હતી અને સદા પતિની સેવામાં લાગી રહેતી હતી. દ્વિજશ્રેષ્ઠ સુધર્મા પણ દેવતાઓ અને અતિથિઓના પૂજક હતા. તે વેદવર્ણિત માર્ગ પર ચાલતા હતા. નિત્ય અગ્નિહોત્ર કર્યા કરતા હતા. ત્રિકાળ સંધ્યા કરવાથી એમની કાંતિ સૂર્ય સમાન ઉદ્દીપ્ત હતી. તે વેદ-શાસ્ત્રના મર્મજ્ઞ હતા અને શિષ્યોને ભણાવ્યા કરતા હતા. ધનવાન હોવાની સાથે સાથે તે મોટા દાતા હતા. સૌજન્ય વગેરે સદ્ગુણોના ભાજન (પાત્ર) હતા. શિવસંબંધી પૂજન વગેરે કાર્યમાં સદા લાગ્યા રહેતા હતા. એ સ્વયં તો શિવભક્ત હતા જ, શિવભક્તો સાથે બહુ પ્રેમ રાખતા હતા. શિવભક્તોને પણ એ બહુ જ પ્રિય હતા.

આટલું બધું હોવા છતાં એમને પુત્ર ન હતો. તેથી બ્રાહ્મણને તો દુઃખ થતું ન હતું પરંતુ એમની પત્ની બહુ જ દુઃખી રહેતી હતી. પડોશી અને બીજા લોકો પણ એને મ્હેણાંટોણાં માર્યા કરતા હતા. તે પોતાના પતિને વારંવાર પુત્ર માટે પ્રાર્થના કરતી હતી. પતિ એને જ્ઞાન-ઉપદેશ આપીને સમજાવતા હતા, પરંતુ તેનું મન માનતું ન હતું. છેવટે, બ્રાહ્મણે કોઈ ઉપાય પણ કર્યો, પરંતુ તે સફળ ન થયો. ત્યારે બ્રાહ્મણીએ

અત્યંત દુઃખી થઈને બહુ જ હઠ કરીને પોતાની બહેન ઘુશ્મા સાથે પતિનો બીજો વિવાહ કરાવી દીધો. વિવાહથી પહેલાં સુધર્માએ એને સમજાવ્યું હતું કે 'આ સમયે તો તું બહેનને પ્રેમ કરી રહી છે, પરંતુ જ્યારે એને (ઘુશ્માને) પુત્ર થઈ જશે, ત્યારે એની સાથે સ્પર્ધા કરવા લાગીશ.' એણે વચન આપ્યું કે હું બહેનની સાથે ક્યારેય ઈર્ષ્યા-ડાહ-કરીશ નહીં. વિવાહ થઈ ગયા પછી ઘુશ્મા દાસીની જેમ મોટી બહેનની સેવા કરવા લાગી. સુદેહા પણ એને બહુ પ્રેમ-પ્યાર કરતી હતી. ઘુશ્મા પોતાની શિવભક્તા બહેનની આજ્ઞાથી નિત્ય એક સો પાર્થિવલિંગ બનાવીને વિધિપૂર્વક પૂજા કરવા લાગી. પૂજા કરીને તે નિકટવર્તી તળાવમાં એ પાર્થિવ લિંગોનું વિસર્જન કરી દેતી.

શંકરજીની કૃપાથી એને એક સુંદર સૌભાગ્યવાન અને સદ્ગુણસંપન્ન પુત્ર થયો. ઘુશ્માનું માન થોડું વધ્યું. તેથી સુદેહાના મનમાં ડાહ-ઈર્ષ્યા ઉત્પન્ન થયાં. સમય પર એ પુત્રનો વિવાહ થયો. પુત્રવધૂ ઘરમાં આવી ગઈ. હવે તો એ સુદેહા વધારે ને વધારે બળવા લાગી. એની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ. એક દિવસે રાત્રે સૂઈ ગયેલા પુત્રને છરા મારીને એને ટુકડેટુકડા કરીને મારી નાખ્યો અને કપાયેલાં અંગોને એ જ તળાવમાં લઈ જઈને નાખી દીધાં, જ્યાં ઘુશ્મા પ્રતિદિન પાર્થિવ લિંગોનું વિસર્જન કરતી હતી. પુત્રનાં અંગોને એ તળાવમાં ફેંકીને તે પાછી ફરી અને ઘરમાં સુખપૂર્વક ઊંઘી ગઈ. ઘુશ્મા સવારે ઊઠીને પ્રતિદિનની પૂજા-પૂજન વગેરે કર્મ કરવા લાગી. શ્રેષ્ઠ બ્રાહ્મણ સુધર્મા સ્વયં પણ નિત્યકર્મમાં લાગી ગયા હતા. આ જ સમયે એમની જ્યેષ્ઠ પત્ની સુદેહા પણ ઊઠી અને ખૂબ જ આનંદથી ઘરનાં કામકાજ કરવા લાગી; કેમકે એના હૃદયમાં પહેલાં જે ઈર્ષ્યાની આગ સળગતી હતી, તે તો હવે હોલવાઈ ગઈ, શાંત થઈ ગઈ. પ્રાતઃકાળે જ્યારે વહુએ ઊઠીને પતિની શૈયાને જોઈ તો એ તો લોહીથી ભીની જણાઈ અને એના પર શરીરના કોઈ કોઈ ટુકડા દેખાયા. એનાથી એને બહુ દુઃખ થયું. એણે સાસુની (ઘુશ્મા) પાસે આવીને નિવેદન કર્યું—'હે ઉત્તમ વ્રતનું પાલન કરનારાં આર્યે! આપના પુત્ર ક્યાં ગયા? એમની શૈયા તો રક્તથી ભીની થયેલી છે અને શરીરના કેટલાક ટુકડા જણાયા છે. હાય! હું તો મારી ગઈ! કોણે આ દુષ્ટ કર્મ કર્યું છે?' આવું કહીને તે બેટાની પ્રિય પત્ની જાતજાતના કરુણ વિલાપ કરતાં કરતાં રડવા લાગી. સુધર્માની મોટી પત્ની સુદેહા પણ 'હાય! હું મારી ગઈ' એવું કહીને દુઃખમાં ડૂબી ગઈ. એણે ઉપર ઉપરથી તો દુઃખ જણાવ્યું પરંતુ મનમાં ને મનમાં તો તે હર્ષથી ભરેલી હતી. ઘુશ્મા પણ એ સમયે એ વધૂના દુઃખને સાંભળીને પોતાના નિત્ય પાર્થિવ-પૂજનના વ્રતથી વિચલિત ન થઈ. એનું મન પુત્રને જોવા માટે લેશ માત્ર પણ ઉત્સુક થયું નહીં. એના પતિની પણ એવી જ અવસ્થા હતી. જ્યાં સુધી નિત્ય-નિયમ પૂરા ન થયા, ત્યાં સુધી બીજી કોઈ વાતની ચિંતા ન થઈ. બપોરે પૂજન સમાપ્ત થયા પછી ઘુશ્માએ પોતાના પુત્રની ભયંકર શૈયા પર દૃષ્ટિપાત કર્યો, તેમ છતાં એણે મનમાં કિંચિત્ માત્ર પણ દુઃખ ન માન્યું. એ વિચારવા લાગી—'જેમણે આ પુત્ર આપ્યો હતો, એ જ એની રક્ષા કરશે. તે ભક્તપ્રિય કહેવાય છે, કાળના પણ કાળ છે અને સત્પુરુષના આશ્રય છે. એકમાત્ર તે પ્રભુ સર્વેશ્વર શંભુ જ અમારા રક્ષક છે. એ તો માળા ગૂંથનાર પુરુષની જેમ જેમને જોડે છે, એમને અલગ પણ કરે છે તેથી હવે મારે ચિંતા કરવાનો

અર્થ શો? ચિંતા કરવાથી શું થશે?' આ તત્ત્વનો વિચાર કરીને એણે શિવને ભરોસે ધૈર્ય ધારણ કર્યું અને એ સમયે દુઃખનો અનુભવ ન કર્યો. તે પૂર્વવત્ પાર્થિવ શિવલિંગોને લઈને સ્વસ્થચિત્તે શિવનાં નામોનું ઉચ્ચારણ કરતી કરતી તે તળાવને કિનારે ગઈ. એ પાર્થિવ લિંગોને તળાવમાં પધરાવી જ્યારે એ પાછી ઘર તરફ આવવા લાગી ત્યારે તો એને પોતાનો પુત્ર એ તળાવને કિનારે જ ઊભેલો જણાયો.

**સૂતજી કહે છે**—હે બ્રાહ્મણો! એ સમયે ત્યાં પોતાના પુત્રને જીવિત જોઈને એની માતા ઘુશ્માને ન તો હર્ષ થયો અને ન વિષાદ થયો. તે પૂર્વવત્ સ્વસ્થ જ બની રહી. આ સમયે એના પર સંતુષ્ટ થયેલા જ્યોતિસ્વરૂપ મહેશ્વર શિવ શીઘ્ર જ એની સામે પ્રગટ થઈ ગયા.

**શિવ બોલ્યા**—હે સુમુખિ! હું તમારા પર પ્રસન્ન છું. વરદાન માગો. તારી દુષ્ટ શોક્યે



આ બચ્ચાને મારી નાખ્યો હતો, તેથી હું એને ત્રિશૂળથી મારીશ.

**સૂતજી કહે છે**—ત્યારે ઘુશ્માએ શિવને પ્રણામ કરીને એ સમયે એ વરદાન માગ્યું—'હે નાથ! આ સુદેહા મારી મોટી બહેન છે, તેથી આપે એની રક્ષા કરવી જોઈએ.'

**શિવ બોલ્યા**—એણે તો ભારે અપકાર કર્યો છે, તમે એના પર ઉપકાર શા માટે કરો છો? દુષ્ટ કર્મ કરનારી સુદેહા તો મારી નાખવાને જ યોગ્ય છે.

**ઘુશ્મા બોલી**—'હે દેવ! આપનાં દર્શન માત્રથી પાતક ઊભાં રહેતાં નથી. આ સમયે આપનાં દર્શન કરીને એનાં પાપ ભસ્મ થઈ જાઓ. 'જે અપકાર કરનારાઓ પર પણ ઉપકાર કરે છે, એનાં દર્શન માત્રથી પાપ બહુ દૂર ભાગી જાય છે.'* હે પ્રભો! આ અદ્‌ભુત ભગવદ્વાક્ય મેં સાંભળી રાખ્યું છે. એટલા માટે હે સદાશિવ! જેણે આવું કુકર્મ કર્યું છે, તે જ કરે; હું એવું શા માટે કરું? (મારે તો ખોટું કરનારાનું પણ ભલું જ કરવું છે.)

**સૂતજી કહે છે**—ઘુશ્માના આવા કથન પર દયાસિન્ધુ ભક્તવત્સલ મહેશ્વર વધારે પ્રસન્ન થયા અને આ પ્રકારે બોલ્યા—'હે ઘુશ્મે! તમે બીજું કોઈ વધારાનું એક બીજું વરદાન માગો. હું તમારે માટે હિતકર વરદાન અવશ્ય આપીશ; કેમકે તમારી આ ભક્તિથી અને વિકારશૂન્ય સ્વભાવથી હું બહુ પ્રસન્ન છું.

ભગવાન શિવની વાત સાંભળીને ઘુશ્મા બોલી- 'હે પ્રભો! જો આપ વરદાન દેવા ચાહો જ છો તો લોકોની રક્ષા કરવા માટે સદા અહીં

---

* અપકારેષુ યશ્ચૈવ હ્યુપકારં કરોતિ વૈ। તસ્ય દર્શનમાત્રેણ પાપં દૂરતરં વ્રજેત્ ॥
(શિ.પુ.કો.રુ.સં. ૩૩/૨૯)

નિવાસ કરો અને મારા નામથી જ આપની ખ્યાતિ થાય.' ત્યારે મહેશ્વર શિવે અત્યંત પ્રસન્ન થઈને કહ્યું—'હું તમારા જ નામે ઘુશ્મેશ્વર કહેવાઈશ અને સદા અહીં નિવાસ કરીશ અને બધાંને માટે સુખદાયક થઈશ. મારું શુભ જ્યોતિર્લિંગ ઘુશ્મેશ નામે પ્રસિદ્ધ થાઓ. આ સરોવર શિવલિંગોનું આલય થઈ જાઓ અને તેથી જ એની ત્રણે લોકમાં શિવાલય નામે પ્રસિદ્ધ થાઓ. આ સરોવર સદા દર્શનમાત્રથી સંપૂર્ણ મનોવાંછિત આપનાર હો. હે સુવ્રતે! તમારા વંશમાં થનારી એક સો એક પેઢીઓ સુધી આવા જ શ્રેષ્ઠ પુત્ર ઉત્પન્ન થશે, એમાં સંશય નથી. એ બધા જ સુંદર સ્ત્રી, ઉત્તમ ધન અને પૂર્ણ આયુષ્યથી સંપન્ન હશે, ચતુર અને વિદ્વાન થશે, ઉદાર તથા ભોગ અને મોક્ષરૂપી ફળ મેળવવાના અધિકારી હશે. એક સો એક પેઢીઓ સુધી બધા પુત્ર ગુણોમાં ચઢિયાતા હશે. તમારા વંશનો આવો વિસ્તાર બહુ શોભાદાયક હશે.'

આવું કહીને ભગવાન શિવ ત્યાં જ્યોતિર્લિંગરૂપે સ્થિત થઈ ગયા. એમની ઘુશ્મેશ નામે પ્રસિદ્ધ થઈ અને એ સરોવરનું નામ શિવાલય થઈ ગયું. સુધર્મા, ઘુશ્મા અને સુદેહા-ત્રણેયે આવીને તત્કાળ જ એ શિવલિંગની એક સો એક દક્ષિણાવર્ત પરિક્રમા કરી. પૂજા કરીને પરસ્પર મળીને મનનો મેલ દૂર કરીને બધા ત્યાં બહુ સુખનો અનુભવ કરવા લાગ્યાં. પુત્રને જીવિત જોઈને સુદેહા બહુ જ લજ્જિત થઈ અને પતિ તથા ઘુશ્મા પાસે ક્ષમા પ્રાર્થના કરીને પોતાના પાપના નિવારણ માટે પ્રાયશ્ચિત્ત કર્યું. હે મુનીશ્વરો! આ પ્રકારે તે ઘુશ્મેશ્વર લિંગ પ્રગટ થયું. એમનાં દર્શન અને પૂજન કરવાથી સદા સુખની વૃદ્ધિ થાય છે. હે બ્રાહ્મણો! આ રીતે મેં તમને બાર જ્યોતિર્લિંગનો મહિમા બતાવ્યો. એ બધાં લિંગ સંપૂર્ણ કામનાઓનાં પૂરક તથા ભોગ અને મોક્ષ આપનારાં છે. જે આ જ્યોતિર્લિંગોની કથા વાંચશે, ભણશે અને સાંભળશે, તે સર્વ પાપથી મુક્ત થઈ જાય છે તથા ભોગ અને મોક્ષ મેળવે છે.

(અધ્યાય ૩૨-૩૩)

## દ્વાદશ જ્યોતિર્લિંગોના માહાત્મ્યની સમાપ્તિ

*

# શંકરજીની આરાધનાથી ભગવાન વિષ્ણુને સુદર્શન-ચક્રની પ્રાપ્તિ તથા ચક્ર દ્વારા દૈત્યોનો સંહાર

**વ્યાસજી કહે છે**—સૂતનું એ વચન સાંભળીને એ મુનીશ્વરોએ એમની ભારોભાર પ્રશંસા કરીને લોકહિતની કામનાથી આ પ્રકારે બોલ્યા.

**ઋષિ બોલ્યા**—હે સૂતજી! આપ બધું જ જાણો છો. એટલા માટે તો અમે તમને પૂછીએ છીએ. હે પ્રભો! હરીશ્વર-લિંગના મહિમાનું વર્ણન કરો. હે તાત! અમે પહેલાંથી જ સાંભળી રાખ્યું છે કે ભગવાન વિષ્ણુએ શિવની આરાધનાથી સુદર્શન ચક્ર પ્રાપ્ત કર્યું હતું, તેથી એ કથા પર પણ વિશેષરૂપે પ્રકાશ ફેંકો.

**સૂતજીએ કહ્યું**—'હે મુનીશ્વરો! હરીશ્વર લિંગની શુભ કથા સાંભળો. ભગવાન વિષ્ણુએ પૂર્વકાળમાં હરીશ્વર શિવ પાસેથી સુદર્શન ચક્ર પ્રાપ્ત કર્યું હતું. એક સમયની વાત છે, દૈત્ય અત્યંત પ્રબળ થઈને લોકોને પીડા પહોંચાડી રહ્યા હતા. અને ધર્મનો લાપ કરવા લાગ્યા હતા. એ મહાબલી અને પરાક્રમી દૈત્યોથી પીડિત થઈને દેવતાઓએ દેવરક્ષક ભગવાનને પોતાનાં બધાં દુઃખ કહી બતાવ્યાં. ત્યારે શ્રીહરિ કૈલાસ પર જઈને ભગવાન શિવની વિધિપૂર્વક આરાધના કરવા લાગ્યા. એ હજાર નામથી શિવની સ્તુતિ કરતા હતા તથા પ્રત્યેક નામ પર એક કમળ ચઢાવતા હતા. ત્યારે ભગવાન શંકરે વિષ્ણુના ભક્તિભાવની પરીક્ષા કરવા માટે એમનાં લાવેલાં એક હજાર કમળમાંથી એક કમળ સંતાડી દીધું. શિવની માયાને કારણે ઘટિત થયેલી આ ઘટનાની ભગવાન વિષ્ણુને ખબર ન હતી. એમણે એક ફૂલ ઓછું જાણીને એની શોધ આરંભી દૃઢતાપૂર્વક ઉત્તમ વ્રતનું પાલન કરનારા શ્રીહરિએ ભગવાન શિવની પ્રસન્નતા માટે એ એક ફૂલની પ્રાપ્તિ ઉદ્દેશ્યને લઈને આખી પૃથ્વી પર ભ્રમણ કર્યું. પરંતુ ક્યાંય એમને ફૂલ ન મળ્યું. ત્યારે વિશુદ્ધ એના વિષ્ણુએ એક ફૂલની પૂર્તિ માટે પોતાનું કમળસમાન એક નેત્ર જ કાઢીને ચઢાવી દીધું. આ જોઈને સર્વનાં દુઃખ દૂર કરનાર ભગવાન શંકર ખૂબ પ્રસન્ન થયા અને ત્યાં જ એમની સામે પ્રગટ થઈ ગયા. પ્રગટ થઈને તે શ્રીહરિને કહેવા લાગ્યા—'હે હરે! હું તમારા પર બહુ પ્રસન્ન છું. તમે ઈચ્છા અનુસાર વરદાન માગો. હું તમને મનોવાંછિત વસ્તુ આપીશ. તમારે માટે મારી પાસે કશું એવું નથી જે અદેય હોય.'

**વિષ્ણુ બોલ્યા**—હે નાથ! આપને માટે શું કહેવાનું હોય. આપ અંતર્યામી છો, તેથી બધું જ જાણો છો, તેમ છતાં આપના આદેશના ગૌરવ વાસ્તે કહું છું. દૈત્યોએ આખા જગતને પીડિત કરી દીધું છે. હે સદાશિવ! અમને લોકોને સુખ મળતું નથી. હે સ્વામિન્! મારાં પોતાનાં અસ્ત્ર-શસ્ત્ર દૈત્યોના વધમાં ખપ લાગતાં નથી. હે પરમેશ્વર! એટલા માટે હું આપને શરણે આવ્યો છું.

**સૂતજી કહે છે**—શ્રી વિષ્ણુનું આ વચન સાંભળીને દેવાધિદેવ મહેશ્વરે તેજોરાશિમય પોતાનું સુદર્શન ચક્ર એમને આપી દીધું. એ મેળવીને ભગવાન વિષ્ણુએ એ સમસ્ત પ્રબળ દૈત્યોનો એ ચક્ર દ્વારા વગર પરિશ્રમે જ સંહાર કરી દીધો. એથી આખું જગત સ્વસ્થ થઈ ગયું. દેવતાઓને પણ સુખ મળ્યું અને પોતાને માટે એ આયુધ મેળવીને ભગવાન વિષ્ણુ પણ અત્યંત પ્રસન્ન અને પરમ સુખી થઈ ગયા.

**ઋષિઓએ પૂછ્યું**—શિવનાં એ સહસ્ર નામ કયાં છે, તે કહો, જેથી સંતુષ્ટ થઈને મહેશ્વરે શ્રીહરિને ચક્ર પ્રદાન કર્યું હતું? એ નામોનું માહાત્મ્ય પણ વર્ણવો. શ્રીવિષ્ણુ ઉપર શંકરજીની જેવી કૃપા થઈ હતી, એનું યથાર્થરૂપે પ્રતિપાદન કરો.

શુદ્ધ અંતઃકરણવાળા એ મુનિઓની વાત સાંભળીને સૂતે શિવનાં ચરણાર્વિંદોનું ચિંતન કરીને કહેવાનો આરંભ કર્યો.

(અધ્યાય-૩૪)

*

## ભગવાન વિષ્ણુ દ્વારા પઠિત શિવસહસ્રનામ-સ્તોત્ર

સૂત ઉવાચ

**શ્રૂયતાં ભો ઋષિશ્રેષ્ઠા યેન તુષ્ટો મહેશ્વરઃ।**
**તદહં કથયામ્યદ્ય શૈવં નામ સહસ્રકમ્ ॥૧॥**

સૂતજી બોલ્યા—હે મુનિવરો! સાંભળો, જેનાથી મહેશ્વર સંતુષ્ટ થાય છે, તે શિવસહસ્રનામ-સ્તોત્ર આજે તમને બધાંને સંભળાવી રહ્યો છું.॥૧॥

વિષ્ણુ રુવાચ

**શિવો હરો મૃડો રુદ્રઃ પુષ્કરઃ પુણ્યલોચનઃ।**
**અર્થિગમ્યઃ સદાચારઃ શર્વઃ શંભુર્મહેશ્વરઃ ॥૨॥**

ભગવાન વિષ્ણુએ કહ્યું- ૧ શિવઃ- કલ્યાણસ્વરૂપ, ૨ હરઃ—ભક્તોનાં તાપ-પાપને હરી લેનારા, ૩ મૃડઃ—સુખદાતા, ૪ રુદ્રઃ—દુઃખ દૂર કરનારા, ૫ પુષ્કર :—આકાશસ્વરૂપ, ૬ પુષ્પલોચનઃ—પુષ્પ સમાન ખિલેલાં નેત્રવાળા, ૭ અર્થિગમ્યઃ—પ્રાર્થિઓને પ્રાપ્ત થનાર, ૮ સદાચારઃ—શ્રેષ્ઠ આચરણવાળા, ૯ શર્વઃ—સંહારકારી, ૧૦ શંભુઃ કલ્યાણ નિકેતન, ૧૧ મહેશ્વરઃ મહાન ઈશ્વર॥ ૨॥

**ચંદ્રાપીડશ્ચન્દ્રમૌલિર્વિશ્વં વિશ્વંભરેશ્વરઃ।**
**વેદાન્તસારસંદોહઃ કપાલી નીલલોહિતઃ ॥ ૩॥**

૧૨ ચંદ્રાપીડ-ચંદ્રમાને શિરો આભૂષણરૂપે ધારણ કરનારા, ૧૩ ચંદ્રમૌલિ—માથા પર ચંદ્રમાનો મુગટ ધારણ કરનારા, ૧૪ વિશ્વમ્—સર્વસ્વરૂપ, ૧૫ વિશ્વંભરેશ્વરઃ—વિશ્વનું ભરણપોષણ કરનારા શ્રી વિષ્ણુના પણ ઈશ્વર ૧૬ વેદાન્તસારસંદેહઃ—વેદાંતના સારતત્ત્વ સચ્ચિદાનંદ બ્રહ્મની સાકાર મૂર્તિ, ૧૭ કપાલી—હાથમાં કપાલ ધારણ કરનાર, ૧૮ નીલલોહિતઃ (ગળામાં) નીલ અને (શેષ બાકી અંગોમાં) લોહિત વર્ણવાળા॥ ૩॥

**ધ્યાનાધારોઽપરિચ્છેદ્યો ગૌરીભર્તા ગણેશ્વરઃ।**
**અષ્ટમૂર્તિર્વિશ્વમૂર્તિસ્ત્રિવર્ગસ્વર્ગસાધનઃ ॥ ૪॥**

૧૯ ધ્યાનાધારઃ—ધ્યાનના આધાર, ૨૦ અપરિચ્છેદ્યઃ—દેશ, કાળ અને વસ્તુની સીમાથી અવિભાજ્ય, ૨૧ ગૌરીભર્તા-ગૌરી અર્થાત્ પાર્વતીના પતિ, ૨૨ ગણેશ્વર—પ્રમથગણોના સ્વામી, ૨૩ અષ્ટમૂર્તિઃ—જલ, અગ્નિ, વાયુ, આકાશ, સૂર્ય, ચંદ્રમા પૃથ્વી અને યજમાન - એ આઠ રૂપવાળા, ૨૪ વિશ્વમૂર્તિ :—અખિલ બ્રહ્માંડમય વિરાટ પુરુષ. ૨૫ ત્રિવર્ગ સ્વર્ગસાધન—ધર્મ, અર્થ, કામ તથા સ્વર્ગની પ્રાપ્તિ કરાવનારી ॥ ૪॥

**જ્ઞાનગમ્યો દૃઢપ્રજ્ઞો દેવદેવસ્ત્રિલોચનઃ।**
**વામદેવો મહાદેવઃ પટુઃ પરિવૃઢો દૃઢઃ ॥ ૫॥**

૨૬ જ્ઞાનગમ્યઃ—જ્ઞાનથી જ અનુભવમાં આવવાને યોગ્ય, ૨૭ દૃઢપ્રજ્ઞઃ—સુસ્થિર બુદ્ધિવાળા, ૨૮ દેવદેવઃ—દેવતાઓના પણ આરાધ્ય, ૨૯ ત્રિલોચનઃ—સૂર્ય, ચંદ્રમા અને અગ્નિરૂપ ત્રણ

આંખોવાળા, ૩૦ વામદેવઃ—લોકોના વિપરીત સ્વભાવવાળા દેવતા, ૩૧ મહાદેવઃ—મહાન દેવતા બ્રહ્માદિકોના પણ પૂજનીય, ૩૨ પટુઃ—સર્વ કાંઈ કરવામાં સમર્થ અને કુશળ, ૩૩ પરિવૃઢઃ—સ્વામી, ૩૪ દૃઢઃ—ક્યારેય વિચલિત ન થનાર॥ ૫॥

**વિશ્વરૂપો વિરૂપાક્ષો વાગીશઃ શુચિસત્તમઃ।**
**સર્વ પ્રમાણસંવાદી વૃષાંકો વૃષવાહનઃ ॥ ૬॥**

૩૫ વિશ્વરૂપઃ—જગત્ સ્વરૂપ, ૪૬ વિરૂપાક્ષઃ—વિકટ નેત્રવાળા, ૩૭ વાગીશઃ—વાણીના અધિપતિ, ૩૮ શુચિસત્તમઃ—પવિત્ર પુરુષોમાં પણ સર્વથી શ્રેષ્ઠ, ૩૯ સર્વપ્રમાણમાં સંવાદી—સંપૂર્ણ પ્રમાણોમાં સામંજસ્ય સ્થાપિત કરનારા, ૪૦ વૃષાંકઃ પોતાની ધજામાં વૃષભનું ચિહ્ન ધારણ કરનાર, ૪૧ વૃષવાહનઃ વૃષભ અથવા ધર્મને વાહન બનાવનાર ॥ ૬॥

**ઈશઃ પિનાકી ખટ્વાંગી ચિત્રવેષશ્ચિરંતનઃ।**
**તમોહરો મહાયોગી ગોપ્તા બ્રહ્મા ચ ધૂર્જટિઃ ॥ ૭॥**

૪૨ ઈશઃ—સ્વામી અથવા શાસક, ૪૩ પિનાકી પિનાક નામનું ધનુષ ધારણ કરનાર, ૪૪ ખટ્વાંગી—ખાટલાના પાયાની આકૃતિનું એક આયુધ ધારણ કરનાર, ૪૫ ચિત્રવેષઃ—વિચિત્ર વેશધારી, ૪૬ ચિરંતનઃ—પુરાણ (અનાદિ) પુરુષોત્તમ, ૪૭ તમોહરઃ—અજ્ઞાન અંધકારને દૂર કરનારા, ૪૮ મહાયોગી-મહાન યોગથી સંપન્ન, ૪૯ ગોપ્તા-રક્ષક, ૫૦ બ્રહ્મા-સૃષ્ટિકર્તા, ધૂર્જટિઃ—જટાના ભારથી યુક્ત ॥ ૭॥

**કાલકાલઃ કૃત્તિવાસાઃ સુભગઃ પ્રણવાત્મકઃ।**
**ઉન્નધ્રઃ પુરુષો જુષ્યો દુર્વાસાઃ પુરશાસનઃ ॥ ૮॥**

૫૨ કાલકાલઃ કાળના પણ કાળ, ૫૩ કૃત્તિવાસઃ—ગજાસુરના ચામડાને વસ્ત્રરૂપે ધારણ કરનારા, ૫૪ સુભગઃ—સૌભાગ્યશાળી, ૫૫ પ્રણવાત્મકઃ—ઓંકારસ્વરૂપ અથવા પ્રણવના વાચ્યાર્થ, ૫૬ ઉન્નધ્રઃ—બંધનરહિત, ૫૭ પુરુષઃ—અંતર્યામી આત્મા, ૫૮ જુષ્યઃ—સેવન કરવા યોગ્ય, ૫૯ દુર્વાસાઃ 'દુર્વાસા' નામના મુનિના રૂપમાં અવતીર્ણ, ૬૦ પુરશાસનઃ—ત્રણ માયામય અસુરપુરોનું દમન કરનારા॥ ૮॥

**દિવ્યાયુધઃ સ્કંધગુરુઃ પરમેષ્ઠી પરાત્પરઃ।**
**અનાદિમધ્યનિધનો ગિરીશો ગિરિજા ધવઃ ॥ ૯॥**

૬૧ દિવ્યાયુધઃ—'પાશુપત' વગેરે દિવ્ય અસ્ત્ર ધારણ કરનાર, ૬૨ સ્કંદગુરુઃ—કાર્તિકેયજીના પિતા, ૬૩ પરમેષ્ઠી—પોતાના પ્રકૃષ્ટ મહિમામાં સ્થિત રહેનારા, ૬૪ પરાત્પરઃ કારણના પણ કારણ, ૬૫ અનાદિમધ્યનિધનઃ—આદિ, મધ્ય અને અંતથી રહિત, ૬૬ ગિરીશઃ કૈલાસના અધિપતિ, ગિરિજાધવઃ પાર્વતીના પતિ॥ ૯॥

**કુબેરબન્ધુઃ શ્રીકંઠો લોકવર્ણોત્તમો મૃદુઃ।**
**સમાધિવેદ્યઃ કોદંડી નીલકંઠઃ પરશ્વધી ॥ ૧૦॥**

૬૮ કુબેર બન્ધુઃ—કુબેરને પોતાના બન્ધુ (મિત્ર) માનનારા, ૬૯ શ્રીકંઠઃ—શ્યામસુષમાથી સુશોભિત કંઠવાળા, ૭૦ લોકવર્ણોત્તમ : - સમસ્ત લોકો અને વર્ણોમાં શ્રેષ્ઠ, મૃદુઃ—કોમળ સ્વભાવવાળા, સમાધિવેદ્યઃ—સમાધિ અથવા ચિત્તવૃત્તિઓના નિરોધથી અનુભવમાં આવવા યોગ્ય, ૭૩ કોદંડી—ધનુર્ધર, ૭૪ નીલકંઠઃ—કંઠમાં હળાહળ વિષનું નીલ ચિહ્ન ધારણ કરનારા, પરશ્વધી—પરશુધારી ॥ ૧૦॥

**વિશાલાક્ષો મૃગવ્યાધઃ સુરેશઃ સૂર્યતાપનઃ।**
**ધર્મધામ ક્ષમાક્ષેત્રં ભગવાન ભગનેત્રભિત્ ॥ ૧૧॥**

૭૬ વિશાલાક્ષઃ—મોટાં મોટાં નેત્રોવાળા, ૭૭ મૃગવ્યાધઃ—વનમાં વાઘ અથવા કિરાતરૂપે પ્રગટ થઈ શૂકર ઉપર બાણ ચલાવનારા, ૭૮ સુરેશઃ—દેવતાઓના સ્વામી, ૭૯ સૂર્યતાપનઃ—સૂર્યને પણ દંડ દેનારા, ૮૦ ધર્મધામ—ધર્મના આશ્રય, ૮૧

ક્ષમાક્ષેત્રમ્—ક્ષમાનું ઉત્પત્તિ સ્થાન, ૮૨ ભગવાન—સંપૂર્ણ ઐશ્વર્ય, ધર્મ, યશ, શ્રી જ્ઞાન અને વૈરાગ્યના આશ્રય, ૮૩ ભગનેત્રભિત્—ભગદેવતાનાં નેત્રનું ભેદન કરનારા ॥ ૧૧॥

**ઉગ્રઃ પશુપતિસ્તાર્ક્ષ્યઃ પ્રિયભક્તઃ પરંતપઃ ।**
**દાતા દયાકરી દક્ષ કપર્દી કામશાસનઃ ॥ ૧૨॥**

૮૪ ઉગ્રઃ—સંહારકાળમાં ભયંકરરૂપ ધારણ કરનારા, ૮૫ પશુપતિઃ માયારૂપમાં બંધાયેલાં પાશબદ્ધ પશુઓ (જીવો)ને તત્ત્વજ્ઞાન દ્વારા મુક્ત કરાવીને યથાર્થરૂપે એમનું પાલન કરનારા, ૮૬ તાર્ક્ષ્યઃ—ગરુડરૂપ, ૮૭ પ્રિયભક્તઃ—ભક્તોને પ્રેમ કરનારા, ૮૮ પરંતપઃ—શત્રુતા રાખનારાઓને સંતાપ દેનારા, ૮૯ દાતા—દાની, ૯૦ દયાકર;—દયાનિધાન અથવા કૃપા કરનાર, ૯૧ દક્ષઃ—કુશળ, કપર્દી—જટાજૂટધારી, ૯૩ કામશાસનઃ—કામદેવનું દમન કરનારા ॥ ૧૨॥

**શ્મશાનનિલયઃ સૂક્ષ્મઃ શ્મશાનસ્થો મહેશ્વરઃ ।**
**લોકકર્તા મૃગપતિર્મહાકર્તા મહૌષધિઃ ॥ ૧૩॥**

૯૪ શ્મશાનનિલયઃ—શ્મશાનવાસી, ૯૫ સૂક્ષ્મઃ—ઇન્દ્રિયાતીત અને સર્વવ્યાપી, ૯૬ શ્મશાનસ્થઃ—શ્મશાનભૂમિમાં વિશ્રામ કરનારા, ૯૭ મહેશ્વરઃ—મહાન ઈશ્વર અથવા પરમેશ્વર, ૯૮ લોકકર્તા—જગતની સૃષ્ટિ કરનાર, ૯૯ મૃગપતિઃ—મૃગના પાલક અથવા પશુપતિ, ૧૦૦ મહાકર્તા—વિરાટ બ્રહ્માંડની સૃષ્ટિ કરતી વખતે મહાન કર્તૃત્વથી સંપન્ન, ૧૦૧ મહૌષધિઃ—ભવરોગનું નિવારણ કરવા માટે મહાન ઔષધીરૂપ॥ ૧૩॥

**ઉત્તરો ગોપતિર્ગોપ્તા જ્ઞાનગમ્યઃ પુરાતનઃ ।**
**નીતિઃ સુનીતિઃ શુદ્ધાત્મા સોમઃ સોમરતઃ સુખી ॥ ૧૪॥**

૧૦૨ ઉત્તરઃ—સંસાર સાગરથી પાર ઉતારનારા, ૧૦૩ ગોપતિઃ—પૃથ્વી, સ્વર્ગ, પશુ,વાણી, કિરણ, ઇન્દ્રિય અને જલના સ્વામી, ૧૦૪ ગોપ્તા—રક્ષક, ૧૦૫ જ્ઞાનગમ્યઃ—તત્ત્વજ્ઞાન દ્વારા જ જ્ઞાનરૂપથી જ જાણવા યોગ્ય, ૧૦૬ પુરાતનઃ- સૌથી પુરાણા, જૂના, ૧૦૭નીતિઃ- ન્યાય - સ્વરૂપ, ૧૦૮ સુનીતિઃ—ઉત્તમ નીતિવાળા, ૧૦૯ શુદ્ધાત્મા—વિશુદ્ધ આત્મસ્વરૂપ, ૧૧૦ સોમઃ—ઉમા સહિત, ૧૧૧ સોમરતઃ—ચંદ્રમા પર પ્રેમ રાખનારા, ૧૧૨ સુખી આત્માનંદથી પરિપૂર્ણ—॥ ૧૪॥

**સોમપોઽમૃતપઃ સૌમ્યો મહાતેજા મહાદ્યુતિઃ ।**
**તેજોમયોઽમૃતમયોઽન્નમયશ્ચ સુધાપતિઃ ॥ ૧૫॥**

૧૧૩ સોમપઃ—સોમપાન કરનારા અથવા સોમનાથરૂપે ચંદ્રમાના પાલક ૧૧૪ અમૃતપઃ—સમાધિ દ્વારા સ્વરૂપભૂત અમૃતનું આસ્વાદન કરનારા, ૧૧૫ સૌમ્યઃ ભક્તોને માટે સૌમ્યરૂપધારી, ૧૧૬ મહાતેજાઃ—મહાન તેજથી સંપન્ન, ૧૧૭ મહાદ્યુતિઃ- પરમ કાન્તિમાન્, ૧૧૮ તેજોમયઃ—પ્રકાશ સ્વરૂપ, ૧૧૯ અમૃતમયઃ— અમૃતરૂપ, ૧૨૦ અન્નમયઃ—અન્નરૂપ, ૧૨૧ સુધાપતિઃ—અમૃતના પાલક ॥ ૧૫॥

**અજાતશત્રુરાલોકઃ સમ્ભાવ્યો હવ્યવાહનઃ ।**
**લોકકરો વેદકરઃ સૂત્રકારઃ સનાતનઃ ॥ ૧૬॥**

૧૨૨ અજાતશત્રુઃ—જેના મનમાં ક્યારેય કોઈનાયે પ્રતિ શત્રુભાવ પેદા જ નથી થયો, એવા સમદર્શી, ૧૨૩ આલોકઃ—પ્રકાશસ્વરૂપ, સમ્ભાવ્યઃ—સમ્માનીય, ૧૨૫ હવ્યવાહનઃ—અગ્નિસ્વરૂપ, ૧૨૬ લોકકરઃ—જગતના સ્રષ્ટા, ૧૨૭ વેદકરઃ—વેદોને પ્રગટ કરનારા, ૧૨૮ સૂત્રકારઃ ઢક્કાનાદના રૂપમાં ચતુર્દશ માહેશ્વર સૂત્રોના પ્રણેતા ૧૨૯ સનાતનઃ નિત્યસ્વરૂપ॥ ૧૬॥

**મહર્ષિકપિલાચાર્યો વિશ્વદીપ્તિસ્ત્રિલોચનઃ ।**
**પિનાકપાણિર્ભૂદેવઃ સ્વસ્તિદઃ સ્વસ્તિકૃત્સુધીઃ ॥ ૧૭॥**

૧૩૦ મહર્ષિકપિલાચાર્યઃ—સાંખ્યશાસ્ત્રના પ્રણેતા

ભગવાન કપિલાચાર્ય, ૧૩૧ વિશ્વદીપ્તિઃ—પોતાની પ્રભાથી સર્વને પ્રકાશિત કરનારા, ૧૩૨ ત્રિલોચનઃ—ત્રણે લોકોના દ્રષ્ટા, ૧૩૩ પિનાકપાણિઃ—હાથમાં પિનાક નામનું ધનુષ ધારણ કરનાર, ૧૩૪ ભૂદેવઃ—પૃથ્વીના દેવતા—બ્રાહ્મણ અથવા પાર્થિવલિંગરૂપ, ૧૩૫ સ્વસ્તિદઃ—કલ્યાણદાતા, ૧૩૬ સ્વસ્તિકૃત્—કલ્યાણકારી, ૧૩૭ સુધીઃ—વિશુદ્ધ બુદ્ધિવાળા॥ ૧૭॥

**ધાતૃધામા ધામકરઃ સર્વગઃ સર્વગોચરઃ।**
**બ્રહ્મસૃગ્વિશ્વસકસર્ગઃ કર્ણિકારપ્રિયઃ કવિઃ ॥ ૧૮॥**

૧૩૮ ધાતૃધામા—વિશ્વનું ધારણ પોષણ કરવામાં સમર્થ તેજવાળા, ૧૩૯ ધામકરઃ—તેજની સૃષ્ટિ કરનારા, ૧૪૦ સર્વગઃ સર્વવ્યાપી ૧૪૧ સર્વગોચરઃ—બધામાં વ્યાપ્ત, ૧૪૨ બ્રહ્મસૃક્—બ્રહ્માજીના ઉત્પાસ ૧૪૩ વિશ્વસૃક્-જગતના સ્રષ્ટા, ૧૪૪ સર્ગઃ—સૃષ્ટિરૂપ, ૧૪૫ કર્ણિકારપ્રિયઃ—કનેરનાં ફૂલને પસંદ કરનાર, ૧૪૬ કવિઃ—ત્રિકાલદર્શી ॥ ૧૮॥

**શાખો વિશાખો ગોશાખઃ શિવો ભિષગનુત્તમઃ।**
**ગંગાપ્લવોદકો ભવ્યઃ પુષ્કલઃ સ્થપતિઃ સ્થિરઃ ॥ ૧૯॥**

૧૪૭ શાખઃ—કાર્તિકેયના નાના ભાઈ શાખસ્વરૂપ, ૧૪૮ વિશાખઃ—સ્કંદના નાના ભાઈ વિશાખ સ્વરૂપ અથવા વિશાખ નામના ઋષિ, ૧૪૯ ગોશાખઃ—વેદવાણીની શાખાઓનો વિસ્તાર કરનાર, ૧૫૦ શિવઃ—મંગલમય, ૧૫૧ ભિષગનુત્તમઃ—ભવરોગનું નિવારણ કરનાર વૈદ્યોમાં (જ્ઞાનીઓમાં) સર્વશ્રેષ્ઠ; ૧૫૨ ગંગાપ્લવોદકઃ—ગંગાના પ્રવાહરૂપ જલને મસ્તક પર ધારણ કરનાર, ૧૫૩ ભવ્યઃ—કલ્યાણસ્વરૂપ, ૧૫૪ પુષ્કલઃ પૂર્ણતમ અથવા વ્યાપક, ૧૫૫ સ્થપતિઃ બ્રહ્માંડરૂપી ભવનના નિર્માતા (થવઈ), ૧૫૬ સ્થિરઃ અચંચળ અથવા સ્થાણુરૂપ ॥ ૧૯॥

**વિજિતાત્મા વિધેયાત્મા ભૂતવાહનસારથિઃ।**
**સગણો ગણકાયશ્ચ સુકીર્તિશ્છિન્નસંશયઃ ॥ ૨૦॥**

૧૫૭ વિજિતાત્મા—મનને વશમાં રાખનારા, ૧૫૮ વિધેયાત્મા શરીર, મન અને ઇન્દ્રિયો પાસેથી ઇચ્છા અનુસાર કામ લેનાર, ૧૫૯ ભૂતવાહન સારથિઃ પાંચ ભૌતિક રથ (શરીર)નું સંચાલન કરનારા બુદ્ધિરૂપ સારથિ, ૧૬૦ સગણઃ—પ્રમથગણોની સાથે રહેનાર, ૧૬૧ ગણકાયઃ ગણસ્વરૂપ, ૧૬૨ સુકીર્તિઃ ઉત્તમ કીર્તિવાળા, ૧૬૩ છિન્નસંશયઃ—સંશયોને કાપી નાખનાર ॥ ૨૦॥

**કામદેવઃ કામપાલો ભસ્મોદ્ધૂલિતવિગ્રહઃ।**
**ભસ્મપ્રિયો ભસ્મશાયી કામી કાન્તઃ કૃતાગમઃ ॥ ૨૧॥**

૧૬૪ કામદેવઃ—મનુષ્યો દ્વારા અભિલષિત સમસ્ત કામનાઓના અધિષ્ઠાતા પરમદેવ ૧૬૫ કામ પાલઃ—સકામ ભક્તોની કામનાઓને પૂર્ણ કરનારા, ૧૬૬ ભસ્મોદ્ધૂલિતવિગ્રહઃ—પોતાનાં શ્રીઅંગોમાં ભસ્મ લગાડનાર, ૧૬૭ ભસ્મપ્રિયઃ—ભસ્મના પ્રેમી, ૧૬૮ ભસ્મશાયી—ભસ્મ પર શયન કરનાર, ૧૬૯ કામી—પોતાના પ્રિય ભક્તોને ચાહનાર, ૧૭૦ કાન્તઃ—પરમ કમનીય પ્રાણવલ્લભરૂપ ૧૭૧ કૃતાગમઃ—સમસ્ત તંત્રશાસ્ત્રોના રચયિતા॥ ૨૧॥

**સમાવર્તોઽનિવૃત્તાત્મા ધર્મપુંજઃ સદાશિવઃ।**
**અકલ્મષશ્ચતુર્બાહુર્દુરાવાસો દુરાસદઃ ॥ ૨૨॥**

૧૭૨ સમાવર્તઃ—સંસારચક્રને સારી પેઠે ફેરવનાર, ૧૭૩ અનિવૃત્તાત્મા—સર્વત્ર વિદ્યમાન હોવાને કારણે જેનો આત્મા ક્યાંયથી પણ ખસતો નથી, એવા, ૧૭૪ ધર્મપુંજઃ—ધર્મ અથવા પુણ્યનો ઢગલો, ૧૭૫ સદાશિવઃ—નિરંતર કલ્યાણકારી, ૧૭૬ અકલ્મષઃ પાપરહિત, ૧૭૭ ચતુર્બાહુઃ ચાર ભુજાધારી, ૧૭૮ દુરાવાસઃ—જેને યોગીજનો

પણ બહુ કઠણતાથી પોતાના હૃદયમંદિરમાં વસાવી શકે છે તેવા, ૧૭૯ દુરાસદઃ પરમ દુર્જય ॥ ૨૨॥

**દુર્લભો દુર્ગમો દુર્ગઃ સર્વાયુધવિશારદઃ।**
**અધ્યાત્મયોગનિલયઃ સુતન્તુસ્તન્તુવર્ધનઃ॥ ૨૩॥**

૧૮૦ દુર્લભઃ—ભક્તિહીન પુરુષોને કઠિનતાથી પ્રાપ્ત થનાર, ૧૮૧ દુર્ગમઃ—જેમની પાસે પહોંચવું કોઈને માટે પણ કઠણ છે એવા, ૧૮૨ દુર્ગઃ—પાપ-તાપથી રક્ષા કરવા માટે દુર્ગરૂપ અથવા દુર્જ્ઞેય, ૧૮૩ સર્વાયુધવિશારદઃ—સંપૂર્ણ અસ્ત્રોના પ્રયોગની કલામાં કુશળ, ૧૮૪ અધ્યાત્મયોગનિલયઃ—અધ્યાત્મયોગમાં સ્થિત, ૧૮૫ સુતન્તુઃ—સુંદર વિસ્તૃત જગતરૂપ તંતુવાળા, ૧૮૬ તંતુવર્ધનઃ—જગતરૂપ તંતુને વધારનાર ॥ ૨૩॥

**શુભાંગો લોકસારંગો જગદીશો જનાર્દનઃ।**
**ભસ્મશુદ્ધિ કરો મેરુરોજસ્વી શુદ્ધવિગ્રહઃ॥ ૨૪॥**

૧૮૭ શુભાંગઃ—સુંદર અંગવાળા, ૧૮૮ લોકસારંગઃ—લોકસારગ્રાહી, ૧૮૯ જગદીશઃ—જગતના સ્વામી, ૧૯૦ જનાર્દનઃ—ભક્તજનોની યાચનાના આલંબન, ૧૯૧ ભસ્મશુદ્ધિકરઃ—ભસ્મથી શુદ્ધિનું સંપાદન કરનારા, ૧૯૨ મેરુઃ સુમેરુ પર્વત-સમાન કેન્દ્રરૂપ, ૧૯૩ ઓજસ્વી—તેજ અને બળથી સંપન્ન, ૧૯૪ શુદ્ધવિગ્રહઃ—નિર્મળ શરીરવાળા ॥ ૨૪॥

**અસાધ્યઃ સાધુસાધ્યશ્ચ ભૃત્યમર્કટરૂપધૃક્।**
**હિરણ્યરેતાઃ પૌરાણો રિપુજીવહરો બલી॥ ૨૫॥**

૧૯૫ અસાધ્યઃ—સાધન-ભજનથી દૂર રહેનારાઓ માટે અલભ્ય, ૧૯૬ સાધુ-સાધ્યઃ—સાધન-ભજન પરાયણ સત્પુરુષો માટે સુલભ, ૧૯૭ ભૃત્યમર્કટરૂપધૃક્—શ્રીરામના સેવક વાનર હનુમાનનું રૂપ ધારણ કરનાર, ૧૯૮ હિરણ્યરેતાઃ—અગ્નિસ્વરૂપ અથવા સુવર્ણમય વીર્યવાળા, ૧૯૯ પૌરાણઃ—પુરાણો દ્વારા પ્રતિપાદિત, ૨૦૦ રિપુજીવહરઃ શત્રુઓના પ્રાણ હરણ કરી લેનારા, ૨૦૧ બલી-બળશાળી॥ ૨૫॥

**મહાહ્રદો મહાગર્તઃ સિદ્ધવૃન્દારવન્દિતઃ।**
**વ્યાઘ્રચર્મામ્બરો વ્યાલી મહાભૂતો મહાનિધિઃ॥ ૨૬॥**

૨૦૨ મહાહ્રદઃ—પરમાનંદના મહાન સરોવર, ૨૦૩ મહાગર્તઃ—મહાન આકાશરૂપ, ૨૦૪ સિદ્ધવૃન્દારવંદિતઃ—સિદ્ધો અને દેવતાઓ દ્વારા વન્દિત, ૨૦૫ વ્યાઘ્રચર્મામ્બરઃ—વ્યાઘ્રચર્મને વસ્ત્ર સમાન ધારણ કરનાર, ૨૦૬ વ્યાલીઃ—સર્પોને આભૂષણની જેમ ધારણ કરનાર, ૨૦૭ મહાભૂતઃ—ત્રિકાળમાં પણ ક્યારેય નષ્ટ ન થનાર મહાભૂત સ્વરૂપ, ૨૦૮ મહાનિધિઃ—સર્વના મહાન નિવાસસ્થાન॥ ૨૬॥

**અમૃતાશોઽમૃતવપુઃ પાંચજન્યઃ પ્રભંજનઃ।**
**પંચવિંશતિતત્ત્વસ્થઃ પારિજાત પરાવરઃ॥ ૨૭॥**

૨૦૯ અમૃતાશઃ—જેની આશા ક્યારેય વિફળ ન થાય એવા અમોઘ સંકલ્પ, ૨૧૦ અમૃતવપુઃ—જેમનું કલેવર ક્યારેય નષ્ટ ન થાય એવા-નિત્યવિગ્રહ ૨૧૧ પાંચજન્યઃ—પાંચજન્ય નામના શંખસ્વરૂપ, ૨૧૨ પ્રભંજનઃ—વાયુરૂપ અથવા સંહારકારી, ૨૧૩ પંચવિંશતિત તત્ત્વસ્થઃ—પ્રકૃતિ, મહતત્ત્વ (બુદ્ધિ), અહંકાર, ચક્ષુ, શ્રોત્ર, ઘ્રાણ, રસના, ત્વક્, વાક્, પાણિ, પાયુ, પાદ, ઉપસ્થ, મન, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ-આ ચોવીશ જડ તત્ત્વોસહિત પચ્ચશમો ચેતનતત્ત્વ પુરુષમાં વ્યાપ્ત ૨૧૪ પારિજાતઃ—યાચકોની ઈચ્છા પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષરૂપ, ૨૧૫ પરાવરઃ—કાર્ય-કારણરૂપ॥ ૨૭॥

**સુલભઃ સુવ્રતઃ શૂરો બ્રહ્મવેદનિધિર્નિધિઃ ।**
**વર્ણાશ્રમગુરુર્વર્ણી શત્રુજિચ્છત્રુતાપનઃ ॥ ૨૮॥**

૨૧૬ સુલભઃ—નિત્ય-નિરંતર ચિંતન કરનારને એક નિષ્ઠ શ્રદ્ધાળુ ભક્તને સુગમતાથી પ્રાપ્ત થનાર, ૨૧૭ સુવ્રતઃ—ઉત્તમ વ્રતધારી, ૨૧૮ શૂરઃ—શૌર્યસંપન્ન, ૨૧૯ બ્રહ્મવેદનિધિઃ—બ્રહ્મા અને વેદના પ્રાદુર્ભાવનું સ્થાન, ૨૨૦ નિધિઃ—જગતરૂપ રત્નનું ઉત્પત્તિસ્થાન, ૨૨૧ વર્ણાશ્રમ ગુરુઃ—વર્ણ અને આશ્રમોના ગુરુ (ઉપદેષ્ટા) ૨૨૨ વર્ણી-બ્રહ્મચારી, ૨૨૩ શત્રુજિત-અંધકાસુર વગેરે શત્રુઓને જીતનાર, ૨૨૪ શત્રુતાપનઃ—શત્રુઓને સંતાપ દેનાર॥૨૮॥

**આશ્રમઃ ક્ષપણઃ ક્ષામો જ્ઞાનવાનચલેશ્વરઃ ।**
**પ્રમાણભૂતો દુર્જ્ઞેયઃ સુપર્ણોઓ વાયુવાહનઃ ॥ ૨૯॥**

૨૨૫ આશ્રમ-સૌનું વિશ્રામસ્થાન, ક્ષપણઃ—જન્મ-મરણના કષ્ટનો મૂળમાંથી ઉચ્છેદ કરનારા, ૨૨૭ ક્ષામઃ—પ્રલય કાળમાં પ્રજાને ક્ષીણ કરનારા, ૨૨૮ જ્ઞાનવાન્—જ્ઞાની, ૨૨૯ અચલેશ્વરઃ—પર્વતો અથવા સ્થાવર પદાર્થના સ્વામી, ૨૩૦ પ્રમાણભૂતઃ—નિત્યસિદ્ધ પ્રમાણરૂપ, ૨૩૧ દુર્જ્ઞેયઃ—કઠણતાથી જાણવાયોગ્ય, ૨૩૨ સુપર્ણઃ—વેદમય સુંદર પાંખવાળા, ગરુડરૂપ, ૨૩૩ વાયુવાહનઃ—પોતાના ભયથી વાયુને પ્રવાહિત કરનાર॥૨૯॥

**ધનુર્ધરો ધનુર્વેદો ગુણરાશિર્ગુણાકરઃ ।**
**સત્યઃ સત્યપરોઽદીનો ધર્માંગો ધર્મસાધનઃ ॥ ૩૦॥**

૨૩૪ ધનુર્ધરઃ—પિનાકધારી, ૨૩૫ ધનુર્વેદઃ—ધનુર્વેદના જ્ઞાતા, ૨૩૬ ગુણરાશિઃ—અનંત કલ્યાણમય ગુણોની રાશિ-ઢગલો, ૨૩૭ ગુણાકારઃ—સદ્‌ગુણોની ખાણ, ૨૩૮ સત્યઃ—સત્યસ્વરૂપ, ૨૩૯ સત્યપરઃ—સત્યપરાયણ, ૨૪૦ અદીનઃ—દીનતારહિત ઉદાર, ૨૪૧ ધર્માંગઃ—ધર્મમય વિગ્રહવાળા, ૨૪૨ ધર્મસાધનઃ—ધર્મનું અનુષ્ઠાન કરનાર॥ ૩૦॥

**અનન્તદૃષ્ટિરાનન્દો દણ્ડો દમયિતા દમઃ ।**
**અભિવાદ્યો મહામાયો વિશ્વકર્મવિશારદઃ ॥ ૩૧॥**

૨૪૩ અનંતદૃષ્ટિઃ—અસીમિત દૃષ્ટિવાળા, ૨૪૪ આનંદઃ—પરમાનંદમય, ૨૪૫ દંડઃ—દુષ્ટોને દંડ આપનાર અથવા દંડસ્વરૂપ, ૨૪૬ દમયિતા-દુર્દાન્ત દાનવોનું દમન કરનાર, ૨૪૭ દમઃ—દમનસ્વરૂપ, ૨૪૮ અભિવાદ્યઃ—પ્રણામ કરવા યોગ્ય, ૨૪૯ મહામાયઃ—માયાવીઓને પણ મોહ ઉત્પન્ન કરનાર મહામાયાવી, ૨૫૦ વિશ્વકર્મવિશારદઃ—સંસારની સૃષ્ટિ કરવાના કર્મમાં કુશળ॥ ૩૧॥

**વીતરાગો વિનીતાત્મા તપસ્વી ભૂતભાવનઃ ।**
**ઉન્મત્તવેષઃ પ્રચ્છન્નો જિતકામોઽજિતપ્રિયઃ ॥ ૩૨॥**

૨૫૧ વીતરાગઃ—પૂર્ણતયા વિરક્ત, ૨૫૨ વિનીતાત્મા-મનથી વિનયશીલ અથવા મનને વશમાં રાખનાર, ૨૫૩ તપસ્વીઃ-તપસ્યાપરાયણ, ૨૫૪ ઉન્મત્તવેષઃ—પાગલોની જેમ વેશ ધારણ કરનાર, ૨૫૬ પ્રચ્છન્નઃ—માયાની આડમાં સંતાયેલા, ૨૫૭ જિતકામઃ—કામવિજયી, ૨૫૮ અજિતપ્રિયઃ—ભગવાન વિષ્ણુના પ્રેમી॥ ૩૨॥

**કલ્યાણપ્રકૃતિઃ કલ્પઃ સર્વલોકપ્રજાપતિઃ ।**
**તરસ્વી તારકો ધીમાન્ પ્રધાનઃ પ્રભુરવ્યયઃ ॥ ૩૩॥**

૨૫૯ કલ્યાણપ્રકૃતિઃ—કલ્યાણકારી સ્વભાવવાળા, ૨૬૦ કલ્પઃ—સમર્થ, ૨૬૧ સર્વલોક પ્રજાપતિઃ—સંપૂર્ણ લોકોની પ્રજાના પાલક, ૨૬૨ તરસ્વીઃ—વેગશાળી, ૨૬૩ તારકઃ—ઉદ્ધારક, ૨૬૪ ધીમાન્-વિશુદ્ધ બુદ્ધિથી યુક્ત, ૨૬૫ પ્રધાનઃ—સૌથી શ્રેષ્ઠ, ૨૬૬ પ્રભુઃ—સર્વસમર્થ, ૨૬૭ અવ્યયઃ—અવિનાશી॥ ૩૩॥

**લોકપાલોઽન્તર્હિતાત્મા કલ્પાદિઃ કમલેક્ષણઃ ।**
**વેદશાસ્ત્રાર્થતત્ત્વજ્ઞોઽનિયમો નિયતાશ્રયઃ ॥ ૩૪॥**

૨૬૮ લોકપાલઃ—સમસ્ત લોકોની રક્ષા કરનારા, ૨૬૯ અંતર્હિતાત્મા અંતર્યામી આત્મા અથવા અદશ્ય સ્વરૂપવાળા, ૨૭૦ કલ્પાદિઃ—કલ્પના આદિકારણ, ૨૭૧ કમલેક્ષણ-કમળ સમાન નેત્રવાળા, વેદશાસ્ત્રાર્થ તત્ત્વજ્ઞઃ—વેદો અને શાસ્ત્રોનો અર્થ અને તત્ત્વને જાણનારા, ૨૭૩ અનિયમઃ—નિયંત્રણ રહિત, ૨૭૪ નિયતાશ્રમઃ—સૌના સુનિશ્ચિત આશ્રયસ્થાન॥ ૩૪॥

**ચન્દ્રઃ સૂર્યઃ શનિઃ કેતુર્વરાઙ્ગો વિદ્રુમચ્છવિઃ ।**
**ભક્તિવશ્યઃ પરબ્રહ્મ મૃગબાણાર્પણોઽનઘઃ ॥ ૩૫॥**

૨૭૫ ચંદ્રઃ—ચંદ્રમાના રૂપે આહ્લાદકારી, ૨૭૬ સૂર્યઃ—સર્વની ઉત્પત્તિના હેતુભૂત સૂર્ય, ૨૭૭ શનિઃ— શનૈશ્ચરરૂપ, ૨૭૮ કેતુઃ—કેતુ નામના ગ્રહસ્વરૂપ, ૨૭૯ વરાંગઃ—સુંદર શરીરવાળા, ૨૮૦ વિદ્રુમચ્છવિઃ—પરવાળા જેવી લાલ કાન્તિવાળા, ૨૮૧ ભક્તિવશ્યઃ—ભક્તિ દ્વારા ભક્તના વશમાં રહેનારા, ૨૮૨ પરબ્રહ્મ-પરમાત્મા, ૨૮૩ મૃગબાણાર્પણઃ મૃગરૂપધારી યજ્ઞ પર બાણ ચલાવનાર, ૨૮૪ અનઘઃ—પાપરહિત॥ ૩૫॥

**અદ્રિરદ્ર્યાલયઃ કાન્તઃ પરમાત્મા જગદ્ગુરુઃ ।**
**સર્વકર્માલયસ્તુષ્ટો મઙ્ગલ્યો મઙ્ગલાવૃતઃ ॥ ૩૬॥**

૨૮૫ અદ્રિઃ—કૈલાસ વગેરે પર્વતરૂપ, ૨૮૬ અદ્રયાલયઃ—કૈલાસ અને મન્દર વગેરે પર્વતો પર નિવાસ કરનારા, ૨૮૭ કાન્તઃ—સૌના પ્રિયતમ, ૨૮૮ પરમાત્મા-પરબ્રહ્મ પરમેશ્વર, ૨૮૯ જગદ્ગુરુઃ—સમસ્ત સંસારની ગુરુ, ૨૯૦ સર્વકર્માલયઃ—સંપૂર્ણ કર્મોના આશ્રયસ્થાન, ૨૯૧ તુષ્ટઃ— સદા પ્રસન્ન, ૨૯૨ મંગલ્યઃ—મંગલકારી, ૨૯૩ મંગલાવૃત્તઃ—મંગલકારિણી શક્તિથી સંયુક્ત॥ ૩૬॥

**મહાતપા દીર્ઘતપાઃ સ્થવિષ્ઠઃ સ્થવિરો ધ્રુવઃ ।**
**અહઃસંવત્સરો વ્યાપ્તિઃ પ્રમાણં પરમં તપઃ ॥ ૩૭॥**

૨૯૪ મહાતપાઃ—મહાન તપસ્વી, દીર્ઘતપાઃ—દીર્ઘકાળ સુધી તપ કરનારા, ૨૯૬ સ્થવિષ્ઠઃ—અત્યંત સ્થૂળ, ૨૯૭ સ્થવિરોધ્રુવઃ—અતિ પ્રાચીન અને અત્યંત સ્થિર, ૨૯૮ અહઃ સંવત્સરઃ—દિન અને સંવત્સર વગેરે કાલરૂપે સ્થિત, અંશકાલ સ્વરૂપ, ૨૯૯ વ્યાપ્તિઃ—વ્યાપકતા સ્વરૂપ, ૩૦૦ પ્રમાણમ્-પ્રત્યક્ષ વગેરે પ્રમાણસ્વરૂપ, ૩૦૧ પરમં તપઃ—ઉત્કૃષ્ટ તપસ્યા સ્વરૂપ॥ ૩૭॥

**સંવત્સરકરો મન્ત્રપ્રત્યયઃ સર્વદર્શનઃ ।**
**અજઃ સર્વેશ્વરઃ સિદ્ધો મહારેતા મહાબલઃ ॥ ૩૮॥**

૩૦૨ સંવત્સરકરઃ— સંવત્સર વગેરે કાલવિભાગના ઉત્પાદક, ૩૦૩ મંત્રપ્રત્યયઃ—વેદ આદિ મંત્રોથી પ્રતીત (પ્રત્યક્ષ) થવા યોગ્ય, ૩૦૪ સર્વદર્શનઃ—સર્વના સાક્ષી, ૩૦૫ અજઃ—અજન્મા, ૩૦૬ સર્વેશ્વરઃ—સૌના શાસક, ૩૦૭ સિદ્ધઃ—સિદ્ધિઓના આશ્રય, ૩૦૮ મહારેતાઃ—શ્રેષ્ઠ વીર્યવાળા, ૩૦૯ મહાબલઃ—પ્રમથગણોની મહતી સેનાથી સંપન્ન॥ ૩૮॥

**યોગી યોગ્યો મહાતેજાઃ સિદ્ધિઃ સર્વાદિરગ્રહઃ ।**
**વસુર્વસુમનાઃ સત્યઃ સર્વપાપહરો હરઃ ॥ ૩૯॥**

૩૧૦ યોગી યોગ્યઃ—સુયોગ્ય યોગી, ૩૧૧ મહાતેજાઃ—મહાનતેજથી સંપન્ન, ૩૧૨ સિદ્ધિઃ—સમસ્ત સાધનોનું ફળ, ૩૧૩સર્વાદિઃ—બધાં ભૂતોનું આદિ કારણ, ૩૧૪ અગ્રહઃ—ઇન્દ્રિયોની ગ્રહણ શક્તિનો અવિષય, ૩૧૫ વસુઃ—સર્વ પ્રકારનાં ભૂતોનું વાસસ્થાન, ૩૧૬ વસુમનાઃ—ઉદાર મનવાળા, ૩૧૭ સત્યઃ—સત્યસ્વરૂપ, ૩૧૮

સર્વપાપહરો હરઃ—સમસ્ત પાપનું અપહરણ કરવાને કારણે હર નામે પ્રસિદ્ધ॥ ૩૯॥

**સુકીર્તિશોભનઃ શ્રીમાન્ વેદાઙ્ગો વેદવિન્મુનિઃ ।**
**ભ્રાજિષ્ણુર્ભોજનં ભોક્તા લોકનાથો દુરાધરઃ ॥ ૪૦॥**

૩૧૯ સુકીર્તિશોભનઃ—ઉત્તમકીર્તિથી સુશોભિત થનારા, ૩૨૦ શ્રીમાન્-વિભૂતિસ્વરૂપા ઉમાથી સંપન્ન, ૩૨૧ વેદાંગઃ—વેદરૂપ અંગોવાળા, ૩૨૨ વેદવિન્મુનિઃ—વેદોનો વિચાર કરનારા મનનશીલ મુનિ, ૩૨૩ ભ્રાજિષ્ણુઃ—એક રસ પ્રકાશસ્વરૂપ, ૩૨૪ ભોજનમ્-જ્ઞાનીઓ દ્વારા ભોગને યોગ્ય અમૃતસ્વરૂપ, ૩૨૫ ભોક્તા-પુરુષરૂપે ઉપભોગ કરનારા, ૩૨૬ લોકનાથઃ—ભગવાન વિશ્વનાથ, ૩૨૭ દુરાધરઃ—અજિતેન્દ્રિય પુરુષો દ્વારા જેની આરાધના અત્યંત કઠિન છે, એવા॥ ૪૦॥

**અમૃતઃ શાશ્વતઃ શાન્તો બાણહસ્તઃ પ્રતાપવાન્ ।**
**કમણ્ડલુધરો ધન્વી અવાઙ્મનસગોચરઃ ॥ ૪૧॥**

૩૨૮ અમૃતઃ શાશ્વતઃ—સનાતન અમૃતસ્વરૂપ, ૩૨૯ શાન્તઃ—શાંતિમય, ૩૩૦ બાણહસ્તઃ પ્રતાપવાન્-હાથમાં બાણ ધારણ કરનાર પ્રતાપી વીર ૩૩૧ કમંડલુધરઃ—કમંડલુ ધારણ કરનાર, ૩૩૨ ધન્વી-પિનાકધારી, ૩૩૩ અવાંગમનસગોચરઃ—મન અને વાણીનો અવિષય॥ ૪૧॥

**અતીન્દ્રિયો મહામાયઃ સર્વાવાસશ્ચતુષ્પથઃ ।**
**કાલયોગી મહાનાદો મહોત્સાહો મહાબલઃ ॥ ૪૨॥**

૩૩૪ અતીન્દ્રિયો મહામાયાઃ ઇન્દ્રિયાતીત અને મહામાયાવી, ૩૩૫ સર્વાવાસઃ—સૌનું વાસસ્થાન, ૩૩૬ ચુતષ્પથઃ—ચારેય પુરુષાર્થની સિદ્ધિનો એક માત્ર માર્ગ, ૩૩૭ કાલયોગી-પ્રલય વખતે સૌને કાલથી સંયુક્ત કરનારા, ૩૩૮ મહાનાદઃ—ગંભીર શબ્દ કરનાર અથવા અનાહત નાદરૂપ, ૩૩૯ મહોત્સાહો મહાબલઃ—મહાન ઉત્સાહ, બળથી સંપન્ન॥ ૪૨॥

**મહાબુદ્ધિર્મહાવીર્યો ભૂતચારી પુરંદરઃ ।**
**નિશાચરઃ પ્રેતચારી મહાશક્તિર્મહાદ્યુતિઃ ॥ ૪૩॥**

૩૪૦ મહાબુદ્ધિઃ—શ્રેષ્ઠ બુદ્ધિવાળા, ૩૪૧ મહાવીર્યઃ—અનંત પરાક્રમી, ૩૪૨ ભૂતચારી—ભૂતગણોની સાથે વિચરણ કરનાર, ૩૪૩ પુરંદરઃ—ત્રિપુરસંહારક, ૩૪૪ નિશાચરઃ—રાત્રિમાં વિચરણ કરનારા, ૩૪૫ પ્રેતચારી—પ્રેતોની સાથે ભ્રમણ કરનારા, ૩૪૬ મહાશક્તિઃ અને મહાદ્યુતિઃ—અનંતશક્તિ અને શ્રેષ્ઠ કાન્તિથી સંપન્ન॥ ૪૩॥

**અનિર્દેશ્યવપુઃ શ્રીમાન્ સર્વાચાર્યમનોગતિઃ ।**
**બહુશ્રુતોઽમહામાયો નિયતાત્મા ધ્રુવોઽધ્રુવઃ ॥ ૪૪॥**

અનિર્દેશ્યવયુઃ—અનિર્વચનીય સ્વરૂપવાળા, ૩૪૮ શ્રીમાન્—ઐશ્વર્યવાન ૩૪૯ સર્વાચાર્યમનોગતિઃ—બધાંને માટે અવિચાર્ય મનોગતિવાળા, ૩૫૦ બહુશ્રુતઃ બહુજ્ઞ અથવા સર્વજ્ઞ, ૩૫૧ અમહામાયઃ—મોટામાં મોટી માયા પણ જેના પર પ્રભાવ નાખી શકે નહિ એવા, ૩૫૨ નિયતાત્મા—મનને વશમાં રાખનાર, ૩૫૩ ધ્રુવોઽધ્રુવઃ—ધ્રુવ (નિત્યકારણ) અને અધ્રુવ (અનિત્યકાર્ય)-રૂપ॥ ૪૪॥

**ઓજસ્તેજોદ્યુતિધરો જનકઃ સર્વશાસનઃ ।**
**નૃત્યપ્રિયો નિત્યનૃત્યઃ પ્રકાશાત્મા પ્રકાશકઃ ॥ ૪૫॥**

૩૫૪ ઓજસ્તેજોદ્યુનિધરઃ—ઓજ (પ્રાણ અને બળ), તેજ (શૌય વગેરે ગુણ) તથા જ્ઞાનની દીપ્તિને ધારણ કરનાર, ૩૫૫ જનકઃ—સૌના ઉત્પાદક, ૩૫૬ સર્વશાસનઃ—સર્વના શાસક, ૩૫૭ નૃત્યપ્રિયઃ—નૃત્યના પ્રેમી, ૩૫૮ નિત્યનૃત્યઃ—પ્રતિદિન તાંડવ નૃત્ય કરનાર, ૩૫૯ પ્રકાશાત્મા—પ્રકાશસ્વરૂપ, ૩૬૦ પ્રકાશકઃ—સૂર્ય

વગેરેને પણ પ્રકાશ આપનારા ॥ ૪૫ ॥

**સ્પષ્ટાક્ષરો બુધો મન્ત્રઃ સમાનઃ સારસમ્પ્લવઃ ।**
**યુગાદિકૃદ્યુગાવર્તો ગમ્ભીરો વૃષવાહનઃ ॥ ૪૬ ॥**

૩૬૧ સ્પષ્ટાક્ષરઃ— ઓંકારસ્વરૂપ સ્પષ્ટ અક્ષરવાળા, ૩૬૨ બુધઃ—જ્ઞાનવાન્, ૩૬૩ મંત્રઃ—ઋક્, સામ અને યજુર્વેદના મંત્રસ્વરૂપ, ૩૬૪ સમાનઃ—સૌના પ્રત્યે સમાન ભાવ રાખનાર, ૩૬૫ સારસમ્પ્લવઃ—સંસારસાગરથી પાર થવા માટે નૌકારૂપ, ૩૬૬ યુગાદિકૃદ્યુગાવર્તઃ—યુગ-આદિનો આરંભ કરનારા તથા ચારે યુગને ચક્રની પેઠે ફેરવનાર, ૩૬૭ ગંભીરઃ—ગાંભીર્ય-ભાવથી યુક્ત, ૩૬૮ વૃષવાહનઃ—નન્દી નામના વૃષભપર સવાર થનારા ॥ ૪૬ ॥

**ઇષ્ટોઽવિશિષ્ટઃ શિષ્ટેષ્ટઃ સુલભઃ સારશોધનઃ ।**
**તીર્થરૂપસ્તીર્થનામા તીર્થદૃશ્યસ્તુ તીર્થદઃ ॥ ૪૭ ॥**

૩૬૯ ઈષ્ટઃ—પરમાનંદસ્વરૂપ હોવાથી સર્વપ્રિય, ૩૭૦ અવિશિષ્ટઃ—સંપૂર્ણ વિશેષણોથી રહિત, ૩૭૧ શિષ્ટેષ્ટઃ—શિષ્ટપુરુષોના ઈષ્ટદેવ, ૩૭૨ સુલભઃ—અનન્યચિત્તથી નિરંતર સ્મરણ કરનારને ભક્તોને માટે સુગમતાથી પ્રાપ્ત થવા યોગ્ય, ૩૭૩ સારશોધનઃ—સારતત્ત્વની શોધ કરનાર, ૩૭૪ તીર્થરૂપઃ—તીર્થસ્વરૂપ, ૩૭૫ તીર્થનામા-તીર્થ નામધારી અથવા જેમનું નામ ભવસાગરથી પાર કરનારું છે એવા, ૩૭૬ તીર્થદશ્યઃ તીર્થસેવનથી પોતાનાં સ્વરૂપનાં દર્શન કરાવનાર અથવા ગુરુકૃપાથી પ્રત્યક્ષ થનાર, ૩૭૭ તીર્થદઃ ચરણોદક સ્વરૂપ તીર્થ આપનારા ॥ ૪૭ ॥

**અપાંનિધિરધિષ્ઠાનં દુર્જયો જયકાલવિત્ ।**
**પ્રતિષ્ઠિતઃ પ્રમાણજ્ઞો હિરણ્યકવચો હરિઃ ॥ ૪૮ ॥**

૩૭૮ અપાંનિધિઃ—જલના નિધાન સમુદ્રરૂપ, ૩૭૯ અધિષ્ઠાનમ્—ઉપાદાન કારણથી બધાં ભૂતોનો આશ્રય અથવા જગતરૂપ પ્રપંચનું અધિષ્ઠાન, ૩૮૦ દુર્જયઃ જેમને જીતવા કઠણ છે એવા, ૩૮૧ જયકાલવિત્ વિજયના અવસરને સમજનારા, ૩૮૨ પ્રતિષ્ઠિતઃ—પોતાના જ મહિમામાં સ્થિત, ૩૮૩ પ્રમાણજ્ઞઃ પ્રમાણોના જ્ઞાતા, ૩૮૪ હિરણ્યકવચઃ સુવર્ણમય કવચ ધારણ કરનારા, ૩૮૫ હરિઃ શ્રી હરિ સ્વરૂપ ॥ ૪૮ ॥

**વિમોચનઃ સુરગણો વિદ્યેશો વિન્દુસંશ્રયઃ ।**
**બાલરૂપોઽબલોન્મત્તોઽવિકર્તા ગહનો ગુહઃ ॥ ૪૯ ॥**

૩૮૬ વિમોચનઃ—સંસારબંધનથી સદાને માટે છોડાવનાર, ૩૮૭ સુરગણઃ—દેવસમુદાયરૂપ, ૩૮૮ વિદ્યેશઃ—સંપૂર્ણ વિદ્યાઓના સ્વામી, ૩૮૯ વિન્દુસંશ્રયઃ—બિન્દુરૂપ પ્રણવનો આશ્રય, ૩૯૦ બાલરૂપઃ—બાળકનું રૂપ ધારણ કરનારા ૩૯૧ અબલોન્મત્તઃ—બળથી ઉન્મત્ત ન થનાર, ૩૯૨ અવિકર્તા-વિકારરહિત, ૩૯૩ ગહનઃ દુર્બોધસ્વરૂપ અથવા અગમ્ય, ૩૯૪ ગુહઃ—માયાથી પોતાના યથાર્થ સ્વરૂપને સંતાડનારા ॥ ૪૯ ॥

**કરણં કારણં કર્તા સર્વબન્ધવિમોચનઃ ।**
**વ્યવસાયો વ્યવસ્થાનઃ સ્થાનદો જગદાદિજઃ ॥ ૫૦ ॥**

૩૯૫ કરણં—સંસારની ઉત્તપત્તિનું સૌથી મોટું સાધન, ૩૯૬ કારણમ્—જગતનું ઉપાદાન અને નિમિત્તકારણ, ૩૯૭ કર્તા-સર્વના રચયિતા, ૩૯૮ સર્વબંધવિમોચનઃ—સંપૂર્ણ બંધનોમાંથી છોડવનાર, ૩૯૯ વ્યવસાયઃ નિશ્ચયાત્મક જ્ઞાનસ્વરૂપ, ૪૦૦ વ્યવસ્થાનઃ—સંપૂર્ણ જગતની વ્યવસ્થા કરનારા, ૪૦૧ સ્થાનદઃ ધ્રુવ વગેરે ભક્તોને અવિચલ સ્થિતિ પ્રદાન કરનારા, ૪૦૨ જગદાદિજઃ—હિરણ્યગર્ભરૂપે જગતના આદિમાં પ્રગટ થનારા ॥ ૫૦ ॥

**ગુરુદો લલિતોઽભેદો ભાવાત્માઽઽત્મનિ સંસ્થિતઃ ।**
**વીરેશ્વરો વીરભદ્રો વીરાસનવિધિર્વિરાટ્ ॥ ૫૧ ॥**

૪૦૩ ગુરુદઃ શ્રેષ્ઠ વસ્તુ પ્રદાન કરનાર અથવા

જિજ્ઞાસુઓને ગુરુની પ્રાપ્તિ કરાવનારા, ૪૦૪ લલિતઃ—સુંદર સ્વરૂપવાળા, ૪૦૫ અભેદઃ—ભેદરહિત, ૪૦૬ ભાવાત્મઽઽત્મનિ સંસ્થિતઃ—સત્સ્વરૂપ આત્મામાં સ્થિત, પ્રતિષ્ઠિત, ૪૦૭ વીરેશ્વરઃ—વીર શિરોમણિ, ૪૦૮ વીરભદ્રઃ—વીરભદ્ર નામના ગણાધ્યક્ષ, ૪૦૯ વીરાસનવિધિઃ—વીરાસનથી બેસનારા, ૪૧૦ વિરાટ્-અખિલ બ્રહ્માંડ સ્વરૂપ॥ ૫૧॥

**વીરચૂડામણિર્વેત્તા ચિદાનન્દો નદીધરઃ।**
**આજ્ઞાધારસ્ત્રિશૂલી ચ શિપિવિષ્ટઃ શિવાલયઃ ॥ ૫૨॥**

૪૧૧ વીરચૂડામણિઃ—વીરોમાં શ્રેષ્ઠ, ૪૧૨ વેત્તા-વિદ્વાન, ૪૧૩ ચિદાનંદઃ—વિજ્ઞાન-આનંદસ્વરૂપ, ૪૧૪ નદીધરઃ—મસ્તક પર ગંગાજીને ધારણ કરનાર, ૪૧૫ આજ્ઞાધારઃ—આજ્ઞાનું પાલન કરનાર, ૪૧૬ ત્રિશૂળી—ત્રિશૂળધારી, ૪૧૭ શિપિવિષ્ટઃ તેજોમયી કિરણોથી વ્યાપ્ત, ૪૧૮ શિવાલયઃ ભગવતી શિવાનો આશ્રય ॥ ૫૨॥

**વાલખિલ્યો મહાચાપસ્તિગ્માંશુર્બધિરઃ ખગઃ।**
**અભિરામઃ સુશરણઃ સુબ્રહ્મણ્યઃ સુધાપતિઃ ॥ ૫૩॥**

૪૧૯ વાલખિલ્યઃ—વાલખિલ્ય ઋષિરૂપ, ૪૨૦ મહાચાપઃ—મહાન ધનુર્ધર, ૪૨૧ તિગ્માંશુઃ—સૂર્યરૂપ, ૪૨૨ બધિરઃ—લૌકિક વિષયોની ચર્ચા ન સાંભળનાર, ૪૨૩ ખગઃ—આકાશચારી, ૪૨૪ અભિરામઃ—પરમ સુંદર, ૪૨૫ સુશરણઃ—બધાને માટે સુંદર આશ્રયસ્વરૂપ, ૪૨૬ સુબ્રમણ્યમઃ—બ્રાહ્મણોના પરમ હિતૈષી, ૪૨૭ સુધાપતિઃ—અમૃતકળશના રક્ષક॥ ૫૩॥

**મઘવાન્કૌશિકો ગોમાન્વિરામઃ સર્વસાધનઃ।**
**લલાટાક્ષો વિશ્વદેહઃ સારઃ સંસારચક્રભૃત્ ॥ ૫૪॥**

૪૨૮ મઘવાન્ કૌશિકઃ—કુશિકવંશીય ઇન્દ્રસ્વરૂપ, ૪૨૯ ગોમાન્-પ્રકાશ કિરણોથી યુક્ત, ૪૩૦ વિરામઃ—સમસ્ત પ્રાણીઓનું લય સ્થાન, ૪૩૧ સર્વસાધનઃ- સમસ્ત કામનાઓને સિદ્ધ કરનારા, ૪૩૨ લલાટાક્ષઃ—લલાટમાં ત્રીજું નેત્ર ધારણ કરનારા, ૪૩૩ વિશ્વદેહઃ જગત્સ્વરૂપ, ૪૩૪ સારઃ—સારતત્ત્વરૂપ, ૪૩૫ સંસારચક્રભૂત-સંસાર ચક્રને ધારણ કરનારા॥ ૫૪॥

**અમોઘદણ્ડો મધ્યસ્થો હિરણ્યો બ્રહ્મવર્ચસી।**
**પરમાર્થઃ પરો માયી શમ્બરો વ્યાઘ્રલોચનઃ ॥ ૫૫॥**

૪૩૬ અમોઘદંડઃ જેમનો દંડ ક્યારેય વ્યર્થ જતો નથી, એવા, ૪૩૭ મધ્યસ્થઃ—ઉદાસીન, ૪૩૮ હિરણ્યઃ—સુવર્ણ અથવા તેજસ્વરૂપ, ૪૩૯ બ્રહ્મવર્ચસી-બ્રહ્મતેજથી સંપન્ન, ૪૪૦ પરમાર્થઃ—મોક્ષરૂપ ઉત્કૃષ્ટ અર્થની પ્રાપ્તિ કરાવનાર, ૪૪૧ પરોમાયી—મહામાયાવી, ૪૪૨ શમ્બરઃ કલ્યાણપ્રદ, ૪૪૩ વ્યાઘ્રલોચનઃ—વાઘનાં જેવાં સમાન ભયાનક નેત્રવાળા॥ ૫૫॥

**રુચિર્વિરંચિઃ સ્વર્બન્ધુર્વાચસ્પતિરહર્પતિઃ।**
**રવિર્વિરોચનઃ સ્કન્દઃ શાસ્તા વૈવસ્વતો યમઃ ॥ ૫૬॥**

૪૪૪ રુચિઃ—દીપ્તિરૂપ, ૪૪૫ વિરંચિઃ—બ્રહ્મસ્વરૂપ, ૪૪૬ સ્વર્બન્ધુઃ—સ્વલોકમાં બન્ધુની જેમ સુખદ, ૪૪૭ વાચસ્પતિઃ—વાણીના અધિપતિ, ૪૪૮ અહર્પતિઃ—દિવસના સ્વામી સૂર્યરૂપ, ૪૪૯ રવિઃ—સમસ્ત રસોનું શોષણ કરનારા, ૪૫૦ વિરોચનઃ—વિવિધ પ્રકારે પ્રકાશ ફેલાવનારા, ૪૫૧ સ્કંદઃ—સ્વામી કાર્તિકેયરૂપ, ૪૫૨ શાસ્તા વૈવસ્તોયમઃ—સર્વ પર શાસન કરનાર સૂર્ય કુમાર યમ॥ ૫૬॥

**યુક્તિરુન્નતકીર્તિશ્ચ સાનુરાગઃ પરંજયઃ।**
**કૈલાસાધિપતિઃ કાન્તઃ સવિતા રવિલોચનઃ ॥ ૫૭॥**

૪૫૩ યુક્તિરુન્નતકીર્તિઃ—અષ્ટાંગ યોગ સ્વરૂપ તથા ઊર્ધ્વલોકમાં ફેલાયેલી કીર્તિથી યુક્ત, ૪૫૪ સાનુરાગઃ—ભક્તજનો પર પ્રેમ રાખનારા, ૪૫૫

પરંજપઃ—બીજાઓ પર વિજય મેળવનારા, ૪૫૬ કૈલાસાધિપતિઃ—કૈલાસના સ્વામી, ૪૫૭ કાન્તઃ—કમનીય અથવા કાન્તિમાન ૪૫૮ સવિતા-સમસ્ત જગતને ઉત્પન્ન કરનારા, ૪૫૯ રવિલોચનઃ—સૂર્યરૂપ નેત્રવાળા।। ૫૭।।

**વિદ્વત્તમો વીતભયો વિશ્વભર્ત્તાનિવારિતઃ।**
**નિત્યો નિયતકલ્યાણઃ પુણ્યશ્રવણકીર્તનઃ ।। ૫૮।।**

૪૬૦ વિદ્વત્તમઃ—વિદ્વાનોમાં સર્વશ્રેષ્ઠ, પરમ વિદ્વાન, ૪૬૧ વીતભયઃ—બધા પ્રકારના ભયથી રહિત, વિશ્વભર્તા—જગતનું ભરણ-પોષણ કરનારા, ૪૬૩ અનિવારિતઃ જેને કોઈ રોકી શકે નહિ તેવા, ૪૬૪ નિત્યઃ સત્યસ્વરૂપ, ૪૬૫ નિયતકલ્યાણઃ—સુનિશ્ચિતરૂપે કલ્યાણકારી, ૪૬૬ પુણ્યશ્રવણકીર્તનઃ—જેમનાં નામ, ગુણ, મહિમા અને સ્વરૂપનાં શ્રવણ કીર્તનથી પરમ પાવન થાય છે, એવા।। ૫૮।।

**દૂરશ્રવા વિશ્વસહો ધ્યેયો દુઃસ્વપ્નનાશનઃ।**
**ઉત્તારણો દુષ્કૃતિહા વિજ્ઞેયો દુસ્સહોઽભવઃ ।। ૫૯।।**

૪૬૭ દૂરશ્રવા—સર્વવ્યાપી હોવાને કારણે દૂરની વાત પણ સાંભળી લેનારા, ૪૬૮ વિશ્વસહઃ—ભક્તજનોના અપરાધો કૃપાપૂર્વક સહી લેનારા, ૪૬૯ ધ્યેયઃ—ધ્યાન કરવા યોગ્ય, ૪૭૦ દુસ્વપ્નનાશનઃ—ચિંતન કરવા માત્રથી દુસ્વપ્નોનો નાશ કરનારા, ૪૭૧ ઉત્તારણઃ—સંસાર સાગરથી પાર ઉતારનારા, ૪૭૨ દુષ્કૃતિહાઃ—પાપનો નાશ કરનારા, ૪૭૩ વિજ્ઞેયઃ—જાણવા યોગ્ય, ૭૪૭ દુસ્સહઃ—જેના વેગને સહન કરવો બીજાઓને માટે અત્યંત કઠણ છે એવા, ૪૭૫ અભવઃ—સંસાર બંધનથી રહિત અથવા અજન્મા।। ૫૯।।

**અનાદિર્ભૂર્ભુવો લક્ષ્મીઃ કિરીટી ત્રિદશાધિપઃ।**
**વિશ્વગોપ્તા વિશ્વકર્તા સુવીરો રુચિરાઙ્ગદઃ ।। ૬૦।।**

૪૭૬ અનાદિઃ—જેનો કોઈ આદિ નથી, એવા સર્વના કારણરૂપ, ૪૭૭ ભૂર્ભુવો લક્ષ્મીઃ—ભૂર્લોક અને ભુવલોકની શોભા, ૪૭૮ કિરીટી-મુગટધારી, ૪૭૯ ત્રિદશાધિપઃ દેવતાઓના સ્વામી, ૪૮૦ વિશ્વગોપ્તા - જગતના રક્ષક, ૪૮૧ વિશ્વકર્તા—સંસારની સૃષ્ટિ કરનારા, ૪૮૨ સુવીરઃ—શ્રેષ્ઠ વીર, ૪૮૩ રુચિરાંગદઃ—સુંદર બાજૂબંદ-ઘરેણું ધારણ કરનારા।। ૬૦।।

**જનનો જનજન્માદિઃ પ્રીતિમાન્નીતિમાન્ધવઃ।**
**વસિષ્ઠઃ કશ્યપો ભાનુર્ભીમો ભીમપરાક્રમઃ ।। ૬૧।।**

૪૮૪ જનનઃ—પ્રાણીમાત્રને જન્મ આપનાર, ૪૮૫ જનજન્માદિઃ—જન્મ લેનાર જન્મનું મૂળ કારણ, ૪૮૬ પ્રીતિમાન્—પ્રસન્ન, ૪૮૭ નીતિમાન્ સદાનીતિપરાયણ, ૪૮૮ ધવઃ— સૌના સ્વામી, ૪૮૯ વસિષ્ઠઃ—મન અને ઇન્દ્રિયોને અત્યંત વશમાં રાખનાર અથવા વસિષ્ઠ ઋષિરૂપ, ૪૯૦ કશ્યપઃ—દ્દષ્ટા અથવા કશ્યપ ઋષિરૂપ, ૪૯૧ ભાનુઃ—પ્રકાશમાન, અથવા સૂર્યરૂપ, ૪૯૨ ભીમઃ—દુષ્ટોને ભય આપનારા, ૪૯૩ ભીમપરાક્રમઃ—અતિશય ભયદાયક પરાક્રમથી મુક્ત ।। ૬૧।।

**પ્રણવઃ સત્પથાચારો મહાકોશો મહાધનઃ।**
**જન્માધિપો મહાદેવઃ સકલાગમપારગઃ ।। ૬૨।।**

૪૯૪ પ્રણવઃ—ૐકારસ્વરૂપ, ૪૯૫ સત્પથાચારઃ—સત્પુરુષોના માર્ગ પર ચાલનારા, ૪૯૬ મહાકોશઃ—અન્નમય આદિ પાંચ કોશોને પોતાની અંદર ધારણ કરનાર મહાકોશરૂપ, ૪૯૭ મહાધનઃ—અપરિમિત ઐશ્વર્યવાળા અથવા કુબેરને પણ ધન આપવાને કારણે મહાધનવાન, ૪૯૮ જન્માધિપઃ—જન્મ (ઉત્પાદન) રૂપી કાર્યના અધ્યક્ષ બ્રહ્મા, ૪૯૯ મહાદેવઃ—સર્વોત્કૃષ્ટ દેવતા, ૫૦૦ સકલાગમપારગઃ—સમસ્ત શાસ્ત્રના પારંગત વિદ્વાન।। ૬૨।।

**તત્ત્વં તત્ત્વવિદેકાત્મા વિભુર્વિશ્વવિભૂષણઃ ।**
**ઋષિર્બ્રાહ્મણ ઐશ્વર્યજન્મમૃત્યુજરાતિગઃ ॥ ૬૩॥**
૫૦૧ તત્ત્વમ્-યથાર્થ તત્ત્વરૂપ, ૫૦૨ તત્ત્વવિત્-યથાર્થ તત્ત્વને પૂર્ણતયા જાણનાર, ૫૦૩ એકાત્મા-અદ્વિતીય આત્મરૂપ, ૫૦૪ વિભુઃ—સર્વત્રવ્યાપક, ૫૦૫ વિશ્વભૂષણઃ—સંપૂર્ણ જગતને ઉત્તમ ગુણોથી વિભૂષિત કરનારા, ૫૦૬ ઋષિઃ મંત્ર દ્રષ્ટા, ૫૦૭ બ્રાહ્મણઃ—બ્રહ્મવેત્તા, ૫૦૮ ઐશ્વર્યજન્મમૃત્યુ જરાતિગઃ—ઐશ્વર્ય, જન્મ, મૃત્યુ અને જરાથી અતીત॥ ૬૩॥

**પંચયજ્ઞસમુત્પત્તિર્વિશ્વેશો વિમલોદયઃ ।**
**આત્મયોનિરનાદ્યન્તો વત્સલો ભક્તલોકધૃક્ ॥ ૬૪॥**
૫૦૯ પંચયજ્ઞસમુત્પત્તિઃ—પંચમહાયજ્ઞોની ઉત્પત્તિના હેતુ, ૫૧૦ વિશ્વેશઃ—વિશ્વનાથ, ૫૧૧ વિમલોદયઃ—નિર્મલ અભ્યુદયની પ્રાપ્તિ કરાવનારા ધર્મરૂપ, ૫૧૨ આત્મયોનિઃ સ્વયંભૂ, ૫૧૩ અનાદ્યન્તઃ—આદિ-અંતથી રહિત, ૫૧૪ વત્સલઃ—ભક્તો પ્રત્યે વાત્સલ્ય-સ્નેહથી યુક્ત, ૫૧૫ ભક્તલોકધૃક્-ભક્તજનોના આશ્રય॥ ૬૪॥

**ગાયત્રીવલ્લભઃ પ્રાંશુર્વિશ્વાવાસઃ પ્રભાકરઃ ।**
**શિશુર્ગિરિરતઃ સમ્રાટ્ સુષેણઃ સુરશત્રુહા ॥ ૬૫॥**
૫૧૬ ગાયત્રીવલ્લભઃ—ગાયત્રીમંત્રના પ્રેમી, ૫૧૭ પ્રાંશુઃ—ઊંચા શરીરવાળા, ૫૧૮ વિશ્વાવાસઃ—સંપૂર્ણ જગતના આવાસસ્થાન, ૫૧૯ પ્રભાકરઃ—સૂર્યરૂપ, ૫૨૦ શિશુઃ બાળકરૂપ, ૫૨૧ ગિરિરતઃ કૈલાસ પર્વત પર રમણ કરનારા, ૫૨૨ સમ્રાટઃ—દેવેશ્વરોના પણ ઈશ્વર, ૫૨૩ સુષેણ સુરશત્રુહા-પ્રમથ ગણોની સુંદર સેનાથી યુક્ત તથા દેવશત્રુઓનો સંહાર કરનારા॥ ૬૫॥

**અમોઘોઽરિષ્ટનેમિશ્ચ કુમુદો વિગતજ્વરઃ ।**
**સ્વયંજ્યોતિસ્તનુજ્યોતિરાત્મજ્યોતિરચંચલઃ ॥ ૬૬॥**
૫૨૪ અમોઘોઽરિષ્ટનેમિઃ—અમોઘ સંકલ્પવાળા મહર્ષિ કશ્યપરૂપ, ૫૨૫ કુમુદઃ—ભૂતલને આહ્લાદ પ્રદાન કરનારા ચંદ્રમારૂપ, ૫૨૬ વિગત જ્વરઃ—ચિન્તારહિત, ૫૨૭ સ્વયંજ્યોતિસ્તનુજ્યોતિઃ—પોતાના જ પ્રકાશથી પ્રકાશિત થનારા સૂક્ષ્મજ્યોતિઃ સ્વરૂપ, ૫૨૮ આત્મજ્યોતિ પોતાના સ્વરૂપભૂત જ્ઞાનની પ્રભાથી પ્રકાશિત, ૫૨૯ અચંચલઃ—ચંચાળતાથી રહિત.॥ ૬૬॥

**પિઙ્ગલઃ કપિલશ્મશ્રુર્ભાલનેત્રસ્ત્રયીતનુઃ ।**
**જ્ઞાનસ્કન્દો મહાનીતિર્વિશ્વોત્પત્તિરુપપ્લવઃ ॥ ૬૭॥**
૫૩૦ પિંગલઃ—પિંગલવર્ણવાળા, ૫૩૧ કપિલશ્મશ્રુઃ—કપિલ વર્ણનાં દાઢી-મૂછ રાખનારા દુર્વાસા મુનિનારૂપે અવતીર્ણ, ૫૩૨ ભાલનેત્રઃ—લલાટમાં તૃતીયનેત્ર ધારણ કરનારા, ૫૩૩ ત્રયીતનુઃ—ત્રણે લોકો અથવા ત્રણે વેદો જેનાં સ્વરૂપ છે, એવા, ૫૩૪ જ્ઞાન સ્કંદો મહાનીતિઃ—જ્ઞાનપ્રદ અને શ્રેષ્ઠ નીતિવાળા, ૫૩૫ વિશ્વોત્પત્તિઃ—જગતના ઉત્પાદક, ૫૩૬ ઉપપ્લઃ—સંહારકારી॥ ૬૭॥

**ભગો વિવસ્વાનાદિત્ય યોગપારો દિવસ્પતિઃ ।**
**કલ્યાણગુણનામા ચ પાપહા પુણ્યદર્શનઃ ॥ ૬૮॥**
૫૩૭ ભગો વિવસ્વાનાદિત્યઃ—અદિતિનંદન ભગ અને વિવસ્વાન્ ૫૩૮ યોગપારઃ—યોગવિદ્યામાં પારંગત, ૫૩૯ દિવસ્પતિઃ—સ્વર્ગલોકમા સ્વામી, ૫૪૦ કલ્યાણગુણનામા-કલ્યાણકારી ગુણ અને નામવાળા, ૫૪૧ પાપહા—પાપનાશક, ૫૪૨ પુણ્યદર્શનઃ—પુણ્યજનક દર્શન દેનારા અથવા પુણ્યથી જ જેનાં દર્શન થાય છે એવા॥ ૬૮॥

**ઉદારકીર્તિરુદ્યોગી સદ્યોગી સદસન્મયઃ ।**
**નક્ષત્રમાલી નાકેશઃ સ્વાધિષ્ઠાનપદાશ્રયઃ ॥ ૬૯॥**
૫૪૩ ઉદારકીર્તિઃ—ઉત્તમ કીર્તિવાળા, ૫૪૪ ઉદ્યોગી-ઉદ્યોગશીલ, ૫૪૫ સદ્યોગી—શ્રેષ્ઠયોગી, ૫૪૬ સદસન્મયઃ સદ્સત્સ્વરૂપ, ૫૪૭ નક્ષત્રમાલી-

નક્ષત્રોની માળાથી અલંકૃત આકાશરૂપ, ૫૪૮ નાકેશઃ—સ્વર્ગના સ્વામી, ૫૪૯ સ્વાધિનષ્ઠાન પદાશ્રયા—સ્વાધિષ્ઠાન ચક્રના આશ્રય॥ ૬૯॥

**પવિત્રઃ પાપહારી ચ મણિપૂરો નભોગતિઃ।**
**હૃત્પુણ્ડરીકમાસીનઃ શક્રઃ શાન્તો વૃષાકપિઃ ॥ ૭૦॥**

૫૫૦ પવિત્રઃ પાપહારીઃ—નિત્ય શુદ્ધ અને પાપનાશક, ૫૫૧ મણિપુરઃમણિપુર નામના ચક્રસ્વરૂપ, ૫૫૨ નભોગતિઃ આકાશચારી, ૫૫૩ હૃત્પુંડરીકમાસીનઃ—હૃદયકમળમાં સ્થિત, ૫૫૪ શક્રઃ—ઈન્દ્રરૂપ, ૫૫૫ શાંત-શાંતીસ્વરૂપ, ૫૫૬ વૃષાકપિઃ—હરિહર॥ ૭૦॥

**ઉષ્ણો ગૃહપતિઃ કૃષ્ણઃ સમર્થોઽનર્થનાશનઃ।**
**અધર્મશત્રુરજ્ઞેયઃ પુરુહૂતઃ પુરુશ્રુતઃ ॥ ૭૧॥**

૫૫૭ ઉષ્ણઃ—હળાહળ વિષની ગરમીથી ઉષ્ણતા યુક્ત, ૫૫૮ ગૃહપતિઃ—સમસ્ત બ્રહ્માંડરૂપી ગૃહના સ્વામી, ૫૫૯ કૃષ્ણઃ—સચ્ચિદાનંદસ્વરૂપ, ૫૬૦ સમર્થઃ—સામર્થ્યશાળી, ૫૬૧ અનર્થનાશનઃ—અનર્થનો નાશ કરનારા, ૫૬૨ અધર્મશત્રુઃ—અધર્મનાશક, ૫૬૩ અજ્ઞેયઃ—બુદ્ધિની પહોંચની બહાર અથવા જાણી ન શકાય તેવા, ૫૬૪ પુરુહૂતઃ પુરુશ્રુતઃ ઘણાં નામો દ્વારા બોલાવી શકાય અને સાંભળી શકાય॥ ૭૧॥

**બ્રહ્મગર્ભો બૃહદ્ગર્ભો ધર્મધેનુર્ધનાગમઃ।**
**જગદ્ધિતૈષી સુગતઃ કુમારઃ કુશલાગમઃ ॥ ૭૨॥**

૫૬૫ બ્રહ્મગર્ભઃ—બ્રહ્મા જેના ગર્ભસ્થ શિશુ જેવા છે, એવા, ૫૬૬ બૃહદ્ગર્ભઃ—વિશ્વબ્રહ્માંડ પ્રલયકાળમાં જેના ગર્ભમાં રહે છે, એવા, ૫૬૭ ધર્મધેનુઃ—ધર્મરૂપી વૃષભને ઉત્પન્ન કરવા માટે ધેનુસ્વરૂપ, ૫૬૮ ધનાગમઃ—ધનની પ્રાપ્તિ કરાવનાર, ૫૬૯ જગદ્ધિતૈષી-સમસ્ત સંસારનું હિત ચાહનાર, ૫૭૦ સુગતઃ ઉત્તમજ્ઞાનથી સંપન્ન અથવા બુદ્ધસ્વરૂપ, ૫૭૧ કુમારઃ કાર્તિકેયસ્વરૂપ, ૫૭૨ કુશલાગમઃ—કલ્યાણદાતા ॥ ૭૨॥

**હિરણ્યવર્ણો જ્યોતિષ્માન્નાનાભૂરતો ધ્વનિઃ।**
**અરાગો નયનાધ્યક્ષો વિશ્વામિત્રો ધનેશ્વરઃ ॥ ૭૩॥**

૫૭૩ હિરણ્યવર્ણો જ્યોતિષ્માનઃ—સુવર્ણસમાન ગૌર વર્ણવાળા અને તેજસ્વી, ૫૭૪ નાનાભૂતરતઃ—વિવિધ પ્રકારનાં ભૂતો સાથે ક્રીડા કરનારા, ૫૭૫ ધ્વનિઃ—નાદસ્વરૂપ, ૫૭૬ અરાગઃ—આસક્તિશૂન્ય, ૫૭૭ નયનાધ્યક્ષઃ—નેત્રોમાં દ્રષ્ટારૂપે વિદ્યમાન, ૫૭૮ વિશ્વામિત્રઃ—સંપૂર્ણ જગત પ્રત્યે મૈત્રીભાવના રાખનાર મુનિસ્વરૂપ, ૫૭૯ ધનેશ્વરઃ—ધનના સ્વામી કુબેર॥ ૭૩॥

**બ્રહ્મજ્યોતિર્વસુધામા મહાજ્યોતિરનુત્તમઃ।**
**માતામહો માતરિશ્વા નભસ્વાન્નાગહારધૃક્ ॥ ૭૪॥**

૫૮૦ બ્રહ્મજ્યોતિઃ જ્યોતિઃ સ્વરૂપ બ્રહ્મ, ૫૮૧ વસુધામા—સુવર્ણ અને રત્નોના તેજથી પ્રકાશિત અથવા વસુધારૂપ, ૫૮૩ વસુધામા-સુવર્ણ અને રત્નોના તેજથી પ્રકાશિત અથવા વસુધારૂપ, ૫૮૩ મહાનજ્યોતિ-રનુત્તમ-સૂર્ય વગેરે જ્યોતિઓના પ્રકાશક સર્વોત્તમ મહાજ્યોતિઃ સ્વરૂપ, ૫૮૩ માતામહઃ માતૃકાઓના જન્મદાતા હોવાને કારણે માતામહ, ૫૮૪ માતરિશ્વા નભસ્વાન્—આકાશમાં વિચરનાર વાયુદેવ, ૫૮૫ નાગહારધૃક્—સર્પમય હાર ધારણ કરનારા॥ ૭૪॥

**પુલસ્ત્યઃ પુલહોઽગસ્ત્યો જાતૂકર્ણ્યઃ પરાશરઃ।**
**નિરાવરણનિર્વારો વૈરંચ્યો વિષ્ટરશ્રવાઃ ॥ ૭૫॥**

૫૮૬ પુલસ્ત્યઃ—પુલસ્ત્ય નામના મુનિ, ૫૮૭ પુલહઃ—પુલહ નામના ઋષિ, ૫૮૮ અગસ્ત્યઃ—કુંભજન્મા અગત્સ્ય ઋષિ ૫૮૯ જાતૂકર્ણ્ય—આ જ નામના પ્રસિદ્ધ મુનિ, ૫૯૦ પરાશરઃ—શક્તિના પુત્ર તથા વ્યાસજીના પિતા મુનિવર પરાશર, ૫૯૧ નિરાવરણનિર્વારઃ આવરણ શૂન્ય

તથા અવરોધરહિત, ૫૯૨ વૈરંચ્યઃ-બ્રહ્માજીના પુત્ર નીલલોહિત રુદ્ર, ૫૯૩ વિષ્ટરશ્રવા—વિસ્તૃત યશવાળા વિષ્ણુસ્વરૂપ॥ ૭૫॥

**આત્મભૂરનિરુદ્ધોઽત્રિર્જ્ઞાનમૂર્તિર્મહાયશાઃ।**
**લોકવીરાગ્રણીર્વીરશ્ચણ્ડઃ સત્યપરાક્રમઃ ॥ ૭૬॥**

૫૯૪ આત્મભૂઃ—સ્વયંભૂ બ્રહ્મા, ૫૯૫ અનિરુદ્ધઃ—અકુંઠિત ગતિવાળા, ૫૯૬ અત્રિઃ—અત્રિ નામના ઋષિ અથવા ત્રિગુણાતીત, ૫૯૭ જ્ઞાનમૂર્તિઃ જ્ઞાનસ્વરૂપ, ૫૯૮ મહાયશાઃ—મહાયશસ્વી, ૫૯૯ લોકવીરાગ્રણીઃ—વિશ્વવિખ્યાત વીરોમાં અગ્રગણ્ય, ૬૦૦ વીરઃ—શૂરવીર, ૬૦૧ ચંડઃ—પ્રલય સમાન અત્યંત ક્રોધ કરનારા, ૬૦૨ સત્યરાક્રમઃ સાચ્ચા પરાક્રમીઃ—॥ ૭૬॥

**વ્યાલાકલ્પો મહાકલ્પઃ કલ્પવૃક્ષઃ કલાધરઃ।**
**અલંકરિષ્ણુરચલો રોચિષ્ણુર્વિક્રમોન્નતઃ ॥ ૭૭॥**

૬૦૩ વ્યાલાકલ્પઃ—સર્પોના આભૂષણોથી શણગાર કરનારા, ૬૦૪ મહાકલ્પઃ—મહાકલ્પસંજ્ઞક કાલસ્વરૂપવાળા, ૬૦૫ કલ્પવૃક્ષઃ—શરણાગતોની ઇચ્છા પૂર્ણ કરનાર કલ્પવૃક્ષ સમાન, ઉદાર, ૬૦૬ કલાધરઃ—ચંદ્રકલાધારી, ૬૦૭ અલંકરિષ્ણુઃ—અલંકાર ધારણ કરનાર અથવા કરાવનાર, ૬૦૮ અચલઃ—વિચલિત ન થનારા, ૬૦૯ રોચિષ્ણુઃ—પ્રકાશમાન, ૬૧૦ વિક્રમોન્નતઃ પરાક્રમમાં વધેલા-ચડેલા॥ ૭૭॥

**આયુઃ શબ્દપતિર્વેગી પ્લવનઃ શિખિસારથિઃ।**
**અસંસૃષ્ટોઽતિથિઃ શક્રપ્રમાથી પાદપાસનઃ ॥ ૭૮॥**

૬૧૧ આયુઃ શબ્દપતિઃ—આયુ તથા વાણીના સ્વામી, ૬૧૨ વેગી પ્લવનઃ—વેગશાળી તથા કૂદનારા અથવા તરનારા, ૬૧૩ શિખિસારથિઃ—અગ્નિસ્વરૂપ સહાયકવાળા, ૬૧૪ અસંસૃષ્ટઃ—નિર્લેપ, ૬૧૫ અતિથિઃ—પ્રેમી ભક્તોને ઘેર અતિથિની જેમ ઉપસ્થિત થઈને એમનો સત્કાર ગ્રહણ કરનાર, ૬૧૬ શક્રપ્રમાથી મર્દન કરનારા, ૬૧૭ પાદપાસન અથવા વૃક્ષોની નીચે આસન લગાવ

**વસુશ્રવા હવ્યવાહઃ પ્રતપ્તો વિશ્વભો**
**જપ્યો જરાદિશમનો લોહિતાત્મા તનૂ**

૬૧૮ વસુશ્રવાઃ—યશરૂપી ધનથી હવ્યવાહઃ—અગ્નિસ્વરૂપ, ૬૨૦ પ્રત પ્રચંડ તાપ આપનારા, ૬૨૧ વિ પ્રલયકાળમાં વિશ્વબ્રહ્માંડને પો (કોળિયો) બનાવી લેનારા, ૬૨૨ જ યોગ્ય નામવાળા, ૬૨૩ જરાદિશમન વગેરે દોષોનું નિવારણ કરનારા, ૬૨ તનૂનપાત્‌—લોહિત વર્ણવાળા અગ્નિ

**બૃહદશ્વો નભોયોનિઃ સુપ્રતીકસ્તમિ**
**નિદાઘસ્તપનો મેઘઃ સ્વક્ષઃ પરપુરં**

૬૨૫ બૃહદશ્વઃ—વિશાળ અશ્વ નભોયોનિઃ—આકાશનું ઉત્પત્તિ સુપ્રતીકઃ—સુંદર શરીરવાળા, ૬૨ અજ્ઞાન અંધકારના નાશક, ૬૨૯ નિ તપનારા ગ્રીષ્મરૂપ, ૬૩૦ મેઘ ઉપલક્ષિત વર્ષારૂપ, ૬૩૧ સ્વક્ષઃ—સુ ૬૩૨ પરપુરંજયઃ—ત્રિપુરરૂપ શ વિજય મેળવનારા॥ ૮૦॥

**સુખાનિલઃ સુનિષ્પન્નઃ સુરભિઃ શિશિરા**
**વસન્તો માધવો ગ્રીષ્મો નભસ્યો બીજવા**

૬૩૩ સુખાનિલઃ—સુખદાયક વાયુને શરદકાલરૂપ, ૬૩૪ સુનિષ્પન્નઃ—જે સુંદરરૂપે પરિપાક થાય છે તે હેમ ૬૩૫ સુરભિઃ—શિશિરાત્મ મલયાનિલથી યુક્ત શિબિર ઋત વસંતો માધવઃ—ચૈત્ર-વૈશાખ-આ યુક્ત વસંતરૂપ, ૬૩૭ ગ્રીષ્મ-ગ્રી

૬૩૮ નભસ્ય-ભાદ્રપદમાસરૂપ, ૬૩૯ વીજવાહનઃ—ડાંગર વગેરે બીજોની પ્રાપ્તિ કરાવનાર શરત્કાલ॥ ૮૧॥

**અઙ્ગિરા ગુરુરાત્રેયો વિમલો વિશ્વવાહનઃ।**
**પાવનઃ સુમતિર્વિદ્વાસ્ત્રૈવિદ્યો વરવાહનઃ ॥ ૮૨॥**

૬૪૦ અંગિરા ગુરુઃ—અંગિરાનામના ઋષિ તથા એમના પુત્ર દેવગુરુ બૃહસ્પતિ, ૬૪૧ આત્રેયઃ—અત્રિકુમાર દુર્વાસા, ૬૪૨ વિમલઃ—નિર્મળ, ૬૪૩ વિશ્વવાહનઃ—સંપૂર્ણ જગતનો નિર્વાહ કરનારા, ૬૪૪ પાવનઃ—પવિત્ર કરનારા, ૬૪૫ સુમતિર્વિદ્વાનઃ—ઉત્તમબુદ્ધિવાળા વિદ્વાન, ૬૪૬ ત્રૈવિધઃ—ત્રણે વેદોના વિદ્વાન અથવા ત્રણે વેદો દ્વારા પ્રતિપાદિત, ૬૪૭ વરવાહનઃ—વૃષભરૂપ શ્રેષ્ઠવાહનવાળા,॥ ૮૨॥

**મનોબુદ્ધિરહંકારઃ ક્ષેત્રજ્ઞઃ ક્ષેત્રપાલકઃ।**
**જમદગ્નિર્બલનિધિર્વિગાલો વિશ્વગાલવઃ ॥ ૮૩॥**

૬૪૮ મનોબુદ્ધિરંહકારોઃ—મન, બુદ્ધિ અને અહંકારરૂપ, ૬૪૯ ક્ષેત્રજ્ઞઃ આત્મા, ૬૫૦ ક્ષેત્રપાલકઃ—શરીરરૂપી ખેતરનું પાલન કરનારા પરમાત્મા, ૬૫૧ જમદગ્નિઃ—નામના ઋષિરૂપ, ૬૫૨ બલનિધિઃ અનંત બળના સાગર, ૬૫૩ વિગાલઃ- પોતાની જટામાંથી ગંગાજીના જળને ટપકાવનારા, ૬૫૪ વિશ્વગાલવઃ—વિશ્વવિખ્યાત ગાલવ મુનિ અથવા પ્રલયકાળમાં કાલાગ્નિસ્વરૂપે જગતને ગળી જનારા॥ ૮૩॥

**અઘોરોઽનુત્તરો યજ્ઞઃ શ્રેષ્ઠો નિઃશ્રેયસપ્રદઃ।**
**શૈલો ગગનકુન્દાભો દાનવારિરરિંદમઃ ॥ ૮૪॥**

૬૫૫ અઘોરઃ—સૌમ્યરૂપવાળા, ૬૫૬ અનુત્તરઃ—સર્વશ્રેષ્ઠ, ૬૫૭ યજ્ઞઃ—શ્રેષ્ઠઃ—શ્રેષ્ઠ યજ્ઞરૂપ, ૬૫૮ નિઃશ્રેયસપ્રદઃ કલ્યાણદાતા ૬૫૯ શૈલઃ—શિલામય લિંગરૂપ, ૬૬૦ ગગનકુંદાભઃ—આકાશકુન્દ-ચંદ્રમા સમાન ગૌર કાન્તિવાળા, ૬૬૧ દાનવારિઃ–દાનવશત્રુ, ૬૬૨ અરિંદમઃ–શત્રુઓનું દમન કરનારા ॥ ૮૪ ॥

**રજનીજનકશ્ચાર્નિનિશલ્યો લોકશલ્યધૃક્ ।**
**ચતુર્વેદશ્ચતુર્ભાવશ્ચતુરશ્ચતુરપ્રિયઃ ॥ ૮૫॥**

૬૬૩ રજનીજનકશ્ચારુઃ–સુંદર નિશાકરરૂપ, ૬૬૪ નિઃશલ્યઃ–નિષ્કંટક, ૬૬૫ લોકશલ્યધૃક્–શરણાગતજનોના શોકશલ્યને કાઢનાર અને તે સ્વયં ધારણ કરનારા, ૬૬૬ ચતુર્વેદઃ–ચારે વેદો દ્વારા જાણવા યોગ્ય, ૬૬૭ ચતુર્ભાવઃ–ચારેય પુરુષાર્થોની પ્રાપ્તિ કરાવનાર, ૬૬૮ ચતુરશ્ચતુરપ્રિયઃ–ચતુર અને ચતુર પુરુષોના પ્રિયા ॥ ૮૫॥

**આમ્નાયોઽથ સમામ્નાયસ્તીર્થદેવશિવાલયઃ।**
**બહુરૂપો મહારૂપઃ સર્વરૂપશ્ચરાચરઃ ॥ ૮૬॥**

૬૬૯ આમ્નાયઃ–વેદસ્વરૂપ, ૬૭૦ સમામ્નાયઃ–અક્ષર સમામ્નાય-શિવસૂત્રરૂપ, ૬૭૧ તીર્થદેવશિલાલયઃ–તીર્થોના દેવતા અને શિવાલયરૂપ, ૬૭૨ બહુરૂપઃ–અનેકરૂપવાળા, ૬૭૩ મહારૂપઃ–વિરાટરૂપધારી, ૬૭૪ સર્વરૂપશ્ચરાચરઃ–ચર અને અચર સંપૂર્ણ રૂપવાળા ॥ ૮૬॥

**ન્યાયનિર્માયકો ન્યાયીન્યાયગમ્યો નિરંજનઃ।**
**સહસ્રમૂર્દ્ધા દેવેન્દ્રઃ સર્વશસ્ત્રપ્રભંજનઃ ॥ ૮૭॥**

૬૭૫ ન્યાયનિર્માયકો ન્યાયી - ન્યાયકર્તા તથા ન્યાયશીલ, ૬૭૬ ન્યાયગમ્યઃ–ન્યાયયુક્ત આચરણથી પ્રાપ્ત થવાને યોગ્ય, ૬૭૭ નિરંજનઃ–નિર્મલ, ૬૭૮ સહસ્રમૂર્દ્ધા–સહસ્ર મસ્તકવાળા, ૬૭૯ દેવેન્દ્રઃ–દેવતાઓના સ્વામી, ૬૮૦ સર્વશસ્ત્રપ્રભંજનઃ–વિપક્ષી યોદ્ધાઓમાં સંપૂર્ણ શસ્ત્રોનો નાશ કરનારા ॥ ૮૭॥

**મુંડો વિરૂપો વિકાન્તો દંડી દાન્તો ગુણોત્તમઃ।**
**પિંગલાક્ષો જનાધ્યક્ષો નીલગ્રીવો નિરામયઃ ॥ ૮૮॥**

૬૮૧ મુંડઃ—મૂંડાવેલા મસ્તકવાળા સંન્યાસી, ૬૮૨ વિરૂપઃ—વિવિધ રૂપવાળા, ૬૮૩ વિક્રાન્તઃ— વિક્રમશીલ, ૬૮૪ દંડી—દંડધારી, ૬૮૫ દાન્તઃ— મન અને ઇન્દ્રિયોનું દમન કરનારા, ૬૮૬ ગુણોત્તમઃ—ગુણોમાં સૌથી શ્રેષ્ઠ, ૬૮૭ પિંગલાક્ષઃ— પિંગળ નેત્રોવાળા, ૬૮૮ જનાધ્યક્ષઃ—જીવમાત્રના સાક્ષી, ૬૮૯ નીલગ્રીવઃ—નીલકંઠ, ૬૯૦ નિરામયઃ—નીરોગ ॥ ૮૮॥

**સહસ્રબાહુઃ સર્વેશઃ શરણ્યઃ સર્વલોકધૃક્ ।**
**પદ્માસનઃ પરં જ્યોતિઃ પારમ્પર્યફલપ્રદઃ ॥ ૮૯॥**

૬૯૧ સહસ્રબાહુઃ—હજારો ભુજાઓવાળા, ૬૯૨ સર્વેશઃ—સૌના સ્વામી, ૬૯૩ શરણ્યઃ—શરણાગતના હિતેષી, ૬૯૪ સર્વ-લોકધૃક્-સંપૂર્ણ લોકોને ધારણ કરનારા, ૬૯૫ પદ્માસનઃ—કમળના આસન પર બિરાજમાન, ૬૯૬ પરં જ્યોતિઃ—પરમ પ્રકાશ સ્વરૂપ, ૬૯૭ પારંપર્યફલપ્રદઃ—પરંપરાગત ફળની પ્રાપ્તિ કરાવનારા ॥ ૮૯॥

**પદ્મગર્ભો મહાગર્ભો વિશ્વગર્ભો વિચક્ષણઃ ।**
**પરાવરજ્ઞો વરદો વરેણ્યશ્ચ મહાસ્વનઃ ॥ ૯૦॥**

૬૯૮ પદ્મગર્ભઃ—પોતાની નાભિથી કમળને પ્રગટ કરનારા વિષ્ણુરૂપ, ૬૯૯ મહાગર્ભઃ—વિરાટ બ્રહ્માંડને ગર્ભમાં ધારણ કરવાને કારણે મહાન ગર્ભવાળા, ૭૦૦ વિશ્વગર્ભઃ—સંપૂર્ણ જગતને પોતાના ઉદરમાં ધારણ કરનારા, ૭૦૧ વિચક્ષણઃ— ચતુર, ૭૦૨ પરાવરજ્ઞઃ—કારણ અને કાર્યના જ્ઞાતા, ૭૦૩ વરદઃ—મનોવાંછિત વરદાન આપનારા, ૭૦૪ વરેણ્યઃ—વરણીય અથવા શ્રેષ્ઠ, ૭૦૫ મહાસ્વનઃ—ડમરુનો ગંભીર નાદ કરનારા ॥ ૯૦॥

**દેવાસુરગુરુર્દેવો દેવાસુરનમસ્કૃતઃ ।**
**દેવાસુરમહામિત્રો દેવાસુરમહેશ્વરઃ ॥ ૯૧॥**

૭૦૬ દેવાસુરગુરુર્દેવઃ—દેવતાઓ તથા અસુરોના ગુરુદેવ તથા આરાધ્ય, ૭૦૭ દેવાસુરનમસ્કૃતઃ— દેવતાઓ તથા અસુરોથી વંદિત, ૭૦૮ દેવાસુરમહામિત્રઃ—દેવતા તથા અસુર બંનેના મોટા મિત્ર, ૭૦૯ દેવાસુરમહેશ્વરઃ—દેવતા અને અસુરોના મહાન ઈશ્વર ॥ ૯૧॥

**દેવાસુરેશ્વરો દિવ્યો દેવાસુરમહાશ્રયઃ ।**
**દેવદેવમયોઽચિંત્યો દેવદેવાત્મસંભવઃ ॥ ૯૨॥**

૭૧૦ દેવાસુરેશ્વરઃ—દેવતાઓ અને અસુરના શાસક, ૭૧૧ દિવ્યઃ—અલૌકિક સ્વરૂપવાળા, ૭૧૨ દેવાસુરમહેશ્વરઃ—દેવતાઓ અને અસુરોના મહાન આશ્રય, ૭૧૩ દેવદેવમયઃ—દેવતાઓને માટે પણ દેવતારૂપ, ૭૧૪ અચિંત્યઃ—ચિત્તની સીમાની આગળ વિદ્યમાન, ૭૧૫ દેવદેવાત્મસંભવઃ—દેવાધિદેવ બ્રહ્માજી રુદ્રરૂપે ઉત્પન્ન ॥ ૯૨॥

**સદ્યોનિરસુરવ્યાઘ્રો દેવસિંહો દિવાકરઃ ।**
**વિબુધાગ્રચરશ્રેષ્ઠઃ સર્વદેવત્તમોત્તમઃ ॥ ૯૩॥**

૭૧૬ સદ્યોનિઃ—સત્ પદાર્થોની ઉત્પત્તિનો હેતુ, ૭૧૭ અસુરવ્યાઘ્રઃ—અસુરોનો વિનાશ કરવા માટે વ્યાઘ્રરૂપ, ૭૧૮ દેવસિંહઃ—દેવતાઓમાં શ્રેષ્ઠ, ૭૧૯ દિવાકરઃ— સૂર્યરૂપ, ૭૨૦ વિબુધાગ્રચરશ્રેષ્ઠઃ—દેવતાઓના નાયકોમાં સર્વશ્રેષ્ઠ, ૭૨૧ સર્વદેવોત્તમોત્તમઃ—સંપૂર્ણ શ્રેષ્ઠ દેવતાઓના પણ શિરોમણિ ॥ ૯૩॥

**શિવજ્ઞાનરતઃ શ્રીમાંછિખિશ્રીપર્વતપ્રિયઃ ।**
**વજ્રહસ્તઃ સિદ્ધખડ્ગો નરસિંહનિપાતનઃ ॥ ૯૪॥**

૭૨૨ શિવજ્ઞાનરતઃ— કલ્યાણમય શિવતત્ત્વના વિચારમાં તત્પર, ૭૨૩ શ્રીમાન્—અણિમા વગેરે વિભૂતિઓથી સંપન્ન, ૭૨૪ શિખિશ્રીપર્વતપ્રિયઃ— કુમાર કાર્તિકેયના નિવાસભૂત શ્રીશૈલ નામના પર્વતને પ્રેમ કરનારા, ૭૨૫ વજ્રહસ્તઃ—વજ્રધારી ઇન્દ્રરૂપ, ૭૨૬ સિદ્ધખડ્ગઃ—શત્રુઓને મારી

હઠાવવામાં જેની તલવાર ક્યારેય અસફળ નથી થતી એવા, ૭૨૭ નરસિંહનિપાતનઃ–શરભરૂપે નૃસિંહને ધરાશાયી કરનારા ॥ ૯૪॥

**બ્રહ્મચારી લોકચારી ધર્મચારી ધનાધિપઃ ।**
**નન્દી નંદીશ્વરોઽનન્તો નગ્નવ્રતધરઃ શુચિઃ ॥ ૯૫॥**

૭૨૮ બ્રહ્મચારી–ભગવતી ઉમાના પ્રેમની પરીક્ષા લેવા માટે બ્રહ્મચારીરૂપે પ્રગટ, ૭૨૯ લોકચારી–સમસ્તલોકોમાં વિહરનાર, ૭૩૦ ધર્મચારી–ધર્મનું આચરણ કરનારા, ધનાધિપઃ–ધનના અધિપતિ કુબેર, ૭૩૨ નંદી–નંદી નામના ગણ, ૭૩૩ નંદીશ્વરઃ–આ નામનો પ્રસિદ્ધ વૃષભ, ૭૩૪ અનંતઃ–અંતરહિત, ૭૩૫ નગ્નવ્રતધરઃ– દિગંબર રહેવાનું વ્રત ધારણ કરનારા, ૭૩૬ શુચિઃ–નિત્યશુદ્ધઃ ॥ ૯૫॥

**લિંગાધ્યક્ષઃ સુરાધ્યક્ષો યોગાધ્યક્ષો યુગાવહઃ ।**
**સ્વધર્મા સ્વર્ગતઃ સ્વર્ગસ્વરઃ સ્વરમયસ્વનઃ ॥ ૯૬॥**

૭૩૭ લિંગાધ્યક્ષઃ–લિંગદેહના દ્રષ્ટા, ૭૩૮ સુરાધ્યક્ષઃ–દેવતાઓના અધિપતિ, ૭૩૯ યોગાધ્યક્ષઃ–યોગેશ્વર, ૭૪૦ યુગાવહઃ–યુગના નિર્વાહક, ૭૪૧ સ્વધર્મા–આત્મવિચારરૂપ ધર્મમાં સ્થિત અથવા સ્વધર્મપરાયણ, ૭૪૨ સ્વર્ગતઃ–સ્વર્ગલોકમાં સ્થિત, ૭૪૩ સ્વર્ગસ્વરઃ–સ્વર્ગલોકમાં જેના યશનાં ગાન ગવાય છે તે, ૭૪૪ સ્વરમયસ્વનઃ–સાત પ્રકારના સ્વરોથી યુક્ત ધ્વનિવાળા ॥ ૯૬॥

**બાણાધ્યક્ષો બીજકર્તા ધર્મકૃદ્ધર્મસંભવઃ ।**
**દંભોઽલોભોઽર્થવિચ્છંભુઃ સર્વભૂત મહેશ્વરઃ ॥ ૯૭॥**

૭૪૫ બાણાધ્યક્ષો–બાણાસુરના સ્વામી અથવા બાણલિંગ નમર્દેશ્વરમાં અધિદેવતારૂપ સ્થિત, ૭૪૬ બીજકર્તા–બીજના ઉત્પાદક, ૭૪૭ ધર્મકૃદ્ધર્મસંભવઃ–ધર્મના પાલક તથા ઉત્પાદક, ૭૪૮ દંભઃ–માયામયરૂપધારી, ૭૪૯ અલોભઃ–લોભરહિત, ૭૫૦ અર્થવિચ્છંભુઃ–સર્વના પ્રયોજનને જાણનારા, કલ્યાણનિકેતન શિવ, ૭૫૧ સર્વભૂતમહેશ્વરઃ સંપૂર્ણ પ્રાણીઓના પરમેશ્વર ॥ ૯૭॥

**સ્મશાનનિલયસ્ત્ર્યક્ષઃ સેતુરપ્રતિમાકૃતિઃ ।**
**લોકોત્તરસ્ફુટાલોકસ્ત્ર્યમ્બકો નાગભૂષણઃ ॥ ૯૮॥**

૭૫૨ સ્મશાનનિલયઃ–સ્મશાનવાસી, ૭૫૩ ત્ર્યક્ષઃ–ત્રિનેત્રધારી, ૭૫૪ સેતુઃ–ધર્મમર્યાદાના પાલક, ૭૫૫ અપ્રતિમાકૃતિઃ–અનુપમરૂપવાળા, ૭૫૬ લોકોત્તરસ્ફુટાલોકઃ–અલૌકિક અને સુસ્પષ્ટ પ્રકાશથી યુક્ત ૭૫૭ ત્ર્યમ્બકઃ–ત્રિનેત્રધારી અથવા ત્ર્યમ્બક નામનું જ્યોતિર્લિંગ, ૭૫૮ નાગભૂષણઃ–નાગહારથી વિભૂષિત ॥ ૯૮॥

**અંધકારિર્મખદ્વેષી વિષ્ણુકન્ધરપાતનઃ ।**
**હીનદોષોઽક્ષયગુણો દક્ષારિઃ પૂષદન્તભિત્ ॥ ૯૯॥**

૭૫૯ અન્ધકારિઃ–અંધકાસુરનો વધ કરનારા, ૭૬૦ મખદ્વેષી–દક્ષના યજ્ઞનો વિધ્વંસ કરનારા, ૭૬૧ વિષ્ણુકન્ધરપાતનઃ–યજ્ઞમય વિષ્ણુનું ગળું કાપનારા, ૭૬૨ હીનદોષઃ–દોષરહિત, ૭૬૩ અક્ષયગુણઃ–અવિનાશી ગુણોથી સંપન્ન, ૭૬૪ દક્ષારિઃ–દક્ષદ્રોહી ૭૬૫ પૂષદન્તભિત્-પૂષા દેવતાના દાંત તોડનાર ॥ ૯૯॥

**ધૂર્જટિઃ ખંડપરશુઃ સકલો નિષ્કલોઽનઘઃ ।**
**અકાલઃ સકલાધારઃ પાંડુરાભો મૃડો નટઃ ॥ ૧૦૦॥**

૭૬૬ ધૂર્જટિઃ–જટાના ભારથી વિભૂષિત, ૭૬૭ ખંડપરશુઃ–ખંડિત પરશુવાળા, ૭૬૮ સકલો નિષ્કલઃ–સાકાર અને નિરાકાર પરમાત્મા, ૭૬૯ અનઘઃ–પાપના સ્પર્શથી શૂન્ય, ૭૭૦ અકાલઃ–કાલના પ્રભાવથી રહિત, ૭૭૧ સકલાધારઃ–સર્વનો આધાર, ૭૭૨ પાંડુરાભઃ–શ્વેત કાંતિવાળા, ૭૭૩ મૃડોનટઃ–સુખદાયક અને તાંડવનૃત્યકારી ॥ ૧૦૦॥

**પૂર્ણઃ પૂરયિતા પુણ્યઃ સકુમારઃ સુલોચનઃ ।**
**સામગેયપ્રિયોઽક્રૂરઃ પુણ્યકીર્તિરનામયઃ ॥ ૧૦૧॥**
૭૭૪ પૂર્ણઃ—સર્વવ્યાપી-પરબ્રહ્મ પરમાત્મા, ૭૭૫ પૂરયિતા—ભક્તોની અભિલાષા પૂર્ણ કરનારા, ૭૭૬ પુણ્યઃ—પરમપવિત્ર, ૭૭૭ સુકુમારઃ—સુંદર કુમાર છે જેનાં, એવા, ૭૭૮ સુલોચનઃ—સુંદર નેત્રવાળા, ૭૭૯ સામગેયપ્રિયઃ—સામગાનના પ્રેમી, ૭૮૦ અક્રૂરઃ—ક્રૂરતારહિત, ૭૮૧ પુણ્યકીર્તિઃ—પવિત્ર કીર્તિવાળા, અનામયઃ—શોકથી રોગથી રહિત ॥ ૧૦૧॥

**મનોજવસ્તીર્થકરો જટિલો જીવિતેશ્વરઃ ।**
**જીવિતાન્તકરો નિત્યો વસુરેતા વસુપ્રદઃ ॥ ૧૦૨॥**
૭૮૩ મનોજવઃ—મન-સમાન વેગવાળા, ૭૮૪ તીર્થકરઃ—તીર્થોના નિર્માતા, ૭૮૫ જટિલઃ—જટાધારી, ૭૮૬ જીવિતેશ્વરઃ—સૌના પ્રાણેશ્વર, ૭૮૭ જીવિતાન્તકરઃ—પ્રલયકાળમાં સૌના જીવનનો અંત કરનાર, ૭૮૮ નિત્યઃ—સનાતન, ૭૮૯ વસુરેતાઃ—સુવર્ણમય વીર્યવાળા, ૭૯૦ વસુપ્રદઃ—ધનદાતા ॥ ૧૦૨॥

**સદ્ગતિઃસત્કૃતિઃસિદ્ધિઃસજ્જાતિઃખલકંટકઃ ।**
**કલાધરો મહાકાલભૂતઃ સત્યપરાયણઃ ॥ ૧૦૩॥**
૭૯૧ સદ્ગતિઃ—સત્પુરુષોનો આશ્રય, ૭૯૨ સત્કૃતિઃ—શુભ કર્મ કરનારા, ૭૯૩ સિદ્ધિઃ—સિદ્ધિસ્વરૂપ, ૭૯૪ સજ્જાતિઃ—સત્પુરુષોના જન્મદાતા, ૭૯૫ ખલકંટકઃ—દુષ્ટોને માટે કાંટારૂપ, ૭૯૬ કલાધરઃ—કલાધારી, ૭૯૭ મહાકાલભૂત—મહાકાલ નામનું જ્યોતિર્લિંગસ્વરૂપ અથવા કાળના પણ કાળ હોવાથી મહાકાલ, ૭૯૮ સત્યપરાયણઃ—સત્યનિષ્ઠ ॥ ૧૦૩॥

**લોકલાવણ્યકર્તા ચ લોકોત્તરસુખાલયઃ ।**
**ચંદ્રસંજીવનઃ શાસ્તા લોકગૂઢો મહાધિપઃ ॥ ૧૦૪॥**
૭૯૯ લોકલાવણ્યકર્તા—સૌને સૌંદર્ય પ્રદાન કરનારા, ૮૦૦ લોકોત્તર-સુખાલયઃ—લોકોત્તર સુખનો આશ્રય, ૮૦૧, ચંદ્રસંજીવનઃ શાસ્તા—સોમનાથરૂપે ચંદ્રમાને જીવન પ્રદાન કરનારા સર્વશાસક શિવ, ૮૦૨ લોકગૂઢઃ—સમસ્ત સંસારમાં અવ્યક્તરૂપે વ્યાપક, ૮૦૩ મહાધિપઃ—મહેશ્વર ॥ ૧૦૪॥

**લોકબન્ધુર્લોકનાથઃ કૃતજ્ઞઃ કીર્તિભૂષણઃ ।**
**અનપાયોઽક્ષરઃ કાન્તઃ સર્વશસ્ત્રભૃતાં વરઃ ॥ ૧૦૫॥**
૮૦૪ લોકબન્ધુર્લોકનાથઃ—સંપૂર્ણ લોકોના બંધુ અને રક્ષક, ૮૦૫ કૃતજ્ઞઃ—ઉપકારને માનનારા, ૮૦૬ કીર્તિભૂષણઃ—ઉત્તમ યશથી વિભૂષિત, ૮૦૭ અનપાયોઽક્ષરઃ—વિનાશરહિત-અવિનાશી, ૮૦૮ કાન્તઃ—પ્રજાપતિ દક્ષનો અન્ત કરનાર, ૮૦૯ સર્વશસ્ત્રભૃતાં વરઃ—સંપૂર્ણ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠઃ ॥ ૧૦૫॥

**તેજોમયો દ્યુતિધરો લોકનામગ્રણીરણુઃ ।**
**શુચિસ્મિતઃ પ્રસન્નાત્મા દુર્જેયો દુરતિક્રમઃ ॥ ૧૦૬॥**
૮૧૦ તેજોમયો દ્યુતિધરઃ—તેજસ્વી અને કાન્તિમાન, ૮૧૧ લોકનામગ્રણીઃ—સંપૂર્ણ જગતને માટે અગ્રગણ્ય દેવતા અથવા જગતને આગળ વધારનાર, ૮૧૨ અણુઃ—અત્યંત સૂક્ષ્મ, ૮૧૩ શુચિસ્મિતઃ—પવિત્ર સ્મિતવાળા, ૮૧૪ પ્રસન્નાત્માઃ—હર્ષભર્યા હૃદયવાળા, ૮૧૫ દુર્જેયઃ—જેના પર વિજય પામવો અત્યંત કઠણ છે એવા, ૮૧૬ દુરતિક્રમઃ—દુર્લંઘ્ય ॥ ૧૦૬॥

**જ્યોતિર્મયો જગન્નાથો નિરાકારો જલેશ્વરઃ ।**
**તુમ્બવીણો મહાકોપો વિશોકઃ શોકનાશનઃ ॥ ૧૦૭॥**
૮૧૭ જ્યોતિર્મયઃ— તેજોમય, ૮૧૮ જગન્નાથઃ વિશ્વનાથ, ૮૧૯ નિરાકારઃ—આકારરહિત પરમાત્મા, ૮૨૦ જલેશ્વરઃ—જલના સ્વામી, ૮૨૧ તુંબવીણઃ—તૂંબીની વીણા વગાડનાર, ૮૨૨ મહાકોપઃ—સંહારને સમયે મહાન કોપ કરનાર,

૮૨૩ વિશોકઃ–શોકરહિત, ૮૨૪ શોકનાશનઃ–શોકનો નાશ કરનારા ॥ ૧૦૭॥

**ત્રિલોકપસ્ત્રિલોકેશઃ સર્વશુદ્ધિરધોક્ષજઃ ।**
**અવ્યક્તલક્ષણો દેવો વ્યક્તાવ્યક્તો વિશામ્પતિઃ ॥ ૧૦૮॥**

૮૨૫ ત્રિલોકપઃ–ત્રણે લોકોનું પાલન કરનારા, ૮૨૬ ત્રિલોકેશઃ–ત્રિભુવનના સ્વામી, ૮૨૭ સર્વશુદ્ધિઃ–સૌની શુદ્ધિ કરનારા, ૮૨૮ અધોક્ષજઃ–ઇન્દ્રિયો અને એના વિષયોથી અતીત, ૮૨૯ અવ્યક્તલક્ષણો દેવઃ–અવ્યક્ત લક્ષણવાળા દેવતા, ૮૩૦ વ્યક્તાવ્યક્તઃ–સ્થૂળસૂક્ષ્મરૂપ, ૮૩૧ વિશામ્પતિઃ–પ્રજાઓના પાલક ॥ ૧૦૮॥

**વરશીલો વરગુણઃ સારો માનધનો મયઃ ।**
**બ્રહ્મા વિષ્ણુઃ પ્રજાપાલો હંસો હંસગતિર્વયઃ ॥ ૧૦૯॥**

૮૩૨ વરશીલઃ–શ્રેષ્ઠ સ્વભાવવાળા, ૮૩૩ વરગુણઃ–ઉત્તમ ગુણોવાળા, ૮૩૪ સારઃ–સારતત્ત્વ, ૮૩૫ માનધનઃ–સ્વાભિમાનના સ્વામી, ૮૩૬ મયઃ–સુખસ્વરૂપ, ૮૩૭ બ્રહ્માઃ–સૃષ્ટિકર્તા બ્રહ્મા, ૮૩૮ વિષ્ણુઃ પ્રજાપાલઃ–પ્રજાપાલક વિષ્ણુ, ૮૩૯ હંસઃ–સૂર્યસ્વરૂપ, ૮૪૦ હંસગતિઃ–હંસ જેવી ચાલવાળા, ૮૪૧ વયઃ–ગરુડ પક્ષી ॥ ૧૦૯॥

**વેધા વિધાતા ધાતા ચ સ્રષ્ટા હર્તા ચતુર્મુખઃ ।**
**કૈલાસશિખરાવાસી સર્વાવાસી સદાગતિઃ ॥ ૧૧૦॥**

૮૪૨ વેધા વિધાતા ધાતા–બ્રહ્મા, ધાતા અને વિધાતા નામના દેવતા સ્વરૂપ, ૮૪૩ સ્રષ્ટા–સૃષ્ટિકર્તા, ૮૪૪ હર્તા–સંહારકારી, ૮૪૫ ચતુર્મુખઃ–ચાર મુખવાળા બ્રહ્મા, ૮૪૬ કૈલાસશિખરાવાસી–કૈલાસના શિખર ઉપર નિવાસ કરનારા, ૮૪૭ સર્વાવાસી–સર્વવ્યાપી, ૮૪૮ સદાગતિઃ–નિરંતર ગતિશીલ વાયુદેવતા ॥ ૧૧૦॥

**હિરણ્યગર્ભો દ્રુહિણો ભૂતપાલોઽથ ભૂપતિઃ ।**
**સદ્યોગી યોગવિદ્યોગી વરદો બ્રાહ્મણપ્રિયઃ ॥ ૧૧૧॥**

૮૪૯ હિરણ્યગર્ભઃ–બ્રહ્મા, ૮૫૦ દ્રુહિણઃ–બ્રહ્મા, ૮૫૧ ભૂતપાલઃ–પ્રાણીઓનું પાલન કરનારા, ૮૫૨ ભૂપતિઃ–પૃથ્વીના સ્વામી, ૮૫૩ સદ્યોગીઃ–શ્રેષ્ઠ યોગી, ૮૫૪ યોગવિદ્યોગી–યોગવિદ્યાના જ્ઞાતા યોગી, ૮૫૫ વરદઃ–વરદાન દેનારા, ૮૫૬ બ્રાહ્મણપ્રિયઃ–બ્રાહ્મણોના પ્રેમી ॥ ૧૧૧॥

**દેવપ્રિયો દેવનાથો દેવજ્ઞો દેવચિન્તકઃ ।**
**વિષમાક્ષો વિશાલાક્ષો વૃષદો વૃષવર્ધનઃ ॥ ૧૧૨॥**

૮૫૭ દેવપ્રિયો દેવનાથઃ–દેવતાઓના પ્રિય તથા રક્ષક, ૮૫૮ દેવજ્ઞઃ–દેવતત્ત્વના જ્ઞાતા, ૮૫૯ દેવચિન્તકઃ–દેવતાનો વિચાર કરનારા, ૮૬૦ વિષમાક્ષઃ–વિષમનેત્રવાળા, ૮૬૧ વિશાલાક્ષઃ–મોટાં મોટાં નેત્રવાળા, ૮૬૨ વૃષદો વૃષવર્ધનઃ–ધર્મનું દાન અને બુદ્ધિ કરનારા ॥ ૧૧૨॥

**નિર્મમો નિરહંકારો નિર્મોહો નિરુપદ્રવઃ ।**
**દર્પહા દર્પદો દૃપ્તઃ સર્વર્તુપરિવર્તકઃ ॥ ૧૧૩॥**

૮૬૩ નિર્મમઃ–મમતારહિત, ૮૬૪ નિરહંકારઃ–અહંકારશૂન્ય, ૮૬૫ નિર્મોહઃ–મોહશૂન્ય, ૮૬૬ નિરુપદ્રવઃ–ઉપદ્રવ અથવા ઉત્પાતથી દૂર, ૮૬૭ દર્પહા દર્પદઃ–દર્પનું હનન અને ખંડન કરનારા, ૮૬૮ દૃપ્તઃ–સ્વાભિમાની, ૮૬૯ સર્વર્તુપરિવર્તકઃ–સમસ્ત ઋતુઓને બદલતા રહેનારા ॥ ૧૧૩॥

**સહસ્રજિત્ સહસ્રાર્ચિઃ સ્નિગ્ધપ્રકૃતિદક્ષિણઃ ।**
**ભૂતભવ્યભવન્નાથઃ પ્રભવો ભૂતિનાશનઃ ॥ ૧૧૪॥**

૮૭૦ સહસ્રજિત્–હજારો પર વિજય પ્રાપ્ત કરનાર ૮૭૧ સહસ્રાર્ચિઃ–હજારો કિરણોથી પ્રકાશમાન સૂર્યરૂપ, ૮૭૨ સ્નિગ્ધપ્રકૃતિદક્ષિણઃ–સ્નેહયુક્ત સ્વભાવવાળા તથા ઉદાર, ૮૭૩ ભૂતભવ્યભવન્નાથઃ–ભૂત, ભવિષ્ય અને વર્તમાનના સ્વામી, ૮૭૪ પ્રભવઃ–સૌની ઉત્પત્તિનું કારણ, ૮૭૫ ભૂતિનાશનઃ–દુષ્ટોના ઐશ્વર્યનો નાશ કરનારા ॥ ૧૧૪॥

**અર્થોઽનર્થો મહાકોશો પરકાર્યૈક પંડિતઃ ।**
**નિષ્કંટકઃ કૃતાનન્દો નિર્વ્યાજો વ્યાજમર્દનઃ ॥ ૧૧૫॥**

૮૭૬ અર્થઃ–પરમ પુરુષાર્થરૂપ, ૮૭૭ અનર્થઃ–પ્રયોજનરહિત, ૮૭૮ મહાકોશઃ–અનંત ધનરાશિના સ્વામી, ૮૭૯ પરકાર્યૈકપંડિતઃ–પારકાનાં કાર્યોને સિદ્ધ કરવાની કલાના એક માત્ર વિદ્વાન, ૮૮૦ નિષ્કંટકઃ–કંટક રહિત, ૮૮૧ કૃતાનન્દઃ–નિત્યસિદ્ધ આનંદસ્વરૂપ, ૮૮૨ નિર્વ્યાજો વ્યાજમર્દનઃ–સ્વયં કપટરહિત થઈને બીજાને કપટને નાશ કરનાર ॥ ૧૧૫॥

**સત્ત્વવાન્સાત્ત્વિકઃ સત્યકીર્તિઃ સ્નેહકૃતાગમઃ ।**
**અકંપિતો ગુણગ્રાહી નૈકાત્મા નૈકકર્મકૃત્ ॥ ૧૧૬॥**

૮૮૩ સત્ત્વવાન્–સત્ત્વગુણથી યુક્ત, ૮૮૪ સાત્ત્વિકઃ–સત્ત્વનિષ્ઠ, ૮૮૫ સત્યકીર્તિઃ–સત્યકીર્તિવાળા, ૮૮૬ સ્નેહકૃતાગમઃ–જીવો પ્રત્યે સ્નેહને કારણે વિભિન્ન આગમોને પ્રકાશમાં લાવનારા, ૮૮૭ અકંપિતઃ–સુસ્થિર, ૮૮૮ ગુણગ્રાહી–ગુણોનો આદર કરનારા, ૮૮૯ નૈકાત્મા નૈકકર્મકૃત્–અનેકરૂપ થઈને અનેક પ્રકારનાં કર્મ કરનાર ॥ ૧૧૬॥

**સુપ્રીતઃ સુમુખઃ સૂક્ષ્મઃ સુકરો દક્ષિણાનિલઃ ।**
**નન્દિસ્કંધધરો ધુર્યઃ પ્રકટઃ પ્રીતિવર્ધનઃ ॥ ૧૧૭॥**

૮૯૦ સુપ્રીતઃ–અત્યંત પ્રસન્ન, ૮૯૧ સુમુખઃ–સુંદર મુખવાળા, ૮૯૨ સૂક્ષ્મઃ–સ્થૂળસ્વભાવથી રહિત, ૮૯૩ સુકરઃ–સુંદર હાથવાળા, ૮૯૪ દક્ષિણાનિલઃ–મલયાનિલની જેમ સુખદ, ૮૯૫ નન્દિસ્કંધધરઃ–નન્દીની પીઠ પર સવારી કરનારા, ૮૯૬ ધુર્યઃ–જવાબદારીનું ભાર વહન કરવામાં સમર્થ, ૮૯૭ પ્રકટઃ–ભક્તોની સામે પ્રગટ થનારા અથવા જ્ઞાનીઓ સામે નિત્ય પ્રગટ, ૮૯૮ પ્રીતિવર્ધનઃ–પ્રેમ વધારનારા ॥ ૧૧૭॥

**અપરાજિતઃ સર્વસત્ત્વો ગોવિન્દઃ સત્ત્વવાહનઃ ।**
**અધૃતઃ સ્વધૃતઃ સિદ્ધઃ પૂતમૂર્તિર્યશોધનઃ ॥ ૧૧૮॥**

૮૯૯ અપરાજિતઃ–કોઈથી પણ ન હારનારા, ૯૦૦ સર્વસત્ત્વઃ–સંપૂર્ણ સત્ત્વગુણનો આશ્રય અથવા સમસ્ત પ્રાણીઓની ઉત્પત્તિનું કારણ, ૯૦૧ ગોવિન્દઃ–ગોલોકની પ્રાપ્તિ કરાવનારા, ૯૦૨ સત્ત્વવાહનઃ–સત્ત્વસ્વરૂપ ધર્મમય વૃષભ પાસેથી વાહનનું કામ લેનારા, ૯૦૩ અધૃતઃ–આધારરહિત, ૯૦૪ સ્વધૃતઃ–પોતામાં જ સ્થિત, ૯૦૫ સિદ્ધઃ–નિત્યસિદ્ધ, ૯૦૬ પૂતમૂર્તિઃ–પવિત્ર શરીરવાળા, ૯૦૭ યશોધનઃ–સુયશના સ્વામી ॥ ૧૧૮॥

**વારાહશૃંગધૃક્છૃંગી બલવાનેકનાયકઃ ।**
**શ્રુતિપ્રકાશઃ શ્રુતિમાનેકબંધુરનેકકૃતઃ ॥ ૧૧૯॥**

૯૦૮ વારાહશૃંગધૃક્છૃંગી–વારાહને મારીને એના દાઢરૂપી શૃંગોને (શિંગડાંને) ધારણ કરવાને કારણ શૃંગી નામે પ્રસિદ્ધ, ૯૦૯ બલવાન્–શક્તિશાળી, ૯૧૦ એકનાયકઃ–અદ્વિતીય નેતા, ૯૧૧ શ્રુતિપ્રકાશઃ–વેદોને પ્રકાશિત કરનારા, ૯૧૨ શ્રુતિમાન્–વેદજ્ઞાનથી સંપન્ન, ૯૧૩ એકબન્ધુઃ–સૌના એકમાત્ર સહાયક, ૯૧૪ અનેકકૃત્–અનેક પ્રકારના પદાર્થોની સૃષ્ટિ કરનારા ॥ ૧૧૯॥

**શ્રીવત્સલશિવારંભઃ શાન્તભદ્રઃ સમો યશઃ ।**
**ભૂશયો ભૂષણો ભૂતિર્ભૂતકૃદ્ ભૂતભાવનઃ ॥ ૧૨૦॥**

૯૧૫ શ્રીવત્સલશિવારંભઃ–શ્રીવત્સધારી વિષ્ણુને માટે મંગલકારી, ૯૧૬ શાન્તભદ્રઃ–શાંત અને મંગલરૂપ, ૯૧૭ સમઃ–સર્વત્ર સમભાવ રાખનારા, ૯૧૮ યશઃ–યશસ્વરૂપ, ૯૧૯ ભૂશયઃ–પૃથ્વી પર શયન કરનારા, ૯૨૦ ભૂષણઃ સૌને વિભૂષિત કરનારા, ૯૨૧ ભૂતઃ–કલ્યાણસ્વરૂપ, ૯૨૨ ભૂતકૃત્–પ્રાણીઓની સૃષ્ટિ કરનારા, ૯૨૩ ભૂતભાવનઃ–ભૂતોના ઉત્પાદક ॥ ૧૨૦॥

**અકંપો ભક્તિકાયસ્તુ કાલહા નીલલોહિતઃ।**
**સત્યવ્રતમહાત્યાગી નિત્યશાંતિપરાયણઃ ॥ ૧૨૧॥**
૯૨૪ અકંપઃ–કંપિત ન થનારા, ૯૨૫ ભક્તિકાયઃ–ભક્તિસ્વરૂપ, ૯૨૬ કાલહા–કાલનાશક, ૯૨૭ નીલલોહિતઃ–નીલ અને લોહિત વર્ણવાળા, ૯૨૮ સત્યવ્રતમહાત્યાગી–સત્યવ્રતધારી અને મહાન ત્યાગી, ૯૨૯ નિત્ય શાંતિપરાયણઃ–નિરંતર શાંત રહેનારા ॥ ૧૨૧॥
**પરાર્થવૃત્તિર્વરદો વિરક્તસ્તુ વિશારદઃ।**
**શુભદઃ શુભકર્તા ચ શુભનામા શુભઃ સ્વયમ્ ॥ ૧૨૨॥**
૯૩૦ પરાર્થવૃત્તિર્વરદઃ–પરોપકારવ્રતી અને મનોવાંછિત વરદાન આપનારા, ૯૩૧ વિરક્તઃ–વૈરાગ્યવાન્, ૯૩૨ વિશારદઃ–વિજ્ઞાનવાન, ૯૩૩ શુભદઃ શુભકર્તા–શુભ આપનારા અને શુભ કરનારા, શુભનામા શુભઃ સ્વયમ્–સ્વયં શુભસ્વરૂપ હોવાને કારણે શુભનામધારી ॥ ૧૨૨॥
**અનર્થિતોઽગુણઃ સાક્ષી હ્યકર્તા કનકપ્રભઃ।**
**સ્વભાવભદ્રો મધ્યસ્થઃ શત્રુઘ્નો વિઘ્નનાશનઃ ॥ ૧૨૩॥**
૯૩૫ અનર્થિતઃ–યાચનારહિત, ૯૩૬ અગુણઃ–નિર્ગુણ, ૯૩૭ સાક્ષી અકર્તા–દ્રષ્ટા અને કર્તૃત્વરહિત, ૯૩૮ કનકપ્રભઃ–સુવર્ણ સમાન કાન્તિમાન, ૯૩૯ સ્વભાવભદ્રઃ–સ્વભાવતઃ કલ્યાણકારી, ૯૪૦ મધ્યસ્થઃ–ઉદાસીન, ૯૪૧ શત્રુઘ્નઃ–શત્રુનાશક, ૯૪૨ વિઘ્નનાશનઃ–વિઘ્નોનું નિવારણ કરનાર ॥ ૧૨૩॥
**શિખંડી કવચી શૂલી જટી મુંડી ચ કુંડલી।**
**અમૃત્યુઃ સર્વદૃક્સિંહસ્તેજોરાશિર્મહામણિઃ ॥ ૧૨૪॥**
૯૪૩ શિખંડી કવચી શૂલી–મોરપંખ, કવચ અને ત્રિશૂળ ધારણ કરનારા, ૯૪૪ જટી મુંડી કુંડલી–જટા, મુંડમાળા અને કવચ ધારણ કરનારા, ૯૪૫ અમૃત્યુઃ–મૃત્યુરહિત, ૯૪૬ સર્વદૃક્સિંહઃ–સર્વજ્ઞોમાં શ્રેષ્ઠ, ૯૪૭ તેજોરાશિર્મહામણિઃ–તેજઃ પુંજ મહામણિ કૌસ્તુભ વગેરે રૂપ ॥ ૧૨૪॥
**અસંખ્યેયોઽપ્રમેયાત્મા વીર્યવાન્ વીર્યકોવિદઃ।**
**વેદ્યશ્ચૈવ વિયોગાત્મા પરાવરમુનીશ્વરઃ ॥ ૧૨૫॥**
૯૪૮ અસંખ્યેયોઽપ્રમેયાત્મા–અસંખ્ય નામ, રૂપ અને ગુણોથી યુક્ત હોવાને કારણે કોઈનાથી પણ માપી ન શકનારા, ૯૪૯ વીર્યવાન્ વીર્યકોવિદઃ–પરાક્રમી અને પરાક્રમના જ્ઞાતા, ૯૫૦ વેદ્યઃ–જાણવાયોગ્ય, ૯૫૧ વિયોગાત્મા–દીર્ઘકાળ સુધી સતીના વિયોગમાં અથવા વિશિષ્ટ યોગની સાધનામાં સંલગ્ન મનવાળા, ૯૫૨ પરાવરમુનીશ્વરઃ–ભૂત અને ભવિષ્યના જ્ઞાતા મુનીશ્વરરૂપ ॥ ૧૨૫॥
**અનુત્તમો દુરાધર્ષો મધુરપ્રિયદર્શનઃ।**
**સુરેશઃ શરણં સર્વઃ શબ્દબ્રહ્મ સતાં ગતિઃ ॥ ૧૨૬॥**
૯૫૩ અનુત્તમો દુરાધર્ષઃ–સર્વોત્તમ અને દુર્જય, ૯૫૪ મધુરપ્રિયદર્શનઃ–જેમનું દર્શન મનોહર અને પ્રિય લાગે છે એવા, ૯૫૫ સુરેશઃ–દેવતાઓના ઈશ્વર, ૯૫૬ શરણમ્–આશ્રયદાતા, ૯૫૭ સર્વઃ–સર્વસ્વરૂપ, ૯૫૮ શબ્દબ્રહ્મ સતાં ગતિઃ–પ્રણવરૂપ તથા સત્પુરુષોનો આશ્રય ॥ ૧૨૬॥
**કાલપક્ષઃ કાલકાલઃ કંકણીકૃતવાસુકિઃ।**
**મહેષ્વાસો મહીભર્તા નિષ્કલંકો વિશૃંખલઃ ॥ ૧૨૭॥**
૯૫૯ કાલપક્ષઃ–કાલ જેનો સહાયક છે એવા, ૯૬૦ કાલકાલઃ–કાળના પણ કાળ, ૯૬૧ કંકણીકૃતવાસુકિઃ–વાસુકિ નાગને પોતાના હાથમાં કંગનની જેમ ધારણ કરનારા, ૯૬૨ મહેષ્વાસો–મહાધનુર્ધર, ૯૬૩ મહીભર્તા–પૃથ્વીપાલક, ૯૬૪ નિષ્કલંકઃ–કલંકશૂન્ય, ૯૬૫ વિશૃંખલઃ–બન્ધનરહિત ॥ ૧૨૭॥
**દ્યુમણિસ્તરણિર્ધન્યઃ સિદ્ધિદઃ સિદ્ધિસાધનઃ।**
**વિશ્વતઃ સંવૃતઃ સ્તુત્યો વ્યૂઢોરસ્કો મહાભુજઃ ॥ ૧૨૮॥**

૯૬૬ દ્યુમણિસ્તરણિઃ—આકાશમાં મણિ સમાન પ્રકાશમાન અને ભક્તોને ભવસાગરથી તારવા માટે નૌકારૂપ સૂર્ય, ૯૬૭ ધન્યઃ—કૃતકૃત્ય, ૯૬૮ સિદ્ધિદઃ સિદ્ધિસાધનઃ—સિદ્ધિદાતા અને સિદ્ધિના સાધક, ૯૬૯ વિશ્વતઃ સંવૃત્તઃ—બધી બાજુએથી માયાથી આવૃત્ત, ૯૭૦ સ્તુત્યઃ—સ્તુતિને યોગ્ય, ૯૭૧ વ્યૂઢોરસ્કઃ—પહોળી છાતીવાળા, ૯૭૨ મહાભુજઃ—બહુ મોટી ભુજાવાળા ॥ ૧૨૮॥

**સર્વયોનિર્નિરાતંકો નરનારાયણપ્રિયઃ ।**
**નિર્લેપો નિષ્પ્રપંચાત્મા નિર્વ્યંગો વ્યંગનાશનઃ ॥ ૧૨૯॥**

૯૭૩ સર્વયોનિઃ—સૌની ઉત્પત્તિનું સ્થાન, ૯૭૪ નિરાતંકઃ—નિર્ભય, ૯૭૫ નરનારાયણપ્રિયઃ—નરનારાયણના પ્રેમી અથવા પ્રિયતમ, ૯૭૬ નિર્લેપો નિષ્પ્રપંચાત્માઃ—દોષસંપર્કથી રહિત તથા જગતપ્રપંચથી અતીતરૂપવાળા, ૯૭૭, નિર્વ્યંગઃ—વિશિષ્ટ અંગવાળાં પ્રાણીઓના પ્રાગટ્યમાં કારણરૂપ હેતુ, ૯૭૮ વ્યંગનાશનઃ—યજ્ઞ વગરે કર્મમાં થનારા અંગવૈગુણ્યનો નાશ કરનારા ॥ ૧૨૯॥

**સ્તવ્યઃ સ્તવપ્રિયઃ સ્તોતા વ્યાસમૂર્તિર્નિરંકુશઃ ।**
**નિરવદ્યમયોપાયો વિદ્યારાશી રસપ્રિયઃ ॥ ૧૩૦॥**

૯૭૯ સ્તવ્યઃ—સ્તુતિને યોગ્ય, ૯૮૦ સ્તવપ્રિયઃ-સ્તુતિના પ્રેમી, ૯૮૧ સ્તોતા-સ્તુતિ કરનારા, ૯૮૨ વ્યાસમૂર્તિઃ- વ્યાસસ્વરૂપ, ૯૮૩ નિરંકુશઃ-અંકુશરહિત સ્વતંત્ર, ૯૮૪ નિરવદ્યમયોપાયઃ મોક્ષ પ્રાપ્તિના નિર્દોષ ઉપાયરૂપ, ૯૮૫ વિદ્યારાશિઃ વિદ્યાઓના સાગર, ૯૮૬ રસપ્રિયઃ બ્રહ્માનંદરસના પ્રેમી ॥ ૧૩૦॥

**પ્રશાંત બુદ્ધિરક્ષુણ્ણઃ સંગ્રહી નિત્યસુન્દરઃ ।**
**વૈયાઘ્રધુર્યો ધાત્રીશઃ શાકલ્યઃ શર્વરીપતિ ॥ ૧૩૧॥**

૯૮૭ પ્રશાન્ત બુદ્ધિઃ—શાંત બુદ્ધિવાળા, ૯૮૮ અક્ષુણ્ણ-ક્ષોભ અથવા નાશથી રહિત, ૯૮૯ સંગ્રહી-ભક્તોનો સંગ્રહ કરનારા, ૯૯૦ નિત્યસુંદરઃ સતત મનોહર ૯૯૧ વૈયાઘ્રધુર્યઃ વ્યાઘ્રચર્મધારી, ૯૯૨ ધાત્રીશઃ—બ્રહ્માજીના સ્વામી, ૯૯૩ શાકલ્યઃ શાકલ્ય ઋષિરૂપ, ૯૯૪ શર્વરીપતિઃ રાત્રિના સ્વામી ચંદ્રમારૂપ ॥ ૧૩૧॥

**પરમાર્થગુરુર્દત્તઃ સૂરિરાશ્રિતવત્સલઃ ।**
**સોમો રસજ્ઞો રસદઃ સર્વસત્ત્વાવલંબનઃ ॥ ૧૩૨॥**

૯૯૫ પરમાર્થ ગુરુર્દત્તઃ સૂરિઃ—પરમાર્થ તત્ત્વનો ઉપદેશ દેનારા જ્ઞાની ગુરુ દત્તાત્રેયરૂપ, ૯૯૬ આશ્રિતવત્સલઃ—શરણાગતો પર દયા કરનારા, ૯૯૭ સોમઃ—ઉમાસહિત ૯૯૮ રસજ્ઞઃ—ભક્તિરસના જ્ઞાતા, ૯૯૯ રસદઃ—પ્રેમરસ પ્રદાન કરનારા, ૧૦૦૦ સર્વ સત્ત્વાવલંબન સમસ્ત પ્રાણીઓને સહારો આપનારા ॥ ૧૩૨॥

આ રીતે શ્રીહરિ પ્રતિદિન સહસ્ર નામ દ્વારા ભગવાન શિવની સ્તુતિ, સહસ્ર કમળો દ્વારા એમનું પૂજન અને પ્રાર્થના કર્યા કરતા હતા. એક દિવસ ભગવાન શિવની લીલાથી એક કમળ ઘટ્યું તેથી ભગવાન વિષ્ણુએ પોતાના કમલ-જેવા નેત્રને ચડાવી દીધું. આવી રીતે એમના પૂજિત અને પ્રસન્ન થઈને શિવે એમને ચક્ર આપ્યું અને આ પ્રકારે કહ્યું—'હે હરે! બધા જ પ્રકારના અનર્થોની શાંતિ માટે તમારે મારા સ્વરૂપનું ધ્યાન કરવું જોઈએ. અનેકાનેક દુઃખોનો નાશ કરવા માટે આ સહસ્ર નામનો પાઠ કરશે અથવા કરાવશે, એમને સ્વપ્નમાં પણ કોઈ દુઃખ પ્રાપ્ત થશે નહિ. રાજાઓ તરફથી સંકટ આવે તો જો મનુષ્ય સાંગોપાંગ વિધિપૂર્વક આ સહસ્રનામસ્તોત્રનો સો વાર પાઠ કરે તો નિશ્ચય જ તે કલ્યાણનો ભાગી બને છે. આ ઉત્તમ સ્તોત્ર રોગનાશક, વિદ્યા અને ધન દેનાર, સંપૂર્ણ મનોવાંછિતનું પ્રદાન કરનાર, પુણ્યજનક અને

શિવભક્તિ આપનારું આ સ્તોત્ર છે. જે ફળના ઉદ્દેશ્યથી મનુષ્ય અહીં આ શ્રેષ્ઠ સ્તોત્રનો પાઠ કરશે એ ઉદ્દેશને નિઃસંદેહ પ્રાપ્ત કરી લેશે. જે રોજ સવારે ઊઠીને મારી પૂજા પછી મારી સામે આનો પાઠ કરે છે, સિદ્ધિ ક્યારેય એનાથી દૂર જતી નથી. એને આ લોકમાં સંપૂર્ણ મનોવાંછિત આપનારી સિદ્ધિ પૂર્ણતયા પ્રાપ્ત થાય છે અને અંતે સાયુજ્ય મોક્ષનો ભાગી બને છે, એમાં સંશય નથી.'

**સૂતજી કહે છે**—હે મુનીશ્વરો! આવું કહીને સર્વદેવેશ્વર ભગવાન રુદ્ર શ્રીહરિના અંગને સ્પર્શ કરે છે અને એમના દેખતાં દેખતાં જ અંતર્ધાન થઈ ગયા. ભગવાન વિ[ષ્ણુ] શંકરજીના વચનથી તથા એ શુભ ચક્ર[...] કરીને મનમાં ને મનમાં બહુ જ પ્રસ[ન્ન] પછી એ પ્રતિદિન શંભુના ધ્યાનપૂ[ર્વક] સ્તોત્રનો પાઠ કરવા લાગ્યા. એમણે [...] ભક્તોને પણ આનો જ ઉપદેશ કર્યો. [...] પ્રશ્નને અનુસાર મેં આ પ્રસંગ કહ્યો [...] શ્રોતાઓનાં પાપને હરી લે છે. હવે [...] સાંભળવા ચાહો છો?

(અધ્યાય [...]

*

# ભગવાન શિવને સંતુષ્ટ કરનારાં વ્રતોનું વર્ણન, શિવરાત્રિ-વ્રતની વિ[ધિ ...] મહિમાનું કથન

તદનંતર ઋષિઓના પૂછવા પર સૂતજીએ શિવજીની આરાધના દ્વારા ઉત્તમ અને મનોવાંછિત ફળ પ્રાપ્ત કરનારાં ઘણાંબધાં મહાન સ્ત્રી-પુરુષોનાં નામ બતાવ્યાં. એ પછી ઋષિઓએ પુનઃ પૂછ્યું—'હે વ્યાસશિષ્ય! કયા વ્રતથી સંતુષ્ટ થઈને ભગવાન શિવ ઉત્તમ ઉત્તમ સુખનું પ્રદાન કરે છે? જે વ્રતના અનુષ્ઠાનથી ભક્તજનોને ભોગ અને મોક્ષની પ્રાપ્તિ થઈ શકે, એનું આપ વિશેષરૂપે વર્ણન કરો.'

**સૂતજીએ કહ્યું**—હે મહર્ષિઓ! તમે જે કાંઈ પૂછ્યું છે, એ જ વાત કોઈ એક સમયે બ્રહ્મા, વિષ્ણુ અને પાર્વતીજીએ ભગવાન શિવને પૂછી હતી. એના ઉત્તરમાં શિવજીએ જે કાંઈ કહ્યું, એ હું તમને સૌને બતાવી રહ્યો છું.

**ભગવાન શિવ બોલ્યા**—મારાં ઘણાંબધાં વ્રત છે, જે ભોગ અને મોક્ષ પ્રદાન કરનારાં છે. એમાં મુખ્ય દશ વ્રત છે, જેને [...] શ્રુતિના વિદ્વાન 'દશ શૈવવ્રત' કહે છે. [...] સદા યત્નપૂર્વક આ વ્રતોનું પાલન કરવું [...] હે હરે! પ્રત્યેક આઠમે કેવળ રાત્રે જ [...] કરવું. વિશેષતઃ વદની આઠમે ભોજનન[ો] ત્યાગ કરવો. શુક્લ પક્ષની અગિયા[રસે] ભોજન છોડી દેવું. પરંતુ કૃષ્ણપક્ષની એ[...] રાત્રે મારું પૂજન કરીને પછી ભોજન ક[...] છે. શુક્લપક્ષની ચૌદશે તો શિવવ્રતધારી [...] માટે ભોજનનો સર્વથા નિષેધ છે. બંને પ[...] સુદ અને વદમાં - દરેક સોમવારે પ્ર[...] માત્ર રાત્રે જ ભોજન કરવું જોઈએ. [...] વ્રતમાં તત્પર રહેનારા લોકો માટે આ [...] નિયમ છે. આ બધાં વ્રતોમાં વ્રતની પ[...] પોતાની શક્તિ અનુસાર શિવભક્ત [...] ભોજન કરાવવું જોઈએ. દ્વિજોએ [...]

વ્રતોનું નિયમ-પૂર્વક પાલન કરવું જોઈએ. જે દ્વિજ આનો ત્યાગ કરે છે, તે ચોર થાય છે. મુક્તિમાર્ગમાં પ્રવીણ પુરુષોની મોક્ષની પ્રાપ્તિ કરાવનાર ચાર વ્રતોનું નિયમપૂર્વક પાલન કરવું જોઈએ. એ ચાર વ્રત આ પ્રકારે છે : ભગવાન શિવની પૂજા, રુદ્રમંત્રોનો જપ, શિવમંદિરમાં ઉપવાસ અને કાશીમાં મરણ. આ મોક્ષના સનાતન માર્ગ છે. સોમવારની આઠમ અને કૃષ્ણપક્ષની ચૌદશ-આ બે તિથિઓને દિવસે ઉપવાસપૂર્વક વ્રત કરવામાં આવે તો તે ભગવાન શિવને સંતુષ્ટ કરનારું થાય છે, એમાં અન્યથા વિચાર કરવાની આવશ્યકતા નથી.

હે હરે! આ ચારેયમાં પણ શિવરાત્રિનું વ્રત જ સૌથી અધિક બળવાન છે. એટલા માટે ભોગ અને મોક્ષની ઈચ્છા રાખનારે મુખ્યતઃ એનું જ પાલન કરવું જોઈએ. આ વ્રત સિવાય બીજું કોઈ મનુષ્યોને માટે હિતકારક વ્રત નથી. આ વ્રત સર્વને માટે ધર્મનું ઉત્તમ સાધન છે. નિષ્કામ અથવા સકામ ભાવ રાખનારા બધા જ મનુષ્યો, વર્ણો, આશ્રમો, સ્ત્રીઓ, બાળકો, દાસો, દાસીઓ તથા દેવતા વગેરે બધાં જ દેહધારીઓ માટે આ શ્રેષ્ઠ વ્રત હિતકારક ગણવામાં આવ્યું છે.

માઘમાસના* કૃષ્ણપક્ષમાં શિવરાત્રિ તિથિનું વિશેષ માહાત્મ્ય ગણાયું છે. જે દિવસે અડધી રાતના સમય સુધી એ તિથિ વિદ્યમાન હોય, એ જ દિવસે એને વ્રતને માટે ગ્રાહ્ય ગણવી જોઈએ. શિવરાત્રિ કરોડો હત્યાઓનાં પાપનો નાશ કરનારી છે. હે કેશવ! એ દિવસે સવારથી લઈને જે કાર્ય કરવું આવશ્યક હોય છે, તે હું પ્રસન્નતાપૂર્વક તમને બતાવી રહ્યો છું, તમે ધ્યાન દઈને સાંભળો. બુદ્ધિમાન પુરુષ સવારે ઊઠીને બહુ આનંદપૂર્વક સ્નાન વગેરે નિત્ય કર્મ કરે. આળસને તો પાસે ફરકવા જ ન દે. પછી શિવાલયમાં જઈને શિવલિંગનું વિધિવત્ પૂજન કરીને મુજને - શિવને નમસ્કાર કરીને પછી ઉત્તમ રીતિથી સંકલ્પ કરે.

### સંકલ્પ

દેવદેવ મહાદેવ નીલકંઠ નમોઽસ્તુ તે।
કર્તુમિચ્છામ્યહં દેવ શિવરાત્રિવ્રતં તવ॥
તવ પ્રભાવાદેવેશ નિર્વિઘ્નેન ભવેદિતિ।
કામાદ્યાઃ શત્રવો માં વૈ પીડાં કુર્વન્તુ નૈવ હિ॥

'હે દેવદેવ! હે મહાદેવ! હે નીલકંઠ! આપને નમસ્કાર છે. હે દેવ! હું આપના શિવરાત્રિ-વ્રતનું અનુષ્ઠાન કરવા ચાહું છું. હે દેવેશ્વર! આપના પ્રભાવથી આ વ્રત વિઘ્ન બાધા વગર પૂર્ણ થાઓ અને કામ વગેરે શત્રુ મને પીડા ન આપે.'

આવો સંકલ્પ કરીને પૂજન-સામગ્રીનો સંગ્રહ કરે અને ઉત્તમ સ્થાનમાં જે શાસ્ત્ર પ્રસિદ્ધ શિવલિંગ હોય, એની પાસે રાત્રે જઈને સ્વયં ઉત્તમ વિધિ-વિધાનનું સંપાદન કરે; પછી શિવના દક્ષિણ ભાગમાં સુન્દર સ્થાન પર બેસીને એમની પાસે જ પૂજા માટે એકત્ર કરેલી સામગ્રી મૂકે. તદનંતર શ્રેષ્ઠ પુરુષ ત્યાં ફરી સ્નાન કરે. સ્નાન પછી સુંદર વસ્ત્ર અને ઉપવસ્ત્ર ધારણ કરીને ત્રણ વાર આચમન કર્યા પછી પૂજનનો આરંભ કરે. જે મંત્રને માટે જે દ્રવ્ય નિયત હોય, નક્કી કરેલું હોય, એ મંત્રનું ઉચ્ચારણ કરીને એ જ દ્રવ્ય

* શુક્લ પક્ષથી માસનો આરંભ માનવાથી ફાગણ માસની વદ તેરશ માઘ માસની કહેવામાં આવી છે. જ્યાં કૃષ્ણ પક્ષથી માસનો આરંભ મનાય છે, એમને અનુસાર અહીં માઘનો અર્થ ફાગણ સમજવો જોઈએ.

દ્વારા પૂજા કરવી જોઈએ. મંત્ર વગર મહાદેવજીની પૂજા ન કરવી જોઈએ. ગીત, વાદ્ય, નૃત્ય વગેરે સાથે ભક્તિભાવથી સંપન્ન થઈ પ્રથમ પ્રહરમાં પૂજન કરીને વિદ્વાન પુરુષ મંત્રનો જપ કરે. જો મંત્રજ્ઞ પુરુષ એ સમયે શ્રેષ્ઠ પાર્થિવ લિંગનું નિર્માણ કરે તો નિત્યકર્મ કર્યા પછી પાર્થિવ લિંગનું જ પૂજન કરે. પહેલાં પાર્થિવ બનાવીને પછી એની વિધિવત્ સ્થાપના કરે. પછી પૂજન કર્યા બાદ વિવિધ-પ્રકારનાં સ્તોત્રો દ્વારા ભગવાન વૃષભધ્વજને સંતુષ્ટ કરે. બુદ્ધિમાન પુરુષે એ સમયે શિવરાત્રિ-વ્રતના માહાત્મ્યનો પાઠ કરવો જોઈએ. શ્રેષ્ઠ ભક્ત પોતાના વ્રતની પૂર્તિ માટે એ માહાત્મ્યને શ્રદ્ધાપૂર્વક સાંભળે. રાત્રિના ચારે પ્રહરમાં પાર્થિવ લિંગોનું નિર્માણ કરીને આવાહનથી માંડીને વિસર્જન સુધી ક્રમશઃ એમની પૂજા કરે અને બહુ મોટો ઉત્સવ પ્રસન્નતાપૂર્વક કરે અને જાગરણ કરે. પ્રાતઃકાલે સ્નાન કરીને પુનઃ ત્યાં પાર્થિવ શિવનું સ્થાપન અને પૂજન કરે. આ રીતે વ્રત પૂરું કરીને હાથ જોડીને મસ્તક નમાવીને વારંવાર નમસ્કારપૂર્વક ભગવાન શંભુની આ પ્રકારે પ્રાર્થના કરે.

## પ્રાર્થના અને વિસર્જન

નિયમો યો મહાદેવ કૃતશ્ચૈવ ત્વદાજ્ઞયા।
વિસૃજ્યતે મયા સ્વામિન્ વ્રતં-જાતમનુત્તમમ્॥
વ્રતેનાનેન દેવેશ યથાશક્તિકૃતેન ચ।
સંતુષ્ટો ભવ શર્વાદ્ય કૃપાં કુરુ મમોપરિ॥

'હે મહાદેવ! આપની આજ્ઞાથી મેં જે વ્રત ગ્રહણ કર્યું હતું, હે સ્વામિન્! એ પરમ ઉત્તમ વ્રત પૂર્ણ થઈ ગયું. માટે હવે એનું વિસર્જન કરું છું. હે દેવેશ્વર શર્વ! યથાશક્તિ કરેલા આ વ્રતથી આપ આજે મુજપર કૃપા કરીને સંતુષ્ટ થાઓ.'

ત્યાર પછી શિવને પુષ્પાંજલિ સમર્પિત કરીને વિધિપૂર્વક દાન આપે. પછી શિવજીને નમસ્કાર કરીને વ્રત સંબંધી નિયમનું વિસર્જન કરી દે. પોતાની શક્તિ અનુસાર શિવભક્ત બ્રાહ્મણો, વિશેષતઃ સંન્યાસીઓને ભોજન કરાવીને પૂર્ણતયા સંતુષ્ટ કરીને પોતે પણ ભોજન કરે.

હે હરે! શિવરાત્રિએ પ્રત્યેક પ્રહરમાં શ્રેષ્ઠ શિવભક્તોએ જે પ્રકારે વિશેષ પૂજા કરવી જોઈએ, એ હું બતાવું છું, સાંભળો. પ્રથમ પ્રહરમાં પાર્થિવ લિંગની સ્થાપના કરીને અનેક સુંદર ઉપચારો દ્વારા ઉત્તમ ભક્તિભાવથી પૂજા કરે. પહેલાં ગંધ, પુષ્પ વગેરે - પાંચ દ્રવ્યો દ્વારા સદા મહાદેવજીની પૂજા કરવી જોઈએ. તેને દ્રવ્ય સંબંધિત મંત્રનું ઉચ્ચારણ કરીને પૃથક્-પૃથક્ તે દ્રવ્ય સમર્પિત કરે. આ રીતે દ્રવ્ય સમર્પિત કર્યા પછી ભગવાન શિવને જલધારા અર્પિત કરે. વિદ્વાન પુરુષ ચઢાવેલાં દ્રવ્યોને જલધારાથી જ ઉતારે. જલધારાની સાથે સાથે એક સો આઠ મંત્રનો જપ કરીને ત્યાં નિર્ગુણ-સગુણરૂપ શિવનું પૂજન કરે. ગુરુ દ્વારા પ્રાપ્ત થયેલ મંત્ર દ્વારા શિવપૂજા કરે. અન્યથા નામ-મંત્ર દ્વારા સદાશિવનું પૂજન કરવું જોઈએ. વિચિત્ર ચંદન, અખંડ ચોખા અને કાળા તલથી પરમાત્મા શિવની પૂજા કરવી જોઈએ. કમળ અને કનેરનાં ફૂલ ચઢાવવાં જોઈએ. આઠ નામ-મંત્રો દ્વારા શંકરજીને પુષ્પ સમર્પિત કરવાં જોઈએ. એ આઠ નામ આ પ્રકારે છે : ભવ, શર્વ, રુદ્ર, પશુપતિ, ઉગ્ર, મહાન, ભીમ અને ઈશાન એના આરંભમાં શ્રી અને અનંતમાં ચોથી વિભક્તિ જોડીને 'શ્રી ભવાય નમઃ' વગેરે મંત્રો દ્વારા શિવનું પૂજન કરે. પુષ્પ સમર્પણ પછી ધૂપ, દીપ અને નૈવેદ્યનું નિવેદન કરવું જોઈએ. પછી શ્રીફળ યુક્ત વિશેષ-અર્ધ્ય

આપીને તાંબૂલ સમર્પિત કરવું જોઈએ. તદનંતર નમસ્કાર અને ધ્યાન કરીને ગુરુએ આપેલા મંત્રનો જપ કરે. ગુરુદત્ત - ગુરુએ આપેલો-મંત્ર ન હોય તો પંચાક્ષર (નમઃ શિવાય) મંત્રના જપથી ભગવાન શંકરને સંતુષ્ટ કરવા જોઈએ અને ધેનુમુદ્રા* બતાવીને ઉત્તમ જલથી તર્પણ કરવું. પછી પોતાની શક્તિ અનુસાર પાંચ બ્રાહ્મણોને ભોજન કરાવવાનો સંકલ્પ કરો. પછી જ્યાં સુધી પ્રથમ પ્રહર પૂરો ન થઈ જાય ત્યાં સુધી મહાન ઉત્સવ કરતા રહો.

બીજો પ્રહર શરૂ થાય ત્યારે પુનઃ પૂજનને માટે સંકલ્પ કરો અથવા એક જ સમયે ચારે પ્રહર માટે સંકલ્પ કરીને પ્રથમ પ્રહરની જેમ પૂજા કરતા રહો. પહેલાં પૂર્વોક્ત દ્રવ્યોથી પૂજન કરીને પછી જલધારા સમર્પિત કરે. પ્રથમ પ્રહરની અપેક્ષાએ બમણા મંત્રોનો જપ કરીને શિવની પૂજા કરે. પૂર્વોક્ત તલ, જવ અને કમળ-પુષ્પોથી શિવની અર્ચના કરે. વિશેષતઃ બિલ્વપત્રોથી પરમેશ્વર શિવનું પૂજન કરવું જોઈએ. બીજા પ્રહરમાં બિજોરું લિંબુ સાથે અર્ઘ્યરૂપે આપીને ખીરનું નૈવેદ્ય નિવેદિત કરે. હે જનાર્દન! એમાં પહેલાંની અપેક્ષાએ મંત્રોની બમણી આવૃત્તિ કરવી જોઈએ. પછી બ્રાહ્મણોને ભોજન કરાવવાનો સંકલ્પ કરે. બાકીની બધી વિધિ પહેલાંની જેમ જ ત્યાં સુધી કરતો રહે, જ્યાં સુધી બીજો પ્રહર પૂરો ન થઈ જાય. ત્રીજા પ્રહરના આગમને પૂજન તો પ્રથમની જેમ જ કરે; પરંતુ જવને બદલે ઘઉંનો ઉપયોગ કરે. એ પછી વિવિધ પ્રકારના ધૂપ અને દીપ કરીને પૂડો કે માલપૂઓ-નું નૈવેદ્ય કરીને ભોગ લગાડવો. એની સાથે સાથે વિવિધ પ્રકારનાં શાક પણ ધરવાં જોઈએ. આ રીતે પૂજન કરીને કપૂરથી આરતી ઉતારે-દાડમના ફળ સાથે અર્ઘ્ય આપે અને બીજા પ્રહરની અપેક્ષાએ બમણા મંત્ર-જપ કરે. તદનંતર દક્ષિણાસહિત બ્રાહ્મણ-ભોજનનો સંકલ્પ કરે અને ત્રીજા પ્રહરની સમાપ્તિ થવા સુધી પૂર્વવત્ ઉત્સવ કરતો રહે. ચોથા પ્રહરે ત્રીજા પ્રહરની પૂજાનું વિસર્જન કરી દે. પુનઃ આવાહન કરીને વિધિવત્ પૂજા કરે. અડદ, કાંગ, મગ, સપ્તધાન્ય, શંખીપુષ્પ અને બિલ્વપત્રથી ભગવાન શંકરનું પૂજન કરે. એ પ્રહરમાં વિવિધ પ્રકારની મીઠાઈઓનું નૈવેદ્ય કરે અથવા અડદનાં વડાં વગેરે બનાવીને સદાશિવને સંતુષ્ટ કરે. કેળાં સાથે અન્ય વિવિધ ફળોનો અર્ઘ્ય શિવજીને આપે. ત્રીજા પ્રહરની અપેક્ષાએ બમણા મંત્ર-જપ કરે અને યથાશક્તિ બ્રાહ્મણ-ભોજનનો સંકલ્પ કરે. ગીત, વાદ્ય તથા નૃત્યથી શિવની આરાધનામાં સમય પસાર કરવો. ભક્તજનોએ ત્યાં સુધી મહાન ઉત્સવ કરતાં રહેવું જોઈએ જ્યાં સુધી અરુણોદય ન થઈ જાય.

---

* ૧. ધેનુમુદ્રાનું લક્ષણ આ પ્રકારે છે.

વામાંગુલીનાં મધ્યેષુ દક્ષિણાંગુલિકાસ્તથા। સંયોજ્ય તર્જની દક્ષાં મધ્યમાનામયોસ્તથા॥
દક્ષમધ્યમયોર્વામાં તર્જની ચ નિયોજયેત્। વામયાનામયા દક્ષકનિષ્ઠાં ચ નિયોજયેત્॥
દક્ષયાનામયા વામાં કનિષ્ઠાં ચ નિયોજયેત્। વિહિતાધોમુખી ચૈષા ધેનુમુદ્રા પ્રકીર્તિતા॥

'ડાબા હાથની આંગળીઓની વચમાં જમણા હાથની આંગળીઓને સંયુક્ત કરીને જમણી તર્જનીને મધ્યમામાં લગાવો, જમણા હાથની મધ્યમામાં ડાબા હાથની તર્જનીને મેળવો. પછી ડાબા હાથની અનામિકાથી જમણા હાથની કનિષ્ઠિકા અને જમણા હાથની અનામિકાની સાથે ડાબા હાથની કનિષ્ઠિકાને સંયુક્ત કરો. પછી એ સૌનાં મુખ નીચેની બાજુએ કરો. આને જ ધેનુમુદ્રા કહી છે.'

અરુણોદય થયા પછી પુનઃ સ્નાન કરીને વિવિધ પ્રકારના પૂજન-ઉપચારો અને ઉપહારો દ્વારા શિવજીની પૂજા કરે. ત્યાર પછી પોતાનો અભિષેક કરાવે, વિવિધ પ્રકારનાં દાન આપે અને પ્રહરની સંખ્યા અનુસાર બ્રાહ્મણો અને સંન્યાસીઓને અનેક પ્રકારના ભોજ્ય પદાર્થો જમાડે. પછી શંકરને નમસ્કાર કરીને પુષ્પાંજલિ આપે. બુદ્ધિમાન પુરુષ ઉત્તમ સ્તુતિ કરીને નીચે લખેલા મંત્રોથી પ્રાર્થના કરે.

તાવકસ્ત્વદ્ગતપ્રાણસ્ત્વચ્ચિત્તોઽહં સદા મૃડ ।
કૃપાનિધે ઈતિ જ્ઞાત્વા યથા યોગ્યં તથા કુરુ ॥
અજ્ઞાનાદ્યદિ વા જ્ઞાનાજ્જપપૂજાદિકં મયા ।
કૃપાનિધિત્વાજ્જ્ઞાત્વૈવ ભૂતનાથ પ્રસીદ મે ॥
અનેનૈવોપવાસેન યજ્જાતં ફલમેવ ચ ।
તેનૈવ પ્રીયતાં દેવઃ શંકરઃ સુખદાયકઃ ॥
કુલે મમ મહાદેવ ભજનં તેઽસ્તુ સર્વદા ।
માભૂત્તસ્ય કુલે જન્મ યત્ર ત્વં નહિ દેવતા ॥

'હે સુખદાયક કૃપાનિધાન શિવ! હું આપનો છું. મારા પ્રાણ આપમાં જ લાગેલા છે અને મારું ચિત્ત સદા આપનું ચિંતન કરે છે. આવું જાણીને આપ જેવું ઉચિત સમજો, એવું જ કરજો. હે ભૂતનાથ! મેં જાણે કે અજાણ્યે જે જપ અને પૂજન વગેરે કર્યાં છે, એને સમજીને દયાસાગર હોવાને કારણે તમે મુજ પર પ્રસન્ન થાઓ. એ ઉપવાસ, વ્રતથી જે ફળ થયું હોય, એનાથી જ સુખદાયક ભગવાન શંકર મુજ પર પ્રસન્ન થાઓ. હે મહાદેવ! મારા કુળમાં સદા આપનું ભજન થતું રહે. જ્યાં આપ કુળદેવતા ન હો, એ કુળમાં ક્યારેય મારો જન્મ ન હો.'

આ રીતે પ્રાર્થના કર્યા પછી ભગવાન શિવને પુષ્પાંજલિ સમર્પિત કરીને બ્રાહ્મણો પાસેથી તિલક અને આશીર્વાદ ગ્રહણ કરે. તદનંતર શંભુનું વિસર્જન કરે. જેણે આ પ્રકારે વ્રત કર્યું હોય, એનાથી હું દૂર રહેતો નથી. આ વ્રતના ફળનું વર્ણન કરી શકાતું નથી. મારી પાસે એવી કોઈ વસ્તુ નથી, જેને શિવરાત્રિ-વ્રત કરનારાને માટે હું આપી ન દઉં. અર્થાત્ સર્વસ્વ આપી શકું છું. જેના દ્વારા અનાયાસ જ આ વ્રતનું પાલન થઈ જાય, એને માટે અવશ્ય જ મુક્તિનું બીજ વવાઈ ગયું છે. મનુષ્યોએ પ્રતિમાસ ભક્તિપૂર્વક શિવરાત્રિનું વ્રત કરવું જોઈએ. ત્યાર પછી એનું ઉદ્યાપન કરીને મનુષ્ય સાંગોપાંગ ફળનો લાભ મેળવે છે. આ વ્રતનું પાલન કરવામાં શિવ નિશ્ચય જ ઉપાસકનાં સમસ્ત દુઃખોનો નાશ હું કરી દઉં છું અને એને ભોગ-મોક્ષ વગેરે સંપૂર્ણ મનોવાંછિત ફળ પ્રદાન કરું છું.

**સૂતજી કહે છે**–હે મહર્ષિઓ! ભગવાન શિવનું આ અત્યંત હિતકારક અને અદ્ભુત વચન સાંભળીને શ્રીવિષ્ણુ પોતાને ધામે ચાલ્યા ગયા. એ પછી આ ઉત્તમ વ્રતના પોતાના ચાહક-વર્ગમાં પ્રચાર થયો. કોઈ સમયે કેશવે નારદજીને ભોગ અને મોક્ષ આપનાર આ દિવ્ય શિવરાત્રિ-વ્રતનું વર્ણન કર્યું હતું. (અધ્યાય ૩૭-૩૮)

*

# શિવરાત્રિ-વ્રતના ઉદ્યાપનની વિધિ

**ઋષિ બોલ્યા**–હે સૂતજી! હવે અમને શિવરાત્રિ વ્રતના ઉદ્યાપનની વિધિ બતાવો, જેનું અનુષ્ઠાન કરવાથી સાક્ષાત્ ભગવાન શંકર નિશ્ચય જ પ્રસન્ન થાય છે.

**સૂતજીએ કહ્યું**–હે ઋષિઓ! તમે લોકો ભક્તિભાવથી આદરપૂર્વક શિવરાત્રિના ઉદ્યાપનની વિધિ સાંભળો, જેનું અનુષ્ઠાન કરવાથી આ વ્રત અવશ્ય જ પૂર્ણ ફળ આપનારું બને છે. લગાતાર ચૌદ વર્ષ સુધી શિવરાત્રિના શુભવ્રતનું પાલન કરવું જોઈએ. તેરશે એક સમય ભોજન કરીને ચૌદશે પૂરો ઉપવાસ કરવો જોઈએ. શિવરાત્રિને દિવસે નિત્યકર્મ સંપન્ન કરીને શિવાલયમાં જઈને વિધિપૂર્વક શિવનું પૂજન કરો. તત્પશ્ચાત્ ત્યાં યત્નપૂર્વક એક દિવ્ય મંડળ બનાવડાવવું, જે ત્રણે લોકમાં ગૌરીતિલક નામથી પ્રસિદ્ધ છે. એના મધ્યભાગમાં દિવ્ય લિંગતોભદ્ર મંડળની રચના કરવી અથવા મંડપથી અંદર સર્વતોભદ્ર મંડળનું નિર્માણ કરવું. ત્યાં પ્રાજાપત્ય નામના કળશોની સ્થાપના કરવી જોઈએ. એ બધાને મંડપના પાર્શ્વભાગમાં યત્નપૂર્વક સ્થાપિત કરવા જોઈએ. મંડપના મધ્યભાગમાં એક સોનાનો અથવા બીજી ધાતુ તાંબા વગેરેનો બનેલો કળશ સ્થાપિત કરો. વ્રતી પુરુષ એ કળશ પર પાર્વતી સહિત શિવની સુવર્ણમયી પ્રતિમા બનાવીને રાખે. તે પ્રતિમા એક પલ (તોલાની) અથવા અર્ધા પલ સોનાની હોવી જોઈએ, અથવા જેવી પોતાની શક્તિ હોય એ અનુસાર પ્રતિમા બનાવડાવી લેવી જોઈએ. ડાબા ભાગમાં પાર્વતીજી અને જમણી બાજુ શિવની પ્રતિમા સ્થાપિત કરીને રાત્રે એનું પૂજન કરવું. આળસ છોડીને પૂજનનું કામ કરવું જોઈએ. આ કાર્યમાં ચાર ઋત્વિકો સાથે સાથે એક પવિત્ર આચાર્યનું વરણ કરવું જોઈએ અને એમની આજ્ઞા લઈને ભક્તિપૂર્વક શિવની પૂજા કરો. રાત્રે પ્રત્યેક પ્રહરમાં પૃથક્ પૃથક્ પૂજા કરીને જાગરણ કરો. વ્રત કરનાર પુરુષે ભગવત્સંબંધી કીર્તન, ગીત અને નૃત્ય વગેરે દ્વારા રાત વ્યતીત કરવી જોઈએ. આ પ્રકારે વિધિવત્ પૂજન કરીને ભગવાન શિવને સંતુષ્ટ કરીને પ્રાતઃકાળે પુનઃ પૂજન કરીને પછી સવિધિ હોમ કરો; પછી યથાશક્તિ પ્રાજાપત્ય વિધાન કરો. પછી બ્રાહ્મણોને ભક્તિપૂર્વક ભોજન કરાવવું અને યથાશક્તિ દાન આપવું.

એ પછી વસ્ત્ર, અલંકાર તથા આભૂષણો દ્વારા પત્ની સહિત ઋત્વિજોને અલંકૃત કરીને એમને વિધિપૂર્વક પૃથક્-પૃથક્ દાન આપવું. પછી આવશ્યક સામગ્રીયુક્ત વાછરડાસહિત ગાયનું આચાર્યને આમ કહીને વિધિપૂર્વક દાન દેવું કે આ દાનથી ભગવાન શિવ મુજ પર પ્રસન્ન થાઓ. ત્યારબાદ કળશ સહિત એ મૂર્તિને વસ્ત્રની સાથે વૃષભની પીઠ પર રાખીને સંપૂર્ણ અલંકારો સહિત એને આચાર્યને અર્પિત કરી દેવું. એ પછી બે હાથ જોડીને મસ્તક નમાવીને ખૂબ પ્રેમથી ગદ્ગદ વાણીમાં મહાપ્રભુ મહેશ્વરદેવની પ્રાર્થના કરવી.

**પ્રાર્થના**

દેવદેવ મહાદેવ શરણાગત વત્સલ।
પ્રતેનાનેન દેવેશ કૃપાં કુરુ મમોપરિ॥

મયા ભક્ત્યનુસારેણ વ્રતમેતત્ કૃતં શિવા ન્યૂનં સંપૂર્ણતાં યાતુ પ્રસાદાત્તવ શંકર।। અજ્ઞાનાદ્યદિ વા જ્ઞાનાજ્જપપૂજાદિકં મયા। કૃતં તદસ્તુ કૃપયા સફલં તવ શંકર।।

'હે દેવદેવ! હે મહાદેવ! હે શરણાગતવત્સલ! હે દેવેશ્વર! આ વ્રતથી સંતુષ્ટ થઈ આપ મારા ઉપર કૃપા કરો. હે શિવ-શંકર! મેં ભક્તિભાવથી આ વ્રતનું પાલન કર્યું છે. એમાં કશી ઊણપ રહી ગઈ હોય તો તે આપની કૃપાથી-કૃપા પ્રસાદથી પૂરી થઈ જજો. હે શંકર! મેં અજાણતાં અથવા જાણીને જે જપપૂજન કર્યું છે, તે આપની કૃપાથી સફળ થાઓ.'

આ રીતે પરમાત્મા શિવને પુષ્પાંજલિ અર્પણ કરીને ફરી નમસ્કારપૂર્વક પ્રાર્થના કરવી. જેણે આ રીતે વ્રત પૂરું કરી લીધું, એના એ વ્રતમાં કોઈ પણ પ્રકારની ઊણપ રહેતી નથી. એથી એને મનોવાંછિત સિદ્ધિ મળી જાય છે, એમાં સંશય નથી. (અધ્યાય ૩૮)

*

# અજાણતામાં પણ શિવરાત્રિ-વ્રત કરવાથી એક ભીલ પર ભગવાન શંકરની અદ્ભુત કૃપા

**ઋષિઓએ પૂછ્યું**—એ સૂતજી! પૂર્વકાળમાં કોણે આ ઉત્તમ શિવરાત્રિ-વ્રતનું પાલન કર્યું હતું અને અજાણતાં પણ આ વ્રતનું પાલન કરીને કોણે કયું ફળ પ્રાપ્ત કર્યું હતું?

**સૂતજીએ કહ્યું**—હે ઋષિઓ! તમે બધા સાંભળો. હું આ વિષયમાં એક નિષાદનો પ્રાચીન ઈતિહાસ સંભળાવું છું, જે પાપનો નાશ કરનારો છે. પહેલાંની વાત છે, કોઈ એક વનમાં એક ભીલ રહેતો હતો, જેનું નામ હતું ગુરુદ્રુહ, એનું કુટુંબ બહુ મોટું હતું, તથા એ બળવાન અને ક્રૂર સ્વભાવનો હોવાથી જ ક્રૂરતા-પૂર્ણ કર્મમાં તત્પર રહેતો હતો. તે પ્રતિદિન વનમાં જઈને પશુઓને, મૃગોને મારતો અને ત્યાં રહીને વિવિધ પ્રકારની ચોરી પણ કરતો હતો. એણે નાનપણથી જ ક્યારેય કોઈ શુભકર્મ કર્યું જ ન હતું. આ રીતે વનમાં રહેતાં રહેતાં એ દુરાત્મા ભીલનો ઘણો સમય વ્યતીત થઈ ગયો. ત્યાર પછી એક દિવસ બહુ સુંદર અને શુભકારક શિવરાત્રિ આવી - પરંતુ તે દુરાત્મા તો ગાઢ જંગલમાં નિવાસ કરતો હતો. એટલે એને એ વ્રતને જાણતો ન હતો. એ જ દિવસે એ ભીલનાં માતા-પિતા અને પત્નીએ ભૂખથી પીડિત થઈ એની પાસે યાચના કરી, 'હે વનેચર! અમને ખાવાનું આપો.'

એમની આ પ્રકારની યાચના કરવાથી તે તરત જ ધનુષ લઈને અને મૃગોના શિકાર માટે વનમાં ફરવા-રખડવા લાગ્યો. દૈવયોગે એને એ દિવસે કશું જ મળ્યું નહીં અને સૂર્ય અસ્ત થઈ ગયો. આથી એને બહુ દુઃખ થયું અને એ વિચારવા લાગ્યો—'હવે હું શું કરું? ક્યાં જાઉં? આજે તો કશું જ મળ્યું નથી. ઘરમાં જે બાળકો છે, એમનું તથા માતા-પિતાનું શું થશે? મારી જે પત્ની છે એની શી દશા થશે? તેથી મારે ઘેર તો કશું લઈને જ જવું પડશે, અન્યથા નહીં.'

આવું વિચારીને તે વ્યાધ એક જળાશય પાસે પહોંચ્યો અને જ્યાં પાણીમાં ઊતરવાનો ઘાટ હતો, ત્યાં જઈને ઊભો રહી ગયો. તે મનમાં ને મનમાં એ વિચાર કરતો હતો કે, 'અહીં કોઈ ને કોઈ જીવ પાણી પીવા માટે જરૂર આવશે. એને મારીને કૃતકૃત્ય થઈ જઈશ અને એને સાથે લઈને પ્રસન્નતાપૂર્વક ઘેર જઈશ.' આવો નિશ્ચય કરીને તે વ્યાધ એક બીલીના ઝાડ ઉપર ચઢી ગયો અને ત્યાં જળ સાથે લઈને બેઠો. એના મનમાં કેવળ એ જ ચિંતા હતી ક્યારે કોઈ જીવ આવે અને ક્યારે હું એને મારું. આ પ્રતીક્ષામાં, વાટ જોવામાં ભૂખ-તરસથી પીડિત થઈને તે બેસી રહ્યો. એ રાતના પ્રથમ પ્રહરમાં એક તરસી હરિણી ત્યાં આવી, જે



ચકિત થઈને જોર જોરથી ફલાંગ મારતી હતી. હે બ્રાહ્મણો! એ મૃગીને જોઈને વ્યાધને બહુ હર્ષ થયો અને એણે તરત જ એના વધ માટે શરસંધાન કર્યું. આવું કરતાં એના હાથના હલનચલન-ધક્કાથી થોડું પાણી અને બિલ્વપત્ર નીચે પડી ગયાં. એ વૃક્ષની નીચે શિવલિંગ હતું. ઉક્ત જળ અને બિલ્વપત્રથી શિવની પ્રથમ પ્રહરની પૂજા સંપન્ન થઈ ગઈ. એ પૂજાના માહાત્મ્યથી એ વ્યાધનાં થોડાં ઘણાં પાતકોનો તત્કાળ નાશ થઈ ગયો. ત્યાં થનાર ખડખડાટને સાંભળીને હરિણીએ ભયથી ઉપર જોયું. વ્યાધને જોઈને જ તે વ્યાકુળ થઈ ગઈ અને બોલી–

**મૃગીએ કહ્યું**—હે વ્યાધ! તું શું કરવા ચાહે છે તે મને સાચ્ચેસાચું કહી દે.

હરિણીની વાત સાંભળીને વ્યાધે કહ્યું– આજે મારાં કુટુંબીજનો ભૂખ્યાં છે, તેથી તને મારીને એમની ભૂખ મટાડીશ, એમને તૃપ્ત કરીશ.

વ્યાધનું તે દારુણ વચન સાંભળીને તથા જેને રોકવા અત્યંત કઠણ છે, એ દુષ્ટ ભીલને બાણ તાણીને ઊભેલો જોઈને મૃગી વિચારવા લાગી કે, 'હવે હું શું કરું? ક્યાં જાઉં? ચાલો કોઈ વિચાર કરીને ઉપાય શોધી લઉં.' આવો વિચાર કરીને એણે ત્યાં આ રીતે કહ્યું.

**મૃગી બોલી**—હે ભીલ! મારા માંસથી તમને સુખ થશે, આ અનર્થકારી શરીર માટે આનાથી વધારે મહાન પુણ્ય કાર્ય બીજું શું હોઈ શકે? ઉપકાર કરનાર પ્રાણીને આ લોકમાં જે પુણ્ય થાય છે એનું સો વર્ષોમાં પણ વર્ણન થઈ શકતું નથી.* પરંતુ આ સમયે મારાં બધાં બચ્ચાં

* ઉપકારકરસ્યૈવ યત્ પુણ્યં જાયતે ત્વિહ। તત્પુણ્યં શક્યતે નૈવ વક્તું વર્ષશતૈરપિ॥
(શિ.પુ.કો.રુ.સં. ૪૦/૨૬)

મારા આશ્રમમાં જ છે. હું એમને મારી બહેનને અથવા સ્વામીને સોંપીને પાછી આવું છું. હે વનેચર! તું મારી આ વાતને મિથ્યા ન માનતો. હું ફરી તારી પાસે આવીશ જ એમાં સંશય નથી. સત્યથી તો ધરતી ટકી છે, સત્યથી સમુદ્ર પોતાની મર્યાદામાં સ્થિત છે અને સત્યથી તો નિર્ઝરો (ઝરણાં)થી જલની ધારાઓ પડ્યા કરે છે. સત્યમાં જ સર્વ કાંઈ સ્થિત છે.*

**સૂતજી કહે છે**—મૃગીના આવા કથન પર પણ જ્યારે વ્યાધે એની વાત ન માની, ત્યારે એણે અત્યંત વિસ્મિત અને ભયભીત થઈને પુનઃ આ પ્રકારે કહેવાનું શરૂ કર્યું.

**મૃગી બોલી**—હે વ્યાધ! સાંભળો, હું તમારી પાસે એવા શપથ ખાઉં છું, લઉં છું, જેથી હું ઘેર જઈને અવશ્ય તારી પાસે પરત આવી જઈશ. બ્રાહ્મણ જો વેદ વેચે અને ત્રિકાળ સંધ્યા ન કરે તો એને જે પાપ લાગે, પતિની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને સ્વેચ્છાનુસાર કાર્ય કરનારી સ્ત્રીઓને જે પાપની પ્રાપ્તિ થાય, કરેલા ઉપકારને ન માનનારો, ભગવાન શંકરથી વિમુખ રહેનારો, બીજાઓનો દ્રોહ કરનારો, ધર્મને ઓળંગનારો, તથા વિશ્વાસઘાત અને છળ કરનારાઓને જે પાપ લાગે, એવાં જ પાપથી હું પણ લિપ્ત થઈ જાઉં, જો જઈને પાછી ન ફરું તો.

આ રીતે અનેક સોગંદ ખાઈને જ્યારે મૃગી ચૂપચાપ ઊભી રહી ગઈ, ત્યારે એ વ્યાધે એના ઉપર વિશ્વાસ કર્યો અને બોલ્યો - 'સારું, હવે તું તારે ઘેર જા.' ત્યારે મૃગી બહુ હર્ષ સાથે પાણી પીને પોતાના આશ્રમ-મંડળમાં જતી હતી. એટલામાં જ રાતનો પ્રથમ પ્રહર વ્યાધના જાગરણમાં જ વીતી ગયો. ત્યારે એ હરિણીની બહેન બીજી મૃગી, જેનું પહેલી એ સ્મરણ કર્યું હતું, એની જ રાહ જોઈને જલ પીવા ત્યાં આવી પહોંચી. એને જોઈને ભીલે સ્વયં ભાથામાંથી તીર કાઢ્યું. આવું કરતી વખતે પુનઃ પહેલાંની જેમ જ ભગવાન શિવ ઉપર જળ અને બિલ્વપત્ર પડ્યાં. એ દ્વારા મહાત્મા શંભુની બીજા પ્રહરની પૂજા સંપન્ન થઈ ગઈ. જોકે પૂજા પ્રસંગવશ જ થઈ હતી, તો પણ વ્યાધને માટે તો સુખદાયિની જ થઈ ગઈ. મૃગીએ એને શરસંધાન કરતો જોઈને પૂછ્યું-'હે વનેચર! આ શું કરે છે?' વ્યાધે પૂર્વવત્ ઉત્તર આપ્યો-'હું મારા ભૂખ્યા કુટુંબને તૃપ્ત કરવા માટે તને મારીશ.' આ સાંભળીને મૃગી બોલી-

**મૃગીએ કહ્યું**—હે વ્યાધ! મારી વાત સાંભળ. હું ધન્ય છું. મારું દેહ-ધારણ કરવાનું સફળ થઈ ગયું; કેમકે, આ અનિત્ય શરીર દ્વારા ઉપકાર થશે. પણ મારાં નાનાં નાનાં બાળકો ઘેર છે. તેથી હું એક વાર જઈને એમની મારા સ્વામીને સોંપણી કરીને પછી તારી પાસે પાછી ફરીશ.

**વ્યાધ બોલ્યો**—તારી વાત પર મને વિશ્વાસ નથી. હું તને મારીશ, એમાં સંશય નથી.

આ સાંભળીને તે હરિણી ભગવાન વિષ્ણુના સમ ખાઈને કહેવા લાગી-'હે વ્યાધ! હું જે કાંઈ કહું છું તે સાંભળ-જો જઈને પાછી ન આવું તો હું મારાં બધાં પુણ્યો હારી જાઉં, કેમકે જે

---

* સ્થિતા સત્યેન ધરણી સત્યેનૈવ ચ વારિધિઃ। સત્યેન જલધારાશ્ચ સત્યે સર્વં પ્રતિષ્ઠિતમ્॥

(શિ.પુ.કો.રુ.સં. ૪૦/૨૯)

વચન આપીને ફરી જાય છે, તે પોતાનાં પુણ્યો ખોઈ બેસે છે. જે પુરુષ પોતાની વિવાહિતા સ્ત્રીને છોડીને બીજી પાસે જાય છે, વૈદિક ધર્મનું ઉલ્લંઘન કરીને કપોલકલ્પિત ધર્મ પર ચાલે છે, ભગવાન વિષ્ણુનો ભક્ત થઈને શિવની નિંદા કરે છે, માતા-પિતાની પુણ્યતિથિએ શ્રાદ્ધ ન કરીને તે તિથિ એમ ને એમ જવા દે છે તથા મનમાં સંતાપનો અનુભવ કરીને પોતાના આપેલા વચનને પૂરાં કરે છે, એવા લોકોને જે પાપ લાગે છે તે મને પણ લાગો. જો હું જઈને પરત ન આવું તો?'

**સૂતજી કહે છે**—એના આવા કહેવા પર વ્યાધે એ મૃગીને કહ્યું–'જા'... મૃગી જલ પીને હર્ષપૂર્વક પોતાને આશ્રમે ગઈ. એટલામાં રાતનો બીજો પ્રહર પણ વ્યાધના જાગતા જાગતામાં જ વીતી ગયો. આ જ સમયે ત્રીજો પ્રહર શરૂ થયો. હવે મૃગીને આવવામાં વિલંબ થયેલો જાણી વ્યાધ એને ખોળવા લાગ્યો. એટલામાં જ એણે એ જ જલના માર્ગમાં એક હરણને જોયું. એ ખૂબ જ હૃષ્ટપુષ્ટ હતું. એને જોઈને વનેચરને બહુ હર્ષ થયો. અને એણે શરસંધાન કરીને એને મારી નાખવાની તૈયારી કરી. આવું કરતાં જ પ્રારબ્ધવશ થોડું જળ અને બિલ્વપત્ર શિવલિંગ પર પડ્યાં એનાથી એના સૌભાગ્યથી ભગવાન શિવની ત્રીજા પ્રહરની પૂજા સંપન્ન થઈ ગઈ. આ રીતે ભગવાને એના ઉપર પોતાની દયા બતાવી - પત્તાં પડવાના અવાજથી એ મૃગે વ્યાધની તરફ જોયું અને પૂછ્યું–'શું કરો છો?' વ્યાધે જવાબ આપ્યો–'હું મારા કુટુંબને ભોજન આપવા માટે તારો વધ કરીશ.' વ્યાધની આ વાત સાંભળીને હરણના મનમાં બહુ હર્ષ થયો અને તરત જ વ્યાધને આ પ્રમાણે કહેવા લાગ્યો.

**હરણે કહ્યું**—હું ધન્ય છું. મારું હૃષ્ટપુષ્ટ હોવું આજે સફળ થઈ ગયું, કેમકે, મારા શરીરથી આપ લોકોની તૃપ્તિ થશે. જેનું શરીર પરોપકારના કામમાં લાગતું નથી, એનું બધું જ વ્યર્થ ગયું. જે સામર્થ્ય હોવા છતાં પણ કોઈનો ઉપકાર નથી કરતો, એનું સામર્થ્ય વ્યર્થ ચાલ્યું જાય છે અને તે પરલોકમાં નરક ગામી થાય છે.* પરંતુ એક વાર મને જવા દે. હું મારાં બાળકોને એની માને સોંપીને અને એમને ધીરજ આપીને અહીં પાછો આવી જઈશ.

એનું આવું વચન સાંભળીને વ્યાધ મનમાં ને મનમાં બહુ વિસ્મય પામ્યો. એનું હૃદય થોડું શુદ્ધ થઈ ગયું હતું. આજે એનો પાપપુંજ નષ્ટ થઈ ગયો હતો. એણે આમ કહ્યું–

**વ્યાધ બોલ્યો**—જે જે અહીં આવ્યા, એ બધા તારી જેમ વિવિધ પ્રકારની વાતો કરીને ચાલ્યાં ગયાં; પરંતુ તે વંચક (છેતરપિંડી કરનાર) હજુ સુધી અહીં પાછાં આવ્યાં નથી. હે મૃગ! તું પણ આ વખતે સંકટમાં છે તેથી જૂઠું બોલીને ચાલ્યો જઈશ. પછી આજે મારો જીવન-નિર્વાહ કેવી રીતે થશે?

**મૃગ બોલ્યો**—હે વ્યાધ! હું જે કાંઈ કહું છું એ સાંભળો. મારામાં અસત્ય છે જ નહીં. આખું ચરાચર બ્રહ્માંડ સત્યથી જ ટક્યું છે. જેની

* યો વૈ સામર્થ્યયુક્તશ્ચ નોપકારં કરોતિ વૈ। તત્સામર્થ્યં ભવેદ્ વ્યર્થં પરત્ર નરકં વ્રજેત્॥
(શિ.પુ.કો.રુ.સં. ૪૦/૫૭)

વાણી જુઠી હોય એનું પુણ્ય એ જ ક્ષણે નષ્ટ થઈ જાય છે, તેમ છતાં હે ભીલ! તું મારી સાચી પ્રતિજ્ઞા સાંભળ. સંધ્યાકાળમાં મૈથુન અને શિવરાત્રિને દિવસે ભોજન કરવાથી જે પાપ લાગે છે, જુઠી સાક્ષી આપનારને, થાપણ હડપ કરી જનારને, સંધ્યા ન કરનાર દ્વિજને જે પાપ લાગે છે, એ પાપ મને લાગો, જો હું જઈને પાછો ન આવું તો. જેના મુખથી ક્યારેય શિવનામ નથી નીકળ્યું, જે સામર્થ્ય હોવા છતાં બીજા પર ઉપકાર નથી કરતો, પર્વને દિવસે શ્રીફળ તોડે છે, અભક્ષ્ય ભક્ષણ કરનાર, શિવની પૂજા કર્યા વિના અને ભસ્મ લગાડ્યા વિના જે ભોજન કરી લે છે, એ બધાંનાં પાતક મને લાગો, જો હું જઈને પાછો ન આવું તો.

સૂતજી કહે છે—એની વાત સાંભળીને વ્યાધે કહ્યું–'જા. તરત જ પાછો આવજે.' વ્યાધના આ કથન પર તે મૃગ પાણી પીને ચાલ્યો ગયો. એ બધાં પોતાના આશ્રમ પર મળ્યાં. ત્રણેયે પ્રતિજ્ઞાબદ્ધ-વચનબદ્ધ થઈ ચૂક્યાં હતાં. અંદરોઅંદર એક બીજાના વૃત્તાંતને સારી પેઠે સાંભળીને સત્યના પાશથી બંધાયેલાં એ બધાંએ એ જ નિશ્ચય કર્યો કે પાછા ત્યાં અવશ્ય જવું જોઈએ. આ નિશ્ચય પછી બાળકોને આશ્વાસન આપીને એ બધાંયે જવા માટે ઉત્સુક થઈ ગયાં. એ સમયે મોટી મૃગીએ ત્યાં પોતાના સ્વામીને કહ્યું–'હે સ્વામિન્! તમારા વગર અહીં બાળકો કેવી રીતે રહેશે? હે પ્રભો! મેં જ ત્યાં પહેલાં જઈને પ્રતિજ્ઞા કરી છે એટલા માટે કેવળ મારે જ જવું જોઈએ. તમે બંને અહીં જ રહો.' એની વાત સાંભળીને નાની મૃગી બોલી–'બહેન! હું તમારી સેવિકા છું એટલા માટે આજે હું જ એ વ્યાધ પાસે જાઉં છું. તમે અહીં જ રહો.' આ સાંભળીને મૃગ બોલ્યો–'હું જ ત્યાં જાઉં છું. તમે બંને અહીં રહો, કેમકે, શિશુઓની રક્ષા માતાથી જ થાય છે.' સ્વામીની આ વાત સાંભળીને એ બંને મૃગીઓએ ધર્મની દૃષ્ટિથી એનો સ્વીકાર ન કર્યો. એ બંને પોતાના પતિને પ્રેમપૂર્વક કહેવા લાગી–'હે પ્રભો! પતિ વગર આ જીવનને ધિક્કાર છે.' ત્યારે એ સૌએ પોતાનાં બચ્ચાંને સાંત્વના આપીને પડોશીઓને સોંપીને સ્વયં શીઘ્ર એ સ્થાને જવા પ્રસ્થાન કર્યું, જ્યાં તે વ્યાધ-શિરોમણિ એમની પ્રતીક્ષામાં બેઠો હતો. એમને જતાં જોઈને એમનાં બધાં બચ્ચાં પણ પાછળ પાછળ ચાલી નીકળ્યાં. એમણે એ નિશ્ચય કર્યો હતો કે જે ગતિ અમારાં માતા-



પિતાની થશે એ જ ગતિ અમારી થશે. એ બધાંને એકસાથે આવેલાં જોઈને વ્યાધને બહુ હર્ષ થયો એણે શરસંધાન કર્યું, એ સમયે થોડું

જળ અને બિલ્વપત્ર શિવજી પર પડ્યાં. એથી શિવની ચોથા પ્રહરની શુભ પૂજા પણ સંપન્ન થઈ ગઈ. એ સમયે વ્યાધનાં બધાં પાપ તત્કાળ ભસ્મ થઈ ગયાં. એટલામાં જ બે મૃગીઓ અને મૃગ બોલી ઊઠ્યાં–'હે વ્યાધ-શિરોમણે! શીઘ્ર કૃપા કરીને અમારાં શરીરને સાર્થક કરો.'

એમની આ વાત સાંભળીને વ્યાધને બહુ વિસ્મય થયો. શિવપૂજાના પ્રભાવથી એને દુર્લભ જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું. એણે વિચાર્યું–'આ મૃગ જ્ઞાનહીન પશુ હોવા છતાં પણ ધન્ય છે, સર્વથા આદરણીય છે, કેમકે, પોતાના શરીરથી જ પરોપકારમાં લાગ્યાં છો. મેં આ સમયે મનુષ્ય-જન્મ પ્રાપ્ત કરીને પણ ક્યાં પુરુષાર્થનું સાધન કર્યું? બીજાનાં શરીરને પીડા આપીને જ પોતાના શરીરનું પાલન-પોષણ કર્યું છે. પ્રતિદિન અનેક પ્રકારનાં પાપ કરીને મારા કુટુંબનું પાલન કર્યું છે. હાય! આવાં પાપ કર્યા પછી મારી શી ગતિ થશે? અથવા હું કઈ ગતિને પ્રાપ્ત થઈશ. મેં જન્મથી માંડીને આજ સુધી જે પાપ કર્યાં છે એનું આ સમયે મને સ્મરણ થઈ રહ્યું છે. મારા જીવનને ધિક્કાર છે, ધિક્કાર છે.' આ રીતે જ્ઞાનસંપન્ન થઈને વ્યાધે પોતાના બાણને રોકી લીધું અને કહ્યું–'હે શ્રેષ્ઠ મૃગો! તમે બધાં જાઓ. તમારું જીવન ધન્ય છે.'

વ્યાધના આ કથન પર ભગવાન શંકર તત્કાળ પ્રસન્ન થઈ ગયા અને એમણે વ્યાધને પોતાનું સન્માનિત અને પૂજિત સ્વરૂપનાં દર્શન કરાવ્યાં. કૃપાપૂર્વક એના શરીરનો સ્પર્શ કરીને એને પ્રેમથી કહ્યું–'હે ભીલ! હું તારા વ્રતથી પ્રસન્ન છું. વરદાન માગ' - વ્યાધ પણ ભગવાન શિવના એ રૂપને જોઈને તત્કાળ જીવનમુક્ત થઈ ગયો અને 'મને બધું જ મળી ગયું છે' એમ કહીને એમનાં ચરણોમાં આળોટી પડ્યો. એના આ ભાવને જોઈને ભગવાન શિવ પણ મનમાં ને મનમાં બહુ પ્રસન્ન થયા અને એને 'ગુહ' નામ આપીને કૃપાદૃષ્ટિથી જોઈને એમણે એને દિવ્ય વરદાન આપ્યાં.

**શિવ બોલ્યા**–હે વ્યાધ! સાંભળો, આજથી તમે શ્રૃંગવેરપુરમાં ઉત્તમ રાજધાનીનો આશ્રય લઈ દિવ્ય ભોગોનો ઉપભોગ કરો. તમારા વંશની વૃદ્ધિ નિર્વિઘ્નરૂપે થતી રહેશે. દેવતા પણ તમારી પ્રશંસા કરશે. હે વ્યાધ! મારા ભક્તો પર સ્નેહ રાખનારા ભગવાન શ્રીરામ એક દિવસ નિશ્ચય જ તમારે ઘેર પધારશે. તમારી સાથે મિત્રતા કરશે. તમે મારી સેવામાં મન લગાવીને દુર્લભ મોક્ષને પ્રાપ્ત કરશો.

આ જ સમયે પેલાં બધાં મૃગ ભગવાન શંકરનાં દર્શન કરે છે અને પ્રણામ કરીને મૃગયોનિથી મુક્તિ મેળવે છે. દિવ્ય દેહધારી થઈને વિમાન પર બેસીને શિવનાં દર્શન માત્રથી શાપમુક્ત થઈ દિવ્ય ધામે જતાં રહ્યાં. ત્યારથી અર્બુદ પર્વત પર ભગવાન શિવ વ્યાધેશ્વર નામે પ્રસિદ્ધ થયા, જે દર્શનથી અને પૂજનથી તત્કાળ ભોગ અને મોક્ષ આપે છે. હે મહર્ષિઓ! આ વ્યાધ પણ એ જ દિવસથી દિવ્ય ભોગોનો ઉપભોગ કરતાં પોતાની રાજધાનીમાં રહેવા લાગ્યો. એણે ભગવાન શ્રીરામની કૃપા મેળવીને શિવ-સાયુજ્યને ઉપલબ્ધ થઈ ગયો. અજાણતાં જ આ વ્રતનું અનુષ્ઠાન કરવાથી એને સાયુજ્ય મોક્ષ મળી ગયો, તો પછી જે ભક્તિભાવથી સંપન્ન થઈને આ વ્રત કરે છે, તે શિવના શુભ સાયુજ્યને પ્રાપ્ત કરી લે છે, એમાં તો કહેવાનું

જ શું હોય. સંપૂર્ણ શાસ્ત્રો તથા અનેક પ્રકારના ધર્મોના વિષયમાં સારી પેઠે વિચાર કરીને આ શિવરાત્રિના વ્રતને સૌથી ઉત્તમ કહેવાયું છે. આ લોકમાં વિવિધ પ્રકારનાં વ્રત, વિવિધ તીર્થ, જાતજાતનાં વિચિત્ર દાન, અનેક પ્રકારના યજ્ઞ, જાતજાતનાં તપ અને બહુ પ્રકારના જપ છે, એ બધાં આ શિવરાત્રિ વ્રતની સમાનતા ન કરી શકે. એટલા માટે પોતાનું હિત ચાહનારા મનુષ્યોએ આ શુભતર વ્રતનું અવશ્ય પાલન કરવું જોઈએ. આ શિવરાત્રિનું વ્રત દિવ્ય વ્રત છે. એ કરવાથી સદા ભોગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. હે મહર્ષિઓ! આ શુભ શિવરાત્રિ-વ્રત વ્રતરાજ નામે વિખ્યાત છે. એ વિષયમાં બધી વાતો મેં તમને જણાવી દીધી છે. હવે વધારે શું સાંભળવા ચાહો છો?

(અધ્યાય ૪૦)

*

# મુક્તિ અને ભક્તિના સ્વરૂપનું વિવેચન

**ઋષિઓએ પૂછ્યું**—હે સૂતજી! આપે વારંવાર મુક્તિનું નામ લીધું છે. અહીં મુક્તિ મળવાથી શું થાય છે? મુક્તિમાં જીવની કેવી અવસ્થા હોય છે? એ અમને બતાવો.

**સૂતજીએ કહ્યું**—હે મહર્ષિઓ! સાંભળો. હું તમને સંસાર કલેશનું નિવારણ અને પરમાનંદનું દાન કરનારી મુક્તિનું સ્વરૂપ બતાવું છું. મુક્તિ ચાર પ્રકારની કહેવાય છે : સારૂપ્યા, સાલોક્યા, સાંનિધ્યા અને ચોથી સાયુજ્યા. આ શિવરાત્રિના વ્રતથી સર્વ પ્રકારની મુક્તિ સુલભ થઈ જાય છે જે જ્ઞાનરૂપ અવિનાશી, સાક્ષી, જ્ઞાનગમ્ય અને

છેવટે આ જેમાં લીન થઈ જાય છે તે જ શિવ છે. જેમનાથી આ આખું જગત વ્યાપ્ત છે તે જ શિવનું રૂપ છેઃ હે મુનીશ્વરો! વેદોમાં શિવનાં બે રૂપ બતાવ્યાં છે. સકલ અને નિષ્કલ. શિવતત્ત્વ સત્ય, જ્ઞાન, અનંત અને સચ્ચિદાનંદ નામે પ્રસિદ્ધ છે. નિર્ગુણ, ઉપાધિરહિત, અવિનાશી, શુદ્ધ અને નિરંજન (નિર્મલ) છે. તે નથી તો લાલ, નથી તો પીળો; ન સફેદ, ન નીલો; ન નાનો, ન મોટો; ન જાડો, ન પાતળો, જ્યાંથી મનસહિત વાણી એને ન પામીને પાછી વળે છે તે પરબ્રહ્મ પરમાત્મા જ શિવ કહેવાય છે.

પ્રાપ્તિ થાય છે.*

સંસારમાં જ્ઞાનની પ્રાપ્તિ અત્યંત કઠિન છે, છતાં ભગવાનનું ભજન અત્યંત સુકર મનાય છે. એટલા માટે સંતશિરોમણિ પુરુષ મુક્તિને માટે પણ શિવનું ભજન જ કરે છે. જ્ઞાનસ્વરૂપ મોક્ષદાતા પરમાત્મા શિવ ભજનને જ અધીન છે. ભક્તિથી જ ઘણાબધા પુરુષો સિદ્ધિ લાભ કરીને પ્રસન્નતાપૂર્વક મોક્ષને ઉપલબ્ધ થઈ ગયા છે. ભગવાન શંભુની ભક્તિ જ્ઞાનની જનની મનાય છે જે સદા ભોગ અને મોક્ષ આપનારી છે. તે સાધુ મહાપુરુષોના કૃપા-પ્રસાદથી સુલભ થાય છે. ઉત્તમ પ્રેમનો અંકુર જ એનું લક્ષણ છે. હે દ્વિજો! આ ભક્તિ પણ સગુણ અને નિર્ગુણ બે પ્રકારની જાણવી જોઈએ. પછી વૈધી અને સ્વાભાવિકી - એ બે ભેદ વધારાના છે. એમાં વૈધીની અપેક્ષાએ સ્વાવિકી શ્રેષ્ઠ મનાઈ છે. એ સિવાય નૈષ્ઠિકી અને અનૈષ્ઠિકીના ભેદથી ભક્તિના બીજા બે પ્રકાર બતાવાય છે. નૈષ્ઠિકી ભક્તિ છ પ્રકારની જાણવી જોઈએ અને અનૈષ્ઠિકી એક જ પ્રકારની છે. પછી વિહિતા અને અવિહિતા ભેદથી વિદ્વાનોએ એના અનેક પ્રકાર માન્યા છે. એમના ઘણાબધા ભેદ હોવાને કારણે અહીં વિસ્તૃત વર્ણન નથી થઈ શકતું. આ બંને પ્રકારની ભક્તિના શ્રવણ વગેરે ભેદથી નવ અંગ જાણવાં. ભગવાનની કૃપા વગર આ ભક્તિનું સંપાદન થવું કઠણ છે અને એમની કૃપાથી સુગમતાપૂર્વક એનું સાધન થઈ શકે છે. હે દ્વિજો! ભક્તિ અને જ્ઞાનને શંભુએ એકબીજાથી ભિન્ન નથી કહ્યાં. એટલે એમાં ભેદ ન કરવો જોઈએ. જ્ઞાન અને ભક્તિ બંને સાધકને સદા સુખ આપે છે. હે બ્રાહ્મણો! જે ભક્તિના વિરોધી છે, એમને જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. ભગવાન શિવની ભક્તિ કરનારાઓને શીઘ્રતાપૂર્વક જ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે. માટે હે મુનીશ્વરો! મહેશ્વરની ભક્તિનું સાધન કરવું જરૂરી છે. એનાથી સર્વની સિદ્ધિ થશે એમાં કોઈ સંશય નથી. હે મહર્ષિઓ! તમે જે કાંઈ પૂછ્યું હતું, એનું મેં વર્ણન કર્યું છે. આ પ્રસંગને સાંભળીને મનુષ્ય બધાં પાપથી નિસ્સંદેહ મુક્ત થઈ જાય છે. (અધ્યાય ૪૧)

*

## શિવ, વિષ્ણુ, રુદ્ર અને બ્રહ્માનાં સ્વરૂપનું વિવેચન

**ઋષિઓએ પૂછ્યું**—શિવ કોણ છે? વિષ્ણુ કોણ છે? રુદ્ર કોણ છે અને બ્રહ્મા કોણ છે? આ બધામાં નિર્ગુણ કોણ છે? અમારા આ સંદેહનું આપ નિવારણ કરો.

**સૂતજીએ કહ્યું**—હે મહર્ષિઓ! વેદ અને વેદાંતના વિદ્વાન એવું માને છે કે નિર્ગુણ

* સત્યં જ્ઞાનમનન્તં ચ સચ્ચિદાનંદસંજ્ઞિતમ્। નિર્ગુણો નિરુપાધિશ્ચાવ્યયઃ શુદ્ધો નિરંજનઃ॥
ન રક્તો નૈવ પીતશ્ચ ન શ્વેતો નીલ એવ ચ। ન હ્રસ્વો ન ચ દીર્ઘશ્ચ ન સ્થૂલઃ સૂક્ષ્મ એવ ચ॥
યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ। તદેવ પરમં પ્રોક્તં બ્રહ્મૈવ શિવસંજ્ઞકમ્॥
આકાશં વ્યાપકં યદ્વત્ તથૈવ વ્યાપકં ત્વિદમ્। માયાતીતં પરમાત્માનં દ્વન્દ્વાતીતં વિમત્સરમ્॥
તત્પ્રાપ્તિશ્ચ ભવેદત્ર શિવજ્ઞાનોદયાદ્ ધ્રુવમ્। ભજનાદ્વા શિવસ્યૈવ સૂક્ષ્મમત્યા સતાં દ્વિજાઃ॥
(શિ.પુ.કો.રુ.સં. ૪૧/૧૨ થી ૧૬)

પરમાત્માથી સર્વ પ્રથમ જે સગુણરૂપ પ્રગટ થયું, એનું જ નામ શિવ છે. શિવથી પુરુષ-સહિત પ્રકૃતિ ઉત્પન્ન થઈ. એ બંનેએ મૂળસ્થાનમાં સ્થિત જળની અંદર તપ કર્યું. તે સ્થાન પંચક્રોશી કાશી નામે વિખ્યાત છે, જે ભગવાન શિવને અત્યંત પ્રિય છે. આ જળ સંપૂર્ણ વિશ્વમાં વ્યાપ્ત હતું. એ જળનો આશ્રય લઈને યોગમાયાથી યુક્ત શ્રીહરિ ત્યાં સૂતા-નાર અર્થાત્ જળને અયન (નિવાસસ્થાન) બનાવવાને કારણે પછી 'નારાયણ' નામે પ્રસિદ્ધ થયા અને પ્રકૃતિ નારાયણી કહેવાઈ. નારાયણના નાભિકમળથી જેની ઉત્પત્તિ થઈ, તે બ્રહ્મા કહેવાય છે. બ્રહ્માએ તપસ્યા કરીને જેનો સાક્ષાત્કાર કર્યો, તેમને વિષ્ણુ કહેવાયા. બ્રહ્મા અને વિષ્ણુના વિવાદને શાંત કરવા માટે નિર્ગુણ શિવે જે રૂપ પ્રગટ કર્યું, એનું નામ 'મહાદેવ' છે. એમણે કહ્યું– 'હું શંભુ બ્રહ્માજીના લલાટમાંથી પ્રગટ થઈશ' આ કથન અનુસાર સમસ્ત લોકો પર અનુગ્રહ કરવાને માટે જે બ્રહ્માજીના લલાટમાંથી પ્રગટ થયા એમનું નામ રુદ્ર પડ્યું. આ રીતે રૂપરહિત પરમાત્મા સૌના ચિંતનનો વિષય બનવા માટે સાકારરૂપે પ્રગટ થયા. એ જ સાક્ષાત્ ભક્તવત્સલ શિવ છે. ત્રણ ગુણોથી ભિન્ન શિવમાં તથા ગુણોના ધામ રુદ્રમાં એ જ રીતે વાસ્તવિક ભેદ નથી; જેવી રીતે સુવર્ણ અને સુવર્ણનાં આભૂષણોમાં ભેદ નથી. બંનેનાં રૂપ અને કર્મ સમાન છે. બંને સમાનરૂપે ભક્તોને ઉત્તમ ગતિ પ્રદાન કરનારા છે બંને સમાનરૂપે સર્વના સેવનીય છે અને વિવિધ પ્રકારનાં લીલા-વિહાર કરનારા છે. ભયાનક પરાક્રમી રુદ્ર સર્વથા શિવરૂપ જ છે. એ ભક્તોનાં કાર્યની સિદ્ધિ નિમિત્ત વિષ્ણુ અને બ્રહ્માની સહાયતા કરવા માટે પ્રગટ થયા છે. અન્ય જે જે દેવતા જે ક્રમથી પ્રગટ થયા છે, એ જ ક્રમે લય પામે છે. પરંતુ રુદ્ર દેવ એ રીતે લીન થતા નથી. એમનો સાક્ષાત્ શિવમાં જ લય થાય છે. એ પ્રાકૃત પ્રાણી રુદ્રમાં મળીને જ લય પામે છે, પરંતુ રુદ્ર એ પ્રાણીઓમાં મળીને લય પામતા નથી. આ ભગવતી શ્રુતિનો ઉપદેશ છે. બધા લોકો રુદ્રનું ભજન કરે છે, પરંતુ રુદ્ર કોઈનું ભજન કરતા નથી. તે ભક્તવત્સલ હોવાને કારણે ક્યારેક ક્યારેક પોતાની મેળે જ ભક્તજનોનું ચિંતન કરી લે છે. જે બીજા દેવતાઓનું ભજન કરે છે, તે એમનામાં જ લીન થાય છે, એટલા જ માટે તે દીર્ઘકાળ પછી રુદ્રમાં લીન થઈ જવાનો અવસર પામે છે. જે કોઈ રુદ્રનો ભક્ત છે તે તત્કાળ શિવ થઈ જાય છે. તેથી એમને માટે બીજાની અપેક્ષા રહેતી નથી. આ સનાતન શ્રુતિનો સંદેશ છે.

હે દ્વિજો! અજ્ઞાન અનેક પ્રકારનું હોય છે, પરંતુ વિજ્ઞાનનું એક જ સ્વરૂપ છે. એ અનેક પ્રકારનું હોતું નથી. એને સમજવાનો પ્રકાર હું બતાવીશ, તમે લોકો આદરપૂર્વક સાંભળો. બ્રહ્માથી લઈને તણખલા પર્યંત જે કાંઈ પણ અહીં જોવા મળે છે તે બધું શિવરૂપ જ છે. એમાં નાનાત્વ-અનેકત્વની કલ્પના મિથ્યા છે. સૃષ્ટિની પૂર્વે પણ શિવની સત્તા બતાવાઈ છે, સૃષ્ટિના મધ્યમાં પણ શિવ બિરાજી રહ્યા છે, સૃષ્ટિના અંતમાં પણ શિવ રહે છે, અને જ્યારે સર્વ કાંઈ શૂન્યતામાં પરિણીત થઈ જાય છે, એ સમયે પણ શિવની સત્તા રહે જ છે. તેથી હે મુનીશ્વરો! શિવને જ ચતુર્ગુણ કહેવામાં આવ્યા છે. એ જ શિવ શક્તિમાન હોવાને કારણે 'સગુણ' જાણવા યોગ્ય છે. આ રીતે એ સગુણ-

નિર્ગુણના ભેદથી બે પ્રકારના છે. જે શિવે જ ભગવાન વિષ્ણુને સંપૂર્ણ સનાતન વેદ, અનેક વર્ણ, અનેક માત્રા, તથા પોતાનું ધ્યાન અને પૂજન આપ્યાં છે, તે જ સંપૂર્ણ વિદ્યાઓના ઈશ્વર છે–એવી સનાતન શ્રુતિ છે. તેથી શંભુને 'વેદોના પ્રાગટ્યકર્તા' તથા 'વેદપતિ' કહેવાયા છે. એ જ સૌ પર અનુગ્રહ કરનારા સાક્ષાત્ શંકર છે. કર્તા, ભર્તા, હર્તા, સાક્ષી તથા નિર્ગુણ પણ તે જ છે. બીજાઓ માટે કાલનું માન છે (માપવાનું સાધન) પરંતુ કાલસ્વરૂપ રુદ્રને માટે કાલની કોઈ ગણના નથી, કેમકે તે સાક્ષાત્ સ્વયં મહાકાલ છે અને મહાકાલી એમને આશ્રયે છે. બ્રાહ્મણ, રુદ્ર અને કાલીને એક જ બતાવે છે. એ બંનેએ સત્ય લીલા કરનારી પોતાની ઈચ્છાથી જ સર્વ કાંઈ પ્રાપ્ત કર્યું છે. શિવનું કોઈ ઉત્પાદક નથી. એમનો કોઈ પાલક નથી અને કોઈ સંહારક નથી. તે સ્વયં સર્વના હેતુ છે. એક થઈને પણ

અનેકતા
પણ એક
બહાર થ
થયું પુન
આ રીતે
હોવામાં
બતાવવા
જાણે છે.

મુનિ
સહિત જ્ઞ
શિવભાવ
શિવ કેવી
કેવી રીતે

ઋષિ
શિરોમણિ
ચરણારવિં

*

## શિવસંબંધી તત્ત્વજ્ઞાનનું વર્ણન તથા એનો
## માહાત્મ્ય અને ઉપસં

સૂતજીએ કહ્યું—હે ઋષિઓ! મેં શિવજ્ઞાન પર્યંત જે

થતો નથી, એ જ રીતે સાક્ષાત્ શિવના વિષયમાં પણ સમજવું જોઈએ. વસ્તુતઃ તો એ સ્વયં જ સર્વ કાંઈ છે. મતભેદ એ જ અજ્ઞાન છે, કેમકે શિવથી ભિન્ન કોઈ દ્વૈત વસ્તુની સત્તા જ નથી. સંપૂર્ણ દર્શનોમાં મતભેદ જ જણાય છે, પરંતુ વેદાન્તી નિત્ય અદ્વૈતતત્ત્વનું જ વર્ણન કરે છે. જીવ પરમાત્મા શિવનો જ અંશ છે, પરંતુ અવિદ્યાથી મોહિત થઈને અવશ થઈ રહ્યો છે અને પોતાને શિવથી ભિન્ન સમજે છે. અવિદ્યાથી મુક્ત થયા પછી તે શિવ જ થઈ જાય છે. શિવ સૌને વ્યાપ્ત કરીને સ્થિત છે અને સંપૂર્ણ જંતુઓમાં વ્યાપક છે. તે જડ અને ચેતન - સૌના ઈશ્વર થઈને સ્વયં જ સૌનું કલ્યાણ કરે છે. જે વિદ્વાન પુરુષ વેદાન્ત માર્ગનો આશ્રય લઈને એમના સાક્ષાત્કાર માટે સાધના કરે છે, એને તે સાક્ષાત્કારરૂપ ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે. વ્યાપક અગ્નિ-તત્ત્વ પ્રત્યેક લાકડામાં છે, પરંતુ જે એ કાષ્ઠનું મંથન કરે છે, ઘર્ષણ કરે છે, તે જ અસંદિગ્ધરૂપે અગ્નિને પ્રગટ કરીને દેખે છે. એ જ રીતે બુદ્ધિમાન અહીં ભક્તિ વગેરે સાધનોનું અનુષ્ઠાન કરે છે એને અવશ્ય શિવનાં દર્શન પ્રાપ્ત થાય છે, એમાં સંદેહ નથી - સર્વત્ર કેવળ શિવ છે, શિવ છે, શિવ છે.

જ ભેદબુદ્ધિનો નાશ થઈ જાય
અંકુર ઉત્પન્ન થાય છે,
અનેકત્વ, વિવિધતા પ્રગટ
તે બીજરૂપે જ સ્થિત થાય
થઈ જાય છે. જ્ઞાની બીજરૂપે
વિવિધ પ્રકારના વિકાર
વિકારરૂપ અંકુરોની નિવૃત્તિ
ફરીથી જ્ઞાનીરૂપે જ સ્થિત
અન્યથા વિચાર ન કરવો
શિવ જ છે અને શિવ જ
તથા સંપૂર્ણ જગતમાં કોઈ ભે
કોઈ અનેકતા જુએ છે અને
શોધે છે. જેવી રીતે એક જ સૂ
જળ વગેરે ઉપાધિઓમાં
પ્રકારની દેખાય છે, એ જ
છે - જેવી રીતે આકાશ સર્વ
પણ સ્પર્શ વગેરે બંધનમાં અ
જ રીતે વ્યાપક શિવ પણ ક
અહંકારથી યુક્ત હોવાને કા
જીવ કહેવાય છે. એ અહંકાર
તે સાક્ષાત્ શિવ જ છે. કર્મો
હોવાને કારણે જીવ તુચ્છ
હોવાને કારણે શિવ

સ્મરણ વગેરે કરે. ગુરુમાં શિવબુદ્ધિ કરવાથી બધાં જ પાપ વગેરે મળ શરીરમાંથી નીકળી જાય છે. એ સમયે અજ્ઞાન નષ્ટ થઈ જાય છે અને મનુષ્ય જ્ઞાનવાન થઈ જાય છે. એ અવસ્થામાં અહંકારયુક્ત નિર્મળ બુદ્ધિવાળો જીવ ભગવાન શંકરના પ્રસાદથી પુનઃ શિવરૂપ થઈ જાય છે. જેવી રીતે દર્પણમાં પોતાનું રૂપ જણાય છે, એ જ રીતે એને સર્વત્ર શંભુનો સાક્ષાત્કાર થવા લાગે છે. એ જ જીવન્મુક્ત કહેવાય છે. શરીર પડી ગયા પછી, એટલે કે શરીર સમાપ્ત થયા પછી, એ જીવન્મુક્ત જ્ઞાની શિવમાં મળી જાય છે. શરીર પ્રારબ્ધને અધીન છે, જે એ દેહના અભિમાનથી રહિત છે, એને જ્ઞાની માનવામાં આવે છે. જે શુભ વસ્તુ મેળવીને હર્ષથી ખીલી ઊઠતો નથી, અશુભ વસ્તુ મેળવીને ક્રોધ કે શોક નથી કરતો તથા સુખદુઃખ વગેરે બધા જ દ્વન્દ્વોમાં સમભાવ રાખે છે તે જ્ઞાનવાન કહેવાય છે.* આત્મચિંતનથી તથા તત્ત્વોના વિવેકથી એવો પ્રયત્ન કરે કે શરીરથી પોતાની પૃથક્તાનો બોધ થઈ જાય. મુક્તિની ઇચ્છા રાખનાર પુરુષ શરીર અને એના અભિમાનને છોડીને અહંકારશૂન્ય અને મુક્ત થઈને સદાશિવમાં વિલીન થઈ જાય છે. અધ્યાત્મચિંતન અને ભગવાન શિવની ભક્તિ—એ જ્ઞાનનાં મૂળ કારણ છે. ભક્તિથી સાધનવિષયક પ્રેમની ઉપલબ્ધિ બતાવી છે. પ્રેમથી શ્રવણ થાય છે, શ્રવણથી સત્સંગ પ્રાપ્ત થાય છે અને સત્સંગથી જ્ઞાની ગુરુની ઉપલબ્ધિ થાય છે. ગુરુની કૃપાથી જ્ઞાન પ્રાપ્ત થઈ ગયા પછી મનુષ્ય નિશ્ચય જ મુક્ત થઈ જાય છે. એટલા માટે જે સમજદાર છે, એણે સદા શંભુનું જ ભજન કરવું જોઈએ. જે અનન્ય ભક્તિથી યુક્ત થઈને શંભુનું પૂજન કરે છે, એને અંતે અવશ્ય જ મોક્ષ પ્રાપ્ત થઈ જાય છે. તેથી મુક્તિની પ્રાપ્તિ માટે ભગવાન શંકરથી અધિક બીજા કોઈ દેવતા નથી. એમનું શરણ લઈને જીવ સંસાર બંધનથી છૂટી જાય છે.

હે બ્રાહ્મણો! આ રીતે અહીં પધારેલા ઋષિઓએ પરસ્પર નિશ્ચય કરીને જે આ જ્ઞાનની વાત બતાવી છે, એને પોતાની બુદ્ધિ દ્વારા પ્રયત્નપૂર્વક ધારણ કરવી જોઈએ. હે મુનીશ્વરો! તમે જે કાંઈ પૂછ્યું હતું, એ બધું મેં તમને બતાવી દીધું. આને તમારે પ્રયત્નપૂર્વક ગુપ્ત રાખવું જોઈએ. બતાવો, હવે વધારે શું સાંભળવા ચાહો છો?

**ઋષિ બોલ્યા**—હે વ્યાસ શિષ્ય! આપને નમસ્કાર હો. આપ ધન્ય છો, શિવભક્તોમાં શ્રેષ્ઠ છો. આપે અમને શિવતત્ત્વ સંબંધી પરમ ઉત્તમ જ્ઞાનનું શ્રવણ કરાવ્યું છે. આપની કૃપાથી અમારા મનની ભ્રાંતિ મટી ગઈ છે. અમે આપની પાસેથી મોક્ષદાયક શિવતત્ત્વનું જ્ઞાન મેળવીને બહુ જ સંતુષ્ટ થયા છીએ.

**સૂતજીએ કહ્યું**—હે દ્વિજો! જે નાસ્તિક હોય, શ્રદ્ધાહીન હોય અને શઠ હોય, જે ભગવાન શિવનો ભક્ત ન હોય તથા આ વિષયને સાંભળવામાં રુચિ ન રાખતો હોય, એને આ તત્ત્વજ્ઞાનનો ઉપદેશ ન આપવો જોઈએ. વ્યાસજીએ ઇતિહાસ, પુરાણ, વેદ અને શાસ્ત્રોનો વારંવાર વિચાર કરીને અને એનો સાર કાઢીને

* શુભં લબ્ધ્વા ન હૃષ્યેત કુપ્યેલ્લબ્ધ્વાશુભં નહિ। દ્વન્દ્વેષુ સમતા યસ્ય જ્ઞાનવાનુચ્યતે હિ સઃ॥ (શિ.પુ.કો.રુ.સં. ૪૩/૩૧)

મને ઉપદેશ આપ્યો છે. આનું એક વાર શ્રવણ કરવા માત્રથી બધાં પાપ ભસ્મ થઈ જાય છે, અભક્તને ભક્તિ પ્રાપ્ત થાય છે અને ભક્તની ભક્તિ વધે છે. બીજી વાર સાંભળવાથી ઉત્તમ ભક્તિ પ્રાપ્ત થાય છે. ત્રીજી વાર સાંભળવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. તેથી ભોગ અને મોક્ષરૂપ ફળની ઈચ્છા રાખનારા લોકોએ આનું વારંવાર શ્રવણ કરવું જોઈએ. ઉત્તમ ફળ મેળવવાના ઉદ્દેશ્યથી આ પુરાણની પાંચ આવૃત્તિ કરવી જોઈએ. આવું કરવાથી મનુષ્ય એને અવશ્ય મેળવે છે, એમાં સંદેહ નથી, કેમકે આ વ્યાસજીનું વચન છે. જેણે ઉત્તમ પુરાણ સાંભળ્યું છે, એને કશુંયે દુર્લભ નથી.

આ શિવ-વિજ્ઞાન ભગવાન શંકરને અત્યંત પ્રિય છે. એ ભોગ અને મોક્ષ આપનારું તથા શિવભક્તિને વધારનારું છે. આ રીતે મેં શિવપુરાણની ચોથી આનંદદાયિની તથા પરમ પુણ્યમયી સંહિતા કહી છે, જે કોટિરુદ્રસંહિતાને નામે વિખ્યાત છે. જે પુરુષ એકાગ્રચિત્ત થઈને ભક્તિભાવથી આ સંહિતા સાંભળશે અથવા સંભળાવશે તે સમસ્ત ભોગોનો ઉપભોગ કરીને અંતે પરમગતિને પ્રાપ્ત કરી લેશે.

(અધ્યાય ૪૩)

*

॥ કોટિરુદ્રસંહિતા સંપૂર્ણ ॥

*

# ઉમાસંહિતા

## ભગવાન શ્રીકૃષ્ણના તપથી સંતુષ્ટ થઈ શિવ અને પાર્વતીનું એમને ઈચ્છિત વરદાન આપવું તથા શિવનો મહિમા

યો ધત્તે ભુવનાનિ સપ્ત ગુણવાન્ સ્રષ્ટા રજઃસંશ્રયઃ
સંહર્તા તમસાન્વિતો ગુણવતીં માયામતીત્ય સ્થિતઃ।
સત્યાનન્દમનન્ત બોધમમલં બ્રહ્માદિ સંજ્ઞાસ્પદં
નિત્યં સત્ત્વસમન્વયાદધિગતં પૂર્ણં શિવં ધીમહિ॥

જે રજોગુણનો આશ્રય લઈ સંસારની સૃષ્ટિ કરે છે, સત્ત્વગુણથી સંપન્ન થઈ સાતે ભુવનોનું ધારણ-પોષણ કરે છે, તમોગુણથી યુક્ત થઈને સર્વનો સંહાર કરે છે તથા ત્રિગુણમયી માયાને વટાવી જઈને પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિત રહે છે, એ સત્યાનન્દ સ્વરૂપ, અનંતબોધમય, નિર્મલ અને પૂર્ણ બ્રહ્મ શિવનું અમે ધ્યાન ધરીએ છીએ. એ જ સૃષ્ટિકાલમાં બ્રહ્મા, પાલનના સમયમાં વિષ્ણુ અને સંહાર કાલમાં રુદ્ર નામ ધારણ કરે છે તથા સદૈવ સાત્ત્વિક ભાવ અપનાવવાથી જ પ્રાપ્ત થાય છે.

**ઋષિ બોલ્યા**—હે મહાજ્ઞાની વ્યાસશિષ્ય સૂતજી! આપને નમસ્કાર છે. તમે કોટિરુદ્ર નામની ચોથી સંહિતા અમને સંભળાવી દીધી. હવે ઉમાસંહિતા અંતર્ગત વિવિધ પ્રકારનાં ઉપાખ્યાનોથી યુક્ત જે પરમાત્મા સામ્બ સદાશિવનું ચરિત્ર છે, એનું વર્ણન કરો.

**સૂતજીએ કહ્યું**—હે શૌનક વગેરે ઋષિઓ! ભગવાન શંકરનું મંગલમય ચરિત્ર પરમ દિવ્ય અને ભોગ તથા મોક્ષ આપનારું છે. તમે લોકો પ્રેમથી એનું શ્રવણ કરો. પૂર્વકાળમાં મુનિવર પાસે સનત્કુમારની સામે આવો જ પવિત્ર પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો અને એના ઉત્તરમાં એમણે ભગવાન શિવના ઉત્તમ ચરિત્રનું ગાન કર્યું હતું.

એ સમયે પુત્રની પ્રાપ્તિ નિમિત્તે શ્રીકૃષ્ણનું હિમવાન પર્વત પર જઈને મહર્ષિ ઉપમન્યુને મળવાની, એમની બતાવેલી પદ્ધતિ અનુસાર ભગવાન શિવને પ્રસન્ન કરવા તપ કરવા, એમના તપથી પ્રસન્ન થઈ પાર્વતી, કાર્તિકેય તથા ગણેશસહિત શિવનું પ્રગટ થવું તથા શ્રીકૃષ્ણ દ્વારા એમની સ્તુતિપૂર્વક વરદાન માગવાની કથા સંભળાવીને સનત્કુમારજીએ કહ્યું—શ્રીકૃષ્ણનું વચન સાંભળીને ભગવાન ભવે એમને કહ્યું—'હે વાસુદેવ! તમે જે કાંઈ મનોરથ કર્યો છે, તે બધો જ પૂર્ણ થશે.' આટલું કહીને ત્રિશૂળધારી ભગવાન શિવ ફરી બોલ્યા - 'હે યાદવેન્દ્ર! તમને સામ્બ નામે પ્રસિદ્ધ એક મહાપરાક્રમી બળવાન પુત્ર પ્રાપ્ત થશે. એક સમયે મુનિઓએ ભયાનક સંવર્તક (પ્રલયંકર) સૂર્યને શાપ આપ્યો હતો કે 'તમે મનુષ્ય યોનિમાં ઉત્તમ થશો' તેથી તે સંવર્તક સૂર્ય જ તમારા પુત્ર થશે. એ સિવાય પણ જે જે વસ્તુ તમે ચાહતા હો, એ સર્વ તમે પ્રાપ્ત કરો.'

**સનત્કુમારજી કહે છે**—આ રીતે પરમેશ્વર શિવ પાસેથી સંપૂર્ણ વરદાનોને પ્રાપ્ત કરીને શ્રીકૃષ્ણે વિવિધ પ્રકારની ઘણીબધી સ્તુતિઓ દ્વારા એમને પૂર્ણતયા સંતુષ્ટ કર્યા. તદનંતર ભક્તવત્સલા ગિરિરાજકુમારી શિવાએ પ્રસન્ન થઈને એ તપસ્વી શિવભક્ત મહાત્મા વાસુદેવને કહ્યું.

પાર્વતી બોલ્યાં—હે પરમ બુદ્ધિમાન વસુદેવનંદન શ્રીકૃષ્ણ! હું તમારાથી બહુ જ સંતુષ્ટ છું. હે અનઘ! તમે મારી પાસેથી પણ મનોવાંછિત વરદાન ગ્રહણ કરો, જે ભૂતલ પર દુર્લભ છે.

શ્રીકૃષ્ણે કહ્યું—હે દેવી! જો આપ મારા આ સત્ય તપથી સંતુષ્ટ છો અને મને વરદાન આપી જ રહ્યાં છો તો હું એ ચાહું છું કે મારા મનમાં બ્રાહ્મણો પ્રત્યે ક્યારેય દ્વેષ ન થાય, હું સદા દ્વિજોનું પૂજન કરતો રહું. મારાં માતા-પિતા સદા મુજથી સંતુષ્ટ રહે. હું જ્યાં પણ ક્યાંય જાઉં, સમસ્ત પ્રાણીઓ પ્રતિ મારા મનમાં અનુકૂળ ભાવ રહે. આપનાં દર્શનના પ્રભાવથી મારી સંતતિ ઉત્તમ હો. હું સેંકડો યજ્ઞો કરીને ઈન્દ્ર વગેરે દેવતાઓને તૃપ્ત કરું. હજારો સાધુ-સંન્યાસીઓને સદા ઘર પર શ્રદ્ધાથી પવિત્ર અન્નનું ભોજન કરાવું. ભાઈ બંધુઓ સાથે નિત્ય મારો પ્રેમ રહ્યા કરે અને હું સદા સંતુષ્ટ રહું.



સનત્કુમારજી કહે છે—શ્રીકૃષ્ણનું આ વચન સાંભળીને સંપૂર્ણ મનોવાંછિતોને આપનારાં સનાતની દેવી પાર્વતી વિસ્મિત થયાં અને બોલ્યાં—'હે વાસુદેવ! એવું જ થશે. તમારું કલ્યાણ થાઓ.' આ રીતે શ્રીકૃષ્ણ પર કૃપા કરીને એમને એ વરદાનો આપીને પાર્વતીદેવી અને પરમેશ્વર શિવ બંને ત્યાં જ અંતર્ધાન થઈ ગયાં. તદનંતર કેશિહન્તા શ્રીકૃષ્ણે મુનિવર ઉપમન્યુને પ્રણામ કરીને એમને વરદાન પ્રાપ્તિના બધા સમાચાર કહ્યા. ત્યારે એ મુનિએ કહ્યું—'હે જનાર્દન! સંસારમાં ભગવાન શિવ સિવાય બીજો કોણ મહાદાની ઈશ્વર છે તથા ક્રોધને સમયે બીજો કોણ અત્યંત દુસ્સહ થઈ ઊઠે છે. હે મહાયશસ્વી ગોવિંદ! દાન, તપ, શૌર્ય તથા સ્થિરતામાં શિવથી અધિક કોણ છે. તેથી તમે શંભુના દિવ્ય ઐશ્વર્યનું સદા શ્રવણ કરતા રહો.'*

ત્યાર પછી ઉપમન્યુ દ્વારા શિવનો મહિમા સાંભળ્યા બાદ એ મુનીશ્વરને નમસ્કાર કરીને વસુદેવનંદન મનમાં ને મનમાં શંભુનું સ્મરણ કરતાં કરતાં દ્વારકાપુરી ચાલ્યા ગયા.

(અધ્યાય ૧ થી ૩)

*

* મહર્ષિ ઉપમન્યુ દ્વારા શ્રીકૃષ્ણ પ્રત્યે શિવતત્ત્વનો ઉપદેશ તથા ઉપમન્યુની કથા વાયવીય સંહિતામાં વિસ્તારથી કહેવાશે.

# નરકમાં લઈ જનારાં પાપોનું સંક્ષિપ્ત વર્ણન

**સનત્કુમારજી કહે છે**—હે વ્યાસજી! જે પાપ-પરાયણ જીવ મહાનરકના અધિકારી છે, એમનો સંક્ષિપ્ત પરિચય અપાય છે; સાવધાન થઈને સાંભળો. પરસ્ત્રીને પ્રાપ્ત કરવાનો સંકલ્પ, પારકા ધનનું અપહરણ કરવાની ઈચ્છા, ચિત્ત દ્વારા અનિષ્ટ-ચિંતન તથા ન કરવા યોગ્ય - નિષિદ્ધ કર્મમાં પ્રવૃત્ત થવાનો દુરાગ્રહ - આ ચાર પ્રકારનાં માનસિક પાપકર્મ છે. અસંગત પ્રલાપ, (મોંમાથા વગરની વાત) અપ્રિય બોલવું અને પીઠ પાછળ ચાડી-ચુગલી કરવી—એ ચાર વાચિક (વાણી દ્વારા થનારાં) પાપ કર્મ છે. અભક્ષ્ય ભક્ષણ, પ્રાણીઓની હિંસા, વ્યર્થનાં કાર્યોમાં લાગવું અને બીજાના ધનને બથાવી પાડવું—એ ચાર પ્રકારનાં શારીરિક પાપ કર્મ છે. આ રીતે આ બાર કર્મ બતાવ્યાં ગયાં છે, જે મન, વાણી અને શરીર એ ત્રણે સાધનોથી સંપન્ન હોય છે. જે સંસાર-સાગરથી પાર કરનાર મહાદેવજીનો દ્વેષ કરે છે, એ બધાંય નરકોના સમુદ્રમાં પાડનાર છે. એમને બહુ ભારે પાતક લાગે છે. જે શિવજ્ઞાનનો ઉપદેશ દેનારા તપસ્વિની, ગુરુજનોની અને પિતા-મોટા કાકાની નિંદા કરે છે તે ઉન્મત્ત મનુષ્ય નરક-સમુદ્રમાં પડે છે. બ્રહ્મહત્યારા, મદિરા પીનારા, સોનું ચોરનારા, ગુરુપત્નીગામી તથા આ ચારેય સાથે સંબંધ રાખનારા પાંચમી શ્રેણીના પાપી—એ બધાયે મહાપાતકી કહેવાયા છે.

જે ક્રોધથી, લોભથી ભયથી તથા દ્વેષથી બ્રાહ્મણના વધને માટે મર્મભેદી દોષોનું વર્ણન કરે છે તે બ્રહ્મહત્યારો થાય છે. જે બ્રાહ્મણને બોલાવીને એને કોઈ વસ્તુ આપી દીધા પછી ફરી લઈ લે છે, તથા જે નિર્દોષ પુરુષ પર દોષારોપણ કરે છે, એ મનુષ્ય પણ બ્રહ્મહત્યારો થાય છે, જે ભરી સભામાં ઉદાસીન ભાવથી બેઠેલા શ્રેષ્ઠ દ્વિજને પોતાની વિદ્યાના અભિમાનથી અપમાનિત કરીને એને નિસ્તેજ (હત પ્રતિભા) કરી દે છે, એને પણ બ્રહ્મહત્યારો કહેવાયો છે. જે બીજાના યથાર્થ ગુણોનું પણ બલાત્ ખંડન કરીને જૂઠા ગુણો દ્વારા પોતાને ઉત્કૃષ્ટ સિદ્ધ કરે છે, તે પણ નક્કી બ્રહ્મહત્યારો જ થાય છે. જે સાંઢો દ્વારા વહન થતી ગાયોને તથા ગુરુ પાસેથી ઉપદેશ ગ્રહણ કરતા દ્વિજોનાં કાર્યોમાં વિઘ્ન કરે છે એને બ્રહ્મહત્યારો કહે છે. જે દેવતાઓ, બ્રાહ્મણો, તથા ગાયોના ઉપયોગ માટે અપાઈ ગયેલી જમીનને હડપ કરી લે છે તે બ્રહ્મહત્યારો છે. દેવતા અને બ્રાહ્મણના ધનને હરી લે છે તથા અન્યાયથી ધન કમાઈ લેવું તે પણ બ્રહ્મહત્યા સમાન જ છે, પાતક જ છે. જે કોઈ વ્રત, નિયમ તથા યજ્ઞને ગ્રહણ કરીને એને છોડી દે છે તથા પંચમહાયજ્ઞોનું અનુષ્ઠાન નથી કરતો તેને મદિરાપાન કરનાર સમાન પાતક બતાવ્યો છે. પિતા અને માતાને છોડી દેવાં, જૂઠી સાક્ષી ભરવી, શિવભક્તોને માંસ ખવડાવવું તથા અભક્ષ્ય વસ્તુનું ભક્ષણ કરાવવું તે બ્રહ્મહત્યા તુલ્ય મનાયું છે. વનમાં નિરપરાધ પ્રાણીઓનો વધ કરવો તે પણ બ્રહ્મહત્યા તુલ્ય જ છે. સાધુ પુરુષો માટે એ આવશ્યક છે કે તે બ્રાહ્મણના ધનને છોડી દે. એને ધર્મના કાર્યમાં ન લગાવે, અન્યથા બ્રહ્મહત્યાનો દોષ લાગશે. ગાયોના માર્ગમાં, વનમાં તથા ગામમાં જે લોકો આગ ચાંપે છે તે પણ બ્રહ્મહત્યા જ કરે છે આ રીતનાં

જે ભયાનક પાપ છે બ્રહ્મહત્યા સમાન જ ગણાય છે.

બ્રાહ્મણના દ્રવ્યનું અપહરણ કરવું, પૈતૃક-સંપત્તિની વહેંચણીમાં ઊલટ-ફેર કરવો, અત્યંત અભિમાન, અધિક ક્રોધ કરવો, પાખંડ ફેલાવવો, કૃતઘ્નતા કરવી, વિષયોમાં અત્યંત આસક્તિ થવું, કંજૂસી કરવી, સત્પુરુષોનો દ્વેષ કરવો, પરસ્ત્રી સમાગમ કરવો, શ્રેષ્ઠ કુળની કન્યાઓને કલંકિત કરવી, યજ્ઞ, બાગ-બગીચા, સરોવર તથા સ્ત્રી-પુરુષોનો વિક્રય કરવો, તીર્થયાત્રા, ઉપવાસ તથા વ્રત અને ઉપનયન વગેરેનો સોદો કરવો, સ્ત્રીધનથી જીવિકા ચલાવવી, સ્ત્રીઓને અત્યંત વશીભૂત થવું, સ્ત્રીઓની રક્ષા ન કરવી, છળથી પારકી સ્ત્રીનું સેવન કરવું, બ્રહ્મચર્ય વગેરે વ્રતો છોડી દેવાં, બીજાઓના આચારનું સેવન કરવું, અસત્ શાસ્ત્રોનું અધ્યયન કરવું, કોરા તર્કો કર્યા કરવા, દેવતા, અગ્નિ, ગુરુ, સાધુ તથા બ્રાહ્મણની નિંદા કરવી, પિતૃયજ્ઞ અને દેવયજ્ઞ છોડી દેવા, પોતાનાં કર્મોનો પરિત્યાગ કરવો, ખરાબ સ્વભાવ અપનાવવો, નાસ્તિક હોવું, પાપોમાં રચ્યાપચ્યા રહેવું અને સદાયે જૂઠું બોલવું - આ પ્રકારનાં પાપથી યુક્ત સ્ત્રી-પુરુષોને ઉપપાતકી કહ્યા છે.

જે મનુષ્ય ગાયો, બ્રાહ્મણ કન્યાઓ, સ્વામી, મિત્ર તથા તપસ્વી મહાત્માઓનાં કાર્યો નષ્ટ કરી દે છે, તે નરક ગામી મનાયા છે. જે બ્રાહ્મણોને દુઃખ દે છે, એમને મારવા શસ્ત્ર ઉગામે છે, જે દ્વિજ થઈને શૂદ્રોની સેવા કરે છે તથા જે કામવશ મદિરાપાન કરે છે, જે પાપપરાયણ, ક્રૂર તથા હિંસાના પ્રેમી છે, જે ગૌશાળામાં, અગ્નિમાં, જલમાં, સડકો પર, વૃક્ષોની છાયાએ, પર્વતો પર, બગીચામાં તથા દેવમંદિરોની આસપાસ લઘુ-ગુરુ શંકા કરે છે, વાંસ, ઇંટ, લાકડું, શિંગડું, અને ખીલીઓ દ્વારા રસ્તો અવરોધે કે રોકે, બીજાનાં ખેતર વગેરેની સીમા (પાળ, નાનો બંધ) તોડી નાખે છે, છળથી શાસન કરે છે, છળ-કપટમાં જ રચ્યાપચ્યા રહે છે, કોઈને ઠગીને લાવેલો પાક, અન્ન અને વસ્ત્રનો છળથી ઉપયોગ કરે છે, જે સ્ત્રી, પુત્ર, મિત્ર, બાલ, વૃદ્ધ, દુર્બલ, આતુર, ભૃત્ય (સેવક) અતિથિ તથા બંધુજનોને ભૂખ્યા રાખીને સ્વયં જમી લે છે, જે અજિતેન્દ્રિય પુરુષ સ્વયં નિયમોને ગ્રહણ કરીને પછી એમને છોડી દે છે, સંન્યાસ ધારણ કરીને પુનઃ ઘરબાર વસાવી લે છે, જે શિવપ્રતિમાનું ભેદન કરનારા છે, ગાયોની ક્રૂરતાપૂર્વક હત્યા કરે છે, જે દુર્બળ પશુઓનું પોષણ નથી કરતા, સદા એમને છોડી દે છે, વધારે ભાર લાદીને એમને પીડા પહોંચાડે છે તથા સહન ન કરવા છતાં પણ બળપૂર્વક એમને હળમાં કે ગાડામાં જોડે છે અથવા એમની પાસે અસહ્ય ભાર વહન કરાવે છે, જે એ પશુઓને ખવડાવ્યા વિના ભાર વહન કરવા અથવા હળે જોડે છે, બાંધેલાં પશુઓને જે ભૂખ્યાં છે તેમને છોડતો નથી તથા જે ભારથી ઘાયલ, રોગથી પીડિત અને ભૂખથી આતુર ગાય-બળદનું યત્નપૂર્વક પાલન કરતો નથી તે બધાય ગોહત્યારા છે અને નરકગામી માન્યા ગયા છે.

જે પાપિષ્ઠ મનુષ્ય બળદોમાં અંડકોશ છૂંદાવી નાખે છે અને વંધ્યા ગાયને હળે જોડે છે, તે મહાનારકી છે. જે આશાથી ઘેર આવેલાને ભૂખ, તરસ અને પરિશ્રમથી થાકેલા અને અન્નની ઇચ્છા રાખનારા અતિથિઓ, અનાથો, સ્વાધીન પુરુષો, દીનો, બાલ, વૃદ્ધ, દુર્બળ અને રોગીઓ ઉપર કૃપા કરતા નથી, તે મૂઢ નરક-સાગરમાં પડે છે. મનુષ્ય જ્યારે મરે છે ત્યારે તેણે કમાયેલું ધન ઘરમાં જ રહી જાય છે. ભાઈ-

બંધુ પણ સ્મશાન સુધી જઈને પાછા ફરી જાય છે, કેવળ એણે કરેલાં પાપ અને પુણ્ય જ પરલોકના પથ પર જનારા જીવ સાથે જાય છે.

જે ઔચિત્યની મર્યાદાને ઓળંગીને મનમાન્યો વેરો વસૂલ કરે છે, બીજાઓને દંડ દેવામાં રુચિ રાખે છે. એ રાજા પણ નરકમાં શેકાય છે. જે રાજાના રાજ્યમાં પ્રજા રુશ્વતખોરો, પોતાની રુચિ અનુસાર ઓછા પૈસા આપીને અધિક કિંમતનો માલ લઈ લેનારા અધિકારીઓ તથા ચોર-ડાકુઓથી અધિક સતામણી અનુભવે છે, તે રાજા પણ નરકમાં શેકાયા કરે છે. પારકી સ્ત્રી સાથે વ્યભિચાર અને ચોરી કરનારા પ્રચંડ પુરુષોને જે પાપ લાગે છે, તે જ પાપ પરસ્ત્રીગામી રાજાને પણ લાગે છે. જે સાધુને ચોર અને ચોરને સાધુ સમજે છે તથા વગર વિચાર્યે જ નિરપરાધને પ્રાણદંડ આપી દે છે, તે રાજા પણ નરકમાં પડે છે. જે કોઈ પારકા દ્રવ્યને સરસવના દાણા જેટલુંય ચોરી લે છે તે મનુષ્ય નરકમાં પડે છે એમાં સંશય નથી. આ રીતે પાપથી યુક્ત મનુષ્ય મર્યા પછી યાતના ભોગવવા માટે નવું શરીર મેળવે છે, જેમાં સંપૂર્ણ આકાર અભિવ્યક્ત રહે છે. એટલા માટે કરેલાં પાપનું પ્રાયશ્ચિત્ત કરી લેવું જોઈએ નહિતર સો કરોડ કલ્પમાં પણ વગર ભોગવે પાપનો નાશ થતો નથી. જે મન, વાણી અને શરીર દ્વારા પાપ કરે છે અને બીજા પાસે કરાવે છે તથા કોઈ દુષ્કર્મને ટેકો આપે છે, અનુમોદન કરે છે, એને માટે પણ પાપગતિ (નરક) જ ફળ છે.

(અધ્યાય ૪-૬)

*

## પાપીઓ અને પુણ્યાત્માઓની યમલોકયાત્રા

**સનત્કુમારજી કહે છે**—હે વ્યાસજી! મનુષ્ય ચાર પ્રકારનાં પાપથી યમલોકમાં જાય છે. યમલોક અત્યંત ભયદાયક અને ભયંકર છે. ત્યાં સમસ્ત દેહધારીઓને વિવશ થઈને જવું પડે છે. એવું કોઈ પણ પ્રાણી નથી, જે યમલોકમાં ન જતું હોય. કરેલાં કર્મનું ફળ અવશ્ય ભોગવવું જ પડે છે, એનો વિચાર કરો. જીવોમાં જે શુભ કર્મ કરનારા છે, સૌમ્યચિત્ત અને દયાળુ છે તે સૌમ્યમાર્ગે યમપુરીના પૂર્વ દ્વારે જાય છે. જે પાપી પાપકર્મપરાયણ તથા દાનથી રહિત છે તે ભયાનક દક્ષિણ માર્ગથી યમલોકની યાત્રા કરે છે. મૃત્યુલોકથી છ્યાશી હજાર યોજનનું અંતર કાપીને વિવિધરૂપવાળા યમલોકની સ્થિતિ છે, એ જાણવું જોઈએ. પુણ્યકર્મ કરનારા લોકોને તો તે નગર પાસે જ જણાય છે, પરંતુ ભયાનક માર્ગથી યાત્રા કરનારા પાપીને એ બહુ દૂર જણાયા કરે છે. ત્યાંનો માર્ગ ક્યાંક તો કાંટાળો છે, ક્યાંક કાંકરાથી વ્યાપ્ત છે, ક્યાંય ચપ્પુની ધાર સમાન અણીદાર પથ્થર એ માર્ગ પર જોવા મળે છે, ક્યાંક ભારે કાદવકીચડ ફેલાયેલ છે. નાનાં મોટાં પાતકો અનુસાર ત્યાંથી કઠિણાઈઓમાં પણ ભારેપણું અને હલકાપણું હોય છે. ક્યાંક ક્યાંક યમપુરીના માર્ગ પર લોઢાની સોય સમાન અણીવાળા ડાભ (દર્ભ) ફેલાયેલા હોય છે.

**ત્યાર પછી યમપુરીના માર્ગની ભીષણ યાતનાઓ અને કષ્ટોનું વર્ણન કરીને સનત્કુમારજી બોલ્યા**—હે વ્યાસજી! જેણે ક્યારેય કશું દાન આપ્યું નથી, એવા લોકો જ આ પ્રકારનાં દુઃખ

વેઠે છે અને સુખની યાચના કરતાં કરતાં એ માર્ગ ઉપર જાય છે. જેમણે પહેલેથી જ દાનરૂપી પાથેય (વાટખર્ચ, ભાથું) લઈ રાખ્યું હોય, તે સુખપૂર્વક યમલોકની યાત્રા કરે છે. આ રીતે કષ્ટ ઉઠાવીને પાપી જીવ જ્યારે પ્રેતપુરીમાં પહોંચી જાય છે, ત્યારે એને વિશે યમરાજને સૂચના અપાય છે. એમની આજ્ઞા મેળવીને દૂત એ પાપીઓને યમરાજ આગળ લઈ જઈને ખડા કરે છે. ત્યાં જે શુભ કર્મ કરનારા લોકો હોય છે એમને યમરાજ સ્વાગતપૂર્વક આસન આપીને પાદ્ય અને અર્ધ્ય નિવેદિત કરીને પ્રિય વર્તાવ દ્વારા સન્માનિત કરે છે અને કહે છે–'હે વેદોક્ત કર્મ કરનારા મહાત્માઓ! તમે લોકો ધન્ય છો, જેમણે દિવ્ય સુખની પ્રાપ્તિ માટે પુણ્યકર્મ કર્યું છે. તેથી આપ લોકો દિવ્યાંગનાના ભોગથી ભૂષિત તથા સંપૂર્ણ મનોવાંછિત પદાર્થોથી સંપન્ન થઈને સ્વર્ગલોકમાં જાઓ. ત્યાં મહાન ભોગોનો ઉપભોગ કરીને અંતે પુણ્ય ક્ષીણ થઈ જવાને કારણે જો કાંઈ થોડુંઘણું અશુભ શેષ રહી જાય; એને ફરી અહીં આવીને ભોગવજો? જે ધર્માત્મા



મનુષ્ય હોય છે, તે માનો કે યમરાજાને મા[...] મિત્ર સમાન છે. એ યમરાજને સુખપૂર્વક સૌમ[...] ધર્મરાજના રૂપે જુએ છે.

પરંતુ જે ક્રૂર કર્મ કરનારા છે, તે યમરાજ[...] ભયાનક રૂપે જુએ છે. એમની દૃષ્ટિમાં યમરાજ[...] મુખ દાઢોને કારણે વિકરાળ જણાય છે. આંખ[...] વક્ર ભ્રમરોથી યુક્ત પ્રતીત થાય છે. એમન[...] વાળ ઉપર ઊડતા હોય છે. મોટી મોટી દાઢી[...] મૂછોવાળા જણાય છે. હોઠ ઉપરની બાજુ ફફડત[...] હોય છે. એમને અઢાર ભુજાઓ હોય છે, [...] કુપિત હોય છે. કાળા કોલસાના ઢગલા જેવ[...] દેખાય છે. એમના હાથમાં સર્વ પ્રકારનાં અસ્ત્ર[...] શસ્ત્ર ઉગામેલાં હોય છે. એ બધા પ્રકારના દંડ[...]



ભય દેખાડીને એ પાપીઓને ધમકાવતા રહેત[...] હોય છે. બહુ મોટા પાડા પર આરૂઢ, લાલ વસ્[...] લાલ માળા ધારણ કરીને બહુ ઊંચા મહામે[...] સમાન દૃષ્ટિગોચર થાય છે. એમનાં નેત્[...] પ્રજ્વલિત અગ્નિની જેમ ઉદ્દીપ્ત દેખાય [...]

એમનો શબ્દ પ્રલયકાળના મેઘગર્જના સમાન ગંભીર હોય છે. એ એવા જણાય છે કે જાણે મહાસાગરને પી રહ્યા છે, ગિરિરાજને ઓહિયાં કરી રહ્યા છે અને મુખમાંથી જાણે અગ્નિ ઓકી રહ્યા છે.

એમની પાસે પ્રલયકાલીન અગ્નિસમાન પ્રભાવાળા મૃત્યુ દેવતા ઊભા હોય છે. કાજળ સમાન કાળાચંટ કાળદેવતા અને ભયાનક કૃતાંત દેવતા પણ રહેતા હોય છે. એમના સિવાય ભારી ઉગ્ર, મહામારી, (કોગળિયું-પ્લેગ જેવા રોગ), ભયંકર કાલરાત્રિ, અનેક પ્રકારના રોગો, જાતજાતના ભયાવહ કુષ્ઠ મૂર્તિમાન થઈને હાથમાં શક્તિ, શૂલ, અંકુશ, પાશ, ચક્ર અને ખડ્ગ લઈને ખડા રહેતા હોય છે.

વજ્રતુલ્ય મુખ ધારણ કરનાર રુદ્રગણ છરો, તરકસ (ભાથો) અને ધનુષ ધારણ કરીને ત્યાં હાજર હોય છે. બધાયે વિવિધ પ્રકારનાં આયુધો ધારણ કરેલાં હોય છે. તે મહાન વીર અને ભયંકર હોય છે. એમના ઉપરાંત અસંખ્ય મહાવીર યમદૂત, જેમની અંગકાંતિ કાળા કોલસા સમાન કાળી હોય છે, સંપૂર્ણ અસ્ત્ર-શસ્ત્ર લઈને બહુ જ ભયંકર જણાય છે. આવા પરિવારથી ઘેરાયેલા ઘોર યમરાજ તથા ભીષણ ચિત્રગુપ્તને પાપિષ્ઠ પ્રાણીઓ જુએ છે. યમરાજ એ પાપકર્મીઓને બહુ જ ધમકાવે-ફટકારે છે, અને ભગવાન ચિત્રગુપ્ત ધર્મયુક્ત વચનોથી એમને સમજાવે છે.

(અધ્યાય ૭)

*

## નરકોની અઠ્ઠાવીસ કોટિઓ તથા પ્રત્યેકના પાંચ પાંચ નાયકના ક્રમથી એક સો ચાલીશ રૈરવ આદિ નરકોની નામાવલી

**સનત્કુમારજી કહે છે**—હે વ્યાસજી! પછી યમદૂત પાપીઓને અત્યંત તપાવેલા પથ્થર પર ખૂબ વેગથી પછાડે છે, જાણે વજ્રથી મોટાં મોટાં વૃક્ષો ધરાશાયી ન કરી દીધાં હોય. એ સમયે શરીરથી જર્જર થયેલો દેહધારી જીવના કાનમાંથી લોહી વહેવા માંડે છે, બેભાન થઈને નિશ્ચેષ્ટ બની જાય છે. ત્યારે વાયુનો સ્પર્શ કરાવીને એ યમદૂત એમને ભાનમાં લાવી દે છે અને એનાં પાપોની શુદ્ધિ માટે એને નરક-સમુદ્રમાં ફેંકી દે છે. પૃથ્વીની નીચે નરકની સાત કોટિઓ છે, જે સાતમા તળના અંતે ઘોર અંધકારમાં સ્થિત છે. એ અઠ્ઠાવીસ કોટિઓ છે. પહેલી કોટિ ઘોરા કહેવાય છે. બીજી સુઘોરા છે એથી પણ નીચે છે. ત્રીજી અતિઘોરા, ચોથી મહાઘોરા, પાંચમી ઘોરરૂપા, છઠ્ઠી તલાતલા, સાતમી ભયાનકા, આઠમી કાલરાત્રિ, નવમી ભયોત્કટા, એની નીચે દશમી ચંડા, એની નીચે મહાચંડા, પછી ચંડ-કોલાહલા તથા એથી ભિન્ન પ્રચંડા છે જે ચંડોની નાયિકા કહેવાય છે, એ પછી પદ્મા, પદ્માવતી, ભીતા અને ભીમા છે, જે ભીષણ નરકોની નાયિકા મનાય છે. અઢારમી કરાલા, ઓગણીસમી વિકરાલા, વીસમી નરક કોટિ વજ્રા કહેવાય છે. ત્યાર પછી ત્રિકોણા, પંચકોણા, સુદીર્ઘા, અખિલાર્તિદા, સમા, ભીમબલા, ભીમા તથા અઠ્ઠાવીસમી દીપ્તપ્રાયા છે. આ રીતે મેં તમને ભયાનક નરક કોટિઓનાં નામ

બતાવ્યાં છે. એમની સંખ્યા અઠ્ઠાવીસ જ છે, જે પાપીઓને યાતના આપનારી છે. એ કોટિઓના ક્રમશઃ પાંચ પાંચ નાયક જાણવા જોઈએ.

હવે એ બધી કોટિઓનાં નામ કહેવામાં આવે છે, તે સાંભળો. એમાં પ્રથમ રૌરવ નરક છે, જ્યાં પહોંચીને દેહધારી જીવ રડવા લાગે છે. મહા રૌરવની પીડાથી તો મહાન પુરુષ પણ રડી દે છે. એ પછી શીત અને ઉષ્ણ નામનાં નરક છે. પછી સુઘોર છે. રૌરવથી સુઘોર સુધી વગેરેમાં પાંચ નરક નાયક માનવામાં આવ્યા છે. એ પછી સુમહાતીક્ષ્ણા, સંજીવન, મહાતમ, વિલોમ, વિલોપ, કંટક, તીવ્રવેગ, કરાલ, વિકરાલ, પ્રકંપન, મહાવક્ર, કાલ, કાલસૂત્ર, પ્રગર્જન, સૂચિમુખ, સુનેતિ, ખાદક, સુપ્રપીડન, કુંભીપાક, સુપાક, ક્રકચ, અતિદારુણ, અંગારરાશિભવન, મેરુ, અસૃક્પ્રહિત, તીક્ષ્ણતુંડ, શકુનિ, મહાસંવર્તક, ક્રતુ, તપ્તજંતુ, પંકલેપ, પ્રતિમાંસ, ત્રપુદ્ભવ, ઉચ્છ્વાસ, સુનિરુચ્છ્વાસ, સુદીર્ઘ, કૂટશાલ્મલિ, દુરિષ્ટ, સુમહાવાદ, પ્રવાહ, સુપ્રતાપન, મેઘ, વૃષ, શાલ્મ, સિંહમુખ, વ્યાઘ્રમુખ, ગજમુખ, કુક્કુરમુખ, સૂકરમુખ, અજમુખ, મહિષમુખ, ઘૂકમુખ, કોકમુખ, વૃકમુખ, ગ્રાહ, કુંભીનસ, નક્ર, સર્પ, કૂર્મ, કાક, ગૃધ્ર, ઉલૂક, હલૌક, શાર્દૂલ, ક્રથ, કર્કટ, મંડૂક, પૂતિમુખ, રક્તાક્ષ, પૂતિમૃત્તિક, કણધૂમ્ર, અગ્નિ, કૃમિ, ગન્ધિવપુ, અગ્નિધ્ર, અપ્રતિષ્ઠ, રુધિરાભ, શ્વભોજન, લાલાભક્ષ, અન્ત્રભક્ષ, સર્વભક્ષ, સુદારુણ, કંટક, સુવિશાળ, વિકટ, કટપૂતન, અંબરીષ, કટાહ, કષ્ટદાયિની, વૈતરણી નદી, સુતપ્ત લોહશયન, એકપાદ, પ્રપૂરણ, ઘોર અસિતાલવન, અસ્થિભંગ, સુપૂરણ, વિલાતસ, અસુયંત્ર, કૂટપાશ, પ્રમર્દન, મહાચૂર્ણ, અસુચૂર્ણ, તપ્તલોહમય, પર્વત, ક્ષુરધારા, યમલપર્વત, મૂત્રકૂપ, વિષ્ઠાકૂપ, અશ્રુકૂપ, શીતલ ક્ષારકૂપ, મુસલોલૂખલ, યંત્ર, શિલા, શકટ, લાંગલ, તાલપત્રવન, અસિપત્રવન, મહાશકટમંડપ, સમ્મોહ, અસ્થિભંગ, તપ્ત, ચંચલ, અયોગુડ (લોઢાની ગોળી), બહુદુઃખ, મહાક્લેશ, કશ્મલ, શમલ, મલાત, હાલાહલ, વિરૂપ, સ્વરૂપ, યમાનુગ, એકપાદ, ત્રિપાદ, તીવ્ર, અચીવર અને તમ.

આ રીતે આ અઠ્ઠાવીસ નરક અને ક્રમશઃ એના પાંચ પાંચ નાયક કહ્યા છે. અઠ્ઠાવીસ કોટિઓના ક્રમશઃ રૌરવ વગેરે પાંચ પાંચ નાયક બનાવ્યા છે. ઉપર્યુક્ત ૨૮ કોટિઓને છોડીને લગભગ સો નરક માનવામાં આવે છે અને મહાનરકમંડલ એક સો ચાલીસ નરકોનું બતાવાયું છે.*

(અધ્યાય ૮)

*

* અહીં ૨૮ કોટિઓનું પહેલાં પૃથક્-પૃથક્ વર્ણન આવ્યું છે. પછી પ્રત્યેકના પાંચ પાંચ નાયક બનાવીને બરાબર ૧૪૦ નરકોનો નામ-ઉલ્લેખ છે. કોટિઓની સંખ્યા મેળવી દેવાથી ૧૬૮ થાય છે.

# વિભિન્ન પાપને કારણે મળનારી નરકયાતનાનું વર્ણન અને કુક્કુરબલિ, કાકબલિ અને દેવતા વગેરે માટે આપેલી બલિની આવશ્યકતા અને મહત્તાનું પ્રતિપાદન

**સનત્કુમારજી કહે છે**—હે વ્યાસજી! આ બધાં ભયાનક પીડાદાયક નરકોમાં પાપી જીવોને અત્યંત ભીષણ યાતના ભોગવવી પડે છે. જે મિથ્યા આગમ (પાખંડીઓનાં શાસ્ત્રો)માં પ્રવૃત્ત થાય છે, તે દ્વિજિહ્વ નામના નરકમાં જાય છે અને જિહ્વાના આકારમાં અર્ધા કોસ સુધી ફેલાયેલા તીક્ષ્ણ હળો દ્વારા ત્યાં એને વિશેષ પીડા આપવામાં આવે છે. જે ક્રૂર મનુષ્ય માતા, પિતા અને ગુરુને ધમકાવે છે, એના મુખમાં કીડાઓથી યુક્ત વિષ્ઠા ઠાંસી ઠાંસીને ભરી દેવાય છે અને ખૂબ જ માર મારવામાં આવે છે. જે મનુષ્ય શિવમંદિર, બગીચો, વાવડી, કૂપ, તળાવ તથા બ્રાહ્મણોના સ્થાનને નષ્ટભ્રષ્ટ કરી દે છે ત્યાં સ્વેચ્છાચારપૂર્વક રમણ કરે છે તે વિવિધ પ્રકારની ભયંકર ઘાણી દ્વારા પિલાય છે અને એમને પકવવામાં આવે છે. પરસ્ત્રીગામી પુરુષ એ એ રૂપે જ વ્યભિચાર કરતાં કરતાં જ માર ખાય છે. પુરુષ પોતાના પહેલાં જેવા શરીરને ધારણ કરીને લોખંડની બનેલી અને ખૂબ જ તપાવેલી-નારીનું ગાઢ આલિંગન કરીને બધી બાજુએથી બળવા માંડે છે. એને દુરાચારિણી સ્ત્રીનું ગાઢ આલિંગન કરે છે અને પોક મૂકીને રડે છે. જે સત્પુરુષોની નિંદા સાંભળે છે, એમના કાનમાં લોખંડ અથવા તાંબાની વગેરે ધાતુની બનાવેલી ખીલીઓ આગથી ખૂબ તપાવીને ખોસી દેવામાં આવે છે, એ સિવાય જસત, સીસું અને પિત્તળને ઓગાળીને પ્રવાહી બનાવીને એમના કાનમાં ભરી દેવાય છે. પછી વારંવાર ગરમ દૂધ અને ખૂબ જ તપાવેલું તેલ એના કાનમાં નંખાય છે. પછી એ કાનો પર વજ્ર જેવો લેપ કરી દેવાય છે. આ રીતે ક્રમશઃ એમના કાનોમાં ઉપર્યુક્ત વસ્તુઓ ભરીને એમને નરકોમાં યાતના અપાય છે. ક્રમશઃ બધાં નરકોમાં બધે જ આ યાતનાઓ પ્રાપ્ત થતી હોય છે. બધાં જ નરકોની યાતનાઓ બહુ કષ્ટ આપનારી હોય છે. જે માતા-પિતા સામે આંખો કાઢે છે અથવા એમના પ્રત્યે ઉદ્દંડતાપૂર્વક દૃષ્ટિ કરે છે અથવા હાથ ઉગામે છે, એમનાં મુખમાં અંત સુધી લોખંડના ખીલા દૃઢતાપૂર્વક ભરી દેવામાં આવે છે. જે મનુષ્ય સ્ત્રીઓને લોભાવીને, ભોળવીને અપલક દૃષ્ટિથી જુએ છે, એમની આંખોમાં તપાવીને લાલઘૂમ કરેલી સોયો ભરી દેવામાં આવે છે.

જે દેવતા, અગ્નિ, ગુરુ તથા બ્રાહ્મણોને અગ્રભાગ નિવેદિત કર્યા વિના જ ભોજન કરી લે છે, એમની જીભમાં તથા મુખમાં લોખંડની સેંકડો ખીલીઓ ગરમ કરીને ઠાંસી દેવામાં આવે છે. જે લોકો ધર્મનો ઉપદેશ કરનારા મહાત્મા તથા કથાવાચકની નિંદા કરે છે, દેવતા, ગુરુ અને અગ્નિ, ગુરુભક્તોની તથા સનાતન ધર્મશાસ્ત્રની મજાક ઉડાવે છે, એમની છાતી, કંઠ, જિહ્વા, દાંતોની સંધિ, તાળુ, હોઠ, નાસિકા, મસ્તક તથા સંપૂર્ણ અંગોના સાંધાઓમાં આગ સમાન તપાવેલી ત્રણ શાખાવાળી લોખંડની

ખીલીઓ મગદળથી ઠોકી બેસાડવામાં આવે છે. એ સમયે એમને બહુ જ કષ્ટ થાય છે. ત્યાર પછી બધી બાજુએથી એના ઘા ઉપર ગરમ કરીને તપાવેલું મીઠું છાંટી દેવાય છે. પછી એને આખે શરીરે બધી બાજુએથી બહુ ભારે યાતનાઓ અપાય છે. જે પાપી શિવમંદિરની પાસે અથવા દેવતાઓના બગીચામાં મળમૂત્રનો ત્યાગ કરે છે એમનાં લિંગ અને અંડકોશને લોખંડના મગદળથી ચૂર્ણ કરી દેવાય છે અથવા આગમાં તપાવેલા સળિયા એમાં ભરી દેવાય છે, જેથી મન અને ઇન્દ્રિયોને મહાન દુઃખ થાય છે. જો ધન હોવા છતાં તૃષ્ણાને કારણે એનું દાન નથી કરતો અને ભોજનને સમયે ઘેર આવેલા અતિથિનો અનાદર કરે છે, તે પાપનું ફળ ભોગવીને અપવિત્ર નરકમાં પડે છે.*

જે ગાય-કૂતરાને એમનો ભાગ એટલે બલિ નથી આપતો અને સ્વયં ભોજન કરી લે છે, એના ખુલ્લા મોંમાં બે ખીલા ઠોકી દેવામાં આવે છે, 'યમરાજના માર્ગનું અનુસરણ કરનારા જે શ્યામ અને શબળ (શામળું અને કાબરચીતરું) બે કૂતરા છે, હું એમને માટે આ અન્નનો ભાગ આપું છું, તે આ બલિને ગ્રહણ કરો.' 'પશ્ચિમ, વાયવ્ય, દક્ષિણ અને નૈઋત્ય દિશામાં રહેનારા બે પુણ્યકર્મા કાગડાઓ છે, તે મારી આપેલ આ બલિનું ગ્રહણ કરો.'+ આ અભિપ્રાયના બે મંત્રોથી ક્રમશઃ કૂતરા માટે અને કાગડા માટે બલિ આપવી જોઈએ. જે લોકો યત્નપૂર્વક ભગવાન શંકરની પૂજા વિધિવત્ અગ્નિમાં આહુતિ આપીને શિવસંબંધ મંત્રો દ્વારા બલિ સમર્પિત કરે છે તે યમરાજને જોતા નથી અને સ્વર્ગે જાય છે. એટલા માટે દરરોજ બલિ આપવી જોઈએ.

એક ચોખંડો મંડપ બનાવીને એને ગંધ વગેરેથી અધિવાસિત કરો. પછી ઈશાન કોણમાં ધનવંતરિને માટે અને પૂર્વ દિશામાં ઇન્દ્રને માટે બલિ આપો. દક્ષિણ દિશામાં યમને માટે, પશ્ચિમ દિશામાં, સુદર્શનને માટે અને દક્ષિણ દિશામાં પિતરોને માટે બલિ આપીને પૂર્વ દિશામાં અર્યમાને અન્નનો ભાગ અર્પિત કરો. દ્વાર દેશમાં ધાતા અને વિધાતાને માટે બલિનું નિવેદન કરો. ત્યાર બાદ કૂતરા, કૂતરાના સ્વામી અને પક્ષીઓ માટે ભૂતલ પર અન્ન પાથરી દો. દેવતા, પિતર, મનુષ્ય, પ્રેત, ભૂત, ગુહ્યક, પક્ષી, કૃમિ, અને કીટ – એ સૌ ગૃહસ્થો પાસેથી પોતાની જીવિકા ચલાવે છે. સ્વાહાકાર, સ્વધાકાર, વષટ્કાર તથા હન્તકાર - એ ધર્મમયી ધેનુના ચાર આંચળ છે. સ્વાહાકાર નામના આંચળનું પાન દેવતા કરે છે, સ્વધાનું પિતર લોકો, વષટ્કારનું બીજા બીજા દેવતાઓ અને ભૂતેશ્વર અને હન્તકાર નામના આંચળનું દૂધ સદાયે મનુષ્યગણ પાન કરે છે. જે માનવ શ્રદ્ધાપૂર્વક આ ધર્મમયી ધેનુનું સદા ઠીક સમયે પાલન કરે છે તે અગ્નિહોત્રી

* ધને સત્યપિ યે દાનં ન પ્રયચ્છન્તિ તૃષ્ણયા ॥
અતિથિં ચાવમન્યન્તે કાલે પ્રાપ્તે ગૃહાશ્રમે । તસ્માત્ તે દુષ્કૃતં પ્રાપ્ય ગચ્છન્તિ નિરયેઽશુચૌ ॥
(શિ.પુ.ઉ.સં. ૧૦/૩૧-૩૨)

+ દ્વૌ શ્વાનૌ શ્યામશબલૌ યમમાર્ગાનુરોધકૌ । તૌ સ્તસ્તાભ્યાં પ્રયચ્છામિ તૌ ગૃહ્ણીતામિમં બલિમ્ ॥
ઐન્દ્રવારુણવાયવ્યા યામ્યા નૈઋત્યકાસ્તથા । વાયસાઃ પુણ્યકર્માણસ્તે પ્રગૃહ્ણન્તુ મે બલિમ્ ॥
(શિ.પુ.ઉ.સં. ૧૦/૩૫-૩૬)

થઈ જાય છે. જે સ્વસ્થ રહેવા છતાં પણ એનો ત્યાગ કરી દે છે તે અંધકારપૂર્ણ નરકમાં ગોથાં ખાય છે. એટલા માટે એ સૌને બલિ આપ્યા પછી દ્વાર પર ઊભા રહીને ક્ષણભર અતિથિની પ્રતીક્ષા કરવી જોઈએ. જો કોઈ ભૂખથી પીડિત અતિથિ અથવા એ જ ગામનો નિવાસી પુરુષ મળી જાય તો એને પોતાના ભોજન પહેલાં યથાશક્તિ શુભ અન્નનું ભોજન કરાવવું, જેને ઘેરથી અતિથિ નિરાશ થઈને જાય છે, એને તે પોતાનાં પાપ આપીને બદલામાં એનાં પુણ્ય લઈને જતો રહે છે.*"

(અધ્યાય ૯-૧૦)

*

## યમલોકના માર્ગમાં સુવિધા પ્રદાન કરનારાં વિવિધ દાનોનું વર્ણન

**વ્યાસજી બોલ્યા**—હે પ્રભો! પાપી મનુષ્ય બહુ દુઃખથી યમલોકના માર્ગે જાય છે. હવે આપ મને એ ધર્મોનો પરિચય આપો જેથી જીવ સુખપૂર્વક યમમાર્ગ પર યાત્રા કરે છે.

**સનત્કુમારજી બોલ્યા**—હે મુને! પોતાનાં કરેલાં શુભ-અશુભ કર્મ વગરવિચાર્યે વિવશ થઈને ભોગવવાં જ પડે છે. હવે હું એ ધર્મોનું વર્ણન કરું છું, જે સુખ દેનારાં છે. આ લોકમાં જે શ્રેષ્ઠ કર્મ કરનારા છે, કોમલચિત્ત અને દયાળુ પુરુષ છે, તે ભયંકર યમમાર્ગ પર સુખેથી યાત્રા કરે છે. જે શ્રેષ્ઠ બ્રાહ્મણોને પગરખાં અને પાવડીઓનું દાન કરે છે તે મનુષ્ય વિશાળ ઘોડા પર સવાર થઈને ખૂબ સુખેથી યમલોકમાં જાય છે. છત્રનું દાન કરવાથી એ માર્ગ પર એ જ રીતે છત્રી લઈને ચાલે છે જેવી રીતે છત્રીવાળા લોકો ચાલે છે. ડોળી અથવા પાલખીનું દાન કરવાથી મનુષ્ય રથ દ્વારા સુખેથી યાત્રા કરે છે. શૈયા અને આસનનું દાન કરવાથી દાતા યમલોકના માર્ગમાં વિશ્રામ કરતાં કરતાં સુખપૂર્વક જાય છે. જે બાગ-બગીચા લગાવે છે અને ઘટાદાર વૃક્ષો વાવે છે અથવા સડકને કિનારે વૃક્ષારોપણ કરે છે તે તડકામાં પણ વગર કષ્ટે યમલોક જાય છે. જે મનુષ્ય ફૂલવાડી લગાવે છે, તે પુષ્પક વિમાનથી યાત્રા કરે છે. દેવમંદિર બનાવનાર એ માર્ગ પર ઘરની અંદર ક્રીડા કરે છે. જે દેવતા, અગ્નિ, ગુરુ, બ્રાહ્મણ, માતા અને પિતાની પૂજા કરે છે, તે મનુષ્ય સ્વયં જ પૂજિત થઈ પોતાની ઇચ્છા અનુસાર, અનુકૂળ માર્ગ દ્વારા યાત્રા કરે છે. દીપદાન કરનાર મનુષ્ય સંપૂર્ણ દિશાઓને પ્રકાશિત કરીને ચાલતા હોય છે. ગૃહદાન કરવાથી દાતા રોગ-શોકથી રહિત થઈને સુખપૂર્વક યાત્રા કરે છે. ગુરુજનોની સેવા કરનારા માનવ વિશ્રામ કરતાં કરતાં જાય છે. વાદ્ય આપનારા એવી રીતે યાત્રા કરે છે, જાણે પોતાને ઘેર જ જઈ રહ્યા છે. ગો-દાન કરનારા સંપૂર્ણ મનોવાંછિત વસ્તુઓથી સભર થઈને માર્ગ

* અતિથિર્યસ્ય ભગ્નાશો ગૃહાત્પ્રતિ નિવર્તતે ॥ સ તસ્મૈ દુષ્કૃતં દત્વા પુણ્યમાદાય ગચ્છતિ ॥ (શિ.પુ.ઉ.સં. ૧૦-૪૮)

દ્વારા જાય છે. મનુષ્ય એ માર્ગ પર આ લોકમાં આપેલાં અન્ન-પાનને જ પામે છે. જે કોઈને પગ ધોવા માટે પાણી આપે છે, તે એવા માર્ગમાં જાય છે, જ્યાં જળની સુવિધા હોય છે. જે આદરણીય પુરુષોના પગમાં માલિશ માટેની સુગંધિત બનાવટ-ઉબટન લગાવે છે, તે ઘોડાની પીઠ પર બેસીને યાત્રા કરે છે.

હે વ્યાસજી! જે પાદ્ય, અભ્યંગ (અંતરાગ-લેપ), દીપક, અન્ન અને ઘરનું દાન કરે છે, એની પાસે યમરાજા ક્યારેય જતા નથી. સુવર્ણ અને રત્નનું દાન કરવાથી મનુષ્ય દુર્ગમ સંકટો અને સ્થળોને ઉલ્લંઘી જાય છે. ચાંદી, ગાડાં ખેંચનાર બળદ અને ફૂલોની માળાનું દાન કરનાર દાતા સુખપૂર્વક યમલોકમાં જાય છે. આ રીતનાં દાનથી મનુષ્ય સુખપૂર્વક યમલોકની યાત્રા કરે છે અને સ્વર્ગમાં સદાયે જાતજાતના ભોગ ભોગવે છે. સર્વ દાનોમાં અન્નદાનને જ ઉત્તમ કહેવાયું છે, કેમકે એ તત્કાળ તૃપ્તિ પ્રદાન કરનારું, મનને પ્રિય લાગનારું અને બુદ્ધિમાં વૃદ્ધિ કરનારું છે. હે મુનિશ્રેષ્ઠ! અન્નદાન સમાન બીજું કોઈ દાન નથી, કેમકે અન્નથી જ પ્રાણી ઉત્પન્ન થાય છે અને અન્નના અભાવમાં મરી જાય છે. તેથી અન્નની જ બધા લોકો પ્રશંસા કરે છે, કેમકે અન્નમાં જ બધું પ્રતિષ્ઠિત છે. અન્ન સમાન દાન થયું નથી અને થશે નહિ. હે મુને! આ સંપૂર્ણ જગત અન્નથી જ ધારણ કરાય છે. લોકોમાં અન્ન બલકારક ગણાયું છે, કેમકે અન્નમાં જ પ્રાણ પ્રતિષ્ઠિત છે.*

પ્રાપ્ત કરેલા અન્નની ક્યારેય નિંદા ન કરો અને કોઈ રીતે એને ફેંકી ન દો. કૂતરાને અને ચાંડાલને માટે કરેલું દાન ક્યારેય નષ્ટ થતું નથી. જે મનુષ્ય થાક્યા-માંદા હોય અને અપરિચિત પથિકને અન્ન આપે છે અને આપતી વખતે લગારે કચવાટ અનુભવતો નથી, તે સમૃદ્ધિનો ભાગી થાય છે. હે મહામુને! જે દેવતાઓ, પિતરો, બ્રાહ્મણો અને અતિથિઓને અન્નથી તૃપ્ત કરે છે એને મહાન ફળની - પુણ્યરૂપની - પ્રાપ્તિ થાય છે. અન્ન અને જલનું દાન શૂદ્ર અને બ્રાહ્મણને માટે સમાનરૂપે મહત્ત્વનું છે. અન્નની ઇચ્છાવાળા પુરુષે એનું ગોત્ર, શાખા, સ્વાધ્યાય અને દેશ ન પૂછવાં જોઈએ.

અન્ન સાક્ષાત્ બ્રહ્મા છે, અન્ન સાક્ષાત્ વિષ્ણુ અને શિવ છે. એટલા માટે અન્ન સમાન દાન થયું નથી અને થશે પણ નહીં. જે પહેલાં બહુ મોટું ભારે પાપ કરનારો થઈ જાય છે તે પછી અન્નનું દાન કરનારો બને, તો તે બધાં પાપથી મુક્ત થઈને સ્વર્ગલોકમાં જાય છે. અન્ન, જલ, ઘોડો, ગાય, વસ્ત્ર, શૈયા, છત્ર અને આસન – એ આઠ વસ્તુઓનું દાન યમલોક માટે ઉત્તમ મનાયું છે. આ રીતે દાન-વિશેષથી મનુષ્ય

* સર્વેષામેવ દાનાનામન્નદાનં પરં સ્મૃતમ્ । સદ્યઃ પ્રીતિકરં હૃદ્યં બલબુદ્ધિવિવર્ધનમ્ ॥
નાન્નદાનસમં દાનં વિદ્યતે મુનિસત્તમ । અન્નાદ્ભવન્તિ ભૂતાનિ તદભાવે મ્રિયન્તિ ચ ॥
અતએવ મહત્પુણ્યમન્નદાને પ્રકીર્તિતમ્ । તથા ક્ષુધાગ્નિના તપ્તા મ્રિયન્તે સર્વદેહિનઃ ॥
અન્નમેવ પ્રશંસન્તિ સર્વમન્ને પ્રતિષ્ઠિતમ્ । અન્નેન સદૃશં દાનં ન ભૂતં ન ભવિષ્યતિ ॥
અન્નેન ધાર્યતે સર્વં વિશ્વં જગદિદં મુને । અન્નમૂર્જસ્કરં લોકે પ્રાણા હ્યન્ને પ્રતિષ્ઠિતાઃ ॥
(શિ.પુ.ઉ.સં. ૧૧।૧૭-૧૮,૨૪,૨૯,૩૦)

વિમાન પર બેસીને ધર્મરાજાના નગરમાં જાય છે, તેથી બધાએ દાન કરવું જોઈએ. હે મહામુને! જે આ પ્રસંગને સાંભળે છે અથવા શ્રાદ્ધમાં બ્રાહ્મણોને સંભળાવે છે, એના પિતરોને અક્ષય અન્નદાન પ્રાપ્ત થાય છે.

(અધ્યાય ૧૧)

*

## જલદાન, જલાશય-નિર્માણ, વૃક્ષારોપણ, સત્યભાષણ અને તપનો મહિમા

**સનત્કુમારજી કહે છે**—હે વ્યાસજી! જલદાન સર્વથી શ્રેષ્ઠ છે. તે બધાં જ દાનોમાં સદા ઉત્તમ છે, કેમકે જલ બધા જ જીવસમુદાયને તૃપ્ત કરનારું જીવન કહેવાયું છે.* એટલા માટે બહુ સ્નેહ સાથે અનિવાર્યરૂપે પ્રપાદાન (પરબ બંધાવીને બીજાઓને પાણી મળી રહે તે માટે પ્રબંધ) કરવો જોઈએ. જળાશયનું નિર્માણ આ લોકમાં અને પરલોકમાં પણ મહાન આનંદની પ્રાપ્તિ કરાવનારું છે - આ સત્ય છે, સત્ય છે. એમાં સંશય નથી. એટલા માટે મનુષ્યએ કૂવો, વાવડી અને તળાવ બનાવવાં જોઈએ. કૂવામાં જ્યારે પાણી નીકળવા લાગે છે, ત્યારે તે પાપી પુરુષનાં પાપકર્મોનો અર્ધો ભાગ હરી લે છે. તથા સત્કર્મમાં રત મનુષ્યનાં સદા સમસ્ત પાપને હરી લે છે. જેણે કૂવો કે ગમે તે જળાશય ખોદાવ્યું હોય તે જળાશયમાં ગાય, બ્રાહ્મણ અને સાધુપુરુષ સદા પાણી પીએ છે, તે પોતાના આખા વંશનો ઉદ્ધાર કરી દે છે. જેનું જળાશય બારે માસ ભરેલું રહે, ઉનાળામાં પણ અનિવાર્ય રીતે પાણી ટકી રહે, તે ક્યારેય દુર્ગમ અને વિષમ સંકટને પ્રાપ્ત થતો નથી. જેના તળાવમાં માત્ર વર્ષાઋતુમાં જ જલ રહે, એને દરરોજ અગ્નિહોત્ર કરવાનું ફળ મળે છે—એવું બ્રહ્માજીનું કથન છે. જેના તળાવમાં શરત્કાલ સુધી જળ રહે છે, એને સહસ્ર ગોદાનનું ફળ મળે છે એમાં સંશય નથી. જે તળાવમાં હેમંત અને શિશિર ઋતુ સુધી પાણી જળવાઈ રહે, તે ઘણી બધી સુવર્ણ-મુદ્રાઓની દક્ષિણાથી યુક્ત યજ્ઞનું ફળ મેળવે છે. જે સરોવરમાં વસંત અને ગ્રીષ્મકાળ સુધી પાણી રહે, એને અતિરાત્ર અને અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે—એવું મનીષી મહાત્માઓનું કથન છે.

હે મુનિવર વ્યાસ! જીવોને તૃપ્તિ પ્રદાન કરનારાં જળાશયોનું વર્ણન થયું. હવે વૃક્ષો ઉગાડવામાં જે ગુણ છે તેનું વર્ણન સાંભળો. જે વેરાન, ઉજ્જડ અને દુર્ગમ સ્થાનોમાં વૃક્ષ લગાવે છે, તે પોતાની વીતી ગયેલી પેઢી અને આવનારી સંપૂર્ણ પેઢીને તારી દે છે. એટલા માટે અવશ્ય વૃક્ષ વાવવાં જોઈએ.* આ વૃક્ષ રોપનારને ત્યાં દીકરા થાય છે એમાં સંશય નથી.

---

* પાનીયદાનં પરમં દાનાનામુત્તમં તદા। સર્વેષાં જીવપુંજાનાં તર્પણં જીવનં સ્મૃતમ્॥ (શિ.પુ.ઉ.સં. ૧૨।૧)

* અતીતાનાગતાન્ સર્વાન્ પિતૃવંશાંસ્તુ તારયેત્। કાન્તારે વૃક્ષરોપી યસ્તસ્માદ્ વૃક્ષાંસ્તુ રોપયેત્॥ (શિ.પુ.ઉ.સં. ૧૨/૧૦)

વૃક્ષ રોપનાર પુરુષ પરલોકમાં ગયા પછી અક્ષય લોકોને પામે છે. તળાવ ખોદાવનાર, વૃક્ષ રોપનાર અને યજ્ઞ કરાવનાર જે દ્વિજ છે, તે તથા બીજા બીજા સત્યવાદી પુરુષ-એ સ્વર્ગમાંથી ક્યારેય નીચે નથી પડતા.

સત્ય જ પરબ્રહ્મ છે, સત્ય જ પરમ તપ છે, સત્ય જ શ્રેષ્ઠ યજ્ઞ છે અને સત્ય જ ઉત્કૃષ્ટ શાસ્ત્રજ્ઞાન છે. ઊંઘતા પુરુષોમાં સત્ય જ જાગે છે, સત્ય જ પરમપદ છે, સત્યથી જ પૃથ્વી ટકેલી છે અને સત્યમાં જ બધું પ્રતિષ્ઠિત છે. તપ, યજ્ઞ, પુણ્ય, દેવતા, ઋષિ અને પિતરોનું પૂજન, જલ અને વિદ્યા—એ સત્ય પર જ અવલંબિત છે. સૌનો આધાર જ સત્ય છે. સત્ય એ જ સૌનો આદાર છે. સત્ય જ યજ્ઞ, તપ, દાન, મંત્ર, સરસ્વતી દેવી તથા બ્રહ્મચર્ય છે. ઓંકાર પણ સત્યરૂપ જ છે. સત્યથી જ વાયુ વહે છે, સત્યથી જ સૂર્ય તપે છે, સત્યથી જ આગ સળગે છે, સત્યથી જ સ્વર્ગ ટકેલું છે. લોકોમાં સંપૂર્ણ વેદોનું પાલન તથા સંપૂર્ણ તીર્થોનું સ્નાન કેવળ સત્યથી સુલભ થઈ જાય છે. સત્યથી સર્વ કાંઈ પ્રાપ્ત થઈ જાય છે, એમાં સંશય નથી. એક હજાર અશ્વમેધ અને લાખો યજ્ઞ એક બાજુ ત્રાજવા પર મૂકો અને બીજી બાજુ સત્ય હોય તો સત્યનું જ પલડું ભારે થશે. દેવતા, પિતર, મનુષ્ય, નાગ, રાક્ષસ તથા ચરાચર પ્રાણીઓ સહિત સમસ્ત લોક સત્યથી જ પ્રસન્ન થાય છે. સત્યને પરમ ધર્મ કહ્યો છે. સત્યને જ પરમપદ માન્યું છે અને સત્યને જ પરમ બ્રહ્મ પરમાત્મા કહે છે. એટલા માટે સત્ય બોલવું જોઈએ.*

સત્યનારાયણ મુનિ અત્યંત દુષ્કર તપ કરીને સ્વર્ગને પ્રાપ્ત થયા છે તથા સત્યધર્મમાં અનુરક્ત રહેનારા સિદ્ધ પુરુષ પણ સત્યથી જ સ્વર્ગના નિવાસી થયા છે. તેથી સદા સત્ય બોલવું જોઈએ. સત્યથી અધિકો બીજો કોઈ ધર્મ નથી. સત્યરૂપી તીર્થ અગાધ, વિશાળ, સિદ્ધ અને પવિત્ર જળાશય છે. એમાં યોગયુક્ત થઈને મન દ્વારા સ્નાન કરવું જોઈએ. સત્યને પરમપદ કહ્યું છે. જે મનુષ્ય પોતાને માટે, બીજાને માટે અથવા પોતાના પુત્ર માટે પણ જૂઠું નથી બોલતા તે જ સ્વર્ગગામી થાય છે. વેદ, યજ્ઞ તથા મંત્ર—એ બ્રાહ્મણોમાં સદા નિવાસ કરે છે, પરંતુ અસત્યવાદી બ્રાહ્મણોમાં એની પ્રતીતિ થતી નથી. તેથી સદાયે સત્ય બોલવું જોઈએ.

**તદનંતર તપનો બહુ મોટો ભારે મહિમા બતાવતાં સનત્કુમારજીએ કહ્યું**—હે મુને! સંસારમાં એવું કોઈ સુખ નથી જે તપસ્યા વિના સુલભ થતું હોય. તપથી જ બધાં સુખ મળે છે, આ વાતને

* સત્યમેવ પરં બ્રહ્મ સત્યમેવ પરં તપઃ । સત્યમેવ પરો યજ્ઞઃ સત્યમેવ પરં શ્રુતમ્ ॥
સત્યં સુપ્તેષુ જાગર્તિ સત્યં ચ પરમં પદમ્ । સત્યેનૈવ ધૃતા પૃથ્વી સત્યે સર્વં પ્રતિષ્ઠિતમ્ ॥
તપો યજ્ઞશ્ચ પુણ્યં ચ દેવર્ષિપિતૃપૂજને । આપો વિદ્યા ચ તે સર્વે સર્વં સત્યે પ્રતિષ્ઠિતમ્ ॥
સત્યં યજ્ઞસ્તપો દાનં મંત્રા દેવી સરસ્વતી । બ્રહ્મચર્યં તથા સત્યમોંકારઃ સત્યમેવ ચ ॥
સત્યેન વાયુરભ્યેતિ સત્યેન તપતે રવિઃ । સત્યેનાગ્નિર્દહતિ સ્વર્ગઃ સત્યેન તિષ્ઠતિ ॥
પાલનં સર્વવેદાનાં સર્વતીર્થાવગાહનમ્ । સત્યેન વહતે લોકે સર્વમાપ્નોત્યસંશયમ્ ॥
અશ્વમેધસહસ્રં ચ સત્યં ચ તુલયા ધૃતમ્ । લક્ષાણિ ક્રતવશ્ચૈવ સત્યમેવ વિશિષ્યતે ॥
સત્યેન દેવાઃ પિતરો માનવોરગરાક્ષસાઃ । પ્રીયન્તે સત્યતઃ સર્વે લોકાશ્ચ સચરાચરાઃ ॥
સત્યમાહુઃ પરં ધર્મં સત્યમાહુઃ પરંપદમ્ । સત્યમાહુઃ પરં બ્રહ્મ તસ્માત્સત્યં સદા વદેત્ ॥
(શિ.પુ.ઉ.સં. ૧૨।૨૩-૩૧)

વેદવેત્તા પુરુષો જાણે છે. જ્ઞાન, વિજ્ઞાન, આરોગ્ય, સુંદરરૂપ, સૌભાગ્ય તથા શાશ્વત સુખ તપથી જ મળે છે. તપસ્યાથી જ બ્રહ્મા વગર પરિશ્રમે જ સંપૂર્ણ વિશ્વની સૃષ્ટિ કરે છે. તપસ્યાથી જ વિષ્ણુ એનું પાલન કરે છે. તપસ્યાના બળથી જ રુદ્ર દેવ સંહાર કરે છે. તપના પ્રભાવથી જ શેષ(નાગ) અશેષ(સંપૂર્ણ) ભૂમંડળને ધારણ કરે છે.

(અધ્યાય ૧૨)

*

## વેદ અને પુરાણોનો સ્વાધ્યાય તથા વિવિધ પ્રકારનાં દાનનો મહિમા, નરકોનું વર્ણન તથા એમાં પાડનારાં પાપનું દિગ્દર્શન, પાપ માટે સર્વોત્તમ પ્રાયશ્ચિત્ત શિવસ્મરણ તથા જ્ઞાનના મહત્ત્વનું પ્રતિપાદન

**સનત્કુમારજી કહે છે**—હે મુને! જે વનમાં જંગલી ફળ-મૂળ ખાઈને તપ કરે છે અને જે વેદોની એક ઋચાનો સ્વાધ્યાય કરે છે એ બંનેનું ફળ સમાન છે. શ્રેષ્ઠ દ્વિજ વેદ-અધ્યયનથી જે ફળ મેળવે છે, એનાથી બમણું ફળ તે એ વેદ ભણાવીને મેળવે છે. હે મુને! જેવી રીતે ચંદ્રમા અને સૂર્ય વગર જગતમાં અંધકાર છવાઈ જાય છે, એ જ રીતે પુરાણ વગર જ્ઞાનનો આલોક(પ્રકાશ) નથી રહેતો—અજ્ઞાનનો અંધકાર છવાયેલો રહે છે. એટલા માટે સદા પુરાણનું અધ્યયન કરવું જોઈએ. અજ્ઞાનને કારણે નરકમાં પડીને સદા સંતપ્ત રહેનારા લોકોને જે શાસ્ત્ર-જ્ઞાન આપીને સમજાવે છે, તે પુરાણવક્તા પોતાની આ મહત્તાને કારણે સદા પૂજનીય બને છે. જે સાધુ પુરુષ પુરાણવક્તા વિદ્વાન પુરુષને દાનનું પાત્ર સમજીને બહુ પ્રસન્નતાની સાથે ઉત્તમોત્તમ વસ્તુઓનું દાન આપે છે, તે પરમ ગતિને પ્રાપ્ત થાય છે. જે સુપાત્ર બ્રાહ્મણને ભૂમિ, ગાય, રથ, હાથી અને સુંદર ઘોડા આપે છે, એના પુણ્યરૂપનું વર્ણન સાંભળો, તે આ જન્મમાં અને પરલોકમાં પણ સંપૂર્ણ અક્ષય મનોરથોને મેળવી લે છે તથા અશ્વમેધનું ફળ પામે છે.

હે મુનીશ્વર! જે પુરુષ ભગવાન શિવની કથા સાંભળે છે તે કર્મોના વિશાળ વનને સળગાવીને સંસારથી તરી જાય છે. જે બે ઘડી, એક ઘડી અથવા એક ક્ષણ પણ ભક્તિભાવથી ભગવાન શંકરની કથા સાંભળે છે, એમની ક્યારેય દુર્ગતિ થતી નથી. હે મુને! સંપૂર્ણ દાન અથવા સંપૂર્ણ યજ્ઞનું જે પુણ્ય હોય છે તે જ ફળ શિવપુરાણ સાંભળવાથી અવિચલરૂપને પામે છે. હે વ્યાસજી! વિશેષતઃ કળિયુગમાં પુરાણશ્રવણ સિવાય મનુષ્યો માટે બીજો કોઈ શ્રેષ્ઠ ધર્મ જ નથી. એ જ એને માટે મોક્ષ અને ધ્યાનરૂપી ફળ દેનારું છે એમ કહેવાય છે. શિવપુરાણનું શ્રવણ અને શિવ-નામનું કીર્તન મનુષ્યોને માટે કલ્પવૃક્ષનું રમણીય ફળ છે એમાં સંશય નથી. યજ્ઞ, દાન, તપ અને તીર્થસેવનથી જે ફળ મળે છે, એ જ ફળ મનુષ્યોને પુરાણોના શ્રવણ માત્રથી મળે છે.

પ્રતિદિન સુપાત્ર લોકોને મોટાં મોટાં દાન આપવાં જોઈએ, એ દાન દાતાઓનાં ઉદ્ધારક હોય છે. હે વિપ્રવર! સુવર્ણદાન, ગોદાન અને

ભૂમિદાન–એ પવિત્ર દાન છે, જે દાતાને તો તારે જ છે પણ લેનારનો પણ ઉદ્ધાર કરે છે. સુવર્ણદાન, ગોદાન અને પૃથ્વીદાન–આ શ્રેષ્ઠ દાન કરીને મનુષ્ય બધાં જ પાપથી મુક્ત થઈ જાય છે. તુલાદાન (ત્રાજવાનું દાન)ની બહુ પ્રશંસા કરવામાં આવી છે, ગાય અને પૃથ્વીનું દાન પણ પ્રશસ્ત અને સમાન શક્તિવાળું છે, પરંતુ સરસ્વતીનું દાન તો આ સૌથી અધિક ઉત્તમ છે. નિત્ય દોહેલી ગાય, છત્રી, વસ્ત્ર, બૂટ-ચંપલ, ચાખડી, પાવડી વગેરે પગરખાં અને અન્ન તથા જળ–એ સર્વ વસ્તુઓ યાચકને આપવી જોઈએ. બ્રાહ્મણો અને અપીડિત યાચકોને જે સંકલ્પપૂર્વક ધન-આદિ વસ્તુઓનું દાન કરે છે એથી દાતા મનસ્વી થાય છે. લોકમાં જે જે અત્યંત મનોવાંછિત અને પ્રિય છે, એ જો ઘરમાં હોય તો એને અક્ષય બનાવવાની ઈચ્છાવાળા પુરુષે ગુણવાન પુરુષને દાન કરવું જોઈએ. તુલા પુરુષનું દાન સર્વ દાનમાં ઉત્તમ છે. જે પોતાનું કલ્યાણ ચાહે છે એણે ત્રાજવા પર બેસવું અને પોતાના શરીર સાથે તોલેલી વસ્તુનું દાન કરવું જોઈએ. દિવસે, રાતે, બંને સંધ્યાના સમયે, બપોરે, અર્ધી રાત્રે તથા ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણે કાળોમાં મન, વાણી અને શરીર દ્વારા કરેલાં બધાં પાપને તુલા-પુરુષનું દાન દૂર કરી દે છે.

એ પછી બ્રહ્માંડ દાનનું માહાત્મ્ય અને બ્રહ્માંડનું વર્ણન કરીને સનત્કુમારજીએ કહ્યું–હે મુનિવરોમાં શ્રેષ્ઠ વ્યાસજી! પાતાળ લોકથી ઉપર જે નરક છે, એનું વર્ણન મારી પાસેથી સાંભળો. પાપી પુરુષ એમાં જ યાતના પામે છે. રૌરવ, શૂકર, રોધ, તાલ, વિવસન અથવા વિશસન, મહાજ્વાલ, તપ્તકુંભ, લવણ, વિલોહિત, પાક વહાવનારી વૈતરણી, કૃમિ યા કૃમીશ, કૃમિભોજન, કૃષ્ણ, અસિપત્રવન, દારુણ લાલાભક્ષ, પૂયવહ (પરુનું વહન કરનાર), પાપ, વહ્નિજ્વાલ, અધઃશિરા, સંદંશ, કાલસૂત્ર, તમસ, અવીચિ, રોધન,શ્વભોજન, અપ્રતિષ્ઠ, મહારૌરવ અને શાલ્મલિ ઈત્યાદિ બહુ દુઃખદાયક નરક ત્યાં છે. હે વ્યાસજી! એમાં જે પાપકર્મપરાયણ પુરુષોને રાંધવામાં આવે છે એનું ક્રમશઃ વર્ણન કરું છું, સાવધાન થઈને સાંભળો. જે મનુષ્ય બ્રાહ્મણો, દેવતાઓ તથા ગાયોને માટે હિતકર કાર્યો સિવાય અન્ય કોઈ પણ કાર્ય માટે જૂઠી સાક્ષી ભરે છે અથવા સદા જૂઠું બોલે છે તે રૌરવ નરકમાં જાય છે.

જે ભ્રૂણ (ગર્ભસ્થ શિશુ)ની હત્યા અને સુવર્ણની ચોરી કરનારા, ગાયને વાડામાં ગોંધી રાખનારા, વિશ્વાસઘાતી, શરાબી, બ્રહ્મહત્યારો, બીજાના દ્રવ્યનું અપહરણ કરનારો તથા આ સૌનો જે સંગ કરે છે, તે મર્યા પછી તપ્તકુંભ નામના નરકમાં જાય છે. ગુરુના વધથી પણ આ જ નરકની પ્રપ્તિ થાય છે. બહેન, માતા, ગાય તથા પુત્રીને વધ કરવાથી પણ તપ્તકુંભમાં જ પડાય છે. સાધ્વી સ્ત્રીને વેચનારો, અધિક વ્યાજ લેનારો, કેશ-વિક્રય કરનારો તથા પોતાના ભક્તને છોડનારો–આ બધાં પાપી તપ્તલોહ નામના નરકમાં રંધાઈ જાય છે. જે નરાધમ ગુરુજનોનું અપમાન કરનારા તથા એમને વિશે દુર્વચન બોલનારા છે, જે વેદની નિંદા કરનારા છે, વેદ વેચનારા છે તે બધા જ લવણ નામના નરકમાં જાય છે. મર્યાદાને દૂષિત કરનારા પુરુષની પણ એવી જ ગતિ થાય છે. જે પુરુષ દેવતા, બ્રાહ્મણ અને પિતૃગણ સાથે દ્વેષ કરે છે, જે રત્નને દૂષિત (મિલાવટ કરે છે) કરે છે તે

કૃમિભક્ષ નામના નરકમાં પડે છે. જે દૂષિત યજ્ઞ (બીજાઓને હાનિ પહોંચાડવા માટે આભિચારિક પ્રયોગ અથવા હિંસાપ્રધાન તામસ યજ્ઞ) કરે છે તે કૃમિશ નામના નરકમાં પડે છે. જે નરાધમ પિતૃગણ, દેવગણ અને અતિથિઓને છોડીને (બલિ વૈશ્વદેવ દ્વારા દેવતા વગેરેનો ભાગ એમને અર્પણ કર્યા વિના જ) ભોજન કરી લે છે. તે ઉગ્ર લાલાભક્ષ નરકમાં પડે છે. જે શસ્ત્ર-સમૂહોનું નિર્માણ કરે છે એ પણ આ જ નરકમાં જાય છે. જે દ્વિજ અંત્યજથી સેવા લે છે, અસત્ દાન ગ્રહણ કરે છે, યજ્ઞના અનધિકારીઓ પાસે યજ્ઞ કરાવે છે અને અભક્ષ્ય ભક્ષણ કરે છે તે બધા જ રૂધિરૌઘ (પૂયવહ) નામના નરકમાં પડે છે. જે સોમરસને વેચનારા છે, એમની પણ આ જ ગતિ થાય છે. યજ્ઞ અને ગામને નષ્ટ કરનારા ઘોર વૈતરણી નદીમાં પડે છે.

જે નવી જવાનીથી મતવાલા થઈને ધર્મની મર્યાદા તોડે છે, અપવિત્ર આચાર-વિચારથી રહે છે અને છળ-કપટથી જીવિકા ચલાવે છે, તે કૃત્ય નામના નરકમાં જાય છે. જે અકારણ જ વૃક્ષને કાપે છે, તે અસિપત્રવન નામના નરકમાં પડે છે. ઘેટાં, બકરાં વેચીને જીવિકા ચલાવનાર અને પશુઓની હિંસા કરનારા કસાઈ વહ્નિજ્વાલ નામના નરકમાં પડે છે. ભ્રષ્ટાચારી બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય અથવા જે કાચાં નળિયાં, ઈંટ વગેરેને પકાવવાને માટે ભઠ્ઠામાં આગ આપે છે તે બધા વહ્નિજ્વાલ નામના નરકમાં પડે છે. જે વ્રતોનો લોપ કરનારા છે તથા પોતાના આશ્રયથી પડેલા છે એ બંને પ્રકારના લોકો અત્યંત દારુણ સંદંશ નામના નરકની યાતના વેઠે છે. જે બ્રહ્મચારી થઈને પણ વીર્યસ્ખલન કરે છે તથા જે પુત્રોથી વિદ્યા ભણે છે, તે શ્વભોજન નામના નરકમાં પડે છે. આ રીતે આ અને બીજાં સેંકડો, હજારો નરક છે, જેમાં પાપકર્મી પ્રાણી યાતનાઓની આગમાં શેકાય છે. આ ઉપર્યુક્ત પાપ સમાન બીજાં પણ સહસ્ર પાપ છે, પાપકર્મ છે જેને નરકમાં પડીને માણસો ભોગવે છે. જે લોકો મન, વાણી અને ક્રિયા દ્વારા પોતાના વર્ણ અને આશ્રમ વિરુદ્ધ કર્મ કરે છે, એ નરકમાં પડે છે. નરકમાં માથું નીચે લટકાવેલું હોય છે એવાં પ્રાણી સ્વર્ગલોકમાં રહેનારા દેવતાઓને જોયા કરે છે અને દેવતા લોકો પણ નીચે દૃષ્ટિ કરીને એ બધા અધોમુખ નારકી જીવોને જુએ છે. પાપી લોકો નરક ભોગ અનંતર ક્રમશઃ ઉન્નતિ કરતાં કરતાં સ્થાવર, કૃમિ, જલચર, પક્ષી, પશુ, મનુષ્ય, ધર્માત્મા, માનવદેવતા તથા મુમુક્ષુ થતાં અને અંતે મોક્ષ પ્રાપ્ત કરી લે છે. જેટલા જીવ સ્વર્ગમાં છે એટલા જ નરકમાં છે. જે પાપી પુરુષ પોતાના પાપનું પ્રાયશ્ચિત્ત નથી કરતો તે જ નરકમાં જાય છે.

હે કાલીનંદન! સ્વયંભુ મનુએ મહાન પાપ માટે મહાન અને લઘુ પાપ માટે લઘુ પ્રાયશ્ચિત્ત બતાવ્યાં છે. એ અશેષ પાપ કર્મોને માટે જે જે પ્રાયશ્ચિત્ત સંબંધી કર્મો બતાવ્યાં એ સૌમાં ભગવાન શંકરનું સ્મરણ જ સર્વશ્રેષ્ઠ પ્રાયશ્ચિત્ત છે. જે પુરુષના ચિત્તમાં પાપકર્મ કર્યા પછી પશ્ચાત્તાપ થાય છે, એને માટે તો એકમાત્ર ભગવાન શિવનું સ્મરણ જ સર્વોત્તમ પ્રાયશ્ચિત્ત છે. પ્રાતઃકાળ, સાયંકાળ અને રાત્રે તથા મધ્યાહ્ન વગેરેમાં શિવનું સ્મરણ કરવાથી પાપરહિત થયેલો મનુષ્ય માહેશ્વર ધામને પ્રાપ્ત કરી લે છે, ભગવાન શિવના સ્મરણથી સમસ્ત પાપ અને કલેશોનો ક્ષય થઈ જવાને કારણે મનુષ્ય સ્વર્ગમાં જાય છે અથવા મોક્ષ પ્રાપ્ત કરી લે છે. જેનું

ચિત્ત જપ, હોમ અને પૂજા વગેરે કરતી વખતે નિરંતર ભગવાન મહેશ્વરમાં જ લાગેલું રહે છે એને માટે તો ઈન્દ્ર વગેરે પદની પ્રાપ્તિરૂપ ફળ તો અંતરાય (વિઘ્ન) જ છે. જે પુરુષ ભક્તિભાવથી હે મુને! દિવસરાત ભગવાન શિવનું સ્મરણ કરે છે, એનાં બધાં જ પાતક નષ્ટ થઈ જાય છે. એટલા માટે તે ક્યારેય નરકમાં પડતો નથી. નરક અને સ્વર્ગ—એ પાપ અને પુણ્યનાં જ બીજાં નામ છે. એમાંથી એક દુઃખ આપનારું છે, બીજું સુખ આપનારું છે. જ્યારે એક જ વસ્તુ ક્યારે પ્રીતિ પ્રદાન કરનારી હોય છે અને ક્યારેક દુઃખ દેનારી બની જતી હોય છે ત્યારે એ નિશ્ચય થાય છે કોઈ પણ પદાર્થ ન તો સુખમય છે અને ન તો દુઃખમય છે. આ સુખ અને દુઃખ એ તો મનના વિકાર છે. જ્ઞાન જ પરબ્રહ્મ છે અને જ્ઞાન જ તત્ત્વબોધનું કારણ છે. આ આખું ચરાચર વિશ્વ જ્ઞાનમય જ છે. એ પરમ વિજ્ઞાનથી ભિન્ન બીજી કોઈ વસ્તુ છે જ નહીં.

(અધ્યાય ૧૩-૧૬)

*

## મૃત્યુકાલ નિકટ આવવાનાં કયાં કયાં લક્ષણ છે, તેનું વર્ણન



આ પછી દ્વીપો, લોકો અને મનુષ્યોનો પરિચય આપીને સંગ્રામનું ફળ, શરીર અને સ્ત્રીસ્વભાવ વગેરેનું વર્ણન થયું. ત્યાર પછી કાલ વિશે વ્યાસજીના પૂછવા પર સનત્કુમારજી બોલ્યા—હે મુનિશ્રેષ્ઠ! પૂર્વકાળમાં પાર્વતીજીએ વિવિધ પ્રકારની દિવ્ય કથાઓ સાંભળીને પરમેશ્વર શિવને પ્રણામ કરીને એમને આ જ વાત પૂછી હતી.

**પાર્વતીજી બોલ્યાં**—હે ભગવન્! મેં આપની કૃપાથી સંપૂર્ણ મત જાણી લીધો છે. હે દેવ! જે મંત્રો દ્વારા જે વિધિથી જેવી રીતે આપની પૂજા થાય છે, એ બધું હું જાણી ગઈ છું. મને જ્ઞાન છે. પરંતુ હે પ્રભો! હજુ એક સંશય રહી ગયો છે. એ સંશય છે કાલચક્રના સંબંધમાં. હે દેવ! મૃત્યુનું ચિહ્ન શું છે? આયુનું પ્રમાણ શું છે. હે નાથ! જો હું આપની પ્રિયા હોઉં તો મને આ બધી વાતો સમજાવો.

**મહાદેવજીએ કહ્યું**—હે પ્રિયે! જો અકસ્માત શરીર બધી બાજુથી સફેદ અથવા પીળું પડી જાય અને ઉપરથી થોડું લાલ જણાય તો એ જાણવું જોઈએ કે એ મનુષ્યનું મૃત્યુ છ માસની

અંદર જ થઈ જશે. હે શિવે! જ્યારે મુખ, નેત્ર અને જિહ્વાનું સ્તંભન થઈ જાય ત્યારે પણ છ માસની અંદર જ મૃત્યુ જાણવું જોઈએ. હે ભદ્રે! જે રુરુ મૃગ (એક જાતિ વિશેષનો મૃગ) પાછળ થનાર શિકારીઓનો ભયાનક અવાજ પણ જલદી સાંભળી શકતો નથી. એનું મૃત્યુ પણ છ માસની અંદર જ જાણવું. જ્યારે સૂર્ય, ચંદ્રમા અને અગ્નિના સાંનિધ્યથી પ્રગટ થનારા પ્રકાશને મનુષ્ય ન જોઈ શકે, એને બધે જ કાળું-કાળું–અંધકારાચ્છન્ન જ દેખાય છે, ત્યારે એનું જીવન છ માસથી અધિક નથી હોતું. હે દેવી! હે પ્રિયે! જ્યારે મનુષ્યનો ડાબો હાથ લગાતાર એક સપ્તાહ સુધી ફરક્યા કરે ત્યારે એનું જીવન એક જ માસ બાકી છે એવું જાણવું જોઈએ. એમાં સંશય નથી. જ્યારે આખાં અંગોમાં જકડાઈ જઈને અક્કડ થઈ જવાતું હોય,, શરીર ફાટતું લાગે અને આળસ જણાય અને નાળવું સુકાઈ જાય, ત્યારે તે મનુષ્ય એક માસ સુધી જ જીવિત રહે છે એમાં સંશય નથી. ત્રિદોષમાં જેનું નાક ગળવા માંડે, એનું જીવન પંદર દિવસથી વધારે ચાલતું નથી. મુખ અને કંઠ સુકાઈ જાય તો એ જાણવું કે છ માસ વીતતા વીતતાં તો એનું આયુષ્ય સમાપ્ત થઈ જશે. હે ભામિની! જેની જીભ ફૂલી જાય, જાડી થઈ જાય અને દાંતોમાંથી પરુ નીકળવા લાગે એનું પણ છ માસની અંદર જ મૃત્યુ થઈ જાય છે. આ ચિહ્નોથી મૃત્યુકાળ સમજવો. હે સુંદરી! જલ, તેલ, ઘી અને દર્પણમાં પણ જ્યારે પોતાનું પ્રતિબિંબ ન જણાય અથવા વિકૃત જણાય, ત્યારે કાલચક્રના જ્ઞાતા પુરુષે એ જાણી લેવું જોઈએ કે એનું પણ આયુષ્ય છ માસથી વધારે નથી. હે દેવેશ્વરિ! હવે બીજી વાત સાંભળો, જેથી મૃત્યુનું જ્ઞાન થાય છે. જ્યારે પોતાના પડછાયાને મસ્તકરહિત જુએ અથવા પોતાને પડછાયા વગરનો જુએ, ત્યારે તે મનુષ્ય એક માસ પણ જીવિત રહી શકતો નથી.

હે પાર્વતી! આ મેં અંગોથી પ્રગટ થનારાં મૃત્યુનાં લક્ષણો બતાવ્યાં છે. હે ભદ્રે! હવે બહાર પ્રગટ થનારાં લક્ષણોનું વર્ણન કરું છું, સાંભળો. હે દેવી! જ્યારે ચંદ્રમંડળ અથવા સૂર્યમંડળ પ્રભાહીન અને લાલ જણાય તો અર્ધા માસમાં જ મનુષ્યનું મૃત્યુ થઈ જાય છે. અરુંધતી, મહાયાન અને ચંદ્રમા–એને જે ન જોઈ શકે અથવા જેને તારાઓનાં દર્શન ન થાય એવો પુરુષ એક માસ સુધી જીવિત રહી શકે છે. જો ગ્રહોનું દર્શન થયા પછી પણ દિશાઓનું જ્ઞાન ન થાય–મન પર મૂઢતા છવાઈ રહે તો છ માસમાં નિશ્ચય મૃત્યુ થઈ જાય છે. જો ઉતથ્ય નામના તારાનું, ધ્રુવનું અથવા સૂર્યમંડળનું પણ દર્શન ન કરી શકે, રાતમાં ઈન્દ્રધનુષ અને મધ્યાહ્નમાં ઉલ્કાપાત થતો દેખાય તથા ગીધ અને કાગડા તેને ઘેરી રહે તો એ મનુષ્યનું આયુષ્ય છ માસ કરતાં અધિક નથી–જો આકાશમાં સપ્તર્ષિ તથા સ્વર્ગ માર્ગ (છાયા પથ) ન દેખાય તો કાલજ્ઞ પુરુષે જાણવું કે એનું આયુષ્ય છ જ માસનું છે. જો અકસ્માત સૂર્ય અને ચંદ્રમાને રાહુથી ગ્રસ્ત જુએ છે અને સંપૂર્ણ દિશાઓ જેને ફરતી લાગે તે અવશ્ય જ છ માસમાં મરી જાય છે. જો અકસ્માત લીલી માખો આવીને પુરુષને ઘેરી વળે તો વાસ્તવમાં એનું આયુષ્ય એક જ માસનું બાકી છે તેમ જાણવું. જો ગીધ, કાગડા અથવા કબૂતર માથા પર ચઢી જાય તો તે પુરુષ એક માસની અંદર જ મરી જાય છે, એમાં સંશય નથી.

(અધ્યાય ૧૭-૨૫)

*

# કાલને જીતવાનો ઉપાય, નવધા શબ્દબ્રહ્મ અને તુંકારનું અનુસંધાન અને એનાથી પ્રાપ્ત થનારી સિદ્ધિઓનું વર્ણન

દેવી પાર્વતીજીએ કહ્યું–હે પ્રભો! કાલથી આકાશનો પણ નાશ થાય છે. તે ભયંકર કાળ બહુ વિકરાળ છે. તે સ્વર્ગનો પણ એકમાત્ર સ્વામી છે. તમે એને દગ્ધ કરી દીધો હતો, પરંતુ અનેક પ્રકારનાં સ્તોત્રો દ્વારા જ્યારે એણે આપની સ્તુતિ કરી, ત્યારે તમે પુનઃ સંતુષ્ટ થઈ ગયા અને એ કાળ ફરીથી પોતાની પ્રકૃતિને પ્રાપ્ત થઈ ગયો. પૂર્ણતઃ સ્વસ્થ થઈ ગયો. તમે એને વાતમાં અને વાતમાં કહ્યું–'હે કાળ! તમે સર્વત્ર વિચરણ કરશો, પરંતુ લોકો તમને દેખશે-જોશે નહિ.' આપ પ્રભુની કૃપાદૃષ્ટિ થવાથી અને વરદાન મળવાથી તે કાળ જીવી ઊઠ્યો અને એનો પ્રભાવ બહુ વધી ગયો. તેથી હે મહેશ્વર! શું એવું કોઈ સાધન છે, જેથી એ કાલને નષ્ટ કરી શકાય? જો હોય તો મને બતાવો, કેમકે આપ યોગીઓમાં શિરોમણિ અને સ્વતંત્ર પ્રભુ છો. આપે પરોપકાર માટે જ શરીર ધારણ કરો છો.

શિવ બોલ્યા–હે દેવી! શ્રેષ્ઠ દેવતા, દૈત્ય, યક્ષ, રાક્ષસ, નાગ અને મનુષ્ય–કોઈ પણ દ્વારા કાળનો નાશ નથી થઈ શકતો, પરંતુ જે ધ્યાનપરાયણ યોગી છે, તે શરીરધારી હોવા છતાં પણ સુખપૂર્વક કાલને નષ્ટ કરી દે છે. હે વરારોહે! આ પાંચ ભૌતિક શરીર સદા એ ભૂતોના ગુણોથી યુક્ત જ ઉત્પન્ન થાય છે અને એમાં જ લય પામે છે. માટીનો દેહ માટીમાં જ મળી જાય છે. આકાશથી વાયુ ઉત્પન્ન થાય છે, વાયુથી તેજ તત્ત્વ પ્રગટ થાય છે, તેજથી જલનું પ્રાગટ્ય થાય છે અને જલથી પૃથ્વીનો આવિર્ભાવ થાય છે. પૃથ્વી આદિ ભૂત ક્રમશઃ પોતાના કારણમાં લીન થાય છે. પૃથ્વીના પાંચ, જલના ચાર, તેજના ત્રણ અને વાયુના બે ગુણ હોય છે. આકાશનો એક માત્ર શબ્દ જ ગુણ છે. પૃથ્વી વગેરેમાં જે ગુણ બતાવ્યા છે એમનાં નામ આ પ્રમાણે છે : શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ. જ્યારે ભૂત પોતાના ગુણનો ત્યાગ કરી દે છે, ત્યારે તે નષ્ટ થઈ જાય છે અને જ્યારે તે ગુણને ગ્રહણ કરે છે ત્યારે એનો પ્રાદુર્ભાવ કહેવાય છે. હે દેવેશ્વરિ! આ રીતે તમે પાંચે ભૂતોના યથાર્થ સ્વરૂપને સમજો. હે દેવી! આ કારણે કાળને જીતવાની ઈચ્છાવાળા યોગીઓ માટે જરૂરી છે કે તે પ્રતિદિન પ્રયત્નપૂર્વક પોતાના-પોતાના કાળમાં એના અંશભૂત ગુણોનું ચિંતન કરે.

યોગવેત્તા પુરુષ માટે જરૂરી છે કે સુખદ આસન પર બેસીને વિશુદ્ધ શ્વાસ (પ્રાણાયામ) દ્વારા યોગાભ્યાસ કરે. રાત્રે જ્યારે બધા લોકો સૂઈ જાય, એ સમયે દીપક હોલાવીને અંધકારમાં યોગ ધારણ કરે. તર્જની આંગળીથી બંને (નાકનાં) છિદ્રો નસકોરાં બંધ કરીને બે ઘડી સુધી દબાવી રાખે. એ અવસ્થામાં અગ્નિપ્રેરિત શબ્દ સંભળાય છે. એથી સંધ્યાકાળ પછી ખાધેલું અન્ન ક્ષણભરમાં પચી જાય છે અને સંપૂર્ણ રોગ તથા જ્વર વગેરે ઘણાબધા ઉપદ્રવો શીઘ્ર જ નષ્ટ થઈ જાય છે. જે સાધક પ્રતિદિન આ રીતે બે ઘડી સુધી શબ્દબ્રહ્મનો સાક્ષાત્કાર કરે છે, તે મૃત્યુ તથા કામને જીતીને આ જગતમાં સ્વચ્છંદ વિચરણ કરે છે અને

સર્વજ્ઞ અને સમદર્શી થઈને સંપૂર્ણ સિદ્ધિઓને પ્રાપ્ત કરી લે છે. જેવી રીતે આકાશમાં વર્ષાથી યુક્ત વાદળ ગરજે છે, એવી જ રીતે એ શબ્દને સાંભળીને યોગી તત્કાળ સંસાર-બંધનથી મુક્ત થઈ જાય છે. ત્યાર પછી યોગીઓ દ્વારા પ્રતિદિન ચિંતન કરવામાં આવેલો તે શબ્દ ક્રમશઃ સૂક્ષ્મથી સૂક્ષ્મતર થતો જાય છે. હે દેવી! આ રીતે મેં તમને શબ્દબ્રહ્મના ચિંતનનો ક્રમ બતાવ્યો છે. જેવી રીતે ડાંગરની ઇચ્છા રાખનારા પુરુષને પરાળ (છોડાં) છોડવાં પડે છે તેવી જ રીતે મોક્ષની ઇચ્છાવાળા યોગીએ બધાં બંધનોનો ત્યાગ કરવો પડે.

આ શબ્દબ્રહ્મને મેળવીને પણ જે બીજી વસ્તુની અભિલાષા રાખે છે તે મુક્કાથી આકાશને મારવાની અને ભૂખ-તરસની કામના કરે છે. આ શબ્દબ્રહ્મ જ સુખદ, મોક્ષનું કારણ, બહાર-અંદરના ભેદથી રહિત, અવિનાશી અને સમસ્ત ઉપાધિઓથી રહિત પરબ્રહ્મ છે. એને જાણીને મનુષ્ય મુક્ત થઈ જાય છે. જે લોકો કાલપાશથી મોહિત થઈને શબ્દબ્રહ્મને નથી જાણતા, એ પાપી અને કુબુદ્ધિ મનુષ્ય મોતના ફંદામાં ફસાયેલા રહે છે. મનુષ્ય ત્યાં સુધી સંસારમાં જન્મ લેતો રહે છે, જ્યાં સુધી તેને સર્વના આશ્રયભૂત પરમતત્ત્વ (પરબ્રહ્મ પરમાત્મા)ની પ્રાપ્તિ થતી નથી. પરમતત્ત્વનું જ્ઞાન થઈ જવાથી મનુષ્ય જન્મ-મૃત્યુના બંધનથી મુક્ત થઈ જાય છે. નિદ્રા અને આળસ સાધનાનાં બહુ મોટાં વિઘ્ન છે. આ શત્રુને યત્નપૂર્વક જીતીને સુખદ આસન પર આસીન થઈને, બેસીને, પ્રતિદિન શબ્દબ્રહ્મનો અભ્યાસ કરવો જોઈએ. સો વર્ષની અવસ્થાવાળો વૃદ્ધ પુરુષ આજીવન આનો અભ્યાસ કરે તો એનો શરીરરૂપી સ્તંભ મૃત્યુને જીતનારો થઈ જાય છે અને એને પ્રાણવાયુની શક્તિને વધારનાર આરોગ્ય પ્રાપ્ત થઈ જાય છે. વૃદ્ધ પુરુષમાં પણ બ્રહ્મના અભ્યાસથી થનારા લાભનો વિશ્વાસ જોવા મળે છે, પછી તરુણ મનુષ્યને તો આ સાધનાથી પૂર્ણ લાભ થાય એ માટે તો કહેવું જ શું. આ શબ્દબ્રહ્મ ન તો ઓંકાર છે, ન મંત્ર છે, ન બીજ છે, ન અક્ષર છે. આ અનાહત નાદ(વગર આઘાતે અથવા વગર બજાવ્યે પ્રગટ થનાર શબ્દ) છે. એનું ઉચ્ચારણ કર્યા વિના જ ચિંતન થાય છે. આ શબ્દબ્રહ્મ પરમ કલ્યાણમય છે. હે પ્રિયે! શુદ્ધબુદ્ધિવાળો પુરુષ યત્નપૂર્વક નિરંતર એનું અનુસંધાન કરે છે. તેથી નવ પ્રકારના શબ્દ બતાવેલા છે, જેને પ્રાણવેત્તા પુરુષોએ લક્ષિત કર્યા છે. હું એમને પ્રયત્ન કરીને બતાવી રહ્યો છું. એ શબ્દોને નાદસિદ્ધિ પણ કહે છે. એ શબ્દ ક્રમશઃ આ પ્રકારે છે–

ઘોષ, કાંસ્ય (ઝાંઝ વગેરે), શૃંગ (સિંગુ વગેરે), ઘંટા, વીણા વગેરે, વાંસળી, દુન્દુભિ, શંખ અને નવમો મેઘગર્જન–આ નવ પ્રકારના શબ્દોને છોડીને તુંકારનો અભ્યાસ કરે. આ પ્રકારે સદાયે ધ્યાન કરનારો યોગી પુણ્ય અને પાપથી લિપ્ત થતો નથી. હે દેવી! યોગાભ્યાસ દ્વારા સાંભળવાનો પ્રયત્ન કરવા છતાં પણ જ્યારે યોગી એ શબ્દોને નથી સાંભળતો અને અભ્યાસ કરતાં કરતાં મરણાસન્ન થઈ જાય છે, ત્યારે પણ તે દિવસ-રાત એ અભ્યાસમાં જ રત રહે છે. આવું કરવાથી સાત દિવસમાં તે શબ્દ પ્રગટ થઈ જાય છે, જે મૃત્યુને જીતનાર છે. હે દેવી! તે શબ્દ નવ પ્રકારનો છે. એનું હું યથાર્થરૂપે વર્ણન કરું છું. પહેલાં તો ઘોષાત્મક નાદ પ્રગટ થાય છે, જે આત્મશુદ્ધિનું ઉત્કૃષ્ટ

સાધન છે. એ ઉત્તમ નાદ સર્વ રોગને હરી લેનારો છે તથા મનને વશીભૂત કરીને પોતાની તરફ ખેંચનારો છે. બીજો કાંસ્યનાદ છે, જે પ્રાણીઓની ગતિને સ્તંભિત કરી દે છે. તે વિષ, ભૂત અને ગ્રહ વગેરે સર્વને બાંધે છે એમાં સંશય નથી. ત્રીજો શૃંગનાદ છે, જેનો સંબંધ અભિચાર સાથે છે. એનો શત્રુના ઉચ્ચાટન અને મારણ નિયોગ અને પ્રયોગ કરવો. ચોથો ઘંટનાદ છે, જેનું સાક્ષાત્ પરમેશ્વર શિવ ઉચ્ચારણ કરે છે. તે નાદ સંપૂર્ણ દેવતાઓને આકૃષ્ટ કરી લે છે પછી ભૂતલ પર વસતા મનુષ્યોની તો વાત જ શી? યક્ષ અને ગંધર્વ કન્યાઓ એ નાદથી આકૃષ્ટ થઈ યોગીને એની ઈચ્છા અનુસાર મહાસિદ્ધિનું પ્રદાન કરે છે તથા એની અન્ય કામનાઓ પણ પૂર્ણ કરે છે. પાંચમો નાદ વીણાનાદ છે, જેને યોગી પુરુષો સદા સાંભળે છે. હે દેવી! એ વીણા-નાદથી દૂરદર્શનની શક્તિ પ્રાપ્ત થાય છે. વંશીનાદનું ધ્યાન ધરનારા યોગીને સંપૂર્ણ તત્ત્વની પ્રાપ્તિ થઈ જાય છે. દુન્દુભિ-નાદનું ચિંતન કરનારો સાધક જરા અને મૃત્યુના કષ્ટથી છૂટી જાય છે. હે દેવેશ્વરિ! શંખનાદનું અનુસંધાન થવાથી ઈચ્છા અનુસાર રૂપ ધારણ કરવાની શક્તિ પ્રાપ્ત થઈ શકે છે. મેઘનાદના ચિંતનથી યોગીને ક્યારેય વિપત્તિનો સામનો કરવો પડતો નથી. હે વરાનને! જે પ્રતિદિન એકાગ્રચિત્તથી બ્રહ્મરૂપી ૐકારનું ધ્યાન કરે છે એને માટે કશું પણ અસાધ્ય નથી હોતું. એને મનોવાંછિત સિદ્ધિ પ્રાપ્ત થઈ જાય છે તે સર્વજ્ઞ, સર્વદર્શી અને ઈચ્છા અનુસાર રૂપધારી થઈને સર્વત્ર વિચરણ કરે છે, ક્યારેય વિકારોને વશીભૂત થતો નથી. તે તો સાક્ષાત્ શિવ જ છે, એમાં સંશય નથી. હે પરમેશ્વરિ! આ રીતે મેં તમારી સમક્ષ શબ્દબ્રહ્મના નવધા સ્વરૂપનું પૂર્ણતયા વર્ણન કર્યું છે. હવે વધારે શું સાંભળવા ચાહો છો? (અધ્યાય ૨૬)

*

## કાલ યા મૃત્યુને જીતીને અમરત્વ પ્રાપ્ત કરવાની ચાર યૌગિક સાધનાઓ–પ્રાણાયામ, ભ્રૂમધ્યમાં અગ્નિનું ધ્યાન, મુખથી વાયુપાન અને વળેલી જીભ દ્વારા ગળાની અંદરની પડજીભનો સ્પર્શ

**પાર્વતીજી બોલ્યાં**—હે પ્રભો! જો આપ પ્રસન્ન છો તો યોગી યોગ-આકાશજનિત વાયુપદને જે પ્રકારે પ્રાપ્ત થાય છે, એ બધું મને બતાવો.

**ભગવાન શિવે કહ્યું**—હે સુંદરી! પહેલાં એ યોગીઓની હિત-કામનાથી બધું જ બનાવ્યું છે, જે અનુસાર યોગીઓએ કાલ પર વિજય મેળવ્યો હતો. યોગી જે પ્રકારે વાયુનું સ્વરૂપ ધારણ કરે છે એ વિષયમાં પણ કહેવાયું છે. એટલા માટે યોગશક્તિ દ્વારા મૃત્યુ-દિવસને જાણીને પ્રાણાયામમાં તત્પર થઈ જવું જોઈએ. આવું કરવાથી અર્ધા માસમાં જ તે આવેલા કાલને જીતી લે છે. હૃદયમાં સ્થિત થયેલો પ્રાણવાયુ સદા અગ્નિને ઉદ્દીપ્ત કરનારો છે. એ અગ્નિનો સહાયક મનાયો છે. એ વાયુ બહાર અને અંદર સર્વત્ર વ્યાપ્ત અને મહાન છે. જ્ઞાન, વિજ્ઞાન અને ઉત્સાહ—એ સર્વની પ્રવૃત્તિ વાયુથી જ થતી હોય છે. જેણે અહીં વાયુને જીતી લીધો, એણે

સંપૂર્ણ જગત પર વિજય મેળવી લીધો.

સાધક માટે જરૂરી છે કે તે જરા અને મૃત્યુને જીતવાની ઇચ્છા સદા ધારણામાં સ્થિત રહે, કેમકે યોગપરાયણ યોગીએ સારીપેઠે ધારણા અને ધ્યાનમાં તત્પર રહેવું જોઈએ. જેવી રીતે લુહાર મુખથી ફૂંકણી કે ધમણને ફૂંકી-ફૂંકીને એ વાયુ દ્વારા પોતાનાં બધાં કાર્યોને સિદ્ધ કરે છે, એવી જ રીતે યોગીએ પ્રાણાયામનો અભ્યાસ કરવો જોઈએ. પ્રાણાયામ વખતે જેનું ધ્યાન કરવામાં આવે છે, તે આરાધ્ય દેવ પરમેશ્વર હજારો મસ્તક, નેત્ર, પગ અને હાથથી મુક્ત હોય છે, તથા સમસ્ત ગ્રંથિઓને આવૃત્ત કરીને પણ દશ આંગળ આગળ ઉપર સ્થિત છે. આદિમાં વ્યાહૃતિ અને અંતમાં શિરોમંત્રસહિત ગાયત્રીનો ત્રણ વાર જપ કરે અને પ્રાણવાયુને રોકી રાખે. પ્રાણોના આ આયામનું નામ પ્રાણાયામ છે. ચંદ્રમા અને સૂર્ય વગેરે ગ્રહ જઈ-જઈને પાછા આવે છે, પરંતુ પ્રાણાયામ પૂર્વક ધ્યાનપરાયણ યોગી ગયા પછી આજ સુધી પાછો આવ્યો નથી (અર્થાત્ મુક્ત થઈ ગયો છે.) હે દેવી! જે દ્વિજ સો વર્ષો સુધી તપસ્યા કરીને કુશના અગ્રભાગથી એક બિંદુ જળ પીએ છે તે જે ફળને પામે છે, એ જ બ્રાહ્મણોને એક માત્ર ધારણા અથવા પ્રાણાયામ દ્વારા મળી જાય છે. જે દ્વિજ સવારે ઊઠીને એક પ્રાણાયામ કરે છે, તે પોતાનાં સંપૂર્ણ પાપને શીઘ્ર જ નષ્ટ કરી દે છે અને બ્રહ્મલોક તરફ જતો રહે છે. જે આળસરહિત થઈને સદા એકાંતમાં પ્રાણાયામ કરે છે તે જરા અને મૃત્યુને જીતીને વાયુ સમાન ગતિશીલ થઈને આકાશમાં વિચક્ષણ કરે છે. તે સિદ્ધોનાં સ્વરૂપ, કાન્તિ, મેધા, પરાક્રમ અને શૌર્યને પ્રાપ્ત કરી લે છે. એની ગતિ વાયુ જેવી થઈ જાય છે તથા એને સ્પૃહણીય સૌખ્ય અને પરમ સુખની પ્રાપ્તિ થાય છે.

હે દેવેશ્વરિ! યોગી જે પ્રકારે વાયુથી સિદ્ધિ પ્રાપ્ત કરે છે, એ સર્વ વિધાન મેં બનાવી દીધું. હવે તેજથી જે રીતે તે સિદ્ધિ લાભ કરે છે એ પણ બતાવી રહ્યો છું. જ્યાં બીજા લોકોની વાતચીતનો કોલાહલ ન પહોંચતો હોય, એવા શાંત-એકાંત સ્થાનમાં પોતાના સુખદ આસન પર બેસીને ચંદ્રમા અને સૂર્ય (ડાબું અને જમણું નેત્ર)ની કાન્તિથી પ્રકાશિત મધ્યવર્તી દેશ ભ્રૂમધ્યભાગમાં જે અગ્નિનું તેજ અવ્યક્તરૂપે પ્રકાશિત થઈ રહ્યું છે, એને આળસરહિત યોગી દીપકરહિત અંધકારપૂર્ણ સ્થાનમાં ચિંતન કરવાથી નક્કી જ જોઈ શકે છે–એમાં સંશય નથી. યોગી હાથની આંગળીઓથી યત્નપૂર્વક બંને નેત્રોને થોડાં થોડાં દબાવી રાખે અને એના તારા જોતાં જોતાં એકાગ્રચિત્તથી અર્ધા મુહૂર્ત સુધી એનું જ ચિંતન કરે. તદનંતર, અંધકારમાં પણ ધ્યાન કરવાથી તે એ ઈશ્વરીય જ્યોતિને જોઈ શકે છે. તે જ્યોતિ સફેદ, લાલ, પીળી, કાળી અને ઇન્દ્રધનુષ જેવી હોય છે. ભ્રમરોની વચ્ચે લલાટવર્તી બાલસૂર્ય સમાન તેજવાળા એ અગ્નિદેવનો સાક્ષાત્કાર કરીને યોગી ઇચ્છા અનુસાર રૂપ ધારણ કરીને ક્રીડા કરે છે. તે યોગી કારણ-તત્ત્વને શાંત કરીને એમાં પ્રવિષ્ટ થવું, પરકાયામાં પ્રવેશ કરવો, અણિમા વગેરે ગુણોને મેળવી લેવા, મનથી જ બધું જોઈ લેવું, બીજાની વાતો સાંભળવી, અને જાણવી તથા અદૃશ્ય થઈ જવું, બહુરૂપ ધારણ કરવા તથા આકાશમાં વિચરવું વગેરે સિદ્ધિઓનો નિરંતર અભ્યાસના પ્રભાવથી બધું પ્રાપ્ત કરી લે છે. જે અંધકારથી પર અને સૂર્ય સમાન તેજસ્વી છે, એ જ આ મહાન જ્યોતિર્મય પુરુષ (પરમાત્મા)ને હું જાણું છું. એને જાણીને જ મનુષ્ય કાલ અથવા મૃત્યુને

ઉલ્લંઘી જાય છે. મોક્ષને માટે આના સિવાય બીજો કોઈ માર્ગ નથી.* હે દેવી! આ રીતે મેં તમને તેજતત્ત્વના ચિંતનની ઉત્તમ વિધિનું વર્ણન કરી બતાવ્યું છે, જેથી યોગી કાલ પર વિજય મેળવીને અમરત્વને પ્રાપ્ત કરી લે છે.

હે દેવી! હવે પુનઃ બીજો શ્રેષ્ઠ ઉપાય બતાવું છું, જેથી મનુષ્યનું મૃત્યુ થતું નથી.

હે દેવી! ધ્યાન કરનારા યોગીઓની ચોથી ગતિ (સાધના) બતાવાઈ છે. યોગી પોતાના ચિત્તને વશમાં કરીને યથાયોગ્ય સુખદ આસન પર બેસે. તે શરીરને ઊંચું કરીને અંજલિબદ્ધ થઈને ચાંચની જેવી આકૃતિવાળા મુખ દ્વારા ધીરે ધીરે વાયુનું પાન કરે. આવું કરવાથી ક્ષણભરમાં તાળુ (તાળવું)ની અંદર સ્થિતિ જીવનદાયી જળનાં બિંદુઓ ટપકવા લાગે છે. એ બિંદુઓને વાયુ દ્વારા લઈને સૂંઘવાને શીતળ જળ અમૃતસ્વરૂપ છે. જે યોગી એને પ્રતિદિન પીએ છે, તે ક્યારેય મૃત્યુને આધીન થતો નથી. એને ભૂખ-તરસ પણ લાગતાં નથી. એનું શરીર દિવ્ય અને તેજ મહાન થઈ જાય છે. તે બળમાં હાથી અને વેગમાં ઘોડા સમાન થઈ જાય છે. એની દૃષ્ટિ ગરુડ જેવી તીવ્ર-તીક્ષ્ણ થઈ જાય છે અને દૂરની વાતો સંભળાવા લાગે છે. એના વાળ કાળા અને વાંકડિયા થઈ જાય છે. અંગકાન્તિ ગંધર્વ અને વિદ્યાધરો સમાન થઈ જાય છે. તે મનુષ્ય દેવતાઓનાં સો વર્ષો સુધી જીવે છે તથા પોતાની ઉત્તમ બુદ્ધિ દ્વારા બૃહસ્પતિ તુલ્ય થઈ જાય છે. એનામાં ઇચ્છા-અનુસાર વિચરણ કરવાની શક્તિ આવી જાય છે તે સદાયે સુખી રહીને આકાશમાં પણ વિચરણ કરવાની શક્તિ પ્રાપ્ત કરી લે છે.

હે વરાનને! હવે મૃત્યુ પર વિજય મેળવવાની બીજી વિધિ બતાવી રહ્યો છું, જેને દેવતાઓએ પણ પ્રયત્નપૂર્વક ગોપનીય રાખી છે. એ તમે સાંભળો. યોગીપુરુષ પોતાની જિહ્વાને વાળીને તાલુમાં લગાડવાનો પ્રયત્ન કરે. થોડા સમય સુધી આવું કરતાં તે ક્રમશઃ લાંબી થઈને ગળાની પડજીભ સુધી પહોંચી જાય છે. તદનંતર જ્યારે જીભ પડજીભ સાથે જોડાઈ જાય છે ત્યારે શીતલ સુધાનો સ્રાવ કરે છે. એ સુધાને જે યોગી સદા પીએ છે, તે અમરત્વને પ્રાપ્ત થઈ જાય છે.

(અધ્યાય ૨૭)

*

## ભગવતી ઉમાના કાલિકા અવતારની કથા–સમાધિ ને સુરથ સમક્ષ મેધાનો દેવીની કૃપાથી મધુકૈટભના વધનો પ્રસંગ સંભળાવવો

એ પછી છાયા પુરુષ, સર્ગ, કશ્યપવંશ, મન્વંતર, મનુવંશ, સત્યવ્રતાદિવંશ, પિતૃકલ્પ તથા વ્યાસ-ઉત્પત્તિ વગેરેનું વર્ણન સાંભળ્યા પછી મુનિઓએ સૂતજીને કહ્યું–હે બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ સૂતજી! અમે આપને મુખે ભગવાન શિવની અનેક ઇતિહાસથી યુક્ત રમણીય કથા સાંભળી, જે એમના વિવિધ અવતારો સાથે સંબંધિત છે તથા મનુષ્યોને ભોગ અને મોક્ષ

* વેદાહમેતં પુરુષં મહાન્તમાદિત્યવર્ણં તમસઃ પરસ્તાત્ । તમેવ વિદિત્વાતિમૃત્યુમેતિ નાન્યઃ પન્થા વિદ્યતે અયનાય ॥
(શિ.પુ.ઉ.સં. ૨૭/૨૫)


દાન કરનારી છે. હવે અમે આપની પાસેથી ગજનની ભગવતી ઉમાનાં મનોહર ચરિત્ર ાંભળવા ઈચ્છીએ છીએ. પરબ્રહ્મ પરમાત્મા હેશ્વરની જે આદ્યા સનાતની શક્તિ છે, તે મા નામથી વિખ્યાત છે. એ જ ત્રિલોકીને ત્પન્ન કરનારી પરાશક્તિ છે. હે મહામતે! ક્ષકન્યા સતી અને હિમવાનની પુત્રી પાર્વતી– ઉમાના બે અવતાર અમે સાંભળ્યા. હે તજી! હવે એમના બીજા અવતારોનું વર્ણન રો. લક્ષ્મી-જનની જગદંબા ઉમાના ગુણોને ાંભળવામાં કયો બુદ્ધિમાન પુરુષ વિરક્ત થઈ કે છે. જ્ઞાની પુરુષ પણ ક્યારેય એમની કથા- વણના અવસર છોડતા નથી.

સૂતજીએ કહ્યું—હે મહાત્માઓ! તમે લોકો ન્ય છો. સર્વદા કૃતકૃત્ય છો; કેમકે પરા અંબા માના મહાન ચરિત્ર વિશે પૂછી રહ્યા છો. જે આ કથાને સાંભળે છે, પૂછે છે અને વાંચે છે, એમનાં ચરણકમળની ધૂળને જ ઋષિઓ તીર્થ ાને છે. જેમનું ચિત્ત પરમ સંવિત્-સ્વરૂપા ીઉમાદેવીના ચિંતનમાં લીન છે તે પુરુષો ધન્ય , કૃતકૃત્ય છે, એમની માતા અને કુળ પણ ન્ય છે. જે સમસ્ત કારણોની પણ કારણરૂપ, વેશ્વરી ઉમાની સ્તુતિ નથી કરતા તે માયાના ુણોથી મોહિત થાય છે અને ભાગ્યહીન છે. ેમાં સંશય નથી. જે કરુણારસની સિન્ધુસ્વરૂપા હાદેવીનું ભજન નથી કરતા. તે સંસારરૂપી ઘોર ંધકૂપમાં પડે છે. જે દેવી ઉમાને છોડીને બીજા વી-દેવતાઓ શરણ લે છે, તે જાણે કે ગંગાજીને ોડીને તરસ મટાડવા મરુસ્થળના જળાશય શકે છે.

પૂર્વકાળમાં મહામના સુરથે મહર્ષિ મેધાને આ જ વાત પૂછી હતી. એ સમયે મેધાએ જે ઉત્તર આપ્યો હતો, હું એ જ બતાવી રહ્યો છું. તમે લોકો સાંભળો. પહેલાં સ્વારોચિષ મન્વંતરમાં વિરથ નામે પ્રસિદ્ધ એક રાજા થઈ ગયા. એમના પુત્ર સુરથ થયા, જે મહાન બળ અને પરાક્રમથી સંપન્ન હતા. તે દાનનિપુણ, સત્યવાદી, સ્વધર્મકુશળ, વિદ્વાન, દેવીભક્ત, દયાસાગર અને પ્રજાજનોનું સારીપેઠે પાલન કરનારા હતા. ઈન્દ્રસમાન તેજસ્વી રાજા સુરથના પૃથ્વી પર શાસન કરતી વખતે નવ એવા રાજા થયા, જે એમના હાથમાંથી ભૂમંડળનું રાજ્ય પડાવી લેવાના પ્રયત્નમાં લાગ્યા રહેતા હતા. એમણે ભૂપાલ સુરથની રાજધાની કોલાપુરીને ચારે બાજુથી ઘેરી લીધી. એમનું રાજા સાથે બહુ ભયાનક યુદ્ધ થયું. એમના શત્રુગણ બહુ પ્રબળ હતા. તેથી યુદ્ધમાં સુરથનો પરાજય થયો. શત્રુઓએ આખું રાજ્ય પોતાના અધિકારમાં કરી લીધું અને સુરથને કોલાપુરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો. રાજા પોતાની બીજી પુરીમાં આવ્યા અને ત્યાં મંત્રીઓ સાથે રહીને રાજ્ય કરવા લાગ્યા. પરંતુ પ્રબળ વિપક્ષીઓએ ત્યાં પણ આક્રમણ કરીને એમને પરાજિત કરી દીધા. દૈવયોગે રાજાના મંત્રી વગેરે ગણ પણ એમના શત્રુ બની બેઠા અને ખજાનામાં જે ધન સંચિત હતું, એ બધું એ વિરોધી મંત્રીઓએ પોતાના હાથમાં લઈ લીધું.

ત્યારે રાજા સુરથ શિકારને બહાને એકલા

મુનિનો આશ્રમ દીઠો, જેની ચારે બાજુએ ફૂલો અને બગીચાઓથી શોભી રહ્યો હતો. ત્યાં



વેદમંત્રોનો ધ્વનિ ગુંજી રહ્યો હતો. બધાં જીવજંતુ શાંત ભાવથી રહેતાં હતાં. મુનિના શિષ્યો, પ્રશિષ્યો તથા એમના પણ શિષ્યોએ બધી બાજુથી આશ્રમને ઘેરી લીધો હતો. હે મહામતે! વિપ્રવર મેધાના પ્રભાવથી એ આશ્રમમાં મહાબલી વાઘ વગેરે અલ્પ શક્તિવાળા ગાય આદિ પશુઓને પીડા પહોંચાડતાં ન હતાં. ત્યાં રાજા ગયા તે પછી મુનીશ્વર મેધાએ મીઠાં વચન, ભોજન અને આસન દ્વારા પરમ દયાળુ વિદ્વાન નરેશનો આદરસત્કાર કર્યો.

એક દિવસ રાજા સુરથ બહુ જ ચિંતિત તથા મોહને વશીભૂત થઈને અનેક પ્રકારના વિચાર કરી રહ્યા હતા. એટલામાં જ ત્યાં એક વૈશ્ય આવી પહોંચ્યો. રાજાએ એને પૂછ્યું-'હે ભાઈ! તમે કોણ છો અને અહીં શા માટે આવ્યા છો? શું કારણ છે કે તમે દુઃખી જણાવ છો? એ મને કહો.' રાજાના મુખે મધુર વચન સાંભળીને વૈશ્યપ્રવર સમાધિએ બંને આંખોમાંથી અશ્રુ વહેવડાવતાં પ્રેમ અને નમ્રતાપૂર્ણ વાણીમાં આ પ્રકારે ઉત્તર આપ્યો.

**વૈશ્ય બોલ્યો**—હે રાજન્! હું વૈશ્ય છું. મારું નામ સમાધિ છે. હું ધનવાન કુળમાં ઉત્પન્ન થયેલો છું. પરંતુ મારા પુત્રો અને સ્ત્રી વગેરેએ ધનના લોભથી મને ઘરથી બહાર તગેડી મૂક્યો છે. તેથી પોતાનાં પ્રારબ્ધ કર્મથી દુઃખી થઈને હું વનમાં ચાલ્યો આવ્યો છું. હે કરુણાસાગર પ્રભો! અહીં આવીને મેં પુત્ર, પૌત્ર, પત્ની, ભાઈ-ભત્રીજા અને અન્ય સુહૃદોના કુશળ સમાચાર પણ જાણ્યા નથી.

**રાજા બોલ્યા**—જે દુરાચારી અને ધનના લોભી પુત્ર વગેરેએ તમને કાઢી મૂક્યા એમના પ્રત્યે મૂર્ખ જીવની જેમ તમે પ્રેમ શા માટે કરો છો?

**વૈશ્યે કહ્યું**—હે રાજન્! આપે ઉત્તમ વાત કહી છે. આપની વાણી સારગર્ભિત છે તેમ છતાં સ્નેહપાશથી બંધાયેલું મારું મન અત્યંત મોહને પ્રાપ્ત થઈ રહ્યું છે.

આ રીતે મોહથી વ્યાકુળ થયેલ વૈશ્ય અને રાજા બંને મુનિવર મેધા પાસે ગયા. વૈશ્યસહિત રાજાએ હાથ જોડીને મુનિને પ્રણામ કર્યા અને આ પ્રકારે બોલ્યા-'હે ભગવન્! આપ અમને બંનેના મોહપાશને કાપી નાખો. મને રાજ્યલક્ષ્મીએ છોડી દીધો છે અને મેં ગહન વનમાં શરણ લીધું છે, તેમ છતાં રાજ્ય ઝૂંટવાઈ જવાને કારણે મને સંતોષ નથી અને આ વૈશ્ય છે, જેને સ્ત્રી વગેરે સ્વજનોને હાંકી કાઢ્યો છે; તેમ છતાં એ લોકો પ્રત્યે એની મમતા દૂર નથી થઈ રહી. એનું શું કારણ છે? બતાવો. સમજદાર

હોવા છતાં પણ અમારાં બંનેનાં મન મોહથી વ્યાકુળ થઈ ગયાં છે, આ તો ભારે મૂર્ખતા જ છે.



**ઋષિ બોલ્યા**—હે રાજન્! સનાતન શક્તિસ્વરૂપા જગદંબા મહામાય કહેવાઈ છે. એજ બધાંનાં મનને ખેંચીને મોહમાં નાખે છે. હે પ્રભો! એમની માયાથી મોહિત થવાને કારણે બ્રહ્મા વગેરે સમસ્ત દેવતા પણ પરમ તત્વને જાણી શકતા નથી, પછી મનુષ્યોની તો વાત જ શી? એ પરમેશ્વરી જ રજ, સત્વ અને તમ એ ત્રણ ગુણોનો આશ્રય લઈ સમય અનુસાર સંપૂર્ણ વિશ્વની સૃષ્ટિ, પાલન અને સંહાર કરે છે. હે નૃપશ્રેષ્ઠ! જેના પર તે ઈચ્છા અનુસાર રૂપ ધારણ કરનારાં વરદાયિની જગદંબા પ્રસન્ન થાય છે, તે જ મોહના ઘેરામાંથી છૂટી જાય છે. મોહ અંધકારને ઉલ્લંઘી જાય છે.

**રાજાએ પૂછ્યું**—હે મુને! જે સર્વને મોહિત કરે છે તે દેવી મહામાયા કોણ છે? અને કયે પ્રકારે એમનો આવિર્ભાવ થયો? તે કૃપા કરીને મને કહો.

**ઋષિ બોલ્યા**—જ્યારે આખું જગત એક અર્ણવના જલમાં નિમગ્ન હતું અને યોગેશ્વર ભગવાન કેશવ શેષની શૈયા પર યોગનિદ્રાનો આશ્રય લઈ શયન કરી રહ્યા હતા, એ દિવસોમાં ભગવાનના બંને કાનમાંથી જે મેલ નીકળે છે તેમાંથી બે અસુર ઉત્પન્ન થયા, જે ભૂતલ પર મધુ અને કૈટભ નામે વિખ્યાત છે એ બંને વિશાળકાય ઘોર અસુર પ્રલયકાળના સુર્યની જેમ



તેજસ્વી હતા. એમનાં જડબાં બહુ મોટાં હતાં. એમનાં મુખ દાઢોને કારણે એવાં વિકરાળ દેખાતાં હતાં, જાણે આખા જગતને ખાઈ જવા તૈયાર ન હોય! એને બંનેએ ભગવાન વિષ્ણુની નાભિથી પ્રગટ થયેલા કમળ ઉપર બ્રહ્માને જોઈને પૂછ્યું—'અરે તું કોણ છે?' આવું કહીને

એમને મારી નાખવાને માટે તૈયાર થઈ ગયા. બ્રહ્માજીએ જોયું–એ બંને દૈત્ય આક્રમણ કરવા ચાહે છે અને ભગવાન જનાર્દન સમુદ્રના જળમાં પોઢી ગયા છે, ત્યારે એમણે પરમેશ્વરીનું સ્તવન કર્યું અને એમની પ્રાર્થના કરી–'હે અંબિકે! તમે બંને દુર્જય અસુરોને મોહિત કરો અને અજન્મા ભગવાન નારાયણને જગાડી દો.'

**ઋષિ કહે છે**—આ રીતે મધુ અને કૈટભના નાશ માટે બ્રહ્માજીની પ્રાર્થના પર સંપૂર્ણ વિદ્યાઓની અધિદેવી જગજ્જનની મહાવિદ્યા ફાગણ સુદ બારસને દિવસે ત્રૈલોક્ય-મોહિની શક્તિરૂપે પ્રગટ થઈને મહાકાલીના નામે વિખ્યાત થયાં. તદનંતર આકાશવાણી થઈ–'હે કમલાસન! ડરો નહિ. આજે યુદ્ધમાં મધુ-કૈટભને મારીને હું તમારા કંટકનો નાશ કરીશ' આમ કહીને તે મહામાયા શ્રીહરિનાં નેત્ર અને મુખ વગેરેમાંથી નીકળીને અવ્યક્તજન્મા બ્રહ્માના દૃષ્ટિપથમાં આવી ઊભાં થઈ ગયાં. પછી તો દેવાધિદેવ હૃષીકેશ જનાર્દન જાગી ગયા. એમણે પોતાની સામે બંને દૈત્ય મધુ અને કૈટભને જોયા. એ દૈત્યોની સાથે અતુલ તેજસ્વી વિષ્ણુનાં પાંચ હજાર વર્ષ સુધી બાહુયુદ્ધ થયું. ત્યારે મહામાયાના પ્રભાવથી મોહિત થયેલા એ શ્રેષ્ઠ દાનવોએ

લક્ષ્મીપતિને કહ્યું–'
મનોવાંછિત વરદાન

નારાયણ બોલ્યા
થયા હો તો મારે હ
મારું વરદાન છે. એ
બીજું વરદાન ચાહતો

ઋષિ કહે છે-
આખી પૃથ્વી એક-અ
ત્યારે તે કેશવને કહે
એવી જગાએ મારો,
ધરતી ન હોય.' 'બ
વિષ્ણુએ પોતાના પર
અને પોતાની જાંઘ પ
કાપી નાખ્યાં. હે
ઉત્પત્તિનો પ્રસંગ કહ
મહાલક્ષ્મીના પ્રાદુર્ભા
ઉમા નિર્વિકાર અને
દેવતાઓનું દુઃખ દૂ
સાકારરૂપ ધારણ કરી
શરીરગ્રહણ એમની ઇ
તે લીલાથી એટલા
ભક્તજન એમના ગુ

*

## સંપૂર્ણ દેવતાઓના તેજથી દેવીનો મહાલક્ષ્મી
## અને એમના દ્વારા મહિષાસુરનો વ

શરણમાં ગયા. બ્રહ્માજી પણ એ બધાંને સાથે લઈ એ સ્થાને ગયા, જ્યાં ભગવાન શિવ અને વિષ્ણુ બિરાજમાન હતા. ત્યાં પહોંચીને બધા દેવતાઓએ શિવને કેશવને નમસ્કાર કર્યા તથા પોતાનું વૃત્તાંત યથાર્થરૂપે વિગતવાર કહી સંભળાવ્યું. તે બોલ્યા–'હે ભગવન્! દુરાત્મા મહિષાસુરે અમને બધાને સમરાંગણમાં જીતીને સ્વર્ગલોકમાંથી હાંકી કાઢ્યા છે. એટલા માટે અમે મૃત્યુલોકમાં ભટકી રહ્યા છીએ અને ક્યાંય પણ અમને શાંતિ મળતી નથી, એ અસુરે ઈન્દ્ર વગેરે દેવતાઓની કઈ કઈ દુર્દશા નથી કરી. સૂર્ય, ચંદ્રમા, વરુણ, કુબેર, યમ, ઈન્દ્ર, અગ્નિ, વાયુ, ગંધર્વ, વિદ્યાધર અને ચારણ–એ બધાંનાં તથા અન્ય લોકોનાં પણ જે કર્તવ્યકર્મ છે, એ બધાં તે પાપાત્મા અસુર જાતે કરે છે. એણે દૈત્યપક્ષને અભયદાન આપી દીધું છે. એટલા માટે અમે બધા દેવતા તમારે શરણે આવ્યા છીએ. આપ બંને અમારી રક્ષા કરો અને એ અસુરના વધનો ઉપાય તરત જ વિચારો, કેમકે આપ બંને એમ કરવામાં સમર્થ છો.'

દેવતાઓની આ વાત સાંભળીને ભગવાન શિવે અને વિષ્ણુએ અત્યંત કોપ કર્યો. રોષને લીધે એમનાં નેત્રો મકળવકળ થવા લાગ્યાં. ત્યારે અત્યંત ક્રોધથી ભરેલા શિવ અને વિષ્ણુના મુખે અને અન્ય દેવતાઓનાં શરીરથી તેજ પ્રગટ થયું. તેજનો એ મહાન પુંજ અત્યંત પ્રજ્વલિત થઈને દશે દિશાઓમાં પ્રકાશિત થઈ ઊઠ્યો. દુર્ગાજીના ધ્યાનમાં લાગેલા બધા દેવતાઓએ એ તેજને પ્રત્યક્ષ જોયું. સંપૂર્ણ દેવતાઓનાં શરીરોમાંથી નીકળેલા એ અત્યંત ભીષણ તેજ એકત્ર થઈને એક નારીના રૂપે પરિણત થઈ ગયું. તે નારી સાક્ષાત્ મહિષમર્દિની દેવી હતાં. એમનું પ્રકાશમાન મુખ ભગવાન શિવના તેજથી પ્રગટ થયું હતું. ભુજાઓ વિષ્ણુના તેજથી ઉત્પન્ન થઈ હતી. કેશ યમરાજાના તેજથી આવિર્ભૂત થયા હતા. એમનાં બંને સ્તન ચંદ્રમાના તેજથી પ્રગટ થયાં હતાં. કટિભાગ ઈન્દ્રના તેજથી અને જંઘા અને સાથળ વરુણના તેજથી ઉત્પન્ન થયાં હતાં. પૃથ્વીના તેજથી નિતંબ અને બ્રહ્માજીના તેજથી બંને ચરણોનો આવિર્ભાવ થયો હતો. પગની આંગળીઓ સૂર્યના તેજથી અને હાથની આંગળીઓ વસુઓના તેજથી ઉત્પન્ન થઈ હતી. નાસિકા કુબેરના, દાંત પ્રજાપતિના, ત્રણે નેત્રો અગ્નિના, બંને ભ્રમરો સાધ્યગણોના, બંને કાન વાયુના તથા અન્ય દેવતાઓના તેજથી પ્રગટ થયા હતા. આ રીતે દેવતાઓના તેજથી પ્રગટ થયેલા કમલાલયા લક્ષ્મી જ તે પરમેશ્વરી હતાં. સંપૂર્ણ દેવતાઓની તેજોરાશિથી પ્રગટ થયેલાં એ દેવીને જોઈને બધા દેવતાઓને બહુ હર્ષ પ્રાપ્ત થયો. પરંતુ એમની પાસે કોઈ અસ્ત્ર હતાં નહિ. આ જોઈને બ્રહ્મા વગેરે દેવેશ્વરોએ શિવા દેવીને અસ્ત્ર-શસ્ત્રથી સંપન્ન કરવાનો વિચાર કર્યો ત્યારે મહેશ્વરે મહેશ્વરીને શૂલ સમર્પિત કર્યું. ભગવાન વિષ્ણુએ ચક્ર, વરુણે પાશ, અગ્નિદેવે શક્તિ, વાયુ દેવતાએ ધનુષ તથા બાણોથી ભરેલાં બે ભાથાં અને શચીપતિ ઈન્દ્રએ વજ્ર અને ઘંટાનું પ્રદાન કર્યું. યમરાજાએ કાલદંડ, પ્રજાપતિએ અક્ષમાલા, બ્રહ્માએ કમંડલ અને સૂર્યદેવે સમસ્ત રોમકૂપમાં પોતાનાં કિરણો અર્પિત કર્યાં. કાલએ એમને ચમકતી ઢાલ અને તલવાર આપી, ક્ષીરસાગરે સુંદર હાર તથા ક્યારેય જૂનાં ન થાય એવાં બે દિવ્ય વસ્ત્ર ભેટ આપ્યાં. સાથે જ એમણે એમને દિવ્ય ચૂડામણિ, બે કુંડળ, ઘણાં બધાં

કડાં, અર્ધચંદ્ર, કેયૂર, મનોહર નૂપુર, ગળાની માળા (હંસુલી-હાંસડી) અને બધી જ આંગળીએ પહેરવા માટે રત્નોની બનેલી વીંટીઓ પણ આપી. વિશ્વકર્માએ એમને મનોહર ફરસો ભેટમાં આપ્યો. સાથે જ અનેક પ્રકારનાં અસ્ત્ર અને અભેદ્ય કવચ આપ્યાં. સમુદ્રએ સદા સુરમ્ય અને સરસ રહેનારી માળા આપી અને એક કમળનું ફૂલ આપ્યું. હિમવાને સવારી કરવા માટે સિંહ તથા આભૂષણ માટે વિવિધ રત્નો આપ્યાં. કુબેરે એમને મધ ભરેલું પાત્ર આપ્યું તથા સર્પોના નેતા શેષનાગે વિચિત્ર રચના કૌશલથી સુશોભિત એક નાગહાર આપ્યો, જેમાં વિવિધ પ્રકારના મણિ પરોવેલા હતા. આ સૌ લોકોએ તથા બીજા દેવતાઓએ પણ આભૂષણ અને અસ્ત્ર-શસ્ત્ર આપીને દેવીનું સન્માન કર્યું. ત્યાર પછી એમણે વારંવાર અટ્ટહાસ કરીને ઉચ્ચ સ્વરે ગર્જના કરી. એથી પણ વધારે જોરથી એનો પડઘો પડ્યો, જેથી ત્રણે લોકમાં હલચલ મચી ગઈ. ચારેય સમુદ્રોએ પોતાની મર્યાદા છોડી દીધી. પૃથ્વી ડોલવા લાગી. એ સમયે મહિષાસુરથી પીડિત થયેલા દેવતાઓએ દેવીનો જયજયકાર કર્યો.

ત્યાર પછી બધા દેવતાઓએ એ મહાલક્ષ્મી સ્વરૂપા પરાશક્તિ જગદંબાનું ભક્તિ ગદ્‌ગદ વાણીથી સ્તવન કર્યું. સંપૂર્ણ ત્રિલોકીને ક્ષોભગ્રસ્ત જોઈને દેવવૈરી દૈત્ય પોતાની સમસ્ત સેનાને કવચ વગેરેથી સુસજ્જ કરીને હાથમાં હથિયાર લઈને સહસા બેઠો થઈને ઊભો રહી ગયો. રોષથી ભરેલો મહિષાસુર પણ એ શબ્દ તરફ લક્ષ્ય કરીને દોડ્યો અને આગળ પહોંચીને એણે દેવીને જોયાં, જે પોતાના પ્રભાવથી ત્રણે લોકોને

દ્વારા પાલિત કરોડો શસ્ત્રધારી મહાવીર ત્યાં આવી પહોંચ્યા. ચિક્ષુર, ચામર, ઉદગ્ર, કરાલ, ઉદ્ધત બાષ્કલ, તામ્ર, ઉગ્રાસ્ય, ઉગ્રવીર્ય, બિડાલ, અંધક, દુર્ધર, દુર્મુખ, ત્રિનેત્ર અને મહાહનુ–એ તથા અન્ય ઘણા બધા યુદ્ધકુશળ શૂરવીર સમરાંગણમાં દેવીની સાથે યુદ્ધ કરવા લાગ્યા. તે બધા અસ્ત્ર-શસ્ત્રની વિદ્યામાં પારંગત હતા. આ રીતે દેવી અને દૈત્યગણ બંને પરસ્પર ઝૂઝવા લાગ્યા. એમનો એ ભીષણ સમય મારકાપમાં જ વીતી જવા લાગ્યો. આ રીતે ભયાનક યુદ્ધ થયા પછી મહિષાસુર દેવી સાથે માયાયુદ્ધ કરવા લાગ્યો.

ત્યારે દેવીએ કહ્યું–રે મૂઢ! તારી બુદ્ધિ મારી ગઈ છે. તું વ્યર્થ શા માટે હઠ કરે છે? ત્રણે લોકમાં કોઈ પણ અસુર યુદ્ધમાં મારી સામે ટકી શકે નહિ.

આમ કહીને સર્વકલામયી દેવી કૂદીને મહિષાસુર પર ચઢી ગયાં અને પોતાના પગથી એને દબાવીને ભયંકર શૂલથી એના કંઠમાં આઘાત કર્યો, એને પગથી દબાવી દીધો હોવા છતાં પણ મહિષાસુર પોતાના મુખથી બીજા રૂપે બહાર આવવા લાગ્યો. એનું હજુ તો અર્ધું શરીર બહાર આવ્યું હતું કે દેવીએ પોતાના પ્રભાવથી તે રોકી દીધું. અર્ધું બહાર આવેલું શરીર હોવા છતાં પણ તે મહાઅધમ દૈત્ય દેવીની સાથે યુદ્ધ કરવા લાગ્યો. ત્યારે દેવીએ બહુ મોટી તલવારથી એનું મસ્તક કાપીને એ અસુરને ધરાશાયી કરી દીધો. પછી તો એના સૈનિકગણ 'હાય! હાય!' કરતા નીચું મુખ કરીને ભયભીત થઈને રણભૂમિમાંથી ભાગવા લાગ્યા અને ત્રાહિ ત્રાહિ પુકારવા લાગ્યા. એ સમયે ઇન્દ્ર વગેરે બધા

ા લાગ્યા અને અપ્સરાઓ નૃત્ય કરવા
ી. હે રાજન્! આ રીતે મેં તમને દેવીના
ાલક્ષ્મી અવતારની કથા કહી છે. હવે તમે સુસ્થિર ચિત્તથી સરસ્વતીના પ્રાદુર્ભાવનો પ્રસંગ સાંભળો.

(અધ્યાય ૪૬)

*

# દેવી ઉમાના શરીરથી સરસ્વતીનો આવિર્ભાવ, એમના રૂપની પ્રશંસા ભળીને શુંભે એમની પાસે દૂત મોકલ્યો, દૂતનું નિરાશ થઈને પાછા આવવું, તે પછી શુંભ દ્વારા ક્રમશઃ ધૂમ્રલોચન, ચંડ, મુંડ તથા રક્તબીજને મોકલવા અને દેવી દ્વારા એ સૌનો વધ

**ઋષિ કહે છે**—પૂર્વકાળમાં શુંભ અને
શંભુ નામે બે પ્રતાપી દૈત્ય હતા, જે બંને
ઈ હતા. એ બંનેએ ચરાચર પ્રાણીઓ સહિત
સ્ત ત્રિલોકીના રાજ્ય પર બળપૂર્વક આક્રમણ
ું. એનાથી પીડિત થઈને દેવતાઓએ હિમાલય
તનું શરણું લીધું અને સંપૂર્ણ મનોવાંછિતને
પનારાં સર્વભૂતજનની દેવી ઉમાનું સ્તવન
ું.

**દેવતા બોલ્યા**—હે મહેશ્વરિ દુર્ગે! આપનો
ય હો. હે પોતાનાં ભક્તજનોનું પ્રિય કરનારાં
ી! આપનો જય હો. આપ ત્રણે લોકોની રક્ષા
નારાં શિવા છો, આપને વારંવાર નમસ્કાર
. આપ જ મોક્ષ પ્રદાન કરનારાં પરા અંબા
. આપને વારંવાર નમસ્કાર હો. આપ સમસ્ત
સારની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરનારાં
. આપને નમસ્કાર હો. હે કાલિકા અને ભુવનેશ્વરિ! આપને નમસ્કાર હો. હે ભૈરવરૂપિણિ! આપને નમસ્કાર છે. આપ જ બગલામુખી અને ધુમાવતી છો. આપને વારંવાર નમસ્કાર હો. તમે જ ત્રિપુરસુંદરી અને માતંગી છો. આપને વારંવાર નમસ્કાર છે. અજિતા, વિજયા, જયા, મંગલા અને વિલાસિની—એ સર્વે તમારાં જ વિભિન્ન રૂપોની સંજ્ઞાઓ છે. એ સર્વરૂપોમાં આપને નમસ્કાર હો. દોગ્ધ્રી (માતા અથવા કામધેનુ) રૂપે આપને નમસ્કાર છે. ઘોર આકાર ધારણ કરનારાં આપને નમસ્કાર છે. અપરાજિતારૂપે આપને પ્રણામ છે. નિત્યા મહાવિદ્યાના રૂપમાં આપને વારંવાર નમસ્કાર છે. તમે જ શરણાગતોનું પાલન કરનારાં રુદ્રાણી છો. આપને નમસ્કાર છે. વેદાન્ત દ્વારા આપના જ સ્વરૂપનો બોધ થાય છે. આપને નમસ્કાર છે. તમે પરમાત્મા છો. અનંતકોટિ બ્રહ્માંડોનં

વરદાયિની અને કલ્યાણરૂપિણી ગૌરી દેવી બહુ જ પ્રસન્ન થયાં. એમણે સમસ્ત દેવતાઓને પૂછ્યું–'તમે લોકો અહીં કોની સ્તુતિ કરો છો?' ત્યારે એ જ ગૌરીના શરીરમાંથી એક કુમારી પ્રગટ થઈ. તે બધા દેવતાઓ જોતા રહી ગયા. શિવશક્તિને આદરપૂર્વક કુમારી કહેવા લાગી– 'હે માં! આ સમસ્ત સ્વર્ગવાસી દેવતા નિશુંભ અને શુંભ નામે પ્રબળ દૈત્યોથી અત્યંત પીડિત થઈને પોતાની રક્ષા માટે મારી સ્તુતિ કરે છે.' પાર્વતીના શરીરકોશથી તે કુમારી નીકળી હતી, એટલા માટે કૌશિકી નામે પ્રસિદ્ધ થઈ. કૌશિકી જ સાક્ષાત્ શુંભાસુરનો નાશ કરનારાં સરસ્વતી છે. એમને જ ઉગ્રતારા અને મહોગ્રતારા પણ કહેવાય છે. માતાના શરીરથી સ્વતઃ પ્રગટ થવાને કારણે તે આ ભૂતલ પર માતંગી પણ કહેવાય છે. એમણે સમસ્ત દેવતાઓને કહ્યું– 'તમે લોકો નિર્ભય રહો. હું સ્વતંત્ર છું. તેથી કોઈનો પણ સહારો લીધા વિના જ તમારું કાર્ય સિદ્ધ કરીશ.' આવું કહીને તે દેવી તત્કાળ ત્યાં અદૃશ્ય થઈ ગયાં.

એક દિવસ શુંભ અને નિશુંભના સેવક ચંડ અને મુંડે દેવીને જોયાં. એમનું મનોહર રૂપ નેત્રોને સુખ પ્રદાન કરનારું હતું. એ દેવીને જોતાં જ તે મોહિત થઈને સૂધ-બૂધ ખોઈને પૃથ્વી પર પડી ગયા, પછી ભાનમાં આવ્યા ત્યારે તે પોતાના રાજાની પાસે ગયા અને આરંભથી જ આખો વૃત્તાંત બતાવીને કહેવા લાગ્યા–'હે મહારાજ! અમે બંનેએ એક અપૂર્વ સુંદર નારી જોઈ છે, જે હિમાલયના રમણીય શિખર પર રહે છે અને સિંહ પર સવારી કરે છે.' ચંડ-મુંડની આ વાત સાંભળીને મહાન અસુર શુંભે દેવીની પાસે સુગ્રીવ નામે પોતાનો દૂત મોકલ્યો અને કહ્યું–'હે દૂત! હિમાલય પર કોઈ અપૂર્વ સુંદરી રહે છે. તમે ત્યાં જાઓ અને એને મારો સંદેશો કહીને એને યત્નપૂર્વક અહીં લઈ આવો.' આ આજ્ઞા મેળવીને દાનવશિરોમણિ સુગ્રીવ હિમાલય પર ગયો અને જગદંબા મહેશ્વરીને આમ કહેવા લાગ્યો.

**દૂતે કહ્યું**—હે દેવી! દૈત્ય શુંભાસુર પોતાના મહાન બલ અને વિક્રમને લીધે ત્રણે લોકમાં વિખ્યાત છે. એને નાનો ભાઈ નિશુંભ પણ એવો જ છે. શુંભે મને તમારી પાસે દૂત બનાવીને મોકલ્યો છે. તેથી હું અહીં આવ્યો છું. હે સુરેશ્વરિ! એણે જે સંદેશ આપ્યો છે, તે આ સમયે સાંભળો. 'મેં સમરાંગણમાં ઈન્દ્ર વગેરે દેતાઓને જીતીને એમનાં સમસ્ત રત્નોનું અપહરણ કરી લીધું છે. યજ્ઞમાં દેવતા વગેરે માટે આપેલો દેવભાગનો હું સ્વયં જ ઉપભોગ

---

નમો મુક્તિપ્રદાયિન્યૈ પરાખ્યાયૈ નમો નમઃ। નમઃ સમસ્તસંસારોત્પત્તિસ્થિત્યન્તકારિકે ॥
કાલિકારૂપસંપન્ને નમસ્તારાકૃતે નમઃ। છિન્નમસ્તાસ્વરૂપાયૈ શ્રીવિદ્યાયૈ નમોઽસ્તુ તે ॥
ભુવનેશિ નમસ્તુભ્યં નમસ્તે ભૈરવાકૃતે। નમોઽસ્તુ બગલામુખ્યૈ ધૂમાવત્યૈ નમો નમઃ ॥
નમસ્ત્રિપુરસુન્દર્યૈ માતંગ્યૈ તે નમો નમઃ। અજિતાયૈ નમસ્તુભ્યં વિજયાયૈ નમો નમઃ ॥
જયાયૈ મંગલાયૈ તે વિલાસિન્યૈ નમો નમઃ। દોગ્ધ્રીરૂપે નમસ્તુભ્યં નમો ઘોરાકૃતેઽસ્તુ તે ॥
નમોઽપરાજિતાકારે નિત્યાકારે નમો નમઃ। શરણાગતપાલિન્યૈ રુદ્રાણ્યૈ તે નમો નમઃ ॥
નમઃ વેદાન્તવેદ્યાયૈ નમસ્તે પરમાત્મને। અનંતકોટિબ્રહ્માંડનાયિકાયૈ નમો નમઃ ॥
(શિ.પુ.ઉ.સં. ૪૭।૩-૧૦)

કરું છું. હું માનું છું કે તમે સ્ત્રીઓમાં રત્ન છો, સર્વ રત્નોની ઉપર સ્થિત છો. એટલા માટે કામજનિત રસની સાથે મને અથવા મારા ભાઈનો અંગીકાર કરો.'

દૂતના મુખે શુંભનો આ સંદેશ સાંભળીને ભૂતનાથ ભગવાન શિવની પ્રાણવલ્લભા મહામાયાએ આ પ્રકારે કહ્યું.

**દેવી બોલ્યાં**—હે દૂત! તમે સાચું કહો છો. તમારા કથનમાં જરાય અસત્ય નથી. પરંતુ મેં



પહેલાં એક પ્રતિજ્ઞા કરી લીધી છે, એ સાંભળો. જે મારો ઘમંડ ચૂર કરી દે, જે મને યુદ્ધમાં જીતી લે, એને જ હું પતિ બનાવી શકું છું, બીજાને નહિ. આ મારી અટલ પ્રતિજ્ઞા છે. એટલા માટે તમે શુંભ અને નિશુંભને મારી આ પ્રતિજ્ઞા કહી દો. પછી એ બાબતે જેવું ઉચિત હોય, તેવું જ તે કરે.

દેવીની આ વાત સાંભળીને દાનવ સુગ્રીવ પાછો જતો રહ્યો. ત્યાં જઈને એણે વિસ્તારપૂર્વક રાજાને બધી વાત કહી. દૂતની વાત સાંભળીને ઉગ્ર શાસન કરનારો શુંભ કુપિત થઈ ગયો અને બળવાનોમાં શ્રેષ્ઠ સેનાપતિ ધૂમ્રાક્ષને કહ્યું—'હે ધૂમ્રાક્ષ! હિમાલય પર કોઈ સુંદરી રહે છે. તમે શીઘ્ર ત્યાં જઈને જેવી રીતે એ અહીં આવે એવી જ રીતે લઈ આવો. હે અસુરપ્રવર! એને લાવવામાં ભય ન માનશો. જો તે યુદ્ધ કરવા ચાહે તો તમારે પ્રયત્નપૂર્વક એની સાથે યુદ્ધ પણ કરવું જોઈએ.'

શુંભની આવી આજ્ઞા મેળવીને દૈત્ય ધૂમ્રલોચન હિમાલય પર ગયો અને ઉમાના અંશથી પ્રગટ થયેલાં ભગવતી ભુવનેશ્વરીને કહ્યું—'હે નિતમ્બિનિ! મારા સ્વામી પાસે ચાલો, નહિતર તમને મરાવી નાખીશ. મારી સાથે સાઠ હજાર અસુરોની સેના છે.'

**દેવી બોલ્યાં**—હે વીર! તમને દૈત્યરાજે મોકલ્યા છે. જો મને મારી જ નાખશો તો હું શું કરીશ. પરંતુ યુદ્ધ વગર મારું ત્યાં જવું અસંભવ છે. મારી આવી જ માન્યતા છે.

દેવીના આવા કથન પર દાનવ ધૂમ્રલોચન એમને પકડવા દોડ્યો પરંતુ મહેશ્વરીએ 'હું'ના ઉચ્ચારણ માત્રથી એને ભસ્મ કરી દીધો. ત્યારથી તે દેવી આ ભૂતલ પર ધૂમાવતી તરીકે પ્રસિદ્ધ થયાં. એમની આરાધના કરવાથી તે પોતાના ભક્તોના શત્રુઓનો સંહાર કરી દે છે. ધૂમ્રાક્ષના માર્યા જવાથી અત્યંત કુપિત થયેલા દેવીના વાહન સિંહ એમની સાથે આવેલા સમસ્ત અસુરગણોને ચાવી ગયો. જે મરણથી બચ્યા તે ભાગી છૂટ્યા. આ રીતે દેવીએ દૈત્ય ધૂમ્રલોચનને મારી નાખ્યો. આ સમાચાર સાંભળીને પ્રતાપી શુંભે બહુ ક્રોધ કર્યો. તે પોતાના બંને હોઠને દાંત નીચે દબાવીને રહી ગયો. એણે ક્રમશઃ

ચંડ, મુંડ અને રક્તબીજ નામે અસુરોને મોકલ્યા. આજ્ઞા મેળવીને એ દૈત્ય એ સ્થાન પર ગયા જ્યાં દેવી બિરાજમાન હતાં. અણિમા વગેરે સિદ્ધિથી સેવિત અને પોતાની પ્રભાથી સંપૂર્ણ દિશાઓને પ્રકાશિત કરતાં ભગવતી સિંહવાહિનીને જોઈને એ શ્રેષ્ઠ દાનવ વીર બોલ્યા–'હે દેવી! તમે શીઘ્ર જ શુંભ અને નિશુંભ પાસે ચાલો, નહિતર તમને ગણ અને વાહનસહિત મારી નંખાશે. હે વામે! શુંભને તમારા પતિ બનાવી લો. લોકપાલ વગેરે પણ એમની સ્તુતિ કરે છે. શુંભને પતિ બનાવી લીધા પછી તમને એ મહાન આનંદથી પ્રાપ્તિ થશે, જે દેવતાઓને પૂર્ણ દુર્લભ છે.

એમની આવી વાત સાંભળીને પરમેશ્વરી અંબા મંદસ્મિત કરીને સરસ મધુર વાણીમાં બોલ્યાં.

**દેવીએ કહ્યું**–અદ્વિતીય મહેશ્વર પરમાત્મા સર્વત્ર બિરાજમાન છે, જે સદાશિવ કહેવાય છે. વેદ પણ એમના તત્ત્વને જાણતા નથી, પછી વિષ્ણુ વગેરેની તો વાત જ શી? એ જ સદાશિવની હું સૂક્ષ્મ પ્રકૃતિ છું. પછી બીજાને કેવી રીતે પતિ બનાવી શકું. સિંહણ ગમે તેટલી કામાતુર કેમ ન થઈ જાય તે શિયાળને ક્યારેય પોતાનો પતિ બનાવી શકે નહિ. હાથિણી ગધેડાને અને વાઘણ સસલાને ક્યારેય વરે નહીં. હે દૈત્યો! તમે બધા લોકો જૂઠું બોલો છો, કેમકે તમે કાલરૂપી સર્પના ફંદામાં ફસાયેલા છો. તમે યા તો પાતાળમાં પાછા જતા રહો અથવા શક્તિ હોય તો યુદ્ધ કરો.

દેવીનાં આ ક્રોધ પેદા કરનારાં વચનો સાંભળીને તે દૈત્ય બોલ્યા–'અમે લોકો પોતાના મનમાં તમને અબળા માનીને મારતા ન હતા. પરંતુ જો તમારા મનમાં યુદ્ધની જ ઈચ્છા છે તો સિંહ પર સુસ્થિર થઈને બેસી જાઓ અને યુદ્ધ માટે આગળ વધો.' આ પ્રકારે વાદ-વિવાદ કરતાં કરતાં એમનામાં કલહ વધી ગયો, અને સમરાંગણમાં બંને દળો પર તીક્ષ્ણ બાણોની વર્ષા થવા લાગી. આ રીતે એમની સાથે લીલાપૂર્વક યુદ્ધ કરીને પરમેશ્વરીએ ચંડમુંડ સહિત મહાન અસુર રક્તબીજને મારી નાખ્યા. એ દેવવૈરી અસુર દ્વેષબુદ્ધિ કરીને આવ્યા હતા, તો પણ અંતે એમને ઉત્તમ લોકની પ્રાપ્તિ થઈ, જ્યાં દેવીના ભક્તો જાય છે.

(અધ્યાય ૪૭)

*

# દેવી દ્વારા સેના અને સેનાપતિઓ સહિત નિશુંભ અને શુંભનો સંહાર

**ઋષિ કહે છે**—હે રાજન્! પ્રશંસનીય પરાક્રમશાળી મહાન અસુર શુંભે આ શ્રેષ્ઠ દૈત્યો માર્યા ગયા છે તે જાણ્યું ત્યારે પોતાના દુર્જેય ગણોને યુદ્ધ માટે જવાની આજ્ઞા આપી, જે સંગ્રામનું નામ સાંભળતાં જ હર્ષથી નાચી ઊઠતા હતા. એણે કહ્યું–'આજે મારી આજ્ઞાથી કાલક, કાલકેય મૌર્ય, દ્રૌર્હદ તથા અન્ય અસુર ગણ બહુ ભારે સેના સાથે સંગઠિત થઈને વિજયની આશા રાખીને શીઘ્ર યુદ્ધ માટે પ્રસ્થાન કરો.' નિશુંભ અને શુંભ બંને ભાઈ એ દૈત્યોને પૂર્વોક્ત આદેશ આપીને રથ પર આરૂઢ થઈને સ્વયં પણ નગરથી બહાર નીકળ્યા. એ મહાબલી વીરોની

આજ્ઞાથી એમની સેનાઓ એ જ રીતે યુદ્ધને માટે આગળ વધી, જાણે મરણોન્મુખ પતંગિયાં આગમાં કૂદવા માટે તૈયાર થઈ ગયાં હોય. એ સમયે અસુરરાજે યુદ્ધસ્થળમાં મૃદંગ, મર્દલ, ભેરી, ડિંડિમ, ઝાંઝ અને ઢોલ વગેરે વાદ્યો વગાડાવ્યાં. એ યુદ્ધ-સંબંધી વાદ્યોનો અવાજ સાંભળીને યુદ્ધપ્રેમી વીર હર્ષ અને ઉત્સાહથી ભરાઈ ગયા, પરંતુ જેમને પોતાના પ્રાણ જ વધારે પ્યારા હતા, તે રણભૂમિમાંથી ભાગી ગયા. યુદ્ધસંબંધી વસ્ત્રો તથા કવચ વગેરેથી આચ્છાદિત અંગોવાળા એ યોદ્ધા વિજયની અભિલાષાથી અસ્ત્રશસ્ત્ર ધારણ કરીને યુદ્ધસ્થળે આવી પહોંચ્યા. કેટલાય સૈનિકો હાથી પર સવાર હતા, ઘણા દૈત્યો ઘોડા પર સવાર હતા અને અન્ય અસુર રથ પર ચઢીને જઈ રહ્યા હતા. એ સમયે એમને પારકા-પોતાની ઓળખ ન હતી. એમણે અસુરરાજ સાથે સમરાંગણમાં પહોંચીને બધી બાજુથી યુદ્ધનો આરંભ કરી દીધો. વારંવાર શતઘ્ની (તોપ)નો અવાજ થવા લાગ્યો, જે સાંભળીને દેવતાઓ પણ કંપાયમાન થઈ ગયા. ધૂળ અને ધુમાડાથી આકાશમાં મહાન અંધકાર છવાઈ ગયો. સૂર્યનો રથ પણ દેખાતો બંધ થઈ ગયો. અત્યંત અભિમાની કરોડો ભૂમિદળના યોદ્ધા વિજયની અભિલાષા લઈને યુદ્ધસ્થળમાં અડીખમ ઊભા થઈ ગયા. ઘોડેસવાર, હાથીસવાર અને અન્ય રથારૂઢ અસુર પણ બહુ પ્રસન્નતાની સાથે કરોડોની સંખ્યામાં ત્યાં આવ્યા હતા. એ મહાસમરમાં કાળા પર્વતોની જેમ વિશાળ મદમત્ત ગજરાજ જોરજોરથી ચીસો પાડી રહ્યા હતા, નાનાં નાનાં શૈલ શિખરો જેવાં ઊંટ પણ પોતાના ગળામાંથી ગલ્ગલ્ ધ્વનિનો વિસ્તાર કરવા લાગ્યાં. સારી ભૂમિમાં ઉત્પન્ન થયેલા જાતવાન ઘોડા ગળામાં વિશાળ કંઠહાર ધારણ કરીને જોરજોરથી હણહણી રહ્યા હતા. તે અનેક પ્રકારની ચાલ જાણતા હતા અને હાથીઓના મસ્તક પર પગ રાખીને આકાશ માર્ગે પક્ષીઓની જેમ જાણે ઊડતા હતા. શત્રુની આવી સેનાને આક્રમણ કરતી જોઈને જગદંબાએ પોતાના ધનુષ પર પ્રત્યંચા ચઢાવી. સાથે જ શત્રુઓને હતોત્સાહ કરનારો ઘંટ પણ વગાડ્યો. આ જોઈને સિંહ પણ પોતાની ડોક અને મસ્તકની કેશવાળીને ખંખેરતો જોરજોરથી ગર્જના કરવા લાગ્યો.

એ સમયે હિમાલય પર્વત પર ઊભેલાં રમણીય આભૂષણો અને અસ્ત્રોથી સુશોભિત શિવા દેવી તરફ જોઈને નિશુંભ વિલાસિની રમણીઓના મનોભાવોને સમજવામાં નિપુણ પુરુષની જેમ સરસ વાણીમાં બોલ્યો–'હે મહેશ્વરિ! તમારા જેવી સુંદરીઓના રમણીય શરીર પર માલતીનું એકાદ ફૂલ પણ ફેંકવામાં આવે તો પણ તે વ્યથા ઉત્પન્ન કરી દે છે. એવા મનોહર શરીરથી તમે વિકરાળ યુદ્ધનો વિસ્તાર કેવી રીતે કરી રહ્યાં છો?' આ વાત કહીને તે મહાન અસુર ચૂપ થઈ ગયો, ત્યારે ચંડિકા દેવીએ કહ્યું– 'હે મૂઢ અસુર! વ્યર્થની વાતો શા માટે બકે છે? યદ્ધ કર, નહિતર પાતાળમાં ચાલ્યો જા.' આ સાંભળીને તે મહારથી વીર અત્યંત રુષ્ટ થઈને સમરભૂમિમાં બાણોની અદ્ભુત વૃષ્ટિ કરવા લાગ્યો, જાણે વાદળો જળધારા વરસાવી ન રહ્યાં હોય. એ સમયે એ રણક્ષેત્રમાં વર્ષાઋતુનું જાણે આગમન થઈ રહ્યું હતું એવું જણાતું હતું. મદથી ઉદ્ધત થયેલો તે અસુર તીક્ષ્ણ બાણ, શૂલ, ફરસો, ભિન્દિપાલ, પરિઘ, ધનુષ, ભુશુંડિ, પ્રાસ, ક્ષુરપ્ર અને મોટી મોટી તલવારોથી યુદ્ધ કરવા લાગ્યો. કાળા પર્વતો જેવા મોટા મોટા

ગજરાજ કુંભસ્થળ વિદીર્ણ થઈ જવાને કારણે સમરાંગણમાં આમતેમ ચક્કર ચક્કર ફરી રહ્યા હતા. એમની પીઠ પર ફરકતી શુંભ-નિશુંભની ધજાઓ જે ઊડતાં હોય તેવા બગલાની પંક્તિ સમાન શ્વેત દેખાતી હતી, પોતાના સ્થાનથી ખંડિત થઈને નીચે પડવા લાગી હતી. ક્ષત-વિક્ષત શરીરવાળા દૈત્ય પૃથ્વી પર પડીને માછલીની જેમ તરફડી રહ્યા હતા. ડોકાં કપાઈ જવાને કારણે ઘોડાના સમૂહ બહુ જ ભયંકર જણાતા હતા. કાલિકાએ કેટલાયે દૈત્યોને મોતને ઘાટ ઊતારી દીધા હતા અને દેવીના વાહન સિંહે અન્ય ઘણાબધા અસુરોને પોતાનો આહાર બનાવી દીધા હતા. એ સમયે દૈત્યોના માર્યા જવાથી એ રણભૂમિમાં રક્તની ધારા વહેવડાવનારી કેટલીયે નદીઓ વહી ચાલી. સૈનિકોના કેશ પાણીમાં શેવાળની જેમ જણાતા હતા. આ એમની ચાદર સફેદ ફેણનો ભ્રમ ઉત્પન્ન કરતી હતી.

આ રીતે ઘોર યુદ્ધનું થવું તથા રાક્ષસોનો મહાન સંહાર થઈ ગયા પછી દેવી અંબિકાએ ઝેર પાયેલાં તીક્ષ્ણ બાણ દ્વારા નિશુંભને મારીને ધરાશાયી કરી દીધો. પોતાના અસીમ શક્તિશાળી નાના ભાઈના માર્યા જવાથી શુંભ રોષે ભરાયો અને રથ પર બેસીને આઠ ભુજાઓથી યુક્ત થઈને મહેશ્વરપ્રિયા અંબિકા પાસે આવ્યો. એણે જોરજોરથી શંખ વગાડ્યો અને શત્રુઓનું દમન કરનાર ધનુષને દુઃસહ ટંકારધ્વનિ કર્યો તથા દેવીનો સિંહ પણ પોતાની યાળ હલાવતો ગર્જના કરવા લાગ્યો. આ ત્રણ પ્રકારના ધ્વનિઓથી આકાશમંડળ ગુંજી ઊઠ્યું.

તદનંતર જગદંબાએ અટ્ટહાસ કર્યું, જેથી સમસ્ત અસુર સંત્રસ્ત થઈ ગયાં. જ્યારે દેવીએ શુંભને કહ્યું કે 'તમે યુદ્ધમાં સ્થિરતાપૂર્વક ઊભા રહો' ત્યારે દેવતાઓ બોલી ઊઠ્યા 'જય હો, જય હો જગદંબાની.' આ સમયે દૈત્યરાજ શુંભે બહુ ભારે શક્તિ છોડી, જેની શિખાથી આગની જ્વાળાઓ નીકળી રહી હતી. પરંતુ દેવીએ એક ઉલ્કા દ્વારા એને મારી હઠાવી. શુંભનાં ચલાવેલાં બાણ દેવીએ અને દેવીનાં ચલાવેલાં બાણોને શુંભે હજારો ટુકડા કરી દીધા. તત્પશ્ચાત્ ચંડિકાએ ત્રિશૂળ ઉઠાવીને એ મહાન અસુર પર આઘાત કર્યો. ત્રિશૂળની ચોટથી મૂર્છિત થઈને તે ઈન્દ્ર દ્વારા પાંખ કપાઈ ગયા પછી પડનારા પર્વતની જેમ આકાશ, પૃથ્વી તથા સમુદ્રને કંપિત કરતો ધરતી પર પડી ગયો. તદનંતર શૂલના આઘાતથી થનારી વ્યથાને સહન કરી એ મહાબલી અસુરે દશ હજાર બાહુઓ ધારણ કરી લીધા અને દેવતાઓનો પણ નાશ કરવામાં સમર્થ ચક્રો દ્વારા સિંહસહિત મહેશ્વરી શિવા પર આઘાત કરવાનો પ્રારંભ કર્યો. એણે ચલાવેલાં ચક્રોને ખેલ-ખેલમાં જ વિદીર્ણ કરીને દેવીએ ત્રિશૂળ ઉઠાવ્યું અને એ અસુર પર ઘાતક પ્રહાર કર્યો. શિવાના લોકપાવન પાણિપંકજથી મૃત્યુને પ્રાપ્ત થઈને એ બંને અસુરો પરમપદના ભાગી થયા.

એ મહાપરાક્રમી નિશુંભ અને ભયાનક બળશાળી શુંભના માર્યા જવાથી સમસ્ત દૈત્ય પાતાળમાં પેસી ગયા, અન્ય ઘણાબધા અસુરોને કાલી અને સિંહ વગેરેએ ખાઈ લીધા અને બાકીના દૈત્ય ભયથી વ્યાકુળ થઈ દશે દિશાઓમાં ભાગી ગયા. નદીઓનાં જળ સ્વચ્છ થઈ ગયાં. તે યોગ્ય માર્ગે વહેવા લાગી. મંદ મંદ વાયુ વહેવા લાગ્યો, જેનો સ્પર્શ સુખદ પ્રતીત થતો હતો. આકાશ નિર્મળ થઈ ગયું હતું.

દેવતાઓ અને બ્રહ્મર્ષિઓએ પુનઃ યજ્ઞયાગાદિનો આરંભ કરી દીધો. ઇન્દ્ર વગેરે દેવતા સુખી થઈ ગયા. હે પ્રભો! દૈત્યરાજના વધ-પ્રસંગથી યુક્ત આ પરમ પવિત્ર ઉમાચરિત્રનું જે શ્રદ્ધાપૂર્વક વારંવાર શ્રવણ કરે છે અથવા પાઠ કરે છે તે આ લોકમાં દેવદુર્લભ ભોગોનો ઉપભોગ કરીને પરલોકમાં મહામાયાના પ્રસાદથી ઉમાધામે જાય છે. હે રાજન્! આ રીતે શુંભાસુરનો સંહાર કરનારાં દેવી સરસ્વતીના ચરિત્રનું વર્ણન કર્યું, જે સાક્ષાત્ ઉમાના અંશથી પ્રગટ થયાં હતાં.

(અધ્યાય ૪૮)

*

## દેવતાઓનો ગર્વ દૂર કરવા માટે તેજઃપુંજરૂપિણી ઉમાનો પ્રાદુર્ભાવ

**મુનિઓએ કહ્યું**—હે સંપૂર્ણ પદાર્થોના પૂર્ણ જ્ઞાતા સૂતજી! ભુવનેશ્વરી ઉમાના, જેમનાથી સરસ્વતી પ્રગટ થયાં હતાં, અવતારનું પુનઃ વર્ણન કરો. તે દેવી પરબ્રહ્મ, મૂલપ્રકૃતિ, ઈશ્વરી, નિરાકાર હોવા છતાં પણ સાકાર તથા નિત્યાનંદમયી સતી કહેવાય છે.

**સૂતજીએ કહ્યું**—હે તપસ્વી મુનિઓ! તમે લોકો દેવીના ઉત્તમ અને મહાન ચરિત્રને પ્રેમપૂર્વક સાંભળો, જેને જાણવામાત્રથી મનુષ્ય પરમ ગતિને પ્રાપ્ત થાય છે. એક સમયે દેવતાઓ અને દાનવોમાં પરસ્પર યુદ્ધ થયું. એમાં મહામાયાના પ્રભાવથી દેવતાઓની જીત થઈ ગઈ. આ કારણે દેવતાઓને પોતાની શૂરવીરતા પર બહુ ગર્વ થયો. તે આત્મપ્રશંસા કરતાં કરતાં એ વાતનો પ્રચાર કરવા લાગ્યા કે 'અમે લોકો ધન્ય છીએ, ધન્યવાદને યોગ્ય છીએ, અસુરો શું કરી લેવાના છે. તેઓ તો અમારા લોકોનો અત્યંત દુસ્સહ પ્રભાવ જોઈને ભયભીત થઈને 'ભાગી જાવ, ભાગી જાવ' કહેતાં કહેતાં પાતાળ લોકમાં ચાલ્યા ગયા. અમારું બળ અદ્‌ભુત છે. અમારામાં આશ્ચર્યજનક તેજ છે. અમારાં બળ અને તેજ દૈત્યકુળનો વિનાશ કરવામાં સમર્થ છે. અહો! દેવતાઓનું કેવું સૌભાગ્ય છે.' આ રીતે દેવતાઓ જ્યાં ત્યાં ડીંગ હાંકવા લાગ્યા.

તદનંતર એ જ સમયે એમની સામે તેજનો એક મહાન પુંજ પ્રગટ થયો, જે પહેલાં ક્યારેય કોઈના જોવામાં આવ્યો ન હતો. એને જોઈને બધા દેવતાઓ વિસ્મયમાં પડી ગયા. તેમનાં ગળાં રૂંધાઈ ગયાં અને પરસ્પર પૂછવા લાગ્યા–'આ શું છે? આ શું છે?' એમને ખબર ન હતી કે શ્યામા (ભગવતી ઉમા)નો જ ઉત્કૃષ્ટ પ્રભાવ છે, જે દેવતાઓના અભિમાનના ચૂરેચૂરા કરનારો છે.

એ સમયે દેવરાજ ઇન્દ્રએ દેવતાઓને આજ્ઞા આપી–'તમે લોકો જાઓ અને યથાર્થરૂપે પરીક્ષા કરો કે આ કોણ છે.' દેવેન્દ્રના મોકલ્યા વાયુદેવ અને તેજઃપુંજ પાસે ગયા. ત્યારે એ તેજોરાશિએ એમને સંબોધિત કરીને પૂછ્યું–'અરે ભાઈ, તમે કોણ છો?' એ મહાન તેજના આ પ્રકારના પ્રશ્ન પર વાયુદેવતા અભિમાનપૂર્વક બોલ્યા–'હું વાયુ છું, સંપૂર્ણ જગતનો પ્રાણ છું, મુજ સર્વાધાર પરમેશ્વરમાં જ આ સ્થાવર-જંગમરૂપ આખું જગત ઓતપ્રોત છે. હું જ સમસ્ત જગતનું સંચાલન કરું છું.' ત્યારે એ મહાતેજે કહ્યું–'હે વાયો! જો તમે જગતના

સંચાલનમાં સમર્થ હો તો આ તણખલું મૂક્યું છે તેને તમારી ઈચ્છાનુસાર ચલાવો તો ખરા.' ત્યારે વાયુદેવતાએ બધા ઉપાય કરીને પોતાની બધી જ શક્તિ કામે લગાડી દીધી. પરંતુ તે તણખલું પોતાના સ્થાનેથી તલભર પણ ન ખસ્યું. એથી વાયુદેવ લજ્જિત થઈ ગયા. તે ચૂપ થઈને ઈન્દ્રની સભામાં પાછા આવ્યા અને પોતાના પરાજયની સાથે ત્યાંનો બધો વૃત્તાંત એમણે કહી સંભળાવ્યો. એ બોલ્યા–'હે દેવેન્દ્ર! આપણે બધા જ મિથ્યા જ પોતામાં સર્વેશ્વર હોવાનું અભિમાન રાખીએ છીએ, કેમકે કોઈ પણ નાનામાં નાની વસ્તુને પણ અમે કશું કરી શકતા નથી.' ત્યારે ઈન્દ્રે વારાફરતી સમસ્ત દેવતાઓને મોકલ્યા. જ્યારે એ બધા એને જાણવામાં અસમર્થ થયા, ત્યારે ઈન્દ્ર સ્વયં ગયા. ઈન્દ્રને આવતા જોઈને તે અત્યંત દુસ્સહ તેજ તત્કાળ અદૃશ્ય થઈ ગયું. આથી ઈન્દ્ર બહુ વિસ્મિત થઈ ગયા અને મનમાં ને મનમાં બોલ્યા–'જેનું આવું ચરિત્ર છે, એ જ સર્વેશ્વરને શરણે હું જાઉં છું.' સહસ્રનેત્રધારી ઈન્દ્ર વારંવાર આ ભાવનું ચિંતન કરવા લાગ્યા. એ જ સમયે નિશ્ચલ કરુણામય શરીર ધારણ કરનારાં સચ્ચિદાનંદસ્વરૂપિણી શિવપ્રિયા ઉમા એ દેવતાઓ પર દયા કરવા અને એમના ગર્વને હરવા માટે ચૈત્ર સુદ નોમને દિવસે બપોરે ત્યાં પ્રગટ થયાં. તે એ તેજઃપુંજની મધ્યમમાં બિરાજમાન હતાં, પોતાની કાન્તિથી દશે દિશાઓને પ્રકાશિત કરી રહ્યાં હતાં અને સમસ્ત દેવતાઓને સુસ્પષ્ટરૂપે એ જણાવી રહ્યા હતાં કે 'હું સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા જ છું' એ ચાર હાથમાં ક્રમશઃ વર, પાશ, અંકુશ અને અભય ધારણ કરી રહ્યાં હતાં. શ્રુતિઓ સાકાર થઈને એમની સેવા કરી રહી હતી. એ ખૂબ જ રમણીય જણાતાં હતાં તથા પોતાના નૂતન યૌવન પર એમને ગર્વ હતો. તેમણે લાલ રંગની સાડી પહેરી હતી, લાલ ફૂલોની માળા ધારણ કરી હતી અને લાલ ચંદનથી એમને શણગાર થયો હતો. તે કોટિ-કોટિ કંદર્પ સમાન તથા કરોડો ચંદ્રમા સમાન છટાદાર ચાંદનીથી સુશોભિત હતાં. સૌનાં અંતર્યામિણી, સમસ્ત ભૂતોની સાક્ષિણી તથા પરબ્રહ્મસ્વરૂપિણી એ મહામાયાએ આ પ્રમાણે કહ્યું.

**ઉમા બોલ્યાં**—હું જ પરબ્રહ્મ, પરમ જ્યોતિ, પ્રણવરૂપિણી તથા યુગલરૂપધારિણી છું. હું જ



સર્વકાંઈ છું. મારાથી ભિન્ન કોઈ પદાર્થ નથી. હું નિરાકાર હોવા છતાં સાકાર છું. સર્વતત્ત્વસ્વરૂપિણી છું. મારા ગુણ અતર્ક્ય છે. હું નિત્યસ્વરૂપા તથા કાર્યકારણરૂપિણી છું. હું જ ક્યારેક પ્રાણવલ્લભાનો આકાર ધારણ કરું છું અને ક્યારેક પ્રાણવલ્લભ પુરુષનો આકાર ધારણ કરું છું. ક્યારેક સ્ત્રી અને પુરૂષ બંને રૂપોમાં એકસાથે પ્રગટ થાઉં છું. (આ જ મારું અર્ધનારીશ્વર રૂપ છે) હું સર્વરૂપિણી ઈશ્વરી છું. હું જ સૃષ્ટિકર્તા બ્રહ્મા છું. હું જ જગત્પાલક

વિષ્ણુ છું. હું જ સંહારકર્તા રુદ્ર છું. સંપૂર્ણ વિશ્વને મોહ પમાડનાર મહામાયા હું જ છું. કાલી, લક્ષ્મી અને સરસ્વતી વગેરે સંપૂર્ણ શક્તિઓ તથા આ સકલ કલાઓ મારા જ અંશથી પ્રગટ થયેલી છે. મારા જ પ્રભાવથી તમે લોકોએ સંપૂર્ણ દૈત્યો પર વિજય મેળવ્યો છે. મુજ સર્વવિજયિની ન જાણીને તમે લોકો વ્યર્થ જ પોતાને સર્વેશ્વર માની રહ્યા હતા. જેવી રીતે ઇન્દ્રજાળ (જાદુ) કરનારો સૂત્રધાર કઠપૂતળીઓને નચાવે છે, એવી જ રીતે હું ઈશ્વરી જ સમસ્ત પ્રાણીઓને નચાવું છું. મારા જ ભયથી હવા ચાલે છે, મારા જ ભયથી અગ્નિ સર્વને સળગાવે છે તથા મારો જ ભય માનીને લોકપાલ નિરંતર પોતપોતાના કર્મમાં લાગ્યા રહે છે. હું સર્વથા સ્વતંત્ર છું અને પોતાની લીલાથી જ ક્યારેક દેવસમુદાયને વિજયી બનાવું છું તથા ક્યારેક દૈત્યોને વિજયી બનાવું છું. માયાથી પર જે અવિનાશી પરાત્પર ધામનું શ્રુતિઓ વર્ણન કરે છે તે મારું જ રૂપ છે. સગુણ અને નિર્ગુણ–એ મારાં બે પ્રકારનાં રૂપ મનાયાં છે. એમાંથી પ્રથમ તો માયાયુક્ત છે અને બીજું માયારહિત છે. હે દેવતાઓ! આવું જાણીને ગર્વ છોડો અને મુજ સનાતની પ્રકૃતિની પ્રેમપૂર્વક આરાધના કરો.*

દેવીનું આ કરુણાયુક્ત વચન સાંભળીને દેવતા ભક્તિભાવથી મસ્તક નમાવીને એ પરમેશ્વરીની સ્તુતિ કરવા લાગ્યા–'હે જગદીશ્વરિ! ક્ષમા કરો. હે પરમેશ્વરિ! પ્રસન્ન થાઓ. હે માતઃ! એવી કૃપા કરો, જેથી ફરી ક્યારેય અમને ગર્વ ન થાય.'

ત્યારથી બધા દેવતા ગર્વ છોડીને એકાગ્રચિત્ત થઈને પૂર્વવત્ વિધિપૂર્વક ઉમાદેવીની આરાધના કરવા લાગ્યા. હે બ્રાહ્મણો! આ રીતે મેં તમને ઉમાના પ્રાદુર્ભાવનું વર્ણન કરી બતાવ્યું, જેના શ્રવણમાત્રથી પરમપદની પ્રાપ્તિ થાય છે. (અધ્યાય ૪૯)

*

---

* ઉમોવાચ :

પરં બ્રહ્મ પરં જ્યોતિઃ પ્રણવદ્વન્દ્વરૂપિણી । અહમેવાસ્મિ સકલં મદન્યો નાસ્તિ કશ્ચન ॥
નિરાકારાપિ સાકારા સર્વતત્ત્વસ્વરૂપિણી । અપ્રતર્ક્યગુણા નિત્યા કાર્યકારણરૂપિણી ॥
કદાચિદ્દયિતાકારા કદાચિત્પુરુષાકૃતિઃ । કદાચિદુભયાકારા સર્વાકારાહમીશ્વરી ॥
વિરંચિઃ સૃષ્ટિકર્તાહં જગત્પાતાહમચ્યુતઃ । રુદ્રઃ સંહારકર્તાહં સર્વવિશ્વવિમોહિની ॥
કાલિકાકમલાવાણીમુખાઃ સર્વા હિ શક્તયઃ । મદંશાદેવ સંજાતાસ્તથેમાઃ સકલાઃ કલાઃ ॥
મત્પ્રભાવાજ્જિતાઃ સર્વે યુષ્માભિર્દિતિનન્દનાઃ । તામવિજ્ઞાય માં યૂયં વૃથા સર્વેશમાનિનઃ ॥
યથા દારુમયીં યોષાં નર્તયત્યૈન્દ્રજાલિકઃ । તથૈવ સર્વભૂતાનિ નર્તયામ્યહમીશ્વરી ॥
મદ્ભયાદ્ વાતિ પવનઃ સર્વં દહતિ હવ્યભુક્ । લોકપાલાઃ પ્રકુર્વન્તિ સ્વસ્વકર્માણ્યનારતમ્ ॥
કદાચિદ્દેવવર્ગાણાં કદાચિદ્દિતિજન્મનામ્ । કરોમિ વિજયં સમ્યક્ સ્વતંત્રા નિજલીલયા ॥
અવિનાશિ પરં ધામ માયાતીતં પરાત્પરમ્ । શ્રુતયો વર્ણયન્તે યત્તદ્રૂપં તુ મમૈવ હિ ॥
સગુણં નિર્ગુણં ચેતિ મદ્રૂપં દ્વિવિધં મતમ્ । માયાશબલિતં ચૈકં દ્વિતીયં તદનાશ્રિતમ્ ॥
એવં વિજ્ઞાય માં દેવાઃ સ્વં સ્વં ગર્વં વિહાય ચ । ભજત પ્રણયોપેતાઃ પ્રકૃતિં માં સનાતનીમ્ ॥

(શિ.પુ.ઉ.સં. ૪૯/૨૭-૩૮)

# દેવી દ્વારા દુર્ગમાસુરનો વધ તથા એમનાં દુર્ગા, શતાક્ષી, શાકંભરી અને ભ્રામરી વગેરે નામ પડવાનું કારણ

**મુનિઓએ કહ્યું**—હે મહાપ્રાજ્ઞ સૂતજી! અમે બધા લોકો પ્રતિદિન દુર્ગાજીનું ચરિત્ર સાંભળવા ચાહીએ છીએ. તેથી આપ કોઈ બીજું અદ્ભુત લીલાતત્ત્વનું અમારી સમક્ષ વર્ણન કરો. હે સર્વજ્ઞશિરોમણે સૂત! આપના મુખારવિંદથી વિવિધ પ્રકારની સુધા-સમ મધુર કથાઓ સાંભળતાં સાંભળતાં ક્યારેય અમારાં મન તૃપ્ત થતાં નથી.

**સૂતજી બોલ્યા**—હે મુનિઓ! દુર્ગમ નામે એક વિખ્યાત અસુર હતો, જે રુરુનો મહાબળવાન પુત્ર હતો. એણે બ્રહ્માજીના વરદાનથી ચારે વેદોને હસ્તગત કરી લીધા હતા અને દેવતાઓ માટે અજેય બળ પ્રાપ્ત કરીને એણે ભૂતલ પર ઘણાબધા ઉત્પાત કર્યા, જે સાંભળીને દેવલોકમાં દેવતા પણ કંપિત થઈ ગયા. વેદોના અદૃશ્ય થઈ જવાથી બધી વૈદિક ક્રિયાઓ નષ્ટ થવા લાગી. એ સમયે બ્રાહ્મણ અને દેવતા પણ દુરાચારી થઈ ગયા. કોઈ જગાએ ન તો દાન દેવાય છે, નથી તો અત્યંત ઉગ્ર તપ થતું હતું, ન યજ્ઞ થતા હતા કે ન હોમ-હવન થતા. આનું પરિણામ એ આવ્યું કે પૃથ્વી પર સો વર્ષો સુધી વરસાદ જ ન પડ્યો. ત્રણે લોકોમાં હાહાકાર મચી ગયો. બધા લોકો દુઃખી થઈ ગયા. બધાંને ભૂખ-તરસનું મહાન કષ્ટ સતાવવા લાગ્યું. કૂવા, વાવડી, સરોવર, સરિતાઓ અને સમુદ્રો પણ જળરહિત થઈ ગયા. સમસ્ત વૃક્ષ અને લતા સુકાઈ ગયાં. આનાથી સમસ્ત પ્રજાઓના ચિત્તમાં બહુ જ દીનતા આવી ગઈ. એમનાં મહાન દુઃખ જોઈને બધા દેવતાઓ મહેશ્વરી યોગમાયાને શરણે ગયા.

**દેવતાઓએ કહ્યું**—હે મહામાયે! તમારી બધી પ્રજાની રક્ષા કરો, રક્ષા કરો. તમારા પોતાના ક્રોધને રોકો, નહિતર બધા જ લોકો નિશ્ચય જ નષ્ટ થઈ જશે. હે કૃપાસિંધો! હે દીનબંધો! જેવી રીતે શુંભ નામે દૈત્ય, મહાબલી નિશુંભ, ધૂમ્રાક્ષ, ચંડ, મુંડ, મહાન શક્તિશાળી રક્તબીજ, મધુ, કૈટભ તથા મહિષાસુરનો તમે વધ કર્યો હતો, એ જ રીતે દુર્ગમાસુરનો શીઘ્ર જ સંહાર કરો. બાળકોથી તો ડગલે ને પગલે અપરાધ થતા જ રહે છે. કેવળ માતા સિવાય સંસારમાં બીજું કોણ છે, જે એ અપરાધને સહન કરતું હોય. દેવતાઓ અને બ્રાહ્મણો પર જ્યારે જ્યારે દુઃખ આવે છે, ત્યારે ત્યારે શીઘ્ર જ અવતાર લઈને તમે લોકોને સુખી કરો છો.



દેવતાઓની આ વ્યાકુળ પ્રાર્થના સાંભળીને કૃપામયી દેવીએ એ સમયે પોતાના અનંત નેત્રોથી યુક્ત રૂપનું દર્શન કરાવ્યું. એમનું મુખારવિંદ પ્રસન્નતાથી ખીલી ગયું હતું અને એમના ચારે હાથમાં ક્રમશઃ ધનુષ, બાણ, કમળ તથા વિવિધ પ્રકારનાં ફળ-મૂળ હતાં. એ સમયે પ્રજાજનોને કષ્ટ ઉઠાવતાં જોઈને એમનાં નેત્રોમાં કરુણાનાં આંસુ છલકાઈ આવ્યાં. તે વ્યાકુળ થઈને લગાતાર નવ દિવસ અને નવ રાત રડતાં રહ્યાં. એમણે પોતાના નેત્રોથી અશ્રુજલની હજારો ધારાઓ પ્રવાહિત કરી. એ ધારાઓથી બધા લોકો તૃપ્ત થઈ ગયા અને સમસ્ત ઔષધિઓનું સિંચન પણ થઈ ગયું. સરિતાઓ અને સમુદ્રોમાં અગાધ જળ ભરાઈ ગયાં. પૃથ્વી પર શાક અને ફળ-મૂળના અંકુર ઉત્પન્ન થવા લાગ્યા. દેવી શુદ્ધ હૃદયવાળા મહાત્મા પુરુષોને પોતાના હાથમાં રાખેલાં ફળ વહેંચવા લાગ્યાં. એમણે ગાયોને સુંદર ઘાસ અને બીજાં પ્રાણીઓ માટે યથાયોગ્ય ભોજન પ્રસ્તુત કર્યાં. દેવતા, બ્રાહ્મણ અને મનુષ્યોસહિત સંપૂર્ણ પ્રાણી સંતુષ્ટ થઈ ગયાં. ત્યારે દેવીએ દેવતાઓને પૂછ્યું– 'તમારાં બીજાં કયાં કાર્યો સિદ્ધ કરું?' એ સમયે બધા દેવતા એકત્ર થઈને બોલ્યા–'હે દેવી! આપે બધા લોકોને સંતુષ્ટ કરી દીધા. હવે કૃપા કરીને દુર્ગમાસુર દ્વારા લઈ જવાયેલ વેદ લાવીને અમને આપો? ત્યારે દેવીએ 'તથાસ્તુ' કહીને દેવતાઓને કહ્યું, 'હે દેવતાઓ! તમે સૌ તમારે ઘેર જાઓ, જાઓ. હું શીઘ્ર જ સંપૂર્ણ વેદ લાવીને તમને અર્પિત કરીશ.'

આ સાંભળીને બધા દેવતા બહુ પ્રસન્ન થયા. તે પ્રફુલ્લ નીલકમળ-સમાન નેત્રોવાળાં જગત-યોનિ જગદંબાને સારી રીતે પ્રણામ કરીને પોતપોતાને ધામે ચાલ્યા ગયા. પછી તો સ્વર્ગ, અંતરિક્ષ અને પૃથ્વી પર બહુ મોટો કોલાહલ મચી ગયો, એને સાંભળીને એ ભયાનક દૈત્યે ચારે બાજુથી દેવપુરીને ઘેરી લીધી. ત્યારે શિવાએ દેવતાઓની રક્ષા માટે ચારે બાજુ તેજોમય મંડળનું નિર્માણ કરીને સ્વયં એના ઘેરાથી બહાર આવી ગયાં. પછી તો દેવી અને દૈત્ય બંનેમાં ઘોર યુદ્ધનો આરંભ થઈ ગયો. સમરાંગણમાં બંને બાજુએથી કવચને છિન્ન-ભિન્ન કરી દેનારાં તીક્ષ્ણ બાણોનો વરસાદ વરસવા લાગ્યો. એ દરમિયાન દેવીના શરીરથી સુંદર રૂપવાળી કાલી, તારા, છિન્નમસ્તા, શ્રીવિદ્યા, ભુવનેશ્વરી, ભૈરવી, બગલા, ધૂમ્રા, શ્રીમતી ત્રિપુરસુંદરી અને માતંગી–એ દશમહાવિદ્યાઓ અસ્ત્ર-શસ્ત્ર લઈને નીકળી. ત્યારપછી દિવ્ય મૂર્તિવાળી અસંખ્ય માતૃકાઓ પ્રગટ થઈ. એ બધાંએ એમના મસ્તક પર ચંદ્રમાનો મુગટ ધારણ કરી રાખ્યો હતો અને એ સર્વે વિદ્યુત જેમ દીપ્તિમતી દેખાતી હતી. એ પછી એ માતૃગણો સાથે દૈત્યોનું ભયંકર યુદ્ધ શરૂ થયું. એ બધાંએ મળીને એ રૌરવ અથવા દુર્ગમ દૈત્યની સો અક્ષૌહિણી સેનાનો નાશ કરી દીધો. ત્યારબાદ દેવીએ ત્રિશૂળની ધારથી એ દુર્ગમ દૈત્યને મારી નાખ્યો. તે દૈત્ય મૂળથી જ ખોદાઈ ગયેલા વૃક્ષની જેમ પૃથ્વી પર પડી ગયો. આ રીતે ઈશ્વરીએ એ સમયે દુર્ગમાસુર નામે દૈત્યને મારીને ચારેય વેદ પાછા લાવીને દેવતાઓને આપી દીધા.

**ત્યારે દેવતાઓ બોલ્યા**—હે અંબિકે! આપે અમારે માટે અસંખ્ય નેત્રોયુક્ત રૂપ ધારણ કર્યું હતું, એટલે મુનિજનો આપને 'શતાક્ષી' કહેશે. આપના શરીરથી ઉત્પન્ન થયેલાં શાક દ્વારા તમે

સમસ્ત લોકોનું ભરણ-પોષણ કર્યું છે, તેથી 'શાકંભરી'ના નામે આપની ખ્યાતિ થશે. હે શિવે! આપે દુર્ગમ નામના મહાદૈત્યનો વધ કર્યો છે એટલા માટે લોકો તમને કલ્યાણમયી ભગવતીને 'દુર્ગા' કહેશે. હે યોગનિદ્રે! આપને નમસ્કાર છે. હે મહાબલે! આપને નમસ્કાર હો. હે જ્ઞાનદાયિને! આપને નમસ્કાર છે. આપ જગન્માતાને વારંવાર નમસ્કાર છે. 'તત્ત્વમસિ' આદિ મહાવાક્યો દ્વારા જે પરમેશ્વરીનું જ્ઞાન થાય છે, એ અનંત કોટિ બ્રહ્માંડોનું સંચાલન કરનારાં ભગવતી દુર્ગાને વારંવાર નમસ્કાર છે. હે માતઃ! આપ સુધી મન, વાણી અને શરીરની પહોંચ કઠણ છે. સૂર્ય, ચંદ્રમા અને અગ્નિ–એ ત્રણેય આપનાં નેત્ર છે. અમે આપના પ્રભાવને જાણતા નથી, એટલે આપની સ્તુતિ કરવામાં અસમર્થ છીએ. સુરેશ્વરી માતા શતાક્ષીને છોડીને બીજું કોણ છે, જે અમારા જેવા અમરો પર દૃષ્ટિપાત કરીને આવી દયા કરે. હે દેવી! આપે સદાયે એવો જ પ્રયત્ન કરવો જોઈએ કે જેથી ત્રણે લોક નિરંતર વિઘ્ન-બાધાઓથી તિરસ્કૃત ન થાય. આપ અમારા શત્રુઓનો નાશ કરતાં રહો.

**દેવીએ કહ્યું**—હે દેવતાઓ! જેવી રીતે વાછરડાંને જોઈને ગાયો વ્યગ્ર થઈને ઉતાવળે ઉતાવળે એમની સાથે એમના તરફ દોડે છે, એ જ રીતે હું તમે સૌને જોઈને વ્યાકુળ થઈને દોડી આવું છું. તમને ન જોવાથી મારી એક ક્ષણ પણ યુગની જેમ વીતે છે. હું તમને મારાં બાળકોની જેમ સમજું છું અને તમારે માટે મારા પ્રાણ પણ આપી શકું છું. તમે લોકો મારા પ્રત્યે ભક્તિભાવથી સુશોભિત રહો છો તેથી તમને કોઈ પણ જાતની ચિંતા થશે નહિ. ચિંતા ન કરો. હું તમારી આપત્તિઓનું નિવારણ કરવા માટે સદૈવ તૈયાર છું. જેવી રીતે પૂર્વકાળમાં તમારી રક્ષાને માટે મેં દૈત્યોને માર્યા છે, એવી જ રીતે આગળ ભવિષ્યમાં પણ અસુરોનો સંહાર કરીશ, એમાં તમારે સંશય કરવો નહિ. આ હું સત્ય સત્ય કહું છું. ભવિષ્યમાં જ્યારે પુનઃ શુંભ અને નિશુંભ નામના બીજા દૈત્યો થશે, એ સમયે હું યશોમયી દેવી નંદપત્ની યશોદાના ગર્ભથી યોનિજ રૂપ ધારણ કરીને ગોકુળમાં ઉત્પન્ન થઈશ અને યથાસમયે એ અસુરોનો વધ કરીશ. નંદની પુત્રી હોવાને કારણે એ સમયે લોકો મને 'નંદની' કહેશે. જ્યારે હું ભ્રમરનું રૂપ ધારણ કરીને અરુણ નામના અસુરનો વધ કરીશ, ત્યારે સંસારના મનુષ્યો મને 'ભ્રામરી' કહેશે. પછી હું ભીમ (ભયંકર) રૂપ ધારણ કરીને રાક્ષસોને ખાવા માંડીશ એ સમયે મારું 'ભીમાદેવી' નામ પ્રસિદ્ધ થશે. જ્યારે જ્યારે પૃથ્વી પર અસુરો તરફથી બાધા ઉત્પન્ન થશે, ત્યારે ત્યારે હું અવતાર લઈને પ્રજાજનોનું કલ્યાણ કરીશ એમાં સંશય નથી. જે દેવી શતાક્ષી કહેવાય છે, એ જ શાકંભરી મનાય છે તથા એમને જ દુર્ગા કહે છે. ત્રણે નામ દ્વારા એક જ વ્યક્તિનું પ્રતિપાદન થાય છે. આ પૃથ્વી પર મહેશ્વરી શતાક્ષી સમાન બીજો કોઈ દયાળુ દેવતા નથી; કેમકે એ દેવી સમસ્ત પ્રજાને સંતપ્ત જોઈને નવ દિવસ સુધી રડતાં રહ્યાં હતાં.

(અધ્યાય ૫૦)

*

# દેવીના ક્રિયાયોગનું વર્ણન—દેવીની મૂર્તિ અને મંદિરનું નિર્માણ, સ્થાપન અને પૂજનનું મહત્ત્વ, પરા અમ્બાની શ્રેષ્ઠતા, વિભિન્ન માસો અને તિથિઓમાં દેવીનાં વ્રત, ઉત્સવ અને પૂજન વગેરેનાં ફળ તથા આ સંહિતાના શ્રવણનું અને પાઠનું માહાત્મ્ય

**વ્યાસજી બોલ્યા**—હે મહામતે! હે બ્રહ્મપુત્ર! હે સર્વજ્ઞ સનત્કુમાર! હું ઉમાના પરમ અદ્ભુત ક્રિયાયોગનું વર્ણન સાંભળવા ચાહું છું. એ ક્રિયાયોગનું લક્ષણ શું છે? એનું અનુષ્ઠાન કરવાથી કયા ફળની પ્રાપ્તિ થાય છે અને જે પરા અમ્બા ઉમાને અધિક પ્રિય છે, તે ક્રિયાયોગ શું છે? આ બધી વાતો મને બતાવો.

**સનત્કુમારજીએ કહ્યું**—હે મહાબુદ્ધિમાન દ્વૈપાયન! તમે જે રહસ્યની વાત પૂછી રહ્યા છો, એ બધું હું તમને બતાવીશ, ધ્યાન દઈને સાંભળો. જ્ઞાનયોગ, ક્રિયાયોગ અને ભક્તિયોગ એ શ્રીમાતાની ઉપાસનાના ત્રણ માર્ગો કહેવાય છે, જે ભોગ અને મોક્ષ આપનારા છે. ચિત્તનો જે આત્મા સાથે સંયોગ થાય છે, એનું નામ 'જ્ઞાનયોગ' છે; એનો બાહ્ય વસ્તુઓ સાથે જે સંયોગ થાય છે, એને 'ક્રિયાયોગ' કહે છે. દેવીની સાથે આત્માની એકતાની ભાવનાને 'ભક્તિયોગ' માનવામાં આવે છે. ત્રણેય યોગોમાં જે 'ક્રિયાયોગ' છે એનું પ્રતિપાદન કરવામાં આવે છે. કર્મથી ભક્તિ ઉત્પન્ન થાય છે, ભક્તિથી જ્ઞાન થાય છે અને જ્ઞાનથી મુક્તિ થાય છે—આવો શાસ્ત્રોમાં નિશ્ચય કરવામાં આવ્યો છે. હે મુનિશ્રેષ્ઠ! મોક્ષનું પ્રધાન કારણ યોગ છે, પરંતુ યોગના ધ્યેયનું ઉત્તમ સાધન ક્રિયાયોગ છે. પ્રકૃતિને માયા જાણો અને સનાતન બ્રહ્મને માયાવી અથવા માયાના સ્વામી સમજો. આ બંને સ્વરૂપને એક બીજાથી અભિન્ન જાણીને મનુષ્ય સંસારબંધનથી મુક્ત થઈ જાય છે.*

હે કાલીનંદન! જે મનુષ્ય દેવીને માટે પથ્થર, લાકડાં અથવા માટીનું મંદિર બનાવે છે, એના પુણ્યફળનું વર્ણન સાંભળો. પ્રતિદિન યોગ દ્વારા આરાધના કરનારને જે મહાન ફળની પ્રાપ્તિ થાય છે, તે સમગ્ર ફળ એ પુરુષને મળી જાય છે, જે દેવીને માટે મંદિર બનાવડાવે છે. શ્રીમાતાનું મંદિર બનાવનારો ધર્માત્મા પુરુષ પોતાની વીતી ગયેલી પેઢી તથા આગળ આવનારી પેઢી-હજાર હજાર પેઢીનો ઉદ્ધાર કરી દે છે. કરોડો જન્મમાં કરેલાં થોડાં અથવા વધારે પાપ જે બાકી રહી જાય છે, શ્રીમાતાના મંદિરના નિર્માણનો આરંભ કરતાંની ક્ષણે જ નષ્ટ થઈ જાય છે. જેવી રીતે નદીઓમાં ગંગા, સંપૂર્ણ નદોમાં શોણભદ્ર, ક્ષમામાં પૃથ્વી, ગહનતામાં સમુદ્ર અને સમસ્ત ગ્રહોમાં સૂર્યદેવનું વિશિષ્ટ સ્થાન છે, એ જ પ્રકારે સમસ્ત દેવતાઓમાં શ્રીપરા અમ્બા શ્રેષ્ઠ મનાય છે, એ સમસ્ત દેવતાઓમાં મુખ્ય છે. જે એમને માટે મંદિર બનાવે છે, તે જન્મે જન્મે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે. કાશી, કુરુક્ષેત્ર, પ્રયાગ, પુષ્કર, ગંગાસાગર-

---

* માયાં તુ પ્રકૃતિં વિદ્યાન્માયાવિ બ્રહ્મ શાશ્વતમ્। અભિન્નં તદ્વપુર્જ્ઞાત્વા મુચ્યતે ભવબંધનાત્॥ (શિ.પુ.ઉ.સં. ૫૧।૧૨)

તટ, નૈમિષારણ્ય, અમરકંટક પર્વત, પરમ પુણ્યમય શ્રીપર્વત, જ્ઞાનપર્વત, ગોકર્ણ, મથુરા, અયોધ્યા અને દ્વારકા વગેરે પુણ્યપ્રદેશોમાં અને ગમે તે પણ કોઈ સ્થાનમાં માતાનું મંદિર બનાવનારો મનુષ્ય સંસારબંધનથી મુક્ત થઈ જાય છે. મંદિરમાં ઇંટો જોડાયેલી રહે અથવા મંદિર જેટલાં વર્ષ રહે એટલાં હજાર વર્ષ સુધી તે પુરુષ મણિદ્વીપમાં પ્રતિષ્ઠિત રહે છે. જે સમસ્ત શુભ લક્ષણોથી સંપન્ન ઉમાની પ્રતિમા બનાવડાવે છે, તે નિર્ભય થઈને અવશ્ય એમના પરમધામમાં જાય છે. શુભ ઋતુ, શુભ ગ્રહ અને શુભ નક્ષત્રમાં દેવીની મૂર્તિની સ્થાપના કરીને મહામાયાના પ્રસાદથી મનુષ્ય કૃતકૃત્ય થઈ જાય છે. કલ્પના આરંભથી લઈને અંત સુધી કુળમાં જેટલી પેઢીઓ વીતી ગઈ છે અને જેટલી પેઢી આવનારી છે, એ સૌને મનુષ્ય સુંદર દેવી મૂર્તિની સ્થાપના કરીને તારી દે છે.

જે કેવળ જગત-યોનિ પરા અમ્બાને શરણે જાય છે, એમને મનુષ્ય ન માનવા જોઈએ. તે સાક્ષાત્ દેવીના ગણ છે. જે ચાલતાં-ફરતાં, ઊંઘતાં-જાગતાં અથવા ઊભા થતી વખતે 'ઉમા' આ બે અક્ષરના નામનું ઉચ્ચારણ કરે છે, તે શિવાના જ ગણ છે. જે નિત્ય-નૈમિત્તિક કર્મમાં પુષ્પ, ધૂપ અને દીપક દ્વારા દેવી પરા શિવાનું પૂજન કરે છે, તે શિવાના ધામમાં જાય છે. જે પ્રતિદિન છાણ અથવા માટીથી દેવીના મંદિરને લીપે છે અથવા તેમાં સાવરણી ફેરવી કચરો કાઢે છે, તે પણ ઉમાના ધામમાં જાય છે. જેમણે દેવીના પરમ ઉત્તમ અને રમણીય મંદિરનું નિર્માણ કરાવ્યું છે, એમના કુળના લોકોને માતા ઉમા સદા આશીર્વાદ આપે છે. તે કહે છે-'આ લોકો મારા છે. તેથી મારા પ્રેમમાં ભાગી બની રહીને સો વર્ષો સુધી જીવે અને એમના પર કોઈ પણ આપત્તિ ન આવે' આ પ્રકારે શ્રીમાતા દિવસ-રાત આશીર્વાદ આપે છે. જેણે મહાદેવી ઉમાની શુભ મૂર્તિનું નિર્માણ કરાવ્યું છે, એમના કુળની દશ હજાર પેઢીઓના લોકો મણિદ્વીપમાં સન્માનપૂર્વક રહે છે. મહામાયાની મૂર્તિને સ્થાપિત કરીને એની સારીપેઠે પૂજા કર્યા પછી - સાધક જે જે મનોરથને માટે પ્રાર્થના કરે છે, તે તે મનોરથને જરૂર પ્રાપ્ત કરી લે છે.

જે શ્રીમાતાની સ્થાપિત થયેલી ઉત્તમ મૂર્તિને મધમિશ્રિત ઘીથી સ્નાન કરાવે છે, એના પુણ્યફળની તો કોણ ગણતરી કરી શકે તેમ છે? ચંદન, અગરુ, કપૂર, જટામાંસી અને નાગરમોથ વગેરેથી યુક્ત જલ તથા એક રંગની ગાયોનું દૂધ લઈને તેનાથી પરમેશ્વરીને સ્નાન કરાવો ત્યાર પછી અષ્ટદશાંગધૂપ દ્વારા અગ્નિમાં ઉત્તમ આહુતિ આપે તથા ઘી અને કપૂર સહિત બત્તીઓ (દીપકો) દ્વારા દેવીની આરતી ઉતારવી- વદ પક્ષની આઠમ, નોમ અને અમાસ અથવા સુદ પક્ષની પંચમી અથવા દશમ તિથિઓને ગંધ, પુષ્પ વગેરે ઉપચારો દ્વારા જગદંબાની વિશેષ પૂજા કરવી જોઈએ. રાત્રિસૂક્ત, શ્રીસૂક્ત અથવા દેવીસૂક્ત વાંચતાં વાંચતાં અથવા મૂળમંત્રનો જપ કરતાં કરતાં દેવીની આરાધના કરવી જોઈએ. વિષ્ણુકાન્તા અને તુલસીને છોડીને બાકીનાં બધાં પુષ્પ દેવીને માટે પ્રીતિકારક જાણવાં જોઈએ. કમળનું પુષ્પ એમને માટે વિશેષ પ્રીતિકારક છે. જે દેવીને સોના-ચાંદીનાં ફૂલ ચઢાવે છે, તે કરોડો સિદ્ધોથી યુક્ત એમના પરમ ધામમાં જાય છે. દેવીના ઉપાસકોએ પૂજનનાં અંતે સદા પોતાના અપરાધો માટે ક્ષમા

પ્રાર્થના કરવી જોઈએ. 'જગતને આનંદ પ્રદાન કરનારાં પરમેશ્વરિ! પ્રસન્ન થાઓ.' વગેરે વાક્યો દ્વારા સ્તુતિ અને મંત્ર પાઠ કરતાં કરતાં દેવીના ભજનમાં રહેનારો ઉપાસક એમનું આ પ્રકારે ધ્યાન કરે. દેવી સિંહ પર સવાર છે. એમના હાથમાં અભય અને વર મુદ્રાઓ છે તથા એ ભક્તોને મનોવાંછિત ફળ પ્રદાન કરનારાં છે. આ રીતે મહેશ્વરીનું ધ્યાન કરીને એમને નૈવેદ્યરૂપે પાકાં ફળ અર્પિત કરે. જે પરમાત્મા શંભુશક્તિના નૈવેદ્યનું ભક્ષણ કરે છે, તે મનુષ્ય પોતાનાં બધા પાપકર્મને ધોઈને નિર્મળ થઈ જાય છે. જે ચૈત્ર સુદ ત્રીજે ભવાનીની પ્રસન્નતા માટે વ્રત કરે છે, તે જન્મ-મરણનાં બંધનથી મુક્ત થઈને પરમ પદને પ્રાપ્ત કરે છે. વિદ્વાન પુરુષ આ જ ત્રીજે દોલોત્સવ કરે છે. એમાં શંકરસહિત જગદંબા ઉમાની પૂજા કરે. ફૂલ, કંકુ, વસ્ત્ર, કપૂર, અગુરુ, ચંદન, ધૂપ, દીપ, નૈવેદ્ય, પુષ્પહાર અને અન્ય ગંધદ્રવ્યો દ્વારા શિવસહિત સર્વકલ્યાણકારિણી મહામાયા મહેશ્વરી શ્રીગૌરી દેવીનું પૂજન કરે અને એમને હીંચોળે. જે પ્રતિવર્ષ ઉક્ત તિથિએ દેવીનું વ્રત અને દોલોત્સવ કરે છે, એને શિવાદેવી સંપૂર્ણ મનોવાંછિત પદાર્થો આપે છે.

વૈશાખ માસના સુદ પક્ષમાં જે અખાત્રીજ આવે છે, એમાં આળસરહિત થઈને જે જગદંબાનું વ્રત કરે છે તથા બેલા (મોગરો), માલતી, ચંપા, જવા (અડદુલ), બન્ધૂક (દુપહરિયા) અને કમલનાં ફૂલોથી શંકરસહિત ગૌરીદેવીની પૂજા કરે છે તે કરોડો જન્મોમાં કરેલાં માનસિક, વાચિક અને શારીરિક પાપનો નાશ કરીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થોને અક્ષયરૂપે પ્રાપ્ત કરે છે.

જેઠ સુદ ત્રીજે વ્રત કરીને જે અત્યંત પ્રસન્નતાની સાથે મહેશ્વરીનું પૂજન કરે છે એને માટે કશુંયે અસાધ્ય નથી. અષાઢ સુદની ત્રીજે પોતાના વૈભવ અનુસાર રથોત્સવ કરો. આ ઉત્સવ દેવીને અત્યંત પ્રિય છે. પૃથ્વીને રથ સમજો, ચંદ્રમા અને સૂર્યને એનાં પૈડાં જાણો, વેદને ઘોડા જાણો અને બ્રહ્માજીને સારથિ જાણો. આ ભાવનાથી મણિજડિત રથની કલ્પના કરીને એને પુષ્પમાળાઓથી સુશોભિત કરો. પછી એની અંદર શિવાને બિરાજમાન કરો. ત્યાર પછી બુદ્ધિમાન પુરુષ એ ભાવના કરે કે પરા અમ્બા ઉમાદેવી સંપૂર્ણ જગતની રક્ષા માટે એની દેખભાળ કરવા નિમિત્તે રથની અંદર બેઠાં છે, જ્યારે રથ ધીરે-ધીરે ચાલે, ત્યારે જયજયકાર કરતાં કરતાં પ્રાર્થના કરવી–'હે દેવી! હે દીનવત્સલ! અમે આપને શરણે આવ્યા છીએ. આપ અમારી રક્ષા કરો. (પાહિ દેવી જનાનસ્માન્ પ્રપન્નાન્ દીનવત્સલે) આ વાક્યો દ્વારા દેવીને સંતુષ્ટ કરો અને યાત્રાના સમયે વિવિધ પ્રકારનાં વાદ્યો વગાડાવવાં. ગ્રામ અથવા નગરની સીમાના અંત સુધી રથને લઈ જઈને ત્યાં એ રથ પર દેવીની પૂજા કરો અને વિવિધ પ્રકારનાં સ્તોત્રોથી એમની સ્તુતિ કરીને પછી એમને પોતાને ઘેર લઈ આવવાં. તદનંતર સેંકડો વાર પ્રણામ કરીને જગદંબાની પ્રાર્થના કરે. જે વિદ્વાન આ પ્રકારે દેવીનું પૂજન, વ્રત અને રથોત્સવ કરે છે, તે આ લોકમાં સંપૂર્ણ ભોગોનો ઉપભોગ કરીને અંતે દેવીના ધામે જાય છે.

શ્રાવણ અને ભાદરવા માસની સુદ ત્રીજે જે વિધિપૂર્વક અંબાનું વ્રત અને પૂજન કરે છે, તે આ લોકમાં પુત્ર, પૌત્ર અને ધન વગેરેથી સંપન્ન થઈને સુખ ભોગવે છે તથા અંતે સૌ

લોકોથી ઉપર બિરાજમાન ઉમાલોકમાં જાય છે.

આસો માસના સુદ પક્ષમાં નવરાત્ર વ્રત કરવું જોઈએ. એ કરવાથી સંપૂર્ણ કામનાઓ સિદ્ધ થઈ જ જાય છે, એમાં સંશય નથી. આ નવરાત્ર વ્રતના પ્રભાવનું વર્ણન કરવામાં ચતુરાનન બ્રહ્મા, પંચાનન મહાદેવ તથા ષડાનન કાર્તિકેય પણ સમર્થ નથી, પછી બીજું કોણ સમર્થ હોઈ શકે છે. હે મુનિશ્રેષ્ઠ! નવરાત્ર વ્રતનું અનુષ્ઠાન કરીને વિરથનો પુત્ર રાજા સુરથે પોતે ગુમાવેલા રાજ્યને પ્રાપ્ત કરી લીધું. અયોધ્યાના બુદ્ધિમાન નરેશ ધ્રુવસંધિકુમાર સુદર્શને આ નવરાત્રના પ્રભાવથી જ રાજ્ય પ્રાપ્ત કર્યું, જે પહેલાં એના હાથમાંથી નીકળી ગયું હતું. આ વ્રતરાજનું અનુષ્ઠાન અને મહેશ્વરીની આરાધના કરીને સમાધિ વૈશ્ય સંસારબંધનથી મુક્ત થઈને મોક્ષના ભાગી બન્યા હતા–જે મનુષ્ય આસો માસના શુકલ પક્ષમાં વિધિપૂર્વક વ્રત કરીને ત્રીજ, પાંચમ, સાતમ, આઠમ, નોમ અને ચૌદશ તિથિઓએ દેવીનું પૂજન કરે છે, દેવી શિવા નિરંતર એના સંપૂર્ણ મનોવાંછિત મનોરથની પૂર્તિ કરતાં જ રહે છે. જે કાર્તિક, માગશર, પોષ, મહા અને ફાગણ માસના સુદ પક્ષમાં ત્રીજે વ્રત કરે અને લાલ કરેણ વગેરે ફૂલો અને સુગંધિત ધૂપથી મંગલમયી દેવીની પૂજા કરે છે, તે સંપૂર્ણ મંગલને પ્રાપ્ત થાય છે. સ્ત્રીઓએ પોતાના સૌભાગ્યની પ્રાપ્તિ અને રક્ષા માટે સદા આ મહાન વ્રતનું આચરણ કરવું જોઈએ તથા પુરુષોને પણ વિદ્યા, ધન અને પુત્રની પ્રાપ્તિ માટે આનું અનુષ્ઠાન કરવું જોઈએ. આ સિવાય અન્ય પણ જે દેવીને પ્રિય લાગનારાં ઉમા-મહેશ્વર વગેરે વ્રત છે, મુમુક્ષુ પુરુષોએ એમનું ભક્તિભાવપૂર્વક આચરણ કરવું જોઈએ.

આ ઉમાસંહિતા પરમ પુણ્યમયી તથા શિવભક્તિને વધારનારી છે. એમાં વિવિધ પ્રકારનાં ઉપાખ્યાનો છે. આ કલ્યાણમયી સંહિતા ભોગ અને મોક્ષ આપનારી છે, જે આજે ભક્તિભાવથી સંભળાવે છે અથવા વાંચે-વંચાવે છે તે પરમગતિને પ્રાપ્ત થાય છે. જેના ઘરમાં સુંદર અક્ષરોથી લખેલી આ સંહિતા વિધિવત્ પૂજિત થાય છે. તે સંપૂર્ણ અભીષ્ટોને પ્રાપ્ત કરી લે છે. એને ભૂત, પ્રેત અને પિશાચ વગેરે દુષ્ટોથી ક્યારેય ભય નથી થતો. તે પુત્ર-પૌત્ર વગેરે સંપત્તિને અવશ્ય પામે છે એમાં સંશય નથી. માટે શિવાની ભક્તિ ઇચ્છનારા પુરુષોએ સદા આ પરમ પુણ્યમયી રમણીય ઉમાસંહિતાનું શ્રવણ કરવું જોઈએ અને પાઠ કરવો જોઈએ.

(અધ્યાય - ૫૧)

*

## ॥ ઉમાસંહિતા સંપૂર્ણ ॥

*